# સ્ત્રીબોધ.

" દેશની હાલત સુધારવાની સરવેથી સરસ રીત એકે માતાઓ ગ્નાની થાએ તેમ કરવુ "
(ને॰ પોનાપારટનુ ફુરતાત)

પુસતક ૪ થું.

જાનેવારીથી—ડીસેમબર ૧૮૬૦ શુધી.



બુદ્ધિવર્ધક પુસ્તકાલય ... પટેલ ...
૦૫૮
સ્ત્રી બો

મુંબઈના
દફતર આશકારા છાપાખાના મધે છાપીઉ છે

૧૮૬૦.

# સાંકલીઉં સીબોધના પુસતક ૪ થાનું.

## આંક ૧ લો—જાંનેવારી ૧૮૬૦


સફે

ફુવરબાઈનો વેહેમ.. .. .. . .. .. .. ૧
આઉદ પરાંતનો જાણવાજોગ હેવાલ.: .. .. .. ૨
સેઠ ફરાંમજી કાવસજી બનાજી. (ચીતર સાથે.).. .. ૪
સ્ત્રીઓએ પોતાના ઘરનો બોજો ઉચકી લેવાને તઈઆર રેહેવું જોઈએ.. .. .. .. .. .. .. ૫
એક વેપારી અને તેની સ્ત્રી.. .. .. .. .. ૬
તેતરીસ વરસની વાત ઉપર થઈ ગએલો આપણો નામીચો ગવરનર. (ચીતર સાથે) .. .. .. ૮
હેનરી નામના ચાર શખસો.. .. .. .. .. .. ૯
ઈંગરેજ લોકોનું રાજ—તેઓ કહી કહી જગાએ અમલ ભોગવેછે ! .. .. .. .. .. ૧૧
ઘર સંબંધી અગત જોગ સુચના.. .. .. .. ૧૨
શેરડીને કેવી રીતે રોપેછે ! (ચીતર સાથે.) .. .. ૧૪
એક બુઢો માણસ અને સુખી થવાનો રસતો.. .. ૧૪
માણસ જાતનાં દાંત.. .. .. .. .. .. ૧૬
બચાંની માવજત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ ફાએદા.. .. .. .. .. .. .. ૧૭
બેહેનો ! તમે દુનીઆની મોબત અને એશઆરામમાં મસગુલ રેહેતાં શુ. (ચીતર સાથે) . .. ૧૮
તરકારી—કોહોલું.. .. .. .. .. ૧૮
ઘુવડ તથા વૃક્ષનું દુર મારવા વીશે.. .. .. ૧૯
પરચુરણ બાબતો .. .. .. .. ૧૯—૨૦
સ્ત્રીઓને સંસારમાં વરતવા વીશે સાખી. .. .. ૨૦


## આંક ૨ જો—ફેબરવારી ૧૮૬૦


દીનબાઈનો લાડ.. .. .. .. .. .. .. ૨૧
અલાહબાદ પરાંતનો જાણવાજોગ હેવાલ.. .. .. ૨૩
કલકતાની અંધારી કોટડી અને ૧૪૬ બંધીવાન ઈંગરેજોની વાત . .. .. .. .. .. .. ૨૪
લીજેટ નામની ભલી છોકરીની વાત (ચીતર સાથે) .. ૨૫
હાથી અને તેઓને વીશે કેટલીએક જાણવાજોગ વાત (ચીતર સાથે) .. .. .. .. .. .. ૨૯
પડોસણ વચે કજીઓ .. .. .. .. .. . ૩૦
ઘરને વાસતે સામાન કેવો પસંદ કરવો ! .. .. ૩૨
જાપાનનું કઉવત.. .. .. .. .. ૩૩
એક ઓરતની દલગીરી . . .. . ૩૩
સોરાબજીનો દેખાવ (ચીતર સાથે) .. .. ૩૫
ઘરવાળી સ્ત્રીઓને સુચના.. .. .. .. ૩૬
આરોગ્ય નીઉટન વીશે થોડીએક વાતો . .. ૩૭
ધાતુની ખાણ .. .. .. .. .. .. ..
પેનીસી નામના એક કુંભારની વાત .. .. ..
પરચુરણ બાબદો . .. .. .. .. .. :
વીવાની વધામણીનું ગીત .. .. .. .. ..
સ્ત્રીએ ધણી જોડે કેમ વરતવું—ગરબી. .. .


## આંક ૩ જો—મારચ ૧૮૬૦


હીરાંબાઈનો મંદવાડ.. .. .. .. .. ..
માંદા દરદી માણસોની સંભાલ લેવા વીશે .
લીજેટની ભલી છોકરી.. .. .. . .
મીસર દેશનો પાદશાહ માહમદ અલી (ચીતર સાથે)
ગરભવાલી સ્ત્રીનો ખોરાક .. .. .. .. ..
ઘરનો કારભાર કેવી રીતે ચલાવવો.. .. .. ..
અજમેર પરાંતનો જાણવાજોગ હેવાલ .. .. ..
માણસની કારીગરીનાં થોડાએક નમુના (ચીતર સાથે)
હાલંડ દેશની એક ગુણવાન સ્ત્રી .. .. .. ..
બચાંઓને ધાસતી—"બાઉ આવેઓ" (ચીતર સાથે.)
માથાના બાલ—ઓરતની ખુબસુરતી. .. .. ..
તરકારી—દુધી. .. .. .. .. .. .. ..
મેહેરબાઈની શીખામણ. .. .. .. .. ..
બચાંઓની માવજત વીશે થોડાએક ઈઆદ રાખવા જોગ દાખલા. .. .. .. .. .. ..
પરચુરણ બાબતો. .. .. .. .. .. ૫૮-
છોકરીઓને સુબુધી આપવા વીશે—ગરબી. .. ..


## આંક ૪ થો—એપરેલ ૧૮૬૦


ધનજીસા અને તેની ઉપર પડેલો દુખનો ઢગલો. ..
હુમીચંદ નામનો એક બંગાલી—ઈંગરેજોની હીંદુસતાન મધે પેહલવેહલી ફતે . .. . .
ચોખા આધવા ભાત (ચીતર સાથે) .. .. .
ગરીબોની દાદ લેતા રેહેજો .. . .. .. ..
ખરી ખુબસુરત કોણ—પુતલીબાઈ કે તેહેની બેહેન સીરીનબાઈ.. .. .. .. .. .. ..
સંતોસ વગર સુખ કાંહાંથી હોએ ! .. .. ..
બાફના સાંચાની સોધ કરનાર જેમસવાટ (ચીતર સાથે)
"ખુસી તથા દલગીરી" નામની બે છોકરીઓ .. ..
ડુબકી મારવાનો ઘાંટ (ચીતર સાથે) .. .. ..
ગરભવાલી સ્ત્રીને ફરવા હરવા વીશે .. .. ..
શીઆલ અને બકરાની વાત .. .. .. ..
ઝીના પરાણીઓની અચરત જોગ વાત. .. ..
વાઘ અને વાઘનો સીકાર (ચીતર સાથે) .. ..



જમીન હોડથી ખેડીને તઈઆર કરેછે.



ભાતને પાંણી સીપેછે.

ભરતારને બંધીખાનામાંથી છોડવનાર એક સ્ત્રી.. .. ૧૮૪
આપણી દુનીઆ (ચીતરો સાથે.) .. .. .. .. ૧૮૮
વેનીસનું રાજ... .. .. .. .. .. .. ૧૮૯
એક સખી દીલના તબીબની વાત—સખાવત કરતી
વખતે સંભાલ રાખવાની જરૂર... .. .. ૧૮૯
મુસલમાનો મકા મધે હજ કેવી રીતે કરેછે. .. .. ૧૯૨
બે વાંદરાની વાત—બોહોસીલાંની ખરાબી (ચીતર સાથે) ૧૯૪
વીલીઅમ હટન (ચીતર સાથે.) .. .. .. ૧૯૫
સુવાવડી ઓરતની જતન .. .. .. .. .. ૧૯૫
મુંબઇમાં ગાસ લાઇટ.. .. .. .. .. ૧૯૭
એનટીલોપ (ચીતર સાથે.) .. .. .. .. ૧૯૮
પરચુરણ બાબતો... .. .. .. .. .. ૧૯૯
ગરબી. .. .. .. .. .. .. .. ૨૦૦

## આંક ૧૧ મો—નવેમબર ૧૮૬૦

આજે ચોલા કાકાને જોવા આવસો.. .. .. ૨૦૧
આવાંબાઇ સાથે મીસ મેરીની મુલાકાત. (ચીતર સાથે) ૨૦૪
અમેરીકા મધેનાં બલતાં જંગલો.. .. .. ૨૦૬
આદારા મધે ચલકતા હીરા—તેમનું ટુક વરણન. (ચી
તરો સાથે.) .. .. .. .. .. .. ૨૦૯
ફ્રાંનસનો સેહનશાહ અને ઈંગલંડની રાણી. (ચીત
ર સાથે.) .. .. .. .. .. .. ૨૧૦
બાઇઓ તમે એક બીજા સાથે કુસમેની રાખશો ના.. ૨૧૧
એક નાચાર પણ એતીતદાર વીધવા.. .. .. ૨૧૨
આપણુ સઘલાનો રખેવાલ. .. .. .. .. ૨૧૨
ઓરતોની મીજલસ—બાશણ બીજું. (ચીતરો સાથે.) ૨૧૩
તરતના જનમેલાં બચાંની જતન.. .. .. .. ૨૧૬
ઓકનું ઝાડ. (ચીતર સાથે.) .. .. .. .. ૨૧૮
પરચુરણ બાબતો.. .. .. .. .. .. ૨૧૯
મોરડી રાણીના, મનામણાની ગરબી.. .. .. ૨૨૦

## આંક ૧૨ મો—ડીસેમબર ૧૮૬૦

રતનશાને અદરાવવા પરણાવવાની તજવીજ. . . . ૨૨૧
માતાનો પેઆર. . . . . . . . . . . ૨૨૬
માછી અને દરબાનની વાત (ચીતર સાથે.) . . . ૨૨૬
કાફીનો પાક. . . . . . . . . . . ૨૨૭
મરઘી અને કીડીનો વાત. . . . . . . . ૨૨૮
એક અજાએબ જેવી માછલી. . . . . . . ૨૨૮
દરીઆઇ કવચ—અજાએબ જેવું પરાંણી. . . . ૨૨૯
ધોબી અને કુંભારની વાત. . . . . . . . ૨૩૦
જુદી જુદી જાતના વાંહાંણો (ચીતરો સાથે.). . . . ૨૩૧
બચાંને ધવાડવાને લગતા કાએદા. . . . . . . ૨૩૩
કુતરાની સમજ તથા વફાદારી (ચીતર સાથે.). . . . ૨૩૪
વખત વહી જાએછે ( ચીતર સાથે. ). . . . . ૨૩૫
એક વાંદરાની ખંધાઇ. . . . . . . . . ૨૩૬
બંદગીની જરૂર (ચીતર સાથે.). . . . . . ૨૩૭
પરચુરણ બાબતો. . . . . . . . . ૨૩૮—૨૩૯
ગરબો. . . . . . . . . . . . . ૨૪૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪ થું | જાંનેવારી ૧૮૬૦ | આંક ૧ લો.


## કુંવરબાઈનો વેહેમ.

કુંવરબાઈ નામની સ્ત્રી સુરત મધે— પોરામાં રેહેતી હતી. તે સ્ત્રી જનમથીજ ઘણી વેહેમી હતી. વેહેમમાં ને વેહેમમાં તે બલી જલીને તવાઈ ગઈ હતી. સવારના ઊઠતી વખતે અંનજાણપણે તેનાથી જો પોતાના ભરતારનું અથવા પોતાના ચાકરનું મોહોડું જોવાઈ ગયુંતો તે સમજતી હતી કે આખો દીવસ ખરાબ જવાનો. જોયુંતો ઘણી વેળા તેમજ થતું હતું. કારણ અજાણપણે પોતાના ભરતારનું કે ચાકરનું મોં જોવાઈ જતું તો આખો દીવસ વેહેમ અને ફીકરમાં તે રેહેતી હતી. તે વેહેમ અને ફીકરથી તેણીનો તે દીવસ ઘણોજ ખરાબ ગુજરતો હતો. તે એવીનો કમજાત હતી કે વારંવાર પોતાના ભરતારને કહી સંભલાવતી હતી કે આજે તમારૂ મોં જોવાથી મારો દીવસ ખરાબ ગુજરશે. તેણીનો ભરતારબી વેહેમથી ઘણો દુર નહીં હતો. તે કુંવરબાઈનું મેણુ સાંભલી અફસોસ કરતો હતો અને બોલતો હતો કે મારૂ મોહોડું એવડુંતો શું ખરાબછે!

કુંવરબાઈના ઘરની બારી ઊપર કાગડો બેસીને જારે 'કાઊ કાઊ' કરતો હતો તારે તે સમજતી હતી કે કાઇ ખરાબી થવાનીછે. બીલાડીઓ તેણીના ઘેરની પાસે રાતના મોટેથી 'મીઆઊ' 'મીઆઊ' કરતી હતી તારે તે કેહેતી હતી કે કાઈ મોટી આફત ગુજરશે. કુતરાઓ રાતને વખતે જોરથી ભોંમતા તારે તે જાણતી હતી કે કાંઈ મોટું વીઘન થશે. જે દીવસે આવો હર એક મોટો વેહેમ પડતો હતો તે દીવસે તેણીનું મન ઘણા મોટા દુંખમાં પડતું હતું અને તેણીનું મોહોડુ ડાકેણ જેવું બની જતું હતું. કેટલીએક વેળા તેણીના વેહેમનેજ લીધે અથવા કાંઈ સંજોગથી માઠો બનાવ બનતો હતો તારે પોતાની પડોસણોને તથા પોતાના ભરતારને કેહેતી હતી કે આ ખરાબી વીશે હું અગાઊથીજ જાણતી હતી.

કુંવરબાઇ જારે ઘરમાં એકલી બેસતી હતી અને પવનના જોરથી બારીનો અવાજ થતો તારે સમજતી કે કાંઈબીછે. પવનની શીશીઆરી બોલતી હતી તારે જાણતી હતી કે કોઈબી સેતાન ભરાએલોછે. જારે વધારે વેહેમ પડતો હતો અને વધારે બીક લાગતી હતી તારે પોતાની પડોસણના ઘરમાં જઈને બેસતી હતી. રાતની વેળાએ રાંધણીમાં બેઠી હોએ અને તેણીનો પોતાનો ઓલો દેવાલની ઊપર પડેલો નજરે પડતો હતો તારે તે થરથર ધ્રુજતી હતી. તેવામાં છાપરામાંથી પવનની શીશીઆરી નીકલતી તો તેણીના પેટ છુટી પડતાં. ઘણી વેળા વેહેમને લીધે તેણીના કાનમાં કસારાં બોલે અને ખોટા અવાજો સંભલાએ. તે પોતાની આ સઘલી હકીકત પોતાના ભરતાર તથા પોતાની પડોસણ આગલ જાહેર કરતી હતી અને તેણીના ઘરમાં ભુત કે સેતાન ભરાએલુ છે એવું કેહેતી હતી. કોઈ કોઈ વેળાએ તેણીના દીલમાં એટલી હીંમત પેસતી હતી કે બે ચાર દીવસ તાવ આવતો હતો તાવના જોરમાં તે તરેહવાર બકતી હતી તેથી તેણીનું આખુ કુટંબ વેહેમ ભરેલું થઈ પડીઊં હતુ

કુંવરબાઈને પેટે ઘણે વરસે એક છોકરો જનમેઓ હતો. કુંવરબાઈને વેહેમ હતો કે એ છોકરો બચશે નહી તેથી કુંવરબાઈએ ઘણીએક જાતની માનતા કીધી. લીલા જોસીના કેહેવાથી તે છોકરાના નાકમાં બાલી પેહેરાવી. દસ વરસ શુધી છોકરાનું નામ પાડીઊં નહીં. તેટલી મુદત શુધી છોકરાને "પનોતો" કરીને બોલાવતા હતા. 'પનોતો' જારે બાહાર ફરીને આવતો હતો તારે કુંવરબાઈ તેને માથેથી રાઈ મીઠું

અથવા આછુ મીછુ ઊતારતી હતી. જારે 'પનોતા' ને
સહીઅડકાકા આવેઆ તારે કુંવરબાઈએ તરેહ તરે
હની માનતાઓ કીધી હતી. હનુમાનને પોલી ચહડો
વી હતી, રસતામાં ઊતારા મુકેઆ હતા, સહીઅડ કા
કાને સોના રૂપાની આંખ માની હતી, મોંહમાં ખાસડું
ઘાલીને રસતામાં ચાલવાને માનતા લીધી હતી, પાંચ
વરસ લગી દુધ ખાવું નહીં એવો નેમ લીધો હતો. પ
ણ સઘલું ફોકર ગયું. સહીડ કાકા જોરથી આવેઆ
અને કુંવરબાઈનો 'પનોતો' આ દુનીઆ છોડી ચાલ
તો થયો.

કુંવરબાઈ વેહેમમાને વેહેમમાં તવાઈ ગઈ હ
તી અને પોતાના એકના એક છોકરા 'પનોતા' ના મ
રણથી તેણીના દુખમાં અતીઘણો વધારો થઈ પડેઓ
હતો. કુંવરબાઈ વેહેમથી ભરેલી હતી તેથી દરરોજ
રાતના પનોતાનો સપનો આવતો હતો. એ સપનાથી
તેણીના નબલા મગજમાં તરેહ તરેહના વેહેમ અને
ખેઆલ ઊતપન થતા હતા. અને સઘળો વખત બલા
પામાં અને દુખમાં ગુજારતી હતી. કુંવરબાઈ વારંવા
ર બોલતી હતી કે મારા દુખનો ઢગલો એટલો બધો
ભરાએલોછે કે તે કદી ઓછો થઈ શકવાનો નથી. ગ
રીબ બીચારી કુંવરબાઈ ! વગર સમજની કુંવરબાઈ
જાણતી નહી હતી કે તેણીના દરએક વેહેમથી દરએ
ક જાતનું નવું દુખ-ઊતપન થતું હતું અને દુખનો
ઢગલો ઘટવાને બદલે દીનપર દીન વધતો જતો હતો.
વેહેમથી તવાઈ ગએલી કુંવરબાઈ, તેણીની ઊપર
દુખનો નહી ખમાએ એટલો બોજો પડેઓ એટલે
આખર થવા આવી. તેણીના મોતના દીવસ નજદી
ક આવેઆ. તેણીના શરીરમાં માસ અને ચરબી છે
કજ મળે નહી અને થોડા દીવસમાં મરણ પામી.

કુંવરબાઈની હાલતથી વાંચનારી બેહેનો ! ત
મોએ શીખામણ લેવી જોઈએછે કે ખોટા ખોટા વેહે
મો મનની અંદર ઊતપન કરીને દુખી થવું નહીં. જે
ઓ વેહેમી થાએછે તેઓને વેહેમ નડેઆ વગર રેહેતો
નથી. નબલું જનાવર પોતાનો પડછાઓ જોઈને બી
હેછે, દોડેછે અને કુવામાં અથવા ઊંડા ખાડામાં પડેછે.
તે મીસાલ માણસ પોતાના વેહેમથી ફીકર અને વી
ચારમાં પડેછે તે નબલા જનાવરના જેવા અથવા કુંવ
રબાઈના જેવા તેના હાલ થાએછે. સંસારમાં સેંકડો
જાતના દુખો આવીને માણસ જાતની ઊપર પડેછે તે
માં વેહેમથી બીજાં હજારો દુખો ઊતપન કરવાં એના
જેવી આ દુનીઆમાં બીજી એક મુરખાઈ છેજ નહીં.
વાસતે રે બેહેનો તમે ખોટા વેહેમમાં પડશોના. તમે
તમારો સંસાર ડાહાપણથી અને સંભાલથી ચલાવો
અને તમારા નબલા મગજમાં ખોટા ખોટા ખેઆલો
ઊતપન કરવા છોડી દેઓ એટલે તમને દુખનો બોજો
માલુમ પડશે નહીં. બેહેનો તમારા મનમાં જો તરેહ
તરેહના અથવા હરકોઈ જાતના વેહેમો ભરાએલા હો
એનો તે સઘલાને એકઠા કરીને ફેંકી દેઓ, તમારૂં મ
ન સાફ અને પવીતર રાખો, તમે ઈશવરને હરઘડી ઈ
આદ કરતા રેહેઓ એટલે તમને માલુમ પડશે કે સં
સારનો ખટલો તમને કેટલો હલકો લાગેછે.

## આઊદ પરાંતનો જાણવાજોગ હેવાલ.

બાઈઓ ! આઊદનો પરાંત દીલીની ઊગમણ
દસાએ આવેલોછે. એ પરાંતને હીંદુ લોકો અસલથી
અજોધીઆને નામે ઓલખેછે. આઊદનો આખો પ
રાંત ઈંગરેજ સરકારના રાજ સાથે જોડાઈ ગએઆ
ને હજુર ચાર વરસ થએઆંછે. એ પરાંતની લંબા
ઈ ૨૫૦ માઈલ અને પોહોલાઈ ૧૦૦ માઈલ જાણ
વામાં આવીછે. આ પરાંત ઘણોજ ફલવંત અથવા ર
સાલ કેહેવાએછે. એ પરાંતમાંથી ગંગા, ગુમતી અને
ગોગરા નામની મોટી નદીઓ વેહેછે. ચોખા, ગહુ
વગેરેનો દાંણો, સેરડી, ગલી, અફીણ અને બીજી કેટ
લીએક વસતુઓ તાંહાં પુશકલ પાકેછે. તાંહાંની હવા
એવીછે કે જમીનમાંથી સુરોખાર પોતાની મેલે કેટલા
એક રસાએણી સંજોગથી પાકેછે. આ પરાંતના લોકો
કદાવર અને દેખાવમો સારા કેહેવાએછે. તાંહાંના ર
જપુતો કેટલાએક એવા કદાવર અને લડાએક છે કે ઈઊ
રોપીઅનોનેબી એક બાજુએ મુકેછે. હીંદુસથાન મધે
સઊથી સુરા અને બાહાદુર સીપાઈઓ આઊદના કે
હેવાએછે.

આઊદ પરાંતના જે જુદા જુદા ભાગ કરવામાં
આવેઆછે તે તાલુકાને નામે ઓલખાએછે. દર એક
તાલુકામાં ઘણાએક ગામડા તથા શેહેરોછે. તાલુકાનો
સરદાર તાલુકદાર કેહેવાએછે. દર એક તાલુકદાર મો
ટું લશકર રાખી શકેછે અને તેમની સતા પોતાના તા

મુલકની સઘળી રઈએત ઊપર ચાલી શકેછે. આઊદની વસતીનો મુખીઅ ભાગ હીંદુ તથા મુસલમાન કેહેવાએછે.

આઊદ અથવા અજોધીઆ મધે હીંદુઓનો મોટો રાજા દસરથ થઈ ગયોછે. દસરથના છોકરા રામ વીશે તમે સાંભલીઊં હશે. રામને હીંદુ લોકો ઈશવરનો સાતમો અવતાર ગણેછે. રામ રાજાએ ઘણા એક વરસ જંગલવાસ ભોગવેઓ હતો અને પોતાના ભાઈ લખમણ સાથે તથા હનુમાન નામના વાંદરા સાથે લંકા જેને હાલના લોકો સીલોન કેહેછે તાંહાં જઈને રાવણ પાસેથી સીતાને હરી લાવેઓ હતો. રામની કથા ઘણી મોટી અને લાંબીછે. વાલમીક નામના ભીલની જાતના વીદવાને રામાએણ નામનું મોટું અને રસીક નાટક રચીઊંછે. એ નાટકની વીદવાન ઈંગરેજો પણ ઘણી તારીફ કરેછે.

આઊદ પરાંતના મુખીઅ શેહેરો લખનોર, ફઈજાબાદ, આઊદ તથા ખઈરાબાદ કેહેવાએછે. લખનોરનું અસલ નામ લખસમીનાવતી કરીને હતું. એ શેહેર ગુમતી નદીને કીનારે આવેલુંછે. એ નદીમાં બારેમાસે મછવાઓ ચાલેછે અને તેની ઊપર બે પુલો બાંધવામાં આવેઆછે. આ શેહેરમાં ઈઊરોપીઅનોની ઠીક વસતીછે. કલકતાથી એ શેહેર ૬૫૦ માઈલ દુર છે. આઊદ શેહેરમાં હીંદુના રામ લખગમણ, સીતા તથા હનુમાનના નામીચા દેરાંછે. અને તે તીરથ જાતરા કરવાની જગો ગણાએછે.

હીંદુસથાન મધે મુસલમાનોનું જોર વધેઆ પછી આઊદનો પરાંત તેમના હાથમાં ગયો હતો. ઓરંગજેબ બાદશાહના મરણ સુધી એ પરાંત દીલીને તાબે રહેઓ હતો. આઊદ પરાંતનો પેહેલ વેહેલો નામીચો મુસલમાન બાદશાહ સાદતખાન સન ૧૭૫૬ માં થયો હતો. તેના પછીના બાદશાહાઓ જરા નબલા સબલા થતા ચાલેઆ. આખરે સન ૧૭૯૭ માં સાદત અલી નામનો પાદશાહ પરખીઆત થયો. એ પાદશાહ જાતે ઘણો બુધીમાન અને ચંચલ હતો. તેણે પોતાની હઈઆતીમા ૧૪ કરોડ રૂપીઆનો ખજાનો એકઠો કીધો અને મુલકનો બંદોબસત સારી રીતે રાખેઓ. સન ૧૮૦૧ માં ઈંગરેજ સરકારે એ પાદશાહ સાથે કોલકરાર કીધા અને દર વરસે આશરે બે કરોડ રૂપીઆની ઊપજનો આઊદનો અરધો મુલક પોતાને તાબે કરી લીધો. તેના બદલામાં ઈંગરેજ સરકારે કબુલાત આપી કે તે પાદશાહના વારસોને આઊદની ગાદી ઊપર હમેશ લગી કાએમ રાખવા તથા હરએક ફીસાદ અથવા લડાઈથી એ બાદશાહનો બચાવ કરવો. સાદતઅલી પછીના બાદશાહાઓ એશઆરામમાં પોતાનો વખત ગુજારવા લાગેઆ અને આઊદના પરાંતમાં રઈએત ઊપર મોટો જુલમ ગુજરવા લાગેઓ. છેલો બાદશાહ વજીદ અલીશાહ નામનો થએઓ. એ બાદશાહના ઘણાજ અંધેર કારભારને લીધે ઈંગરેજ સરકારે સન ૧૮૫૬ માં તેને ગાદી ઊપરથી ઊઠાડી મેલેઓ અને આઊદનું આખું રાજ લઈ લીધું. વજીદ અલીશાહની મા અને તેના ભાઈ વીલાત પોતાની દાદ પોચાડવાને ગયા હતા પણ તેઓની કાંઈબી દાદ પોહોચી નહીં અને તેની મા વીલાતનાંજ મરણ પામી. વજીદ અલીશાહ હાલ કલકતા મધે રહેવેછે.

બલવાના વખતમાં આઊદનો આખો પરાંત બલવાખોરોનું મુખીઅ મથક થઈ પડીઊં હતું. અને ઘણુ કરીને આખો પરાંત બલવાખોરોને તાબે થઈ પડેઓ હતો. સન ૧૮૫૭ ના મેઅ મહીનાની ૩૧ મી તારીખે લખનોર શેહેર માહેલું તમામ દેશી લશકર ઈંગરેજ સરકારની સામે ઊઠીઊં અને જે ઈઊરોપીઅન અમલદારો હાથમાં આવેઆ તેઓ સઘળાઓને કતલ કરી નાખેઆ. આ વખતે એ પરાંતનો વડો કમીસનર સર હેનરી લારેંસ કરીને નામીચો સરદાર હતો. તે તારીખ ૪ થી જુલાઈને દીને જખમથી મરણ પામેઓ હતો. તોપણ ઈંગરેજી લશકર લખનોર મધે ભરાઈ રહેવું હતું અને તેમની ઊપર બલવાખોરોએ જુનથી તે અકટોબર મહીના સુધી ઘેરો નાખેઓ હતો. તાર પછી એ શેહેર બલવાખોરના હાથમાં ગયું હતું તે ૧૮૫૮ ના મારચ મહીનાની ૧૯ મી તારીખે તમામ શેહેર ઊપર ઈંગરેજી લશકરે ફતે મેલવી હતી. હાલ આખા પરાંતમાં સમાધાની થઈછે અને ઈંગરેજી અમલ મજબુતીથી બેઠોછે.

## શેઠ ફરામજી કાવસજી બનાજી.

પારસીઓ મધે બનાજી ખાનદાનના શેઠ ફરામજી કાવસજીનાં નામથી મુંબઈના થોડાજ લોકો અણજાણ્યા હશે. એ શેઠ સરગવાસી થઆ તેને આજ નજદીક આઠ વરસ થવા આવેઆંછે. કેળવણી તથા દેશ હીતકારી કામોમાં એ શેઠે જેટલી આગેવાની કીધી હતી, જેટલી મેહેનત લીધી હતી, જેટલી ઊલટ અને હોંસ દેખાડી હતી તેટલી થોડાજ શેઠીઆઓમાં જોવામાં આવશે. એ શેઠ સુધરેલા વીચારના, મોટા અને ઊદાર દીલના તથા પરમાણીક બુધી અને ચોખા વેહેવારના કેહેવાતા હતા. પવઈનું ગામ જે મુંબઈથી ૧૮ માઈલને છેટેછે તે એ શેઠની ઈઆદગારી આપેછે. ફરામજી કાવસજી નામનું મોટુ તલાવ તથા દંકનરોડ ઊપરની ટાંકીઓ એ શેઠની ઈઆદગારી જણાવેછે. કરલ વાડી પાસેનુ આતસ બેહેરામ તથા ડુંગર ઊપરનું એક દખમું એ શેઠની ઈઆદગારી દેખાડેછે. એલફીસટન મદરેશાના એક મોટા ઓરડામાં એ શેઠની મોટી રંગીન તસવીર ટાંગેલીછે તે જોઈને તરત કોઈ કેહેશે કે એ શેઠ કેળવણીના કામમાં ઘણી ઊલટ લેનાર હતા. વળી જારે "ફરામજી ઈનસટીટીઊટ" નામની ઈમારત બંધાઈને તઈઆર થશે તારે એ શેઠની ઊપલી સઘલી ઈઆદગારીમાં ઊમેરો થશે. એ શેઠની જીંદગીનો ટુક હેવાલ સન ૧૮૫૬ ના ગ્નાન પરસારક ઊપરથી તથા પારસીઓના ઈતીહાસ સંબંધી મી૦ ડોસાભાઈ કરાકાએ બનાવેલા ઈંગરેજી પુસતક ઊપરથી હમારી વાંચનારી બાઈઓને વાસતે નીચે પરગટ કરીએછે.

શેઠ ફરામજીના બપાવાના બાપ બનાજી લાગે તે ઊપરથી એ શેઠ બનાજી ખાનદાનના કેહેવાતા હતા. બનાજી સુરત આગલના એક ગામડા પાસે રેહેતા હતા. બનાજીના તરણ છોકરા મધે. બેહેરામજીના છોકરા કાવસજીને પેટે શેઠ ફરામજીનો જનમ થયો હતો. એ શેઠની માનું નામ જાઈબાઈ કરીને હતું. એ શેઠનો જનમ સન ૧૭૭૨ ના એપરીલ મહીનાની ૭ મી તારીખે થયો હતો. એ શેઠે કાંઈ મોટી કેળવણી લીધી નહી હતી. આસરે ૧૬ વરસની ઊમરે એ શેઠ દુનીઆદારીમાં પડેઆ. વારસા તરીકે બાપ પાસેથી શેઠ ફરામજીને કાંઈ મલીઊં નહી હતું. દાદીશેઠ જેની ઊપર ફરામજીના બપાવા બેહેરામજીનો મોટો ઊપકાર થયો હતો તેમને શેઠ ફરામજીને પોતાના વગીલા કપતાનનો દુબાસ ઠેરવેઓ. સન ૧૭૯૯ માં એ શેઠ ચીનની સફરે ગયા હતા તારે જે વાહાણમાં એ શેઠ બેઠા હતા તે વાહાણ મલીના તરફ ઘસડાઈ ગયું હતું. તાંહાં દીરમજનો મોટો જથો સસતી કીમતે હાથ લાગેઆથી તે માલ મુંબઈમાં વેચેઓ તારે એ શેઠને ઘણો ફાએદો ઊપજેઓ હતો. દાદીશેઠ ગુજરેઆ પછી શેઠ અરદેશરના હાથ નીચે શેઠ ફરામજી રહેઆ હતા. તે વખતે એ શેઠ પોતાને નામે થોડો થોડો વેપાર કરતાહતા. ૧૮૦૪ માં એક ઈઊરોપીઅન પેહેડીના એ શેઠ દલાલ થયા હતા. તે પેહેડીવાલા મી૦ વેડીંગનો વીશવાસ એ શેઠની ઊપર એટલો બધો બેઠો હતો કે તે ઈંગલંડ ગયો તાર પછી પણ એ શેઠની ઊપર "કનસાઈન" મોકલતો હતો. શેઠ અરદેશર ૧૮૧૦ માં ગુજરેઆ તારે તેમના બે છોકરા ખરશેદજી તથા જાહાંગીરજી નોહાની ઊમરના હોવાને લીધે તેમનો કારોબાર શેઠ ફરામજીને સોંપવામો આવેઓ હતો. એ કારોબાર શેઠ ફરામજીએ ૧૨ વરસ લગી ચલાવેઓ હતો. એ શેઠે ભાગની અંદર એક વાહાણ ખરીદ કીધું હતું તથા એક બંધાવીઊં હતું. એ વાહાણોથી ગરીબ વેપારીઓના હકમાં શેઠ ફરામજીએ ઘણો ફાએદો કીધો હતો. કારણ તે વખતના તવંગર વેપારીઓ એટલા એકલ પેટા હતા કે ગરીબ વેપારીઓને માલ ચહડાવવાની જોગવાઈ આપતા નહીં હતા.

તાર પછી એ શેઠે કલકતા તથા ચીન વીલાતનો વેપાર વધારેઓ અને તેમાં તેઓ વધેઆ. અફીણના જેહેરી વેપારમાં એ શેઠે ફકત બે વખત હાથ ઘાલેઆ હતા પણ પાછલથી એ વેપારનું અઘટારત પણુ તેમના જોવામાં આવીઊં હતું. રીડ નામનો ગવરનર જે ૧૮૪૬ માં થઈ ગયોછે તેણે જણાવીઊં કે "વીશવાસમાં શેઠ ફરામજી કરતાં બીજો કોઈ સરસ થઈ નહીં શકે." એ શેઠે પવઈના ઈસટેટ પછવાડે પાંચ લાખ રૂપીઆ ખરચેઆ હતા. પવઈની ઊજડ જમીનને ફલવંત અને સુંદર બાગ બનાવવાને તથા તેમાં જુદા જુદા દેશની પેદાસ દાખલ કરવાને શેઠ ફરામજીએ ચાહીઊં. મોરીસની સેરડી ઊગાડી; ખાંડનું કારખાનુ કાહાડીઊં; રેશમના કીડાને મોટી મેહેનતથી ઊછારીને રેશમ પકાવીઊં; જાએફલ, એલચી, લવં



શેઠ ફરામજી કાવસજી બનાજી.

ગ, તજ, કારી મરી અને એવા એવા બીજા રોપા ઓ ઊગાડેઆ; કાલીગલીનું કારખાનું કાહાડીઊં. એ શેઠ પોતાની ધારણા પરમાણે સઘળા રોપાઓ ઊગાડવામાં ફતે પામ્યા નહીં તોપણ દર વરસે વીસ હજાર રૂપીઆની પેદાસ ઊપજે એવી ફલવંત જમીન બનાવી દીધી. સર જાન માલકમ ૧૮૨૯ થી ૧૮૩૧ શુધી આપણો ગવરનર થઈ ગયો તે પવઈના ઈસરેટ વીશે આ પરમાણે બોલેછેઃ—

"પવાઈ મધે શેઠ ફરામજી કાવસજીનું ઈસરેટ જોવાને હું ગયો હતો અને ઘણોજ સંતોશ પામેઓ હતો. આ મોટા આબરૂવાળા દેશીએ જુદા જુદા સુધારો કરવામાં ઘણા નાણા ખરચેઆછે. તેણે ઘણાએક કુવા ખોદાવેઆછે; ઘેરો બાંધેઆછે; સારો રસતો બંધાવેઓછે; સેરડીના, ગળીના અને રેશમના કીડા વાસતે સેતુરના, ઘણાએક રોપાઓ વાવેઆછે; ખાંડ બનાવવાને એક મોટો સાંચો ઉભો કીધોછે. ગળીના કારખાનાને વાસતે બનાવેલી જુદી જુદી ઇમારતો મેં જોઈ. પણ સઉથી વધારે હું ખુશી એથી થયો કે ફરામજીનો પોતાના ઈસરેટ પછવાડે ઘણોજ શોક લાગેલો હતો. . . . . . ફરામજીએ (ઉપલી જમીન ઉપર) જે સુધારો કીધો હતો અને હજુર વધારે કરવાની તેણે જે ગોઠવણ કીધી હતી તે જોઈને હું એટલોબધોતો ખુશી થયો કે મારી પાસે તેને ઈનામ દાખલ આપવા લાએકની વસતુ નહીં હોવાથી હું દલગીર થયો હતો. તોપણ તેજ જગા ઉપર મેં મારૂ કીમતી ઘડીઆલ તથા સાંકલી તેને બખશેસ કીધી અને મારા મીત્રો તથા બીજાઓ જે હાજર હતા તેઓના દેખતા મેં મારો સંતોશ જાહેર કીધો હતો."

૧૮૩૮ માં શેઠ ફરામજીએ આપણી નામદાર રાણીને કેરીની ભેટ પેહેલ વેહેલી મોકલી હતી. તે કેરી સારી હાલતે ઈંગલંડ પોચી નહીં તોપણ નામદાર રાણી એ શેઠની વફાદારી જોઈને ખુશી થઈ હતી. 'બામબે બેંક' અને 'ચેમબરસ આવ કામરસ' નામની સભા ઊભી કરવામાં શેઠ ફરામજીએ મુખીઅ ભાગ લીધો હતો. માંડવીની હાલત સુધારવાની એ શેઠે તજવીજ કીધી હતી અને તેમાં ફતે પામેઆ હતા. મોટું તલાવ જે એ શેઠના નામથી ઓલખાએછે તે બાંધવા પછવાડે એ શેઠને ૨૦ હજાર રૂપીઆ લાગેઆ હતા. એ તલાવ ૧૮૩૮ માં તઈઆર થયું હતું. એ સીવા એ ડંકન રોડ ઊપરની ટકી, એક દખમું અને પોતાના ભાઈ સંગાથે આતસબેહરામ બંધાવેઆ. દોખમા ઊપર ૧ લાખ અને આતસ બેહરામ પછવાડે રા લાખ રૂપીઆ ખરચેઆ હતા. તેનો ખરચ ચાલુ રાખવા માટે બે ગામડાંની આએપત ૨૪૦૦ રૂપીઆ ઊપજે તે આપી દીધી. સન ૧૮૫૨ ના ફેબરવારી મહીનાંની ૧૨ મી તારીખે ૮૦ વરસની ઊમરે પીસાબના બુરા મરજથી એ શેઠ સરગવાસી થયા. એવા ઊદાર અને દેશ હીતકારી શેઠના મરણથી મુંબઈની વસતીનો મોટો ભાગ દલગીર થયો હતો.

પારસીની પંચાત મધે સુધારો થએલો જોવાને એ શેઠ ઘણા આતુર હતા. એ શેઠે પોતાની પાકી ઊમરને લીધે પંચાતના અધીકારી દાખલ પોતાનો ઓધો છોડેઓ તે વખતે તેણે જે વીચાર જણાવેઆ છે તે એ શેઠની ગ્નોરાઈ તથા દાનાઈને માન આપેછે. એ શેઠે ખુલી રીતે જણાવીઊં હતું કે "પંચાતથી સારૂ પએઆને બદલે ઊલટી આપણા ટોલામાં ખરાબી થઈચ. . . . . પંચાએત સરકારના કાએદા મુજબ ફરીથી અનજુમનથી ઊભી થવી જોઈએચ." એવા અપખરા વીચારવાળા શેઠીઆઓની પારસી ટોલામાં કેટલી બધી જરૂરછે!

---

## સ્ત્રીઓએ પોતાનાં ઘરનો બોજો ઊચકી લેવાને તઈઆર રેહેવું જોઈએ.

પેઆરી બેહેનો! આપણા દેશની સ્ત્રીઓ પોતાનાં ઘરનો બોજો ઊચકી લેવાને તઈઆર હોતી નથી એ વાત ખરેખર દલગીરીનીછે. જારે તેઓનો ભરતાર મરણ પામેછે, જારે તેઓ ગરીબાઈ તલે દબાઈ જાએછે, જારે તેઓની ઊપર હર એક દુખ અને વીપતી આવી પડેછે તારે તેઓને મદદ કરનાર તેમના સગાં વાહલાં નહીં હોએતો તેઓની હાલત અતીશે દયા ઊપજવા જોગ થઈ પડેછે. પણ બેહેનો! આપણી સ્ત્રીઓ બચપણથી ઘરનો ખટલો ચલાવવાના તથા ઘરનો બોજો ઊચકી લેવાના ઊપાઓ શીખી હોએ તો તેઓને ગરીબાઈના વખતમાં અથવા હરએક દુખના વખતમાં એકદમ દબાઈ જવું ન પડે અથવા કોઈની તાબેદારી ભોગવી ન પડે. વાસને રે બેહેનો! જરૂરનુંછે કે તમોએ તથા તમારી દીકરીઓએ કાંઈબી ઊપીઓગી કામ અથવા ઊદમ શીખવો જોઈએ કે જેથી તમો ગરીબાઈની વખતે તમારા ઘરનો બોજો ઊચકી લેવાને તથા તમારૂ ગુજરાણ મેલવવાને શકતીવાન થાઓ.

પેઆરી બેહેનો! આપણી સ્ત્રીઓએ બચપણથી પોતાનાં કુટંબની સઘળી ફીકર તથા સંભાલ રાખ

વાને અને ઘરનું સુખ હરએક રીતે વધારવાને ઊલટ અને હોંસ રાખવી ઘટેછે. તેઓએ પોતાની માતોને હરએક કામમાં ખુશીથી અને ઝડપથી મદદ કરવાની ટેવ પાડવી જોઈએછે. તેઓએ પોતાના ઘરના ખરચ ખુટણની માહેતગારી રાખતાં તથા ખરચ ખુટણનો હીસાબ રાખતાં શીખવું ઘટેછે. બેહેનો ! જે છોકરીઓ ઘરમાં આળસુ બેસીને નકામાં ચીથરા ફાડે તથા લોકોની નીંદા બદગોઈ કરે તે છોકરીઓ પોતાના ઘરનો બોજો ઊચકી લેવાને કદી શકતીવાન થઈ શકવાની નથી. ઈઊરોપ મધે કેટલાએક ઊંચા કુલની તવંગર દીકરીઓ પોતાની મેહેનતથી પેદા કરીને સખાવત કરેછે. તેઓ સમજેછે કે પોતાની જાતી મેહેનતથી પેદા કરેલા પઈસા ગરીબોને આપેઆથી વધારે સવાબ મલેછે; એટલુંજ નહીં પણ બચપણથી હરએક કામ અથવા ઊદીઅમનો આસરમ પડેઆથી ગરીબાઈના વખતમાં તેઓનો બચાવ થઈ શકેછે અને કટકો રોટલીને વાસતે કોઈની તાબેદારી ભોગવવી પડતી નથી.

પેઆરી બેહેનો ! તમે ગરીબાઈના વખતમાં તમારૂ ગુજરાણ મેળવી શકો એવો કાંઈબી ઊદીઅમ સારી પેઠે શીખો નહીં તાંહાં શુધી એવુંજ સમજજો કે તમારી કેળવણી વગર ઊપીઓગનીછે અને તમારી રૂડી બુધી તથા સારી સમજ નકામી અને ફેકટનીછે. બેહેનો ! આપણે જાણતા નથી કે આપણી કાળે શી અવસથા થશે. આજે આપણ તવંગર છઈએ અને કાળે ગરીબાઈ તલે આવી પડશું એ વાતની આપણને ખબર નથી. કેટલા બધા કુટંબો એકાએક ગરીબી હાલતમાં આવી પડેઆંછે. કેટલા બધા વેપારીઓ એકાએક અને એકદમ ભાગી પડેઆછે. એવે વખતે આપણી સ્ત્રીઓ કાંઈબી મદદ કરવાને અથવા કાંઈબી ઊદીઅમ કરવાને અશકત હોએછે તેથી રે બેહેનો ! તેઓની કેટલી દયા ઊપજવાજોગ હાલત થઈ પડેછે ! પણ એવે વખતે કાંઈબી ઊપીઓગી કામ શીખેલી મેહેનતું સ્ત્રી હોએછે તો પોતાના ઘરનો બોજો ઊચકી લેવાની હીંમત ચલાવેછે. એક વેપારીની વાત નીચે લખીછે તે ઊપરથી માલુમ પડશે કે હીંમતવાન અને હરએક તરેહનો ઊદીઅમ શીખેલી સ્ત્રી ગરીબાઈના વખતમાં પોતાના ઘરનો બોજો કેવી રીતે ઊચકી શકેછે.

## એક વેપારી અને તેની સ્ત્રી.

ઈંગલંડ મધે એક નામીચો અને મોટો વેપારી રેહેતો હતો. તેની સ્ત્રી કેળવણી પામેલી તથા ગુણવાન હતી. તેની દીકરીઓ પણ તેવીજ ગુણવાન રને સમજુ કેહેવાતી હતી. એક દીવસે સાંજના તે વેપારી પોતાને ઘેર આવેઓ અને આંખમાં આંસુ લાવને પોતાની સ્ત્રી તથા છોકરાંઓ આગળ બોલેઓ "આપણા સઘળાં વાહણો દુબી ગયાં અને આપણ સઘળી દોલતની ધુલ વળી ! હવે આપણે ગાડીમાં બેસી શકશું નહીં; આ મોટા ઘરમાં રહી શકશું નહીં આપણા બચાંઓને મોટી નીશાળોમાં મોકલી શકશુ નહીં. આપણુ ગુજરાણ હવે કહી રીતે ચલાવવું તે મને સુજતું નથી. ગઈ કાળે હું તવંગર માણસ હતો અને આજે મારૂ પોતાનું કાંઈજ રહેઊં નથી." એથી વધારે તે બોલી શકેઓ નહીં પણ તેની આંખમથી આંસુની ધાર ચાલવા માંડી.

તેની ગુણવાન સ્ત્રી બોલી "પેઆરા ભરતાર તમે એટલા ના હીંમત ના થાવો ! ઈશવરની મરજીને આપણે તાબે થવું જોઈએ. તમે હીંમત અને સબુરી પકડો. હું છું અને આપણાં બચાંઓછે. દોલત ગઈ પણ ઈશવરે આપણને વધારે મોટી દોલત બખસીછે." એટલું બોલતાં બોલતાં ને સ્ત્રીની આંખમાંથીબી આંસુ ખરેઆં. આ મામલો જોઈ તેણીના છોકરાંઓબી મોટી દલગીરીમાં ગરક થઈ ગએલાં હતાં પણ તરત એક અવાજે બોલી ઊઠેઆં "પેઆરા પીતાજી, તમે એટલા દલગીર અને ના હીંમત ના થાઓ. આપણુ ગુજરાણ ગરીબાઈથી ચલાવવાંને હમોબી મેહેનત કરશું."

બાપ બોલેઓ કે "મારા નાના બચાંઓ તમે શું કરી શકશો." છોકરાંઓ બોળેઆં કે "બાપા તમે જોશો કે હમો શું કરી શકીએછે. તમોએ એટલા દીવસ હમોને નીશાળે મુકેઆ અને હવે શું કાંઈજ કરી શકશું નહીં ? હમારા જેવા આઠ તંદરોસત છોકરાઓનો બાપ શું ભુખે મરશે ? બાપા તમે જોશો કે હમો કેવી મેહેનત કરીએછે."

નાહના છોકરાઓના આવા મધુર અને હીંમત ભરેલાં વચન સાંભળી બાપના દીલમાં જરા હીંમત આવી. તેણે મોટા આનંદથી તથા મોટા પેઆરથી સ

ઘણા બચાંઓને પોતાના દીલ સાથે દાબેઆં અને ઈશ્વરની પરારથના કરી. તેણે થોડા દીવસમાં પોતાનું મોટું અને દબદબા ભરેલું ઘર ખાલી કીધું. ચાકરોને રજા આપી: હાંડી, ઝુમર, વાલગેડ, પીકચરો અને ભારે ગાળેચા તથા કીમતી સામન વેચી નાખેઆ. આવો દુખ ભરેલો દેખાવ જોઈ તેની સ્ત્રીના આંખમાંથી એક આંસુ પડીગે નહીં. પણ તેણીએ પોતાના ભરતારને હીંમતથી કહીગે કે "તમે જે કાંઈ કરજ હોએ તે ચુકાવી નાખો. આપણાથી કોઈને નુકસાન પોહચે નહીં તથા કોઈની શીળાંગળી દુખે નહીં તેમ કરો. આપણે ગરીબાઈમાં પણ સંતોશ અને સબુરીથી રેહેશું." ધનછે આ સ્ત્રીને અને ધનછે તેણીની છાતીને. જુઓ બેહેનો તે આવા દુખના વખતમાં પોતાના ભરતારને કેવી સબુરી અને ધીરજ આપેછે!

શેહરથી થોડાએક માઈલની વેગળાઈ ઊપર એક નાહાની ઝુપડીમાં જઈને તેઓ સઘળા રહેઆ. ઝુપડીની આસપાસની જમીન ખેડીને તેમાં ભાજી પાળો વાવેઆ. છોકરાંઓ ભારે મેહનત કરવા લાગેઆ. તેની સ્ત્રી તવંગરીમાં અને મોટાઈમાં મોટી થઈ હતી પણ અતીશે કરકસર અને મેહનતથી ઘરનો ખરચો ચલાવવા માંડીઆ. તે જોઈને તે વેપારીને જે અચરતી ઊપજી હતી તે થોડી નહીં હતી. સઉથી મોટી છોકરી હતી તે પોતાની માતાને ઘરના કામ કાજમાં ઘણી મદદ કરતી હતી અને પોતાના ભાઈ બેહેનોને કેળવણી આપતી હતી. વેપારીની સ્ત્રી તથા દીકરીઓ ભરવાનો તથા ગુંથવાનો જે હુનર શીખી હતીઓ તે આ વખતે ઘણોજ કામ લાગેઓ. તેઓ સઘળા ઘરનું કામ કાજ કરીને તરત ભરવાને ગુંથવાને બેસે; અને જમીનમાં વાવેલા ફુલો તથા ભાજી પાળા એકઠા કરવામાં તથા ફ્રાક શીવવામાં કામે વળગે. ભરાએલો તથા ગુથાએલો જે સામન તઈઆર થાએ, જે ફુલફલ તથા ભાજી તરકારી ઊગીને તઈઆર થાએ તે બજારમાં જઈને છોકરાંઓ વેચી આવે. તેઓ એટલુંજ કામ કરીને સંતોશ પામેઆ નહીં. તેઓએ ટોપી ભરવા માંડી, નકસા રંગીને તઈઆર કીધા, અને શીવવાનું સઘળું કામ હાથમાં લીધું. કુટંબનું દર એક માણસ પોત પોતાના કામ ઊપર આખો દીવસ ખુશીથી મંડેલું રેહવા લાગીઉં અને આખી ઝુપડી મધમાખના જેવી મેહનતુ અને ઊદીઓગી થઈ પડી.

બાપ બોળેઆ કે આવી તંદરોસતી મેં અગાઊ કદી ભોગવી નહીં હતી. મા બોલી કે આવી સુખી હું અગાઊ નહીં હતી. છોકરાંઓ બોળેઆ કે હમે અગાઊ જાણતા નહીં હતા કે હમો કેટલી મેહનત કરવાને શકતીવાન છઈએ. તમે હમને મધમાખ કહીને બોલાવોછો અને ખરેખર હમે એવું મધ બનાવીએછે કે જેથી આપણુ પેટ આનંદ પામેછે.

એ કુટંબમાં ઊદીઓગ અને કરકસર એ બેઊ ચીજ મુખીઅ થઈ પડી. કાંઈપણ ચીજનો બગાડ થાય નહીં અને કોઈબી ચીજ નકામી જાએ નહીં. જે ચીજની જરૂર નહીં તે ચીજ મુદળ ખરીદ કરવીજ નહીં એવો તેઓએ નીશચે કીધો હતો. થોડી એક મુદત પછી તે કુટંબની સઉથી મોટી છોકરી જે શીખવવાના કામમાં હોશીઆર હતી તેણીને શીકશકની જગા મળી અને દર મારો પચાસ રૂપીઆનો પગાર મળવા લાગો.

તેઓ પોતાની નાહાની ઝુપડીને જે સાફ અને સોજી રાખતા હતા તે થોડી થોડી સણગારવાને શકતીવાન થયા. ઝુપડીનો ડોળ સુધારીઓ. ફુળ અને દરાખના માંડવા તેની આસપાસ ઊભા કીધા. વેપારી પોતાના મોટા બંગળામાં સુખી હતો તેના કરતાં આ ઝુપડીમાં તેને વધારે સુખ માલુમ પડીઉં. તે બોળેઓ કે ઈશવરની કુરપાથી આપણે પાછા સારી હાલત ઊપર આવતા જઈએછે તેથી શેહરમાં જઈને પાછા રેહેવાની શું તમારી મરજીછે? સઘળાઓએ એક અવાજે જબાબ આપેઓ કે અરે! નહીં; નહીં. તેની સ્ત્રી બોળી કે જાંહાં આપણને તંદરોસતી અને સંતોશ માલુમ પડેઓ તાંહાં રેહેવું ઘટેછે. છોકરાઓ બોળેઆ કે હમો સઘળાઓ હંઈજ રેહેવાને ખુશી છઈએ અને પાછા મોટા તવંગર થઈને આપદામાં પડવા ઈછતા નથી.

વાંચનારી બાઈઓ! આ વાત વાંચીને તમે તરત કહી શકસો કે સ્ત્રીઓને હરએક હુનર તથા ઊદીઅમ શીખવો કેટલો જરૂરનોછે. ઊપલા વેપારીની સ્ત્રી તથા દીકરીઓ શીવવાનો, ભરવાનો તથા ગુથવાનો, નકસા રંગવાનો હુનર શીખી નહી હતેતો એ કુટંબની કેવી દશા થઈ પડત? માણસના સઘળા દીવસ સરખા ગુજરતા નથી. આજે એક માણસ તવંગરી ભોગવેછે અને કાલે તે ગરીબી હાલતને પોહાચેછે. વાસ્તે રે બેહેનો તમે કાંઈબી હુનર અને કાંઈબી ઊદીઅ

મ શીખો, તમારી દીકરીઓને શીખવો અને બચપણ થી મેહનત કરવાની ટેવ પાડો એટલે કોઈ દીવસે તમ ને ભારે પસતાવો કરવો નહીં પડે.

---

## તેતરીસ વરસની વાત ઊપર થઈ ગએલો આપણો નામીચો ગવરનર.

આપણા મુંબઈ ઈલાકામાં તેતરીસ વરસની વાત ઊપર માંનસટુઅરટ એલફીંનસટન નામનો જે નામીચો ગવરનર થઈ ગયોછે તે હાલ ઈંગલંડ મ ધે ગયા નવેમબરે મહીનામાં ૮૨ વરસની ઊમરે મરણ પામેઓછે. એ નામદારનો આપણા દેશીઓ ની ઊપર અને અગત કરીને મુંબઈના રેહવાસીઓ ની ઊપર જેટલો ઊપકાર થએલોછે તેટલો ઊપકાર બીજા કોઈબી ગવરનરનો આપણી ઊપર થએઓ નથી. વાસતે આ પરસંગે તે નામદારની જીંદગી નો થોડોએક જાણવા જોગ હેવાલ હમારી વાંચનારી બાઈઓને વાસતે પરગટ કરવાને હમો હમારી ફર જ સમજીએછે.

નામદાર માંનસટુઅરટ એલફીંનસટન અગીઆ રમાં લારડ એલફીંનસટનનો બીજો છોકરો-અને હાલ ના આપણા ગવરનર લારડ જાન એલફીંનસટંનનો કાકો લાગે. તે ઈસવી સન ૧૭૭૭ માં જનમેઓ હ તો. તે અઢાર વરસની ઊમરનો થયો નહીં એટલા માં બંગાલા મધે દીવાની ખાતાની હલકી ચાકરી ઊ પર આવેઓ હતો. તેણે પોતાના સઘળા કામમાં જે ચાલાકી તથા બારીક બુધી દેખાડી તે ઊપર હીંદુસથા નના ગવરનર જેનરલ લારડ વેલસલીનું ધેઆન દો ડેઉં. તેને પેહેલ વેહેલી અગતની પદવી પુના મધે પે શવાની દરબારમાં આપવામાં આવી. તેને કરનલ ક લોસનો આસીસટંટ ઠેરવેઓ હતો. તાર પછી ઈસવી સન ૧૮૦૩ માં એટલે હીંદુસથાનમાં આવેઆ પછી ૮ વરસે જારે ગવરનર જેનરલ લારડ વેલસલી સીં ધીઆની સામે લડવાને નીકલેઓ તારે નામદાર એલ ફીનસટનને ફારસી જુબાનના દુબાશીઆ દાખલ પો તાની સાથે લીધો હતો. તાર પછી થોડીએક મુદતે એ નામદારને નાગપોરનો રેસીડંટ ઠેરવેઓ હતો.

આ વેળાએ હીંદુસથાન મધે ઈંગરેજ સરકાર ને એ ધાસતી હતી કે ફરાંસનો નામીચો નેપોલીઅન બોનાપારટ કદાચ હીંદુસથાન ઊપર સીંધ અને આફ ગાનીસતાનને રસતે ઊતરી પડશે તેથી તે મુલકો તરફ ભારે ચોકસી અને મોટું લશકર રાખવાનો ઠરાવ થએ ઓ હતો. લારડ મીંનટો આ વખતે ગવરનર જેનર લની પદવી ઊપર હતો તેણે નામદાર એલફીંનસટન ને કાબુલનો એલચી દાખલ ઠેરવેઓ. ઈસવી સન ૧૮૦૮ માં એ નામદાર પોતાના નવા ઓધા ઊપર કાબુલ જવાને નીકલેઓ. તે બીકાનેર, જેસલમેર, બા વલપુર અને મુલતાન થઈને ૧૮૦૯ ના મારચ મહી નામાં પેશાવર ખાતે જઈ પોહોચેઓ. તાંહાં તે થોડા એક મહીના રહેઓ.

ઈસવી સન ૧૮૧૨ માં નામદાર એલફીંનસટ નને પુના મધે રેસીડંટ ઠેરવવામાં આવેઓ. તાર પ છી બે વરસે તેણે પોતાની કાબુલની મુસાફરીના બે પુ સતકો રચીને પરગટ કીધાં. તે પુસતકો હાલ ઘણા ઊ પીઓગી તથા અગતના થઈ પડેઆંછે. પેશવાની દર બાર મધે તેણે પાંચ વરસ લગી રેસીડંટનો જોખમ ભ રેલો ઓધો ચલાવેઓ. પુનાના બાજીરાવે બાહારથી ઈંગરેજ સરકાર સાથે મીતરાચારીનો દેખાવ રાખેઓ હતો અને અંદરખાનેથી એ સરકારનું મુળ કાહાડી નાખવા જેવી ગોઠવણો કરતો હતો. તે સઘળી નામ દાર એલફીંનસટનના બારીક મગજને તરત માલુમ પ ડતી હતી. તેથી તે પોતાના કામમાં સાવધ અને તઈ આર રેહતો હતો અને બાજીરાવ સાથે વાત ચીત કર વામાં પોતાનું કમન અથવા ગેર મેહેરબાની મુદલ દે ખાડતો નહીં હતો. બાજીરાવે જારે ઘણીજ દગલબા જી કરવા માંડી તારે તેણે તેની ઊપર લડાઈ કરીને મોટી ફતે મેલવી અને બાજીરાવનો સઘળો મુલક કબ જ કરી લીધો. એ ફતે કીધા પછી મુલકમાં ખુનરેજી તથા ખરાબી કરવાને બદલે સમાધાની રાખવાના ઘ ણાજ ઊતમ ઊપાએ એ નામદારે કામે લગાડેઆ. તે થી થોડી મુદતમાં મરાઠા જેવા લુટારા અને લડાઈખો રા લોક એ નામદારને વસ થઈ ગયા એટલુંજ નહીં પણ તેની ઊપર પેઆર રાખવા લાગેઆ.

તાર પછી ઈસવી સન ૧૮૨૦ માં નામદાર એલફીંનસટનને મુંબઈનો ગવરનર ઠેરવવામાં આવે ઓ. તે ઊંચા ઓધા ઊપર એ નામદાર સાત વરસ શુધી રહેઓ અને તેટલી મુદતમાં તેણે દેશીઓના સુ



માનસ્ટુઅરટ એલફીનસટંન

ધારા તથા કાએદાને વાસતે મોટાં કામો કરીને મોટું નામ મેલવીઊં. તેણે મુંબઈ ઈલાકાને વાસતે કાએદા ના દફતરો બનાવેઆં. પશચમ હીંદુસથાનમાં દેશીઓ ની કેળવણીનું બી પેહેલ વેહેલું એ નામદારે રોપીઊં. અને તેને માટે આપણે એ નામદારના ઘણાજ ઊપકારી થયાછે. ઈંગરેજી ભાશાથી, ઈઊરોપખંડના વીદઆ હોનરથી આપણા લોકો તદન અગનાન અને અંજાણ્યા હતા તેઓને વાસતે ગનાનના બારણા ઊઘાડા કીધાં. તે નામદારનો આ વીચાર પકો હતો કે "દીઓને સારી કેળવણી આપેઆ વગર તેઓની નીતી સુધારી શકવાના નથી." એ નામદારના વખતમાં મુંબઈનો વેપાર બી ઘણો વધેઓ હતો. ઈસવી સન ૧૮૨૭ માં તે ઈંગલંડ જવાને નીકળેઓ તારે અતરેના લોકોએ તેની ઈઆદગારી રાખવા વાસતે મોટું ઊઘરાણું કીધું. ઈઊરોપીઅનોએ પોત પોતામાં એક ફંડ એકઠું કરીને તે નામદારનું બાવલું આપણી ટાઊન હાલમાં ઊભું કીધું. દેશીઓએ તરણ લાખ રૂપીઆની મોટી રકમ એકઠી કરીને તેના નામની મોટી મદરેશા થાપી. ઈંગલંડમાં તેની એક મોટી સબી પડાવીને મદરેશાના મોટા દીવાનખાનામાં ઊભી કીધી. સતારાના રાજાએ તથા બીજા દેશી રાજા, સરદારો અને મુંબઈના લોકોએ એક મોટું માન પતર એ નામદારને હીંદુસથાનનો કીનારો છોડતી વખતે આપીઊં. એ માન પતરમાં દેશી રાજાઓએ, સરદારોએ અને લોકોએ એક ઠેકાંણે એવું ખુલી રીતે જણાવીઊં હતું કે "જાંહાં સુધી તમે દખણના કમીશનર "અને મુંબઈના ગવરનર ઠરેઆ નહીં હતા તાંહાં શુધી હમો મુદલ જાણતાં નહીં હતા કે હીંદુસથાન મધે "ઈંગરેજી રાજથી રઈઅતને સુખ ઊપજવાની આ "શાછે." તે અતરેથી ઈંગલંડ જવાને નીકળેઓ તેની અગાઊ અતરેના લોકોએ મોટું ખાંનું આપીઊં હતું. રોશની, આતસબાજી અને નાચ-રંગની મોટી ધુમ મચી રહી હતી. તે વખતે તેણે ઘણાજ જોરથી અને અસર ભરેલા અવાજથી ભાશણ કીધું હતું. તે ભાશણથી હાજર થએલા લોકોની આંખમાંથી પાણી પડેઆં હતાં.

૧૭૯૫ માં એક સાધારણ માણસ માફક નામદાર એલફીનસટન હીંદુસથાનમાં આવેઓ હતો અને ૧૮૨૭ માં આ દેશમાં મોટું નામ કરીને તથા મોટી કીરતી મેળવીને પોતાને વતન ગયો. તારપછી તેને ઈંગલંડ મધે ૧૮૩૫ માં હીંદુસથાંનના ગવરનર જેનરલની જગો આપવા માગી પણ તેણે પોતાની મરજી જણાવી નહીં. તેને ખેતાબો આપવા માગે આ તો તેબી તેણે સાદાઈમાંજ રેહેવાને અને બાકીના દીવસ આરામમાં ગુજરવાને ઠેરાવ કીધો હોએ એમ માલુમ પડીઊં. તેણે ઈંગલંડ મધે ઈસવી સન ૧૮૪૧ માં હીંદુસથાનના ઈતીહાસના બે કીમતી પુસતકો પરગટ કીધાં. એ પુસતકો દેખાડી આપેછે કે તેણે દેશીઓના રેવાજ સંબંધી કેટલું બધું ગનાન મેલવીઊં હતું. રાજ દુવારી બાબતોમાં તેનું ગનાન એટલું બધું હતું કે બીજા રાજદુઆરીઓ હીંદુસથાનને લગતી હર એક ભાંજગડ કરતાં એ નામદારનું મત ટાંકી દેખાડે છે. આપણી ટાપુનો એક જુવાન પારસી ગરહસથ જારે ઈંગલંડ મધે એ નામદારની આસરે બે વરસ ઊપર મુલાકાત લેવાને ગયો તારે તે ૮૦ વરસની જઈફ અવસથાએ પોહોચેલો હતો પણ ઘણા માઆલુ સભાવનો, આ દેશના લોકોના લાભ પછવાડે નજર પોહોચાડનારો, આ દેશના જુવાન વીદીઆરથીઓ પોતાનો કેટલો અભીઆસ વધારેછે તે વીશે પુછપરછ કરતો, ચાલતી રાજદુવારી સઘળી બીનાઓની માહેતગારી ધરાવનારો માલુમ પડેઓ હતો. એ નામદાર ગયા નવેમબર મહીનામાં પોતાની ૮૨ વરસની ઊમરે મરણ પાંમેઓછે. એવા નેક અને ભલા આદમીના મરણથી ખરેખર આપણને દલગીરી ઊપજેઆ વગર રેહતી નથી.

---

## હેનરી નામના ચાર શખસો. †

એક સમે અંધારી તથા તોફાંની રાતના, જે વેળાએ ફરાંસ મધે સઘલે ઠેકાંણે ભારે વરસાદ પડતો હતો, તે વેળાએ એક બુઢી દાશી, જે સેંટ જરમેનના ખેતરમાં એક ઝુપડીની અંદર પોતાનો કાલ સુખાકારીમાં સંતોશથી ગુજારતી હતી, તેણીના સાંભલવામાં આવીઊં કે કોઈ શખસ તેણીનું બારણું ઠોકેછે. તરતજ તેણીએ બારણું ઊઘાડીઊં, અને તેણીની નજ

† આ બીના એલફીનસટન ઈનસટીટોઊશનના એક વીદીઆરથીએ પોતાનું નામ Bloom રાખીને આ ચોપાનીઆને વાસતે લખી મોકલીછે.

કે એક જુવાન શખસ ઘોડા ઊપર સવાર થએલો અને રાતને સમે તોફાંનમાંથી બનચવાને સારૂં આજેજી કરતો માલુમ પડીઓ. તે બુઢી ડોશીએ હાથમાં એક જાંહાખો ચેરાગ ધરેલો હતો, તેથી તે શખસ એક અમીર સરખો તેણીના જોવામાં આવીઓ. તે તદન જુવાન માલુમ પડતો હતો, તથા તેના પોશાક ઊપરથી તેની પદવીનો કંઈ વીચાર થઈ શકતો હતો. તેનું નામ હેનરી કરીને હતું. પેલીએ પોતાની જુપડીમાંની સગડી સલગાવી અને પેલા પહરાનાને કંઈ પણ ખાવા પીવા વીશે પુછપરછ કીધી. પેલાએ હા કહ્યા ઊપરથી તેણીએ તેની આગલ પાંણી અને પનીર મુકીઊં, અને પછી નીચે પરમાણે તેને કહી સંભલાવીઊં.

"તમો લોકો હમારા જેવી ગરીબ પરજા ઊપર છાપો મુકોછો તથા કર લેવો છેઓ, તે ભરતાં, એક મુશાફરને આપવાને સારૂં જે બાકી રેહછે, તે માતરે એ જછે, આ જગાની આસપાસ જે ગામડીઆઓ વસે છે તેઓ સઘલા મને એક ધુતારી સ્ત્રી દાખલ ગણેછે, અને એવું બાહાંનું કાહડી; માહારા ખેતરની જે કાંઈ પેદાસ ઊપજેછે તે ચોરી જાએછે."

પેલા પહરાનાએ આ ઊપરથી નીચે પરમાણે ઊતર દીધો—

"બુઢી ઓરત ! જો હું ફરાંસ દેશનો પાદશાહ થાઊં તો ખચીત આ સઘલા કરો બંધ કરૂં, અને પરજાને પણ સારી હાલત ઊપર લાઊં."

"પરમેશવર કરે અને એવું બને !" એ પરમાણે પેલી બુઢી ઓરતે જવાબ આપીઓ.

આ પરમાણે હજુરતો તે શખસ બોલેછે, અને ટેબલ આગલ જમવાને સારૂં પોતાની ખુરસી ખેંચેછે, એટલામાં વળી ફરીથી કોઈએ બારણું ઠોકીઊં, કે જેથી તે ખાતો ખાતો અટકી ગયો.

પેલી બુઢી ઓરતે બારણું ખોલીઊં, અને જોએ છે તો એક ઘોડેસવાર વરસાદથી તદન તરબોર થઈ ગએલો, અને આસરાને સારૂં ટલવલતો, માલુમ પડીઓ.

જેવી માયા પેલી ઓરતે પેહેલા હેનરી તરફ બતાવી હતી તેવીજ માયા તેણીએ પેલા બીજા તરફ પણ બતાવી; અને જેવો તે બીજો શખસ જુપડીની અંદર દાખલ થયો તેવોજ તે પેલીની નજરમાં એક અમીર સરખો જુવાન લાગીઓ. આ બીજા શખસનું નામ હેનરી હતું.

પેહેલાં હેનરીએ બીજા હેનરીને પુછીઊં—"શું તમે હેનરી છેઓ"? તેઓની વાત ઊપરથી પેલી બુઢીએ એવો સાર કાહાડીઓ, કે નવમાં ચારલસ રાજાનો રેસાલો, જે સેકાર ઘાહને સારૂં નીકીળીઓ હતો, અને જે તોફાંનથી કરીને તદન વીખરઈ ગયો હતો, તેમાના તે બે શખસો હશે.

બીજા શખસે પેલી ઓરતને પુછીઊં કે—"શું, તમારી પાસે આ કરતાં વધારે અછું ખાનું નથી?" તે સ્ત્રીએ જવાબ દીધો કે—"કંઈજ નથી."

બીજા શખસે પેહેલા શખસને કહ્યું કે—"તારેતો આપણે ભાગે પડતું ખાઈએ—"

આ ઊપરથી પેહેલો હેનરી જરાકવાર મુંગો રહ્યો, પણ બીજા હેનરીના કદાંવર શરીર ઊપર નેગાહ કરીઆ પછી દલગીરી સાથે કહ્યું કે—"કબુલછે, આપણે સરખે ભાગે ખાશું."

આ બે શખસોમાંથી એક જણ હજુરતો પોતાના ખંજરે કરીને પેલું પાંણી કાપેછે, એટલામાં વળી તરીજા શખસે બારણું ઠોકીઊં. આ વેલાએ સંગતુ અજાએબ સરખું થઈ પડીઊં. તરીજો શખસ પણ નામે હેનરી, જાને અમીર, અને તે સાથે વળી જુવાન નીકલીઓ! પેલી ડોશી આ વેલાએ ઘણી અજાએબીથી તે લોક તરફ જોવા લાગી.

પેહેલા હેનરીએ પેલું પાંણી તથા પનીર સંતાડીઊં, બીજાએ તે પાછુ ટેબલ ઊપર મુકીઊં અને બાજુએ ઊપર તરવારબી રેલી. પણ તરીજોતો એ બીના ઊપર હસવા લાગીઓ અને પછી બોલીઓ કે—"હું તમારાં ખાંનાંમાં ભાગ લેઊં એ તમુને પસંદ પડતું હશે નહી વારૂ. કંઈ ફીકર નહી, મારૂં પેટ ઘણું મોટુંછે અને એટલા સારૂં ગારાથી ભુખ ખમી શકાસે."

પેહેલા હેનરીએ કહ્યું—"જે શખસ પેહેલે આવેઓ તેને એ ખાંનું ખાવાનો હકછે."

બીજાએ કહ્યું—"સઊથી સરસ રીતે એ ખાંનું બચાવી રાખવાને જે શખસમાં સકતીછે તેને એ ખાંનું ઘટેછે."

તરીજો હેનરી એ સાંભલવા ઊપરથી ગુસામાં આવીને તથા રાતો લોહી જેવો થઈ ગયો અને બોલેઓ કે —"જે શખસ એ ખાંનાંને સારૂં સઊથી સરસ રીતે લડી શકે તેને કદાચ એ ખાંનું ઘટેછે."

આ શબદો હજુરતો પેલો શખસ બોલીઓ એટલામાં પેહેલા હેનરીએ પોતાંનો ભાલો તરતજ કાઢીઓ અને પેલા બીજા તથા તરીજા હેનરીઓએ પોતાંની તરવાર ખેંચી. પણ તે મારામારી કરવાને તેઓ તઈઆરી કરેછે એટલામાં ચોથા સખસે બારણું ઠોકીઉં, કે જેથી તેઓ ચમકી ઊઠીઆ—અને જોએછે તો તેઓએક જુવાન અંમીર અને ચોથો હેનરી હતો.

પેલા તરણ શખસોના હાતમાં નાગી તરવાર જોઆ ઊપરથી તેણે પણ પોતાની તરવાર મેઆંનમાંથી ખેંચી અને જે શખસ નબલો હતો તેની સાથે જોડાઈને લડાઈમાં સાંમેળ થયો. પેલી બુઢી સ્ત્રી આ ઊપરથી અતીશે ઘભરાઈ તેથી કરીને એક જગામાં ભરાઈ બેઠી. તે જુપડીમાંની દરએક ચીજ શાથે પેલાં હથીઆરો અઠડવા લાગીઆં. જે બતી સળગેલી હતી તે તરત પડી જઈને બુજાઈ ગઈ. પણ તેઓએ અંધારાંમાંથી પોતાની મારામારી ચાલુજ રાખી. તરવારનો આવાજ ઘણીએક વાર તો ચાલુજ રહો પછી થોડો નરમ પડીઓ, અને છેલલે સરવાલે તદન બંધ પડેઓ. પછી પેલી ઘરડી સ્ત્રી પોતે તે જે જગામાં સંતાઇ બેઠી હતી, તાંહાંથી બાહેર નીકલી અને પેલા ચાહારે શખસો ઘાહેલ થઈને જમીન ઊપર બેસુધ પડેલા તેણીના જોવામાં આવીઆ. પેલી બુજાઈ ગએલી બતી ફરીથી તેણીએ સલગાવી અને બારીકીથી પેલા શખસોની તપાસ કરવા લાગી, અને હેવો સાર કાહાડીઓ કે તેઓ બે શુધ થયા તેનું કારણ કંઈ લોહીનું ઘણુ વેહેવું નહી હતું, તેઓની થાક હતી. એક પછી એક તેઓ ઊઠવા લાગીઆ અને જે બનાવ પોતાના ગુસસાના પુર જોસમાં બનીઓ, તે ઊપર હસવા લાગીઆ, અને બોલિઓ કે "ચાલો આપણે વધારે મારામારી કરીઆ વગર સાથે જમીએ" પણ જારે તેઓ તે ખાંનું ખાવા સારૂં જોવા ગયા તારે તે પગે ચંપાઈ ગએલું, અને લોહીથી ખરડાઈ ગએલું તેઓના જોઆમાં આવીઉં. તે ખાનું ગમે તેવું સાદું હતું તોપણ તેઓ તે વીશે પસતાવા લાગા. એટલુંજ નહી પણ આખો ઓરડો બધો નાશ પાંમીઓ હતો, અને પેલી દોશી તેઓ ઊપર પોતાની ઝીણી પણ રાતી આંખથી જોવા લાગી.

આ ઓરત તેઓ ઊપર ટાંકીઆ કરતી હતી તેથી પેહેલો હેનરી જરાએક નાખુશ થઈને તેણીને કેહેવા લાગીઓ કે—"તું આ પરમાણે હમારી ઊપર શું કામ ટાંકીઆ કરેછે ?"

પેલીએ જવાબ આપીઓ કે—"તમારા કપાલ ઊપર જે તમારૂં નશીબ લખાએલુંછે તે હું વાંચું છું" બીજા હેનરીએ તેણીને ગુસસાથી હોકમ કીધો કે હમારૂં શું નશીબછે તે ખોલલું કર—અને બાકી રેહેલા બે હેનરીઓ હશીને તેને એક મત થાઆ. પેલી બુઢી ઓરત બોલી—

"જે પરમાણે તમો ચારે જણાં આ જુપડીમાં સાથે મલીઆ છેઓ, તેજ પરમાણે તમો તમારાં નશીબને મલશો. જે ખોરાક તમને મોહોટા પીઆરથી આપીઆમાં આવીઓ હતો, તે તમોએ જે પરમાણે પગ ટલે ચાંપી નાખીઓ તથા લોહીથી તરબોર કરીઓ, તેજ પરમાણે જે સતા તમો ચાર જણા માંહોમાંહે વેંહેંચી લેશો તે પણ તમો પગટલે કચડી નાંખશો તથા લોહીથી ગરગરતી કરશો. જે માફક તમોએ આ જુપડીનો નાશ કીધોછે, તેજ માફક તમોએ ફરાંનસ દેશ પણ ઊજડ કરી નાંખસો અને જે મીસાલે તમો સઘલા ચાર જણાઓ અંધારામાં ઘાહેલ થાઆછેઓ, તેજ મીસાલે ખરાબ "તદબીરથી તથા એકાએક ઊપજતાં મોહોતથી મરણ પાંમશો."

આ ભવીશથી તેઓને ઘણીજ રમુજ ઊપજી અને પેલી સ્ત્રીની અગમચેતી ઊપર તેઓ હશી પડીઆ.

ઊપલા ચાર હેનરીઓ ફરાંનસ દેશમાં સોળસોની સદીની આખેરી તથા અધવચમાં ઘણાજ વખણાઈ ગયા હતા. તેઓમાના બે જણાઓએ હુલ્લડ કરીઉં હતું અને તેની સામણે થવાને બાકીના બે શખસોએ હથીઆર બાંધીઆં હતાં. તેઓ ચારેના મોત બી અજાએબ જેવી રીતે ઊપજેઆં હતાં.

## ઈંગરેજ લોકોનું રાજ—તેઓ કહી કહી જગાએ અમલ ભોગવેછે ?

બાઈઓ ! આપણી ઊપર ઈંગરેજ લોકો રાજ કરેછે, તેઓનું રાજ કેટલું મોટુંછે અથવા કહા કહા મુલકો મધે તેઓ અમલ ભોગવેછે તે વીશે તમોએ થોડું ઘણુ જાણવું જોઈએછે. દુનીઆ મધે સહુથી મોટું રાજ રૂશીઆનનું ગણાએછે પણ તેઓના રાજનો મોટો ભાગ ઊજડ અને વેરાણ પડેલોછે ઈંગરે

જ લોકોનું રાજ રૂશીઆન જેવું મોટું નથી પણ તે ઘણુ આબાદ અને વસતીથી ભરેલુંછે. ઈંગરેજ લોકોનું જનમ વતન ઈંગલંડ, ઈસકાટલાંડ તથા આએરલાંડ કેહવાએછે. ઈંગલંડ અને ઈસકાટલંડ મલીને એક ટાપુ થએલોછે, અને ગરેટ બરીટન અથવા બરીટનને નામે ઓલખાએછે. આએરલાંડ દેશ બી એક ટાપુ ગણાએછે. એ પરમાણે ઈંગરેજનો દેશ ઈઊરોપખંડથી છુટો પડેલોછે. એ દેશનો વીસતાર ૧ લાખ ૧૯ હજાર ચોરસ માઈલનોછે અને તેની કુલ વસતી બે લાખ ૭૦ હજારની ગણાએછે. ઈઊરોપ ખંડ મધે એ શીવાએ ઈંગરેજોના હાથમાં ઘણો મોટો મુલક નથી પણ કેટલાંએક ટાપુઓ તથા શેહેરોછે. તે મધે માલટા અને જીબરાલટર એ બે ઘણાજ અગતના મથકો ઈંગરેજોના ઈઊરોપ મધે ગણાએછે. જીબરાલટર પાસે જે નાહાની ખાડીછે તે ખાડી મધેથી ઈઊરોપખંડના બીજા સઘળા રાજોના બારકસો તથા વાહાણો ભુમધીઆ સમુદરમાં થઈને ફરેછે, તેથી ઈંગરેજોના હાથમાં ભુમધીઆ સમુદરની એક મોટી કુંચી હાથમાં આવેલી ગણાએછે. જીબરાલટરનો કીલો ઈસપાનીઅરડ લોકોના હાથમો હતો ઈસવી સન ૧૭૦૪ માં ઈંગરેજોએ મોટી બાહાદુરીથી લીધો. આજ આસરે ૭૫ વરસની વાત ઊપર ફરેંચ અને ઈસપાનીઅરડ એઓએ સાથે મલીને એ કીલો ઈંગરેજ પાસથી લઈ લેવાની ઘણીબી તજવીજ કીધી હતી પણ તેઓનું કાંઈ વલીઊં નહી. એ કીલા ઊપર ઈંગરેજી અમલનો વાવટો ઊડેછે તે ઈઊરોપ ખંડ મધે તેઓના કઊવતની એક મોટી નીશાણીછે.

આફરીકા ખંડ મધે ઘણે ઠેકાણે ઈંગરેજનો વાવટો ઊડેછે. આફરીકા ખંડના જે જે દેશો વશેલા છે તે સઘલાનો તરીજો ભાગ ઈંગરેજોના હાથમાંછે. સેંટ હેલીના નામનો ટાપુ જે ખંડને લગતોછે તે ઈંગરેજોના હાથમાં ઘણો અગતનો ગણાએછે.

ઊતર અમેરીકામાંબી ઠેકાણે ઠેકાણે ઈંગરેજી વાવટો ઊડેછે. ઊતર અમેરીકાનો નજદીક અરધો ભાગ ઈંગરેજોના હાથમાંછે. ઊતર અમેરીકામાં જે ઠેકાણે અતીઘણી તાહાડ પડેછે અને જાંહાં પારાની સીસીમાનો પારો બંધાઈ જાએછે તાંહાંબી ઈંગરેજી વાવટો ઊડેછે. ઊતર અમેરીકાને લગતા કેટલાએક ટાપુઓ ઊપર ઈંગરેજ સરકારનો વાવટો ઊડેછે.

દખણ અમેરીકામાંબી ઈંગરેજી વાવટો ઊડતો માલુમ પડેછે. ગાએનાનો મુલક જાંહાં ઘણીજ ગરમી પડેછે, અને જાંહાં ઘણી ગરમીના સબબથી જનાવરો નાસીને ગોશમાં પોતાનું રેહેથાણ કરેછે તાંહાંબી ઈંગરેજી વાવટો ખાલી નથી.

આસટરેલીઆનો આખો અને મોટો બેટ જે એક ખંડના જેટલો મોટોછે તે સઘળો ઈંગરેજોના હાથમાંછે. એ દેશો ઘણા વેરાણ અને ઊજડછે પણ દીનપર દીન વસતીથી વધતો જાએછે. આસટરેલીઆની સોનાની ખાણ વીશે તમોએ સાંભલીઊં હશે.

એશીઆ ખંડમાં એક સઊથી મોટા અને ફલવંત અને પુરાતન જમાનામાં પરખીઆત થએલા દેશમાં હીંદુસથાનનો વાવટો ઊડેછે. હીંદુસતાનનો ઘણુ કરીને આખો મુલક ઈંગરેજોના હાથમાંછે અને તેર કરોડ માણસની વસતી ઊપર તેઓ સરદારી ભોગવેછે. સીલોન અથવા લંકાનો મોટો ટાપુબી ઈંગરેજોના હાથમાંછે અને જાંહાં હીંદુઓનો મોટો રાવણ રાજ કરતો હતો તાં ઈંગરેજી વાવટો ચહડેલોછે. બહરમ દેશ, આદન, સીકાપોર વગરે જુદે જુદે ઠેકાણેબી ઈંગરેજનો અમલ ચાલેછે.

પાસીફીક માહાસાગર મધે નીઊજીલાંડ નામનો ટાપુ જે ગરેટ બરીટનના જેટલો મોટોછે તેબી ઈંગરેજી રાજ સાથે જોડાએલોછે. આ પરમાણે ઈંગરેજી રાજે દુનીઆમાં મોટાઈ અને કીરતી મેળવીછે.

## ઘર સંબંધી અગત જોગ સુચના.

પીઆરી માતાઓ અને બેહેનો ! તમારા ઘર સંબંધી કેટલીએક ઊપીઓગી અને અગતજોગ સુચના કરવાને હમો ઈછીએછે અને તે તમો ધેઆનમાં રાખવાને ચુકશો નહીં એવી ઊમેદછે. ઘર કેવું પસંદ કરવું, ઘરમાં સામન કેવો અને કેવી રીતે રાખવો, ઘરનો કારભાર કેવી રીતે ચલાવવો, ઘર તથા ઘરનો સામન કેવી રીતે સાફ અને સોજો રાખવો, ઘરમાં ઊંદર, માકડ, ચાંચડ જેવા દુખ દેનારા પરાણીઓનો અટકાવ કેવી રીતે કરવો, આગ અથવા તેવા આફતના વખતમાં કેવી રીતે બચાવ કરવો, પાણી અને લકડાં કેવી રીતે વાપરવાં, ઈતીઆદી બાબદો એક ધેઆન દઈને વાંચવાની હમો તમને ભલામણ કરીએ

છે. એ સઘળી બીનાઓથી હમારી દરએક વાંચનારીએ થોડું ઘણુંબી વાકેફ થવું ઘટેછે:—

### ૧. ઘર કેવું પસંદ કરવું ?

ઘર પસંદ કરવામાં થોડીએક બીના ઊપર ખાસુખા હમેશ ધેઆન આપવું જરૂરછે. ગલીચ, ગંધાતી અને ચીકલવાળી જગામાં કદી ઘર પસંદ કરવું નહી. તેમજ બંધીઆર અને ઘીચ મોહલામાંબી ઘર લેવું નહીં, એવી જગોએ મોટું ઘર લેવાના કરતાં સોજી અને ખુલ્લી જગામાં નાહાનું ઘર લેવું એ વધારે ડાહાપણ ભરેલુંછે. જે ઓરડાઓ સુવા બેસવાના હોએ અથવા જે ઓરડાઓ તમે ભાડે લેતા હોવ તે ઓરડામાં હવાને ખુલ્લી રીતે આવ જાવ કરવાનો મારગ છે કે નહીં તે જરૂર કરીને તપાસવું ઘટેછે. એ પરમાણે હવા આવ જાવ કરે એવા ઓરડાઓ પસંદ કરવાની જરૂર એટલા માટેછે કે આપણે જે હવા દમ લઈને બાહાર કાહડીએછે તે હવા ઓરડાની બાહાર નીકળી નહીં જાએ અને તેની જગોએ તાજી હવા નહીં આવી શકેતો આપણી તંદરોસતીમાં બીગાડ થયા વગર રેહેજ નહીં. હવા આવ જાવ કરવાનો ખુલો મારગ નહીં હોએતો જે હવા દમ લઈને બાહાર કાહાડીએ તેજ હવા ફરીથી કેટલીએક વાર પછી દમમાં લેવી જોઈએ અને તેથી ખચીત નુકસાની પોહોચે. એજ કારણ માટે ડાકટર લોકો ઓરડાના સઘળા બારી બારણા બંધ કરીને આખી રાત સુવા દેવાની મુદલ ભલામણ કરતા નથી તેમજ એક સાંકડા અને બંધીઆર ઓરડામાં ઘણા માંણસોને બેસવાની રજા આપતાં નથી.

ઘર પસંદ કરવામાં તરીજું એ જોવું જોઇએ કે રાંધણી અથવા રાંધવાની જગા એવે ઠેકાણે નહીં હોએ કે તેનો સઘળો ધુવાંડો બેસવા અથવા સુવાના ઓરડામાં આવે. એવી રીતે રાંધણીની જગો હોવી જોઈએ કે બેસવાના અથવા સુવાના મારગમાંથી પવનનો સપાટો આવે કે રાંધણીનો ધુવાડો રાંધણીમાંથી જ બાહારો બાર નીકલી જાએ. આપણા દેશમા રાંધણી મધે ધુવાડીઆ મુકવાની ચાલ ઘણીજ થોડી અથવા મુદલ નથી એ વાત ખચીત દલગીરીનીછે. ખરૂં જોઈએ તો ધુવાડીઆં વગર કોઈબી રાંધણી હોવી જોઈએ નહીં.

ઘર પસંદ કરવામાં ચોથું એ તપાસવું જોઈએ કે ઘરની મોરી અથવા ગટર સારી હાલતમાંછે કે નહીં ! ઘરની ગટર અથવા મોરી એવી હાલતમાં હોએ કે તે મધેથી ખરાબ વાસ અથવા બદબો વારંવાર નીકળેઆ કરતી હોએ તો તે ઘેરમાં મુદલ રેહેવા જવું નહીં. ઘરનો વાડો સોજો અને સાફછે કે નહીં અથવા તે મધે રેહેનારા બીજા પડોસીઓ તે વાડો સાફ અને સોજો રાખવાની દરકાર રાખેછે કે નહી એબી તપાસવું ઘટેછે. નળ, મોડી અથવા વાડો દુરગંધ રેહેતા હોએતો ખચીત તંદરોસતીમાં બીગાડ થાએ અને કોલારાનો પલીત મરજ એવે ઠેકાણે રેહેનારા લોકોની ઊપર જલદીથી ફાવી જાએ.


ઘર પસંદ કરવામાં પાંચમું એ તપાસવું કે ઘેરની અંદર અથવા ઘરના પડોસમાં કુવોછે ઈઆ નહી. આપણા લોકોના દરએક ઘરમાં કુવો હોતો નથી એ ખચીત દલગીરીની વાતછે. પાણી જેની ઘણી જરૂરછે તેનું સુખ દરએક ઘરમાં હોવું જોઈએ.

ઘર પસંદ કરવામાં છઠું એ તપાસવું જરૂરછે કે પડોસ સારોછે ઈઆ નહી. પડોસીઓ ખરાબ આબરૂના માણસ હોએ, તેઓ લુચા અને રંડી ખોર હોએ તો તેવા ઘરમાં જઈને રેહેવાથી ઘણો બીગાડ અને ખરાબી થાએછે. વાસતે સારો પડોશબી તપાસવો જોઈએ.

ઘર મધે બને તાંહા સુધી જુદા જુદા ઓરડા હોવા જોઈએ; મેલાપ કરવાનો, સુવાનો, ખાવાનો, રાંધણીનો, બચાંઓને સુવાનો, નાહવાનો, એવા એવા જુદા જુદા ઓરડાઓ હોવા જોઈએ. જે ઓરડામાં મા અને બાપ સાથે સુતા હોએ તે ઓરડામાં છોકરાંઓને જેમ બને તેમ મુદલ સુવાડવાં જે નહીં. તેઓને વાસતે હેલાએદા ઓરડો જોઈએ. ચાર અથવા પાંચ વરસથી વધારે ઊમરના ભાઈ બેહેનોને પણ એકજ ઓરડામાં સુવાડવા ન જોઈએ. નીતી અને સદગુણ ભરેલો દેખાવ જેમ બને તેમ બચપણથીજ રાખવાની ટેવ પાડવી જોઈએ.

જેઓ પઈસે ટકે સારી હાલતમાંછે તેઓએ જરૂર કરીને ઊપલી સઘળી ચીજો ઊપર ધેઆન આપવું. આપણા શેહેરની વસતી ઘણી ઘીચછે અને જગાની ઘણીજ તાણ ખેંચ પડેછે એ સબબને લીધે મધીઅમ હાલતના લોકોને એ સઘળી ચીજો ઊપર ધેઆન આપવું બનશે નહીં એ હમો સારી પેઠે જાણીએછેતો પણ જેટલી બને તેટલી બાબતો ઊપર ધેઆન આપવું એવી હમારી ભલામણછે.

## સેરડીને કેવી રીતે રોપેછે?



સેરડીની જમીન ખેડવી એ તેની રોપણી, કાપણી અને બીજી બધી મેહેનત તરતા ઘણીજ કઠણ મેહેનતછે. અમેરીકા ખંડ મધે ગરીબ સીધી ગોલામો એ બીકટ કામ ઊપર વલગેછે. આસરે ચાર ફુટ પોહોલાઈના ચોરસ ખાડાઓ જમીનમાં ખોદેછે અને સીધીના નાહાના છોકરાઓ એક સાંકલની મદદથી સીધી લીટીમાંજ તે ખાડાઓની નીશાણી લાકડીઓ જમીનમાં ખોશીને કરેછે.

એ રીતે ખાડા ખોદઆ પછી પેહેલા તે ખાડાઓની બાજુએ પટેટા અથવા ઈગામ નામનો રોપો રોપેછે. એ ચીજોનો પાક થયા પછી પેલા ખાડા ચાચવાથી વધારે ખોદેછે પછી તેમા ખાતર નાખીને રેહેવા દીએછે મથાવેથી આસરે આઠ ઈંચ મુકીને ૧૨ ઈંચ લબાઈના કટકા કાપી કાહાડેછે એ કટકાઓને આપણે પીછડાં કરીને કહીએછે એ પીછડાઓને રોપેઆની આગમજ ૨૪ કલાક સુધી પાણીમાં બોલી રાખેછે એ રીતે પાણીમાં બોલી રાખેઆથી સેરડીના પીલા ઘણા જોરમાં ફુટી નીકલેછે.

જારે તે કડકાઓની કાપણી થાએછે તારે જમીન જો બરાબર ભીની નહી હોએ તો તે કાપેલા કડકાઓના ઝુડા બાંધીને જમીન ઊપર ઊભાં કરી રાખેછે પછી તે જમીન ઊપર એજ રોપાના સુકા પાતરાં ઢાકેછે અને દાહાડામાં તરણ ચાર વાર તે ઊપર પાણી સીપેઆ કરેછે કુમળા પીલાઓને વરસાદ જોઈએ, નહી તો સુકી જમીનમા ને બરાબર ઊગી શકતા નથી. રોપણી કરતી વળાએ વરસાદ પડેછે તો તરત એક એક ખાડામા બબે તરણ તરણ કટકા આડા નાખેછે અને પછી મટોડી તે ઊપર ઢાકી લીએછે

અગીઆર અથવા બાર માસમા સેરડી પાકીને મોટી થાએછે પાક બરાબર થાયોછે કે નહીં તે જોવા સારૂ એક સેરડીમાથી થોડો રસ કાહાડીને તડકે મેલેછે, અને તેમાનુ પાણી ઊડી જઈ જો શીરા જેવુ જલદી થાએછે તો તે પાક કાપણી લાએક થએલો કેહેવાએછે પછી સીધીઓને હાથમાં દાતરા આપીને કાપણીને વાસતે લઈ જાએછે

તેઓ પેહેલા ઊપરના પાતરાં કાપી કાહાડેછે પછી જે કડકા રોપણીને વાસતે રાખવા જોઈએ તે કાપેછે અને તારબાદ નીચેની સેરડીના ઝુડા બાધેછે તાર પછી કાપેલી સેરડીને ગાડામાં ભરીને તેનો રસ કાહાડવાને ઠેણુ અથવા પવન ચકીની આગળ લઈ જાએછે. સેરડીના કુઆરા તથા પવન ચકીનુ ચીત્ર આ બીનાને મથાળે આપેલુ છે

જ્ઞાન પરસારક

---

## એક બુઢો માણસ અને સુખી થવાનો રસતો.

એક દીવસ હુ એક બુઢા માણસની સાથે વાતચીત કરતો હતો વાતચીત કરતાં મેં તેને કહીશ

કે "કાકા આ દુનીઆ દુખ અને સંકટથી ભરેલીછે; અને સુખી થવાનો રસતો મુદલ દેખાતો નથી." તે ઉ પરથી તે બુઢો કાકો બોલેઓ કે "અરે જીવાન મર દ! તું એટલો બે હીંમત અને ના ઊમેદ થઈ નો જા. તું ખેતરમાં જા અને સુખી થવાનો રસતો મલશે: કા રણ મનેબી તે રસતો એક ખેતરમાંથી મલેલોછે."

હું થોડોવાર વીચારમાં અને અચરતીમાં પ ડેઓ. સુખી થવાનો રસતો ખેતરમાંથી કેમ મલશે તે ની મને સમજ પડી નહીં. હું મારા અંદેશામાં પડે ઓ તેવામાં તે બુઢો મરદ પોકારીને બોલવા લાગેઓ "અરે જીવાન મરદ તું એટલો અંદેશામાં શા માટે પડી ઓ! તું કાલ સવારના ઊઠીને ખેતરમાં જા અને તે ર સતો જો તને માલુમ ન પડેતો મને જણાવજે. મારી પકી ખાતરીછે કે તું જો ધેઆન રાખીને ચારે તરફ નજર કરીશતો તે રસતો મલેઆ વગર રેહેશે નહીં."

હું બીજે દીને મોટી સવારના ઊઠીને ખેત રમાં ગયો. સઘળી વસતુઓ ઊપર ધેઆન રાખીને જોયું. પણ મને તે રસતો મળેઓ નહીં. કોઈએ જ વાબ દીધો નહીં અને કોઈની નજર મારા ઊપર પ ડી નહીં તેથી હું પાછો ઘેર આવેઓ. તે બુઢા માંણસે મને પુછીઊં કે 'તમેં ખેતરમાં શું શું જોયું તે મને જણાવો.' મેં જવાબ દીધો જે:—

"મીઠાં અને ખુશબોદાર ફુલોની અંદરથી એ ક પાણીનો નીરમળ ઝરો વેહતો હતો તે મેં દીઠો. મને એવું લાગીઊં કે તે એક મધુર ગીત ગાએછે. મેં ધેઆન રાખીને તેનો મધુર અવાજ સાંભળેઓ પ ણ મારી સાથે વાત ચીત કરવાની તેનામાં મુદલ શક તી નહીં હતી કે હું તેને પુછું કે ભાઈ સુખી થવાનો રસતો કાંહાંછે?

"જુદાં જુદાં પંખીઓને મેં ઊડતા જોયાં. તે ઓ મધુર રાગ ગાતા હતાં અને કેટલાએક પોતાના મોંહામાં પોતાનો માળો બાંધવાને કેટલીએક ચીજો ઘાલીને લઈ જતા હતાં. નીરમળ અને ચલકતાં પા ણીના ઝરામાં બતકો અને તેઓની માતા તરતાં હતાં. એક ઝાડીની નીચે એક મરઘી પોતાના બચાંઓની ઊપર સેવન કરવાને બેઠી હતી. ઝાડીઓની ઊપર કરોળીઆ રૂપાના જેવો ચલકતો ઝીણો તાર કાહડવા માં રોકાએલો હતો.

"ઝાડીની બીજી બાજુએ મેં એક ગોકલગા ઈને દીઠી. તે પોતના કોટલામાંથી પોતાનું સીંગડા વાળુ મસતક બાહાર કાહડતી હતી; અને એકાએક પા છું ખેંચી લેતી હતી. મેં જુદે જુદે ઠેકાણે કીડીઓને કામે લાગેલી જોઈ. તેઓ પોતાના દરમાં અનાજનો જથો એકઠો કરતી હતી: મેં મેહેનતુ મધમાખનેબી દીઠી; અને જે પરમાણે એક મજુર કામથી છુટીને પો તાની ઝુપડી તરફ દોડેછે તે પરમાણે તે મધમાખ પો તાના મધ પોડા તરફ દોડતી હતી. મેં એક કુતરા ને દીઠો; તે મેંઢાના ટોલાની ચોકી કરતો હતો. મેં ઢાઓ વગર ધાસતીએ ચરતાં હતાં અને આસપાસ કુ દતાં હતાં. તેઓ સુખ ભરેલાં હોએ એવું મને લા ગીઊં.

"તેઓ સઘળાઓને મેં પુછીઊં કે સુખી થવા નો રસતો કાંહાંછે; પણ તેઓએ જવાબ દીધો નહીં. મેં વારેઘડીએ પોકારી પોકારીને કહીઊં કે ભાઈઓ તમે મને સુખી થવાનો રસતો દેખાડો પણ તેનો પર તી અવાજ એટલોજ સંભલાએ કે 'દેખાડો, દેખાડો.' મેં જાણીઊં કે તેઓ એક બીજાને ભલામણ કરેછે કે દેખાડો દેખાડો. પણ કોઈએ તે રસતો દેખાડેઓ નહી અને ના ઊમેદ થઈ હું પાછો ઘેર આવેઓ.

આ ઊપરથી તે બુઢો માંણસ બોલેઓ કે "શું તેં આ સઘળી વસતુઓ તરફ ધેઆન રાખીને જોયું અને કાંઈબી બોધ મલેઓ નહીં? તને પેલા ઝ રાએ નહીં જણાવીઊં કે આળશુ રેહેવાને, સરજેલો નથી પણ નદીને જઈને મળવાને તેને ઊતાવળ કરવી જોઇએ અને તાંહાં થઈને માહાસાગરમાં જઈને મ લવું કે તે મોટા બાદશાહાનો હુકમ માનવામાં આવે. તેને વળી એવું નહીં જણાવીઊં કે ઝાડોને તથા ફુળો ને પાણી પાઈને તાજાં કરવાથી તેને ઘણી ખુશી ઊ પજેછે. ફુળો પોતાનો ઊપકાર દેખાડવાને ઝરાની ઊ પર ચુમન કરવાને વાકાં વળેળા શું તારી નજરે નહીં પડેઆ? વળી તેં પંખીઓને તેમના માળા બાંધતાં અને તેમના બચાંઓને વાસતે ખોરાક લઈ જતાં દી ઠાં. તે ઊપરથી તને શું એવું માલુમ નહીં પડીઊં કે બીજાઓને સુખી કરવા એજ સુખી થવાનો એક રસતોછે.?

"જુવાન બતકો પોતાની માતા પાસેથી તરવા ને ઊંડા પાણીમાં પોતાનું શરીર સમતોલ રાખવાને

કેવાં શીખતાં હતાં ! મરઘીના બચાંઓ પોતાની માતાની પાંખ હેઠલ તેણીનો હુકમ માની કેવાં ભરાઈ બેઠેલાં હતા. તે ઊપરથી તને શું એવો બોધ નહીં મલેઓ કે તારી માતા જે દરરોજ તને બોધ કરીને શીખવેછે અને દર રોજ તારે વાસતે ઈશવરની પરારથના કરેછે તેના હુકમને માન આપીને ચાલવુ ?

"કરોરીઆનો બારીક તાર વારેવાર બીજાઓ તોડી નાખતા હતા તોપણ તે ટકટક કીધા વગર અને ના હીંમત થયા વગર પોતાનું કામ પાછું ચલાવતો હતો. ગોકલગાઈ પોતાની પીઠ ઊપર પોતાના ઘરનો બોજો કેવી ખુશીથી ખમવાને ઊલટ રાખતી હતી ? અને કીડી પોતાના દરમાં ચોમાસાને વાસતે દાણો ભરી રાખવાને કેવી ખુશીથી અને ઊલટથી મેહેન કરતી હતી. તેં દીઠું કે મધમાખ મીઠા મધનું એક ટીપુ પણ વીઅરથ જવા દેતી નહીં. આ સઘળા ઊપરથી શું તને એવો બોધ નહી મળેઓ કે કરોરીઆની પેઠે ના ઊમેદી છતા ધીરજ રાખીને આ દુનીઆમાં પોતાનું કામ કરેઆ જવું, ગોકલગાઈની પેઠે પોતાના ઘરનો બોજો પોતાની ખુશીથી ખમવો, કીડીઓની પેઠે ઊદીઓગી થવું અને મધમાખની પેઠે કસર કરવી અને હરએક ચીજ ફેકટ નાખી દેવી નહીં

"ભરવાડનો કુતરો ગરીબ અને લાચાર મેંઢાઓની કેવી સભાલ રાખતો હતો અને પોતાના ધણીનો હુકમ કેવો બજાવતો હતો તે તેં દીઠું તે ઊપરથી તને શુ એવું માલુમ નહી પડીઊં કે આ દુનીઆ ઊપર પોતાનું કામ અને પોતાની ફરજ બજાવેઆ જવું તેમાજ મોટું સુખછે. આ સઘળા શીખસફેથી તને શું બોધ મળેઓ નહી ? તેં જે જે પદારથો જોયા તે સઘળા તને શીખામણ આપતા હતા અને બોધ કરતા હતા તારે શું તું બેહેરો થયો હતો ? શું ખેતરોએ પોતાના હાથ ઊંચા કરીને નહી જણાવીઊં કે ઊદીઓગ એજ સુખછે અને આળશ રહેઆથી આખી શરશ્રીના અને મોટા કીરતારના ગુનેહગાર થઈએછે."

બુઢા કાકાની આ સઘળી વાત મારા દીલમાં તીરની મીસાલે લાગી. મેં મારૂ મસતક નીચે નમાવીઊં અને મારા મોહડા ઊપર શરમીંદગી પથરાઈ ગઈ. કારણ ખેતરોમાં જે મને બોધ મળેઓ તે હું સમજેઓ નહીં હતો અને જે વસતું મને પંખીઓએ અને ઝીણા જનાવરોએ શીખવી તે વસતુથી હું અજાણો હતો.

પણ સફેત બાળવાળા બુઢા આદમીએ મને સંતોશ ઊપજાવેઓ. હું તેની મેહેરબાની તથા તેના ડાહપણને વાસતે તેનો ઊપકાર માનું છું. તેની શીખામણના વચન મેં મારા હઈઆમાં કોતરી રાખેઆ. હવે મારી પકી ખાતર જમા થઈ કે આ ખેતર મધેથી જે બોધ ઘરડા આદમીને મલેઓ હતો તે ઘણોજ ઊતુમ તથા અસર ભરેલો હતો. મારા જાણવામાં સારી પેઠે આવીઊં કે સરવ શકતીમાન કીરતારની મરજી પરમાણે કરવું એજ ખરૂ સુખછે.

---

## માણસ જાતનાં દાંત.

બાઈઓ ! ખોરાક ચાવવામાં દાંત કેટલા બધા અગતના તથા જરૂરનાછે એ વાત સરવે કોઈ સારી પેઠે સમજેછે. દાંત વગર માણસની હાલત કેવી દુખ ભરેલી થઈ પડે તેનો વીચાર આપણે સેહેલાઈથી કરી શકીએછે. માણસ જાતમાં ઈશવરે ચાર તરેહના દાંત મુકેલાછે ૮ દાત જે કાપવાના અથવા કરડવાના કામમાં આવેછે, તે મોહોડાના આગળા ભાગમાં પરથમ પેહેલા નજર પડેછે. તેની પછવાડે એક એક બાજુ ઊપર બબે અણીવાળા દાંત માલુમ પડેછે. તેની પાછલ ચાર ચાર નાહાની દાહડો દેખાએછે. તેની પાછલ છ છ મોટી દાહાડ માલુમ પડેછે. એ પરમાણે સઘળા મલીને ૩૨ દાત દરએક ઊમરમાં આવેલા માણસને હોવા જોઈએ

માણસના દાંતની અંદર બે જાતની ચીજ મુખીઅ કરીને માલુમ પડીછે બાહારની પતરી અને અંદરનો દાંત અથવા હાકડું. બાહારની પતરી જે ખોરાકમા જુદી જુદી જાતના ખાર ખાધાથી બંધાએલી હોએછે તે ઘણી પાતલી માલુમ પડીછે. તેમાં સેંકડે ૯૮ ભાગ માટી તથા ખારનો હોએછે પણ તે પતરીનો ભાગ એટલોતો મજબુત હોએછે કે તેની સાથે તીખુ લોહોડું અફડેઆથી આતસ નીકલી શકેછે તે પતરી એક વખત બંધાએછે એટલે દાંતનું કદ સુદલ વધતું નથી. તે પતરીનો હરએક ભાગનો નાસ થયો તો તે પાછો કદી બંધાવાનો નથી. દાંતની અ

દરનો ભાગ ઘણું કરીને હાડકાને મલતો આવેછે. એક માણસના દાંત જો ઘણાંજ ઢીલા પડી ગયા હોએછે અથવા કોહવાટ ઊપર આવેલા હોએછે તો બીજા દાંત તેની જગોએ મુકવામાં આવેછે. પણ એ પરમાણે નવા દાંત જડાવવાની ચાલ નુકસાન ભરેલી હાલ માલુમ પડીછે.

જનમતાં બચાંની અંદર દાંત હોએ તો તેમને મોટી હરકત પોહોચે, તેથી તેમને દાંત હોતા નથી; એથી ઈશવરની અપાર શકતી તથા દાનાઈ માલુમ પડેછે. તોપણ બચું જનમેઆની અગાઊ દાંતના મુળીઆં ચારડીની અંદર ઈશવરે અગાઊથીજ મુકેલા હોએછે તે મુવેલા બચાંનું મોંહા ચીરેઆથી માલુમ પડી ઊંછે. બચું ૬ થી ૧૨ મહીનાનું થાએ એટલે દાંત આવવા માંડેછે. પેહેલા મોલા દુધના વીસ દાંત બચું તરણ વરસનું થાએછે તાંહાં સુધીમાં આવી ચુકેછે. બચું આશરે સાત વરસનું થાએછે તારે તે પાછા પડવા માંડેછે. તે જેમ પડતા જાએછે તેમ તેની જગોએ નવા દાંત ૧૬ અથવા ૧૮ વરસની ઊમરમાં તમામ ઊગી નીકળેછે. માણસ જારે જુવાની ઊપર આવેછે તારે દરએક બાજુએ એક એક નવો દાંત ઊગી નીકળેછે તેને ડાહાપણના દાંત કરીને કેહેછે.

શરીર વીદીઆ જાણનારાઓને દાંતનો અભીઆસ ઘણો અગતનો થઈ પડેઓછે. જુદા જુદા જનાવરો મધે જુદી જુદી જાતના દાંત હોએછે. માણસના દાંત બીજા દાંતોથી તરત માલુમ પડી શકેછે. એટલુંજ નહીં પણ ફકત દાંત જોવાથી હરએક જનાવરની જાત માલુમ પડી આવેછે. જે જનાવરો માસ ખાઈ શકતા નથી તેઓના દાંત અણીવાળા હોતા નથી. ગાઈના તથા બકરાંના દાંત અણીવાળા નથી તેથી તેઓ માસ ખાઈ શકતા નથી. બીલાડી, કુતરો, વાઘ ઈતીઆદી જનાવરોના દાંત અણીવાળા હોએછે તેથી તેઓ માંસ અથવા ગોસ ખાઈ શકેછે. વળી જે જણાવરો વધારે માંસ અથવા ગોસ ખાઈ શકેછે તેઓના દાંત વધારે અણીદાર હોએછે, અને જેઓ થોડુ માસ ખાઈ શકેછે તેઓના થોડા અણીદાર હોએછે. માણસના દાંતની બાંધણી ઊપરથી એવું માલુમ પડેછે કે ઈશવરે તેને બેહુ જાતનો ખોરાક—જનાવર તથા ઝાડ પાનનો—ખાવાને સરજેલુંછે.

---

### બચાંની માવજત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

---

(સાંધણ ૧૮૫૯ ના સી બોધના પાને ૨૩૮ થી)

૩૮. બચું ધાવતું હોએ અને તેના મોંહાડાંની ગરમી માને માલુમ પડે તથા તેના મોંહાડાંમાથી થુક ઝરે તારે જાણવું કે તેને દાંત આવવાની તઈઆરીછે.

૩૯. બચાંને એક રીતે ઘણોવાર સુધી બેસાડી રાખવું નહી તથા એકજ પરખે ઘણોવાર સુધી સુવાડવું નહી. બચાંઓને આંચકો ઊચકી લાગે નહી તેની સંભાલ રાખવી.

૪૦. બીછાના ઊપર અથવા જમીન ઊપર બચાંને ખુલી રીતે તેના હાથપગ હીલાવવા દેવા. ઓલી જેવી બંધીઆર જગામાં બચાંને ઘાલી મુકવું નહીં. બચું ચાલવાની પેહેલ વેહેલી તજવીજ કરે તારે તેની ઊપર નજર રાખો, તે પડી જતું હોએતો હાથથી અટકાવો પણ બુમ બરાડા પાડીને તેને બીહવડાવવું નહીં. કારણ તેથી નુકસાન પોહોચેછે.

૪૧. બચુ પડી જાએ અને તેને વાગે તારે મોહડેથી અતીશે દલગીરી જણાવવી નહી પણ મુગા મુગા તેનો એલાજ કરવો અને તેને દેખાડવું કે ફલાણુ કીધાથી એ નુકસાન નીપજીશે.

૪૨. બચાંને ચાલતાં સીખવવાને ચાલણ—ગાડી અથવા તેવી કાંઈ ચીજ વાપરવી નહીં તે પોતાની મેલજ ચાલતાં શીખે તેમ કરવું જોઈએ. બચાંને એક હાથ પકડીને ખેચવું નહીં તથા એક અથવા બે પાસલાં પકડીને ઊચકવું નહીં.

૪૩. જારે બચું એકલું ચાલતું હોએ તારે તે થાકી જાએ તાંહાંસુધી તેને ચાલવાજ દેવું. માએ ઘરમા તેમજ બાહાર બચાંની ઊપર નજર રાખવી અને જેમ બને તેમ તેની સાથેજ રેહેવું.

૪૪. બચું જનમેઆ પછી બે ત્રણ મહીના સુધી તેની આગલ મોડેથી બુમ બરાડા પાડીને બોલવું નહી, તથા તેઓની નજર આગલ ઘણી રોશની મુકવી નહી, અથવા ઘણી રોશની વાળા ઓરડામાં તેને લઈ જવું નહીં,

---

**બેહેનો ! તમે દુનીઆની મોજત અને એશ આરામ માં મશગુલ રેહેતાં ના.**



પીઆરી બેહેનો ! આપણ માનવી જાતની જીંદગી ટુંકી અને વગર ભરોસાનીછે. આપણે જાણતા નથી કે આ દુનીઆં મધે આપણી હઈઆતીનો છેડો કેટલો જલદીથી આવશે. આપણે જાણતા નથી કે ઘડી પછી આપણી શું હાલત થશે. આપણ જાણતા નથી કે મોત કહી જગોએ અને કહે ઠેકાંણે આવીને આપણને અણચીતા સપડાવશે. આપણે પેઆર અને મોજતમાં બેઠા હશુ, આપણે એશ આરામ અને અમન ચમનમાં ગરક હોશુ, અને કદાચ મોત આવીને પોતાના બીહમણા દેખાવમાં ઊભું રેહેશે. જુઓ આ બીનાને મથાલે એક ચીત્તર મુકેલુંછે. એક માણસ એશ આરામમા પડેલો હતો, અને ખુશી તથા ખુરમીમાં દારૂ ઢીચતો હતો તેવામાં મોત પોતાના બીહામણા આકારમાં આવીને કેવું ઊભેલુંછે. મોતને જોઇને તે બીચારાનો દેખાવબી કેવો ફીકો પડીગ્યો છે અને તેના હોસ કેવા ઊડી ગએલાછે. તવંગર તે મજ ગરીબ સઘલા માણસની ભેટ લેવાને મોત ચુકતું નથી. દુનીઆમાં સઘળી ચીજનો મુકરર વખતછે પણ મોતનો વખત મુકરર નથી. લાએકીવાળી ઓરત રેળીશીઆ હીમનસ જેનો હેવાલ ગયા સી બોધમાં આપેઓ હતો તે ઓરતે મોત વીશે એક કવીતા બનાવીછે તેમાં તે કેહેછે કે.—

"ઝાડ ઊપરના પાતરાં વખતસર ખરી પડે
"છે, ફુલોબી વખતસર કરમાએછે, તારાબી વખતસ
"ર આથમેછે, પણ અરે ! અરે ! મોત, તારે વાસતે
"તો સઘળો વખત તઈઆરછે."

"દીવસનો વખત મેહેનત કરવા માટછે, સાંજ
"નો વખત ફરવા હરવા તથા ખુશીમાં ગુજારવા મ
"ટેછે, રાતનો વખત સુવાને તથા બંદગી કરવાને વ
"સતેછે પણ દુનીઆ ઊપર અરે ! સહુથી જોરાવ
"મોત તારે વાસતે સઘળો વખત તઈઆરછે.

"આપણે જાણીએછે કે ચંદરની કળા કહ્યા
"ઓછી થવા માડશે, આપણે જાણીએછે કે ઊનાળો
"કેઆરે આવશે; આપણે જાણીએછે કે ચોમાસુ કા
"રે બેશશે, પણ અરે ! મોત તું કાહારે આવીશ તે હ
"મને કોણ જણાવશે !

"અરે મોત ! શું તું વસંત રૂતુમા આવીને
"ઊભો રહીશ અથવા શું તું શીઆળામાં આવીને
"ઊભો રહીશ ? તે સઘળી રૂતુઓ વખતસર આવેછે પ
"ણ મરવાની રૂતુતો બધીછે.

"તું દરએક ઠેકાણેછે, જાંહાં મોજા પોતાનું
"જોર મારેછે તાંહાં તુંછે, હવામાં જાંહાં સુંદર રાગ
"નો બાહાર નીકળેછે તાંહાંબી તુંછે, હમારા સલાસં
"પ ભરેલા ઘેરની આસપાસ અને આખી દુનીઆમાં
"જાંહાં જોઈએછે તાં તું ઊભેલોછે.

"ઝાડના છાંયા તલે મીતરો જાંહાં એક બી
"જાને મલવાને ભેગા થાએછે તાંહાંબી તુંછે, દુસમનો
"એક બીજા સામે તરવાર ખેંચીને લડવા ઊભાછે
"અને લડાઈથી આખા આકાશને ગજાવી મુકેછે
"તાંહાંબી અરે મોત ! તું તઈઆરછે."

---

## તરકારી—કોહોલું.

કોહોલું વરસમાં બે વખત પાકેછે. જે કોહોલું જેઠ મહીનામાં રોપેછે તે બાદરવા તથા આસો મહીનામાં પાકી તઈઆર થાએછે. બીજું માગસર તથા પોશમાં રોપેછે તે ફાગણ તથા ચઈઅતરમાં પાકી તઈઆર થાએછે. કોહોલાંનો વેળો તીસ ચાલીસ હાથ લાંબો વધેછે, અને એને છાણનું ખાતર મુકવું પડેછે. સારી જમીન હોએતો એક એક કોહોલું એક માણસ ઊંચકી શકે એટલા વજનનું થાએછે, અને એક એક વેળા પર ચાલીસ પચાસ કોહોલાં લાગેછે. કેટલાએક કોહોલાં લાંબાં અને કેટલાએક ગોળ થાએછે. તેનો રંગ બાહારથી પીળો અને અંદરથી લાલ હોએછે. તેની અંદર ચપટાં બીઆં હોએછે તેને તળીને અથવા છો

લીને ખાએછે: એના ફુળનો રંગ પીળોછે; તેની પ ણ ભાજી કરી (કેટલાએક લોકો) ખાએછે. વેળાઓને બે જાતના ફુલો આવેછે; તેમાં એક નર જાતી અને બીજી નારી જાતી. નર જાતીના ફુલોથી કાંઈ ફળ થતું નથી: એ ફુલો આવી, એક બે દીવસ પછી ખરી પડેછે. જે નારી જાતીના ફુલો થાએછે તેથીજ માત્ર ફળ થાએછે, પણ ફલ ઊતપન થવાને સારૂ સ્ત્રી તથા પુરૂશ જાતીના બને ફુલોની અગતછે. વેળામાં ગીલો ડાંના ફુલ સ્ત્રી જાતના હોએછે, તેને જે ફુલ આવેછે તે નાજ ફળો થાએછે.

કોહોલાંની ખાંડમી, પુડા એવા પદારથ કરેછે. તેના કુમળાં પાંતરાની ભાજી તથા પતરવેળીઆં કરે છે. સુરત, દમણ અને ભરૂચ એ ઠેકાણે કોહોલાનો ઘણો પાક થાએછે અને તે મીઠાસમાં ઘણા સારા હો એછે. ભોપલાં, દેવ ડાંગર, લાલ દુધી, એવાં—કોહો લાના ઘણા નામછે. કોહોલું સાત આઠ મહીના સુ ધી ટકેછે. ઊદભીત પદારથ.

## શુવડ તથા વડનું દુધ મારવા વીશે.

કોઈ 'પારસી સ્ત્રીઓનું ભલુ ઈછનાર' ગયા ન વેમબરના સ્ત્રી બોધ મધે "રતનબાઈને સંગરા" એ નામની ખીના જે પરગટ થઈ હતી તે વાંચીને નીચે જણાવેલો સવાલ પુછેછે:—

"આપણી સ્ત્રીઓ વારેઘડીએ છાતીપર અને "પીઠપર ને પેહડુપર જે શુવડ કે વડના ઝાડનું દુધ "મારેછે તે મારેઆથી કાંઈ ગુણ થાએછે કે અવગુણ?"

એ સવાલનો ખોલાસો હમારા એક ડાકટર મી તરની મદદથી કરવાને બની આવીઊંછે. શુવડના ઝા ડ ઘણી તરેહનાછે. તેમાના કેટલાંએક એવાં જલદ હો એછે કે તેના મુળ ઊખેડતાંજ તેની ગરમી લાગીને મોં હો સુજી આવેછે. બીજાઓના ખવાસ જરા નરમ હોએછે.

શુવડના દુધનો ગુણ એછે જે જો હરએક જગા ઊપર તે લગાડીઊં હોએતો તે જગાને લાલ કરી નાખેછે અને તેની ઊપર અરાઈ સરખું ફુટી નીકલેછે. જો ઘણું જલદ હોએછે તો છાંગરા પણ પડેછે. ઈંગરેજી ડાકટરો માખીનુ "બલીસટર" મારેછે ને તેથી જે ગુણ થાએછે તેવોજ ગુણ પણ ઘણાજ હલકા શુવડના દુધથી થાએછે. "બલીસટરથી" પેહેલાં તે જગા લાલ થઈ આવેછે અને અરાઈ ફુટેછે તેજ માફક શુવડ ના દુધ ઘણો વખત લગાડી રાખેઆથી બનેછે. એ ઊપરથી માલુમ પડેછે કે શુવડનું દુધ એક હલકુ બલી સટરના જેવું છે.

આપણા ગુજરાતી અને મુસલમાન હકીમો એ નું દુધ મારવાને ઘણી વખત ભલાંમણ કરેછે. એથી કેટલીએક વખત ફાએદાબી થાએછે. બરડા ઊપર અને છાતી ઊપર પેન અથવા સરક મારેછે તે વખતે તે ઘણોજ ફાએદો કરેછે, આપણી સ્ત્રીઓ દુધ મારે છે તે આ દરદના સબબથીજ. પણ કેટલીએક ઓર તો જેમાં તેમાં દુધ મારેછે તેથી કેટલીએકવખતે ઘણો જ ગેર ફાએદો કરેછે. એના છાગરા પડેછે તે ઊપ ર કેટલીએક વખત જલદીથી રૂજ આવતી નથી. જો શુવડ ઘણું જલદ હોએતો મોહડુ સુજી આવેછે. જો એ શુવડનુ દુધ કાબેલ ડાકટરની સલા લઈને વાપરી ઊં હોએતો ઘણો ફાએદો કરેછે.

## પરચુરણ બાબતો.

**બચાંઓ ઊપર માનુ હેત**—બચાંઓ! તમે તમા રી માતાની આંખ તરફ નજર કરો! તેઓના મીઠા અને પેઆરા અવાજ ઊપર ધેઆન પોહોચારો! તમારા મોહડા ઉપર તે પોતાનો નાજુક હાથ મુકેછે, તે તમને કેવો લાગેછે તે ધેઆંનમાં લેઓ! એ સઘળા ઉપરથી તમારી માતાનું હે ત કેટલું બધું માલુમ પડશે? તમને જરા દરદ થાએછે, ત મારો જીવ જરા બેચન થઈ પડેછે તો તેઓના ચેહેરો કેવો ફીકો પડેછે અને તે કેવી ફીકરમંદ થઇ પડેછે! તમારી મો ટી ઉમરે તમને ઘણાએક મીતરો મલશે, પેઆરા, વાહાલા અને દીલોજાન મીતરો મલશે પણ તમારી માતાના જેવું હે ત અને તમારી માતાના જેવું પેઆરથી હાથ ફેરવનાર કો ઇ કદાપી મલશે નહીં.

**એક આરોગીઅ માણસનો છુપો ભેદ**—એક બુઢો પાદરી જેને કોઇ દીવસે મ દવાડ ભોગવવો પડેઓ ન હી હતો તેને એક જુવાન ગહરસથે પુછીઉં કે ભાઈ તારો છુ પો ભેદ શું છે-તે મને જણાવ! પાદરી બોલેઓકે "હું મા રા પગ દર રોજ ગરમ રાખુંછું અને દર રોજ મોટી સવાર ના જલદીથી ઉઠુંછું. ફકત આજ બે વાતની હું ઘણી સ ભાલ રાખુંછું.

**કુંચી વગરનું વાગતું ઘડીઆલ**—"જેમસ વાહી ટ" નામના એક શખસે ઘણાએક વરસની મેહેનત અને ત

નવીન પછી હાલ એક એવું ક્લાક અથવા વાગતું ઘડીઆલ બનાવીઉંછે કે તેને ચાવી આપવી પડેજ નહી. તે પોતાની મેલે પોતાની ચાવી આપે. તે ઉપરથી વખત એવો મલે છે કે એક મીનીટનોબી ફેર પડે નહી. જાંહાંસુધી એ ઘડીઆલનો સામન ઘડીઆલની અંદર હઇઆત રેહેશે તાંહાં સુધી એ ઘડીઆલ બંધ પડવાનું નથી.

**ચીનમાં જીંદગીની કીમત**—ચીનમાં હાલ ૪૧ ક્રોડ ૨૦ લાખથી વધારે માણસની વસતી ગણાએછે. તે વસતી એટલી બધી વધી ગઇછે કે ગરીબ લોકોને પોતાનું ગુજરાણ ચલાવવાને ઘણુ ભારે પડેછે. થોડા પઇસા આપેઆ તો ગરીબ ચીનો હરએક ગુનાહનું કામ કરવાને પાછો હટતો નથી. ચાલીસ ડાલરને વાસતે કેહેછે કે ઘણાએક ગરીબ ચીનાઓ પોતાનો જીવ આપવા તઇઆરછે.

**વીલાતમાં ચાર રૂતુની શરૂઆત**—ઇંગલંડમાં વસંતરૂતુ ૨૧ મી મારચે શીરૂ થાએછે; ઉનાલો ૨૨ મી જુને, ચોમાસુ ૨૩ મી સપટેમબરે અને શીઆલો ૨૨ મી ડીસેમબરે. આપણુ ચોમાસુ વીલાતના ચોમાસા કરતાં તરણ મહીના અગાઉથી શરૂ થાએછે.

**એક વાલ સોનાના ભાગ**—માઇક્રાશકોપ અથવા સુકશમ દરશક ઇઅંતરની મદદથી માલુમ પડીઉંછે કે એક વાલ સોનાની અંદર ૧૨૫૦૦૦૦૦૦ (બાર ક્રોડ પચાસ લાખ) જુદા જુદા ભાગ જોવામાં આવેછે.

**આઈતી દોલત**—જાતે મેહેનત કરીને મેલવેલી દોલત જેટલી જુવાન માણસને માફક આવેછે તેટલી આઇતી દોલત આવતી નથી. આઇતી દોલત મલેઆથી માણસ ઘણી વેલા છકી જાએછે અને ગરીબોની કદર પીછાણી શકતો નથી. જેમ આઇતો તઇઆર પોશાક બેસતો આવતો નથી તેમ આઇતી દોલતબી બેસતી આવતી નથી.

**કરજ કરવા વીશે દોહરા.**

જનસ ઉધાર ન આણવી, ચડાવવો નહી હીશાબ
કરજ કરીને ખરચતાં, ધખા ખાએ ધવાબ.
આવકથી જાવક અધીક, કરજદારને થાએ
કરજદારને દુખછે, બહુ બહુ તે પસતાએ.
ચુકાવેઓ ને વાએદા, રસતે આબર લેહ
સાહુકાર જે લેહણદાર, શરમ બીજી શી કેહ.

નરમ કવીતા.

**મોતથી શાવાસતે બીહવું?** એક કવી કેહેછે કે
" જે માણસ મરણ પામેછે તે પાપથી છુટો થાએછે તારે તે
" મરણ પામેઓ એમ શા વાસતે કેહવું જોઇએ? સુખી જીં
" દગી તો તારેજ શરૂ થાએછે તારે મરવાને શા વાસતે બી
" હવું જોઇએ? જે માણસ જીવેછે તેતો અપરાધ કરવાને
" સારૂછે તારે તેને જીંદગી શા વાસતે દેવી જોઇએ? જે
" જીંદગી પાપની અંદર ગુજરી તે કાંઇજ નહી પણુ મોત
" ની સાથે લડાઇ કરવામાં ગુજરી એવું જાણવું."

**કાચા રેશમનું વજન**—રેશમના કોકડામાંથી નીકલેલુ ૧૦૦ ઇઆરડ અથવા વાર રેશમના દોરાનું વજન એક ગરેન પણુ થતું નથી. તે ઘણીવાર બેવડો કરીને વેલ આપેછે તારેજ તે કામને લાએકનો થાએછે.

### ઊખીઆણુ.

બાઇઓ! આ નીચેનું ઉખીઆણુ શું તે તમે કહી શકશો?

" હું લાંબીબીછું અને ટુકીબીછું. હું કાલીબીછું અને ખુબસુરતબીછું. હું માથાવાલીછું અને માથા વગરની
" બીછું. હું પુછડી વગરનીછું અને પુછડી વાલીબીછું.
" કોઇ વખતે હું પુછડી તથા માથા વગરની હોઉછું તોપણ
" હું આખી દેખાઉછું. કેટલીએક ઓરતો મને પોશાક
" પેહેરાવેછે અને કેટલીએક ઓરતો મને પોશાક પેહેરાવતાં
" ગુશે થઇ જાએછે. હું કોણુછું તે મને કહો."

## સ્ત્રીઓને સંસારમાં વર્તવા વિષે.—સાખી.

બોલું બોધ તે સુણજો રંગ, સહિયર સહુ સ્નેહ ધરીરે ॥
ગાંઠો પ્રીત તે વિદ્યા સંગ, સુખેનથી ચેન કરીરે ॥ ટેક ॥
વિવેક વધારી વાલ પ્રીત, સજો અંગે બહુ વાર;
બાલક તરૂણ ને વૃદ્ધ-સંગ, નિજ વર્તન વાંચો નાર ॥સ૦॥૧॥
મિત્ર શત્રુ વિદ્વાન મૂર્ખ, કરી પારખ લો પાર ॥
સાવધ વિચારી થઇ સમે, કરો જસ જેજેકાર ॥ સ૦॥ ૨ ॥
કરો વિનોદ ગુણિજન સંગ, સતસંગથી છે સાર ॥
દુરિજન ઉંદર ના પાળવો, વિષ ફુંકસે વારંવાર ॥ સ૦ ॥૩॥
બુદ્ધિ ખિલવે વિદ્યા વળી, દીપાવે અંગ શીલ ॥
કુમુદ શોભાવે રજની રાજ, રાતરી અંધારી કીલ ॥ સ૦ ॥૪॥
ભણિ ગણિ વિદ્યા જાણજો, સારા સારનો ભેદ ॥
જો નીતી નીર ને જીવ મીન, કદિ કોયી ન પામો ખેદ ॥સુ૦॥૫॥
આળસ તજી ઉદ્યોગને, ભેંટી રેજો બેન ॥
એ શસ્ત્રે જગ જીતવું, ઘણું ખેન થશો તે ચેન ॥ સુ૦॥ ૬ ॥
ઉડી વેલાં કામ આટપો, સહુ સાથે ધરો પ્રીત ॥
ઘર ખરચ ભુખ હાર રીત, રાખજો બહુ નીપેમીત ॥ સુ૦॥૭॥
સેવો સત્ય સ્વતંત્રતા, ક્ષમા શૌર્ય સંતોષ ॥
નિરવિકાર ભુષણ પેરજો, અવેર કંચન લે દોષ ॥ સુ૦॥૮॥
વિદ્યાથી સહુ પ્રાપ્તછે, અમુલ રત્ન તે એજ ॥
શ્રમ ભાવથી તપ માંડીએ, કલ્પતરૂ રે ફળે મેહેજ ॥સુ૦॥૯॥
સુખ દુખ દાસ થસો નહી, કરો તેમને દાસ ॥
કાળસું લડવા સુકૃતનું, કવચ પેરો બહુ ભાસ ॥ સુ૦॥૧૦॥
ધણી સસરા ને સાસુજી, દિયેર દેરાણી જેઠ ॥
જેઠાણી નણદી બેહેનીઓ, કદી જાણો નહીરે વેઠ ॥ સુ૦॥૧૧॥
પ્રીતે પીઉ સંગ લાડજો, પતિવ્રત પાળી ધર્મ ॥
નવરાસે ગ્રંથ વાંચીને, જનમનો લેહેજો મર્મ ॥ સુ૦॥ ૧૨ ॥
ભાવે ભજજો બહ્મને, જગલીલા નહી પાર ॥
અહિં તહિં સુખ બહુ જામશે, રંક નર્મદ વિજ્ઞા સાર ॥સુ૦॥૧૩॥

# સ્ત્રીબોધ.

સતક ૪ થું | ફેબરવારી ૧૮૬૦ | આંક ૨ જો

## દીનબાઈનો લાડ.

દીનબાઈ નામની એક જુવાન સ્ત્રી મુંબઈના એક મોટા વેપારી માણેકજી સાથ પરણેલી હતી. તેણીને પેટે આવાંબાઈ અને ધનબાઈ નામની બે દીકરીઓ અવતરેલી હતી. આવાંબાઈ રાંક સભાવની અને સામરા ચેહેરાની છોકરી હતી; ધનબાઈ જાતે બોલકણી અને સુંદર ચેહેરાવાળી હતી; તેથી દીનબાઈનો પીઆર તેણીની ઊપર વધારે હતો. દીનબાઈ ધનબાઈને તરેહવાર રીતે લાડ લડાવે અને ધનબાઈ જે કાંઈ માંગે તે તરત મંગાવીને આપે. દીનબાઈ ધનબાઈનું મોહો જોઈ વારે ઘડીએ બોલે કે "મારી ધનબાઈ પરથી મરૂ—તે સાસુ સસરાને ઘેર રાજ કરવાની." આવા બોલો આવાંબાઈને કાને પડે પણ તે બીચારી સભાવની રાંક તેથી કાંઈ દરકાર કરે નહીં.

આવાંબાઈ પોતાનો વખત નીશાળમાં કાહાડે. ઘરમાં આવેઆ પછી મોબેદ કાંઈ ભણાવે તે ભણે. અને તારપછી વાંચવામાં તથા ઊનનું ભરત ભરવામાં વખત ગુજારે; અને રાતના બાઈને પોતાના બીછાના ઊપર પોતાની મેળે જાએ. એમ કરતાં આવાંબાઈએ સારી કેળવણી લીધી અને તેણીના મગજ ઊપર કેટલીએક વાતોની સારી અસર થઈ.

ધનબાઈ પણ મોટી થઈ અને નીશાળે જવાની ઊમરે પુગી; પણ તેણીની ઊપર દીનબાઈનો લાડ વધારે તેથી નીશાળે મોકલવાને આંચકો ખાએ. મેતાજીને બોલાવીને કહીઊં કે "મારી ધનબાઈને તમારી નીશાળે મુકુછું પણ તમે ખબરદાર એને કાંઈ કેહતાના; નહીતો હું ઊઠાડી લઈશ. શીખેતો શીખે નહીતો કાંઈ ગરજ નથી." પછી ધનબાઈએ નીશાળે જવા માંડીઊં પણ મેતાજી કાંઈ કહે કારવે નહી. ધનબાઈ ઘરમાં હોએ તારે બાવા અને માએ બંધે મન માનતો લાડ લડાવે. ધનબાઈ કાંઈ માંગે અને ચાકરને તે ચીજ લાવતાં કાંઈ વાર લાગે તો બોલે કે "મુઆ કાવલા તને એટલો વાર કેમ લાગેછે?" દીનબાઈ ધનબાઈને જોઈને વારેઘડીએ બોલે કે "મરૂ મારી ધનબાઈ કેવી હુશીઆરછે." આવા લાડ હેઠલ ધનબાઈ મોટી થઈ અને કાંઈ શીખી કરી નહી. દીનબાઈએ તેણીને એટલી બધી બેહકાવી મુકી કે તેણીની મગરૂરી વધી પડી. તેણીનો મીજાજ તેણીના હાથમાં રેહેજ નહી. કાવલા સાથે હરએક વાતમાં ચીથરાં ફાડે. તે પોતાના સુંદર ચેહેરાથી એટલી ફુલાએ કે જારે તારે આરસીની સાથે ચેહરા કાહાડેઆ કરે. પોતાની મોટી બેહેન આવાંબાઈને જોઈને તે પોતીકું મોંહ મરડે અને બોલેકે "એની સાથ શું વાત કરે? એતો આખો દાહડો ચોપડીમાંજ માથું ફાડેછે."

એમ કરતાં બેહુ છોકરીઓ મોટી થઈ. બેહુને વાસતે લગનનુ વસટાલુ આવવા લાગું. દીનબાઈએ આવાંબાઈને વાસતે આવેલું વસટાલુ તરત કબુલ રાખીઊં. ધનબાઈને વાસતે ઘણા મોબેદોએ પછાડા ખાધા તારપછી એક વસટાલુ કબુલ રાખીઊં. બેહુ છોકરીઓના લગન કીધાં. ધનબાઈને રીત પણ વધારે કીધી. આવાંબાઈ મોટી થએલી હતી તેથી તેણીને સાસરે રેહેવું પડીઊં. સાસરે રેહવામાં આવાંબાઈએ ઘણી હોંસ બતાવી. થોડા દીવસમાં તે પોતાની સાસરીના સઘળા માણસો સાથે હલી મલી ગઈ. તે પોતાની રૂડી ચાલથી, નમનતાઈ અને ઊદીઓગથી પોતાના સાસુ સસરા તથા ભરતારને વાહલી થઈ પડી અને પછી પીઅર જવા બુદલ ગમે નહીં.

ધનબાઈ હજુર ઊમરે પોહોચી નહી હતી તેથી પોતાની માનાજ ઘરમાં રહી અને બે વરસ રહી

ને સાસરે જવા લાગી. પણ ધનબાઈ તો લાડમાંજ ઊછરેલાં તેથી સાસરે જવા ગમે નહી. સાસરે જાએ તારે ઘણી નાખુશીથી જાએ; અને ત્યાંહાંથી પોતાના પીએરના જેવી ચાલ ચલાવવા માંગે. તે લેહેંકો કરીને ચાલે. જરા જરામાં બુમ પાડીને બોલે. ચાકરોને ચીડાઈને તથા ગાલો દઈને બોલાવે. સાસુજીનું બોલેલું સાંભલે નહી. સાસુજી એક વાત કેહેનો તેણીને ચાર વાત કહી સંભલાવે. આવી ચાલથી ધનબાઈ સાસરીમાં અકારી થઈ પડી. વરની સાથ ઊંચે મોહોડે વાત કરે અને હરએક રીતે લાડ કરવા માંગે તેથી તેનું દીલ પણ ઊઠી ગયું.

એ પરમાણે ધનબાઈથી સઘલા નારાજી થયાં તોપણ તેણીના માબાપનું જોર ભારે તેથી કોઈ કાંઈ ઝાઝું બોલે નહી. ધનબાઈ દરરોજ સાસરેથી સવારના પીએર જાએ અને સાંજના પાછાં આવે. એ માફક ઘણાએક દીવસો નીકળી ગયા. ધનબાઈના બાવા માણેકજીને અફીણનો સટો કરવાનો લટ લાગેલો હતો તેમાં એકદમ મોટી ખોટ ગઈ અને જે 'હાઊસ' અથવા પેહેડીની તેઓ દલાલી કરતા હતા તે ભાંગીયું તેથી પુરા દબાનમાં આવી પડેઆ. માણેકજીએ પોતાની હાલત પર વીચાર કરીને જરા ઘરનો ખરચ ઓછો કીધો. પછી ધનબાઈથી જરા જરામાં સાસરેથી પીઅર જવાને બને નહીં. સાસરે પગ ઘાલીને રેહેવાનું તેણીને ભારે લાગીયું. સાસુના મેણાં સાંભલી તેણીના દીલમાં આગ જેવું દરદ થવા માંડે. તેને કાંઈ લખતાં, વાંચતાં, અથવા ભરતાં આવડે નહીં તેથી ખજુરીના ઠુંઠાંની માફક બેસી રેહે. તેની સાથે કોઈ વાત પણ કરે નહી અને તેણીનું બોલવું કોઈને ગમે બી નહી. પછી ધનબાઈનું દીલ જરા જરામાં ઝરાઈ આવે અને જરા જરામાં તેણીની આંખમાંથી આંસુઓ ખરે.

એક દીવસે તેણીને આ પરમાણે રડતાં જોઈને તેના વરને દયા આવી અને પુછીયું કે ધનબાઈ તમે એટલા શાવાસતે રડોછો ? તમને શું દુખછે તે મને કેહો. તારે તે અકલ વગરની સ્ત્રી બોલી કે "મારા માએજીએ મને સારાં સાસરાં અપાવીઆં તેના સુખથી મને રડું આવેછે." આવો જવાબ સાંભલી તેના વરને ગુસો ઊપજીઓ પણ ધીરજથી તેણીની સઘળી બીનાથી વાકેફ થયો અને નીચે પરમાણે શીખામણ દીધી:—

"મારી ધનબાઈ હું આજ કેટલાંએક વરસ થયાં જોતો આવેઓછું કે તમારા માબાપે તમને ઘણો લાડ લડાવીને છેક બેકાવી મુકી હતી તેથી તમને એટલું બધુ દુખ સોસવું પડીયુંછે. ગરીબાઈ અને નમનતાઈ એ શુંછે તે તમોએ કોઈ દીવસ જાણીયું નથી. તમો જરા જરામાં મારી સાથે મોંહો ઊંચુ રાખોછો અને ઘરના સઘળા માણસ સાથે તમો એજ પરમાણે કરોછો તેથી તમને કોણ બોલાવે અને કોણ તમારી ઊપર હેત રાખે ? તમે તમારી બેહેન તરફ જુઓ. તે પોતાની સાસરીમાં કેવી સુખથી રહેલીછે. કેવી તે સઊને ગમેછે ? તેણીના વખાણ તેણીનો ભરતાર કરેછે એટલુંજ નહીં પણ સઘળા પડોશીઓ અને બીજા લોકોબી તમારી બેહનની રૂડી ચાલથી ખુશી થએલાછે. એ સઘળાનું કારણ એજ કે તમારા જેટલા લાડમાં તે મોટી થઈ નથી. તમારે હવે જોવું જોઈએછે કે તમારાં મા બાપ હલકી પડતી હાલતમાં આવી ગયાછે અને તેઓ તમારી ઊપર અગાઊના જેટલો લાડ કરી શકવાના નથી. તેથી તમોએ તમારી ચાલ સુધારવી ઘટેછે. તમો પોતે જરા નરમ મીજાસ રાખો તો કોઈની પણ મગદુર નથી કે તમારી સાથે આડાં ચાલે. સાંજને વખતે હું હાઊસમાંથી આવું એટલે મારી પાસ આવતાં જાઓ તો તમને હું વાંચવા લખવાનો અભીઆસ કરાવીશ. તમે તમારી ચાલ સુધારો અને સઘળા સાથે નરમ અને મીઠા અવાજથી વાત કરો અને પછી જુઓ કે તમારી હાલત કેવી બદલાઈ જાએછે."

આવા પોતાના ભરતારના વચન સાંભલી ધનબાઈને જરા ધીરજ આવી. બીજે દીવસે તેણીએ જરા નરમાસ પકડી, અને શીખવાનું શરૂ કીધું. વરસ દાહાડામાં તે પુરૂ વાંચતાં લખતાં શીખી અને પોતાની ચાલમાં જાણવા જોગ સુધારો કીધો. સાસરીના સઘળા જણ સાથે તે હલી ગઈ અને સઘળાઓ તેની ઊપર હેત રાખવા લાગેઆં. તેણીએ પોતાની માતાજીને લખીયું કે જે "તુમોએ જેમ કહીયું હતું કે સસરાના ઘરમાં હું રાજ કરીશ તેમ બનીયુંછે પણ તમોએ ખચીત જાણવું જોઈએછે કે તમોએ જે મને ઘણો લાડ લડાવેઓ હતો તેથી હું ઘણી દુખી થઈછું. તમારા ઘરમાં હું જે મોટાઈ અને ગરૂરી શીખી હતી તે હાલ સઘળુ વીસરી ગઈછું અને તેમ કીધાથી

જ મને સઊનો પીઆર મલેઓછે. વાસતે માએજી
હું અરજ કરીને કહુંછું કે આપણી નાહની છુચીને
તમે જુદો લાડ લડાવશો નહીં પણ સારી રીતે શીખા
મણ દઈને ઘરનું કામ કાજ કરતાં તથા વાંચતાં લખ
તાં શીખવજો."

બીચારી દીનબાઈએ પોતાની ભુલ જોઈ લીધી.
દીનબાઈના સારા સમાચાર સાંભલીને તેણીને ઘણી
ખુશાલી ઊપજી. તાર પછી તે પોતાની સરવે બેહન
પણીઓને વારે ઘડી કેહેતી હતી કે "બેહેનો! તમે ત
"મારી દીકરીઓ ઊપર ઘણો લાડ કરીને તેમને બે
"હકાવી મુકશોના. ઘણો લાડ કીધાથી તેઓ એક
"દમ બેહકી જાએછે અને સાસરીમાં જઈને ઘણું દુ
"ખ પામેછે. બેહેનો! તમારી દીકરીઓ સાસરે જ
"ઈને સુખ પામે અને સાસરીના સઘળા માણસોનો
"પીઆર મેળવે એવું તમે ચાહાતાં હોવતો લાડ લડા
"વેઆને બદલે તેમને ઘરનું કામ કાજ કરતાં, વાંચ
"તા લખતાં, અને ભરતાં શીવતાં શીખવો. તમે પો
"તે ગમે તેટલા તવંગર અને ચાકર નફરથી સુખી
"હોવ તોબી તમારી દીકરીઓને ઘરના કામ કાજ
"માં નાંખો અને તેઓનું આંગ નાહાનપણથી મેહે
"નતમાં કસાએ, તથા તેઓને ઘર સંબંધી હરએક
"કામ કરવાની ટેવ પડે એવી તજવીજ કરો. એ પ
"રમાણે તમારી દીકરીઓને ઘરનું હરએક કામ કા
"જ કરવાની ટેવ પાડશો તો તેઓને ગમે તેવું ખરા
"બ અથવા ગરીબ સાસરૂ મલીઊં હશેતો પણ તેઓ
"ને ઘણું ભારે લાગવાનું નથી અને તમને તેઓની
"વારે ઘડીએ ફરીઆદ સાંભલવી પડવાની નથી."

---

## અલાહબાદ પરાંતનો જાણવા જોગ હેવાલ.

બાઈઓ! આ પરાંત આઊદ તથા આગરા
પરાંતોની દખણ દશાએ આવેલોછે. એ પરાંતની લં
બાઈ ૨૭૦ માઈલછે અને પોહોલાઈ ૧૨૦ માઈલ
ની જાણવામાં આવીછે. અલાહાબાદને હીંદુ લોકો
પરીઆગને નામે ઓલખેછે. અલાહબાદનો પરાંત
ઈંગરેજ સરકારના હાથમાં આવેઆને આજે નજ
દીક ૬૦ વરસ થયાંછે. એ પરાંતમાંથી ગંગા, જમના
અને ગોમતી નામની મુખીઅ નદીઓ વેહેછે. ગંગા
જમના નદી, પાસેનો ભાગ ઊંચો નીચો નથી પણ ઘ
ણુ કરીને સપાટ તથા ફળવંતછે. દખણ તથા પશચમ
દશા તરફનો ભાગ ઊંચા નીચા ડુંગરોથી ભરેલોછે.
એ ડુંગરો મધે પાનાહા નામના ડુંગરમાંથી હીરાંની
ખાણ માલુમ પડીછે. પાનાહાના ડુંગરમાંથી આગા
ઊં ઘણા હીરા નીકળતા હતા.

અલાહબાદનો પરાંત ઘણો ફલવંત તથા આ
બાદ કેહેવાએછે. એ પરાંત મધે મુખીઅ પેદાસ ખાંડ,
ચોખા, ગુલી, રૂ, સુતરાઊ કાપડ અફીણ, સુરોખાર
તથા હીરાની કેહેવાએછે. ઈસવી સન ૧૦૨૦ માં સુ
લતાન માહામુદે એ પરાંત ઊપર ચહડાઈ કીધી હતી.
તારપછી ઘણેએક વરસે દીલીના મુગલાઈ રાજ સાથે
એ પરાંત જોડાઈ ગયો હતો. "અલાહબાદ" એ નામ
અકબર શેહનશાહે પાડીઊં હતું. ઈસવી સન ૧૮૦૧
માં આઊદના બાદશાહ સાદતઅલી પાસેથી અલાહબા
દનો પરાંત ઈંગરેજ સરકારને મળેઓ હતો. એ પ
રાંતની વસતી સાત ભાગ હીંદુની અને એક ભાગ મુ
સલમાનનીછે.

એ પરાંતના મુખીઅ શેહેરો અલાહબાદ, મી
રજાંપુર, ગાજીપુર, જુવાનપુર, કલંજર, અને ચુનાર
કેહેવાએછે. ગાજીપુરમાં અતર ઘણો સારો અને ઊં
ચો બનેછે. અલાહબાદ જે એ પરાંતનું સઊથી મોટું
શેહેર કેહેવાએછે તે હીંદુઓની તીરથ જાતરા કરવાની
ઘણી મોટી અને નામીચી જગો કેહેવાએછે. એ શેહે
ર પાસે ગંગા અને જમના નદીઓ સાથે મલીજાએ
છે તેથી હીંદુઓએ એ શેહેરનું નામ ભાર પરીઆગ
અથવા પરીઆગ પાડીઊં છે. એ શેહેરનો દેખાવ બા
હારથી ઘણો સુંદર અને રોનકદાર માલુમ પડેછે. મુ
સલમાન પાદશાહાઓએ બંધાવેલી કેટલીએક ઈમાર
તોનો નાસ થએલો માલુમ પડેછે પણ કેટલીએક ઈમા
રતો હજુર ઘણી સુંદર અને રોનકદાર જોવામાં આ
વેછે. શેહેરની પાસે ઈંગરેજ સરકારે બારૂત બનાવ
વાનું એક મોટું કારખાનું કાહડેલુંછે. એ શેહેરની વ
સતી આશરે ૨૦ હજાર માણસની જણાએછે.

ગંગા અને જમના નદીઓનો એ શેહેરની
આગલ મેલાપ થાએછે એટલુંજ નહી પણ હીંદુઓ
સમજેછે કે સરવસતી નામની નદીબી જમીનની અં
દર થઈને એ બેહુ નદીને મલેછે. એ પરમાણે તરણ
નદીનો સંમાગ અથવા મેલાપ થએલો સમજીને અ
લાહાબાદને અથવા પરીઆગને હીંદુઓ ઘણુંજ માને

ગામેછે. ગંગા જમનાના સમાગમ આગલ હીંદુઓ સ્નાન કરીને એટલે નાહીને પોતાના જે સગાઓ મરી ગએલા હોએછે તેઓની કીરીઆ કરેછે. નાહેઆની અગાઊ નદીને કીનારે બેસીને જાતરા કરનાર પોતાનું માથુ બોડાવેછે તથા મુછ કહડાવી નાખેછે. તેઓ એવું સમજેછે કે તેઓના જેટલા બાલ નદીમાં પડેછે તેટલા બાલથી દસ લાખ ગણા વરસ લગી તેઓને બેહસતની જગો મલશે. દરએક જાતરા કરનાર માણસને નાહતી વખતે સરકારને ૩ રૂપીઆ કર આપવો પડેછે. કેટલાએક હીંદુઓ સમજેછે કે તાંહાં મરણ પામેઆથી બેહસત અથવા સરગ મલેઆ વગર રેહેતું નથી તેથી તેઓ એક બોટમાં બેસીને નદીની અધવચમાં જાએછે અને પાણીમાં પડીને મરણ પામેછે. આ પરમાણે આપઘાત કરવાની ઘાટકી ચાલનો ઈંગરેજ સરકારે અટકાવ કીધોછે તોપણ કેટલીએક વેળા લોકો ધરમની જનુનથી કાંઈબી દરકાર રાખેઆ વગર નદીમાં બુડીને મરણ પામેછે. હીંદુઓ મધે જેઓ ગોકુલ, મથુરા, કાસી, ગાવા અને પરીઆગની જાતરા કરેછે તેઓને પોતાની જાતમાં મોટું માન અને કીરતી મલેછે.

ઈસવી સન ૧૮૫૭ માં જારે બળવો થયો હતો તારે અલાહાબાદબી બલવાખોરોના હાથમાં ગયું હતું. એ વરસના મેએ મહીનાની ૩૧ મી તારીખે આઊદ મધે બલવો થયા પછી બલવાખોરોએ અલાહાબાદ લઈ લીધું હતું. પણ જેનરલ નીલની સરદારી હેઠલ મધરાસથી જે ઈંગરેજી લશકર આવી પોહચીઊં હતું તેણે એ શેહર મધેથી બલવાખોરોને હાંકી કાહાડેઆ હતા.

## કલકતાની અંધારી કોઠડી અને ૧૪૬ બંધીવાન ઈંગરેજોની વાત.

આજ આસરે સો વરસની વાત ઊપર બંગાલ તથા બાહારના પરાંતો ઊપર સુરજા દઊલા નામનો મુસલમાન સરદાર અમલ ચલાવતો હતો. એ વખતે ઈંગરેજ સરકારનો અમલ ઠાંઠ બેઠેલો નહીં હતો. તે વખતે ઈંગરેજો ફકત મુખીઅ શેહરોમાં કોઠીઓ બાંધીને વેપાર ચલાવતા હતા અને જરૂર પડતી તારે દેશી રાજાઓને લડાઈ કરવામાં મદદ કરતા હતા. સુરજા દઊલા ઈસવી સન ૧૭૫૬ માં ગાદી ઊપર આવેઓ હતો. તેની ઊમર તે વખતે વીસ વરસનીબી નહીં હતી. તે ઘાતકી સભાવનો નબળા મનનો સરદાર હતો. દારૂ અને રંડીબાજીના છંદમાં તે નાહાનપણથીજ પડેલો હતો. બચપણથી નાહાના પરાંણીઓને દુખ દઈને ખુશી થતો હતો; અને મોટો થયો તારે માણસ જાતને દુખ દઈને ખુશી થવા લાગેઓ.

ઈંગરેજ લોકો વીશે સુરજા દઊલાને ઘણોજ ધીકાર હતો. ઈંગરેજ લોકોએ કલકતા મધે વેપારને વાસતે કોઠી બાંધી હતી તે મધે પુશકલ નાણુ ભરીઊં હશે એવો ખીઆલ કરીને તે લુટી લેવાનો તેણે વીચાર કીધો. તે વીચાર અમલમાં લાવવાને તેને હરએક બાહાનુ જોઈતું હતું તે મલી આવીઊં. ઈંગરેજોએ પોતાની કોઠી મજબુત કરવા માંડી હતી અને તે વીશેની તેઓએ એ નવાબ પાસેથી પરવાનગી મેલવી નહીં હતી. એ બાહાનું કાહડીને સુરજા દઊલા ઈંગરેજોને લુટવાને અને તેમને હાંકી કાહડવાને લશકર લઈને નીકળેઓ.

ઈંગરેજી કોઠીનો મુખીઅ માણસ સુરજા દઊલાને લશકર લઈને આવતાં જોઈને મછવામાં બેસીને નાઠો. બીજા કેટલાએક ઈંગરેજોએબી તેમજ કીધું. જેઓ નાહસી શકેઆ નહીં તેઓએ થોડોવાર લડાઈ કીધી. પણ થોડાજવારમાં કોઠી મધે સુરજા દઊલાનું લશકર દાખલ થયું. તેઓના હાથમાં જેટલા ઈંગરેજો આવેઆ તેટલા સઘળાઓને કેદ કીધા. સુરજા દઊલા કોઠી મધેના એક મોટા દીવાન ખાનામાં જઈને મોટા દમામથી બેઠો. ઈંગરેજ લોકોનો ખજાનો જેટલો મલેઓ તેટલો લુટી લીધો. પકડાએલા ઈંગરેજને બોલાવીને કહીઊં કે "તમો ઈંગરેજ લોકો લુચા, મગરૂર અને કાફરછો, પણ જાઓ હું તમને જીવતા રાખીશ." એમ કહીને તે પોતાના મેહેલમાં ચાલતો થયો.


તાર પછી ઈંગરેજો ઊપર મોટો ગજબ ગુજરેઓ. જે ઈંગરેજો બંધવા દાખલ પકડાએઆ હતા તેઓની ઊપર બાદશાહના પોહરાગીર શીપાઈઓએ જુલમ દસતી ચલાવવાનો ઠરાવ કીધો હોએ એમ માલુમ પડીઊં, સઘળા કેદીઓને આખી રાત એક નાહાની અંધારી કોટડીમાં પુરી મુકવાનો તેઓનો વીચાર હોએ

એમ જણાઈ આવીશે. તે કોટડી એવીતો સાંકડી તથા નાહાની હતી કે આ દેશની હવામાં એકબી ઈઊરોપીઅનને વાસતે ઘણું સાંકડું બંધીખાનું થઈ પડે. તે કોઠડીમાં હવાને વાસતે બારીતો મુદ્દલ હતીજ નહીં. પણ નાહાના બાંકોરાં હતાં. ને રૂતુ વળી ઊંનાલાની હતી તેની અંદર એક ઈઊરોપીઅનને બેસાડીને, વીનેથી પવન નાખેઓ હોએ તોબી તેનો જીવ ગભરાયા વગર રેહેજ નહીં. સઘળા મલીને ૧૪૬ બંધીવાનો હતા. જારે તેઓને તે અંધારી કોટરીમાં પુરવાનો હુકમ કીધો તારે તેઓએ વીચારીઊં જે પોહોરેગીર લોકો મશકેરી કરેછે. બાદશાહે તેઓને વચન આપીઊં હતું કે તેઓનો જીવ બચાવવામાં આવશે તેથી તેઓ પોહરેગીરનો હુકમ સાંભલીને હસી પડેઆ અને જાણીઊં કે તેઓ કાંઈજ નહી પણ મશકેરી કરેછે. પણ ઈંગરેજોએ પોતાની ભુલ જલદીથી જોઈ. તેઓએ પોહરેગીરના કાળા વાળા કીધા; પગે લાગેઆ પણ પોહરેગીરોએ તેઓનું કાંઈ સાંભલીઊં નહી. પોહરેગીરોએ પોતાની તરવાર બાહાર કાહડી અને જેઓએ અંધારી કોટરીમાં જવાને આનાકાની કરે તેઓને તરવાર ભોકવાની ધાસતી આપી. સઘળા બંધીવાન ઈંગરેજોને અંદર પુરેઆ અને બારણું તરત બાહરથી બંધ કરી લીધું.

અરે! પછી અંદર જે ચીચીઆરી અને કીકીઆરી પડી તેનો ખીઆલ કોણ કરી શકે? દરએક બંધીવાન ઈંગરેજનો જીવ ગભરાવા લાગો. દરએક જણ મોટેથી બુમ બરાડા પાડવા લાગીઊં. દરએક જણે દયાને વાસતે પોકાર મારેઆ. તેઓએ બારણું ફાડી નાખવાને ઘણું જોર કરવા માંડીઊં. તેઓએ પોહરેગીરોને મોટી મોટી લાલચ દેખાડી પણ તેઓને એટલોજ જવાબ મલેઓ કે બાદશાહના હુકમ વગર કાંઈ થઈ શકે નહી. બાદશાહ સુઈ ગયોછે અને તેને કોઈ ઊઠાડવા જાએતો તે અતીશે ગુસે થાએ. આ જવાબ સાંભલી બંધીવાન ઈંગરેજો તદન નાઊમેદ થઈને ઘેલા ગાંડા બની ગયા. તેઓ એક બીજાને માહોમાહે કચરીને જે બાંકામાંથી હવા આવતી હતી તે બાંકા તરફ જવાની તજવીજ કરવા લાગા. સઘળો દેખાવ કમકમાટ ભરેલો થઈ પડેઓ. પોહરેગીરો તેઓની ચીચીઆરી અને મારામારી સાંભલીને ખુશી થયા એટલુંજ નહીં પણ તેઓને ધીકારના સખુનો બોલવા લાગા. પછી જેમ જેમ ગભરાઈને તેઓ મરણ પામતા ગયા તેમ તેમ ચીચીઆરીનો અવાજ ઓછો થતો ગયો. સવાર પડી. બાદશાહ પોતાના જનાનખાનામાંથી ઊઠેઓ. અને અંધારી કોટડીનું બારણું ઊઘાડવાનો હુકમ કીધો. સઘળા એક ઊપર એક પઈને મુવેલા પડેલા. ૧૪૬ માંથી ફક્ત ૨૩ ઈંગરેજો જીવતા રહેઆ હતા તે મુવેલાં મુરદાના ઢગલામાથી પોતાનો રસતો મોટી મુશકેલીથી કરીને બાહાર નીકલીઆ. તેઓબી ગભરાઈને અધમુવા થઈ ગયા હતા. તેઓના મોહોડાની શીકલ એવી બની ગઈ હતી કે તેઓની માતાઓબી ઓલખે નહીં કે આ હમારા પુતરોછે. તારપછી એક મોટો ખાડો ખોદવામાં આવેઓ. એકસો તેવીસ મુરદાંઓને તે ખાડામાં ઊપરાઊપરી ફેંકેઆ અને બંધ કરી લીધા.

આ બનાવને સો વરસ ગુજરી ગયાંછે તોપણ વાંચવાને અતીશે કમકમાટ છુટેછે. જે ૨૩ બંધીવાન ઈંગરેજો બચેઆ હતા તેઓને બાદશાહે કાંઈબી રેહમદીલી બતાવી નહી. તેઓમાંના કેટલાએકને છોડી દીધા. એક બે મુખીઅ ઈંગરેજોના હાથમાં બેડી ઘાલીને બંધીવાન દાખલ રાખેઆ. તેઓને વારેઘડીએ ધાસતી આપીને પુછીઊં કે ઈંગરેજોની બીજી દોલત કહી જગાએછે? તેઓએ કહીઊં કે જે હતું તે સઘળું લુટી લીધુંછે, હમો બએ હાથે પગે લાગીએ છઈએ અને હમોને છોડી દેઓ. તોપણ બાદશાહે તેઓને કેદખાનામાં રાખેઆ. આખેર બાદશાહની બેગમને દયા આવી, તેણીએ બાદશાહને સમજાવીને તેઓ બાકીના બે જણને છોડવેઆ.

## લીજેટ નામની ભલી છોકરીની વાત.



ફરાંસની દખણ દશાએ મારસેલસ નામનું એક મોટું શેહરછે. જેઓ અતરેથી વીલાત અથવા

ઈંગલંડ જાએછે તેઓ ઘણું કરીને એ શહેરમાં થઈને જાએછે. એ શહેરમાં એક ગરીબ સ્ત્રી રેહેતી હતી. તેણીનું નામ ડેમ મારગરેટ કરી હતું. એક વખત તે ઘણીજ આજારી પડી. એવી આજારી કે જીવવાની આશા નહીં. તે સ્ત્રીની લીનેટ નામની ભલી અને મીઠા સભાવની એક છોકરી હતી. તે પોતાની માની ચાકરી ઘણા પીઆર તથા હેતથી કરતી હતી. ને એક દીવસ બોલી કે " પીઆરાં માજી તમારૂં માથું મને જરા ઊંચું કરવા દેઓ. હું ધારૂછું કે જરા ઊંચુ કરવા દેશોતો તમને આરામ પડશે."

તે મરવા પડેલી સ્ત્રી બોલી કે " ઓ મારી લીનેટ ! તું એટલો બધો પીઆર ના કર. તારા આટલા બધા પીઆરથી મારી છાતી ભરાઈ આવેછે. અરે લીનેટ ! પીઆરી લીનેટ ! તું મારા ઊપર કેટલું બધું હેત કરેછે. "

લીનેટ બોલી " હેત ! અરે માજી ! તમે હેત વીશે ના બોલો. ગરીબ પીઆરી માની ચાકરી કરવી એ મારી ફરજછે. પીઆરાં માજી ! તમે જાણોછો કે હું તમારે વાસતે જેટલું કરૂં તેટલું થોડુંછે. પીઆરા માજી ! તમારૂ માથું જરા મને ઊચકવા દેઓ. તમને જરા આરામ વલશે.

તે સ્ત્રી બોલી કે " પીઆરી લીનેટ ! હું જાણુંછું કે હવે હું વધારેવાર જીવીશ નહી પણ મારો જીવ નીકલી શકતો નથી. તું જો મારી ઊપર થોડું હેત રાખત અને મારી થોડી ચાકરી કરત તો મને મરવાને મુશકેલ પડત નહીં. તારા હેત વગર મને ચાલી શકત પણ તારૂં હેત ખમાઈ શકાતું નથી. અરે રે ! જેનીને મેં નુકસાન કીધું હોએ તે મારી ઊપર એટલું બધું હેત કરે તે મારાથી કેમ દેખી શકાએ ?" એટલું બોલતાં તેણીને થાક ચહડી અને આખું શરીર ખેંચાયું.

લીનેટ જરા ગભરાઈ ગઈ. તેણીની નાજુક છાતી ભરાઈ આવી. તેણીની આંખમાંથી બોરબોર જેટલાં આસુ પડેછે અને પોતાની માને કેહછે કે " પીઆરા, પીઆરા માજી ! તમે એ પરમાણે ના બોલો. તમે મને કાંઈ નુકસાન કીધું નથી અથવા કાંઇ દુખ દીધું નથી. માતા લેખે તમે મારે વાસતે ઘણું કીધું છે. તમારા જેવી થોડીજ માતા થશે. "

તે સ્ત્રી નરમ અવાજથી અને દબાઈ ગએલી છાતીથી બોલી—" લીનેટ તું મને માતા કહીને ના બોલાવ હું કાંઈ તારી મા નથી. "

આવું ભેદ ભરેલું બોલવું સાંભલી લીનેટ જરા વીચારમાં પડી પણ તે સ્ત્રીની શકતી છેકજ ઓછી થતી જાએછે એવું તેણીના દીઠામાં આવીશે તારે તે બોલી " મારાં પીઆરાં માજી ! તમને ઘણુ દરદ થતું હોએ એમ મને લાગેછે."

"હા ! હું મરણ પામવાની તઈઆરીમાં છું. પણ લીનેટ ! મેં એક મોટું પાપનું કામ કીધુંછે. ઈશવરની દરઘામાં હું કેમ ઊભી શકીશ ? "

" પીઆરાં માજી ! તમારાથી પાપ થયું હોએ તો ધરમ ઊપદેશક આગલ કબુલ કરો. તે તમને દીલાસો આપશે. તમારી મરજી હોએતો જઈને હું તેને બોલાવી લાવું. "

" હા મારાં બચાં ! પણ તું જલદીથી આવજે. મને લાગેછે કે હું ઘણીજ નબલી થતી જાઊંછું. "

જારે લીનેટ ધરમ ઊપદેશકને બોલાવી લાવી તારે તે સ્ત્રી છેકજ બેહોસ થઈને પડેલી હતી. લીનેટ તેણીના બીછાના આગલ બેસીને ઈશવરની બંદગી કરવા લાગી. ધરમ ઊપદેશક આવીને બાજઠ ઊપર બેઠા અને તેણીની નાડ જોઈને બોલેઓ કે " બાઈ ! તમારૂ દરદ સઘળુ ફેલાઈ ગયુંછે. પણ હું ઊમેદ રાખુંછું કે ઈશવરની ધાસતી હોશે એવું તમોએ ગુનાહનું કામ કીધું નહી હોએ. "

" અરે સાહેબ ! હું તે કીરતારની મોટી ગુનેહગાર થઈછું. મેં આ નીરપકારી ભલી છોકરીને બહુ નુકસાન કીધુંછે. અરે લીનેટ ! અરે લીનેટ ! તું કબુલ કર કે તું મને મારા અપરાધને વાસતે માફ કરીશ. "

લીનેટની આંખમાંથી આંસુની ધાર વેહછે અને બોલેછે કે "અરે ! પીઆરાં, પીઆરાં માજી.—"

" મુંગી રેહ, મુંગી રેહ. તું મને માજી કહીને ના બોલાવ. કારણ તેથી મારી છાતી વીંધાઈ જાએછે. (ધરમ ઊપદેશક સામુ હાથ જોડીને) સાહેબ હું ઘણી અપરાધી થઈછું. હું આ છોકરીની મા નથી. લીનેટ ! હું કાંઈ તારી મા થતી નથી. "

એટલું બોલતાં બોલતાં તેણીનું શરીર થર થર ધ્રુજવા માંડીઊં. પછી જરા વીસામો આપીને ધર

મ ઊપદેશકે પુછીઊં કે " બાઈ તારા બોલવાનો ભેદ સમજાવ. " તારે એ સ્ત્રી બોલીને:—

" સોલ વરસ ઊપર મારો ભરતાર મરણ પામેઓ તારે મારે પેટે એક નાહાની છોકરી જનમી હતી. તેણીના જનમ પછી પારીસ શેહરની કોઈ મડમ ડીપાનસ કરીને મોટા અમીરની સ્ત્રી આ શેહેરમાં રેહતી હતી; તેણીને પેટે આ મારી લીજેટ જનમી હતી. તે અમીરની સ્ત્રીએ મને દાઈ દાખલ નોકર રાખી અને મારે ઘેર પોતાનું બચું મને સોપીઊં. એ બચાંને તંદરોસત હાલતમાં આપીને મોટું ઈનામ મેલવવાની મને ઊમેદ હતી. પણ તેવામાં તે આજારી પડીઊં અને મરવા જેવું થઈ પડીઊં. તે અમીરની સ્ત્રી છ અઠવાડીઆં પછી પોતાની ગાડીમાં બેસીને મારા ઘર આગલ આવી અને પોતાનું બચું ગાડીમાં બેઠાં બેઠાં માંગીઊં. પણ તે બચું ઘણુ આજારી હતું તેથી મારૂ ઈનામ જતુ રેહવાના ઘબરાટમાં પડી અને તરત મારૂ બચું જે તંદરોસત હતું તે આપી દીધું. (જરા દમખાઈને) તે અમીરની સ્ત્રી પોતાનાં બચાંને તંદરોસત જોઈને ઘણી ખુશી થઈ. કેટલીએક ચુમીઆ લીધી અને બોલી કે " કેવું તંદરોસત બચું ! જાણે ચાર મહીનાનું હોએ એવું લાગે છે. " એમ બોલીને તેની કોણી ઊપર લાલ કાપો જોવા લાગી. તારે મેં કહીઊં કે " સેઠાણીબાઈ મેં તમને પરથમજ કહીઊં હતું કે તેતો ગરમીનો દાગછે અને જલદીથી જતો રેહશે. " શેઠાણી ખુશી થઈ અને ઈનામ આપીને પોતાના શેહેર તરફ ચાલતી થઈ. આ પરમાણે મેં બચાંઓને અદલ બદલ કીધાં. "

લીજેટ પોતાની કોણી તરફ જોઈને લાલ કાપો જોવા લાગી. અને બોલી કે આ રહેઓ તે લાલ કાપો. થોડોવાર સઘળાં ચુપ રહયાં. પછી લીજેટ આંખમાં પાંણી લાવીને બોલી કે " તારે તમે શું મારાં માંજી નહી કે ?"

" હું તારી ઊપર માના જેટલું હેત રાખુંછું. મારી સંભાલ નહીં હોત તો તું કાહારની મરી ગઈ હોત. પણ લીજેટ ! લીજેટ ! તું મારી ઊપર ગુસે થઈશ માં. " મને માફ કર. "

લીજેટ રડતી રડતી બોલેછે " હા ! હું માફ કરૂંછું. માફ કરૂંછું. તેંજ મને મોટી અને તંનદરોસત કીધી, તેંજ મને પીઆરમાં રાખીને સુખી કીધી. અને તારા અપરાધને વાસતે તારા મરણની છેલી ઘડીએ હું તારૂ દીલ દુખવવા ઈછતી નથી.

તે ધરમ ઊપદેશક બોલેઓ કે " બચાં તું ઘણી ભલી છોકરીછે. અને ડેમ મારગરેટ ! તેંતો ઘણો મોટો અપરાધ કીધોછે. તે વીશે પશતાવો કરીને ઈશવર ઊપર વીશવાસ રાખ, ને તારી ઊપર દયા કરશે. "મડમ ડી પાનસ" તમને ઘણો ઠપકો નહીં આપશે કારણ તમેતેના બચાંને જીવતું રાખીઊંછે."

" પણ મારૂ પોતાનું બચું મેં તેણીને આપી ઊછે અને તે બચાંને જોયા વગર, તેને ચુમી લીધા વગર હું મરણ પામુંછું. "

લીજેટ જરા ગુસામા આવીને નરમ અવાજથી બોલી કે " માજી ! તારે હું શું તમારૂ બચું નહીં કે ? "

" સાબાસ છોકરી, સાબાસ ! તારૂ ઈશવર ભલું કરજો. એ મીઠા બોલથી મરવાનું દુખ મને ઓછું લાગેછે " તેટલામાં તેણીની આંખ વીચાઈ ગઈ અને દમ નીકલી ગયો.

---

### ભાગ બીજો.

ડેમ મારગરેટના મરણ પછી લીજેટ પોતાની ખરી મા "મડમ ડી પાનસ" ને પારીસ મધે જઈને મલવાને વાસતે તઈઆર થઈ. પેલા ધરમ ઊપદેશક પાસેથી "મડમ ડી પાનસ" ઊપર એક પતર લીધો. તે પતરમાં મરનાર સ્ત્રીએ જે વાત મરતી વખત કબુલ કીધી હતી તે સઘળી લખી હતી. પોતાના કપડાં તથા થોડોએક સામન હતો તે એક પેટીમાં નાખેઓ અને પોતે સાદો પણ સોજો પોશાક પેહરીને પારીસ શેહેર તરફ જવાને નીકળી. પારીશ ખાતે જઈ પોહાચી તારે માંડવીના અમલદારે તેની પેટી ધારા પરમાણે તપાસી જોઈ. આ બીનાને મથાલે જે ચીત્ર આપીઊં છે તેમાં લીજેટ પારીસ મધે ઊભીછે અને તેની પેટી એક ફરેંચ અમલદાર તપાસેછે.

તે અમલદારે પેટી તપાસીઆ પછી તે જરાવાર તાંહાં બેઠી. તેની સાથે કોઈ સોબતી હતું નહી તેથી વીચારમાં પડી કે મોટા શેહેરમાં 'મડમ ડી પાનસ'નુ ઘર કેમ શોધી કાહડવું. એ વીચાર કરેછે તેવામાં માંડવીના એક કારકુને આવીને તાંહાંથી તે બીચારીને ઊઠાડી. તે એક હલકરીને શોધી લાવી અને તેને પે

ટી ઊચકવા આપીને મડમ ડી પાનસનું સરનામું તેના હાથમાં આપીઊં. હલકરીએ કહીઊં કે હું તેનું ઘર જાણુંછું. તું મારી પાછલ ચાલી આવ.

લીનેટ તે મોટા શેહેરનો અને તાંહાંની ઘીચ વસતીનો દેખાવ જોઈને ગભરાઈ ગઈ. તેણીએ મોટી ગાડીના અવાજ સાંભલીઆ નહી હતા. તેણીને ઘેરો એટલા મોટાં લાગીઆં કે જાણે વાદલને પોહચતાં હોએ. મોટી મોટી ઈમારતો જોઈને લીનેટની છાતી હખતી ગઈ. તેણીની નજરે સુંદર અને રોનકદાર દુકાનો પડી. તે બોલી કે "આવા દેખાવો વારે ઘડીએ જોવાથી મને કેટલી બધી ખુશી ઊપજશે. અરે ! આવા દેખાવો જોવાથી એક ઠગારી સ્રીએ મને દુર રાખી ! અરે હવે ગામડીઆની જે છોકરી મારી દોલત, મારૂ નામ અને મારી માતાનો પીઆર ભોગવેછે તેણીને જલદીથી જોઈશ. તે છોકરી અરે ! કેટલી મગરૂર હશે. પણ જારે હું આ કાગલ તેણીને આપીશ તારે તેણીને કેટલું દુખ ઊપજશે ! અને હું કેટલી ખુશી થઈશ" એવો વીચાર કરતી કરતી તે ચાલેછે તેવામાં તેણીની નજરે એક મોટું દેવલ પડીઊં. તે બોલી કે "અરે હું કેવી હલકી છોકરીછું. અરે કેવા ખરાબ વીચાર મને સુજેછે. શું હું તેને સઘળી વાતે દુખી કરૂં ? હું કેવી દયા વગરની છું. ઈશવર મને માફ કરે. ચાલ હું દેવલમાં જઈને ઈશવરની બંદગી કરી આવું. હલવાલા ભાઈ જરા તું હાંઈ ઊભો રેહ. હું આવુંછું."

તે દેવલમાં જઈને પગે પડી અને હાથમાં કાગલ પકડીને તથા તેની ઊપર નજર રાખીને બોલી કે "હે મારા ઈશવર ! તું મને આ વખતે કશીવત આપ. મારી મા આગલ જઈને શું બોલવું તે મને શીખવ. કે જેથી તે મને પોતાની દીકરી કબુલ રાખે અને મને પીઆરથી ચાહે. એક ગરીબ છોકરી જે ગામડામાં ઊછરેલી તે મોટી શેઠાણી આગલ કેમ બોલવું તે શું જાણે ? અને હે ઈશવર ! તું મારૂ દીલ પોચુ કર; અને જે છોકરીએ મારી જગા લીધીછે તેણીને નરમ બોલથી બોલવાની મારામાં શકતી આપ. અને મારા ખરા સુખથી અને ખરી માતાથી દુર કીધી તેમાં તે બીચારીનો વાંક નથી. હે ઈશવર હું તેની ઊપર પીઆર રાખું તેમ કર. કારણ મારા જવાથી તે બીચારી દુખી અને મા વગરની થશે."

આ પરમાણે ઈશવરની બંદગી કરીને પેલા હેલકરીને પછવાડે ચાલતી થઈ. મડમ ડી પાનસનું ઘર આવી પોહોચીઊં. જારે તે બારણા આગલ આવી તારે પોતાની માનું ઘેર, (પણ અણજાણ ઘેર) તેમાં દાખલ થતાં તેની છાતી ભરાઈ આવી. પછી હીમત લાવીને ઊપર ચહડી ગઈ અને જોરથી ઘાંટની દોરી ખેંચી. તે ઘેરની ચાકરડી ગભરાઈ ગઈ કે આવો જોરથી ઘાંટ કોણ વગાડેછે અને આવીને બારણુ ઊઘાડેછે તો એક ગરીબ ગામડીઆની છોકરી. તે છોકરીને ધમકાવીને તે ચાકરડી બોલી કે "તને એટલુંતો શું કામછે કે આવી રીતે ઘાંટ વગાડેઓ."

લીનેટે હીંમતથી જવાબ દીધો જે "મને મડમ ડી પાનસ" ને મલવુંછે.


"દુનીઆમાં આવી રીતે કોણ ઘાંટ વગાડે ? ખચીત હમારી શેઠાણી જાગી હશે." તારપછી તે લીનેટનો પોશાક જોઈને નરમ અવાજથી બોલી કે "શું તું મારસેલથી આવી અને તું ડેમ મારગરેટની છોકરી લાગે ?"

"હા, હું ડેમ મારગરેટની છોકરી કેહવાઊછું."

પેલી દાસીએ જવાબ દીધો જે તારે તમો ઊભાં રેહો, તમારી બેહન જે હમારી શેઠાણીની છોકરી લાગે તેને બોલાવી લાવું. તે પોતાની લીનેટને જોઈને ઘણી ખુશી થશે. તે દર રોજ લીનેટ વીશે ઈઆદ કરેછે."

થોડીએક મીનીટ પછી રેશમી જબાનો અવાજ સંભલાયો અને એક ઊંચી ખુબસુરત સ્રી આવીને પોતાના હાથ લાંબા કરીને બોલીકે "લીનેટ ! લીનેટ ! આવ મારી બેહન લીનેટ !" તેણીનો હાથ ઘણાજ પીઆરથી પકડીને બોલી કે બેહન ! તમે આવીઆં તે ઘણુજ સારૂ થયું. હું કેટલી ઊપકારી થઈ છુ કે ઈશવરે હઈ આવવાની તમને બુધી આપી. મારી દાઈ કેમ છે ? કેમ બોલતાં નથી ! ખચીત તમે મારેથી બીહતાંતો નહી હોવ ?"

લીનેટ બીચારી ગભરાઈ ગઈ. તેની બેહનપણી આવા પીઆરથી તેણીને આદરમાન આપશે એવું તે મુદલ ધારતી નહી હતી. પણ આવો પીઆર ભરેલો દેખાવ જોઈને તેણીના દીલમાં વેરને બદલે પીઆર ઊતપન થયો. તે બોલીકે ડેમ મારગરેટ મરી ગઈ. આ સાંભલી કચોરીલડા જે પેલી છોકરીનુ નામ



સીલોન મધે હાથી પકડવાની રીત.

હતુ તે બોલી "હાએ ! હાએ ! શું તે મરી ગઈ ! મારી ગરીબ દાઈ ! અરે બીચારી મરણ પામી. આપણે બેહુને એને માટે દલગીરી ઊપજેછે. બેહેન હવે તમે ફીકર કરશોમાં. તમારી હુંઈ માબીછે અને બેહેનણી છે. તમે આ વેળા એવું સમજીનેજ આવેલાં હશો. તે ઘણુ ઠીકજ થયુંછે. ખરે ખર તમે મારા બેહનછો અને આ ઘરનું દરએક માણસ તમને ચાહાશે, તમને માન આપશે અને તમારો હોકમ માનશે. (ચાકરો તરફ ફરીને) અને ચાકરો તમે સાંભલોછો કે ? આ બીજી કલા હમો બેહુ જણીઓએ એકજ દુધ પીધું માણસ તમે તેણીના હુકમમાં રેહેજો."


માલુમ ગ્લેન્ટ બોલી " પણ અરે હું માને મલવા ઈછુંછું—તે કાહાંછે ? "

કલાટીલડા બોલી કે શું મારી માને ! મારી માને તમે હમણા મલી સકશો નહી, કારણ તે સુતેલીછે. પણ બેહેન તમે મારી સાથે આવો. પીઆરા બેહેન ! આવો. તમને જોઈ મને ઘણોજ સંતોશ ઊપીજીઓછે. "એવું બોલીને લીજેટને મોટું સણગારેલું દીવાનખાનું તથા સુંદર ઓરડાઓ દેખાડેઆ. તાર પછી તે પોતાના ઓરડામાં લઈ ગઈ અને બોલી કે" આ મારો બેસવાનો ઓરડોછે, જમણી બાજુએ મારો સુવાનો ઓરડોછે, અને ડાબી બાજુએ મારો અભીઆસ કરવાનો ઓરડોછે. તેની પાછલનો ઓરડો મારી દાસીને આપેલોછે તે હું તમને આપીસ અને તેણીને સુવા માટે દુરનો ઓરડો આપીશુ. એટલે આપણે બેહુ બેહેનો આખો દાહાડો અને રાત પાસેના પાસે રેહશું. પણ કદાચ તમારી ઊંગ કાચી હશે અને મારાથી તમને કંટાલો આવશે. કારણ રાતના જારે તારે મારી તબીએત બીગડી આવેછે. મારી તબીએત એટલી ખરાબછે કે જરા મેહનત કરૂંછું કે તાવ આવેછે. મારો હાથ જુઓ તે તમને કેવો ગરમ લાગેછે ! તે તમને જોઈને ખુશી ઊપજીછે તેથી. હું જરા દુખ ભરેલી અથવા દલગીરીની ખબર સાંભલું તો મરી જાઊં એવી મારી તબીએતછે તેથી સઘળા જણ મને જરા પણ ગુસે કરતાં નથી. દરએક જણ મને ખુશી રાખવાની તજવીજ કરેછે. મારી સામે કોઈ બોલી શકે નહી. એ પરમાણે હું તદન બગડી ગઈછું. પણ આ નાજુકાઈ મને મારી માની તરફથી મલીછે. મારા બાપનું શરીરનો ઘણુ મજબુત હતું. એવું લોકો કેહેછે. મેં તો તેને દીઠો હોએ એમ ઈઆદ નથી. હું બે વરસની હતી તારે તે ઘોડા ઊપરથી પડીને મરણ પામેઓ હતો. પણ બેહેન ! તમે કેવાં સારીપખે દેખાવછો (તેના ગાલ ઊપર હાથ ફેરવીને) તમારા ગાલ કેવા ગુલાબના ગોટા જેવાછે; અને તમારા હાથ કેવા મજબુત અને ગોળછે. તમે કેવાં સુખી હશો. આજારી રેહેવું એ કેવી માઠા ભાએગની વાતછે. અને હું હમેશ આજારી રહુંછું—પણ તમે જવાબ આપતા નથી. કેમ ! શા માટે ? તમે એટલા ઠંડાં અને ભારેખમ કેમ છો ? શું તમે મારી ઊપર હેત નથી રાખતાં ?

લીજેટ અચકાતી બોલી કે "હું માતર હમણાજ આવીછું અને હું તમને હજીુર ઓલખતી નથી."

"તારે હું શું તમને વધારે ઓલખુંછું કે ? જારે બે બચાંઓ એકજ દુધ પીને મોટા થયા હોએ અને એકજ ઘોડીઆમાં સુતા હોએ તેઓ એકઠાં થાએ તારે એક બીજાં ઊપર હેત રાખવાને શું કાંઈ વરસનાં વરસ થવાં જોઈએ કે ? લીજેટ તમો એવું બોલેઆથી નઠારાં લાગોછો. આવો મને ચુમી લેઓ. નહીતો મારી તબીએત બીગડશે."

## હાથી અને તેઓને વીશે કેટલીએક જાણવાજોગ વાત.



બાઈઓ ! તમોએ હાથીની બુધી વીશે થોડી ઘણી વાતો સાંભલી હશે. જમીન ઊપર સઊથી મોટું જનાવર હાથી કેહેવાએછે. મોટામાં મોટા હાથી અગીઆરથી બાર ફુટ સુધીના માલુમ પડેઆછે તેઓની સાધારણ ઊંચાઈ આઠથી નવ ફુટ સુધીની જણાએલીછે. હાથીને પચાસ અથવા સાઠ વરસ થાએ છે તારે તે ઊમરે પોહોચેલો કેહેવાએછે. તેઓ ઘણ

કરીને ૧૨૦ વરસ સુધી જીવેછે. જેમ તેઓ વધારે કેલવાએલા હોએછે તેમ તેઓની કીંમત વધારે ઘણી એછે.

હાથીની ચામડી ઘણુ કરીને કાલા રંગની હો એછે. પણ કેટલાએક હાથી તદન સફેત ચામડીના આવેછે. આપણા દેશની ઊગમણ દશાએ બરહમ દેશછે તાંહાં સફેત હાથીની લોકો પુંજા કરેછે અને દેવની મીસાલે ગણેછે. દરબારની તરફના સફેત હાથીને વાસતે એક સુંદર મંદીર અથવા દેહરૂ બંધાએછે અને તેને સારૂ સારૂ પકવાન તથા મીઠાઈ ખવાડેછે. આપણા દેશી રજવાડામાં હાથી રાખવાનો ઘણો ચાલ માલુમ પડેછે. બાદશાહ અથવા રાજાની સવારી નીકલેછે તારે હાથી ઊપર રાજા અસવાર થઈને બેસેછે. હાથીને તે વખતે જુદા જુદા રંગથી રંગીને ખુબસુરત બનાવેછે. હાથીની ચાકરી કરવાને ઘણુ કરીને પાંચ માણસ અને એક છોકરો રાખવો પડેછે.

અસલના વખતમાં લોકો હાથી ઊપર બેસીને લડાઈ કરતા હતા. હાલ લડાઈનો સામન તથા બોજો ઊચકી લઈ જવામાં હાથીને કામે લગાડેછે. બરાબર કેળવાએલો હાથી લડાઈમાં હીંમતથી ઊભો રેહેછે અને જાંહાં સુધી ઘણોજ ઘાએલ થતો નથી તાંહાંસુધી હાર ખાતો નથી. એક હાથીના બદનમાં તીસ ગોલી ગઈ તોપણ તે લડાઈમાંથી હઠેઓ નહી. તે હાથી પાછો સારો થયો હતો.

જરૂર પડેતો હાથી ૪૮ કલાકમાં ૨૦૦ માઈલ ચાલી શકે. વગર મુશકેલીથી દરરોજ ચાલીસ પચાસ માઈલની મંજલ કરી શકેછે. એક જણ પાસે હાથી હતો તે જારે જંગલમાંથી મંજલ કરતો હતો તારે કેરી અથવા હરએક સારૂ ફલ તેની સુણથી લેવાઈ શકાએ તે તોડીને પોતાના માવધ એટલે હાંકનારને આપતો હતો. માવધ જારે તેમાથી તેને ખાવાને આપે તારે તરણ વખત સલામ કરીને અથવા સુણ ઊંચી કરીને તે ખાવાનું લેતો હતો. રસતામાં જતાં ઝાડની ડાલી અથવા ઝાડ નડેતો તે પોતાની સુણથી ખેંચી કાહડતો હતો.

હાથીઓ તોપ ઊચકવાના કામમાં આવેછે. આ બીનાને મથાલે જે ચીત્ર આપીઊંછે તેમાં હાથીએ પોતાની સુણમાં તોપ ઊચકી લીધીછે..

હાથી પકડવાને ઘણીએક રીતો કામે લગાડેછે. સીલોનમાં હાથી પકડવાને ઘણા અજાએબ તરેહના ઊપાએ કામે લગાડેછે. સીલોન મધે હાથી પકડવાનું ચીત્ર આ જગોએ આપેલુંછે. સીલોનના હાથી ઘણા વખણાએછે. જે જંગલમાં હાથી ઘણા હોરેછે તે જંગલમાં એક મોટો ખાડો ખોદી રાખેછે પછી હાથીની શોધમાં તેઓ નીકલેછે. જારે હાથીઓનું ટોલું માલુમ પડેછે તારે મોટી મોટી મસાલો સલગાવીને તથા બંદુકોના બાહાર કરીને તથા રંણસીંગડાઓ વગાડીને તેઓને ગભરાટમાં નાખીને જે જગોએ ખાડા ખોડેલા હોએછે તે તરફ તેઓને હાંકેછે કેટલીએક વખતે કેળવાએલા હાથીનેજ બીજા હાથી પકડવા વાસતે કામે લગાડેછે. પકડાએલા હાથીનો ગુસો નરમ પાડવાને વાસતે તેઓને કેટલાએક દીવસ ભુખા રાખેછે. અને રાતના ઊજાગરો કરાવેછે.

સઘળા જનાવરોમાં હાથીની બુધી વધારે માલુમ પડીછે. કલકતાના એક હાથીની વાત તમોએ સાંભલી હશે. તે હાથી પાણી પીવાને જતો હતો તેની સુણમાં એક દરજીએ પોતાના ઘરની બારીમાં બેઠા બેઠા સોઈ ભોંકી. તેવખત તે જનાવરે પોતામો ગુસો જણાવેઓ નહી પણ જારે પાછો આવેઓ તારે પોતાની સુણમાં પાણી ભરતો આવેઓ અને દરજીની બારીમાં એ સઘળું પાણી ખાલી કીધું. બીચારા દરજીના સીવવાના સઘળા કપડાં પાંણીથી તરબોળ થઈ ગયાં.

એક બીજી વાત સાંભલો. અજમેરમાં એક હાથી રોજ બજારમાં થઈને જતો હાતો તેને ફલ વેચનારી એક ઓરત એક ફલ ખવાડતી હતી. એક વખત એવું બનીઊ કે માવધના હાથમાંથી તે હાથી ઘેલો થઈને નાશો અને રસતામાં જે કાંઈ આવીઊં તે કચરીને જોરથી નાસવા લાગો. પેલી ઓરતબી તેને દુરથી જોઈને ઘબરાઈ ગઈ અને પોતાની ટોપલી તથા એક બચાંને મુકીને નાઠી. તે જગા ઊપર જારે તે હાથી આવેઓ તારે સઊ કોઈએ જાણીઊંકે બચાંને કચરી નાખશે. પણ નહી ! તે બચાંને પોતાની સુણ વતી હલુસે ઊચકીને પાસેના ઓટલા ઊપરમુકીઊં અને તાંહાંથી પાછો નાઠો. સઘે લોકોએ સાબાસનો અવાજ કાહડેઓ. એવી એવી ઘણીએક વાતો હાથીની બુધી વીશે જણાએલીછે.

—o—

## પડોસણ વચે કજીઓ.

બેહેનો ! ઘણા લોકો કેહેછે કે દુનીઆમાં જંજાલ અને આબદા ઓછી નથી. એ વાત કાંઈ ખોટી નથી. એ આબદામાં જાણી જોઈને વધારો કરવો એ ખરેખર મુરખાઈછે. આબદા અને જંજાલીનાં વાહાણો ભરી ભરીને આવેછે. કોણ જાણે કહા મુલકમાંથી આવેછે તેની આપણને ખબર નથી. કેટલાએક લોકો એવા મુરખ છે કે પોતાને હાથે રહીને એ આબદામાં વ[illegible] [illegible]ખેછે. પડોસી સાથે કજીઓ ક[illegible] માણસ [illegible]વધારીઆ બરાબરછે.

માલુમ [illegible] ચીજ ખરીદ કીધી અને તેમાં ઠગાયાતો આખા અઠવાડીઆ સુધી જીવ બલેછે. કોઈ ખરાબ માણસ સાથે લેવડ દેવડનું કામ પડીઊંતો આખો મહીનો ખરાબ જાએછે. પણ પડોસી સાથે કજીઓ થયો તો આખા વરસ સુધી જીવ દલગીરીમાં રેહેછે.

કોહોલાઈ ફુઈના મરઘાં મટલી ડોસીના ઘરમાં જઈને હરકત કરેછે. મટલાઈનો બીલાડો કોહોલાઈના ઘરમાં જઈને મરઘીના ઈડાં ચોરી લાવેછે. મટલાઈનો અરધો દીવસ કોહોલાઈના મરઘા હાંકી કાહડવામાં જાએછે અને કોહલાઈનો મીજાસ મટલાઈનો બીલાડો હાંકી કાહડવામાં જતો રેહેછે. પછી બેહુ પડોસણો એક બીજા સાથે ટંટો કરીને વઢી પડેછે.

અરે પડોસીઓ ! પડોસીઓ ! તમે શા વાસતે સંપીને રહી નથી શકતા. તમો જરા અડચણ દુર કરવા વાસતે કજીઓ કરોછો અને મોટી અડચણ તથા આબદામાં આવી પડોછો. તમો નજીવા કારણ વાસતે લડીને તમારો જીવ બલાપામાં નાખોછો. વાસતે રે પડોસીઓ ! તમો એક બીજા સાથે સમજુતીથી ચાલો અને સંપીને રહો.

માણેકબાઈ ખાંડણીપરો લઈને મસાલો ખાંડેછે અને કુવરબાઈને કંટાલો ઊપજેછે. કુવરબાઈ પોતાનો ગલીચો ઓટલા ઊપર ઝટકાવેછે અને માણેકબાઈના ઘરમાં ધુરળ ઊડેછે. પછી બેહુ પડોસણો એક બીજાને તાંણા મેણા મારીને કજીઓ કરવા લાગેછે અને આખાં મોહોલામાં લોકોને પોતાના કજીઆથી બુમ બરાડા પાડીને જાણીતા કરેછે.

અરે પડોસીઓ ! પડોસીઓ ! થોડી ઘણી અથવા જરા તરા અડચણ ખમવાની ટેવ પાડો. થોડી ઘણી અડચણને વાસતે તમારા પડોસમાં કજીઆની આગ સળગાવોમાં. તમો એક બીજા સાથે સમજુતીથી ચાલો અને સંપીને રેહો.

નાથીબાઈનો વીઠલો અને તેજીબાઈનો હરગોવન એક બીજા સાથે રમતા મરાયા. વીઠલાએ પોતાની મા નાથીબાઈ આગળ જઈને ફરીઆદ કીધી અને હરગોવને પોતાની મા તેજીબાઈ આગલ પોતાની ફરીઆદ કીધી. બેહું પડોસણો એક બીજા ઊપર ઊતરી પડી અને મોટેથી બુમ પાડીને કજીઓ કરવા લાગી. નાથીએ કહીઊં કે તારો હરગોવન મરે અને તેજીએ કહીઊં કે તારા વીઠલાને સહીઅર કાકા ખાઓ.

અરે પડોસીઓ ! પડોસીઓ ! તમારા બચાંઓની રમતના નજીવા કજીઆ માટે શા વાસતે તમારા પડોસમા ઝેર વશાવોછો ? શા વાસતે તમો સમજુ અને મોટાં થઈને એક બીજા સાથે લડી પડોછો. અરે બેહેનો ! તમો એક બીજા સાથે સમજુતીથી ચાલો અને સંપીને રેહો.

રામકોરનો ધણી રાતના હરરોજ અગીઆર કલાકે આવીને બારણા ઠોકેછે. તેની પડોસણ સામકોરને કંટાલો ઊપજેછે. સામકોરનો છોકરો રામકોરના ઘરમાં જઈને મસતી કરેછે. પછી બેહુ પડોસણો એક બીજાનો વાંક કાહાડીને લડી પડેછે.

અરે પડોસીઓ ! પડોસીઓ ! તમો એક બીજાને ધીરજથી સમજાવવાને બદલે કજીઓ કંકાસ સા વાસતે લઈ બેશોછો ! શા વાસતે તમો એક બીજા સાથે સંપ રાખી શકતા નથી. અરે બેહેનો ! તમારા પડોસમાં કજીઆની આગ સલગાવીને તમારૂ સોહી બાલોના પણ એક બીજા સાથે સમજુતીથી ચાલો અને સંપીને રેહો.

બેહેનો ! તમારી પડોસણ જાતે કજીઆખોર હોએ અને તમારો વાંક કદાચ નહી હોએ તો તેણીને ઠેકાણે લાવવાને તમે શા વાસતે કજીઆખોર થાઓછો ! નરમ અને પીઆર ભરેલાં વચન કેહો, તમે તેણીની સાથે પીઆરથી ચાલો એટલે તે પોતાની મેલે ઠેકાણે આવશે. એક હડકાએલા મસતીખોર કુતરાની પાસ થઈને બે છોકરાઓને જવું હતું. એક છોકરાએ લાકડી લઈને તેની સામે લગાવી પણ તેથી તે કુતરો ચીરડાઈને વધારે ગુસામાં આવેઓ. બીજા છો-

કરાએ પોતાની પાસેથી રોટલીનો કટકો આપેઓ અને કુતરાએ તેને વગર હરકતે જવા દીધો તેજ મીસાલે તમોને જો કજીઆંખોર પડોસણ મલી હોએ તો તને ચીડવેઆથી અથવા તેની સામુ થયાથી તે વધારે કજીઆરખોર થશે. તેહની ઊપર ફતે મેળવવાને તમો પીઆર અને મોબત રાખો અને ધીરા તથા નરમ અવાજથી તેણીને સંભલાવો.

પડોસીઓ વચે કજીઆ થાએછે તારે થોડો ઘણો બેહુનો વાંક હોએછે. વચમાં જરા કચરો પડેઓ અથવા કોઈએ દીવાસલી મુકીતો કજીઓ તરત સલગી ઊઠેછે. અરે પડોસીઓ ! તમો ઈશવરથી બીહો. સંપીને રેહો તમારા કામ ધંધા ઊપર ધેઆંન પોહોંચાડો અને કોઈ દાહડે એક બીજા સાથે કંકાસ નહી કરો.

## (૫) ઘરને વાસતે સામાન કેવો ખરીદ કરવો ?

બેહેનો ! તમારો ભરતાર પઈસાવાલો નહીં હોએ તો તમે તમારા ઘરને વાસતે જરૂર કરતાં વધારે સામન ખરીદ કરાવતાં ના. ઘરમાં વાપરવામાટે હરએક સામન લેવો તે દેખાવ ઊપર ભુલાવો ખાઈને તકલીદી લેવો નહીં. બે પઈસા વધારે આંપીને મજબુત અથવા ઘણા દીવસ તકે તેવો લેવો કે વારે ઘડીએ ખરચમાં અને મેહનતમાં પડવાની ફરજ પડે નહીં ઘણા પઈસા નહી હોએ અથવા પોતાથી બનતું નહીં હોએ તો થોડો સામન લેવો પણ તકલીદી અથવા થોડા દીવસમાં આવી રેહે એવો સામન ખરીદ નહીં થાએ એવી જરૂર સંભાલ રાખવી.

હરએક સામન ખરીદ કરવાની અગાઊ પોતાના રેહેવાના ઘરની નાહાની મોટી જગા વીશે વીચાર કરવો ઘણો જરૂરનોછે. એક નાહાની કોટડીમાં રેહેના હોઈએ અને મોટા કદનો અથવા ઘણો સામન ખરીદ કીધોતો પઈસા ખરચીને અડચણ ખરીદ કીધી એમ સમજવું. વાસતે સામન ખરીદતી વખતે પોતાના ઘરની જગા વીશેનો વીચાર ધેઆનમાં રાખવો નાહાની જગામાં થોડો સામન રાખેઆથી ઘણી અડચણ ટલેછે એટલુંજ નહીં પણ જગાંબી ઠીક લાગેછે. હાલ મધીઅમ હાલતના આપણા લોકો ઘણા ખરાના ઘરમાં એવુંજ જોવામાં આવશે કે તેઓની રેહવાની જગા ઘણી નાહાની હોએછે અને સામાન ઘણો ભરેલો દીસેછે.

દાણો ભરવાને વાસતે તથા રાંધવાને વાસતે વાસણ તથા સુવાને વાસતે બીછાણું તથા કપડાં જણસ મુકવા વાસતે કબટ અથવા પેટી એટલી ચીજ સઘળા માણસને જરૂરનીછે એ ચીજો પોતાની શકતી મુજબ, પોતાના કુટંબ મુજબ અને પોતાની રેહવાની જગા મુજબ થોડી અથવા ઘણી સરવે કોઈને રાખવાની અગતછે.

દાણો ભરવાને વાસતે મ[illegible]ણો વારેઘડીએ ભાગે ફુટેછે તેની જગોએ લા[illegible] જનાવીને રાખી હોએ તો તે વધારે દીવસ ટકેછે ઘડીએ ખરીદ કરવાની કડાકુટ પડતી નથી. અગર મોરો નાજ વાસણ લેવાની ફરજ પડેતો કાચી માટીના કદી લેવાંજ નહી. રાંધવાના વાસણો તાંબા, પીતલનાં લેવાં અને તે ઘણા પાતલા નહી પણ મજબુત જોઈને લેવા.

બીછાણાને વાસતે ઘણુંજ મજબુત અને ટકાઊ કપડું લેવું. છીટ અથવા પાતલું કપડું જલદીથી ફાટી જાએછે અને વારે ઘડીએ નવું બનાવવાની તથા રૂ પીજાવવાની જરૂર તથા ખરચ પડેછે. કપડાં મુકવાને વાસતે પેટીના કરતાં કબાટ લીધી હોએ તે વધારે સવલ પડે. પેટીને ખાના નહીં હોવાથી જે ચીજ છેક તલીએ મુકેલી હોએ તે કાહાડવાને આખી પેટીના કપડાં ચુંથવાં પડેછે.

એટલી ચીજો ખરીદ થયા પછી મધીઅમ હાલત વાલાઓએ થોડાએક વધારે સામન ખરીદવો જોઈએ. એક નાહાનો ગલીચો અને તે નહી બનેતો મજબુત ચટાઈ રાખવી. રેહવાની જગો નાહાની હોએતો કોચની ખટપટમાં પડવું નહીં. બેચાર નાહાની ખુરસીઓ વધારે સવલ પડશે. જરૂર હોએ અથવા બનેતો એક ટેબલ રાખવી. ઓરડો નાહાનો હોએતો એક આરસી અને બે ત્રણ પીકચરથી વધારે રાખવાં નહી. નાહાના ઓરડામાં ઘણા પીકચરો ટાંગવાથી ઘણુ બેડોલ જેવું થઈ પડેછે.

રેહેવાના ઘરની બારીઓ પરમાણે અથવા વાડા પરમાણે થોડા ઘણા ફુલ તથા રોપાના કુંડાં રાખવાને હમો ભલામણ કરીએછે. આપણા ઘણાખરા લોકોમાં ફુલ રોપાના કુંડાં પોતાની બારીમાં અથવા વાડામા મુકવાનો ચાલ નથી. પણ એવો ચાલ જારી

થવાની ઘણી જરૂરછે. ફુલ તથા રોપાઓ આંખને સંતોશ આપેછે એટલુંજ નહીં પણ ફરસુદની વખતે આપણા દીલમાં આપણા કીરતાર વીશે કેટલાએક વીચાર ઊતપંત કરેછે.

શામન કેવી રીતે ગોઠવવો તથા ઘરનો બીજો કારભાર કેમ ચલાવવો એ વીશે આવતાં ચોપાંનીઆમાં હમારી વાંચનારી બાઈઓનું ધેઆંન પોહોચાડશું.

---

## માણસનું કઊવત.

માણસ જાતનું કઊવત કોઈ વેળાએ ઘણુજ માલુમ પડેછે. કોઈ "ટામસ ટોશમ" નામનો એક શખશ સવાસો વરસ ઊપર લંડંન શેહેરમાં થઈ ગયો છે. તેનું કઊવત અથવા જોર ૮૦૦ રતલનું હતું. નબળા માણસનું કઊવત ઘણુ કરીને ૧૨૫ રતલ અને જોરાવરનું ૪૦૦ રતલ કઊવત ગણવામાં આવેછે. પણ ઊપલા શખસનું ૮૦૦ રતલનું કઊવત હતું. તે પોતાની બીજી અને ચોથી આંગલી સાત આઠ ચીરૂટ પીવાની નલીચો મુકીને વચલી આંગલીથી ભાંગી નાખતો હતો.—તે છ ફુટ લાંબી ટેબલ પોતાના દાંતે વતી ઊચકીને ઘણીવાર સુધી રાખતો હતો. એવી રીતે કે ટેબલના પાયા તેના ગુઠણ સામે ઊભા રેહે. તેની સાથે વળી ટેબલને છેડે બે મણનો બોજો લટકાવતો હતો.

તેણે એક વખત તરણ ફુટ લાંબો અને તરણ ઈંચ જાડો ગોળ લોહોડાનો સળીઓ પોતાના જમના હાથમાં લઈને ડાબા હાથ ઊપર જોરથી મારેઓ અને તેને બેવડો વાળી નાખેઓ. એક તવેથો લઈને તેના બેઊ બાજુના છેડા બેહુ હાથમાં પકડેઆ. પછી તે તવેથાનો વચમાનો ભાગ પોતાની ગરદન ઊપર મુકીને જોરથી ડાબેઓ અને તેના બેઊ છેડા મરડીને પોતાના મોહોડા આગળ લાવેઓ તે મરડેલો ભાગ પાછો ગરદન ઊપર મુકીને સીધો કીધો.

એક માણસ વીશે એવું કેહેછે કે ટેબલને પોતાના દાંત વતી ઊચકીને કેટલોએક દુર લઈ જતો હતો તે શખસ જારે મજબુતીથી ઊભો રેહેતો હતો તારે કોઈબી શખસ પોતાનું ગમે તેટલુ કઊવત વાપરે પણ તેણે હીલાવી શકે નહીં. એક શખસ એવા જોરથી તીર ફેંકતો હતો કે ધાતુના જાડા વાશણને વીંધી નાખે.

---

## એક ઓરતની દલગીરી.

ઈંગલંડ દેશમાં એક ઓરત રેહેતી હતી. તે પોતાના ભરતારને ઘણીજ ચાહતી હતી. તેણીનો પોતાના ભરતાર ઊપર જે પેઆર હતો તેવો થોડીજ ઓરતોનો હશે. તે ઓરતને હમેલ રહેઆ અને તેણીના ભરતારને વાહણની ઊપર બાહાર ગામ જવું પડીઊં. તે બાહાર ગામ ગયો અને બે ત્રણ મહીના પછી તે ઓરતને પેટે બાલક દીકરો જનમેઓ. તે બાલક મોટું થયું અને તેણીનો ભરતાર બાહાર ગામથી આવેઓ નહીં હતો.

ભરતારની ગેર હાજરીમાં તે ઓરતે પોતાનો બધો પીઆર પોતાના બે વરસના બાલક ઊપર બાંધેઓ હતો. એક દીવસ તે બાળક ઘણુજ આજારી થઈ આવીઊં. તે જીવશે ઈઆ નહીં તે વીશે તે ઓરત મોટી ફીકર ચીંતામાં પડી. તે પોતાના ડાકટરને પુછવા લાગી કે—"વઈદરાજ! શું આ મારૂ બાલક મરી જશે? અરે વઈદરાજ! મને કેહો કે શું તે બીચારૂ મરી જશે?

વઈદરાજે જણાવીઊં કે "બાઈ! હમે હમારાથી બનશે તેટલી તેને જીવાડવાની તજવીજ કરશું; પણ તમે જાણોછો કે મરવા જીવવાનું સાહેબના હાથમાંછે."

તે ઓરત બોલી "અરે વઈદરાજ! તમે તેને બચાવો; હું મારા નાનકડા અને વાહાલા બુચાને માટે મારો જીવ આપીશ. વઈદરાજ! હું મારો જીવ આપીશ. તે મરે નહીં તેમ કરો."

ડાકટર બોલેઓ "બાઈ મુગા રેહો; મેહેરબાની કરીને મુંગા રેહો." તારે તે ઓરતે કહીઊં કે "અરે! જો તે જતો રેહેશે તો હું મરણ પામીશ.—અરે મારા પીઆરા વાહાલા બચાં તું જીવતો રેહે!"

તે ડાકટરને કરોધ ચહડેઓ અને બોલેઓ કે "બાઈ! તમે જો ગંભીરપણુ નહી રાખશોતો મને આ ઓરડો છોડીને જતું રેહેવું પડશે. તમે ગંભીર રેહો નહીતો તબી બીચારો મરણ પામશે અને તમેબી મરણ પામશો."

એટલું બોલેછે તેટલામાં તે બચાંના હાથ પગ ખેંચાયા અને તેના મોહોડાની શીકલ બીહામણી તથા દરામણી થઈ પડી. પોતાના બચાંની આવી હાલત જો

ઈને તે ઓરત બીહી ગઈ અને પોતાના મોહોડા ઊપર રૂમાલ ધાંકી લીધો.

તે બીચારૂ નાહાનુ બાળક ભરદુખમાં મોતના બીછાના ઊપર પડેલું ! મોત અને જીવ એક બીજા સાથે લડાઈ કરતાં હોએ અને તે બાળકને અતીઅંત દુખ ઊપજતું હોએ એવું માલુમ પડીઊં. તે બચું પોતાની માના બીછાના ઊપર પડેલું હતું. તેનો ચેહરો અને હાથ ફીકા મારી ગયા હતા. ગરીબ બીચારી સ્રી ! શું કરે ? તેની સામુ નજર કરે અને આંખમાંથી પરવાળા જેવા આસુ ખરી પડે. ડાકટર પોતાના સોબતી ડાકટરને નરમ અવાજથી કેહેવા લાગો કે ફેફસાં સુજી ગયાંછે. તે શબદ તેબાઈને કાને પડેઓ અને બોલી કે "અરે મારા બાલકની હવે મુદલ આશા નથી."

તે બચું એટલું તો દુખથી પીલાતું હતું કે જેમ થોડી મીનીટ તે વધારે જીવે તેમ બીચારૂ વધારે દુખી થતું હતું. તે દુખ જોઈને તેની માનો જીવ વધારે અને વધારે કચવાતો હતો. તે બચું મરણ પામશે એવા ખીઆળથી તે બેહોશ થઈ જતી હતી. તે બચાંના રમકડાં આસપાસ પડેલાં હતાં. તેને વાસતે બનાવેલા જબલાં, ટોપી, બુટ, કાચની કબટ મધે ટાંગેલા તેણીની નજરે પડતા હતાં તેમ તેમ તેણીનો જીવ વધારે કચવાતો હતો અને આંખમાથી દરક દરક આંસુના ટીપાં પડતાં હતાં.

કચવાતે દીલે અને બાંગેલી છાતીએ ઈશવરની પરારથના કરતી હુતી અને વારે ઘડીએ કડવા વચન બોલતી હતી. પણ સઘળું ફોકટ. બચુ મરવાની તઈઆરીમાં હતું. ફુલની નાજુક કલી ફુટીને તરત કરેમાઈ જવાની હતી. અરે ! તે બચાંને તેના બાપે પોતાની નજરે હજુરતો દીઠું નહીં હતું. એક બે મહીનામાં તેના આવી પોચવાની વકી હતી. તે બાઈ જારે તારે બોલતી હતી કે કાહારે તે મારો ભરતાર આવે અને આ મારાં પેઆરા અને ગોલાબી બચાને જોઈને સંતોશ પામે ! પણ અરે ! તે બાલકતું મોહું જોવાને આ વખતે તેનો બાપ કાંથી આવે.

તે બચાની ઊપર તે ઓરતે કેટલી મોટી આશા બાંધી હતી. તેની જતન કરવાને કોઈબી ખામી રાખતી નહી હતી. તેણીનો આખો દીવસ બાલકને રમાડવામાં જતો હતો. પણ અરે ! હવે તે બીચારી શું કરે. તેણીનુ પીઆરૂ રમકડું, તેણીની પેઆરી વસતુ અને તેણીના લોહીમાંથી પેદા થએલુ પેઆરૂ બચું થોડી પળમાં મરવાની તઈઆરીમાં હતું !!

તે મરણ પામીઊં. વઈદ તેની નાડ જોઈ. નાડ મુદલ હતી નહીં. ડાકટરે તે ઓરતનો હાથ પકડી રાખેઓ; પણ ઓરતે જોરથી ખેચી લઈને પોતાના માથા સાથે અફાડેઓ. અને તદન બે સુધ થઈને જમીન ઊપર પડી.

તે બચાને ઊચકીને ઘોરમાં દાટી આવેઆ તે નીબી તે બીચારીને ખબર રહી નહી. તે પાછી સુધીમાં આવી. પોતાની છાતી પોચી હતી તે લોહાડાં જેવી કઠણ રાખવાની તજવીજ કીધી. તેણીના મીતરોએ આવીને ધીરજ તથા દીલાસો આપેઓ અને થોડા દીવસમાં તેણીનો ભરતાર આવી પોહોચશે એમ કહીને તેણીને શાંત પાડવા લાગેઆ. તે બોલી કે "અરે ! જારે તે આવશે તારે પેહેલ વેહેલું તો એજ પુછશે કે "મારૂ બચું કાંહાંછે. અરે ! હે !" અરે મારા ભરતાર ! તેંતો તારા બચાને તારી નજરે મુદલ જોયુંજ નહીં."

એટલું બોલતા તેણીની છાતી પાછી બરાઈ આવી. "અરે મારા બચાં ! અરે મારા બચાં" એમ બોલતી બોલતી આખો દીવસ એક ઓરડામાંથી બીજા ઓરડામાં ફરતી ફરે. તે કરોધના જોરમાં આવીને વારે વારે બોલે કે 'ઈશવર ! તેં મારી ઊપર જુલમ કીધો. તું કેવો ઘાટકીછે કે મારા વાહાળા ફરજંદને મારી સોડેથી છીનવી લઈ ગયો."

નરમ દીલની પણ મુરખ સ્રી એકદમ દલગીરી તથા કરોધમાં આવીને પોતાના પેદા કરનાર ઈશવરને આવા ખરાબ સખુનો બોલવા લાગી અને તેનું ફલ તેણીને થોડા દીવસમાં ચાખવું પડીઊં.

મહીનો જતો રહેઓ અને તેણીના ભરતારના આવવાના કાંઈબી સમાચાર માલુમ પડેઆ નહી. એમ કરતાં ફીકરમાં અને ફીકરમાં બીજો મહીનો નીકળી ગયો અને હજુર કાંઈબી સમાચાર હાથ લાગેઆ નહીં. જે દરીઆ ઊપર થઈને તેનું વાહાણ આવતું હતું તે દરીઆ ઊપર મોટું તુફાન થઈઊં હતું પણ તેનું વાહાણ ડુબી જશે એવું કોઈ ધારતું નહી હતું. ત્રીજો મહીનોબી નીકળી ગયો અને તે અભાગણી ઓરતની ફીકર અને ધાસતી વધતી ગઈ. જે વાહાણ તેણીના ભરતારના વાહાણની પાછળ નીકલેઆં હતાં;

અને ચાલવામાં ઊતરતાં હતાં તે આવી પોહોચેઆં. તેઓ તે વાહાણ વીશે ફકત એટલુંજ જાણતા હતા કે તુફાન લાગુ હતું. તે ઓરતના સઘળા હોસ ઊડી ગયા. તેણીના મીત્રો ઘણુંબી સમજાવવા લાગા કે હજુર તેણીના ભરતારને આવવાની આશાછે, પણ તે ઓરત વધારે આશા રાખી શકી નહી.

અરે ! તેની દલગીરી અને દુખનો કોણ વીચાર કરી શકે ! બચાનું નુકશાન ધણીની આગળતો કાંઈજ નહીં. તેણીને જારે ઈઆદ આવતું હતું કે "મેં મારા ઈશવરને માઠા સખુનો વાપરેઆછે." તારે તેણીને ધ્રુજારો છુટતો હતો. તે બોલતી હતી કે રખેને ઈશવરે તે કારણ માટે તેણીને સજા કીધી હોએ.

પોતાના ભરતારની થોડી ઘણી આશા રાખવાની તેણીએ ઘણીબી તજવીજ કીધી પણ તેણીના દીલમાં આશા રહી નહી. તેણીના મીતરો વળી આવીને કેહે કે એ વાહાણ ડુબવાના સમાચાર મલેઆ નથી તેથી હજુર આવી પોહચવાની સઘળી આશા રાખવી જોઈએછે. આ સખુન સાંભળી તે ઓરતને જરા ધીરજ આવે. પણ તે કેટલો વાર ? ફકત બે ચાર મીનીટ; અને તાર પછી વળી દલગીરીમાં ગીરફતાર થઈ પડે.

પણ તાર પછી સમાચાર આવી પોહોચેઆ. તે વાહાણ ખરાબા ઊપર અપડાઈને ભાગીઊં હતુ. થોડાએક લોકો બચેઆ હતા. પણ તેણીનો ભરતાર ડુબી મુવો હોએ એવું તેણીના જણાવેઆમાં આવતું હતું—મીતરોએ આ સમાચાર તેણીને જણાવેઆ નહીં પણ તેઓની આંખમાં વાત કરતા આસું જોયા અને તરત સમજી કે તેણીના ભરતારના મરવા વીશેના માઠા સમાચાર આવેઆછે.

અરે ! અરે તેનીની નાજુક છાતીની ઊપર આ ઘા ઘણોજ ભારે હતો. તેણીએ જમીન ઊપર પછાડી ખાધી અને માંથુ કુટીને બોલી "અરે ? મારા નશીબ ! ઈશવરનો મારા ઊપર કેટલો બધો કોપ" એમ બોલેછે અને આખમાંથી આંસુની ધારા ચાલી જાએછે. તે બોલી કે મેં ઈશવરને જુલમી અને ઘાતકી કહેઓ તેથી મને આ સજા થઈ અને તે સજા કાંઈજ નહી પણ ઘરતી થાઈ." તે બોલી કે " ઈશ્વર અદલ અને નેકછે. તેણે મારા ઊપર હજુર રેહેમ રાખીછે નહી તો મારાપર કોણ જાણે વળી બીજી કેવી મોટી મુસીબત ગુજરત.

એ પરમાણે ધીરજ લાવીને પોતાના બીછાના પરથી ઊઠી. તેણીએ ચોકસ જાણીઊ કે હું ભરતાર વગર થઈ. તેણીએ વીધવા સ્ત્રીનો પોશાક પોહેરીઓ. તે રાત દીન ઈશવરની ભકતી કરવા લાગી અને તેણીના બચાંને તથા ભરતારને સુખ મળે એવી દુવા કીરતાર આગલ માંગવા લાગી. આ સંસાર અને દુનીઆ તેણીને મનથી અકારી થઈ પડી. એક દીસની ભકતીથી તેણીનું દીલ નરમ થતું ગયું. તેણીએ પોતાની સઘળી આશા પોતાના કીરતાર ઊપર બાંધી.

એક દીવસ તે બંદગીમાં બેઠી હતી અને તેણીના બારણા ખુલા હતાં. એકાએક તેણીના ભરતારનો આકાર નજરે પડેઓ. તે વીચારમાં પડી કે "હું સપનો જોઊછું કે શું." પણ મારી વાહાલી, મારી પેઆરી, બોલતો બોલતો તેનો ભરતાર આવી લાગેઓ અને પોતાની સ્ત્રીને પેઆરથી ભેટીઓ. તેણીનો પોશાક જોઈને તે સઘળુ સમજી ગયો અને પછી પોતે ભાગેલા વાહાણમાંથી કેમ બચેઓ તેની સઘળી વાત કહી. સ્ત્રીએબી પોતાની સઘળી વાત માંડીને કહી અને જણાવીઊં કે હું મારા કીરતારને બચાના મરણથી કરોધમાં આવીને ખરાબ સખુન બોલી તેનુ ફલ મને ચાખવું પડીઊ હતું—પણ ઈશવરે મારા ઊપર મોટી રેહેમ કરીને મને ગોયા આકાશમાંથી મારે વાસતે મારા ભરતારને જીવતો મોકળેઓ.

## શીરાજ શેહેરનો દેખાવ.

ઈરાન દેશ મધે શીરાજ એક મોટું અને નામીચું શેહેર કેહેવાએછે. એ શેહેરનો દેખાવ ઘણોજ ખુબસુરત તથા રોનકદારછે તે પાસેના ચીત્ર ઊપરથી માલુંમ પડશે. ઈરાનની રાજધાણી હાલ તેહેરાન શેહેરછે પણ અગાઊ કેટલીએક વેળાએ શીરાજ શેહેર આખા દેશની રાજધાણી ગણાતું હતું. શીરાજનો દારૂ વખણાએછે. ઈરાણના કેટલાએક મોટા અને જુના શેહેરોમાં અસલના ઈરાનની નીશાણો રહેલીછે તેમ શીરાજમાં માલુમ પડતું નથી. શીરાજ શેહેરની વાડીવંતરનો દેખાવ અને રચના ઘણી શોભાએમાન કેહેવાએછે. "હાફીજ" નામનો નામીચો ગરંથકાર શીરાજ શેહેરમાં થઈ ગયોછે.

એ શેહેરમાં [illegible] વચે [illegible]

પર ઊંચી ઊંચી મસીદો તથા મીનારા આવેલાછે તેથી એ શેહેરના શુંદર દેખાવમાં વધારો થાએછે, એ શેહેરનો બાહારનો દેખાવ આવો સુંદરછે તોપણ ગલીઓ ઘણી સાંકડી અને ગલીચ માલુમ પડીછે. કરીમખાને મોટી બજાર અથવા મારકીટ બાંધીછે તેથી એ શેહેર રોનકદાર ગણાએછે. આ દેશમાંથી રૂઊ તથા મસાલો ખશરાને મારગે થઈને શીરાજ શેહેરમાં જાએછે અને તાંહાંથી ઈરાન અને બીજા શેહેરોમાં પોહોચતો થાએછે. દારૂ પાકેછે તે શેહેરની પાસેના ડુંગર ઊપર પાકેછે. વસતી ૪૦ હજાર આદમીની ગણાએછે.

---

## ગરભવાલી સ્ત્રીઓને સુચના.

સ્ત્રીની જીંદગીમા ઘરભ અવશથા એ મોટો બનાવ ગણાએછે. આ વખતે તેને નવી ધાશતી અને નવી ઊમેદ પેદા થાએછે. આ વખતે તેના અસલ ચેહરા અને શકતીમા ફેરફાર થાએછે આ વખતે તે હેવું ચાહે છેકે તેની નવી હાલતમાં શુખસાથ પાર ઊતરવા તેની ચાલ ચલણથી બનીઆવે. સાધારણ સથીતીમા તંદરોસતી કેમ જાલવવી તે વીશે તે શમજતી હોએ પણ આ વખતે જેવારે તેના પોતાના જાંનની સાથ બીજા બાલકની હસતી જોડાએલીછે તે જાલવી રાખવી એ મોટી ફરજ શમજી તેને હેવી રીતે જનમ આપવો કે જેથી કરી આગલ જતાં તે પુર તંદરોસતી ભોગવે. આ વખતે તેને સાધારણ જીંદગી પાલવાના નીઅમો લાગુ પડતા નથી.

આપણા લોકોમાતો તંદરોસતી જાલવવાના મુલ કાએદાઓ જાહજા માલુમ નથી. આપણા લોકોમા નાહનપણમો લગણ થાએછે અને સ્ત્રી પુરી શમજવાલી અને અનુભવ વાલી થઆ આગમજ માતાનું કામ ચલાવવાને ફરજ પડેછે. તેથી ગરભ હાલતમો તેને પોતાની તંદરોશતી શી પરકારે બચાવવી અને જે બીજું પરાંણી આ દુનીઆમા અવતરે તેને શી રીતે સુખી અને નીરોગી પેદા કરવું એ જાણવાની ભારે અગતછે.

કોઈ કોઈ વાર અતીજુવાંન સ્ત્રીઓ હાવી હાલતમા આવી પડેછે તેમનાથી પોતાની આશપાશની અનુભવવાળી બુઢી ઓરતો પાશથી તજવીજ કરી શલાહ લઈ ચાલવાને આચકો લાગેછે અને તેથી કરી પોતાનો તથા બચાંનો જાંન ધાશતીમા નાખેછે.

જેવારે એક કદાવર અને જોરાવર ઓરત હમેલદાર થાએ તેવારે આગલનીજ માફક તે જો પોતાની તંદરોસતી જાલવવાની પેરવી કરે અને આ નવી સથીતીને લગતી થોડી ઘણી સંભાલ રાખેતો તેને કાંઈ નુકસાંન થતું નથી. પણ આ રીતનીબી સંભાલ રાખવાને આ વખતે વધારે જરૂરછે અને એમ જો ન કીધું તો પછે તેને ખમવું પડેછે એટલુંજ નહી પણ ઘણીવાર તે તથા તેનું બાલક જોખમમા આવી પડેછે.

ઘરભ સથીતીમા તંદરોસતી બચાવવાને ગફલત કીધીતો ઘણીવાર છોકરૂં અધુરે મહીને શુકાઈને મરણ પાંમેછે તેથી કરીને તેની સુખાકારીને આચકો લાગેછે અને તે જાથુક બીમાર રેહછે. વળી જો ઓરત આગળથી તંદરોસતીની જતન કરેછ તેને વીઆતી વખતે કસતાવું થોડું પડેછે અને કાંઈપણ નુકસાંન થીઆ વગર જલદીથી છોકરૂં અવતરેછે.

આગલા અનુભવથી પુરી ખાતરી શુધાં સાબેત થીઊછે કે હમેલની વખતે માવજત રાખીતો પછી સુવાવડમા અને ધવાડતી વખતે સારી સુખાકારી રેહછે.

ઘરભઅવસથા, શુવાવડ અને ધાવણ આ તરણે પરસંગોને અતલગનો સંબંધછે. ઘણી ઓરતો સુવાવડનીજ માતર દરકાર રાખેછે અને હમેલની તથા ધાવણની કાંઈ ચીંતા કરતી નથી. આપણે ઊપર જોઈછે કે શુવાવડપર હમેલ કેટલો અમલ કરેછે. વળી હમેલ અને સુવાવડની ધાવણપર ઘણી અસર થાએછે. એ માટે આ તરણે કાંમોને નીરાલાં શમજવાં નહી. એ સઘલાં એકજછે. હમેલથી કાંમની શરૂઆત થાએછે, શુવાવડ વચલે બારે આવેછે અને ધવાડવાના કામથી એ પુરૂં થાએછે. એ પરથી સાફ દીસે છે કે અસતરીને બાલક જનમે તારથી નહી પણ જે દીવસથી તેને હમેલ રેહ તે દીવસથી પોતાને માતા ગણવી અને તેને લગતી ઊમદા ફરજો બજાવવાને તઈઆર રેહવું જોઈએ.

આ વખતે પોતા મારેજ નહી પણ પેટમાના બચાંને ખાતર તપાસીને ચાલવાની જરૂરછે. બચાંના બદનની તરબીઅત માતાની ગરભ સથીતીથી સરૂ થાએછે. ઓરતને તથા તેના પેટમાના હમેલને એટલો તો અતલગનો સંબંધછે કે માતાના અંગની અથવા

મનની પરકરતીમા ફેરફાર થયો. એટલે તે બચાંપર પણ અશર કરેછે. આ વાતતો સઘળાઓએ ખરો માનવી કે બચાંનો બાંધો અને તનદરોસતી માતાની ચાલપર આધાર રાખેછે. અનુભવપરથી સીધ થીઉછે કે જેણીએ હમેશ વખતે પોતાની બરાબર સંભાલ લીધી તેનું બાલક મજબુત પેદા થાએછે પણ માદાં ભાએગે તે જો પોતાની કાંઈ દરકાર ન રાખે અને બેપરવાઈ રાખે તથા ગરભની નવી ફરજો પર ધીઆન નહી દીએ તો ખચીત તેનું બાલક ઘણી પરકારે દુખી થાએ છે અને એ દુખો માતાના શરીરમાથી તે બીચારાંને લાગુ પડેછે.. કોઈ કોઈ વખતે દરદી ઓરતોના બાલકો જનમતી વેલા ઘણા સોભીતાં અને જોરાવર દીસે છે પણ થોડી મુદતમા તેમને દરદો જાહેર થાએછે જે દરદોની જડ તેમનાં જનમ અગાઊ દટાએલી માલુમ પડેછે.

સાધારણ અવસથામા મરદ તથા ઓરતને એક શરખા નીઅમો તંદરોસતી માટે પાલવા પડેછે પણ ગરભ વેળાએ તે હાલતમા ફેરફાર થાએછે અને તે કાએદા ઊપરાંત બીજાં નીઅમો પાલવા જોઈએ કે તંદરોસતીનો બચાવ થાએ.

જુવાંન નાજુક અસતરીઓપર લગન થીઆથી ઘણી માઠી અશર થાએછે. કોઈજ વાર હેવા બાંધાની ઓરતોના અંગમા સાદીથી કુવત આવેછે અને હમેશમા તે જોર પુરી રીતે ટકી રેહછે પણ ઘણી વેળા એમ થતું નથી. આપણા જોવામા ઘણી નાજુક ઓરતો આવેછે જેઓને એકાદ બે બચાં થીઆ પછી પોતાનો પીઆરો જાંન ખોવો પડેછે. હેવી પરકરતીની બાંનુઓમા લગન અગાઊ ખહીની કસર હોવાથી જીંદગીનું કુવત તુટી જાએછે અને જોર ઘટેછે તેથી ફરી આ દરદનો ગલબો ઊઠેછે અને જે જીંદગીનો નહી લગન થીઆથી બચાવ થાત તેનો નાશ થાએછે. આ વાતપર મા બાપોએ ખુબ લખશ દેવું ઘટેછે. તેઓએ પોતાની નાજુક સુંદર દીકરીને ઘરેણા માટે અને પઈસા માટે એક તવંગર ગરહસથ જે તેના મરણ પછી તરતજ બીજી જુવાંન ઓરતને પોતાના હલકા હવસો પુરા પાડવાને રાખવા માટે આચકો ન ખાએ તેની સાથ લગન કરવાને અટકાવ કરવો જોઈએ. હેવી નાજુક ઓરતોના મુદલ લગન ન થવાં જોઈએ. આ વાત આપણા લોકોના વીચાર પરમાણે ઠીક લાગતી નથી અને આપણામા નાવલી ઊમરે લગન થાએછે માટે એમ બનતુ પણ નથી. આપણા જોવામા કોઈવાર આવેછે કે કોમલ અસતરીઓ જેઓમા ખહીના દરદની કશર હોએછે તેમના લગન થીઆ પછી હમેશ રેહછે તારે આ દરદનો અટકાવ થાએછે પણ બાલક અવતરીઆ પછી એ દરદ બમના જોરથી પાછું સરૂ થાએછે અને તેનો જાંન ઘાત થાએછે. કોઈજ વેલા કદાચ હેવું બનેછે કે ઊપરા સાપરી હમેશ રેહછે અને ઓરત પોતે હઈઆતી ભોગવેછે.

જેવારે આપણ જાંનતા હોઈએ કે બચાંઓમા ખહીની કસરછે તો તેમના એક બીજાં સાથે લગન ન કરવાં જોઈએ. એમ કીધાથી તે બચાંઓનેજ માતર ધાસતીછે એટલુંજ નહી પણ આવી ધાસતી તેમના હવે પછીના બાલકોને વધારે રેહછે. હેવા મા બાપના બચાંઓમા ખહીની કશરની બમણી અસર થાએછે. આ દુનીઆમા માતર પીડા ભોગવી ચાલતાં થાએછે વાસતે હેવાં લગનના જોડાં થતાં અટકાવ થવો જોઈએછે. જો એક કુટંબમા ખહીની અસર ચાલતી હોએ તો તેમા એકબીજાંના લગન થતાં અટકાવ કરવાને ડાકટરોએ મા બાપોને ચેતાવવું જોઇએછે અને નાંધ પણે હેવાં લગનો કરવાની માઠી રસમ ચાલી જાએછે માટે ડાકટરોની આ ફરજ મોટીછે. અનાડી અને જંગલી બરાંમણો તથા મોબેદો પાસ રાસ ટપકા દેખડાવીઆ કરતાં આવા હોલે ઊતરનારા દરદોના વાલીઓએ અનુભવવાળા ડાકટરોની સલાહ લેવી જોઈએછે.

(મલેલુ.)

---

## સર આઈસાક નીઊટન વીશે થોડીએક વાતો.

આ નામીચા પુરૂશ વીશે તમે વાંચીઊં અથવા સાંભલીઊં હશે. એણે વીદીઆની બાબતમાં મોટી મોટી સોધો કીધીછે. તે એક ગરીબ ભરવાડનો છોકરો હતો. ઈસવી સન ૧૬૪૨ માં જનમેઓ હતો. બાલપણથી નાના નાના સાંચાઓ બનાવવા પછવાડે તેનું મન લાગેલું હતું.

તેને ભણવાનું મન એટલું તો લાગેલું હતું કે તેની મા મેંદાઓને તેની સાથે વેચવા મોકલે તારે પોતે એક જુના ઘરમાં ભરાઈને દેવાલની ઊપર કોએલાથી હીશાબ કરે. વીદીઆ ભીઆસ કીધા પછી તથા કેટ

પર ઊંચી ઊંચી મસીદો તથા મીનારા આવેલાંછે તેથી એ શેહેરના શુંદર દેખાવમાં વધારો થાએછે, એ શેહેરનો બાહારનો દેખાવ આવો સુંદરછે તોપણ ગલીઓ ઘણી સાંકડી અને ગલીચ માલુમ પડીછે. કરીમખાને મોટી બજાર અથવા મારકીટ બાંધીછે તેથી એ શેહેર રોનકદાર ગણાએછે. આ દેશમાંથી રૂઊ તથા મસાલો બશરાને મારગે થઈને શીરાજ શેહેરમાં જાએછે અને તાંહાંથી ઈરાન અને બીજા શેહેરોમાં પોહોચતો થાએછે. દારૂ પાકેછે તે શેહેરની પાસેના ડુંગર ઊપર પાકેછે. વસતી ૪૦ હજાર આદમીની ગણાએછે.

---

## ગરભવાલી સ્ત્રીઓને સુચના.

સ્ત્રીની જીંદગીમા ઘરભ અવશથા એ મોટો બનાવ ગણાએછે. આ વખતે તેને નવી ધાશતી અને નવી ઊમેદ પેદા થાએછે. આ વખતે તેના અસલ ચેહરા અને શકતીમા ફેરફાર થાએછે આ વખતે તે હેવું ચાહે છેકે તેની નવી હાલતમાં શુખસાથ પાર ઊતરવા તેની ચાલ ચલણથી બનીઆવે. સાધારણ સથીતીમા તંદરોસતી કેમ જાલવવી તે વીશે તે શમજતી હાએ પણ આ વખતે જેવારે તેના પોતાના જાંનની સાથ બીજા બાલકની હસતી જોડાએલીછે તે જાલવી રાખવી એ મોટી ફરજ શમજી તેને હેવી રીતે જનમ આપવો કે જેથી કરી આગલ જતાં તે પુર તંદરોસતી ભોગવે. આ વખતે તેને સાધારણ જીંદગી પાલવાના નીઅમો લાગુ પડતા નથી.

આપણા લોકોમાતો તંદરોસતી જાલવવાના મુલ કાએદાઓ જાહજા માલુમ નથી. આપણ લોકોમા નાહનપણમો લગણ થાએછે અને સ્ત્રી પુરી શમજવાલી અને અનુભવ વાલી થઆ આગમજ માતાનું કામ ચલાવવાને ફરજ પડેછે. તેથી ગરલ હાલતમો તેને પોતાની તંદરોશતી શી પરકારે બચાવવી અને જે બીજું પરાંણી આ દુનીઆમા અવતરે તેને શી રીતે સુખી અને નીરોગી પેદા કરવું એ જાણવાની ભારે અગતછે.

કોઈ કોઈ વાર અતીજુવાંન સ્ત્રીઓ હાવી હાલતમા આવી પડેછે તેમનાથી પોતાની આશપાશની અનુભવવાળી બુધી ઓરતો પાશથી તજવીજ કરી શલાહ લઈ ચાલવાને આચકો લાગેછે અને તેથી કરી પોતાનો તથા બચાંનો જાંન ધાશતીમા નાખેછે.

જેવારે એક કદાવર અને જોરાવર ઓરત હમેલદાર થાએ તેવારે આગલનીજ માફક તે જો પોતાની તંદરોસતી જાલવવાની પેરવી કરે અને આ નવી સથીતીને લગતી થોડી ઘણી સંભાલ રાખેતો તેને કાંઈ નુકસાંન થતું નથી. પણ આ રીતનીબી સંભાલ રાખવાને આ વખતે વધારે જરૂરછે અને એમ જો ન કીધું તો પછે તેને ખમવું પડેછે એટલુંજ નહી પણ ઘણીવાર તે તથા તેનું બાલક જોખમમા આવી પડેછે.

ઘરભ સથીતીમાં તંદરોસતી બચાવવાને ગફલત કીધીતો ઘણીવાર છોકરૂં અધુરે મહીને શુકાઈને મરણ પાંમેછે તેથી કરીને તેની સુખાકારીને આચકો લાગેછે અને તે જાશુક બીમાર રેહછે. વળી જો ઓરત આગળથી તંદરોસતીની જતન કરેછ તેને વીઆતી વખતે કસતાવું થોડું પડેછે અને કાંઈપણ નુકસાંન થીઆ વગર જલદીથી છોકરૂં અવતરેછે.

આગલા અનુભવથી પુરી ખાતરી શુધાં સાબેત થીઊછે કે હમેલની વખતે માવજત રાખીતો પછી સુવાવડમા અને ધવાડતી વખતે સારી સુખાકારી રેહછે.

ઘરભઅવસથા, શુવાવડ અને ધાવણ આ તરણે પરસંગોને અતલગનો સંબંધછે. ઘણી ઓરતો સુવાવડનીજ માતર દરકાર રાખેછે અને હમેલની તથા ધાવણની કાંઈ ચીંતા કરતી નથી. આપણે ઊપર જોઊંછે કે શુવાવડપર હમેલ કેટલો અમલ કરેછે. વળી હમેલ અને સુવાવડની ધાવણપર ઘણી અસર થાએછે. એ માટે આ તરણે કાંમોને નીરાલાં સમજવાં નહી. એ સઘલાં એકજછે. હમેલથી કાંમની શરૂઆત થાએછે, શુવાવડ વચલે ગાળે આવેછે અને ધવાડવાના કામથી એ પુરૂં થાએછે. એ પરથી સાફ દીસેછે કે અસતરીને બાલક જનમે તારથી નહીં પણ જે દીવસથી તેને હમેલ રેહ તે દીવસથી પોતાને માતા ગણવી અને તેને લગતી ઊમદા ફરજો બજાવવાને તઈઆર રેહવું જોઈએ.

આ વખતે પોતા માટેજ નહી પણ પેટમાના બચાંને ખાતર તપાસીને ચાલવાની જરૂરછે. બચાંના બદનની તરબીઅત માતાની ગરભ સથીતીથી સરૂ થાએછે. ઓરતને તથા તેના પેટમાના હમેલને એટલો તો અતલગનો સંબંધછે કે માતાના અંગની અથવા

મનની પરકરતીમાં ફેરફાર થયો એટલે તે બચાંપર પણ અશર કરેછે. આ વાતતો સઘળાઓએ ખરી માનવી કે બચાંનો બાંધો અને તનદરોસતી માતાની ચાલપર આધાર રાખેછે. અનુભવપરથી સીધ થીઊછે કે જેણીએ હમેશ વખતે પોતાની બરાબર સંભાલ લીધી તેનું બાલક મજબુત પેદા થાએછે પણ માઠાં ભાએગે તે જો પોતાની કાંઈ દરકાર ન રાખે અને બેપરવાઈ રાખે તથા ગરભની નવી ફરજો પર ધીઆન નહી દીએ તો ખચીત તેનું બાલક ઘણી પરકારે દુખી થાએ છે અને એ દુખો માતાના શરીરમાથી તે બીચારાંને લાગુ પડેછે. કોઈ કોઈ વખતે દરદી ઓરતોના બાલકો જનમતી વેલા ઘણાં સોભીતાં અને જોરાવર દીસે છે પણ થોડી મુદતમા તેમને દરદો જાહેર થાએછે જે દરદોની જડ તેમના જનમ અગાઊ દટાએલી માલુમ પડેછે.

સાધારણ અવસથામા મરદ તથા ઓરતને એક શરખા નીઅમો તંદરોસતી માટે પાલવા પડેછે પણ ગરભ વેળાએ તે હાલતમા ફેરફાર થાએછે અને તે કાએદા ઊપરાંત બીજાં નીઅમો પાલવા જોઈએ કે તંદરોસતીનો બચાવ થાએ.

જુવાંન નાજુક અસતરીઓપર લગન થીઆથી ઘણી માઠી અશર થાએછે. કોઈજ વાર હેવા બાંધાની ઓરતોના અંગમા સાદીથી કુવત આવેછે અને હમેશમા તે જોર પુરી રીતે ટકી રેહછે પણ ઘણી વેળા એમ થતું નથી. આપણા જોવામા ઘણી નાજુક ઓરતો આવેછે જેઓને એકાદ બે બચાં થીઆ પછી પોતાનો પીઆરો જાન ખોવો પડેછે. હેવી પરકરતીની બાંનુઓમા લગન અગાઊ ખહીની કસર હોવાથી જીંદગીનું કુવત તુટી જાએછે અને જોર ઘટેછે તેથી કરી આ દરદનો ગલઓ ઊટેછે અને જે જીંદગીનો નહી લગન થીઆથી બચાવ થાત તેનો નાશ થાએછે. આ વાતપર મા બાપોએ ખુબ લખશ દેવું ઘટેછે. તેઓએ પોતાની નાજુક સુંદર દીકરીને ઘરેણાં માટે અને પઈસા માટે એક તવંગર ગરહસથ જે તેના મરણ પછી તરતજ બીજી જુવાંન ઓરતને પોતાના હલકા હવસો પુરા પાડવાને રાખવા માટે આચકો ન ખાએ તેની સાથ લગન કરવાને અટકાવ કરવો જોઈએ. હેવી નાજુક ઓરતોના મુદલ લગન ન થવાં જોઈએ. આ વાત આપણા લોકોના વીચાર પરમાણે ઠીક લાગતી નથી અને આપણામા નાહલી ઊમરે લગન થાએછે માટે એમ બનતુ પણ નથી. આપણા જોવામા કોઈવાર આવે છે કે કોમલ અસતરીઓ જેઓમા ખહીના દરદની કશર હોએછે તેમના લગન થીઆ પછી હમેશ રેહછે તારે આ દરદનો અટકાવ થાએછે પણ બાલક અવતરીઆ પછી એ દરદ બમના જોરથી પાછું સરૂ થાએછે અને તેનો જાન ઘાત થાએછે. કોઈજ વેલા કદાચ હેવું બનેછે કે ઊપરા સાપરી હમેશ રેહછે અને ઓરત પોતે હઈઆતી ભોગવેછે.

જેવારે આપણ જાંનતા હોઈએ કે બચાંઓમા ખહીની કસરછે તો તેમના એક બીજા સાથે લગન ન કરવાં જોઈએ. એમ કીધાથી તે બચાંઓનેજ માતર ધાસતીછે એટલુંજ નહી પણ આવી ધાસતી તેમના હવે પછીના બાલકોને વધારે રેહછે. હેવાં મા બાપના બચાંઓમા ખહીની કશરની બમણી અસર થાએછે. આ દુનીઆમા માતર પીડા ભોગવી ચાલતાં થાએછે વાસતે હેવાં લગનના જોડાં થતાં અટકાવ થયો જોઈએછે. જો એક કુટંબમા ખહીની અસર ચાલતી હોએ તો તેમા એકબીજાના લગન થતાં અટકાવ કરવાને ડાકટરોએ મા બાપોને ચેતાવવું જોઈએછે અને નાથ પણ હેવાં લગનો કરવાની માઠી રસમ ચાલી જાએછે માટે ડાકટરોની આ ફરજ મોટીછે. અનાડી અને જંગલી બરાંમણો તથા મોબેદો પાસ રાસ ટપકા દેખડાવીઆ કરતાં આવા હાથે ઊતરનારા દરદોના વાલીઓએ અનુભવવાળા ડાકટરોની સલાહ લેવી જોઈએછે.

( મલેલુ. )

---

## સર આઈસાક નીઊટન વીશે થોડીએક વાતો.

આ નામીચા પુરૂશ વીશે તમે વાંચીઊં અથવા સાંભલીઊં હશે. એણે વીદીઆની બાબતમાં મોટી મોટી સોધો કીધીછે. તે એક ગરીબ ભરવાડનો છોકરો હતો. ઈસવી સંન ૧૬૪૨ માં જનમેઓ હતો. બાલપણથી નાના નાના સાંચાઓ બનાવવા પછવાડે તેનું મન લાગેલું હતું.

તેને ભણવાનું મન એટલુંતો લાગેલું હતું કે તેની મા મેંઢાઓને તેની સાથે વેચવા મોકલે તારે પોતે એક જુના ઘરમાં ભરાઈને દેવાલની ઊપર કોએલાથી હીશાબ કરે. વીદીઆ બીઆસ કીધા પછી તથા કેટ

લીએક શોધો કીધા પછી એક દીવસ પોતાના ઓરડામાં કાંઈ વીચારમાં બેઠો હતો અને તેની પાસે જમવાનું ભાણું પડેલું હતું. તેનો એક મીતર આવીને તેનું ભાણું જમી ગયો પણ તેની તેને કાંઈ બી ખબર રહી નહી. જારે વીચાર કરી રહેઓ તારે તેણે પોતાના ભાણા તરફ જોયું અને એવું જાણીઊં કે "હું પોતે જમી ગયોછું."

એકુ વખત ઘોડા ઊપર બેસીને ફરવા જતાં ઘોડા ઊપરથી ઊતરીને તેની લગામ હાથમાં પકડીને વીચારમાંને વીચારમાં ચાલતો હતો. ઘોડો તેના હાથમાંથી છુટી ગયો તેની તેને ખબર રહી નહી અને પોતાનો હાથ એમનો એમ જાણે લગામ પકડી રાખી હોએ તેમ રાખીને આગલ ધીમે ધીમે ચાલતો હતો. તેના મીતરો મલેઆ અને તેને જણાવીઊં તારે તેની સુધ ઠેકાણે આવી. તે એટલો બધો વીદવાન હતો અને ઘણીજ અગતની તથા માહાભારત શોધો કીધી હતી તોપણ તે ઘણો નમનતાઈ ભરેલો હતો. તે જારે તારે બોલતો હતો કે હું હજુર ઘણુજ થોડું જાણુંછું. વીદીઆનો માહાસાગર ખેડેઆ વગરનો પડેલોછે અને તેના કીનારા આગલ હું ગલોટીઆં ખાયા કરુંછું.

## ધાતુની ખાણ.

ઘણીએક ઊપીઓગી વસતુઓ ધાતુની બનેછે. ધાતુ ઘણી જાતની આવેછે. તે ખાણમાથી નીકલેછે. ખાણ ખોદેછે તારે પેહેલો પથરનો માતબર જમીનનો આવેછે. આ પથરમાં જનાવર તથા ઝાડ પાલાનું ઘણું ખાતર મલેલું હોએછે. એની નીચે બીજી જાતનું માટીનું પડ આવેછે. એ માટીના નળીઆં, વાસણ, ઈંટો ને બીજી વસતુઓ કુંભાર કરેછે. તેની તલે પથરના પડ આવેછે. એમાના પથર ઘર વગેરે બાંધવાના કામમાં આવેછે. ઘણી ખરી ધાતુઓ જમીનમાં ઘણી ઊંડી રહેલી હોએછે.

સારી મોટી ખાણમાં પેસવાની એક મોટી ભાગલ હોયછે. પણ તેમાં થઈને આગલ ચાલીએ કે એક મોટા પોહોલા કુવા જેવું આવેછે. તેના મોહોડાંની ચારે મેર પાટીઆં જડી લીધેલાં હોએછે. માંહે ઊતરવાને વચમાં દોરડાં લટકતાં હોએછે. એ દોરડે ટોપલીઓ બાંધેલી હોએછે. તેમાંબેસીને ખાણમાં ઊતરેછ, ને પાછા બાહાર નીકલવું હોએ તારે તેમાં બેસેછે, એટલે ઊપરના માણસ ખેંચી લેછે. ખાણમાં ચાયવા તથા કોદારીથી ખોદવું ઘણું અઘરું પડેછે. માટે તેમાંના ખડકોમાં નજરાવતી એટલે દેશવતી સુરંગ ખોદેછે અને તેમાં દારુ ભરેછે, ને તલે સળગાવેછે એટલે પેલા ખડકો મોટા જોરથી ભડકો થઈને ફાટેછે.

ધાતુ ઘણું કરીને માટી અને પથર સાથે મલેલી હોએછે. એ મીશરને ખોદી કાડી ટોપલીઓમાં ભરેછે. પછી તે ટોપલીઓ ઊપરના માણસો ખેંચી લેછે. તે ઊપર તેના ઢગલા કરેછે. તાંહાંથી ગાડાંમો ભરીને વખારમાં લઈ જઈ નાખેછે. પછી મોટી મોટી ભઠીમાં નાખી તેને ગાલેછે અને કચરાથી જુદી પાડેછે.

હોપ સીરીજ.

## પેલીશી નામના એક કુંભારની વાત.

ચીની કોડી કામના વાસણો ઊપર હાલ જે એટલો બધો ચલકાટ જોવામાં આવેછે તે ચલકાટ આપવાની રીત પેહેલવેહેલી પેલીસી નામનાં એક ફરેચ કુંભારે શોધી કાહાડી હતી. તેણે એક કોડી કાચનું પેઆલું જોએઊં તેવું પોતાને હાથે બનાવવાને તેનું મન લાગીઊં. તે બનાવવાને તેણે દરએક રીત તપાસી જોઈ; પોતાના સઘળા પઈસા ખરચી નાખેઆ, પોતાનો સઘળો સામન વેંચી નાખેઓ, અને તજવીજ કરતાં કરતાં પોતે છેક એક ભીખારી જેવો બની ગએઓ. એની જગોએ બીજો માણસ હતેતો તેણે કાહારનું છોડી દીધું હોત. પણ આ શખસે પોતાની તજવીજ ચાલુ રાખી અને આખેર ફતે પામેઓ. તે બનાવવાનો છુપો ભેદ શોધી કાહાડેઓ અને તેની મેહેનતનો પુરો બદલો તેને મલેઓ.

એ કુંભાર વીશે એક બીજી જાણવાજોગ વાત છે. એ શખસ સચાઈને ચાહનો હતો અને મુરતી પુંજવાને ધીકારતો હતો તેથી તેના ઘણા દુસમનો થઆ હતા. જારે ને નેવું વરસનો બુઢો હતો તારે તેના દુસમેનોએ તેને પકડાવેઓ. તેને ફરાંસના બીજા હેનરી નામના રાજા પાસે તેઓ ઘસડીને લઈ ગએઆં અને જણાવીઊં કે આ કુભાર કાંઈ જુદીજ જાતનો ધરમ માનેછે. રાજાએ કહીઊં કે " જો તું તારો નવો ધરમ છોડી નહી દઈસતો તારા દુસમેનોના હાથમાં હું તને આપી દઈશ અને પછી તેઓ ગમે તેવી તને શીખશા કરશે " પણ પેલા જઈફ કુંભારે જવાબ દીધો કે

" આખા ફ્રાંસ દેશના રાજા ! કદાચ જે ચીજ તને અ
" ઘટતી માલુમ પડતી હશે તે તું જુલમની ધાસતીને
" લીધે કરીશ; પણ જે ચીજ મને ખોટી માલુમ પડે
" છે તે ચીજ જુલમથી મારી પાસે કરાવવાને, તથા
" જે મુરતી હું મારે પોતાને હાથે બનાવુંછું તેને જુ
" લમથી પગે લગાડવાને આ દુનીઆ ઊપર કોઈની
" શકતી નથી."

## પરચુરણ બાબદો.

**બરફ બનાવવાનો સાંચો**—પારીસ મધે બરફ બનાવવાનો સાંચો હાલ શોધી કાહડેઓછે તેની તારીફ ઘણી કરવામાં આવેછે. એ સાંચાની મદદથી ૧।। કલાકમા ચાર મણ બરફ બની શકેછે.

**કાગલની નેવી બનાવટ**—કાગલ કપડાના ચીંથડાં માંથી બનેછે તે સરવે કોઈ જાણેછે. હાલ ચીંથડાના કરતાં સસતી ચીજમાંથી કાગલ બનાવવાની હીકમત શોધી કાહાડવામાં આવીછે. ડાકટર કાલીઅર નામના શખસે ઘાંસના પેંડામાંથી કાગલ બનાવવાની કલા શોધી કાહાડીછે. બે ટન ઘાંસના પેંડામાંથી એક ટન કાગલ ઉંચી જાતના બની શકેછે.

**કબુતરનો હીસાબ**—બાઈઓ ! તમારી વીચારવાની શકતીને મેહેનત આપશો તેમ તમારી બુધી અને મંમલાઈ વધશે. વાસતે આ કબુતરોનો સેહેલો હીસાબ વીચારીને કેહો.

" બે ઝાડની ઉપર કબુતરો બેઠા હતાં. એક ઝાડ ઉપરનાં કબુતર બીજાઓને કેહેઉં કે તમારામાંથી એક જણ ઉડીને હમારા ઝાડ ઉપર આવેતો તમારાથી હમો ચોગણા એટલે ચાર ગણા થઈએ, તારે બીજા ઝાડ ઉપરના કબુતરોએ કહીઉં કે તમારાંમાંથી એક જણ આવેતો આપણે બેહુ સરખા થઈએ." તારે એક એક ઝાડ ઉપર કેટલાં કબુતર બેઠાં હતાં તે વીચારીને કેહો.

**નેક માણસ ઊપર દુખની અસર**—એક વખાણએલો કવી કેહેછે કે નેક માણસ ઉપર દુખની અસર કેવી થાએછે તે જોવું હોએતો આકાશ તરફ જોઆથી માલુમ પડશે. વાદલ આવીને મંદરને થોડીવાર ઘેરેછે પણ જરા વારમાં તે વીખરાઈ જઈને મંદરને વધારે ચલકાટ ભરેલો કરેછે. તેમજ નેક માણસની ઉપર દુખ અથવા આફત આવેછે તેમ તેના ગુણ વધારે પરકાશી નીકલેછે.

**ઈશવર એકજછે**—આ જગતનો બનાવનાર ઉતપન કરનાર અને ચલાવનાર, સરવ શકતીમાન, સરવ ગ્નાની અને સરવ સમરથ ઈશવર એકજછે. સુરજ તેનો ઉતપન કરેલો સંઘુથી ખુબસુરત પદારથછે તોપણ તે જાતે ઈશવર નથી. સુરજ પોતાના પરકાશથી દુનીઆને રોશની આપેછે અને દુનીઆ ઉપરના સરવે પરાણીઓને જીવતાં રાખેછે તેટલા માટે તું તેની તરફ અચરતીથી જો, પણ તેને ઈશવર માનીને તેની પુંજા અથવા ભકતી કરતો ના.

(નીતી વચન.)

**ઈંગલંડના સરાફો**—ઈંગલંડ મધે પેહેલ વેહેલા શરાફો અથવા પઈસા ધીરનારાઓ આઉધી લોકો ઘણા હતા. તારપછી તેરમી સદીમાં જેનોઆ, વેનીસ અને ફલારંસ મધેથી સરાફો આવીને વસેઆ.

**ખરી સીખામણ**—બીજાઓના સારાં કામ અને સારા ગુણ ઉપર નજર કરો અને તમારાં ખરાબ કામ અને ખરાબ ગુણ ઉપર નજર કરો. એ બેહુનો મુકાબલો કરી જુઓ એટલે તમારામાં ઘણી નમનતાઈ આવશે. ઘણાખરા માણસો તેથી ઉલટું કરેછે અને પછી પોતાના કેટલાએક સારા ગુણથી ફુલાઈને ફાટી જાએછે.

**અંધીઆર ઓરડામાં સુવાની સંભાલ રાખવા વીશે**—થોડા અઠવાડીઆં ઉપર ઈંગલંડ મધે એક માઠો બનાવ એક કુટંબમાં બુનેઓછે. તે ઉપરથી સાઉચેતી રાખવાની ઘણી જરૂરછે. એક ઈંગરેજ, તેની સ્ત્રી અને તરણ છોકરાં એક નાહાના ઓરડાના સઘળા બારી બારણા બંધ કરીને સુતા હતા. સવારના પાંચ કલાકે સ્ત્રી ઉઠી તે મોટી મુશકેલીથી દમ લઈ શકતી હતી. તેણીએ પોતાનું નવ મહીનાનુ બાલક તદન મુવેલું દીઠું. તે પોતાના ભરતારને ઉઠાડવા જાએછે તો તેળી ગભરાઈ ગએલો માલુમ પડેઓ. તારપછી તરણ વરશના છોકરાને ઉઠાડવા જાએછે તો તેળી મરણ પામેલો. ત્રીજો છોકરો જે નવ વરસનો હતો તે હધ મુવા જેવો થઈ ગએલો હતો.

**વીજલીથી વણવાનો સાંચો**—જારથી વણવાનો આગનો સાંચો માલુમ પડેઓછે તારથી કાપડ કેવું સેહલાઈથી અને સફાઈથી વણાએછે તથા સસતી કીમતે મલી શકેછે એ બીના સરવે કોઈને માલુમછે. અગાઉ હીંદુસથાનના લોકો ઈઉરોપખંડના લોકોને કાપડ પુરૂ પાડતા હતા, અને હાલ ઈંગલંડના લોકો હીંદુસથાનના લોકોને તથા બીજા દેશના લોકોને સસતી કીમતે સારૂ કાપડ પુરૂ પાડી શકેછે. હાળ વળી કાપડ વણવાના કામમાં નવી શોધ થએલીછે. વીજલીની મદદથી કાપડ વણવાની કલા હાથ લાગીછે અને તેથી ઘણો ફાએદો થશે.

**ઊંટ કેવું ઊપીઓગી જનાવરછે!**—ઉંટ કેવું ઉપીઓગી જનાવરછે તે તમે જાણતા હશો. રેતીના જંગલમાં તો ઉંટ વગર ચાલેજ નહીં. ૭૫૦ રતલનો બોજો સેહેલાઈથી ઉંચકી શકેછે એટલા બોજા સુધા દર રોજ ૩૦ થી ૩૬ માઈલની મંજલ કરી શકેછે. એવી મંજલ અઠવાડીઆના અઠવાડીઆ સુધી કરે અને જરૂર પડેતો દર રોજ ફકત એક રતલ ખોરાક અને એક બાટલી પાણીથી તે નીભી શકે. આસટરેલીઆનાં મુલકમો ઉંટો દાખલ કરવાની હાલ ગોઠવણો ચાલેલીછે.

**વીલાતમાં વરતમાન પતરોની સંખીઆ**—ઈંગલંડ, સ્કાટલંડ અને આએરલંડ દેશમાં સધળા મલીને ૧૦૪૧ વરતમાન પતરો છપાએછે. તે મધે ઇંગલંડમાં ૭૫૯, સકાટલંડમાં ૧૩૮ અને આએરલંડમો ૧૨૯ એ મધે ૫૦ વરતમાન પતર દર રોજ છપાએછે.

---

"**મેહેનત કરો**"—મેહનત કરો અને તમારી રોટલી તમે પેદા કરો અને જુવો કે તે કેવી મીઠી લાગેછે. મેહેનત કરો અને જુઓ કે તમે કેવાં સારા થાઓછો. મેહેનત કરો અને જુઓ કે કેવા તમે ખુશી રેહોછો. મેહેનત કરો અને જુઓ કે તમે કેવા સવતંતર થાઓછો. મેહેનત કરો અને જુઓ કે તમારૂ કુટંબ કેવું સુખી થાએછે. મેહેનત કરો અને જુઓ કે તમે કેવા નીરોગી થાઓછો.

---

### લોભ વીશે કવીતા.

લોભે દાર ધણોરે ઘટે
લોભે માન મરજાદા મટે.
લોભે ન રહે રૂડી રીત
લોભે ન રહે પ્રોટી પ્રીત.
લોભે ભલો રહે નહીં ભાર
લોભે ચાલે નહીં વેહેવાર.
લોભે સધળા લક્ષણ જાય
લોભે ભારે હલવો થાય.
લોભે વીદ્યા નવ પોશાય
લોભે પુણીઅ અતુલ જાય.
લોભે લક્ષણ સધળા સુળ
લોભ પાપ સધળાનું મુળ.

કવી સામલભટ.

---

### વીવાની વધામણીનું ગીત.

આ મેરૂ મોંઘા મુલનું. એ રાગનુંછે.
કોડે કામની કહે સુણો કંથજી
અતિ હરખે પામી હતો આજ. વિવાની વધામણી.
મારે મોટો મંડાવોને માંડવો
નેહો સગળો કુટંબી સમાજ. વિવાની૦ ॥ ૧ ॥
કંકુ છાટીને લખજો કંકોતરી
પામે પ્રેમથી સગળા સ્વજંન. વિવાની વધામણી.
છજે છાજતા રંગ છટાવીએ
દીવે ધારીને દિન ધન્ય ધન્ય. વિવાની૦ ॥ ૨ ॥
શણગાર સજાવીએ શોભતા
હેતે લાવો રૂડાં હીર ચીર. વિવાની વધામણી.
મોઘાં મોતી માણકમણી મુલવો
વેગે જાઓ મારી નણદીના વીર. વિવાની૦ ॥ ૩ ॥
ફુમે સાકળો કામની હાંડીઓ
ઝાઝાં ઝુમર ઝાક ઝમાળ. વિવાની વધામણી.
કાજુ કામના તકતા કરાવજો
વડા ઉંચાને વિમળ વિશાળ. વિવાની૦ ॥ ૪ ॥
ખુબ ખીરે તેવી ઘણી ખુરશી
મેલો મંડપમા મોટા મેજ. વિવાની વધામણી.
રૂડાં કામને દાંતના રમકડાં
આણો ઓપે એવાં ઘણાએજ. વિવાની૦ ॥ ૫ ॥
વાજાં ગાજાં વિવિધ વજડાવિએ
ગાશે ગોરીઓ મંગળ ગીત. વિવાની વધામણી.
આવી ખેલાડી આપણે આંગણે
ખાતે માંડશે ખેલ ખચીત. વિવાના૦ ॥ ૬ ॥
મીઠા મેવા મંગાવોને મુલથી
કેળાં, કેરી, અંજીર અનાર. વિવાની વધામણી.
આજ સાજન માહાજન આવશે
ખુબ ખાસો, તમાસો થનાર. વિવાની૦ ॥ ૭ ॥
મને સાંભળતાં સુખ સાંપડયું
મારા મનમાં આનંદ ન માય. વિવાની વધામણી.
રૂડો દિવસ દીવાળીથી દશ ગણો
નાણુ એથી અધિકતો ગણાય. વિવાની૦ ॥ ૮ ॥
ભાવે હું મારા ભાઈ ભોજાઈને
લેખ લાયકી સહિત લખીશ. વિવાની વધામણી.
મારી બેનપણીને બોલાવવા
મારાં માણસને મોકલીશ. વિવાની૦ ॥ ૯ ॥
મારી સાસુજીને કહું સ્નેહથી
રાજી રાજી થશે શુણી સર્વ. વિવાની વધામણી.
આજ ગોર ગોરાણીને નોંતરૂં
આજ પર્મ પવિત્રછે પર્વ. વિવાના૦ ॥ ૧૦ ॥
પાકાં પાનને સારી સોપારીઓ
લાવો એળચી લીલાં લવિંગ. વિવાની વધામણી.
કાથો ચુનો કપુર પુરી કરી
રચો બીડાં રહે જેમ રંગ. વિવાની૦ ॥ ૧૧ ॥
હુતો હરખે દેખુ દશે દીશામાં
આજ અધિકો દિસેછે ઉજેશ. વિવાની વધામણી.
કહુ દલપતરામના દેવને
હરો આપજો અમને હમેશ. વિવાની વધામણી. ॥૧૨॥

---

### સ્ત્રીએ ધણી જોડે કેમ વર્તવું—ગરબી.

સુણો સાહેલી તે વાત નીજ ધર્મનીજો ॥
કદી કાડશો નહીજ બાહાર મર્મનીજો ॥ સુણો૦ ॥ ૧ ॥
સદા જો જો પીઉને ઉમળકા થકીજો ॥
વધે સંપ થાએ સુખ જાણો નકીજો ॥ સુ૦॥ ૨ ॥
જેથી નીપજે કંકાસ તેના આદરોજો ॥
સદા સદગુણો સહજ દીલમાં ધરોજો ॥ સુ૦॥ ૩ ॥
હરેક કામમાં લેજો સ્વામીની સંમતી જો ॥
તેનું ધારશો નહીજ ખોટું રતી જો ॥ સુ૦ ॥ ૪ ॥
વગર પુછે છેડો ન તેની વાતને જો ॥
ધમકાવશો ન નિચ તેના સાથને જો ॥ સુ૦ ॥ ૫ ॥
વિદ્યા નીતિની તે જાણ સારી લહો જો ॥
થઈ પ્રધાનને વીચારરડા કહો જો ॥ સુ૦ ॥ ૬ ॥
નીજ સંસારનું ભલું તે નેહેથી કરો જો ॥
બુરે બૈરામા કુસંપે નાહી ધરોજો ॥ સુ૦ ॥ ૭ ॥
ઘરકાજ આટપીને બાળકો શીખવો જો ॥
નરમદ બહ્મને સદૈવ મન ધારવોજો ॥ સુ૦ ॥ ૮ ॥

# સ્ત્રીબોધ

પુસતક ૪ થું    મારચ ૧૮૯૦    આક ૨ જો


## હીરાંબાઈનો મંદવાડ.

જીવણજી નામનો કોઈ પારસી મુંબઈ મધે ખેતવાડી આગલ રેહતો હતો. તે પરચુરણ અથવા ફુટકલ ધંધો કરીને પોતાનું ગુજરાણ ચલાવતો હતો. તે મોટા કુટંબવાળો કેહવાનો હતો. કોહોલાઈ નામની તેની છતરીસ વરસની એક સ્ત્રી હતી. તેણીને પેટે તરણ છોકરા અને ચાર છોકરી હતી. તેઓ મધે હીરાંબાઈ નામની છોકરી સઉથી મોટી હતી. છોકરાને પેટબી છોકરાંઓ અવતરેલાં હતાં.

હીરાંબાઈ કોટ મધે કોઈ મનચેરજી નામના પારસી સાથે પરણી હતી. મનચેરજી ઘણી ખરાબ સંગતમાં અને ખરાબ લતમાં પડેલો હતો. તેને હીરાંબાઈનું મોહોં જોવું ગમે નહીં. જે તે વાતમાં તેણીની સાથે ચીથડાં ફાડે. જે તે વાતમાં તેણીને ગાલો દીએ. હીરાંબાઈ જરા ચું કરીને બોલે કે તેણીની ઊપર લાત મુકીનો વરસાદ વરસાવે. હીરાંબાઈથી આવું દુખ સહન થઈ નહી શકે. તે બીચારી જારે તારે પોતાને પીએર જઈને પોક પોક મુકીને રડે. એક દીવસ હીરાંબાઈના હાથમાંથી એક રકાબી પડી ગઈ અને મનચેરજી ભાઈનો મીજાજ જતો રહીઓ. મનચેરજીએ ઊઠીને હીરાંબાઈને ચાર પાંચ લપડાક ખેંચી કાહાડી. હીરાંબાઈ બોલી કે "તમે શા વાસતે મને એટલી બધી મારોછો. મેં જાણીજોઈને રકાબી ભાંગી નથી." એટલું સાંભલતાંનેવાર મનચેરજી ભાંઈનો મીજાજ છેકજ તપી ગયો અને દાંત પીસીને તેણીના પેહડુમાં એક લાત ઘણા જોરથી મારી. ગરીબ બીચારી હીરાંબાઈ ગુમરી ખાઈને જમીન ઊપર બેહોસ પડી. ઘણીવાર સુધી ... રહી. પછી ઊઠીને પડોસણના ઘરમાં ગઈ અને ત્યાં ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

પડોસણને હીરાંબાઈની હાલત ઊપર ઘણી દયા ઊપજી. તેણીએ પોતાના છોકરાને હીરાંબાઈની મા પાસે એ બીનાથી વાકેફ કરવાને મોકલેઓ. હીરાંબાઈની મા કોહોલાઈ તરત ગાડી કરીને આવી અને પોતાની દીકરીને પોતાને ઘેર લઈ ગઈ.

રાતના હીરાંબાઈને પેહડુમાં ઘણુંજ દરદ થયા કીધું. તેણીને બોલવા કે કાંઈ વાત કરવા ગમે નહીં. સવારના એક નીમ હકીમને બોલાવેઓ. તેણે દસ બાર દીવસ દવા ચાલુ રાખી. પણ હીરાંબાઈને ઘણીજ તાપ આવવા માંડી. તેણીને ખાવા પીવા ગમે નહીં. જારે પેલા નીમ હકીમની દવાથી કાંઈ ફાએદો થયો નહીં તારે થોડા દીવસ હીરાંબાઈને દવાદારૂ વગર રેહવા દીધી. એવા વીચારથી કે કદાચ દવા વગર સારૂ થશે.

પણ બીચારી હીરાંબાઈનો મંદવાડ વધતો ગયો. માંદા અથવા આજારી માણસોની કેમ બરદાસ કરવી તે કોહોલાઈને તથા તેણીના બીજા છોકરાંઓને તથા છોકરીઓને આવડે નહી. હીરાંબાઈના ભાઈ બેહેન તેણીની ઊપર ઘણો પીઆર રાખતા હતા. પણ મંદવાડથી ઘણોજ કંટાલો ખાતા હતાં. કોહોલાઈના ઘરમાં આગલ કોઈ દીવસે આવો મોટો મંદવાદ માલુમ પડેઓ નહી હતો. હીરાંબાઈનો મંદવાડ લંબાતો ગયો અને કોહોલાઈ ગભરાતી ગઈ. એક હકીમને લાવે અને બે દીવસ પછી કોઈ બીજા હકીમને બોલાવે. એ પરમાણે એક મહીના સુધી છ સાત હકીમો બદલાઈ ગયા.

તારપછી કેટલાએક કેહેવા લાગા કે ઈંગરેજી ડાકટરને બોલાવો. તેઓ ગોમસ ડાકટરને બોલાવી લાવેઆ. ગોમસ ડાકટરે હીરાંબાઈને તપાસી અને તેણીનો મંદવાડ ઘણોજ વધી ગએલો માલુમ પડેઓ.

તેણે દવા લખી આપી. તરણ તરણ કલાકે તે દવા પાવાનો હુકમ કીધો. કલાક કલાકે દુધની કાંજી આપવા ને જણાવીઉં. છોકરાંઓ કે બીજાં માણસો મુદલ ગોંઘાટ કરે નહી તથા મોટેથી બુમ પાડીને બોલે નહી તે વીશે બંદોબસત રાખવાને અરજ કીધી. તેણે જણાવીઉં કે આજારી માણસોને કાંને મુદલ ગોંઘાટ પડવો જોઈએ નહી અને આ દરદ એવું હતું કે જરાબી ગોંઘાટથી અથવા બુમ બરાડાથી તેણીની તબીએતને નુકસાન પોહાચેઆ વગર રેહેજ નહીં. આ વીશે ની સંભાલ રાખવાને તથા હીરાંબાઈ વાળા ઓરડામા ઘણા માણસોની મુદલ ધીચ નહી કરવા વીશે ખંતી ખંતીને કહીઉં.

હીરાંબાઈની મા કોહોલાઈને ઈંગરેજી દવા મુદલ પસંદ હતી નહી. તેણીએ હીરાંબાઈને એકજ વખત દવા પાઈ અને ફરીથી પાઈજ નહી. પોતાના ભરતારને તથા ડાકટરને ખોટુ સમજાવે. છોકરાંઓને રોજ મોટેથી બુમ પાડીને બોલવાની તથા રમવાની ટેવ પડી ગએલી તેથી તેઓ તેમજ કરેઆ કરે. હીરાંબાઈને વખતસર કાંજી આપવાને ઘણી દરકાર નહી. તેણીની પાસે બેસીને તેણીના જીવને જરા આરામ મળે એવી વાતો કરવાને તથા નરમ અને મીઠા બોલોથી બોલવાને ઘરના કોઈબી માણસને ટેવ નહી. માંદા માણસનું બીછાનું કેવું સારૂ અને સોજુ રાખવું જોઈએ, તેની પાસેની ચીજો કેવી રીતે ગોઠવવી જોઈએ, તેની સાથે કેવી રીતે વાતો કરવી જોઈએ એ સઘળી બીનાથી આપણી ઘણીખરી સઘળી સ્ત્રીઓ જેમ બીન માહીતગારછે તેમ કોહોલાઈબી બીન માહીતગાર હતી.

ટુકામાં કહીએ તો કોહલાઈ પોતાની દીકરી હીરાંબાઈ ઊપર હેત રાખતી હતી પણ તેણીના મંદવાડની કેવી રીતે સંભાલ રાખવી, વખતસર દવા અને ખોરાક નહી આપેઆથી કેવી ખરાબી નીપજેછે તે વીશે તે અંજાણી હતી. તરફ હીરાંબાઈનું દરદ વધી ગએલું અને બીજી તરફ ...લાઈની આવી બેદરકાર તથા આજારી માણસોની સં... રાખવામાં બીન માહીતગારી તેથી શું ફલ નીપજીઉં હશે ...હેલાઈથી તમે કહી શકસો. બીચારી હીરાંબાઈનું મરણ બે કારણોને લીધે ઊપજીઉં. એક તો તેણીના મુરખા ભરતારે તેણીના પેહડુમાં જોરથી લાત મારી અને બીજું તેણીની માં કોહોલાઈ મંદવાડના વખતમાં તેણીની સંભાલ કરવાને બેસમજ તથા નાલાએક હતી.

## માંદા અથવા દરદી માણસોની સંભાલ લેવા વીશે.

પીઆરી બેહેનો અને પીઆરી માતાઓ! આ દુનીઆમાં ઘણું કરીને સઘળા માણસો એક અથવા વધારે વખત માંદા અથવા આજારી પડેઆ વગર રેહેતા નથી. આ દુનીઆમાં હજારો જાતના દરદો ઈશવરે પેદા કીધાંછે તેમાનું કોઈબી દરદ એક અથવા વધારે વખત માણસને થયા વગર રેહેતું નથી. જારે જેઓ માંદા અથવા દરદી હોએ તેઓની સંભાલ કેમ લેવી અને જારે આપણે પોતે આજારી અથવા દરદી થઈએ તારે આપણે કેવી રીતે ચાલવું એ જાણવું ઘણુ જરૂરનું તેમજ અગતનુંછે.

પીઆરી બેહેનો અને પીઆરી માતાઓ! આજારી અથવા દરદી માણસોની સંભાલ લેવાનું કામ તમો અબલા જાતનુંછે; વાસતે તમોએ તે કામ ઊલટથી શીખવું જોઈએછે. તમોએજ શીખવું જોઈએ એટલું નહી પણ નાહાની છોકરીઓને બચપણથી મંદવાડના ખાટલા આગલ બેસવાને અને માંદા માણસની સંભાલ લેવાને શીખવવું જોઈએ. મંદવાડ જેવી ખરાબ આફીએત દુનીઆમાં એક નથી. મંદવાડથી ઘણુ દરદ અને દુખ પેદા થાએછે એટલુંજ નહી પણ આપણા હાથ પગ અટકી પડે અને કાંઈબી કામ થઈ શકતું નથી. જેઓના ઘરમાં લાંબો મંદવાડ રહેલો હોએછે તેઓ મંદવાડની કદર પુરી રીતે સમજેછે. બાઈઓ! ઈશવર પાસે માંગો કે કોઈના ઘરમાં લાંબો મંદવાડ આપે નહીં.

હાથે રહીને મંદવાડ લાવવો એના જેવી મુરખાઈ દુનીઆમાં એક નથી. તોપણ દુનીઆમાં ઘણા લોકો પોતાના શરીરની પુરી જતન રાખતા નથી તેથી તથા ખાવાં પીવામાં અંદાજો રાખી શકતા નથી તેથી હરએક દરદ અથવા રોગને તાબે થઈ પડેછે. આપણી તંદરોસતી સાથે રમત કરવી અથવા ચેહેરાં કાહડવાં ... નહી પણ મોટી જાતની મુરખાઈ છે. કોઈપણ ... નીજ સરૂઆત માલુમ પડીતો તે વધીજવાની અ... બીરામાં આફાવવાનો ઈલાજ કરવાને મુદલ વીલમ

લગાડવો જોઈએ નહી. દરદની શરૂઆતમાં જેવો સે હેલાઈથી અને જલદીથી ઊપાએ લાગુ પડેછે તેવો દર દ વધી ગયા પછી લાગુ પડતો નથી.

જારે તમે પોતે ઘણાજ માંદા અથવા આજારી પડો તારે જેઓ તમારી સંભાલ કરતા હોએ તેઓની ઊપર તમારો સઘળો વીશવાસ મુકો અને તેઓ જે કાંઈ ખાવા પીવાનું લાવે તે તમને ગમે તેવું સવાદ વ ગરનું લાગે પણ લેઓ. મંદવાડનો વખત સવાદ લેવા નો નથી પણ એ વખત ધીરજ શીખવાનોછે. જેઓ તમારી ચાકરી અથવા સંભાલ કરતા હોએ તેઓની ઊપર ચીડાઈ જવાને બદલે તેઓનો ઊપકાર માનો. તેઓ ઘણોવાર સુધી તમારા ખાટલા આગલ ઊભેલાં જ રહેલા હોએ તો તેમને બેશાડવાને અરજ કરો. જે ઓ રાત દીવસ તમારા બીછાના આગલ બેઠેલાજ હો એ તેઓને રાતને વખતે જરા આરાએસ લેવાની ર જા આપો. તમારા વઈદને તમારા મીત્ર પરમાણે ગ ણો. તે જે કાંઈ પુછે તે ખુલા દીલથી કહો; અને તે જે કાંઈ ઊપાય કરે તે ઊપાયને કાંઈબી અડચણ લીધા વગર તાબે થાઓ. તમારૂ મન જેમ બને તેમ ખુશ મીજાજમાં રાખો. તમારૂ દીલ આશાથી ભરેલું રાખો. આશા છોડી દીધાથી દરદમાં વધારો થાએછે. તમારી સઘ ળી ખીના તમારા પેદા કરનાર સરવ શકતીવાન ઈશવર આગલ જાહેર કરો અને એવું માગો કે તમને જલદીથી સારાં કરે. જારે સારાં થાઓ તારે તેનો ઊપકાર માનો.

આજારી અથવા દરદી માણસોની સંભાલ લે વામાં પેહેલ વેહેલી વસતુ જરૂરની એછે કે કાંઈબી ગોં ઘાટ અથવા ગડબડ થવા દેવી નહીં. આ વાત ઘણી જ અગતનીછે પણ તેની ઊપર આપણા દેશી લોકો ઘણજ થોડું ધેઆન આપેછે. બચાંઓને શીખવવાં જોઈએ કે મંદવાડની વેળાએ મુદલ ગોંધાટ અથવા ગ ડબડ કરે નહી, મોટેથી બુમ બરાડાં પાડે નહી, મોટેથી હસે નહી; જોરથી દાદરે ચહડ ઊતર કરે નહી; જોર થી બારી બારણા ઊઘાડે અથવા બંધ કરે નહી. આ જારી માણસના મોહોડા સામું મુદલ દીવો મુકવો નહી. આજારી માણસના ઓરડામાં દીવો હોએ તો તેની આડી કાંઈ ચીજ મુકવી કે તેની નજરે દીવાનો ચેરા ગ પડે નહી. સઘળા પાડપડોસીઓને અરજ કરવી કે અણચીતી અને એકાએક બુમ પાડે નહી અથવા બારી બારણા અફાડે નહી.

માંદા અથવા આજારી માણસના ઓરડામાં એવી રીતે ચાલો કે જેથી તમારા ચાલવાનો અવાજ સંભલાએ નહી. જારે તમો આજારી માણસ સાથે વા ત કરો તારે હસતે મોહોડે, ખુસ મીજાસથી અને નર મ અવાજથી કરો. આજારી માણસના ઓરડામાં સ ઘળી વસતુંઓ ગોઠવીને મુકો કે તેની નજરને કંટાલો ઊપજે નહી. આજારી માણસની નજરને કંટાલો ઊ પજેઆથી તેના મન ઊપર ઘણીજ માઠી અસર ઊપ જેછે. બનેતો ફુલફળ લાવીને ઓરડામાં દરરોજ ગોઠવો. સારા દેખાવથી અને સારી સુગંધથી ઘણીસારી અસર તેના નબળા મગજ ઊપર થાએછે. તેઓના તકીઆ આગલ બનેતો તાજો અને સુંદર ફુલનો તોરો મુકો.

આજારી માણસોને ખવાડવા પીવાડવાની ઘ ણી જતન રાખો. તમારે હાથે તમે હરએક ઓશડ ત થા કાંજી વખતસર આપતા જાઓ. તેઓનું બીછાનું અને તેઓના કપડાં મેલાં અને ગંદા થવા દેવા નહી જોઈએ. મેલ અને ગંધવાડથી રોગ વધેછે. તેઓને પસંદ પડે તેવી વાતો કરીને તેમનો મીજાજ ખુશ હા લતમા રાખો.

ઈંગલંડ દેશમાં એવી ઘણી છોકરીઓ મલી આવશે કે જેઓ આજારી માણસોની સંભાલ લેવાને બચપણથી શીખેલી હોએછે. તેઓના ઘરમાં કોઈ આ જારી પડેછે તારે નાહાના બચાંઓને મુંગા રાખવાને હોઠની ઊપર આંગલી મુકીને આખા ઘરમાં ફરતી ફ રેછે, આજારી માણસોને કાંજી અને ઓસડ વખતસર આપેછે, ઘરમાની સઘળી ચીજો ગોઠવીને મુકેછે, નવાં કપડાં બદલવાને તઈઆર રાખેછે.

અસલના વખતમાં મોટી પદવીની સ્રીઓ હો સપીટાલ મધે ગરીબ દરદીઓની મુલાકાત કરવાને જ તી હતીઓ. તેઓ ગરીબ દરદીઓના બીછાના ઊપ ર વાંકી વળીને તેઓની બરદાસત લેવાને મુદલે કંટા લો ખાતી નહી હતી. હાલના વખતની મીસ નાઈટીં ગેલ વીશે તમોએ વાંચીકો હશે. ગરીબ દરદીઓની સંભાલ લેવાને રૂશીઆનની લડાઈમાં લશકરી શીપાઈ ઓની સાથે થી ઈંગલંડ દેશથી તે ગઈ હતી.

બેહેનો તમે આજારી માણસોની સંભાલ લેવા નું કામ ઊલટથી શીખો, કારણ એ કામ તમો અબ લા જાતનુંછે. તમો શીખો અને તમારી છોકરીઓને બચપણથી શીખવો.

## લીજેટ નામની એક ભલી છોકરી.

### ભાગ તીજો.

કલોટીલડાના મીઠા અને મધુર વચન સાંભલી લીજેટનું દીલ પીગલી ગયું અને તેણીને જરા શરમીં દગી લાગી. કલોટીલડાએ ચુમી માંગી તે તેણીએ પીઆરથી લીધી. તેણીને માલુમ પડીઊં કે કલોટીલડા જેવી ગુણવાન અને નીતીવાન થોડીજ છોકરીઓ હશે. કલોટીલડા ઊઠી અને લીજેટને એક આરસી સામે ઊભી રીખીને બોલી કે બેહેન ! જુઓ આપણે બેહુ કેવાં સરખાં છઈએ. મારો ઝભો તમને બેસતો આવશે. તમારો પોશાક ઠીકછે પણ મારે ખાતર તે બદલવો જોઈએ. મારી એવીજ મરજીછે કે તમે મારા જેવો પોશાક પેહેરો.

લીજેટનું મન પોતાની માને જોવામાં ભરાઈ રહેઊં હતું. તેથી તેણીને ઘણ બોલવા તથા જવાબ આપવા ગમે નહીં. તેણીએ જરા વાર રહીને પુછીઊં કે "આપણા માજી કાહારે ઊઠશે ?" કલોટીલડા બોલી કે "બા હજુર એઓને ઊઠવાને તો ઘણોજ વાર. બપોર થયા અગાઊ આપણે માજીના ઓરડામાં જઈ શકસું નહીં. પણ અરે ! મારૂ મગજ કેટલું નબળુંછે ! મારાથી ઘણી ખુશી તેમ ઘણી દલગીરી ખમાઈ શકાતી નથી. મારૂં દીલ થડક થડક થયા કરેછે. મને એવું લાગેછે કે કોઈ દીવસે હું એકાએક મરણ પામીશ. પણ અરે હુંતો બોલેઆજ કરૂછું. મારે વીશે મોટી મોટી વાતો કરીને ખુસી થાઊંછું. પણ બેહેન ! તમને પુછતીબી નથી કે તમને શું જોઈએછે અગર તમે ભુખાછો કે તરસા ? કપડાં ઊતારીને થોડોવાર અબોરશો કે ચાહ પીશો ? બેહેન તમારી શી મરજી છે તે કેહો. હું ધારૂછું કે હું તમને વધારે ગભરાટમાં નાખુંછું."

લીજેટે જણાવીઊં કે "બેહેન મને કાંઈજ જોઈતું નથી, પણ માજીને મલવાને ઘણીજ આતુરછું." કલોટીલડા બોલી કે "વારૂ તારે હું જઈને જોઈ આવું કે માજી ઊંઘેઆંછે કે નહીં. તમે મારી ગરીબ દાઈના હાથનો લખેલો કાગલ લાવેઆં હોવ એમ દેખાએછે. તમારા હાથમાં કાગછે તે એજ હશે. જોઊં તે કેવોછે." લીજેટે પોતાનો હાથ ખેંચી લીધો તારે કલોટીલડા બોલી જે તમે પોતેજ હાથોહાથ આપવા ઈછોછો તો ઠીકછે. જેમ તમારી મરજી. હું કાંઈ તેથી દલગીર થતી નથી. પણ માજીને મલવાને ઓછામાં ઓછો હજુર એક કલાક જોઈએ. તમારી ટોપી કાહાડી નાખો અને બાલ છુટા કરો. જેમ તમારે ઘેર બેઠાં હોવ તેમ હંઈઆં બેસો. માજી ઊઠેઆંછે કે નહીં તે હું જઈને જોઈ આવું. પણ તમે હંઈ એકલા બેસી રેહેશો તેથી આ ચોપડી પડીછે તે વાંચો.

લીજેટને તરત સરમીંદગી પોહાચી. પોતાની માતાનો ખરો હક અને પીઆર મેલવવાનો મગરૂરી ભરેલો વીચાર તેણીના મનમાં હતો તે એકદમ દુર થઈ ગયો. પોતે કાંઈ વાંચવા લખવાને શીખી નહીં હતી તેથી એકદમ શરમમાં પડી. તે નરમ અવાજે બોલી કે "બેહેન મને વાંચતાં આવડતું નથી." કલોટીલડાને એ વાત સાંભલીને અચરતી ઊપજી અને તેણીએ એવું વીચારીઊં કે લીજેટને કદાચ માઠું લાગીઊં હસે. તેથી તેણીએ લીજેટને પોતાની છાતી સાથે દાબી, અને બોલી કે "બેહેન મને માફ કરજો. હું તમને શરમમો નાખવાને બુદલ ઈછતી નથી. પણ બેહેન ! મારી વાહાલી બેહેન ! તમે એટલાં સરમમાં શા વાસતે પડોછો? તમને વાંચતાં આવડતું નથી તેનું કારણ એજ કે તમે શીખેઆં નથી. વાસતે તેની કાંઈ ફીકર નહીં. પણ હું તમને વીનંતી કરીને કહુંછું કે એ વીશે તમે બીજા કોઈને જણાવશોમા કારણ કેટલાએક લોકો એવા મુરખછે કે તેઓ એ વાત સાંભલીને હસશે. અને તેથી મને દલગીરી પેદા થશે. તમારી મરજી હશેતો હું પોતે તમને વાંચતાં શીખવીશ. અને લખતાંબી, ગાતાંબી; અને ચીતાર પાડતાંબી શીખવીશ.

કલોટીલડાનો આવો પીઆર અને આવું હેત જોઈને લીજેટનું મન એકદમ પીગલી ગયું. તેણીનુ મન વીચારમાં પડીઊં કે હવે હું શું કરૂ. એક તરફ પોતાની મોટી મીલકત ઊપર પોતાનો ખરો હક સાબેત કરવાને આતુર હતી. બીજી તરફ જે છોકરીએ આટલું બધું હેત દેખાડીઊં તેણીને અણચીતું દુખ દેવાને તે બુદલ ખુશી નહી હતી. લીજેટની જગોએ કોઈ બીજી હતેતો બોલત કે "જા તું હંઈથી—તું મારી માને મારી મીલકતને અને મારા નામને છીનવી બેઠીછે તે હવે નીકલ" પણ તેણીએ કલોટીલડાના ભલા ચેહેરાની ઊપર અને તેણીના પેઆરની ઊપર ન

જર કીધી અને તેણીને છાતી સાથે હેતથી દાબીને બોલી કે "બેહન! તમેજ રાખો; તમેજ રાખો, મારા કરતા તમો એ સઘળાને વધારે લાએક છો."

કલોટીલડા અચરત પામી અને બોલી કે "વાહલી બેહન! હું શું રાખું? શું તમે મારે વાસતે મારસેલથી કાંઈ સોગાત, અથવા નવાઈ જેવી ચીજ લાવેઆછો!"

લીઝેટ સરમાઈ ગઈ અને પોતાના મોંહોડા ઊપર હાથ ધાંકીને બોલી કે હું ધારૂછું કે મારૂં મગજ ઠેકાણે નથી."

તેવામા એક ચાકરે આવીને જણાવીઊં કે કલોટીલડાબાઈ, તમને શેઠાણી બોલાવેછે. શેઠાણી હમણાજ ઊઠેઆં અને લીઝેટના સમાચાર સાંભલીને ખુશી થયાછે. લીઝેટને મલવાને ઈછેછે.

લીઝેટ ધ્રુજતી ધ્રુજતી મનમાં બોલી કે હે ઈશવર તું મને સાહે થજે. લીઝેટ અને કલોટીલડા માજીના ઓરડા આગલ આવી પોહોચેઆ તારે કલોટીલડાએ કહીઊં કે લીઝેટ બેહન તમે હંઈ જરાવાર ઊભા રેહો. પેહેલ વેહેલા માજી મને ચુમી લેશે. કલોટીલડા ઓરડાની આંદર ગઈ તારે માએ તેણીને ચુમી લીધી અને બોલી કે આપણી લીઝેટ કાંહાંછે ?

લીઝેટને કાને એ અવાજ પડેઆં કે તેહેણીનું દીલ ધડક ધડક થવા માડીઊં. તે આગલ ચાલીને માજીની નજર તેહેની ઊપર પડી. લીઝેટની આખ જોઈને તે ચમકી અને બોલી કે આ આખ, આ આંખ! અરે તે કેવી મલતી આવેછે.

કલોટીલડાએ પુછીઊં કે "કોનને મલતી આવેછે!" માજીએ જવાબ દીધો જે તારા બાપની આંખને મલતી આવેછે. અરે પારકાં બચાને તેવી આંખ અને મારાં બચાને કેમ નહી? લીઝેટ હંઈ આવ. તારી નજર નીચે નો કર. તું મારી તરફ જો અરે તારી આંખથી કલોટીલડાનો બાપ ઈઆદ આવેછે અને મારૂં દીલ દુખાએછે. પણ અરે કોણ રડેછે ?

કલોટીલડા ખુરસી ઊપર પડીને જોરથી રડતી હતી.

માજીએ તેણીનો હાથ પકડીને પુછીઊં કે મારા બચાં તને શું થયું ?

"હું એટલા વાસતે રડુંછું કે મારી આંખ મારા બાપના જેવી નથી. ઈશવરે એવી આંખ મને નહી આપી અને લીઝેટને આપી" હવે તમે મારા કરતાં લીઝેટને વધારે ચાહાશો અને તેણીની સામુ વારે ઘડીએ જોશો."

માજીએ કહીઊં કે મારા વાહાલાં બચાં, મારા વાહાલા છોરૂં! તેં કેવો અજાએબ જેવો વીચાર બાંધેઓ! અરે હું માંદી લઊંછું, કે તું રડીશ મા. તું આજારી પડીશ ડાકટરે તને વારેઘડીએ બેતાવીઊંછે કે તું ઘણીજ દલગીર અથવા ઘણીજ ખુશી થઈશમાં કલોટીલડા! તું ઈઆદ રાખજે કે તારી તંદરોસતી તે મારી તંદરોસતીછે અને તારો જીવે તે મારો જીવછે. આ ગરીબ નાહાની છોકરીની આંખને લીધે તુ તેણીની અદેખાઈ કરીશમા.

આ સઘળા દેખાવથી લીઝેટના દીલ ઊપર ઘણીજ મજબુત અસર થઈ તેણીના હાથમાં કાગલ હતો તે છુપાવવાને તેણીએ તજવીજ કીધી.

માજીને માલુમ પડીઊં કે લીઝેટના હાથમા કાગલછે પણ તે આપવાની હીંમત ચાલતી નથી. તેથી તેણીને પુછીઊં કે એ કાગલ શું મને આપવા લાવીછે. શું તારી મા દેમમારગરેનો એ કાગલ લખેલોછે?"

"હા—ના—ના—માજી" લીઝેટ અચકાતી અચકાતી બોલી. રડતી રડતી ડચકા ખાવા લાગી "મારી મા—મારી મા—મરણ પામી" એમ કહીને કાગલની વાત ઊડાવી દીધી. તેણીએ પોતાનું મન કેવી રીતે મારીઊં તેનો વીચાર સેહેલાઈથી થઈ શકેછે

---

## ભાગ ચોથો.

લીઝેટ પોતાની માના ઘરમા રહી. ભલી અને માયાળુ કલોટીલડાની ખાતર તેણીએ જણાવીઊં નહી કે ખરી દીકરીતો હુંછું અને કલોટીલડા દાઈની દીકરીછે. પોતે કલોટીલડાની દાઈની પુતરી હોંચો એ મીસાલે રહી. તેણીના દીલમા ખરી બીના જાહેર કરવાને અને હું ખરી દીકરી છું એવું દેખાડવાને ઘણી બી ઊલટ હતી પણ વાહાલી કલોટીલડાને ખાતર તે ઊલટ છોડી દીધી. કલોટીલડાની સાથે નરમ અને ગરીબાઈથી રેહતી હતી. તે દરરોજ તેણીની પાસે કેળવણી લેતી હતી. એમ કરતાં કરતા બે વરસ નીકલી ગયાં. વાંચવા લખવામાં ગાવા ચીતારવામાં લીઝેટ સારી પેઠે માહીતગાર થઈ.

ક્લોટીલડા હકદાર દીકરી ગણાતી હતી. તેથી તેણીની ઊપર જેટલો પીઆર તેણીની માનો હતો ને ટલો પીઆર અલબત લીઝેટની ઊપર નહીં હતો. જેવી છુટથી ક્લોટીલડા પોતાની માની સાથે બોલતી હતી તેવી છુટથી લીઝેટ બોલી શકતી નહી હતી. ખરી હકદાર પુતરીતો લીઝેટ હતી તેથી આ બળાપો દરરોજ તેણીને થતો હતો. લીઝેટનું મન અંદરથી ઘણુજ કચવાતું હતું. અગાઊ લીઝેટ જેવી તંદરોસત અને લોહીથી ભરેલી લાગતી હતી તેવી હવે દેખાતી નહી હતી. તેણીના ગુલાબી ગાલ સુકાઈ ગયા હતા. તેણીની તબીએત ક્લોટીલડાના જેવી નાજુક થઈ ગઈ હતી.

લીઝેટના મનનું દરદ સરવ શકતીમાન ઈશવર શીવાએ બીજું કોઈ જાણતું નહી હતું. પણ દયાળુ ઈશવરે તેણીના દુખ ઊપર નજર કીધી. ૧૮૩૦ ના વરસના જુલાઈ મહીનામાં પારીશ શેહેર મધે એક હુલડ થયું હતું. ક્લોટીલડાની મા ફરવા ગઈ હતી તાંહાં તે જખમી થઈ હતી. આ વાતની ખબર ક્લોટીલડાને પડેઆથી તેણીના નબળા મનની ઊપર ઘણીજ ખરાબ અસર થઈ. આગલ જણાવીઊં તેમ તે એવા નબળા મનની હતી કે ઘણી દલગીરી તેમજ ઘણી ખુશી તેનાથી સહન થઈ શકે નહી. ઘણી ખુસી થાય અથવા ઘણી દલગીર થાએતો તરત માંદી પડે. તેમજ હાલ થઈ પડીઊં. તે બીચારી ઘણીજ આજારી પડી. તેણીની માના કરતાં તેણીને ડાકટરની વધારે જરૂર માલુમ પડી. માતો થોડા દીવસમાં સારી થઈ, પણ ક્લોટીલડાનો મંદવાડ વધી પડેઓ. તેણીના જીવવાની આશા રહી નહી. લીઝેટ પોતાની બેહેનની ઘણાજ પીઆરથી અને હેતથી ચાકરી કરે. ક્લોટીલડા એક વખત પોતાની આંખમાં આસુ લાવીને બોલી કે—

"પીઆરી લીઝેટ ! હું હવે મરવાનીછું. મારા માજીને અને તુને મુકીને મરવું ઘણુજ કઠણ લાગેછે. મારૂ મન ઘણુજ ગુચવણમાં પડી ગયુંછે. જારે મા બેસુધ થઈને આવી તારે તમે "મા—મા" કરીને બોલેઆં. તમે ખરેખર બોલેઆં કે મને સપનો આવેઓ! તેની ખબર નથી. એ ઊપરથી હજારો ખીઆલ મારા દીલમાં ઊતપન થયાછે. એ આંખ મલતી આવેછે. એ આંખ મલતી આવેછે. એ આંખ મલતી આવેછે. અરે હું શું ઘેલી થઈ ગઈ જે બકુછું. અરે મારા ઈશવર !! લીઝેટ ! તું મને જવાબ આપતી નથી. તું આંચકો ખાએછે, અને મારૂ દીલ દુખાવેછે."

લીઝેટ આ વચન સાંભલીને ક્લોટીલડાના ખોલામાં માથુ મુકીને રડી પડી. ક્લોટીલડા બોલી કે અરે લીઝેટ ! તું મને ખરી બીના કેહેવાને બીહેછે પણ મને વેહેમમાં રાખી મુકેઆથી દસ ગણુ દુખ ઊપજેછે.

"મારી વાહાલી, મારી પીઆરી! તું ધીરજ રાખ, ધીરજ પકડ—જારે તું સારી થઈશ તારે સઘળી બીનાથી વાકેફ કરીશ." એટલું બોલીને લીઝેટે ક્લોટીલડાને ચુમી લીધી.

અરે ! લીઝેટ ! હું સઘળી વાત જાણુછું. પેલા કાગલમાં સઘળો છુપો મરમછે. મને બધી ખબરછે. અરે તું ફરેસતાના જેવી બેહેન ! બે વરસ થયાં સઘળું તારૂછે તેમાંથી તું થોડું થોડું મારે હાથે ભોગવીને સંતોશ પામીછે અને તેં કોઈ દીવસે એમ નથી કહીઊં કે "જે તું આપેછે. તેતો સઘળુ મારૂછે." મારે વાસતે તે સઘળા સુખનો તીઆગ કીધો. મેં તને માતાના હેતથી એકલી રાખી અને તને ઘણુ દુખ ઊપજીઊં. મેં તને ઘણીવાર મુંગી મુંગી રડતાં દીઠીછે. અરે ! લીઝેટ જે તારૂછે તે હું તને આપી શકીશ, પણ બે વરસ થયાં મેં જે તને દુખ ઊપજાવીને પાપ બાંધીઊંછે તેનો છુટકો કેમ થશે ? લીઝેટ હવે હું મરવા પડીછુ."

પોતાની છાતી સાથે ક્લોટીલડાને ડાબીને લીઝેટ બોલી "અરે માહરી બેહેન ! તું તારૂ દીલ કચવીશમાં. તું મારી સાથે એક ફરેસતાની મીસાલે ચાલીછે. હું તને તોડી પાડવાને આવી પણ તારી ભલાઈ અને પરીતીથી એ ખીઆલ મેં છોડી દીધો. તારા પીઆરમાં લપટાઈ નહી જવાને મેં થોડોવાર સુધી તજવીજ કીધી. પણ તેમ તેમ તેં મારી ઊપર વધારે પીઆર દેખાડેઓ. હું વગર ભણેલી અને વગર વીવેકવાળી હતી. હવે જે હું ભણીગણીછું અને જે સુખ ભોગવુંછું તે માટે હું તારી આભારી થઈછું. હું તને આપી શકુ તેના કરતાં તેં મને વધારે આપીઊંછે."

ક્લોટીલડા આંખમા પાંણી લાવીને તથા લીઝેટની સામુ જોઈને બોલી કે "અરે મારી પીઆરી બેહેન, અરે મારી વાહાલી બેહેન ! તારો ચેહેરો જેવો મીઠોછે તેવું તારૂ દીલ મીઠુંછે." એટલું બોલીને એક જણ એક બીજાને વળગી પડીને થોડોવાર સુધી મુગા રહેઆં. તેઓ બેહુની આંખમાંથી પરવાલા જેવા આંસુઓ ડબક ડબક પડતાં હતાં. તેવામાં તેઓએ



મોહોમદ અલી પાશા.

કોઈના પગનો અવાજ સાંભલેઓ. કલોટીલડા બોલી કે " મારી મા આવેછે. મારી મા ? મારી માતો મરી ગઈ. ! "

લીજેટે કાનમાં કહીઊ—ચુપરે બેહન ચુપરે ! એ સઘળી બીના માજીને જણાવવાની શી જરૂરછે ? તેટલામાં બારણુ ઊઘાડીને મા આવી. તે બોલી કે " મારી દીકરી ! ધીરજ રાખ ! ડાકટર જલદીથી આવશે. પીઆરી કલોટીલડા, વાહાલી કલોટીલડા ! તું ધીરજ રાખ, અને ગભરાઈ નો જા. અને તું એકદમ ના હીમત નો કર. તારી ગરીબ માજી ઊપર તું દયા રાખ. "

તેવામાં કલોટીલડાને આંચકી આવી. અને નરમ અવાજથી બોલી કે " માજી—રે માજી ! હું તમારા હાથમાંજ મરણ પામુછું. હું સુખમાં મરણ પામુછું. અરે લીજેટ ! અરે લીજેટ ! ઈશવર તારૂ ભલુ કરો, ભલુ કરો. મને માફ કરજે અને સુખી થજે. "

મરતી છોકરીએ પોતાનો હાથ લીજેટ તરફ લાંબો કીધો અને મરણ પામી. લીજેટ અને તેની મા એકદમ રડી પડેઆં. મા મોટો કકલાટ કરીને રડવા લાગી. " હવે હું જીવીને શું કરૂં ? મારાં બચાં ! મારાં બચાં ! હાએ ! હાએ ! હવે હું બચાં વગરની થઈ. " લીજેટ પોતાની માંના ખોલામાં માથુ મુકીને હુસકે હુસકે રડવા લાગી અને પેલું કાગલ તેણીને આપીઊં. તે કાગલ વાંચીને તેણીની માંને મુરછા આવી.

અતરે કેહેવાની ઘણી જરૂર નથી કે કલોટીલડાની જગોએ ઈશવરે ખરી અને હકદાર દીકરી આપી તેથી તે માને બહું સંતોશ ઊપજીઓ. લીજેટ બે વરસ લગી પોતાનું મન મારીને રહી હતી તે જોઈને તેણીની માને ઘણીજ અચરતી ઊપજી. સઘળી દોલતની તથા મીલકતની માલેક લીજેટ થઈ.

## મીસર દેશનો પાચછા માહમદ અલી.

ઈજીપટ અથવા મીસર દેશના રાજાઓ 'પાચછા' ને નામે ઓલખાએછે. મહમદ અલી પાચછા જે આસરે દસ વરસ ઊપર મીસર દેશમાં થઈ ગયોછે તે ઘણો નામીચો પાચછા કેહેવાએછે. એ પાચછાએ પોતાના દેશ મધે ઈઊરોપખંડની કેટલીએક સુધરાઈ દાખલ કરવાની તજવીજ કીધી હતી; અને તે તજવીજમાં તે ઘણુએક દરજે ફતે પામેઓ હતો. એ પાચછાની તસવીર આ બીનાની સાથે આપવાંમાં આવીછે.

એ પાચછા ઈસવી સન ૧૭૬૯ માં જનમેઓ હતો. નામીચો નેપોલીઅન બોનાપારટખી એજ વરસમાં જનમેઓ હતો. બચપણમાં તે સેકાર કરવાને શીખેઓ હતો. લસકરમાં શીપાઈ દાખલ રહીને હથીઆર પકડવાને તથા ઘોડે સવારની સરદારી ભોગવવાને લાએકનો થયો હતો. પણ તેવામાં તેણે એક વીધવા સાથે પોતાના લગન કીધાં અને લડાઈખોરાનો ધંધો છોડીને તમાકુ વેચનારનો ધંધો પકડેઓ હતો. એ ધંધો તેણે કેટલાંએક વરસ લગી ચલાવેઓ પણ તેવામાં ફરેંચ લોકોએ મીસર દેશ ઊપર ચઢાઈ કીધી. તે ચડાઈની સામે થવાને તેની ઈછા થઈ અને તુરકી લશકરની સાથે સામેલ થયો. તે લડાઈમાં તેણે કીરતી મેલવી. લશકરનો સરદાર તેને ઠેરવવામાં આવેઓ. તાર પછી તુરકી લોકોએ તેને મીસર દેશનો હાકેમ ઠેડવેઓ. તાર પછી મેમલુક જાતના લોકો સાથે તેને ઘણોવાર સુધી લડાઈ કરવી પડી. તે લડાઈમાં આખેર માહમદ અલી પાચછા ફતે પામેઓ અને ઈસવી સન ૧૮૧૧ થી મીસર દેશની ઊપર રાજ ચલાવવા લાગો. તેણે આફરીકા તથા એશીઆખંડના કેટલાએક મુલકનો ભાગ પોતાના તાબામાં તાર પછી કરી લીધો. પણ ઈંગરેજ લોકો તેની વચે પડેઆ અને એશીઆખંડ મધે જે મુલકો તેની પાસે હતા તે મુકાવી દીધા.

માહમદ અલીએ પોતાના દેશમાં ઈઊરોપખંડના કેટલાએક હુનરો દાખલ કરવા પછવાડે પોતાનું ધીઆન લગાડીઊં. તેણે રૂના કારખાનાઓ બાંધેઆં. રૂ પોતાના મુલકમાં પકાવવાની ગોઠવણો કીધી. વાહાણો બાંધવાને ગોદી ઊભી કીધી. આગના સાંચાઓ પોતાના દેશમાં દાખલ કીધા. તેણે પોતાના દેશના જુવાન વીદીઆરથીઓને ઈઊરોપના જુદા જુદા શેહેરો મધે મોકલેઆ. એવી મતલબથી કે ઈઊરોપખંડના કારખાના તથા કળા કૌશલની માહેતગારી મેલવીને પોતાના દેશને ફાએદો કરે. વેપાર ધીમધોકાર વધી પડે એવી ગોઠવણો તેણે કીધી. મીસર દેશની વસતી અને આબાદીની એ પાચછાના વખતમાં ખરેખર વધી.

સન ૧૮૪૪ માં માહમદ અલીની બુદ્ધી અવ

સથાને લીધે તેણે પોતાનું રાજ, પોતાના છોકરા ઈબ્રાહીમને સોપીદી. પણ તે છોકરો થોડા દીવસમાં મરણ પામેઓ; અને તેની જગોએ આળસ પાચછા આવેઓ. મહમદ અલી ૧૮૪૯ ના જુન મહીનામાં ૮૦ વરસની ઊમરે મરણ પામેઓ.

---

## ગરભવાળી સ્ત્રીનો ખોરાક.

ગરભવાળી સ્ત્રીએ કેવો અને કેટલો ખોરાક ખાવો એ પેહલે જાંણવું જોઈએછે. કેટલાંએક લોકો હેવું સમજેછે કે આ વખતે હમેશ કરતાં વધારે ખોરાક લેવો જરૂરછે; કારણ કે સ્ત્રીને પોતાનોજ નહી પણ બીજા જીવનુંબી પોશણ કરવું પડેછે. એ વીચાર ભુલ ભરેલોછે અને એપર અંમલ કીધાથી માતાને તથા તેના પેટમા જે બાલક વસેછે તેને નુકસાંન થાએછે. ગરભ અવસથામાં જે કુદરતી બનાવો બનેછે તે જો આપણે તપાસી જોસું તો આપણને સેહજ માલમ પડસે જે ઈશવરની ઈછા હેવીછે કે વધારેના બદલામાં ઓછો ખોરાક ખાવો જોઈએ હમેલની સઊથી પેહલી નીસાંન એછેજે ઓરતને સવારના પોહરમા ઊલટી થાએછે એ ઊલટી ઊપરથી ચેતવું જોઈએછે, કે ખોરાક કમતર ખાવો. હવે આ ઊલટીની મતલબ એમજો આપણે ન સમજીએ તો એ થવાનું બીજું શું કારણ તે આપણે જાણતા નથી. વળી જે ઓરત પોતાને ભાવે તે અચરકચર ખાએછે અને હદથી વધારે ખાવાનો હાંઊરો કરેછે તેને હમેશ બીકટ અજીરણ થાએછે તેની તંદરોસતીમા બીગાડ થાએછે અને તેથી તેના કોમલ બચાંનું કળીવર અને ઊધરભાવ ઘટેછે. એ પરમાણે જે વધારે ખોરાકથી આપણે ફાએદો થાએ હેવું ગણીએછે તેથી ઊલટી નુકસાન થાએછે. બીજું ઘરભવાલીને દસતાંન બંધ થાએછે ઓરતને એટલાજ માટે કે જે લોહી નકામુ બાહેર જાએ તે બચાંના પોસણ માટે કાંમ લાગે હેવું આપણે સા ઊપરથી સમજવું જોઇએ એનો સબબ ખોલેલોછે. જેવારે હરએક સ્ત્રી પાકટ ઊમરની થાએછે અને છોકરાં જણવાને તેનો વખત વહી જાએછે તેવારે તેને દસતાંન છુટવાનુ પણ બંધ થાએછે.

**ઘરભવાળી ઓરતને ચારપાંચ મહીના ચહડી** આ હોએ તેવારે કેહવો ખોરાક ખાવો? હમેલ રહાની આગમજ જે ઓરતની તંદરોસતી સારી હોએ તેણીએ પોતાના હમેસના ખોરાકમાં આ વેલાએ અગતનો ફેરફાર કરવાની જરૂર નથી. તે જો અસલનો ખોરાક લીએતો કાંઈ અડચણ નથી; માતર એટલીજ ચોકસાઈ રાખવી કે સાદી રીતે પકાવેલો ખોરાક અંદાજાથી વાપરવો.

પણ જે ઓરતનુ બદન અસલ નાજુક હોએ અને હમેલથી તેના સરીરમા જોર આવે અને પાચન સકતી વધેતો સમજવું કે વધારે ખોરાક લેવાની જરૂર છે. પણ એ વધારે ખોરાક વાપરવામા પણ પરેજી રાખવી ખપેછે. સારી જાતનો અને સાદો ખોરાક કામમા લીધો નહી તો જલદીથી બીગાડ માલમ પડેછે.

ખાંણુ ખાધાથી ઊલટી થવા માડેછે, પાચન કમતી થાએ તો સમજવું કે માંદાને ખમવું પડેછે. તેવારે માતર સાદોજ નહી પણ ઘણો ઓછો ખોરાક ખાવો જોઈએછે. માંદામા ખોરાક પચાવવાને જેટલી સકતી હોએ તેટલોજ ખોરાક લેવો: આ કાએદા પરમાણે ચાલવાને મસાલેદાર ભોજન કરવું, માંદી વાલવાને અને અચરકચર ખાવાથી પહરેજ રેહવાને હમેલદાર ઓરતને ઘણી પરકારે મન મારવું જોઈએછે. જેઓ એ પરમાણે ખાવાપર લગાંમ નથી રાખતાં તેઓને ભારે ખરાબી થાએછે—તેઓપર બાદીનુ દરદ ગલબો કરેછે. તેઓની તંદરોસતી બગડેછે, અને બાલક મુરદાલ પેદા થાએછે અને તે બીચારાંને ખહીને લગતાં દરદોથી ખમવુ પડેછે. એ પરમાણે ખહીના દરદો જો કે માબાપોને હાથે ન ઊતરતાં હોએ તોપણ બચાંઓમા જાહેર થાએછે. આ વાત સઘળી અબલાઓએ ધીઆંનમા રાખવી જરૂરછે. સઘળી નાજુક બાંનુઓએ સાદુ હલકુ અને થોડું ખાંણુ ખાવું અને તેમા કાંઈ પણ ગરમ ચીજ અને દારૂ વાપરવો નહી.

**હમેલના પાછલા મહીનામાં શી રીતેનો ખોરાક ખાવો?** જેમ જેમ હમેલના દીવસ ચહડતા જાએ અને બાલક જનમવાનો વખત નજદીક આવતો જાએ તેમ તેમ સાદો, થોડો અને સારી જાતનો ખોરાક લેવામા આગલ કરતાં બેવડી સંભાલ લેવી જોઈએછે. પણ જો વધારે અને ખરાબ જાતનો ખોરાક ખાશે તો પછી ઊલટી બાદી અને પેટ કબજ થાએછે અને આંતરડાંમાં કચરો એકઠો થઈ રીહાથી બાલક અવતર

તી વખતે તેણીને વધારે કસતી ભોગવવી પડેછે અને તારપછી પણ તેની માઠી હાલત થાએછે. જેમ ઘરભ વધારે દીવસના થાએછે તેમ ઓરતથી થોડુ કાંમ થાએછે અને થોડું ફરાએછે. માટે તેને થોડોજ ખોરાક અને તે પણ સાદો લેવાની અગતછે. નહીતો અજીરણ થયા વગર રેહે નહી. આ વખતે એટલે ઘરભ અવસથામા આપણી ઘણી સ્ત્રીઓ તરફથી ફરીઆદ સાંભલીએછે કે ગોસ ખાવા ગમતું નથી. ગોસ તેમને ગોહડે આવેછે. તેમને તરકારી ફરૂટ અને બીજી સેહલથી હજમ થઈ સકે તેવી ચીજો ખાવા ગમેછે. જે વખતે એમ થાએ તેવારે બજીદ થઈને તેમને ગોસ ખવાડવાને તજવીજ કરવી નહી. જે ચીજો પર તેમનું મન થાએ અને તેમને ભાવે તે ખાવાને રજા આપવી. એજ વસતુઓ વાપરવાથી તેનને ફાએદોછે. કોઈવાર કુમલું હલવાંનનું ગોસ અથવા ચીકીનનો સેરવો આપવો.

ઘરભવાળી ઓરતને સઘલી પરકારના દારૂ અનેં ગરમ ચીજોથી પરહેજ રેહવું જરૂરછે. ગરભ અવસથામા આંગમા લોહી વધારે જોરથી ફરેછે તેથી કરીને ભારે અગતછે કે સાધારણ વેલાએ જે દારૂ પીવામા આવતો હોએ તે ઓછો કરવો અને પીવાનું બીલકુલ માંડી વાલીઊંતો બેહતર.

ઊપર જણાવીઊંછે કે હમેલદાર ઓરતને શરૂઆતમાજ ઊલટી થાએછે. એ ઊલટી બંધ કરવા માટે આપણા લોકો વગર શમજવે બરાંડી—બીટર, પેપરમીંટ, કોલનવાટર અને બીજી તરેહવાર જનસો વાપરેછે. એ ચીજો દાકટરની સલાહ વગરે કદી નહી પીવી જોઈએ. ઘણી બે સમજ ઓરતો દસતાંન વખતે દારૂ પીએછે. તેમજ હમેલ વખતે પણ કરવાને દરૂસત વીચારેછે. એ દારૂથી તેના બાલકને નુકસાંન થાએછે એટલુંજ નહી પણ વલી તેને લગાવવાની રેવ પડી જાએછે અને પોતાના આંગને દુખ દેખાડેછે. આપણા લોકો તેમા જરૂર કરીને ઓરતો જરા પેટમા દુખીઊતો પેપરમીંટ અથવા બીજી કાંઈ ગરમ દવા પીએછે તેથી કરીને થોડોવાર સુંકો અને દુખતું અથવા ઊલટી થતી બંધ પડેછે પણ ફરીથી તેજ માફક દુખવા માંડેછે અને તારે વલી તેની સાથ બીજી દવા લેલીને પીએછે પણ તેનીબી ઘડીભર અસર રેહેછે. અને દરદ ઓરબી જોરથી ઊભાવા માડેછે. આ ચીજો વાપરવાને વલી ફરીથી જણાવવામા આવેછે કે હમેલદાર ઓરતોએ ઘણી હુસીઆર રાખવી. દાકતરે શલાહ આપીઆ વીના હરગેજ પીવી નહી.

દારૂ પીધાથી વારેઘડીએ છોકરૂ તુટી પડેછે અથવા મુરદાલ અને દરદી પેદા થાએછે. એક દાકતર લખેછે કે તેની ઓલખાંણમા એક ઓરત હતી જેને દારૂ પીવાની ટેવથી અધુરે માસે છોકરૂં પડતું હતું. પછી તેણે આ બુરી ટેવ મુકી તાર પછી તેને ચાર બચાં થીઆં. તેમાના તરણ દુખી થઈ ગુજરી ગીઆં. ચોથું છ વરસની ઊમર સુધી જીવીઊં તે પણ મુરદાલ હતું એપરથી આસા રાખવામા આવેછે કે હમેલદાર ઓરતો દારૂ પીવાનો સોક રાખશે નહી.

જે અબલાઓ ઊપલા ખોરાકને લગતા નીયમો પાલેછ તેને હમેશમા થોડું દુખ થાએછે, છુટતી વેલા ઘણુ કમતી ભોગવવું પડેછે અને સુવાવડમા સુખાકારીથી રેહછે.

### નકામી વસતુઓ ખાધાનો હાંફરો.

કેટલીએક ઘરભવાળી સ્ત્રીઓને ચાક, ખડી, મટોડી અને બીજી હેવીજ ન ખાવી ઘટે તેવી ચીજો ખાવાનો નઠારો સોક થાએછે. એ વસતુઓ વાપરવાથી નુકસાંન થાએછે, ઓરતની તંદરોસતી બીગડેછે અને છોકરૂ ના કુવત પેદા થાએછે. ચાક અને ખડી ખાવાથી પેટ બંધ થાએછે. એક સ્ત્રીને ચાક ખાવાની ટેવ હતી તેને આઠ દાહડે પેટ આવતું અને તેવારે પણ તે જોલાબની પીચકારી લીએ તારે. તેથી તેના માદાની રચનામા એટલો તો બીગાડ થીઓ કે કોઈ પણ ચીજ તેના પેટમા ટકે નહી અને તે ભારે દુખી થઈ. એક બીજી અસતરી વીસે દાકતર મેરીમાન લખેછે કે તેને હમેલ તાંણે આદુ ખાવાની ટેવ પડી હતી અને તેણે ઘણા રતલ આદુ ખાધું હતું, પછી તેને જે બાલક જનમીઊં તે અતી નબળું અને તેના બદનપર દાંના ફુટી નીકલીઆ હતા. તે થોડા દીવસ દુખી જીંદગી ભોગવી મરણ પાંમીઊં. તેણીએ આદુ ખાધાની ટેવ મુકી દીધા પછી તેને જે છોકરાં પેદા થીઆં તે સોબીતાં અને તંદરોસત હતાં. જો ઓરતોને આવા પદારથો ખાવાની હોંસ ઊતપન થતી હોએ તેઓએ સમજુ દાકતરની સલાહ લીધાં પછી તે જો મનાઈ ન કરે તો પોતાને ભાવતી વસતું ખાવી તેઓએ પોતાની મેલેજ તેમ કરવાથી પહરેજ રેહવું અને તેમના સગાં વાહલાંઓને લાએકછે કે તેમને એ

વીશે સીખામણ દેવી. વધારે દલગીરી ભરેલી એ વાત છે કે માહરાં ભાએગે આ ટેવ નાજુક કોમલ અબળાઓ જેઓ જરા જરામાં ચીરડાઈ જાએછે અને જેમને પોતાની મરજી પરમાણે ચાલવાને ભારે હટ રેહછે તેઓમા વધારે માલમ પડેછે. વાસતે આ ટેવની પેહલી સરૂઆતથીજ તેનો અટકાવ કરવાને ચુકવું નહી જોઈએ; કારણ કે એક બોહસીલી ઓરતે તેમ કીધું તો પછી ફરીને તેની મરજી થાએછે અને તેમા એટલો તો વધારો થઈ પડેછે કે ગોઆ એક દરદના જેવી ટેવ પડી જાએછે. જે અસતરીને ઘણી લાંબી મુદતની ચાક અને બીજી વસતુઓ ખાવાની ટેવ પડી હોએછે તેમનો માંદો મુરદાલ હોએછે. તેઓએ શાદો હલકો ખોરાક ખાવો જોઈએ અને ખોલી નીરમલ હવામા ફરવું જોઈએ અને સઘલી પરકારે તંદરોસતી વધે એવા ઊપાઓ કામમા આંણવા જોઈએ. તેણીએ પોતાનું ચીત કાંઈ બીજાં કાંમમા લગાડવું જોઈએ. એ પરમાણે તેનું ધીઆન રોકવાની હમેલવાલી ઓરતની સાહેલીઓની એક મોટી ફરજછે.

---

## ઘરનો કારભાર કેવી રીતે ચલાવવો ?

દરએક સમજુ અને ચતુર સ્ત્રીએ પોતાના ઘરની આવક તથા ખરચનો ચોખો હીશાબ રાખવો ઘટેછે. આપણા દેશની ઘણી ખરી સ્ત્રીઓ પોતાના ભરતારની આવક અથવા પેદાસથી અને ઘરના ખરચથી અજાણી તથા બીન માહીત રેહેછે. પણ ઘરનું કામ સારી રીતે ચલાવવાને મુખીઅ ચીજ તો એજ જરૂરનીછે કે સ્ત્રીએ સઘલા ખરચ તથા આવાકના હીસાબની ચોપડી રાખવી અને તેમા સઘળી વીગત તથા બીના નોધવી. હાલ આપણામાં એ કામનો બોજો ઘણુ કરીને ભરતાર ઊપર પડેલોછે. પણ ભરતારને પોતાના ધંધા રોજગાર ઊપર ઘણુ ધેઆન આપવાનુંછે તેથી તેની સ્ત્રીએ ઘરનો ખરચ નોધવાનો બોજો તેના ઊપરથી ઊતારીને પોતાની ઊપર લેવો ઘટેછે. ઘરના ખરચનો હીસાબ રાખવો તે દરએક સ્ત્રીનું પેહેલું અને મુખીઅ કામછે. જે સ્ત્રીઓને પોતાને હાથે હીસાબ રાખતાં આવડતું નહી હોએ તો તેઓએ મેહેનત લઈને સીખવું ઘટેછે. જાંહાં સુધી આપણી સ્ત્રીઓ પોતાને હાથે પોતાના ઘરનો હીસાબ રાખવાને શીખશે નહી તાંહાં સુધી તેઓ પોતાનાં ઘરનું કામ ચલાવવાને લાએકના હોએ એવું કેહવાશે નહીં.

જે સ્ત્રી પોતાનું ઘર સારી રીતે ચલાવવા ઈછતી હોએ તેણીએ આ વાત ઈઆદ રાખવી કે હરેએક વસતુ ઊધાર ખરીદ કરવી નહી અથવા પોતાના ભરતાર પાસે ઊધાર ખરીદ કરાવવી નહીં. દરએક ચીજનું રોકડ નાણુ ચુકવી આપવાને જેમ બને તેમ તજવીજ કરવી. રોકડે નાણે હરએક ચીજ ખરીદ કરવામાં બે ફાએદાછે. એકતો તે ચીજ વધારે સસતી અને સારી મલેછે અને બીજું તમે હરકોઈ પાસેથી ખરીદ કરી શકોછો. ઊધાર ચીજ ખરીદ કરવાની ટેવ રાખીતો આંકડાં ઊપર આંકડા તમારા ઘર આગલા આવેછે અને પછી સઘળા આંકડા ચુકાવી આપવાને તમારા ભરતારને ઘણુજ મુશકેલ થઈ પડેછે. જારે આંકડા ચુકાવી આપવાને બનતું નથી તારે વેચનાર ધણીના ગોલામ દાખલ થઈને રેહેવું પડેછે. અને તેનીજ પાસેથી વધારે મોંઘી અને ઊતરતી જાતની ચીજ ખરીદ કરવાની જરૂર થઈ પડેછે.

સારી રીતે ઘેર ચલાવવામાં ત્રીજી વસતુઓ જરૂરની એછે કે ઘરની સ્ત્રીએ ચાકરોની સાથે અદબ તથા પીઆરથી ચાલવું જોઈએ. જે સ્ત્રીઓ પોતાના ચાકરો વારેઘડીએ બદલેછે તે સ્ત્રીઓએ જાણવું જોઈએ કે તેમાં વાંક તેઓનો પોતાનોજ; અને ચાકરની સાથે કેમ ચાલવું અને ચાકરને હુકમમાં કેમ રાખવા એ વાતથી તેઓ સારી પેઠે વાકેફ નથી. ચાકરોને એક તરફ હુકમમાં રાખવા અને બીજી તરફ તેમની ઊપર પેઆર દેખાડવો. એવી કળા આપણી થોડીજ સ્ત્રીઓ મધે જોવામાં આવેછે.

સઘળી સમજુ સ્ત્રીઓએ આ વાત ધેઆનમાં રાખવી કે માણસ જાતનો સભાવ સઘળામાં એકજ જાતનોછે. તમો જો તમારા ચાકરની ખાતરી કરો કે તમે તેઓના શરીરને તથા તેઓના હરએક લાભને નુકશાન પોહોચે એવો સખત હુકમ કરતાં નથી; તથા તમો જે હુકમ કરેછો તે વાજબી અને ઘટતોછે, તો ચાકરો તમારા સઘળા હુકમ ખુશીથી શાં વાસતે માંને નહી તેની હમને સમજ પડતી નથી. ચાકરોમાં ઊપકાર સમજવાની વધારે કદરછે. ફકત શેઠ અને શેઠાણીઓ ચાકરને થોડું આપેછે તો, તેઓ ઘણુ સમજેછે અને ચાકર પોતાનો જીવ તોડીને ચાકરી કરેછે તો તેની કદર થોડાજ લોકો સમજેછે. તેઓ ઘણુ કરીને પો

તાનીજ મતલબ જુએછે અને ચાકરને સઘળી જાતના હુકમ વાજબી કે ગેર વાજબી ફરમાવેછે.

બાઈઓ ! તમે જો તમારા કુટંબની શેઠાણી દાખલ હોય તો ચાકરને નકામા અથવા ગેર વાજબી હુકમ કરવાથી પહરેજ રેહો. તેઓને પીઆર અને હેતથી બોલાવો. જારે તેઓ તમારી ચાકરી પોતાનો જીવ તોડીને કરે તારે તમે બીજું તો રહુઉં પણ એટલુંજ જણાવો કે તમો તેની ચાકરીથી ખુશી થયાં છો. તમારે વાસતે તેઓને જારે હરએક દુખ ભોગવવું પડે તારે તેઓને માલુમ પડવા દેઓ કે તમો પોતે સંકટમાં અથવા દુખમાંછો અને તે કરેઆ વગર છુટકોજ નથી. તેઓ આજારી પડે તારે તેમને સારાં કરવાને દવા દારૂ આપો અને તેમની ખબર અંતર કાહડતા અથવા કહડાવતાં રેહો. ઘણા ચાકરો હોએ તો ફકત એકજ ચાકર ઊપર ઘણો પેઆર રાખીને બીજાઓના દીલ તોડશો નાં. તમારાથી બનેતો ચાકરોને વાંચવા લખવા તથા બીજી કેળવણી તેના ફરસુદના વખતે મળે તેવા ઊપઓ કરો. ચાકરો સમજુ અને કેળવાએળા હસે તેમ તેઓ તમારી ચાકરી વધારે સારી રીતે કરશે.

---

## અજમેર પરાંતનો જાણવાજોગ હેવાલ.

બાઈઓ ! ગુજરાતની ઊતર દશાએ અને દીલી તથા આગરાની પશચમ દશાએ અજમેર અથવા રજપુસતાનનો મોટો પરાંત આવેલોછે. મારવાડ, જેપુર, ઊદેપુર, જોધપુર, અજમેર અને એવા બીજા નવ પરગણા એ પરાંતના કહેવાએછે. તેઓ મધેનું મુખીઅ પરગણુ અજમેરનું ઈંગરેજ સરકારના હાથમાં આજ આસરે ચાલીસ વરસ થયા આવેલુંછે. બાકીના ઘણાખરા પરગણા રજપુત રાજાઓના હાથમાંછે. એ રાજાઓ ઈંગરેજ સરકારને ખંડણી અથવા ચોથાઈ આપેછે અને ઈંગરેજ સરકારને તાબે રહીને પોતાનું રાજ ચલાવેછે. એ રજપુત રાજાઓ દેખાવમાં કેવા હોએછે તે ગયા વરસના સ્ત્રી બોધમાં જેપુરના રાજાની તસવીર જે ૯ મે પાને આપવામાં આવીછે તે ઊપરથી માલુમ પડશે.

આ પરાંત લંબાઈમાં ૩૫૦ માઈલ અને પોહોલાઈમાં ૨૦૦ માઈલ કેહવાએછે. એ પરાંતની ઘણીખરી જમીન રેતાલછે. તાંહાંના જંગલો મધે રેતીની મોટી મોટી ટેકરીઓછે. જારે મોટું તોફાન થાયછે તારે એ ટેકરીઓ પોતાની જગા અને આકાર બદલેછે. એ તરફ કુવા ઘણાજ ઊંડા અને સાંકડા હોએછે. કુવાની ઊંડાઈ ત્રણસો ફુટથી ઘણુ કરીને વધારે માલુમ પડશે. એટલું ઊંડું ખોદઆં છતાં પણ પાંણી ઘણુજ થોડું અને મોળુ નીકળેછે. એ પરાંતના જંગલોમાં પાણીની આવી અછતછે તેથી મુસાફરોને વાસતે ઈશવરે તરબુચ અથવા કલીગન તાંહાંના જંગલોમાં જેટલાં જોઈએ તેટલાં પેદા કીધાંછે. ઊતર તરફનો ભાગ ફલવંત અને રસાલછે. એ પરાંતમાંથી કોઈબી મોટી નદી વેહતી નથી. મારવાડ અને મેવારની વચેના કેટલાએક ડુંગર બબે હજાર ફુટ ઊંચાછે. પશચમ હદ ઊપર આબુનો પાહાડ તેથી ત્રણો ગણો ઊંચો માલુમ પડેઓછે. આબુના પાહાડની સીતલ હવાને વાસતે ઘણા ઈઊરોપીઅનો ગરમીની રૂતુમા તાંહાં જઈને વસેછે.

એ પરાંતના મુખીઅ રેહેવાસીઓ રજપુત લોકોછે. રજપુત લોકોમાં રાથોર જાતના તથા ચોહાન જાતના તથા જાદેજા જાતના રજપુતો મોટા કેહેવાએછે. એ લોકોમાં અફીમની કેફ કરવાંની ચાલ ઘણીજ પસરેલીછે. તેઓ અફીમનો કસુંબો કાહાડીને પીએછે. તેઓને તાંહાં પરોણા આવેછે તો તેને પેહેલ વેહેલો કસુંબો પાએછે. રજપુતોમાં એક ઘણીજ ઘાતકી અને કમકમાટ ભરેલી ચાલ ફેલાવો પામી હતી તેવી શી તમોએ સાંભલીઊં હશે. તેઓને તાંહાં છોકરી અવતરે કે તરત તેમને દુધમાં બોરીને મારી નાખે. એ પરમાણે બીચારી અબલાઓને જનમતાંજ મારી નાખવાની મતલબ એકે તેઓ પોતાની છોકરીઓને પોતાથી નીચી પદવીના માણસો સાથે પરણાવવાને ઘણુજ સરમ ભરેલું સમજતા હતા. છોકરીઓને જીવતી મારી નાખવાની ચાલ ફકત તેજ પરાંતમાં ફેલાઈ હતી એટલુંજ નહી પણ કછ અને કાઠીઆવાડના રજપુતોમાં પણ ફેલાવો પામી હતી. એ મુરખ લોકો એવુંજ સમજતા હતાં કે હમારા બાપદાદા જેમ કરતા આવેઆછે તેમ હમે કરીએછે. પણ એમ કરતાં એ ચાલ હતેઆથી કેટલું પાપ થતું હતું તે તેઓ મુરખાઓ મુદલ સમજતા નહીં હતા. આખેર ઈંગરેજ સરકારે એ ઘાતકી અને કમકમાટ ભરેલી ચાલનો અટકાવ કરવાને સખત ઊપાયો કામે લગાડેઆ, તેથી એ

ચાલનો હાલ ઘણું કરીને અટકાવ થએલોછે. ૧૮૪૧ માં ઈંગરેજ સરકારે એવો કાએદો બાંધેઓ કે જે રજપુત પોતાની છોકરીને મારી નાખે તે એક હજાર રૂપી આ ગુનેગારીના આપે, તથા બીજી સજાએ પોહાચે. એ વરસ પછી એ ઘાતકી રસમ ઘણુ કરીને બંધ પડીછે. રજપુત લોકો ઘણા હીંમતવાળા તથા લડવામાં બાહદુર કેહેવાએછે. તેઓ પોતાના સરદારો ઊપર ઘણુ હેત રાખેછે. અજમેર પરાંતનાં મુખીઅ શેહેરો અજમેર, જેપુર, જોધપુર, ઊદેપુર, નીમજ, બુંદી, કોટા, કેહેવાએછે.


રજપુતસતાનના આખા પરાંત ઊપર કોઈબી મુસળમાન બાદશાહે અથવા સરદારે પુરી ફતે મેળવી નથી. ઈસવી સન ૧૧૯૩ પછી એ પરાંત દીલીના તખતની મોટાઈ કબુલ રાખીને તેને ચોથાઈ આપવા લાગીઊં. રજપુત સરદારો વારેઘડીએ આ પરાંત મધે હુલડ મચાવતા હતા તેથી દીલીના શાહનશાહાઓને તે તેમની ઊપર ચહડાઈ કરવાની વારેવાર જરૂર પડતી હતી. ઓરંગજેબ પાદશાહના મરણ પછી મુસલમાન રાજાઓનું જોર નરમ પડીઊં અને સન ૧૭૪૮ માં રજપુત સરદારો સવતંતર થઈ પડેઆ. તારપછી તેઓ માંહો માંહે મરાવા લાગા અને બેની લડાઈમાં તીજાનું કાંમ થયું. મરાઠા લોકો જેઓ લુટારા પીંઢારીનો ધંધો કરતા હતા તેઓ રજપુતશતાનના કેટલાએક ભાગોના ધણી થઈ બેઠા. માધાજી સીંધીઆ અને દોલતરાવ શીંધીઆ એઓએ પોતાનો અમલ મજબુત રીતે બેસાડેઓ. ઈસવી સન ૧૮૦૩ મા દોલતરાવ સીંધીઆ સાથે ઈંગરેજ સરકારે લડાઈ કરીને તેને હરાવેઓ. ૧૮૧૮ માં કોલકરાર થયા અને અજમેર ઈંગરેજ સરકારના હાથમાં આવીઊં. હાલ જેપુર, જોદપુર, મારવાડ ઈતીઆદી પરગણાઓમાં રજપુત સરદારો રાજ કરેછે અને તેઓ ઈંગરેજ સરકારને ખંડણી ભરેછે. એ રાજાઓ સઘળા કેફમાં તથા ઈસકબાજીમાં ડુબેલાછે.

અજમેરનું મુખીઅ શેહેર અજમેર કેહેવાએછે તે એક ડુંગરની પાસે આવેલુંછે. તાંહાંના ઘેરો ઘણુ કરીને પથરના બાંધેલાંછે. શાહાજાહાંનનો મેહેલ તથા બાગ હજીર સુધી પરખીઆતછે. એ શેહેરમાં ખોજા અઈઊદીનની નામીચી કબરછે જે કબરની હજ કરવાને અકબર બાદશાહ ઊઘાડે પગે ચાલીને ગયો હતો એવી મતલબથી કે તેને પેટે પુતરનો જંનમ થાએ. ભોળી સ્ત્રીઓને બચાં આપવાને બાને કેટલાએક ઠગારાઓ ઠગેછે તેમ અકબર બાદશાહનેબી કોઈએ ઠગેઓ હતો અને ખોજા અઈઊદીનની ઘોરની હજ કરવા મોકલીઓ હતો. માધાજી અને દોલતરાવ સીંધીઆબી આ ઘોરને માનતા ચહડાવતા હતા. ૧૮૧૬ ના વરસમાં નામદાર ઈસટ ઈંડીઆ કંપનીએ પોતાની એક કોઠી આ શેહેરમાં ઊભી કીધી હતી.

ઈસવી સન ૧૮૫૭ ના શાલમાં હીંદુસથાન મધે જે બલવો ઊઠેઓ હતો તે બલવાનુ મોટું મથક રજપુતસતાનબી થઈ પડીઊ હતું. સર હીરોજ જે હાલ હીંદુસથાનનો સેનાપતી ઠરેઓછે તેણે એ પરાંતના બલવાખોરો ઊપર વારે ઘડીએ ફતે મેલવી હતી. અને સીંધીઆની બાજાબાઈએ ઈંગરેજ સરકારને સારી મદદ કીધી હતી.

## માણસની કારીગરીનાં થોડાએક નમુના.

### એક ઘણુજ અજાએબ જેવું ઘડીઆલ.



ઈઊરોપખંડ મધ્યે જરમની દેશમાં એક ઘણુંજ અજાએબ જેવું ઘડીઆળછે. એ ઘડીઆળ આજ આસરે ત્રણસો વરસ ઊપર બનાવેઆમાં આવીઉં હતું. આકાશ મંડળનો એક મોટો ગોળો ઘડીઆળ આગલ મુકેલોછે અને તેથી આકાશ મંડળ માલુમ પડેછે. પરથવી પોતાની ધરી ઊપર ચોવીસ કલાકમાં ફરેછે. સુરજને બાર રાસીમાં ફરતો કીધેલોછે. ચંદર આપણી પરથવીની આસપાસ ૨૮ દીવસમાં ફરતો માલુમ પડેછે. ઘડીઆળમાં બે બાજુએ ટેબલ મુકેલીછે. તેમાં સુરજ તથા ચંદરના ગહરણ થતા માલુમ પડેછે. ત્રીજું ટેબલ વચોવચ મુકેલું છે. તેની ઊપર યુનાન લોકોના દેવની મુરતીઓ ઊભી કીધીછે. એક મુરતી ઊપરથી વરસ માલુમ પડેછે. બીજી મુરતી ઊપરથી દાહડો તથા કલાક, મીનીટ તથા તેહેવારના સઘળા દીવસો માલુમ પડેછે. એક બાજુ ઊપરથી આખા જરમની દેશનું વરણન તથા ઘડીઆળ બનાવનારના નામ વાંચવામાં આવેછે. ઘડીઆળના વચલા ભાગમાં એવી હીકમત કીધીછે કે દીવસના હરએક વખતે ફલાણો ગહરે કહી જગાએ આકાશમાંછે તે માલુમ પડી આવે.

સાત ગહરેની મુરતીઓ બનાવેલીછે. હર એક ગહરે જે વખતે આશમાનમાં ઊગે તારે તે ગહરેની મુરતી પોતાની મેળે બાહાર આવે. જારે હરએક ગહરે આથમે તારે તે ગહરેની મુરતી સાંચાંની અંદર ભરાઈ જાએ. મુવેળા માણસના માથાની ટોપરી તથા બે છોકરાઓની મુરતી ઊભી કીધેલીછે. જારે ઘડીઆલ વાગેછે તારે એક છોકરો રેતીનું ઘડીઆલ પોતાને હાથે ફેરવીને મુકેછે અને બીજો છોકરો લાકડી લઈને ઘડીઆલના અવાજ કરેછે. ઊનાલો, ચોમાશુ, શીઆળો અને વંસત રુતુની મુરતીઓબી બનાવેલીછે અને તે ઊપરથી સઘળી રુતુનો વખત માલુમ પડેછે.

મોહતની મુરતી બનાવેલીછે. તે દરએક પા કલાકે ઘંટ વગાડવાને બાહાર આવેછે; પણ ઈસુ કરાઈસટની મુરતી તેને તરણ વખત હાંકી કાહડેછે અને ચોથી વખતે એક હાડકાથી વજાડેછે. ઘડીઆળને મથાલે એક મરઘો બનાવેલોછે; જે દીવસમાં બે વખત કાગેછે અને પોતાની પાંખ હલાવેછે. ચાર ચાર કલાકે જુદી જુદી જાતના રાગ નીકળેછે. તરેહવારને દીવસે બંદગી કરવાનો અવાજ પોતાની મેલે નીકલેછે.

### એક કરારીઆની પેટી.

એક કારીગરે કરારીઆની પેટી બનાવી હતી. તે પેટીને ટેબલ ઊપર મુકીઆ પછી તેમાંથી કરારીઓ પોતાની મેલે બાહાર નીકલતો હતો. ટેબલની ઊપર આગલ અને પાછલ દોડતો હતો. પોતાના પંજા લાંબા ટુકાં કરી શકતો હતો. એ કરારીઓ ૧૧૫ જુદા જુદા સાંધાનો બનાવેલો હતો.

### એક અજાએબ જેવી ગાડી.

ફરાંસ દેશનો પાદશાહા ચઉદમો લુઈ જારે બાલક હતો તારે તેને વાસતે એક કારીગરે ગાડી બનાવી હતી. તે ગાડીમાં બે ઘોડા જોડેલા હતા. તેમાં એક ઓરત બેઠેલી હતી. તે ગાડીમાં પાછલ બે ચાકરો ઊભા રાખવામાં આવેઆ હતા. તે ગાડીને કુંચી આપીને એક લાંબી ટેબલ ઊપર મુકી હોએ તારે કોચમેન ઘોડાને જરા ચાબક લગાવે કે ઘોડા ચાલવા લાગે. ઘોડા પોતાના પગ એવી રીતે ઊચકે કે જાણે ખરા ઘોડા ઊચકતા હોએ. જારે તે ગાડી ટેબલની કોર ઊપર આવી પોહોચે કે જમણી બાજુએ પોતાની મેલે ફરે. પછી ટેબલની જે બાજુએ લુઈ બાદશાહા બેઠેલો હોએ તે બાજુ આગલ તે ગાડી આવી પોહોચે તારે તે પોતાની મેલે ઊભી રેહ. ઘોડાવાળો પછવાડેથી ઊતરી પડે, ગાડીનું બારણું ઊઘાડે, ગાડીમાંથી તે સ્ત્રી ઊતરી પડે. તેણીના હાથમાં એક અરજી લઈ આવી હોએ તે બાદશાહાને વાંકી વલીને આપે. થોડીવાર ખોટી રહેઆ પછી સલામ કરીને પાછી ગાડીમાં બેસે. ઘોડાવાલો પાછો પોતાની જગાએ ચહડી બેશે અને કોચમેન ચાબક ઊચકે અને ઘોડા ચાળવા લાગે. એક બીજો ઘોડાવાળો ચાલતી ગાડીએ ગાડીની પછવાડે ચહડી બેસે.

### એક લખનાર છોકરો.

એક કારીગરે એક છોકરાનું પુતલું બનાવીઊં તેમાં એવો સાંચો બનાવેઓ કે છોકરો પોતાના એક ગુઠણીઆ ઊપર બેસીને લખતો હોએ, તેની પાશે એક ચાકર ઊભેલો તે તેને કલમ બોલીને આપે. તે છોકરો તરહે તરહેના ચીતાર પાડે એટલુંજ નહી પણ ઘણાજ સુંદર અખેરથી ઈંગરેજી તથા ફરેંચ લખી શકે. લખતી વખતે તેના હાથ તથા આંગલી તથા આંખની સઘલી ઘપ એક ખરા છોકરાંને મલતી હોએ એમ માલુમ પડતું હતું. એ છોકરાના હાથની એકજે પેહ

લી આંગલી બનાવવાનો ખરચ પંદર હજાર રૂપીઆ નો થયો હતો.

### એક બોલતું બચ્ચું, ઈતીઆદી.

એક કારીગરે એક એવું બચ્ચું બનાવીઊં કે બચાંની મીસાલે જુદા જુદા અવાજ કાહાડીને બોલે. તે સાંચાના સોલ જુદા જુદા ભાગ બનાવેઆ હતા અને સોલ જુદી જુદી કુંચી આંપવી પડતી હતી. એક માણસે સરવાળો, તથા બાદબાકી તથા ગુણાકાર કરવાનો સાંચો બનાવેઓ હતો. એક બીજા કારીગરે એક બતક બનાવીઊં હતું. તે જીવતાં બતકનું સઘળું કામ કરી સકતું હતું. તે અવાજ કાહડતું હતું એટલુજ નહી પણ તે ખાંતું પીતું હતું અને તેને પીશાબ ઝાડો થતાં હતાં. વળી બે પુતલાં સેતરંજનો દાવ રમે તેવાએક કારીગરે બનાવેઆં હતાં.

### હાલંડ દેશની એક ગુણવાન સ્ત્રી.


મરાયા ઊસતરવીક નામની હાલંડ મધે એક ગુણવાન સ્ત્રી થઈ ગઈછે. તે ઈસવીસન ૧૬૩૦. માં જનમી હતી. તેણીએ બચપણમાં ઘણી સારી કેળવણી લીધી હતી. થોડી મુદતમાં તે પોતના શીખવનારની બરોબર થઈ. તે પુસતકો પરગટ કરવા લાગી અને તેણીનું નામ દેશ દશાવર ખાતે જાણીતું થયું. તેણીના બનાવેલા પુસતકો ઈઊરોપખંડનાં જુદા જુદા રાજાઓ વાંચવાને ઊલટ ધરાવતા હતા. ફરાંસના ૧૪ મા લુઈ સહનશાએ તે સ્ત્રીના બનાવેલા પુસતકો પોતાના દફતરખાનામાં રાખેઆં હતાં. તે સ્ત્રીને કેટલાએક રાજાઓની તરફથી ઊમદા ભેટો અથવા નજરાના થયાં હતાં. એક રાજા બીજાને જોઈને તેથી વધારે આબરૂ આપવા લાગેઓ. ઈંગલંડ તથા પોલંડ દેશના બાદશાહોએ મોટી રકમની ભેટ એ ગુણવાન અને ચાલાક સ્ત્રી ઊપર મોકલી હતી.

આ સઘળી આબરૂ મલેઆથી મરાયા મગરૂર થવાને બદલે વધારે નમનતાઈ ભરેલી થતી ગઈ. તેણીએ એકાંત જગામાં પોતાની મેહેનત અને પોતાનો ઊદીઓગ જારી રાખેઓ. તેણીની આસપાસ ઘણા મીતરો હતા તોપણ તે પોતાના અભીઆસના ઓરડામાં બેસીને પોતાનું કામ કરેઆજ કરે. એક દીવસે એક ઊંચા કુલનો પુરૂશ તેણીની મુલાકાત કરવાને આવેઓ અને તેણીનો ઊદીઓગ તથા અભીઆસ જોઈને એટલોતો ખુશી થઈ ગયો કે તેણે તેણીની સાથે લગન કરવાને પોતાની ઈછા બતાવી.

મરાયા તેની સાથે પોતાનું લગન કરવાને ના ખુશી હતી પણ તેને એક દમ ના ઊમેદ કરવાને તેણીએ વાજબી વીચારીઊં નહીં. તેણીએ જણાવીઊં કે તું એક કબુલાત પુરી પાડ તો હું તારી સાથે લગન કરવાને રાજી થઈશ. તે કબુલાત એજે એક વરસ સુધી દરરોજ દસ કલાક મેહેનત કરવી અને આળસુ બેસી નહીં રેહેવું. તે જુવાન ગહરસથે તરત કબુલ કીધું. પણ તેણીએ ધારીઊં હતું તેમ તે ગહરસથમાં પોતાનો બોલ પાલવાની તાકાદ હતી નહી. તેનો અભીઆસનો ઓરડો મરાયાના ઘરની સામે હતો. મરાયા દરરોજ પોતાની બારીમાંથી તપાસ રાખેઆ કરે. જે વખત તે આળસુ માલુમ પડતો હતો તે વખત તારીખવાર સુધા તે સ્ત્રી નોધી રાખતી હતી.

જારે વરસ પુરું થયું તારે તે ગહરસથ આવીને કહેવાલાગો કે હું તમારી સાથે લગન કરવાને લાએક થયોછું. મરાયાએ તરત પોતાની સમરણ ચોપડી કાહડીને તેની આગલ મુકી અને જે જે દીવસે જેટલા કલાક આળસુ રહેઓ હતો તે સઘળું વીગતવાર સુધાં દેખાડી આપીઊં; પેલો ગહરસથ બીચારો ગભરાઈને સરમમાં પડેઓ અને ના ઊમેદ થઈને ચાલતો થયો

### બચાંઓને ધાસતી—"બાઊ આવેઓ."



પીઆરી અને સમજુ માતાઓ! તમારા બચાંઓને ધાસતી આપવાને તેઓની આગલ ખોટી અને વેહેમોની વાતો કરશોના. તેઓ વારંવાર રડતાં

હોએ અથવા કજીઓ કરતાં હોએ તો "બાઊ અથવા બાગડો આવેઓ" એમ બોલીને તેઓના દીલમાં ધાસતી અને દેહસત ઊતપન કરતા ના. એક સાત વરસનું બાલક દર રોજ પોતાના પડોસીના ઓટલા ઊપર બીજા છોકરાંઓની સાથે સાંજનાં સાત અથવા સાહાડાં શાત વાગા સુધી રમતું હતું. તેની મમઈએ કહીઊં કે સાંજ પડેઆ પછી કોઈ "બાઊ" દાદરના બારણા પછવાડે છુપાઈ રેહેછે અને તાંહના બાલકને ઊચકીને ચાલતું થાએછે. તે બચાનાં દીલમાં ધાસતી પેઠી. રમતાં રમતાં સાંજ પડી અને દીવા બતી થઈ કે પોતાના ઘરનો દાદર એકલો ચહડી શકે નહી. પડોસી અથવા ઘરનું માણસ આવે તારેજ તેની આગલ દોડીને સીરી ચહડી જાએ. એ પરમાણે એ બચું દસ વરસનું થયું તોંહાંસુધી સાંજ પડેઆ પછી પોતાનાં ઘરનો દાદર એકલો ચહડી શકે નહી.

એક બચાને તેની માજીએ કહીઊં કે રસતામાં જે ઠેકાણે કુંદારૂં કરીને માથાનો ઊતારો મુકેલો હોએ તે કુંદાલામાં પગ મુકવો નહી. બચાંએ પુછીઊં કે માજી પગ મુકેઆથી શું થાએ! તારે તે વેહેમી માતાએ જવાબ દીધો જે તાપ આવીને મરી જાએ. એક દીવસ તે બચું પોતાના મોહલામાં રમતું હતું અને રમતાં રમતાં કોઈ વેહેમી સ્ત્રી કુંગલું કરીને ઊતારો મુકી ગઈ હતી તેમાં પગ પેઠી ગયો. તે બચાંને ઘણીજ ધાસતી ઊતપંત થઈ અને તે ધાસતીના સબબથી તે રાતના તાપ આવી અને બચું કેટલાએક દીવસ સુધી હેરાન થયું.

એક મમાઈને એવીજ ટેવ પડી ગઈ હતી કે દરરોજ સાંજના પોતાની આસપાસ પોતાના અને પોતાના પડોસીઓના ઘરના સઘલા છોકરાંઓને એકઠા કરીને તેમની પાસે મસાણના ભુતની, ડાકેણ તથા ચુડેલની તથા જાદુ તોણાની વાતો કરતી હતી. તે બચાંઓ તે વાતો સાંભલીને પોતાને ઘેર જાએ અને રાતના સુતા પછી ઘણીજ ભયંકાર અને ધાસતી ભરેલા સપના આવે. તે સપનાથી કેટલાએક બચાંઓ રાતના ચોકી ઊઠે અને સાંભલેલી વાતો વારંવાર ઈઆદ લાવે. તે બચાંઓ મોટા થયાં અને ઊંચી કેલવણી લીધી તાંહાંસુધી તેઓનાં વેહેમો મુદલ ઓછા થયા નહી હતા.

મેલા અથવા જાતરામાંથી એક બચું બતક તથા માછલીના રમકડાં લાવીને ઘેર આગલ પાંણીમાં તરાવે. સલીઆની એક બાજુ દેખાડે તો તે બતક અથવા માછલી નાહસી જાએ અને બીજી બાજુ દેખાડે તો તે બતક અથવા માછલી તે સલીઆ આગલ દોડી આવે. તે બચાંની મા તથા બપાઈ તેનું ખરૂં કારણ સમજાવવાને બદલે ઊલટું એવું સમજાવે કે તે સલીઆમાં જાદુ અથવા નજર બંધીછે.

રસતામાં ગારૂડી લોકો ખેલ કરવાને આવે અને બચાંઓ પોતાંની મા તથા મમાઈ બપાઈની સાથે ઊભા રહીને તે ખેલ જુવે. તે ગારૂડીની હાથ ચાલાકીથી તે સ્ત્રીઓ ઠગાએ અને પોતાના બચાંઓને સમજાવે કે સઘળી નજરબંધી તથા જાદુછે. તે ગારૂડી લોકો આપણી આંખ બાંધી લેએછે તેથી એક દાંઅને સાડેતીન કરીને રૂપીઆનો કાંકરો અને કાંકરાનો રૂપીઓ કરી નાખેછે. બચાંઓ પુછે કે માજી નજર બાંધેછે, એટલે શું? તારે બુઢી મમાઈ બપાઈઓ અને કોહોલાઈ ફુઈઓ જવાબ આપે કે. તેઓ મંતર ભણીને આપણી નજર બાંધી રાખેછે—તે છોકરાંઓ જાદુ તોણાના વેહમમાં પડેછે અને મોટાં થાઈને ઊંચી કેળવણી લીએછે તાંહાં સુધી તે વેહેમોથી છુટા થઈ શકતા નથી.

પીઆરી અને સંમજુ માતાઓ! તમે તમારા બચાંઓને આવી રીતે જુઠા વેહમમાં નાખોમાં. તમો પોતે ભુત પલીતની તથા જાદુ તોણાંની વાતો ખરી માનતા હોવ તોપણ તમો તમારાં બચાંઓ આગલ તેવી વાતો કરશો ના. તેઓના કુમળા મગજમાં વેહેમ અને ધાસતી ભરેલા વીચારો ઊતપંન કરીને તેમને હીચકારા તથા બીકણા બનાવવાનું છોડી દેઓ અને તેને બદલે તેઓમાં હીંમત અને ચાલાકી આવે તેવાં વીચારોને ઊતપન કરો. બેહેનો! તમારા વેહેમી વીચારોથી તમારાં બચાંઓને કેટલું અને કેવું નોકસાન પડેછે તેનો તમે મુદલ ખેઆલ કરતા નથી. તમો પોતે વેહેમોથી મોકળાં થવાની તજવીજ કરો અને તમારા વેહેમો તમારા દીલમાંથી ગયા નહી હોએ તો તે વેહેમો તમારા બચાંઓના કુમલા મગજ મધે પરવેશ કરવાથી ઈશવરને વાસતે પરેહજ રેહો.

---

### માથાના બાલ—ઓરતની ખુબસુરતી.

માથાના બાલ એ ઓરત જાતની ખરી અને બુલંદ ખુબ સુરતીછે. માતા પોતાના બાલકના ચંચક

તા બાલ ગુંથીને કેટલી મગરૂ થાએછે ! ભરતાર પોતાની સ્રીના બાલનો ચલકાત જોઈને કેટલો ખુશી થાએછે. બાલ વગર ઓરત જાતની ખુબસુરતી કેહેવાતી નથી. ખુબસુરત ચેહરાને બાલ જેટલો સણગાર આપેછે તેટલો સણગાર કોઈબી ચીજોથી મલી શકવાનો નથી. હજારો રૂપીઆના કીંમતી કપડાં અને હજારો રૂપીઆની કીંતમી જણસ માથાના ચલકતા બાલની આગલ પોઈસછે. બાલની તારીફ મોટા મોટા કવી જનોએ કીધીછે તે ખોટી નથી.

ઘણા બાલ ઊપરથી ઓરત જાતનું કઊવત માલુમ પડેછે. આપણી જીંદગીની અંદર બાલ ઊપરથી કેટલીએક અગતની શીખામણ તથા ઊપદેશ મળેછે. બાલ ઊપરથી માણસની ઊમર માલુમ પડેછે. હરએક બાલકનું નશીબ તેના ચલકતા બાલ ઊપરથી દેખાએછે. આજારી માણસના માથા ઊપરથી બાલ ખરી પડેછે. બુઢા અને ઘણા વરસના અનુભવી માણસોના બાળ ઘણુ કરીને રૂપાના જેવા સફેત ચલકતાં થઈ જાએછે. કોલમબસ જેણે નવી દુનીઆની શોધ કીધી તેના માથાના બાળ તીસ વરસની ઊંમરે સફેત થઈ ગયા હતા.

કેટળાએક દેશની સ્રીઓ માથાના બાળની સાથે ગુલાબના ફુલ ગુથેછે. કેટલીએક સ્રીઓ ખોટાં ફુલ બી માથામાં ગુથેછે. કેટલીએક સ્રીઓ સોનાની જણસો બાલની સાથે ગુંથીને મુકેછે. બાલને કેમ રાખવાં અને કેમ ગુંથવા એ વાત જે દેસની સ્રીઓ જાણેછે તે સ્રીઓ ખુબશુરતીમાં વધારે બીરાજી નીકલેછે. પારસીની સ્રીઓ પોતાનાં બાલની ઊપર માથાબાનું બાંધેછે તેથી તેમના બાલની ખુબશુરતી ઢંકાઈ જાએછે. જે સ્રીઓ જોગ અથવા વેરાગ લેએછે તેઓ પોતાના માથાના બાલ એટલાજ માટે કાહાડી નાખેછે કે તેઓને ઈશવરની ભકતી શીવાંએ દુનીઆની ખુબસુરતી સાથે કાંઈ કાંમ નથી. કેટલીએક સ્રીઓ પોતાની ઘણીજ દલગીરી દેખાડવાને પોતાના માથાના બાલ કાહાડી નાખેછે અને તેજ કારણને લીધે હીંદુ વીધવાઓમાં બાળ કાહડી નાખવાની રસમ ઊતપન થઈ હશે. રોમ દેશની સ્રીઓ પોતાની ઘણીજ દલગીરી દેખાડવાને પોતાના બાલમાં રાખ ભરતી હતી.

ઈસપેન દેશની લડાઈમાં ઓરતો પોતાના માથાના બાળ દાહડીની નીચે બાંધીને બાંહાદુરીથી લડી હતી અને દુશમેનોને હરાવેગા હતા. નીજામના મુલકમાં સ્રીઓની એક ઘોડસવાર રીજમીટછે તેઓ પોતાના બાલ છુટા મુકીને હથીયાર સુંધા ઘોડે સવાર થાએછે.

---

## તરકારી—દુધી.

દુધીને દખણ તરફના લોકો સફેત કોહોલું કેહેછે. ગોવામાં અને કોકંણમાં દુધીજ કેહછે. એ બારેમાસ થાએછે; પણ માગસરથી જેઠ સુધી એની મોસમ કેહેવાએછે. દુધી વાડીમાં રોપેછે અને તેને વાસતે આસરે એક માણસ પુર ઊંચો માંડવો કરેછે, તે ઊપર એના વેલા પસરાઈ જાએછે. દુધીમાં પાંચ છ જાતી હોએછે. લાંબી, તુંબડીઓ, ચપટી, કડવી, અને તંબુરા જેવી ઈતીઆદી. દુધી દસ પંદર દાહાડાથી વધારે દાહડા ટકતી નથી. દુધીનો હલવો તથા બે ચાર જાતનું શાક બનાવેછે. એના વેલા તથા ફુલો માનસના ખાધામાં આવતા નથી, પણ તે ઢોરનાજ ખાવામાં માતર આવેછે.

ગોળ અને ચપટી દુધી હોએછે તે પાકીને સુકાઈ જાએછે તારે તંબુરા બનાવવાના કામમાં આવેછે. તથા ભંડારી લોકો તાડી ભરવાને વાસતે તેના તુંબડાં બનાવેછે. જે ઘણા મોટા તુબડા હોએછે તે ચોમાસામાં નદી ઊતરવાને ખપ લાગેછે. આ દુધી મોટી અને હલકી હોએછે અને એની છાલ કઠણ હોએછે. જે દેશમાં નદી ઊતરી જવા સારૂ હોડી તથા મછવા નથી હોતા તાંહાં ઊતારૂ લોકો બે કાખમાં બે તુમડા મારી નદી ઊતરી જાએછે અને ચાર મોટા તુમડા એકઠાં બાંધી વચમાં એક બીલસની દોરી રાખેછે. જે માણસને નદી ઊતરીને પેલેપાર જવું હોએછે તે માણસ પોતાનો સામન સુધા તેના ઊપર ઘોડો ફલંગીને બેસેછે અને પાર ઊતરી જાએછે. આ પરમાણે કેટલાએક લોકો પાંચ છ મણનો બોજો લઈને એ તુંબડાં ઊપર બેસીને નદી પાર ઊતરેછે. આવાં એ દુધીથી મોટાં કામો થાએછે.

ઊદભીદપદારથ

---

## મેહેરબાઈની શીખામણ.

જીવણબાઈ નામની એક સારાં ખાનદાનેની પણ વગર માબાપની દીકરી પોતાની મેહેરબાઈ નામની કાકીની સંભાલમાં ઊછરેલી હતી. જીવણબાઈ પોતાની કાકીના ઘરમાં શુખ પામી હતી અને તેણીને વાંચવા લખવાની કેલવણી મલી હતી. જીવણબાઈ પોતાના ઘરનું થોડું ઘણું કાંમ કરીને દર રોજ નીશાલે જાએ. તે તેર વરસની ઊમરની થઈ તારે તેણીના લગ્નની વેતરણ થવા લાગી. તેણીને એક સારા આબરૂવાલા ગ્રહસ્થને તાંહાં અદરાવી અને બીજા છ માસ રહીને તેણીના લગન કીધાં.

જીવણબાઈની કાકીને બીજે માલે ભાડુત રેહેતાં હતાં. તેઓ હમેશ માટી બઈઅર બે તરણ મહીને લડાઈ કરે. એક દીવસ એ બેઉ માટી બઈઅર વચ્ચે ખુબ લડાઈ થઈ. તે જોઈને મેહેરબાઈએ પોતાની ભતરીજી જે થોડા દીવસમાં સાસરે જવાની હતી તેણીને શીખામણ દીધી. તે શીખામણ નીચે મુજબ હતી.

"મારી વાહાલી દીકરી! તું પણ હવે જલદીથી સાસરે જવાનીછે. વાસતે સંભાલ રાખજે કે આ આપણાં પડોસીનાં રેસતાં થાએછે તેમ નહી બને. મારી બેહેન! આપણાં ખાનદાનની આબરૂ વધે તેમ તું સાસરામાં ચાલજે. તારા સાસુ સસરાના હોકમ મુજબ રેહેજે. તેઓને તાંહાં એકજ ચાકરછે વાસતે તને બે કાંમ કરવા પડે તો કાંઈ બોલીશમાં. તારી નણંદ ભોજાઈ સાથે હેત પરીત રાખજે. તેઓને જો તારાં જેવાં કપડાં અને જરીઆન તારી સાસુ ઘડાવે તો તું કાંઈ દલગીર થાતી ના તથા તેમની અદખાંઈ કરીશમાં; પણ ઊલટી ખુશી થજે. તેથી તેઓનો તારી ઊપર પીઆર વધશે.

"ઘરના સરવે માણસો સાથે રૂડી રીતે ચાલજે. કોઈને આડો સખુન ઓચરતી ના. તારો વર ભણેલો છે અને તુને સારી શીખામણ દેશે તે તું ચીત દઈને સાંભલજે; અને તેના બોલવા ઊપર અમલ કરવાને કોઈ દીવસે ચુકતી ના. તેની હજુરમાં કોઈ બેગાના પુરૂશ સાથે વાત કરે તો ખુબ હુસીઆરી રાખજે. પડોસી અડોસીના જુવાનીઆઓ તારી ઊપર સોલાંએ અને વાત કરવા આવેતો તેઓ ઊપર તું ધીકારથી જોજે.

"કપડાં અને જનસો પેહેરવામાં ઘણો વખત કાહડતી ના. ઘરનો સઘળી પરકારે સુઘડાઈ રાખજે. ચાકરોને કાંઈબી આડો હુકમ કરતી ના અને જરૂર કરતાં વધારે મેહેનત આપતી ના. હમેશા એટલું ઈઆદ રાખજે કે તે ચાકરછે તોપણ માણસછે અને સઘળા માણસો આપણા ભાઈબંધછે. તે ગરીબછે તેથી આપણો આશરો લઈ ગુજરાણ કરેછે. બરામણો તથા જોખેદા તને ભમાવવાને ઘણા આવશે. તેઓ ઠગારાના બોલવા ઊપર તું ભરોસો લાવીશ ના. ધરમથી ઊલટી કીરીઆ કરવામાં ઘણું પાપ લાગેછે તે ઈઆદ રાખજે. બેહેન! તું સમજુછે વાસતે વધારે શીખામણની જરૂર નથી."

---

## બચાંઓની માવજત વીશે થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

(સાધન પાને ૨૭થી)

૪૫. બચાંને હઠીલાઈ કરવાની ટેવ પડી હોએ તો તે મુકાવવી. બચું જે ચીજને વાસતે કજીઆ કરે તે ચીજ આપવી નહી. તેમજ જે ચીજ તે માંગે તે તરત આપવી નહી. અગર બચાની મરજી હમેશ રાખી તો તે બીગડેઆ વગર રેહેતું નથી.

૪૬. જારે બચું ઘણુંજ રડે અથવા કજીઓ લઈ બેશે તારે માતાએ મુંગા મુંગા પોતાનું કામ કરી અજાવું તેને મુંગા રાખવાને જેમ વધારે કાળાવાળા કરસુ તેમ તે વધારે બત્તર થશે. જારે બચું કજીઆ ઊપર આવે તારે બીજા બાહેરના માણસે તેની સામું જોવું નહી અથવા તેની વચમાં બોલવું નહી. તેને જોઈને તે બચું વધારે કજીઆ ઊપર ભરાએછે.

૪૭. બચાંને કદી એમ ના કેહેવું કે તું મુંગો રેહેતો ફલાણી ચીજ આપું. એ પરમાણે કબુલાત આપીઆથી બચું જે તે વાતમાં રડવા લાગેછે. તમે એવું દેખાડો કે તે રડેછે તેટલાજ વાસતે ફલાણી ચીજ તેને આપવામાં આવશે નહી, મુંગો રહેઓ હતે તો આપત.

૪૮. બચાંને વારે ઘડીએ ધમકી આપવી નહી. વારેઘડીએ ધમકી આપેઆથી ધમકીની અસર નકાંમી થઈ પડેછે.

૪૯. બચાંની નજરે કજીઓ અથવા હરએક ઘાતી કપમેપડે એ વીગેની હમેસા સંભાલ રાખવી.

૫૦ બચાંને કદી મારવું નહી. અને મારતાં શીખવવુંબી નહીં. કોઈ જનાવર ઊપર લાકડી માર વાનેબી કેહેવું નહીં. ડાહાપણ અને સાઊચેતી રાખેઆથી બચાંને મારવાની જરૂર પડતી નથી.

૫૧. ખાતી વખત બચું ગંદાપણુ કરે નહીં તે વીશેની ખુબ સંભાલ રાખવી. તેને સફાઈથી ખાંતા નહીં આવડતું હાએતો તે શીખવંવુ.

૫૨. ખોટી ધમકી અને ખાલી બીક બચાને કદી દેખાડવી નહી. એક વંખત વચાના જાણવામાં આવીઊં કે એનો ખોટી ધમકી અથવા ખોટી બીક છે તો તે પછી મુદલ દરકાર કરતું નથી.

૫૩. બચાંને ધમકીના કરતાં પીઆરથી તમારા કબજામાં રાખો. કેહેવતછે કે આરબ પોતાના ઘોડાને મારતો નથી.

૫૪. બચું ચાર વરસનું થયા પછી તેના બોલવાના ઊચારમાં કાંઈબી ખામી હાએ તે છોડાવવાની વારેઘડીએ તજવીજ કરવી.

૫૫. બચાંઓને નાહાની નાહાની વાતો ઘણી ગમેછે. વાતો કરવામાં એવી ચોકસાઈ રાખો કે તેમના કુમળા મગજ ઊપર નીતી અને સદગુણની અસર થાએ. તેઓના મનમાં ધાસતી ઊપજે તથા માઠા ગુણો પરવશ થાએ તેવી વાતો મુદલ કરવી નહી.

બાઈઓ! ઊપર જણાવેલા ૫૫ કાએદા બચાંની માવજત કરવાને વાસતે હમોએ પરગટ કીધા છે તે વારેઘડીએ વાંચીને તે ઊપર ધેઆન પોહોચાડો અને તે અમલમાંબી લાવો. એ કાએદા વીદવાન તબીબોના પુસતકો ઊપરથી નીપજાવી કાહડેઆછે અને તે મધેના કેટલાએક કાએદા આપણા દેશી વઈદ દોસાબાઈ બેજનજીના રસાળામાં ભલામણ ઊપરથી નીપજાવેઆછે. વાસતે તે સારી પેઠે વાંચીને અમલમાં લાવો એજ હમારી વીનંતીછે.

---

## પરચુરણ બાબતો.

**શું ઘરેણા વગર નહી ચાલે!** બાઈઓ! તમારી પાડોસણ સુનાંબાઈના ધણી ભલો પણ ગરીબછે અને જણસ કરાવવા માટે સુનાબાઈ તેને સતાવતી નથી તેથી કેટલો તે સુખી રેહેછે. તમેબી તમારા ધણીની હાલત ઉપર નજર રાખી સમજુ સુનાબાઈનો રૂડો દાખલો લેશો તો તમારા ઘરમાંથી કંકાસનું એક મોટું કારણ નીકલી જશે. તમારો ભરતાર સારી હાલતમાં હોશે તોપણ તમને ખરી સોભા મેલવા માટે ઘરેણાની જરૂર નથી. ખરી શોભા ઘરેણાથી મલતી નથી પણ બીજી કેટલીએક ચીજોથી મલેછે. ઘરનું કામ સારી રીતે ચલાવેઆથી, સાદા અને સોજા કપડાં પેહેરવાથી નકામાં ટાએલા મારવાને બદલે ચોપાનીઆં તથા પુસતકો વાંચેઆથી, ઘરના માણસો સાથે રૂડી ચાલ ચલાવેઆથી, અડોસી પડોસી સાથે કજીઆથી પેહેરેજ રેવાથી ખરી સોભા મલેછે. વાસતે ઘરેણાને બદલે એ સઘલી ચીજોથી સોભા મેલવાની તજવીજ કરો.

---

**બચાંઓને શીખામણ આપવામાં કેટલી સંભાલ જોઈએ**—મા બાપોએ પોતાના બચાંઓને શીખામણ આપવામાં ઘણી સંભાલ રાખવી જોઈએ તેઓ પોતાના બાલકોને જેવી શીખામણ આપે તેવી રીતે પોતે ચાલવું જોઈએ નહી તો તેઓની શીખામણથી કાંઈબી અસર છોકરાંઓના મન ઉપર થઈ શકવાની નથી. સાદી અને આમસતી શીખામણો આપવાના કરતા નાહાની નાહાની વાતો કરીને શીખામણ આપવી જોઈએ. બચાંઓનું મન નાહાની નાહાની વાતો સાંભલવા તરફ ઘણુ દોડેછે.

---

**ઊંધાઈથી કપડાં કેમ બચાવવાં!** સઘલાં કપડાં અને ઘણુ કરીને ઉનના કપડાં જારે ઘણા દાહાડા સુધી વગર વાપરેલાં પડી રેહેછે તારે તેઓને ઉધાઈ નામની જીણી કસારીઓ લાગુ પડી કરડી ખાએછે. ઉંધાઈથી કપડા બચાવવાનો ઉપાએ મેહેલોછે. લુગડાંને પેહેલાં બરાબર જાટકવાં અને પછી તેની ઘડી કરી તેના પડો વચે મરીનો ભુકો, તંબાકુ, અથવા લીંબડાના પાનના કટકા, અથવા જે વસતુમાંથી કડવો વાસ નીકલતો હોએ તેનો ભુકો નાખેછે. પણ એ સઘલાં પદારથો કરતાં કપુરના ભુકાની વાસથી કપડાને ઉધાઈ મુદલ લાગતી નથી એવું માલુમ પડેલુંછે. માટે કપડાના, ઉનના, અથવા રેશમના ઉંચાં લુગડાં બચાવવાને એ ઉપાએ સારોછે.

---

**ગોલાબના અતરની ઊતપતી**—શરીર ઉપર છાંટવાના ખુશબોમાં ગુલાબી અતર સઉથી સરસ ગણાએછે પણ તેની ઉતપતી સેહેજ અને અણચીંતી થએલીછે. કેહેછે કે હીંદુસથાન મધે મોગલ વંશના સેહેનશાહ શાહજેહાનની એક બેગમ (રાણી) પોતાની ઉપર પોતાના પતીનો પેઆર વધારવાની મતલબે દરરોજ ગોલાબના પાણીમાં નાહતી હતી અને તેને માટે તે પોતાના બાગનો હોજ ગોલાબના પાણીથી ભરી રાખતી હતી. સુરજની કીરણો પાણી ઉપર પડવાથી તે પાણીની અંદરના ગુલાબનો અરક જુદો પડેઓ અને તે તેલના જીણા ટીપાંના આકારમાં પાણીની સપાટી ઉપર તરવા લાગો. એ ટીપાં વીગે પેહેલાં એહેવું ધારતા હતા કે ગુલાબ

ના પાણીનો અંગહેલો લાગછે પણ તે કારણને માટે બેગમના ચાકરો જ્યારે તેને છુટો પાડવા ગયા ત્યારે તેમાંથી ઘણોજ ઉમદા ખુશબો નીકળતો તેઓને માલુમ પડ્યો. આ અણચીંતા બનાવથી ગુલાબના ફુલોમાંથી અતર બનાવવાની શરૂઆત થઈ, અને લોકો તેનો ફાયદો લેવા લાગા.

---

**સહેનશાહે ન ભોગવેલું સુખ ધોબી ભોગવે છે**—અસલના વખતમાં રોમના સેહેનશાઓએ ચાહ તથા શાકર વાપરી હોએ એવું તવારીખ ઉપરથી માલુમ પડતું નથી. પણ હાલ ઈંગલંડના ધોબીઓબી તે સુખ ભોગવેછે. તેઓને માટે ચાહ અને શાકર કેટલે છેટેથી ઈંગલંડ ખાતે જાયછે, અને તેઓ દરરોજ સવારના પોતાના નાસતામાં ચીનમાં પાકેલી ચાહ અને અમેરીકામાં તઈઆર કીધેલી શાકર વાપરેછે.

---

**ત્રણ વાતની કીમત ત્રણ વરગનાંજ લોકો પીછાનેછે**—જુવાનીની કીમત બુઢાઓજ સમજેછે, તનદરોસતીની કીમત આજારીઓજ જાણેછે, અને પઈસાની કીમત ગરીબોજ પીછાનેછે.

---

**રાણીનો એક મેહેલ ઉપર ખરચ**—ઈંગલંડ મધે વેસટમીનીસટર તરફ રાણીને વાસતે નવો મેહેલ બાંધવા પછવાડે મોટો ખરચ થએલોછે. જગા અને બાંધણીનો ખરચ આસરે બે કરોડ અને વીસ લાખ રૂપીઆનો થયોછે. સામાન તથા બીજો ખરચ જુદો.

---

**પરણવાનો વખત**—ઈંગરેજોમાં એવો રવયો પડેલો છે કે બાર વાગા પછી પરણવું નહી. બાર વાગા પછી લગન થાએતો તે પોટાં કેહેવાએ. ઈંગલંડમાં થોડા મહીના ઉપર એક શખસ લગનનો પરવાનો મેલવવા ગયો અને બાર વાગાને થોડી મીનીટ થઈ. તેના પાદરીએ એટલા તફાવતની દરકાર રાખેઆ વગર કામ ચલાવીઉં પણ તે વાતની ખબર મોટા પાદરીને પોહોચાથી તે લગન તે દીવસે રદ થયા અને બીજે દીવસે કરવાં પડ્યાં! હરએક ચાલ જે ઘણા જમાનાથી રેવાજ પામેલી હોએછે તે જો નુકસાન કારક હોતી નથી તો તે નીકલવાને ઘણીજ મુદત લાગેછે. આપણા દેશમાંતો વળી નુકસાન કારક ચાલનેબી હજુર ઘણા લોકો વળગી બેઠેલાછે.

---

**બોલવા વીશે**—હરએક ચીજ વીશે એક વખત બોલો તેની અગાઉ તમે બે વખત વીચાર કરી લેજો. ઘણાખરા લોકો એક વખત વીચાર કરેછે તેની અગાઉ બે વખત બોલેછે. ઈશવરે આપણને કાન બે આપેઆછે અને જીભ એક. આ પીછે વાસને બે વખત સાંભલીને એક વખત બોલવું એમ માનેબીછે.

---

**કેટલીએક ઓરતોની ફરીઆદ**—કેટલીએક ઓરતની ફરીઆદ એછે કે તેઓના ભરતાર ઘેરને છોડીને રાતના ઘણો વાર સુધી બાહાર પોતાના સોબતીઓમાં અને "કલબ" માં ફરતા ફરેછે. એવી ઓરતોએ આ એક વાત ધેઆનમાં રાખવી કે જે મીસાલે એક મધમાખી મધથી મધમાખો પોતાના મધપુડામાં રેહેછે તે મીસાલે તેઓના મીઠા અને મધુર બોલોથી તેઓના ભરતારને બાહાર જવું ગમશે નહી.

---

**આળસ શું ચીજ છે!**—આળસ એક જાતની ટંકસાળછે. એ ટંકસાળમાં જુદી જુદી જાતની મસતી અને ખરાબીના શીકા પડેછે અને તે શીકા ઘણા હલકા અને કમ જાતના લોકોમાં ફેલાઈ ગયાછે.

---

**દેવાનંદના પદ**—"હઈઆના ફુટા હરી સંગે હેત ન કીધું ॥ લખ ચોરાસી કેરૂ લકડું, માથે તાણી લીધું ॥૧॥ પેટને અરથે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું॥ ચાર દીવસના જીવત સારૂ, મન માયામાં મોહયું ॥ ૨ ॥ જનમ મરણ દુખ ગરભવાસનુ, તે નવ શકેઓ ટાલી ॥ માત પીતા યુવતી સુત સંગે, વીસારા વનમાલી ॥ ૩ ॥ આલસ ને અગનાન અતીથે, કામ બીગાડીઉં તારૂ ॥ દેવાનંદ કહે દેખ વીચારી, માન કહયું તું મારૂ ॥ ૪ ॥ હઈઆના ફુટા, હરી સંગે હેત ન કીધું."

---

**એક કુટંબનું વજન**—એક તવંગર કુટંબ જે હાલ વીલાતમાં રેહેછે તે કુટંબના સઘળા માણસો ૬ ફુટથી વધારે છે અને તેઓનું વજન ઘણુ મોટુંછે. બાપનું વજન ૨૦૦ રતલ અને માનું વજન ૨૮૬ રતલછે. તેઓના નવ છોકરાંઓનું વજન ૨૦૫૦ રતલ માલુમ પડીઉંછે.

---

**અંગુઠા વીશે**—નીઉટન નામનો નામીચો ફીલસુફ કેહેછે કે ઈશવરની હઈઆતી વીશે કાંઈબી શક હોએતો મારો અંગુઠો મારી પુરી ખાતરી કરશે. રોમ શેહેરની અંદર હીચકારા સીપાઈ લોકોનો અંગુઠો કાપી નાખવામાં આવતો હતો. રોમન લોકો પોતાના હરીફોને જીવથી મારી નાખવાને વાસતે અંગોઠાની નીશાણી દેખાડતા હતા.

---

**ઈંગલંડની વસતીમાં વધારો**—આઠ વરસમાં ઈંગલંડની વસતીમાં ૧૭ લાખ ૬૨ હજાર માણસનો વધારો થયોછે. ૧૮૫૧ માં ૧ કરોડ ૭૯ લાખ ૮૩ હજારની વસતી હતી; હાલ ૧ કરોડ ૯૭ લાખ ૪૫ હજારની ગણાએછે.

---

**લોભી માણસનો લોભ**—એરવદજી નામે એક શખસ ઘણો લોભી હતો અને તેની પાસે બે પઈસાનો જીવ હતો. તોપણ સારાં કપડાંબી નહીં પેહેરતો અને પેટમાંબી પુરૂં નહીં ખાતો. એરવદજીનો પડોસી જો કે ગરીબ હતો તોપણ આંધલા લુલા ઉપર દયા રાખતો હતો અને પોતાની શકતી પરમાણે તેઓને આપતોબી હતો. એરવદજીની ગાંઠમાં બે પઈસા છતાં તે ઘણોજ લોભી રેહેતો હતો તેથી પોચાજીએ

ફ્ટાલીને પોતાના ઓરડામાં નાસતા ઉપર બોલાવેઓ અને શેહેઠ ઘણો સખી થવાની તેને શીખામણ દીધી. પણ જેવો પોચાજી સમજાવી રહ્યેઓ તેવોજ એરવદજી બોલી ઉઠ્યેઓ કે ભાઈ સખી થવાની તું આટલી બધી વાતો કેહેછે માટે તું પોતેજ સખાવતથી મને પાંચ પચીસ રૂપીઆ બખશીસ આપતી. પોચાજીએ જોયું કે સુધરે તેવું દીસતું નથી તેથી ચુગો રહ્યેઓ અને તેને પોતાને ઘેર જવા દીધો. બાઈઓ, આવી રીતનો લોભ રાખવો સારી વાત નથી પણ તમોએ તમારા ઘેરમાં કરકસારથી તો ચાલવું જોઈએ ખરૂ.

### સરીરે સફાઈ રાખવા વીશે.

સદા સાફ રેજો તમે, જાને ફસું નહીં જાએ;
માણસ મેલું જે ફરે, રોગી રહે સદાએ.
ખસ ખુજલી કેવાએછે, એતો એથી થાએ;
કારણ એનું એજછે, જાણ ભેદ જણાએ.
માખી બમણ ગમણ કરે, આવી બેસે અંગ;
સરવ સજન એ સાંભલી, કદી કરે નહીં સંગ.
અવગુણ અતી અપારછે, છે નહીં તરી લગાર;
સંસય સમજો નહીં તમે, સાચો સોધો સાર.

વીવીધોપદેશ.

**વીજલી કીએ ઠેકાણે લાગતી નથી ?** રેલવેની ગાડીમાં, અગન બોટમાં અને લોહોડાંના વાહાંણ અથવા ઈમારતમાં કોઈબી માણસ વીજલીના ચમકટાથી પડી ગએલું અથવા મરી ગએલું સંભલાયું નથી: વલી ટેલીગરાફ ખાતાના માણસો તારની મારફતે સંદેસા મોકલતા હોએ અને બાહાર વીજલી તથા ગગડાટનું તોફાન ચાલતું હોએતો તે માણસોને વીજલીના તોફાનથી કાંઈ નુકસાન થતું નથી.

**ચોર અને દીવાલીઆઓથી નુકસાન**—બ્રીટીશ ટાપુઓ મધે દર વરસે ચોર લોકો સોલ કરોડ રૂપીઆનું તથા દીવાલીઆઓ પચાસ કરોડ રૂપીઆનું નુકસાન કરેછે; અને ૭ કરોડ રૂપીઆ ભીખારીઓને મલેછે તે ઉમેરતાં દર વરસે ૭૨ કરોડ રૂપીઆ ઘાતકી અને આલસુ લોકો ફોકટ ખાઈ જાએછે.

**બરફનું જોર**—જરમની મધે બરફ વીશે જે અખતરા હાલ કરવામાં આવેઆછે તે ઉપરથી માલુમ પડેછે કે એક તલાવનું સઘલું પાણી બરફ થઈ બંધાઈ ગયું હોએ અને તે બરફની જાડાઈ દોહોડ ઈંચની હોએ તો તે એક માણસનું વજન ખમી શકશે; જો બરફની જાડાઈ આઠ ઈંચની હોએ તો તે ૨૪ રતલી એટલે સઉથી મોટી તોપનું વજન ખમી શકશે અને બાર ઈંચ જાડાઈ હએતો ગમે તેવું વજન ખમી શકશે.

**ગુનેગારોનો મુકાબલો**—ઈંગલંડ અને વેલસ મધે ૧૦૩ શેહેરોમાં પોલીસછે તાંહાં ૧૦૩ માણસો મધે એક ગુનેગાર માલુમ પડેલોછે. તેમાં લંડન શેહેરમાં ૧૦૮ માણસો મધે ૧ ગુનેગારછે; બ્રાઈટન, બાથ વગેરે મોજના શેહેરોમાં ૯૪ મધે ૧ નીકલેછે; લીવરપુલ, હલ વગેરે બંદરોમાં ૯૩ મધે ૧ નીકલેછે; માંચેસટર વગરે રૂના કારખાનાના શેહેરોના ૧૫૫ મધે ૧ નીકલેછે; બ્રાડફરડ વગરે ઉનના કારખાંનામાં શેહેરોમાં ૧૭૫ મધે ૧ નીકલેછે અને શેફીલડ, બરમીંગામ વગેરે છરી, કાતરના કારખાનાનાં શેહેરોમાં ૪૭ માણસો મધે ૧ ગુનેગાર નીકલેછે. લીવરપુલ મધે ૩૩૩૦, માંનચસટર મધે ૨૬૧૯, બરમીંગામ મધે ૬૪૧૫, બ્રાડફરડ મધે ૩૮૬ ગુનેગારો માલુમ પડેલાછે.

**કબુતરનો હીસાબ**—બાઈઓ ગયા સ્ત્રી બોધમાં તમને કબુતરનો જે હીસાબ પુછેઓ હતો તેમાં ચુક થઈછે. એક ઝાડ ઉપરના કબુતરોએ કહીઉં કે તમારામાનુ એક આવે તારે હમો (ચોગણા નહી પણ) બમણા થઈએ અને બીજા ઝાડ ઉપરના કબુતરે કહીઉં કે તમારામાંનો એક આવેતો આપણે બેહું સરખાં થઈએ. દર એક ઝાડ ઉપર કેટલા કબુતર હતાં તે કેહો.

### છોકરીઓને સુબુધિ આપવા વિશે—ગરબો

કારતક મહીને કામનીઓ કર જોડરે સાહેલી ॥
કરે મા બાપોને બોધ વચનના બોધરે સાહેલી ॥૧॥
માગસર મહીને બુદ્ધિ નિરમળ થાયરે સાહેલી ॥
આ મા બાપોનાં મનમાં કંઈ સમજાયરે સાહેલી ॥૨॥
પોશ મહીને રોજે સહીએર સાથરે સાહેલી ॥
સહુ સખીઓ મળી પુછે મા બાપને વાતરે સાહેલી ॥૩॥
માહા મહીને મા બાપને ચીંતા મંનરે સાહેલી ॥
કંઈ પુત્રી ભણાવા કારણ સારો સંગરે સાહેલી ॥૪॥
ફાગણ મહીને વસંત રૂતુનો દંનરે સાહેલી ॥
બાળેકોની બુદ્ધિ ભણવા કેરૂં મંનરે સાહેલી ॥ ૫ ॥
ચઈતર મહીને ચંપક વરણી બાળારે સાહેલી ॥
કરે સહીએર જોડે તે શરવાળારે સાહેલી ॥ ૬ ॥
વઈશાખે તો અણસમજુ છે બાળારે સાહેલી ॥
સખી આગલ સઈએર પેઠી મનમાં જવાળારે સાહેલી ॥૭॥
જેઠ મહીને જાણું છું હું તંતરે સાહેલી ॥
કંઈ ભણવાનાં ઉપદેશમાં રાખું મંનરે સાહેલી ॥ ૮ ॥
અખાડેતો બાળક બુદ્ધિ બોલેરે સાહેલી ॥
માહારે નિશાળે જાવું સહીએર જોડેરે સાહેલી ॥ ૯ ॥
શ્રાવણ મહીને સમજાવે મા બાપરે સાહેલી ॥
સહુ કરતાં સમજી ભણજે તું અપારરે સાહેલી ॥૧૦॥
ભાદરવે તો બાળકોને બોધરે સાહેલી ॥
વાંચે ચોપડીઓ રાજી થાયે છે લોકરે સાહેલી ॥૧૧॥
આશો મહીને આણંદકારી દીનરે સાહેલી ॥
કરો ગુરૂ ઉપકાર ભણાવો પુત્રી તંનરે સાહેલી ॥૧૨॥
બાર માસ પુરા થયા તમે જાણોરે સાહેલી ॥
કહેઈ મેતાજીના ગુણ મનમાં આણોરે સાહેલી ॥૧૩॥

# સ્ત્રીબોધ

પુસ્તક ૪ થું    એપરેલ ૧૮૬૦    આંક ૪ થો.

## ધનજીસા અને તેની ઊપર પડેલો દુખનો હગલો.

કેટલાંએક વરસની વાત ઊપર કેહેછે કે મુંબઈ મધ્યે ધનજીશા નામે એક પારસી રેહેતો હતો. તે ઘણી એક ચીજોનો મોટો વેપાર કરતો અને પઈસે ટકે સુખી કેહેવાતો હતો. તેની સ્ત્રીનું નામ મેહેરબાઈ કરીને હતું. તે સ્ત્રી ભલી અને સમજુ હતી. મેહેરબાઈ પોતાના વાહાલા ભરતાર ઊપર ઘણુ હેત રાખતી હતી અને ઘરનો કારભાર સારી પેઠે ચલાવતી હતી. ઘરમાં બે તરણ ચાકરો હોવા છતાં ઘેરનું કેટલુંએક કામ તે પોતાને હાથે કરતી હતી.. ચાકરો પોતાની શેઠાણીને કામે લાગેલી જોઈને શરમમાં પડતા અને પોતેબી ઘણી ઊલટથી કાંમ કરતા હતા. જેમ બીજી શેઠાણીઓ હરએક નજીવો હુકમ ચાકરોની ઊપર બજાવેછે તેમ મેહેરબાઈ કરતી નહીં હતી. તેણીને પાણી જોઈતું હતું તો પોતે ઊઠીને પોતાને હાથે લેતી હતી. કોઈ બાઈ મલવા આવીતો પોતાને હાથે ખુરસી ઊચકીને તેણીને બેસાડતી હતી. બીજી શેઠાણીઓની પેઠે " લોટા પાંણી લાવ—શોલા ચાલ ખુરસી લાવ " એવા એવા નજીવા અને ગરવ ભરેલા હુકમ કરતી નહીં હતી. આખો દીવસ કાંઈ કામમાં અને કાંમમાં રેહેતી હતી. પોતાના ભરતારની મરજી જેમ બને તેમ તે રાખતી હતી. મેહેરબાઈને પેટે સોલુ અને ફલુ નામના બે ખુબસુરત અને ચંચલ છોકરાઓ હતા. એ છોકરાઓને જોઈને ધનજીશા અને મેહેરબાઈ ઘણોજ સંતોશ પામતાં હતાં. છોકરાઓ દેખાવમાં ખુબસુરત અને સોભઈતા હતા એટલુંજ નહીં.પણ તેઓની બોલવા ચાલવાની છટા ઘણીજ પેઆર ઊપજાવનારી હતી. પડોસના તથા મોહલાના સઘલા માણસો મેહેરબાઈના ફલુને તથા સોલુને ઘણા પેઆરથી બોલાવે, તેઓને રમાડે અને ખાવાનું ખી આપે. એવા ખુબસુરત અને પીઆર ઊપજાવનારા તે છોકરઓ હતા.

આઠ ઈઆ દસ વરસ સુધી ધનજીશા અને મેહેરબાઈ ઘણ સુખ પામેઆં. એ મુદતમાં તેઓએ કાંઈ દુખ પોતાની નજરે દીઠું નહીં. એ મુદત સુધી તેઓ એસઆરામ અને સુખ ચેનમાં રહેઆં. જેઓ ધનજીશાને ઓલખતા હતા અથવા જાણતા હતા તેઓ એમજ બોલતા હતા કે ધનજીશા જેવું સુખ સરવે કોઈને હોએ. આવાં સુખી ધનજીશા અને મેહેરબાઈ હતાં. પણ સઘળા દીવસ કોઈના સુખી જતા નથી તેમ તેઓની ઊપર આઠ દસ વરસ સુધી સુખનું વાદલ વરસીને દુખનું વાદલ ભરાવવા માંડીઊં હતું. તે વાદલ તેમની ઊપર વરસવાને હવે ઘણા દીવસ નહીં લાગા. એકાએક ધનજીશાને વેપારમાં મોટી ખોટ ગઈ. કેટલોએક માલ તેણે પોતાની સઘળી પુજી રોકીને એક હાથ કરી લીધો હતો તે માલ શ્રી ચીન તરફથી જથા બંદ આવી પોહાચેઓ અને ધનજીશા બીચારા મોટી ખોટમાં આવી પડેઆ. પોતે બીચારા પાક અને ચોખી દીઆનતના હતા તેથી સરવે કોઈ માંગનારાઓનું લોકડે પાઈકે ચુકવી આપીઊં: એ પરમાણે ચુકવી આપતાં ધનજીશાની સઘળી દોલત ઘસડાઈ ગઈ.

આવો માઠો બનાવ બનેઆથી ધનજીશા અને મેહેરબાઈ એક ભાડાના ઘરમાં જઈને રહેઆં. સઘળા ચાકરોને રજા આપવી પડી. ધનજીશાએ એક વેપારી દાખલ અને શેઠ દાખલ મોટી સાહેબી ભોગવી હતી તે પોતાની આવી દશા જોઈને દરરોજ મોટી દલગીરીમાં રેહે. વારે ઘડીએ તેની છાતી ભરાઈ આવે

મારી ના હીંમતથી તથા મુરખાઈથી વધારવાને બદલે ઘટાડવાના ઊપાએ કામે લગાડો. દુખના વખતમાં તમારા ભરતારને, તમારા છોકરાઓને ધીરજ અને સબુરી આપો. એવું ના ઈછો કે તમોને તમારો ભરતાર દીલાસો આપે. પણ તમો તમારા ભરતારને દુખના વખતમાં દીલાસો આપવા લાએકના થાઓ. તેવા લાએકના થશો તારેજ તમો ખરા ગુણવંતા કેહવાશો.

---

## ઓમીચંદ નામનો એક બંગાલી—ઈંગરેજોની હીંદુસતાન મધે પેહેલવેહલી ફતે.

બાઈઓ! કલકતાની અંધીરી કોટડી વીશેની કમકમાટ ભરેલી વાત તમોએ એક પાછલા સ્ત્રી બોધમાં વાંચી. જારે મદરાજના ઈંગરેજોને માલુમ પડીઊં કે તેઓએ કલકતા મધે વેપારને વાસતે જે કોઠી બાંધી હતી તે બંગાલાના સુરજાદઊલા સરદારે ભાંગી નાખી અને તેઓની જાતના ૧૨૩ ઈંગરેજોને ઘાતકી અને કમકમાટ ભરેલી રીતે મારી નાખેઆ, તારે તેઓને તે સરદાર ઊપર ઘણોજ કરોધ ઊપજેઓ. તેઓએ પોતાનું એક લશકર ઊભું કીધું અને કલાઈવ નામના સરદારની સરદારી હેઠલ બંગાલા ખાતે જલદીથી રવાને કીધું. તે લશકર કલકતા મધે આવી પોહાચીઊં અને લડાઈની તઈઆરી થવા માંડી. પણ સુરજાદઊલાએ એક મોટી ગત કીધી અને ઈંગરેજોને જે કાંઈ નુકસાન થયું હતું તેનો બદલો વાળી આપવાને ઓમીચંદ નામના એક બંગાલીને તથા વાટસ નામના એક ઈંગરેજને વચમાં નાખેઆ. સુરજાદઊલાએ કલકતા ઊપર ચહડાઈ કરીને ઈંગરેજોની કોઠી ભાંગી નાખી હતી તે ચહડાઈમાં ઓમીચંદ બંગાલીને બહુ નુકસાન થયું હતું. ઓમીચંદે વીચારીઊં જે હું બેહુના કજીઆની વચમાં પડેઓછું તેથી મારૂ ગએલું નુકસાન ત્રેહેલાઈથી મલશે.

પણ સુરજા દઊલાના બોલવા ઊપર કેમ વીશવાસ લાવી શકાએ! તેનામાં જેવી અધીરાઈ હતી તેવીજ નાદાનીબી હતી. તે ઘડીમાં એક ચીજ કબુલ કરતો હતો અને ઘડીમાં ફરી જતો હતો. એક વખતનો પોતાનું લશકર લઈને સામે લડવાને ચાલેઓ પણ ઈંગરેજી લશકર જે લડાઈ કરવાને તઈઆર બેઠેલુંજ હતું તેને જોઈને બીહી ગયો અને પાછો હઠેઓ. તેઓ કેહે તે પરમાણે સુલેહ કરવાની તેણે પોતાની મરજી જણાવી. એક તરફ સુલેહનો દસ્તાવેજ તઈઆર થયો એટલામાં બીજી તરફ ઈંગરેજો સાથે લડવાની મોટી ગોઠવણો કરવા લાગો. થોડાએક માઈલ ઊપર ચંદર નગરમાં ફરેંચ લોકો હતા તેમની સાથે સંદેસા ચલાવવા લાગો. આ તેની સંઘળી લુચાઈ ઈંગરેજી લશકરના સરદાર કલાઈવના જાંણવામાં આવી. કલાઈવે જોયું કે ચંદર નગરમાં દુસમેનોનું મોટું લશકર જમાવ થાએ તેની અગાઊ તેજ શેહેર ઊપર ચહડાઈ કીધી હોએનો બેહતર. એવું વીચારીને તેને ચહડાઈ કીધી. તે ચહડાઈમાં તે ફતે પામેઓ. ચંદર નગરનો કીલો તથા દારૂખાંનું ઈંગરેજોના હાથમાં આવીઊં. નજદીક પાંનસો ફરેંચ લોકો કેદ દાખલ પકડાએઆ.

આ ફતેથી સુરજાદઊલાની સુધ જરા ઠેકાણે આવી. તે ઈંગરેજોથી બીહીતો હતો તેથી વધારે બીહવા લાગો. ઈંગરેજોને જે નુકસાન ગયું હતું તેના અવેજમાં તેણે એક મોટી રકમ તેમની ઊપર મોકલી. પણ તેને બીજેજ દાહાડે ઈંગરેજો સાથે લડાઈ કરવાના પાછા.છુપા સંદેસા ચલાવવા માંડેઆ. તેણે પોતાના લશકરને હુકમ કીધો કે લડાઈને સારૂ કુચ કરે. વળી તે હુકમ પાછો ફેરવી નાખેઓ. તેની આવી ચાલ જોઈને લશકરના સઘળા માણસો તેની ઊપર નારાજી થયા. એવા નબળા મગજના તથા નાદાન સરદારને તોડી પાડવાને રાઈદુલબ, મીરજાફર તથા જગત શેઠ એઓએ છુપી મસલત કીધી. તેઓ અંદરથી વાટસની મારફતે ઈંગરેજો સાથે મલી ગયા. મીર જાફર સુરજાદઊલાની ફોજનો મોટો સરદાર હતો. એવો ઠરાવ કરવામાં આવેઓ કે સુરજાદઊલાને હાંકી કાહડવો અને તેની જગોએ બંગાલ પરાંતની ગાદી ઊપર મીર જાફરને બેસાડવો. મીર જાફરે તેના અવેજમાં ઈંગરેજોને પુરતી રીતે બદલો આપવો.

પણ આ મસલત ઘણો વાર સુધી છુપી રહી શકી નહીં. સુરજાદઊલાને એ છુપી મસલત વીશેના સમાચાર મલી ચુકા. પણ ઓમીચંદ બંગાલી ઘણો પોહાચેલો તથા ઠગ હતો. તેણે તાલમેલથી સુરજાદઊલાને ચેતાવીઊં કે તેવી કાંઈબી છુપી મસલત કરવા

માં આવી નથી. તારપછી સઘળી છુપી ગોઠવણો કરવામાં આવી. એ ગોઠવણો પાર પાડવાનો વખત પાસે આવેઓ તારે ઈંગરેજી લશકરના સરદાર કલાઈવને માલુમ પડીઊં કે ઓમીચંદ દગલબાજી કરવાની ધારણા રાખેછે. ઓમીચંદને સુરજા દઊલાની ચહડાઈ વખતે જે કાંઈ નુકશાન થયું હતું તે સઘળું આપવાની કબુલાત આપવામાં આવી હતી. પણ ઓમીચંદે જોયું કે આવો દાવ ફરીથી મલવો મુશકેલછે. સઘળી બાજી તેના હાથમાં હતી. સુરજા દઊલાને કાને એક સખુન નાખેતો સઘળી ગોઠવણો પાણીમાં જતી રેહે. મીરજાફર વાટસ તથા બીજા સઘળા મસલતીઆઓનો જીવ તેના હાથમાં હતો. આવી બાજીનો લાભ લેવાને તેણે ઠેરાવ કીધો. તેણે સઘળાઓને જણાવીઊં કે તમો મને તીસ લાખ રૂપીઆ આપો, કારણ કે મારી ઊપર તમારી ફતેનો સઘળો આધાર રહેલોછે. ઓમીચંદની આ માગણીથી તથા લુચાઈથી સઘળા મસલતદારોને તથા કલાઈવને ઘણોજ કરોધ ચહડેઓ; અને હવે શું કરવું તે સુજે નહીં. પણ કલાઈવ ઓમીચંદ કરતાં વધારે પોહોચેલો હતો. તેણે જણાવીઊં કે એ બંગાલી ઘણો દગલબાજ આદમીછે. દગલબાજ આદમીને દગલબાજીથી ઠેકાણે લાવવાને કલાઈવે વાજબી વીચારીઊં. જે તેણે મોટી રકમ માંગી હતી તે સઘળી આપવાને કલાઈવે કબુલ કીધું. કલાઈવે જોયું કે ફતે મલેઆ પછી આપવા લેવાનું સઘળું તેના હાથમાંછે. અને હાલ જારે તે દગલબાજી રમેછે તારે દગલબાજીથી ખોટી કબુલાત તેણે આપી.

પણ ઓમીચંદ જેવો પોહોચેલો આદમી કલાઈવની સુકી કબુલાતથી કેમ ઠગાએ! તેણે કહેઊં કે મીરજાફર અને ઈંગરેજો વચે જે કરાર નામુ કરવામાં આવીઊંછે તે કરાર નામામાં તીસ લાખ રૂપીઆ મને મલવા જોશે જણાવવું જોઈએ; અને તે કરાર નામું હું મારી નજરે જોઊં. કલાઈવ પાસે તેનો ઊપાએ તઈઆર હતો. બે કરાર નામા બનાવેઆ. એક સફેત કાગજ ઊપર અને બીજું લાલ કાગજ ઊપર. સફેત કાગજવાળું ખરૂં અને લાલ કાગજનું ખોટું ખરા કરાર નામામાં ઓમીચંદનું નામ લખીઊં નહી અને ખોટામાં લખીઊં. ઓમીચંદને દેખાડવાને ખોટું કરાર નામું બનાવીઊં. પણ એક બીજી અડચણ આવી પડી. વાટસને ખોટા કરાર નામા ઊપર સહી કરવાને સાફ ના પાડી. ઓમીચંદ એવો ઊંડી સમજનો તથા પોહોચેલો હતો કે વાટસનનું નામ તેના જોવામાં કરાર નામા મધે નહીં આવેતો તેને શક ઊપજેઆ વગર રેહેજ નહીં. પણ કલાઈવ કોઈ ચીજ અધુરી રાખે એવો માણસ નહી હતો. તેથી લુચાની સાથે લુચો બની જાએ તેણે ખોટા કરાર નામા ઊપર વાટસનની ખોટી સહી પોતાને હાથે કીધી.

સઘળી ગોઠવણ હવે તઈઆર થઈ ચુકી. કલાઈવ પોતાનું લશકર લઈને આગલ ચાલેઓ. સુરજાદઊલાને લખી જણાવીઊં કે વરસાદની રૂત નજદીક આવીછે. જલદીથી જવાબ મોકલે, નહીંતો લડાઈ ચાલુ કરવામાં આવશે. સુરજાદઊલાએ પોતાનું લશકર જમાવ કીધું, અને લડાઈ કરવાને બાહાર પડેઓ. એવી ગોઠવણ કરવામાં આવી હતી કે જેવો સુરજાદઊલા લડાઈ કરવાને બાહાર પડે કે મીર જાફર તેને છોડીને પોતાના લશકર સુધાં કલાઈવને મલી જાએ. પણ મીર જાફરે પોતાની કબુલાત પુરી પાડી નહીં. તેને એવી બીક લાગી કે રખેને ઊલટી ખરાબી થઈ જાએ. કલાઈવ મીર જાફર ઊપર છુપા સંધેસા મોકલે કે તું તારી કબુલાત પરમાણે તારા લશકરને લઈને આવ અને મારી સાથે મલીજા. મીર જાફર તે સંધેસાની કાંઈબી દરકાર કરે નહીં.

મીર જાફરની ઠગાઈથી કલાઈવ તથા તેની સાથેનું ઈંગરેજી લશકર ઘણી ધાસતી ભરેલી હાલતમાં આવી પડીઊં. મીર જાફરની કબુલાત ઊપર જે ઊમેદો બાંધવામાં આવી હતી તે સઘળી પાણીમાં ગઈ. દુસમનનું લશકર ઈંગરેજોના કરતાં વીશ ગણું વધારે મોટું હતું. વચેમાં નદી હતી ને ઊતરીને લડાઈ કરવાને સેહેલું હતું; પણ હારને લીધે નાશવું પડતો તેમ કરવાને ઘણુ મુશકેલ હતું. કલાઈવ ઘણો હીંમતવાન તથા બાહાદુર હતો પણ આ વેળાએ શું કરવું તે તેને સુજે નહીં. તેણે લશકરી અમલદારોની સભા બોલાવી અને તેમના વીચાર પુછેઆ. ઘણાજણાઓએ એક મતથી એવો વીચાર આપેઓ કે લડાઈ ચલાવવી નહીં. કલાઈવબી એ વીચારને મલતો થયો. સભા બરખાસત થઈ. પણ તરતજ કલાઈવને વીચાર આવેઓ કે એ વીચાર ખોટોછે. તે એકાંત જગામાં ઝાડોની નીચે જઈને એકલો બેઠો અને એક કલાક સુધી વીચાર કીધો. આખેર તેણે એવો નીશચે કીધો કે લ

ડાઈ ચલાવવી; અને સવારના નદી પાર કરવી." તેણે પોતાના લશકરને તે મુજબ હુકમ કીધો.

વળતે દીને સવારના પોહરમાં નદી પાર કીધી. અને આખા દીવસની મજલ કીધા પછી પલાસીના મેદાનમાં દુસમેનની છાવણીથી એક માઈલને છેટે ઊતારો કીધો. કલાઈવ આખી રાત સુતો નહીં. આખી રાત તેણે પરધામ તથા બંદુકના અવાજ મોટી દુસમેનની છાવણીમાંથી સાંભલેઆ. તે ગમેતેવો હીંમતવાન હતો તોપણ જારે તે વીચાર કરતો હતો કે એટલા મોટા લશકર સાથે અને એટલો મોટો દેશ જીતવા માટે તેને થોડા કલાકમાં લડાઈ કરવી પડશે તારે તેની છાતી દબાઈ જતી હતી. બીજી તરફ સુરજાદઉલાબી નીરાંતે સુતો નહીં હતો. તેનું મગજ અસલથી નબળું અને ચરેલું હતું. તેથી વારેઘડીએ તેના મનમાં ધાસતી ઊતપન થયા કરતી હતી. લડાઈનો વખત જેમ જેમ નજદીક આવતો ગયો તેમ તેમ તેના લશકરના સરદારો ઊપરથી તેનો વીશવાસ ઊતરતો ગયો. જે કોઈ માણસ તેની પાસે આવતું હતું તેને જોઈને બીહતો હતો.

દાહાડો ઊગેઓ. તે દાહાડે આખા હીંદુસતાનનું નશીબ માલુમ પડવાનું હતું. સવારના સુરજ ઊગતાં તે સુરજાદઉલાનું લશકર જાંહાં ઈંગરેજી છાવણી પડી હતી તાંહાં આવવા માંડીઊં. ચાલીસ હજાર માણસો બંદુક, તરવાર, બરછી, ભાલા લઈને બાહાર પડેઆ હતા. તેમની સાથે પચાસ તોપ હતી. કેટલીએક નાહની તોપની સરદારી ફરેંચ લોકો ચલાવતા હતા. તે વગેરે પંદર હજાર ઘોડ સવાર લશકર હતું. આ મોટા લશકરની સામે થવાને કલાઈવ પાસે ફકત તરણ હજાર આદમી હતાં.

લડાઈ ચાલુ થઈ. સુરજાદઉલાના લશકરના કેટલાએક નામીચા સરદારો પડેઆ. લશકરમાં તેઓ વગરઘોંઘાટ અને ઘભરાટ થઈ રહેઓ. તેની પોતાની ધાસતી પણ હદથી જાદા વધતી ગઈ. કલાઈવ સાથે છુપી રીતે મલી ગએલા એક મસલતીઆએ સુરજાદઉલાને સલાહ આપી કે પાછા હટવામાં અથવા નાસવામાં ફાએદોછે. તે સલાહ તેને ઘણીજ વાજબી લાગી. તેણે પોતાના લશકરને હુકમ કીધો કે પાછા ફરો. કલાઈવનું લશકર આગલ વધતું ચાલીઊં. એક કલાકની અંદર સુરજાદઉલાની ફોજ વીખરાઈ ગઈ. તે કદી ફરીથી પાછી મલી નહીં. દુસમેનના ફકત પાનસો આદમી કપાઈ ગયાં પણ તેઓનો સઘળો લસકરી અસબાબ ઈંગરેજોના હાથમાં આવેઓ. ઈંગરેજોના ફકત ૨૨ સીપાઈઓ કપાયા અને ૫૦ જખમી થયા. એટલા જોખમે કલાઈવે ૬૦ હજાર આદમીની મોટી ફોજને વીખરી નાખી અને વીલાતના કરતાં વધારે મોટું અને વધારે વીસતારણ દેશ તાબે કીધું.

મીર જાફરે આ લડાઈમાં ઈંગરેજોને મુદલ મદદ કીધી નહીં હતી. પણ જારે તેણે જોયું કે ઈંગરેજોની ફતે થઈછે તારે તે ફતેની મુબારક બાદી ઈંગરેજી લશકરને કેહેવડાવી. બીજી સવારના તે ઈંગરેજી છાવણીમાં ગયો. તેને મોટી ધાસતી હતી કે તેને આદરમાનને ઠેકાણે તીરસકાર મલશે. પણ તેની ધાસતી જલદીથી દુર થઈ. કલાઈવ તેને મલવાને આગલ આવેઓ. મીર જાફરે કેટલાંએક બાંહાના બતાવેઆં તે તેણે ધીરજથી સાંભલેઆં. અને તેને બેંગાલ, તથા બાહાર તથા ઓરીસા એ તરણે પરાંતોનો નવાબ ઠેરવેઓ અને મુરશીદાબાદ તરફ જવાની તેને લલામણ કીધી.

સુરજાદઉલા લડાઈના મેદાનમાંથી નાઠો, અને ૨૪ કલાકમાં મુરસીદાબાદ ખાતે આવી પોહોચેઓ. કેટલાએક લોકોએ તેને સહલા આપી કે તું ઈંગરેજને શરણ થા. બીજાઓએ લડાઈનું નશીબ એક વખત ફરીથી અજમાવી જોવાની સહલા આપી. એ સલાહ તેને પસંદ પડી અને લડાઈના હુકમ નામા કાહાડેઆં. પણ આ મોટા ઠરાવને ૨૪ કલાક સુધી બી વળગી રેહેવાને તેનામાં હીંમત નહીં હતી. તેને માલુમ પડીઊં કે મીર જાફર આવેછે, તેની ધાસતી એકદમ વધી પડી. હલકાં ચાકરનો વેસ લેઈને તથા સાથે થોડું એક જહવેરાત લઈને પટના તરફ નાઠો.

થોડા દીવસ પછી કલાઈવ મુરસીદાબાદ ખાતે જઈ પોહોચેઓ. મીર જાફરને મોટી ધુમધામથી તખત ઊપર બેસાડેઓ. પછી કરાર નામા પરમાણે કોળ પુરા પાડવાને જગત શેઠ નામના મોટા સરાફને ઘેર સઘળા મસલતીઆઓ એકઠા થયા. અમીચંદબી મોટી ઊમેદમાં આવેઓ. સફેત કાગલ ઊપર લખેલું કરાર નામુ વાંચવામાં આવીઊં. અમીચંદને જણાવવામાં આવીઊં કે લાલ કાગજ ઊપરનું કરાર નામુ ખોટું હતું; અને તેને એક દોકડોબી મલશે નહીં. એ

મીચંદ બેહોસ થઈને જમીન ઊપર પડેઓ. થોડાવો ર પછી જરા તેના જીવને કરાર વલેઓ એટલે ઘેર ગયો. તે દીવસથી ઓમીચંદની તબીએત બીગડતી ચાલી. અને થોડા મહીનામાં મરણ પામેઓ.

સુરજાદઊલા પકડાઓ અને તેને કેદ કરીને મીર જાફર પાસે લાવેઆ. સુરજાદઊલાએ કહીઊં કે મારી ઊપર દયા કરો પણ મીર જાફરનો છોકરો તેને એક છુપા ઓરડામાં લઈ ગયો અને તાંહાં તેને જીવથી મરાવી નાખેઓ. મીર જાફરે હેંસી લાખ રૂપીઆનો ખજાનો કલકતા ખાતે ઈંગરેજોને મોહોચાડેઓ; સો કરતાં વધારે મછવા મોટા દમામ અને વાવટા સાથે આ ખજાનો લઈને કલકતા તરફ રવાને કીધા. કલાઈવ આગલ દોલતના ઢગલાને ઢગલા આવી પડેઆ. મીર જાફર નામનો રાજા કેવાવા લાગો. બાકી તે ઈંગરેજને તાબે હતો. આ બનાવ બનેયા પછી ઈંગરેજોનું રાજ હીંદુસતાનમાં બેઠેલું કેહેવાએછે. પલાસીની લડાઈ ૧૭૫૭ માં થઈ હતી. કલાઈવે ઓમીચંદ સાથે જે ઠગાઈ ભરેલી ચાલ ચલાવી હતી તેને માટે તેને ઘણો ઠપકો મલેઓ હતો.

---

## ચોખા અથવા ભાત.

આ ધાન આગલ સરવે ખંડોમાં પાકતું નહોતું. એની ઊતપતી એશીઆ ખંડમાં હતી એવું કેહેવાને કંઈ અડચણ નથી. અમેરીકામાં એની રોપણી આસરે સન ૧૭૦૦ માં થઈ. એ ખંડમાં ચોખાનું બી લઈ જવાનું કારણ એવું થયું કે જારે કંપની સરકારનો અમલ આ દેશમાં નવો થયો તારે એક સરકારી હોદાવાળો ઈંગરેજ કલકતેથી અમેરીકા જવા નીકલેઓ અને એક ગુણ ભરીને ભાત પોતાની સાથે લઈ ગયો. તેણે પોતાના એક મીતરને ભાતનું બી આપીઊં. તેણે તાંહાંના ખેતરમાં વાવીઊં. તેને વાવવાની બરાબર ખબર નહીં હતી તેથી તેનો પાક પેહેલે વરશે બરોબર થયો નહીં. પણ આગલ ચાલતાં જારે એ કામ બરોબર મચીઊં તારે હાલ તેનો પાક તાંહાં ઘણો થતો ચાલેઓછે. તાંહાં કેટલાએક ઠેકાણાઓમાં ચોખા એવા સારા થાએછે કે આપણાં હીંદુસતાન માહેલા ચોખાને હઠાવેછે. તાંહાંની જમીન તથા હવા ચોખાને માફકછે. અમેરીકાના લોકોને બીજા ધાન જેવું આ ધાન ભાવતું નથી. તે લોકો દર વરસે હજારો ખાંડી ચોખા ઈઊરોપમાં મોકલેછે.

ભાત કાદવવાળી જમીનમાં સારી પેઠે વધેછે. જે દેશમાં પાણીનો ટોટો, પાણીની જગાઓ થોડી તથા જે દેશમાં નદીઓછે તેમાં રેળ આવી જમીન ભીનાતી નથી તાંહાં ચોખાનો પાક સારો થતો નથી. ભાતને ચમરી આવીને પાકીને તઈઆર થાએ તાંહાં સુધી ખેતરમાં થોડામાં થોડું એક આંગલ પાણી હમેશ રેહેવું જોઈએ; તારે દાણો ભરાઈ સારો પાક થાએછે. ભાતના ખેતરને જેટલું પાણી જોઈએછે તેટલું બીજા ધાનના ખેતરને જોઈતું નથી. ગોવામાં દરીઆની ખાડી પાસે કેટલેએક ઠેકાણે ઘણી મોટી કાદવની જગાછે તેને ખાંજણ કેહેછે. તેમાં હજારો ખાંડી ચોખા પાકેછે.

એશીઆખંડમાં ચોખાનો પાક ચીન, બંગાલ, બનારસ, કાસમીર, ગુજરાત, દખણ, તથા દખણ કોકણમાં થાએછે અને કરનાટકમાં રામેશવર સુધી ઘણો થાએછે. બીજા દેશો કરતાં દખણ કોકણ તથા કરનાટકમાં આ ધાનનો ખપ ઘણોછે. હાલ ઈઊરોપખંડના કંઈ કંઈ ભાગોમાં ભાતનો થોડો થોડો પાક થાએછે પણ તાંહાંની થંડ હવાને લીધે સારો થતો નથી. હાલંડ દેશમાં આ ધાન મુદલ થતું નથી. વરસમાં બે વખત ચોખાનો પાક થાએછે. એક સરદ તથા બીજું વાગણ. જે વરસમાં થાએછે તેને સરસાદ કેહેછે અને જે ઊનાલામાં થાએછે તેને વાંગણું કેહેછે.

ભાત વાવવાનું કામ ઘણું કઠણ નથી. જે ખેતરમાં ભાત વાવવાનું તેને ઊનાલામાં એક વખત ખેડી નાખેછે. પછી તેની ઊપર કાંઈ શુકાએલાં પાતરાં તથા કચરો બાલી નાખેછે. પછી મરગનો વરસાદ પડવા માંડેઓ એટલે તેને ફરીથી બે વખત ખેડેછે. અને તે ઊપર આળો તથા દાંતો ફેરવીને તે જમીન સાફ કરેછે. તાર પછી તેમાં બી વાવેછે. બી રાખવાની રીત એવીછે કે જે ભાત સારૂ પાકેલું હોએ તે પાંચ છ વખત તડકામાં સુકાવી તેની મુડીઓ બાંધી રાખેછે અને જારે તે વાવવાનો વખત આવેછે તારે આઠ દસ દાહાડા અગાઊ બબે અથવા તણ તણ એકપર એક એ પરમાણે સરવે મુંડીઓ રચીને તેની ઊપર ચાર પાંચ દીવસ સુધી સવાર સાંજ પાણી રેડેછે અથવા તેને તલાવમાં ડુબાડી રાખેછે. એવું કીધાથી જારે તે ભા-

તને ફણગા ફુટેછે તારે લાગેલી મુડીઓ છોડી નાખી સાફ જમીન ઊપર તેનો ઢગલો કરેછે: પછી તેને ટોપલીઓમાં ભરીને ખેતરમાં મુઠીએ મુઠીએ છાંટેછે.

ભાત પાકીને તઈઆર થઈ નમી પડવા લાગુ એટલે ખેડુત લોકો તેના મુલીઆં પાંચ છ આંગળાં રાખીને દાતરડાંથી કાપી લેછે. આ કામને લણવું અથવા કાપણી કેહેછે. ભાતના ચોખા એવી રીતે કરેછે કે બે વખત તડકામાં મુકીને ખાંડણીમાં નાખી તેની ઊપરની છાલ નીકલે તાંહાં સુધી બે તરણ વખત છડે છે. જેમ જેમ ચોખા વધારે સફાઈદાર કરવા હોએ તેમ તેમ તેને વધારે છડવા પડેછે.

(ઊદભીદપદારથ ઊપરથી)

---

## ગરીબોની દાદ લેતા રેહેજો.

બેહેનો! ગરીબોની દાદ લેવી એનાં જેવું ભલું, નેક, મોટું અને પુનનું કામ બીજું કેહેઊં છે? આપણ સરવે માંણસ જાત એક બાપથી પેદા થએલાંછે. આ પણ સરવે મનુશ જાતનો બનાવનાર એકજ ઈશવર છે. જેમ એક બાપના છોકરાંઓ એક બીજાના ભાઈ લાગેછે તેમ આપણ સરવે જગત કરતાના પેદા કરેલાં છોકરાંઓ છઈએ અને આપણ સરવે એક બીજાના ભાઈ બેહન થઈએછે. આપણ સરવે એક મોટા કુટંબના છોરૂ છઈએ, એકજ જમીન ઊપર અવતરેલાં છઈએ અને મરતી વેળાએ એકજ જમીન ઊપર સુવાના છઈએ. જારે એવુંછે તારે આપણા જે ભાઈબંધો મોઠી હાલતમાં પડેઆ હોએ; આપણા જે ભાઈ ભાંડુઓ અન પાણી વગર ભુખે મરતા હોએ, આપણા જે ભાઈ બેહેનો દુખથી પીલાતાં હોએ તેઓની ઊપર દયા કરવી, તેઓને બનતી મદદ કરવી, અને તેઓને કામ ધંધે લગાડવા અથવા ઠેકાણે પાડવા એના જેવું મોટુ અને ભલું કામ બીજું કેહેઊં છે?

વાસતે પીઆરી બેહેનો કોઈ બચાંને શીઆળામાં અથવા વરસાતમાં તાહાડથી ધ્રુજતા જોઓ તો તેઓને કપડાં આપજો. કોઈ ભાઈ અથવા બાઈ માણસને ભુખે મરતી જોઓતો તેમને ખાવાનું આપજો. જે ગરીબ માણસ તમારી પાસે આવીને ઊભું રેહે તેને વીશે તમો પુછ પરછ કરજો. કોઈ છોકરો માં બાપ વગરનો માલુમ પડશે અને કોઈ ગરીબ વીધવાના પેટનો હશે તમારી ખાતરી થાએ કે તેઓ ખરેખર ગરીબછે તો તમો જે કાંઈ તમારા ઘરમાંથી બચાવી શકો તેમાંથી તેઓને મદદ કરજો. કહેવુંછે કે આપણે જો ગરીબોની ઊપર દયા કરશું તો ઈશવરે આપણી ઊપર દયા કરશે. આપણે જો ગરીબોની અરજ સાંભલશું તો ઈશવર આપણી અરજ સાંભળશે: ગરીબો તરફ આપણુ દીલ નીરદએ અને સખત રાખશું તો ઈશવર આપણી તરફ તેમજ રાખશે.

તુરકી લોકોએ ઈઊનાન દેશમાં જારે ઘણો જુલમ કરવા માંડેઓ અને તાંહાંના લોકો ઊપર તેમાં અગત કરીને તાંહાંની ઓરતો ઊપર જારે ઘણો ગજબ ગુજારવા માંડેઓ તારે તેઓને વીશે ઠેઠ અમેરીકાના ઈઊનાઈટેડ ઈસટેટસના લોકોના દીલ ઘણાજ દુખ પામેઆ. તાંહાંની સ્ત્રીઓએ જારે સાંભલીઊં કે ઈઊનાન દેશની નાજુક સ્ત્રીઓ ઊપરે તુરકી લોકો એતી શી જુલમ ગુજારેછે, તેઓને પકડીને જોર જુલમથી પોતાના ઘરમાં લઈ જાએછે, તેઓને પુરાં કપડાં તથા ખાવાનું મલતું નથી; કેટલીએક સ્ત્રીઓ પોતાના નાંહનાં નાહના બાલકોને ખાંધ ઊપર નાખીને ડુંગરોમાં જઈને ભુખે મરેછે. એવી એવી વાતો જારે તાંહાંની સ્ત્રીઓએ સાંભલી તારે તેઓને પોતાની બેહેન પણીઓ ઊપર ઘણીજ દયા ઊપજી. તેઓએ એક સભા મેલવીને ઊઘરાણું ઊભું કીધું: દરએક સ્ત્રીએ પોતાની શકતી મુજબ ટીપમાં ભરીઊં. ગરીબમાં ગરીબ ઓરતબી પોતાના ઘરમાંથી જુના કપડાં લાવી અને પોતાની બેહેનપણીઓને વાસતે આંખમાં આંસુ લાવીને મદદ કરવા તઈઆર થઈ. મોટાં મોટા કુટંબની સ્ત્રીઓએ મોટી મોટી રકમ ભરવામાં કાંઈબી કસર રાખી નહીં: એ પરમાણે તાંહાંના એકજ શેહેરમાં નહી. પણ સઘળા શેહેરોમાં અને સઘળા ગામડાઓમાં થયું. પછી વાંહાણો ભરીને ખોરાકી પોશાકી તથા નાણાંની મદદ મોકલી દીધી: એક મંડળીની સ્ત્રીઓએ ઈઊનાન મધેની પોતાની બેહેનપણીઓને નીચે મુજબ કાગલ લખીઓ.

"બેહેનો અને સાહેલીઓ,

"હમોએ હમારા બચપણથી તમારી જનમ ભુમી ઈઊનાન વીશે સાંભલીઊં છે અને તે જમીન ઊપર બનેલા હજારો મોટા બનાવોથી અચંબત થયાં છઈએ. તમારા દેશની અસલ કીરતી હમારા હઈઆમાં

તાજી રહેલીછે અને તેથીજ કરીને તાંહાંના રેહેવાસીઓ ઊપર હમો પીઆર રાખીએછે. તુરકી લોકોએ તમારી ઊપર જે જુલમ અને ગજબ ગુજારેઓછે તેને વાસતે હમારા દીલમાં ઘણુંજ દરદ પેદા થયુંછે અને તમારી હાલત ઊપર દયા ઊપજીછે.

"બેહેનો અને સાહેલીઓ, હમારૂ દીલ તમારે વાસતે ઘણુંજ દુખ પામેછે. તમારો બચાવ કરવા તમારા જુના બાહાદુર વડીલો રહેઆ નથી. તેથીજ તમારી ઊપર આટલી બધી જપા પડીછે. તમારૂ સઘળુ દુખ, તમારી સઘળી હાજત, અને તમારી સઘળી પીડા ટાલવાને વાસતે તમારી સાથે હમો ઈશવરની પરારથના કરીએ છઈએ.

"આ વાહાણ જે તમારા કીનારા ઊપર સરવ શકતીમાન ઈશવર સહીસલામત પોહોચાડશે તે વાંહાણ મધેથી તમને હમારી તરફથી જે મદદ થઈછે તે મલશે. હમારામાની ગરીબ સ્ત્રીઓએ પણ પોતાની ગુંજાસ મુજબ મદદ કીધીછે. હમારા બચાંઓએબી થોડી ઘણી મદદ કીધીછે કે તમારા બચાંઓ ભુખમારાથી બચે.

"જારે તમે જાણશો કે હમારામાની ઘણીખરી સ્ત્રીઓએ તથા બચાંઓએ પોતાની સોઈની અને ચીકનની મેહેનતથી પેદા કરેલી રકમ તમારે વાસતે ભરીછે તારે તમોને વધારે સંતોશ અને વધારે ખુશી ઊપજેઆ વગર રેહેશે નહીં. હમો ફકત એક નાહાના પરગણાઓના રેહેવાસી છઈએ તેથી બીજા મોટા દેશોના કરતાં હમારી મદદ ઘણીજ થોડી માલુમ પડશે. પણ હમોએ જે કાંઈ થોડી મદદ કીધીછે તે ઈશવરને નામે તમને મોકલીએછે અને તે સાહેબ પાસે માંગીએ છઈએ કે તમને જલદીથી જુલમ પણામાથી છુટા કરે.

"હમોએ આ કાગલ એટલાજ માટે લખેઓ છે કે તમારા જાણવામાં આવે કે દુરના દેશોમાંબી તમારા દુખને વાસતે દુખ ધરનાર અને તમારી ઊપર દયા લાવનાર તમારી બેહેનપણીઓ બેઠેલીછે.

"બેહેનો અને સાહેલીઓ ! હમો ઈશવર પાસે માંગીએછે કે મુસલમાની દોરને બદલે તમારા અસલી વતનદારોનો દોર ઈઊનાન મધે પાછો ચાલુ થાએ, તમારા બચાંઓ ઈઊનાન દેશનું અસલનું સવતંતરપણુ પાછુ મેલવી આપે, અને જુલમગારોએ જે નામીચી ઈમારતો અને બાંધ કામો તોડી પાડેઆંછે તે પાછા ફરીથી બાંધવામાં આવે."

## ખરી ખુબસુરત કોણ—પુતલીબાઈ કે તેની બેહેન સીરીનબાઈ !

મનચેરશા નામે એક માતબર બીલીમોરીઆ પારશીને બે છોકરી હતી. તે બેઊ છોકરીઓ એક વરસને અંતરે જનમી હતી. મોટીનું નામ પુતલીબાઈ અને નાહાનીનું નામ સીરીનબાઈ. પુતલીબાઈ ઘણીજ ખુબસુરત હતી. તેણીની ખુબસુરતી વીશે આખા મોહલામાં તારીફ થતી હતી. સીરીનબાઈ જોકે બદસુરત નહીં હતી તોપણ પુતલીબાઈની સાથે સરખાંવતાં જરાબી ખુબસુરત દેખાતી નહીં હતી. પણ એક બેહેન ઘણીજ ખુબસુરત અને બીજી ખુબસુરત નહીં તેથી તે વાતની ઊપર તે બેહુ બેહેનોની જીંદગીનો આધાર રહેઓ હતો.

પુતલીબાઈ નાહાની હતી તારથીજ તેણીએ પોતાનાં શરીરના સોભીતા ઘાટ અને ચેહેરાની ખુબસુરતી વીશે વખાણ સાંભલી હતી. તે વખાણથી તે એટલીતો ફુલાઈ ગઈ હતી કે તેણીએ પોતાના ચેહેરની ખુબસુરતીમાં બીજા ગુણો વધારવાને કાંઈબી તજવીજ કીધી નહીં. તે તેવીને તેવીજ રહી. તે સઘળાઓની સાથે અભીમાનથી વાત કરે. પોતાના માબાપની સાથે અણઘટતો લાડ કરે. બેહુ બેહેનો જાંહાં જાએ તાંહાં પેહેલા વેહેલા સઊકોઈ પુતલીબાઈને બોલાવે.

પુતલી પોતાની ખુબસુરતી વીશે ઘણુ અભીમાન તથા ઘણો મીજાજ રાખવા લાગી. સીરીન પોતામાં બીજા ગુણો વધારવાની તજવીજ કરવા લાગી. મધુર અને નરમ અવાજથી પીઆર ઊપજે તેવી વાતો કરવા શીખી. મીઠા અને સુંદર ગીતો ગાવા શીખી. ભણતા લખતાં તથા ભરતાં સીવતાં શીખી. જારે બેઊ બેહેનો મોટી થઈ તારે તેઓ વચે ઘણો તફાવત માલુમ પડવા લાગો. અગાઊ મનચેરશાના સઘળા દોસતો પુતલીને બોલાવતા હતા. હવે તેઓએ પુતલીને મીજાજખોરી, હઠીલી અને સમજ વગરની જોઈ. સીરીનને મીઠી વાતો કરતાં અને મધુર ગીતો ગાતાં સાંભલી તેઓ ઘણાજ ખુસી થવા લાગા. વાતચીત કરવામાં સીરીનની ચતુરાઈ તેઓને ઘણીજ માલુમ પડી. અગાઊ પુતલી ખુબસુરતીને લીધે સરવે કોઈને પસંદ પડતી હતી. હવે સીરીન પોતાના રૂડા

સ્વભાવથી અને રૂડી ચાલ ચલણથી સરવે કોઈને પસં દ પડતી થઇ પડી.

મનચેરશાનો ભાઈ બેહરામશા પણ માતબર હતો અને તેનો સઘળો વેપાર ચીન ખાતાનો હતો. બેરામશાને પીરોજશા નામે એક છોકરો હતો અને તે શ્રી ચીન ખાંતે વેપારને વાસતે ગયો હતો. પીરોજ શાહ પોતાના કાકા મંનચેરશાની દીકરી પુતલીબાઈની ખુબસુરતી વીશે જાણીતો હતો અને તેનું મન તેણીની સાથે લગન કરવાનું થયું હતું. અને મંનચેર શા તથા બેરામશાહેબી તેવોજ મનસુબો કરી રાખેઓ હતો. પણ પુતલીબાઈ તથા પીરોજશાનો સભાવ મલેછે કે નહીં તે જોવા માંટે બેરામશાના આવવાની તેઓ રાહ જોતાં હતાં. તારપછી પાંચ સાત માસ નીકળી ગયા અને પીરોજશા શ્રી ચીન દેશથી સારી પેઠે પઈસો મેળવીને પોતાને વતન આવેઓ.

જારે પીરોજશાહે પુતલીબાઈને દીઠી તારે તેણીની ખુબસુરતી જોઈ અંજાઈ ગયો. મંનચેરશા અને બેરામશા એ બેહુ ભાઈઓ પાસે પાસે રેહેતા હતા. પીરોજશા દીવસના બે તરણ વખત પોતાના કાકાને ઘેર જતો હતો અને જમતોબી તાંહાંજ હતો. તે પુતલીને ચાહીને બોલાવતો હતો પણ પુતલીતો ભારે મીજાજી તથી મીજાજમાંજ રેહે અને પોતાનું મોહો ચંહડાવીનેજ વાત કરે. ઘણા દીવસ ગુજરેઆ પછી પીરોજ શાને માલુમ પડીઊં કે પુતલીબાઈ ફકત મીજાજીછે એટલુંજ નહીં પણ ઘણી હઠીલી અને વગર સમજનીછે, તે પોતાના મા બાપના ઘણા લાડથી અને પોતાની ઘણી ખુબસુરતીથી બગડી ગઈ હતી. ભણવા લખવામાં તે મુદલ હોશીઆર નહીં હતી. એ સબબોને લીધે પીરોજશાનું દીલ જે અગાઊ તેણીની ઊપર ઘણું લાગેલું હતું. તે ઊતરી ગયું,

પણ બીજી તરફ સીરીનબાઈ ઊપર પીરોશાનો પીઆર દીનપર દીન વધવા લાગેઓ. સીરીનબાઈ બદસુરત નહીં હતી તેમજ પુતલીબાઈના જેવી ખુબશુરતબી નહીં હતી. તોપણ તેણીમાં બીજા કેટલાએક કીંમતી ગુણો હતા જેથી પીરોજશા ઘણો ખુશી થયો હતો. જારે મનચેરશા અને બેરામશાએ જોયું કે પીરોજશાનું દીલ પુતલી ઊપરથી ઊતરી જઈને સીરીન ઊપર લાગીઊંછે તારે તેઓએ એક બીજા દીવસ ઠેરવીને, બેહુના એક બીજા સાથે લગન કીધાં.

આવી રીતે પુતલીબાઈ ઘણીજ ખુબસુરત હોવાં છતાં તેણીએ પોતાનો મીજાજ અને મગરૂર બુરેલી ચાલથી એક સારો અને માતબર ધણી ખોયો. તેણીની બેહેન સીરીન તેણીના જેવી રૂપાલી નહીં હતી તોપણ સારા ચાલ ચલણ પકડેઆથી એક માતબર અને મનગમતો ભરટાર મેળવેઓ. લગન થયા પછી સીરીનબાઈએ પોતાના અભીઆસમાં તથા ચાલચલણમાં એટલોતો સુધારો તથા વધારો કીધો કે પીરોજશાને કોઈ દીવસે કુટંબ સંબંધી ફીકર અને દલગીરી કરવી પડે નહીં. પુતલીબાઈએ પીરોજશા જેવો રૂડો અને માતબર ધણી ખોયો એટલુંજ નહીં પણ તેણીની હઠીલાઈ અને આડી ચાલ સરવે લોકોને એટલી બધી જાણીતી થઈ પડી કે કોઈબી માતબર ઘરનું વસટાલું આવે નહીં. તેમજ મનચેરશા જે કોઈ સારૂ ઘેર જોઈને વસટાલું મોકલે તે કબુલ રાખવામાં આવે નહીં. આખેર કોઈ ગરીબ અને વગર ભણેલા પારસી સાથે પુતલીબાઈનાં લગન કરવાં પડેઆં. હવે વાંચનારી બાંઈઓ! વીચાર કરો કે ખરી ખુબસુરતી કોને કહીએ અને ખરી ખુબસુરત કોણ—પુતલી બાઈ કે તેની બેહેન સીરીનબાઈ!

---

## સંતોશ વગર સુખ કાંહાંથી હોએ?

"જે માણસ પુરો સંતોસી હોએ તેને મારી જમીનમાંથી કેટલીએક જમીન ઈનામ દાખલ આપી દઊં" એ પરમાણે એક વતનદારે પોતાના શેહેરના સઘળા લોકોને જાહેર કીધું. એક માણસ જે એવું સમજતો હતો કે હું પુરો સંતોશીછું તે ઊપલી ખબર સાંભલીને તરત તે વતનદાર આગલ દોડી ગયો અને જણાવીઊં કે "એ ઈનામને હું લાએક છું." તે વતનદારે પુછીઊં કે તમે પુરાં સંતોશીછો એવું શું તમે ખાતરીથી કહી શકોછો! તે માણસે કહેઊં કે "હા! હું ખાતરીથી કહુંછું" તારે વતનદારે કહીઊં કે "જારે તમે પુરા સંતોશીછો તારે તમને મારી જમીન શા માટે જોઈએ!"

દુનીઆમાં આવી જાતનો સંતોશ ઘણોછે. માણસો થોડું વધારે અને વધારે મેળવવાની ઈછા કરે

છે. તમે ગમે તાંહાં જાઓ અને તેવુંજ માલુમ પડશે. તમે જોઈએ તો બાહારના મુલકમાં જાઓ અથવા તમારાજ શેહેરમાં રેહો પણ તમને બે જાતના લોકો માલુમ પડશે; સંતોશી અને વગર સંતોશી. જેઓ એવું સમજે છે કે હમે સંતોશી છઈએ તેઓ ઘણું કરીને સંતોશી હોતા નથી. જેઓ એવું કહેછે કે હમો સંતોશી છઈએ તેઓનું બોલવું સાચુ માનીએ તથા કબુલ કરીએ તોપણ તેવામાણસો દુનીઆંમાં ઘણાજ થોડા માલુમ પડશે. હવે આનું કારણ શું ! માણસ જાતમાંથી વધારે ભાગ એટલો બધો સંતોશ વગરનો રહેલોછે તેનું કારણ શું ? એટલા બધા માણસો તુટેલા દીલના અને દુખી માલુમ પડેછે તેનું કારણ શું હશે વારુ ?


કેટલાએક લોકો કેહેછે કે ઈશવરનો વાંકછે કે તેણે સઘળાઓને જેટલું જોઈએ તેટલું આપીઉં નહીં. વળી ઘણા ખરા લોકો ઈશવરની ઊપર ઠપકો મુકતા નથી પણ પોતાના બીજા ભાઈબંધો ઊપર, કેટલાએક સંજોગ ઊપર અથવા પોતાના નશીબ ઊપર ઠપકો મુકેછે. વળી કેટલાએક લોકો બોલેછે કે "અરે ! હમારી પાસે ફલાણી ફલાણી વસતુ હતે, અથવા હમે ફલાણા ઓધા ઊપર હતે તો હમો કેટલા બધા સુખી થાત !"

એવા લોકો એવી રીતે બોલવામાં પોતાનું અગનાનપણુ જાહેર કરેછે. ખરી બીના તો એજ છેકે સંતોશ અથવા અસંતોશ આપણા પોતાના દીલમાંથી ઊતપન થાએછે. બાહારના સંજોગ તથા બનાવો ઊપર તેનો ઘણો આધાર રેહેતો નથી. આપણી હાલત અને આપણો ઓધો ગમે તેટલો બદલાઈ જાએ, આપણને ગમે એટલી આબરૂ અને ગમે તેટલી દોલત મલે પણ જાંહાં સુધી આપણા પોતાના દીલમાં સંતોશ ઊતપન કરશું નહીં તાંહાં સુધી તે મળવાનો નથી.

આપણે શા વાસતે સંતોશી નથી તેનું કારણ સોધી કાહાડવાની ટેવ રાખવી, અને ચરચરીઆ કરવું તેના જેવું દુખ ઊપજાવનારૂ કારણ દુનીઆમાં મળવું મુશકેલછે. દુખી થવામાં અથવા દલગીર રેહેવામાં સઘળો વાંક આપણો પોતાનોછે એ પરમાણે કબુલ કરવું કેટલું વાજબીછે ! સંતોશ વગર સુખ છેજ નહી. સંતોશ રાખવો અથવા અસંતોશ રાખવો તે આપણી પોતાની ચાલ ચલણ ઊપર વધારે આધાર રાખેછે. જે માણસોમાં સંતોશ રાખવાનો સભાવ અથવા ટેવ નથી તે માણસોને પઈસાથી અથવા મોટા ઓધાથી અથવા સારૂ ખાધા પીધાથી સંતોશ મળી શકનાર નથી.

---

## બાફના સાંચાની સોધ કરનાર જેમસવાટ.



હાલના જમાનામાં સઘળી સોધો કરતાં બાફના સાંચાની સોધ મોટી અને અગતની કેહેવાએછે. બાફના સાંચાની સોધ થયા પછી માણસની હાલતમાં જેટલો સુધારો અને ફેરફાર થઈ ગયોછે તેટલો સુધારો અને ફેરફાર બીજી કોઈબી સોધથી થયો હોએ એવું લાગતું નથી. બેહેનો ! એ મોટી અને અગતની સોધ કરનાર પુરૂશનું નામ તમે જાણવાને આતુર થશો. એ પુરૂશ જેમસવાટ કરીને હતો. એ પુરૂશનું નામ વીદવાન લોકોને ઘણું પીઆરૂ તથા વાહલું થઈ પડીઉંછે.



જેમસવાટ ઈસવી સન ૧૭૩૬ માં લંનડંન મધે જન
મેઓ હતો. તેણે બચપણમાં ઘણી કેળવણી લીધી નહી
હતી પણ તેનું મન ચંચલ અને સોધીક હતું. તેની
તંદરોસતી ઘણી નાજુક હતી તેથી તે નીસાળે બરાબ
ર જઈ શકતો નહીં હતો. ઘરમાં રહીને શિપીઓગી
ગનાન મેળવવામાં પોતાનો વખત કાહડનો હતો. બ
ચપણથી તેનું મન હુનર પછવાડે લાગેલું હતું. અ
ઢાર વરસની ઊમરે ગણીત શાસતરના ઈઅંતર બ
નાવનારને તાંહાં તે ચાકરીએ રહેઓ. તારપછી ગલા
સુગો નામના બીજા શેહેરોમાં ગણીત શાસતરના ઈઅ
નતરો તે બનાવવા લાગો. પણ એ જાતના ઈઅંત
રો બનાવનાર બીજા દુકાનદારોએ એક સંપ થઈને
તેની ઘરાકી થવા દીધી નહીં. વાટ બીચારો કંટાલી
ને એ કાંમ છોડી દેતો હતો તેટલામાં તાંહાંની કાલેજ
માં તેનો વગ લાગેઓ અને તે પોતાના ધંધામાં ફલ
દરૂપ થતો ગયો. આડમ ઈસમીથ તથા બલાક તથા
બીજા વીદવાનોં સાથે તેને વગ હતો તેથી તેનું કાંમ
સારી પેઠે ચાલવા લાગીઊં. છ વરસ લગી તેણે
એ પરમાણે પોતાનો ધંધો ચલાવેઓ. તારપછી તે પર
ણેઓ અને ઈજનેરનો ધંધો કરવા લાગો. નેહરો,
પુલો, બંદરો તથા બીજાં જાહેર ઈમાંરતો તપાસવાનાં
કામમાં લાગેઓ.

જેમસવાટ આ પરમાણે જુદા જુદા ધંધામાં પો
તાનું ચીત લગાડતો હતો પણ તેનું ચીત એક બાબત
નાવેલા સાંચાનો નમુનો સંમરાવાને તેની પાસે આવી
ઓ હતો. એ સમારતાં સમારતાં તેને એક નવી કલા
સુજ પડી. તે કલા કામે લગાડેઆથી કાંઈ ઘણો સુ
ધારો થયો નહી. પણ તારપછી તેને અજમાએસ ક
રવાનું કામ ચાલુંજ રાખીઊં. અને તે પોતાની અ
જમાએસમાં ફતે પામેઓ. તેની શોધથી સઘળા વીદ
વાંનો અચરત પામેઆં.

એ શોધ થયા પછી એક કારખાંનાવાળાની સા
થે ભાગીઓ થાઈને તેણે બાફના સાંચાનું મોટું કાર
ખાનું કાહડીઊં. તેણે જે મોટી અને અગતની શોધ
કીધી હતી તેની ખુબી પીછાનીને પારલેમેંટ સભાએ ૫
ચીસ વરસની મુદતનો તેને પટો આપેઓ. એ મુદત
માં એની શોધ તથા બનાવટનો ફાએદો કોઈ બીજા
કારખાનાવાળો લઈ શકે નહીં. નીઓકોમનના સાંચા
કોળસાની ખાંણોમાં થોડા ઘણા કામે લાગતા હતા. તે
ને બદલે વાટના સાંચા થોડે ખરચે સઘળી ખાણોમાં
કામે આવવા લાગા. પચીસ વરસ લગી તેને પટો મ
ળેઓ હતો તે સઘળી મુદતમાં વળી નવો અને બીજો
સુધારો તેજ સાંચામાં કરવા પછવાડે તેનું મન રોકા
એલું રહેઊં. તેની તબીએત નાજુક હતી અને તેને
માથાંનું દરદ હતું તોપણ તે પોતાની કોશેસમાં મંડે
લો રહેઓ અને ધીંમે ધીંમે ઘણોએક સુધારો કરતો
ગયો. ૧૭૮૧ પછી ચાર વરસની મુદતમાં તેણે નવી
સોધોના નવા પટા મેળવેઆ. ઘણાખરા કારખાનામાં
તેના સાંચાઓ ચાલુ થયાથી તેને ઘણો આનંદ તથા
સંતોશ ઊપજેઓ. વાટની કીરતી ફેલાતી ગઈ અને તે
ને માનના ખેતાબો મલવા લાગા. ૧૮૧૯ નાં આગ
સટ મહીનાની ૨૫ મી તારીખે તે સવરગવાસી થયો.

વાટે બાફનો સાંચો બનાવેઓ તેને હજુર સો
વરસ ગુજરેઆં નથી તેટલામાં તે સાંચાનો ઊપીઓગ
અતીશે વધી પડેઓ. સુતર બનાવવામાં, કપડાં વણ
વામો, આગની ગાડીમાં અને આગબોટમાં બાફના
સાંચા થઈ પડેઆ. માંણસ જાતના સુખમાં અને ઊદી

જોઈએ તેટલું પાંણી તે પીએછે. જેટલો જોઈએ તેટલો કોલસાનો ખોરાક પોતાના પેટમાં ભરેછે. તે પોતાનું મોહડું બરોબર વખતે અને બરાબર રીતે ઊઘાડ તથા બંધ કરેછે. તે પોતાની મેળે પોતાના સાંધાઓ ઊપર તેલ નાખી શકેછે. જે ઠેકાણે હવા જવી જોઈએ નહીં તે ઠેકાણે હવા દાખલ થઈ ગઈ હોએ તો તેને પોતાની મેળે બાહાર કાહાડી નાખેછે. તેના પેટમાં અથવા તેના બાંધામાં કોઈબી મોટી હરકત થઈ હોએ અને જો તે પોતાની મેલે દુર કરી શકે નહી તો તે તરત એક ઘાંટ વજાડીને પોતાના રખેવાલને સાવચેત કરેછે. તેનુ જોર અને કઊવત છસો ઘોડાનાં જોર જેટલી વધારેછે તોપણ તે એક બચાંને તાબે રહી સકેછે તેનો ખોરાક કોલસો અથવા લાકડુંછે. તે એવો નીમક હલાલછે કે જારે મેહનત કરેછે તારેંજ ખાએછે, આળસુ બેશીને મુદલ ખાતો નથી. તે કદી થાકી જતો નથી, તેને ઊંઘની ગરજ નથી. તે ઊમરે પોચીને બુઢો થતો નથી તાંહાંસુધી કાંમ કરવાને કદી ના પાડતો નથી. સઘળા દેશોમાં અને સઘળી હવામાં તે પોતાનું કાંમ કરી શકેછે. સઘળા કાંમમાં મેહેનત કરવાને તે તઈઆર થાએછે. તે ખલાસીનું કાંમ કરેછે, વણકરનું કાંમ કરેછે, ગાડીવાળાનું કાંમ કરેછે, દલનારનું કામ કરેછે, છાપનારનું કાંમ કરેછે અને એ પરમાણે હરએક જાતનું કાંમ કરી શકેછે. સઘળી જાતના સાંચાનો તે પાદશાહછે અને કીસાકાંહાંનીની ચોપડીમાનો ચેરો વીરછે જે વીરની મદદથી માણસ મોટા અને અદભુત ચમતકારો કરી શકેછે."

---

## "ખુશી" તથા "દલગીરી" નામની બે છોકરીઓ.

(એક જોડી કાહડેલી વાત)

બાઈઓ ! એક ચંચલ અને વીદવાન ગરંથ કરતારે ખુશી અને દલગીરીની વાત જોડી કાહડીછે તે વાંચવા જોગ જાણી હમો હેટલ પરગટ કરીએછે.

કોઈ બે નાંમીચા કુટંબો હતાં. રાત અને દીવસ જેમ એક બીજાથી ઊલટા ગુણ ધરાવેછે તેમ તે કુટંબો એક બીજાથી ઊલટા ગુણ ધરાવતાં હતાં. તેમેનું એક કુટંબ સવરંગ અથવા બેહસતમાં રેહતું હતું અને બીજું કુટંબ નરક અથવા દોજખમાં રેહતું હતું. પેહલા કુટંબનું સઊથી નાહનુ બાલક "ખુશી" નાંમની એક છોકરી હતી. તે છોકરી " સુખ " ની દીકરી લાગે અને નેકીની દીકરીની દીકરી લાગે. મેં આગલ જણાવીઊ તેમ એ સઘળા સવરગમાં રેહતાં હતાં. બીજુ કુટંબ જે નરખ અથવા દોજખમાં રેહતું હતું. તેની "દલગીરી" નામની સઊથી નાહની છોકરી હતી. તે છોકરી " દુખ " ની દીકરી લાગે અને " બદી " ની દીકરીની દીકરી લાગે.

" બેહસત તથા દોજખની વચે ઈસવરે પરથવીને મુકી હતી. એ પરથવી ઊપર " માણસ " કરીને એવા પરાણીઓ વસતા હતા કે જેઓ ઘણા નેકીવાળાંબી નહી હતાં તેમજ ઘણાં બદી વાળાંબી નહી હતાં. નેકી તથા બદી એ બેહુનો ખવાસ તેઓમાં થોડો ઘણો હતો. ભરેસપતીએ આ પરથવીના સારા અને નરસા માણસો વચે ભેદ રાખવા માટે ઊપલાં બેહુ કુટંબોની બેઊ છોકરીઓને આ પરથવી ઊપર મોકલી. "સુખ" ની દીકરી "ખુશી" એણે "દુખ" ની દીકરી " દલગીરી " સાથે એવો ઠરાવ કીધો કે અરધાં માણસોમાં હું મારો વાસો કરૂ અને અરધાં માંણસોમાં તું તારો વાસો કર.

" એવી કબુલાત કીધા પછી એ બંને છોકરીઓ આ પરથવી ઊપર આવી. પણ તેઓને તપાસ કરતાં માલુમ પડીઊં કે સઘળા માણસો સરખે હીસે વેચી લેવાએ તેવું નહી હતું. સઘળા માણસોમાં નેકી તથા બદીના ગુણો હતા. સઊથી નેક માણસમા બદીનો થોડોએક અંશ હતો તેથી તે માણસો ઊપર પણ દલગીરીનો હક પોંહોંચતો હતો. અને સઊથી બદ માણસ માંબી નેકીનો થોડો અંશ હતો તેથી " ખુશી "નો હક તેઓની ઊપરબી પોહચતો હતો. પછી બેહુ છોકરીઓ વચે મોટી તકરાર ઊઠી. "ખુશી" પોતાનો હક સઘલા માણસોમાં વાસો કરવાને દેખાડવા લાગી. અને "દલગીરી" બી પોતાનો તેટલોજ હક દેખાડવા લાગી. એ તકરારનું સેવટ હવે કેમ આવે ? પછી બેહુ છોકરીઓએ એક બીજા સાથે દોસતી કીધી અને તકરારનું સેવટ લાવેઆ. તેઓએ એવો ઠરાવ કીધો કે હરએક માણસમાં સાથે જઈને વાસો કરવો અથવા થોડોવાર વાસો એકે કરવો અને બીજીવાર બીજાએ કરવો. એજ કારણને માટે જારે દલગીરી આવેછે તારે તેની પાછલ ખુશી આવેબા વગર રેહેતી ન

થી. અને જારે ખુશી આવેછે તારે એવુંજ સમજવું કે દલગીરી ઘણી દુર નથી.

"પણ આ પરમાણે બેહુ છોકરીઓએ દોસતી કીધી તેથી ભરેસપતીની મતલબ પાર પડી નહીં. તારે તે છોકરીઓની માતા તથા મોટી માતાઓ સાથે એવી ગોઠવણ કીધી કે માણસ જાંહાંસુધી પરથવી ઊપર જીવે તાંહાંસુધી તમારી બેહુની છોકરીઓ તેની સાથે રેહે પણ મરણ પામેઆ પછી નેક માણસ "સુખ" ના કુટંબમાં રેહે અને બદ માણસ "દુખ" ના કુટંબમા રેહે. એ ગોઠવણ બેહુ કુટંબોએ કબુલ કીધી."

---

## ડુબકી મારવાનો ઘાંટ.

ઈસવી સન ૧૬૮૦ માં ઈઊરોપ તરફ એક વાહાણ જેમાં ઘણીએક નગદી તથા કીમતી જીનસો ભરેલી હતી તે ડુબી ગયું. તેની સાથેની નગદી તથા કીમતી જીનસોબી ડુબી ગઈ. એ વરસમાં એક અમેરીકન નામે વીલીઅમ ફીપસ કરીને ઈંગલંડમાં હતો અને તેણે એ સઘળો કીમતી ખજાનો સોધી કાહડવાની કેટલીએક ગોઠવણો જાહેર કીધી. બીજા ચારલસ રાજાને તે ગોઠવણો પસંદ પડી અને એક મોટુ વાંહાણ ખોરાકી પોસાકી ભરીને ફીપસના સવધીનમા દીધું. સન ૧૬૮૨ માં તે વાહાણમાં બેસીને નીકળેઓ. ઘણાએક મહીના થયા અને તેની ગોઠવણો ચાલી નહી તેથી માઠી હાલતમાં તેને પાછું ફરવું પડીઊં. તોપણ તેના દીલમાં ખાતરી હતી કે ફરીથી જાણીનો ફતે પામીશ. તરણ વરસ પછી કોઈ ગહરસથે એક કંપની ઊભી કીધી. તેના વીસ શેર કીધા અને જે કાંઈ ડુબી ગએલી નગદી નીસરે ને સરખે હીસે વેહેચી લેવાનો તેઓએ ઠેડાવ કીધો. તેઓએ તે અમેરીકનને ફરીથી અજમાએસ કરવાને વાહાણ આપીને મોકલેઓ. બીજી વેળા એબી તે નાઊમેદ થઈને પાછો ફરવાનો વીચાર કરતો હતો તેવામાં તેને હાથ પેલા ડુબેલાં વાહાણનો ખજાનો લાગેઓ અને વીસ લાખ કીમતનો માલ લઈને તે આવી પોહોચેઓ. કેટલાએક લોકોએ બાદશાહને એવું સમજાવીઊં કે તે અમેરીકને બાદશાહને ખરાબર અને વીગત સર ખબર આપી નહી તેથી તેને તથા તેને સોધી કાહાડેલા ખજાનાને કબજ કરવો. પણ બાદશાહે જણાવીઊં કે ફીપસ ઘણો પરમાણીક માણસછે અને તે કદી એવી લુચાઈ કરે નહી તે એથી ચાર ગણી કીમતનો માલ લાવેઓ હતે તોપણ તે ઊપર મારો કાંઈબી હક પોહચતો નથી.

ઊપલો અમેરીકન એ ખજાનો સોધી લાવીઓ તારથી લોકોનું મન એની ગોઠવણ ઊપર દોડીઊં. એ શખસે ડુબકી મારવાને કેવો સાંચો કામે લગાડેઓ તેની કોઈને ખબર પડી નહી. ડાકટર હાલી નામના શખસે ઘણીએક અજમાએસ કરી જોઈ અને એક ડુબકી મારવાના ઘાંટની કળા સોધી કાહડી. તેણે એક ઓરડાના જેટલો મોટો લાકડાનો ઘાંટ બનાવેઓ. તેનો ઘેરાવો તલીએથી પંદર ફુટનો હતો અને મથાલેથી નવ ફુટનો હતો. તેની ફરતી બાજુએ સીસું બરીઊં કે તેથી કરીને તે પાણીમાં ઊંઘો વળી નહી જાએ; અથવા આડો અવલો નહી થાએ. જેમ આપણે એક ખાલી કલસીઓ પાણીમાં સીધોને સીધો ઊંઘો વાળીને દાબીએછે અને તેમાં પાણી ભરાતું નથી તેમજ આ ઘાંટ સીધોને સીધો પાણીમાં ઊતારેઓ હોએતો તેમાં પાણી બરાએ નહી. તે ઘાંટમાં રોશનીની તથા તાજી હવા મળે એવી ગોઠવણો બનાવી. માણસને બેસવાની જગો એ ઘાંટમાં કીધી. જારે એ ઘાંટ પાણીમાં ઊતારવો હોએ તારે તેમાં એક અથવા બે માણસ બેસે અને ઊપરથી દોરડાં બાંધીને વાંહાણ ઊપરના માણસો તે ઘાંટને દરીઆમાં ઊતારે. તે ઘાંટ લગભગ જમીનની સપાટી ઊપર આવી પોહચે તારે તે માણસો અંદર ઊતરે અને જો કાંઈ સોધવુ હોએ તે સોધે. કામ કરતાં ગભરાઈ જાએ તારે પાછા ઘાંટમાં જઈને બેસે અને દમ લીએ. એ ઘાંટનો આકાર પાસેના ચીત્ર ઊપરથી માલુમ પડશે.



ઘાંટથી જરા વધારે દુર જઈને કામ કરવું પડેતો ડુબકી મારનારાઓ પોતાના મોહડામાં હવાની નલીઓ રાખે કે જેથી તેઓને પાણીમાં દમ લેવાને બની આવે. ઘાંટની અંદર બીજી એવીબી ગોઠવણ કરેલી કે જારે ડુબકી મારનારાઓ પોતાનું કામ કરી રેહે તારે એક દોરી ખેંચેઆથી વાંહાણ ઊપર ઘાંટડીનો અવાજ થાએ અને તેઓ તે મોટા ઘાંટને ઊપર ખેંચી લીએ.

## ગરભવાલી સ્ત્રીને ફરવા હરવા વીશે.

(એક તબીબ ભીતરથી મલેલું.)

ઘણીએક સ્ત્રીઓ એવું ધારેછે કે હમેલના પેહેલા દાહડામાં આરામ લેવો જોઈએ અને ફરવું હરવું નહી; પણ જેવારે દાહડા પુરા થવા આવે તારે ફરવા હરવાથી ફાએદો થાએછે આ વીચાર બીલકુલ ખોટોછે અને તેમાં અગના પણા શીવાએ બીજું કાંઈ નજર આવતું નથી. ગરભની શરૂઆતમાં જો એકવાર ઓરતને છોકરૂ છુટી પડીગું હોએ તો તેણીએ તે વખત થાક ચહડે તેવી મેહનત કરવાને બદલે આશાએસ લેવી જોઈએછે. બાકી સઘળી ઓરતોને ઘટેછે કે હમેળની વખતે ફરવું; અને હમેલ પુરા થવા આવે એટલે બાલક અવતરવાનો દીવસ નજદીક આવે તરે વધારે વીશામો લેવો.

પેહેલાં પાંચ છ માસ ખોલલી હવામાં સાંજ સવાર ફરવું અને ઘરના જે કામથી થાક ન ચહડે તેમાં ધેઆન લગાડવું જરૂરછે. તેથી કરી માતા તથા બાલકની સુખાકારી વધેછે હવામાં ફરવાથી તંદરોસતી વધેછે. અને ઘરના ખટવામા ગુતાઆથી તેનો વખત વહી જાએછે અને એ પરમાણે ચીત ઠેકાણે રેહવાથી સુખમા ઊમેરો થાએછે—

ફરવા હરવાની હમેલદાર ઓરતને હાવી અગછે તો પણ તેણીએ ગરબા ગાવા, તેડાં ફરવા, લગન સરાઓ તથા મુવેલાંઓને બેસવા જવું નહી, કારણ કે એમ કીધાથી તેના મનના જુસા ઊભાઈ આવેછે અથવા તેને દલગીરી પેદા થાએછે. તેમજ દાદરપરથી જોરમા ઊતરવું નહી. જુવાન અબલાઓ પેહલ વેહલી હમેલદાર થાએ તેવારે છોકરૂ અધુરે માશે અવતરેછે. અને ઘણીવાર સુકાઈ જાએછે તેનું કારણ એજ કે તેઓ આ ઊપલા પરસંગોમા સાંમેલ થવાથી સંભાલ રાખતાં નથી. આપણા લોકોમાં લગનોમાં સાંમેલ થવાનો શોક ઘણોછે અને ખીચો ખીચ ભરેલી ડોલા અને લેકા ખાતી દોડતી બલદીઆની ગાડીમા બેસી જાએછે. હાવા સુબ અને રસીઆમણા દીવસે પણ પોતાના પેટમાના બાલકને ખાતર હમેલદાર ઓરતે સાંમેલ થવાથી પહરેજ રેહવું જોઈએછે થાક ચહડે તેવી મેહનત કરવાથી પણ છોકરૂં અધુરે દાહડે પડેછે વાસતે સાસુઓ જેમને વહુઓ પાસ ઘણુ કાંમ લેવાની ટેવ હોએ તેઓએ વહુની ગરભ હાલત પર નેગાહ રાખવી અને તાંણાં મારી તેમની પાસ ઘરના ઘસડબોરાનો બોજો ઊંચકાવવો નહી. હેવું અનઘટતું વહીતરૂ કરાવવાથી માતર હમેલ પડેછે એટલુંજ નહી પણ દસતાંનના કેટલાંક બુરાં દરદો થાએછે. એક કરતાં વધારેવાર છોકરૂં શુકાઈ ગીઉં તો પછી તે બીચારી અસતરીના બુરા હાલ થાએછે. વાસતે જુવાન અસતરીએ પોતાના પેહલા બાહરમા સાધારણ સંભાલ લઈ ચાલવું, નહી તો પછી બધો જનમારો નીરાશ થવું પડેછે. બાહાર ફરવા હરવાને બદલે ઘરની મોજ અને ઘરનો ધંધો કરવો.

ઊપર કહીઆ પરમાણે ઘરમા રહી ઘરનો ધંધો કરવો એ પરથી એમ નહી સમજવું કે કોચપર અલેટાઈ પડી રેહવું. ગીચ ઓરડામા રહી ખરાબ હવાનો સવાસ લેવો અને મનમાનતી રીતે ખાવું. એમ કીધાથી લાભને બદલે નુકસાંન થાએછે. તંદરોસતીમા ઘરારો થાએછે અને છોકરૂં મુરદાલ પેદા થાએછે અને તેનો ઊધર ભાવ ઘણી સંભાલ વગર થતો નથી.

છેલાં બે ચાર પખવાડીઆમાં થોડુ ઘણુ જો બને તો જણવાના દીવશ શુધી ફરવું. આપણી બખતાવર રાણી વીકટોરીઆને વાસતે લખેછે કે જે દીવસે છુટવાની હોએ તેવારે પણ સહવારના પોહરમા બાગમા ફરવા નીકલેછે અને તેથી તેનાં સઘળા છોકરાં કદાવર, સુંદર અને પુશટ જનમેછે. એ નામદાર બાંનુનો દાખલો લેઈ આપણા લોકો એ પણ વરતવું જોઈએછે. જે હમેલદાર ઓરતને પગે ચાલવાથી જલદી થાક ચહડી આવે તેણીએ ગાડીના ફરકાં ખોલાં રાખી તેમા બેસી ફરવા નીકલવું. બારણા બંધ રાખીને ફરવા જવું તેમાં કાંઈ ગુણ થતો નથી. પણ ગાડી જોરથી દોડાવવાને મનાઈ રાખવી. આતમા મહીના પછી ઘરનું રાંધવા સીધવાનું કામ તદન છોડી દેવું અને દીવશમા બે ચાર કલાક બીછાંના પર આરામ લેવો જરૂરછે.

હમેલના નવ મહીના સુધી ખરાબ રશતાઓપર દોડતી ગાડીમા બેસી જવું નહી અને ભારે બોજો પણ ઊંચકવો નહી તથા કઈપણ રીતે થાક ચહડે તેવી મજુરી કરવી નહી. મુંબઈમાં લોકો બેતરણ માલપર ભાડે રેહછે અને ઓરતોને પાંણી ભરી દાદરપર ચહડવું મુસકેલ પડેછે માટે તેમ કરવાથી જો થાક ચહડે તો હમેલવાલી ઓરતને તેના ખાવંદ તથા બીજાં ખેશીઓને ઘટેછે કે એવી મેહનત ન આપે વળી મુ

બઈમાં તથા બીજા દેશાવરોમાં રેહનારાઓ પોતા ની ઓરતને સાતે રાખેછે અને છેક સાતમો માશ ચહડેછે તારે પાછા પોતાને વતન મોકલેછે. એટલા વંખત શુધી રાખવાથી નુકસાંન થાએછે કારણ કે તેનાથી રસતાની થાક ખમાઈ સકાતી નથી અને તેમ જો રાખી હોએ તો તેની બરંદાસત કરવાને સાથે માણસો આપવાં જોઈએ.

## શીઆળ અને બકરાની વાત.

એક શીઆળ અને બકરો જંગલમાં ફરતા હતા. ઊનાલાનો દીવસ હતો અને તેઓ બેહુને પાણીની તરસ લાગી. એક ખાડામાં પાણીનો ઝરો તેમની નજરે પડેઓ અને તેઓ પોતાની તરસ મટાડવાને તે ખાડામાં ઊતરેઆ. તેઓએ પાણી પીધું પણ તે ખાડામાંથી પાછા બાહાર કેમ નીકલવું એ વાત મોટી મુશકેલીની થઈ પડી. ઠેકડો મારીને ખાડામા ઊતરવાને વીશમ લાગેઓ નહી હતો પણ બાહાર નીકળવાનું કામ ઘણુ કઠણ થઈ પડીઊં. તેઓએ ઘણીબી તજવીજ અને ગોઠવણ કીધી પણ બાહાર નીકળી શકેઆ નહી. સેવટે લુચું શીઆળ ખુશીમાં આવીને બોલેઓ કે મને એક વીચાર હમણાજ સુજેઓછે અને તેથી આપણે આ મુસકેલીમાંથી નીકલી શકશું. ફકત તું તારા પાછલા પગ લાંબાં કરીને આગલા પગ ખાડાની બાજુ ઊપર મુક અને હું તારા માથા ઊપર થઈને ચહડી જઈશ; અને હું ચહડી ગયો એટલે તને સેહેલાઈથી તારા સીંગડાં પકડીને ખેંચી લઈશ.

બીચારા ભોલા બકરાએ વીચાર કીધો નહી કે શીઆળમાં મને ખેંચી લેવા જેટલું કઊવત નથી. ઠગાઈને તેણે શીઆલની ગોઠવણ પસંદ કીધી. તે પોતાના આગલા પગ ખાડાની બાજુ ઊપર મુકીને વાંકો વળેઓ અને શીઆળ તેના માથા ઊપર થઈને બાહર નીકળેઓ તારે બકરો બોલેઓ કે "હવે તારી કબુલાત મુજબ તું મને બાહાર કાહાડ" શીઆળે જવાબ દીધો જે અરે મુરખા! તુંને એટલીબી વીચારવાને અકલ નથી કે તારો જીવ બચાવવાને હું મારો જીવ જોખમમાં કેમ નાખીશ? તોપણ જા હું તને આ એક નાહાની શીખામણ આપુંછું તે જો તું આફતમાંથી બચીશ તો કોઈ દીવસે કામ લાગશે. તે શીખામણ એ કે "હરએક ખાડામાંથી બાહર કેમ નીકળવું તેનો વીચાર જાંહા સુધી તેં કીધો નહીં હોએ તાંહાં સુધી તેમાં પડવાની હીંમત કરતો ના."

શીઆળની આ ઠગાઈથી આપણે એક અગતનો બોધ મળેછે. આ દુનીઆમાં એવા ઘણા શખસો મલી આવશે કે જેઓ આપણને હરએક ખાડામા ઊતારીને પોતે દુર જતા રેહેશે. વાસતે હરેક ખાડામા ઊતરવાની પેહેલા તેમાંથી કેમ નીકળવું એ વીશેનો સારી પેઠે વીચાર કીધા વગર તેની અંદર પડવું એ મોટામાં મોટી મુરખાઈછે.

## ઝીના પરાણીઓની અચરત જોગ વાત.

ઝીણા ઝીણા કીડાઓ અને તેવાજ નાહાના નાહાના બીજા પરાણીઓ કોઈ કોઈ વેળાએ આ દુનીઆમાં કેટલી નુકસાની તથા કેટલી ખરાબી કરેછે તે વીશે થોડાજ લોકો જાણતા હશે. તેઓ જેમ કોઈ કોઈ વેળાએ અતીશે ખરાબી કરેછે તેમ ઘણી વેળા દુનીઆમાં કેટલાંએક અગતના કાંમબી કરેછે અને તેનો ખીઆલબી આપણામાના ઘણાજ થોડાને હશે, આ દુનીઆમાં એક એવું ઝાડ નહીં હશે અથવા એકે એવો રોપો નહીં હશે કે જેમાં કોઈબી જાતના નાહાના નાહાના કીડાઓ અથવા પરાણીઓ વસતા નહી હોએ. તે કીડાઓ કેટલીએક બાબતોમા ઝાડોને ઊપીઓગી થઈ પડેછે એટલુંજ નહીં પણ માણસને ખોરાકમાં, તથા દવામાં તથા વેપારમાંબી ઘણાજ ઊપીઓગી થઈ પડેછે. કીરમજના કીડા તથા લાખના કીડા વીશે તમોએ સાંભલીઊં હશે અને તે જીંનશો વેપારના કાંમમાં કેટલી બધી અગતની થઈ પડીછે તે સરવે કોઈ જાણેછે.

નાહાના નાહાના કીડાઓ આ પરમાણે કેટલીએક બાબતોમાં ઘણા ઊપીઓગીછે તેમ કેટલીએક બાબતોમાં કોઈ કોઈ વેળાએ એટલીતો ખરાબી અને નુકસાની કરેછે કે જે ખરાબી અને નુકસાની મોટી મરકીથી તથા દુકાલથી થઈ શકે નહીં. જંગલી દુસમનો શાટીને ફલવંત ખેતરોને ઊજડ કરી મુકે, અથવા વાઘવરૂ આંવીને શેહેરની ઊપર હુમલો કરે અથવા ધરતીકંપ થયાથી શેહેરો ગરક થઈ જાએ અને પાહાડ સલગીને તેમાંથી બલતાં નીકલે, એ સઘળાથી ઘણી વેળા


લએ કાર ખરાબી થાએછે તેથી વધારે લએ કાર ખરાબી કોઈ કોઈ વેળાએ નાહાના પરાણીઓથી થાએછે.

કોઈબી દેશમાં અથવા કોઈબી જંગલમાં જારે નાહાના નાહાના પરાણીઓનો ઊપદરવ ઘણોજ વધી પડેછે તારે આખાં ખેતરોનો નાસ કરેછે. દરએક ઝાડ પાનનું મુળ ઊખેડી નાખેછે અને તે ફકત પાંચ દસ માઈલ સુધી નહી પણ હજારો માઈલના વીસતાર સુધી. "અલીનીસા" નામના મુલકમાં જારે નાહાના પરાણીઓનો ઊપદરવ વધી પડેઓ હતો તારે ૮૦૦૦૦૦ (આઠ લાખ) આદમીઓ મરણ પામેઆં હતાં. એની આગલ બીજી ખરાબી શું હીસાબમાં ?

પણ જારે આપણે નાહાના પરાણીઓ વીશે બીજી એક વાત સાંભળીએછે તારે આપણને વધારે અચરતી ઊપજેછે. એક વેળાએ ઘણીજ ઝીણી ઝીણી માખીઓ તથા બીજાં ઝીણા ઊડતાં પરાણીઓના ટોળાંને ટોળાં ઊડતાં એટલાંતો માલુમ પડઆં કે તે દેશના મોટાં મોટાં ભાગો તેની છાંઓથી ઢંકાઈ ગયા. અને તે ભાગોની ઊપર તો નાહાના પરાણીઓનું એક વાદલ થઈને રહેઊં. એ તરણ વાદળ રાત અને તરણ દીવસ સુધી એમનું એમજ રહેઊં અને તે "સમીરના" ના મુલક ઊપર થઈને ગયું. વીદવાનોની ગણતરી પરમાણે તે ઝીણા પરાણીઓનું વાદળ તરણસો વીસ જાડું, ચાલીસ માઈલ પોહોલું અને નજદીક પાનસો માઈલ લાંબુ હતું. તેમાં ઓછામા ઓછા ૧૬૮,૬૦૮, ૫૮૩,૨૦૭૦૦૦ ઝીણા પરાણીઓ હશે એવી ગણતરી કરવામાં આવી હતી. એ સઘળાં પરાણીઓનો એક ઢગલો કીધો હોએતો મીસર દેશના સઊથી મોટા પીરામીડ કરતાં એક હજાર અને તીસ ગણો વધારે મોટો થાએ અને તેને સવા માઈલ જેટલો પરો બનાવીને આ જમીન ઊપર મુકેઆ હોએતો તે પરાણીઓનો પરો આખી પરથવીની આસપાસ ફરી વળે. જારે મોટાં તોફાનથી આ ઝીણા પરાણીઓનો નાસ થાએછે તારે તેના ચાર ચાર ફુટના થર સેંકડો માઈલ સુધી બંધાઈને જમીન ઊપર અથવા સમુદર ઊપર પડેછે. સમુદર ઊપરથી તેઓ જારે ઘસડાઈને કીનારા આગલ જાએછે તારે તેનો એક મોટો કીનારો બની રેહેછે.

કેટલાંએક ઝીણાં પરાણીઓનું વજન જનમે આ પછી એક કલાકમા ૧૪૦ ગણું વધી પડેછે. એને તેઓ જારે પુખત ઊમરના થાએછે તારે તેઓનુ વજન ૭૨૦૦૦ ગણુ વધારે વધેછે. કેટલાંએક નાહાના પરાણીઓ એક કલાકમાં ૩૬૦૦ ઈંડાં મુકેછે અથવા એક દાહડામાં ૮૬૪૦૦ ઈંડાં મુકેછે. એક જાતની ઝીણી માખ ૨૦૦૦૦ ઈંડાં મુકેછે.

## વાઘ અને વાઘનો સીકાર.



વાઘની ઊતપતી એશીઆખંડમા કેહેવાએછે. સુમાતરાના મુલકમાં અતીઘણા વાઘ માલુમ પડેલાછે. એટલા બધા કે કોઈ કોઈ વેળાએ મોટાં મોટાં ગામડાંઓ આ ઘાતકી જાનવરોએ ઊજડ કરી નાખેઆંછે. તાંહાંના રેહેવાસીઓ વાઘને મારવામાં મોટું પાપ સમજેછે તેથી વાઘની વસતી ઘટવાને બદલે વધતી જાએછે. વાઘને બીજાં જનાવરોના માસનાં કરતાં માણસનો માસ વધારે પસંદ પડેછે. તેથી ગામડાંમાં વારંવાર આવીને માણસોને ખેંચી લઈ જાએછે. વાઘ પોતાનું રેથાણ ઘણુ કરીને પાંણી તથા પાહડની ખો પાસે કરેછે. તે પોતાનો શીકાર રાતનાં સોધેછે અને આખો દીવસ અડાઈને પડેલો રેહેછે પણ તેવામાં કોઈ શેકાર તાંહાંથી નીકલેછે તો તેની ઊપર તરાપ મારવાને ચુકતો નથી. સઘળાં ઢોર અથવા જનાવરમાં ભેંસને વધારે પસંદ કરેછે.

આ દેસનો વાઘ લંબાઈમાં ૯ ફુટ અને ઊંચાઈમાં ચાર ફુટ ઘણુ કરીને હોએછે. તેનું કળીવત એટલું તો હોએછે કે જારે તે ઘોડાને અથવા ભેંસને મારીને લઈને જાએછે તારે તે પોતાનો સેકાર ઘણો રેહેલાઈથી પોતાની પીઠ ઊપર નાખી દોડી જાએછે.

હીંદુસતાનમાં અગાઊ ઘણા વાઘો હતા. પણ

જારથી ઈંગરેજો આ દેશમાં આવેઆછે તારથી વાઘનો શેકાર તેઓને એક મોટી રમુજ થઈ પડીછે. લશકરી અમલદારો જંગલોમાં વાઘનો શેકાર કરવાને નીકલેછે. તેઓ હાથીની ઊપર બેસીને વાઘનો શીકાર કરેછે. વાઘનો શીકાર કરવામા હાથી ઘણા ઊપીઓગી થઈ પડેઆછે. તેઓની પાછલ બીજા જેઓ શીકાર કરવા નીકળેછે તે ઘોડા ઊપર બેસીને. આ બીનાની ઊપર જે ચીત્રર આપેલુંછે તેમાં બે હાથીઓ ઊપર માણસો બેસીને વાઘનો શીકાર કરેછે. વાઘ ગાડીની અંદર ભરાએલો માલુમ પડેછે.

---

## ફ્રાંકલીનની કેહેવતો.

આલસ કાટની મીસાલેછે—મેહેનતથી શરીર ઘસાએછે તે કરતાં આલસથી વધારે ઘસાઓછે. વપરાતી કુચી જે મીસાલે ચલકતી રેહેછે તે મીસાલ વપરાતું શરીર ચલકતું રેહેછે.

તું તારી જીંદગીને ચાહતો હોએતો વખત ગુમાવતોના. જીંદગીછે તે વખતનીજ બનેલીછે. જરૂરના કરતાં ઊંઘની અંદર આપણે કેટલો બધો વખત ગુજારીએછે. આપણે ભુલી જઈએછે કે મરી ગયા પછી સુવાનુ પુશકલછે.

ગઈ વેળા પાછી આવતી નથી. આપણે કહીએછે કે વખત ઘણોછે ઘણોછે પણ તે થોડો માલુમ પડેછે. આળસાઈથી સઘળી ચીજ મુશકેલ થઈ પડેછે પણ ઊદીઓગથી સઘળી સેહેલી થાએછે.

તું તારાં કાંમને હકાવ એવું નહી થાએ કે તે તુને હકાવે. સકારે સુવાથી અને સકારે ઊઠવાથી માણસ તંદરોસત, તવંગર અને ડાહુઊં થાએછે.

શારાં મુરતને વાસતે ખોટી રેહેવું એનો અરથ શો ! જો આપણે હાથ પગ ચલાવશું તો હમણાનોજ વખત ટીકછે. જે માણસ આશા ઊપર રેહેછે તે ભુખે મરેછે. મેહેનત વગર લાભ નથી થવાનો. જો આપણે ઊદીઓગી હશુંતો કદી ભુખે મરશું નહીં. ઊદીઓગીના ઘરમા ભુખ દોકાઈને જુવેછે પણ પેસવાની હીમત થતી નથી.

ઊદીઓગ સારાં નશીબની માતાછે. જાંહાંસુધી આજ કેહેવાએછે તાહાંસુધી કાંમ કરો કાલે તમને શીશી અડચણો આવી પડશે તે તમો જાણતા નથી. આજની કીમત બે કાલના જેટલીછે. માટે આજે તમે કરી શકો તે કાલ ઊપર રાખોમાં.

---

## પરચુરણ બાબતો.

**પઈસો કેમ પેદા કરવો ?**—બીજાઓનું કામ એક બાજુએ રાખો અને તમારા પોતાના કામ ઉપર સારી પેઠે ધેઆન પોહોચાડો. જે ચીજની તમને જરૂર નહીં હોએ તે ચીજ ખરીદ ના કરો. દર એક કલાક કામે લગાડો અને તમારો ફુરસદનો વખતબી ઉપીઓગી બાબતોમાં ગુજારો. એક પાવલી ખરચો તેની અગાઉ બે વખત વીચાર કરો. ઈઆદ રાખો કે તે પાવલી પેદા કરવાને કેટલી મેહનત પડશે. તમારા ખરચ ખુટણની ચોપડી ઉપર દર રોજ નજર રાખતા રેહો. તેમાં કાંઈબી ચુક માલુમ પડેતો તે શોધી કાહાડો. તમારા ધંધામાં નુકસાની જતી હોએ તો ખરચ કોતા કરો અને વધારે મેહેનત કરો. હરએક મુશકેલીને દુર કરવાને તેની પછવાડે મંડેલાજ રેહો.

---

**એક વેપારી અને તેનો મેહેતો**—એક દારૂના વેપારીએ ૩૨ પીપ દારૂના ખરીદ કીધાં અને પોતાની વખારમાં પાસેના આકાર પરમાણે ગોઠવવાનો પોતાના મેહતાને હુકમ કીધો. એવી રીતે કે દર એક હારમાં નવ નવ પીપ આવે. પણ એ ૩૨ પીપમાંથી તે મેહતો ૧૨ પીપ તરણ જુદી જુદી વખતે લઈ ગયો અને તેના શેઠે તરણે વખત સઘળી હાર ગણીજોઈતો તે અગાઉ જેટલીજ માલુમ પડી. તે મેહેતાએ પોતાના શેઠને કેમ ઠગેઓ તે નીચેના આકડા ઉપરથી માલુમ પડશે.

| | | |
|---|---|---|
| ૧ | ૭ | ૧ |
| ૭ | | ૭ |
| ૧ | ૭ | ૧ |

| | | |
|---|---|---|
| ૨ | ૫ | ૨ |
| ૫ | | ૫ |
| ૨ | ૫ | ૨ |

| | | |
|---|---|---|
| ૩ | ૩ | ૩ |
| ૩ | | ૩ |
| ૩ | ૩ | ૩ |

| | | |
|---|---|---|
| ૪ | ૧ | ૪ |
| ૧ | | ૧ |
| ૪ | ૧ | ૪ |

પેહલી વખત ૪ લઈ ગયો તોપણ ચારે હાર નવની માલુમ પડી. બીજી વખત ચાર લઈ ગયો તોપણ ચારે હાર નવ નવનીજ માલુમ પડી. તરીજી વાર ૪ લઈ ગયો તોપણ ચારે હાર તેટલીને તેટલીજ માલુમ પડી.

---

**એક લાકડાંના પગનો કુતરો**—એક કુતરાનો એક પગ ભાગી ગયો તેથી તેનો શેઠ ઘણો ઘણોજ દલગીર થયો. એક સરજને તેનો જખમ સાફ કીધો એટલુજ નહીં પણ તેની અંદર લાકડાંનો પગ કરીને દાખલ કીધો અને કુતરો અગાઉના જેવો ચાલતો હાલતો થયો.

---

**લાલ સમુદર**—આરબસતાન અને આફરીકાની વચે લાલ સમુદર આવેલોછે. મુંબઈથી મહીનામા બે વખત વીલાત જે આગબોટ જાએછે તે એ સમુદરમાં થઈને જાએછે. એ સમુદર ૧૨૩૦ માઈલ લાંબોછે અને ૧૧ થી ૧૩ માઈલ

પોહોલોછે. એ સમુદર છોહેઆ પછી સુવેન નામની જમીન આવેછે તાંહાં આગબોટમાંથી ઉતરવું પડેછે અને બીજી આગબોટમાં બેસવું પડેછે. પાંણીનો રંગ રતાસ ઉપરછે તેથી " લાલ સમુદર " એવું નામ પડીઉંછે.

**એક ચોર અને હાથીની વાત**—કોઇ હાથી એક દીવમે એક શેહેરમાં છુટો ફરતો હતો, તેવામાં એક માણસ ચોરી કરીને નાઠો તેની પછવાડે ઘણાએક લોકો તેને પકડવાને દોડેઆ. ચોરના હાથમાં બચવાનો જારે કાંઇ ઉપાએ નહીં રહેઓ તારે તે હાથીનો આશરો લેવાને તેણે વાજબી વીચારીઉં. તે હાથીના પેટની હેઠલ જઇને ભરાએઓ. તે ચોરનો વીશવાસ જોઇને હાથી એટલો ખુશી થયો કે જે લોકો તેને પકડવાને આવેઆ હતા તેમી સામે થયો અને કોઇબી માંણસને તેને પકડવા માટે પોતાની પાસે આવવા દીધા નહી. તે હાથીનો માવથ આવેઓ તો તેનીબી હાથીએ દરકાર કીધી નહી. તરણ કલાક સુધી હાથી અને લોકોની વચે લડાઇ ચાલી પણ હાથીએ ચોરને છોહેઓ નહીં. આ વાતની ખબર રાજાને પડી અને તે તરત તાહાં આવી પોહોચેઓ. હાથીની ઇમાનદારી જોઇને તે ઘણો ખુશી થયો. ચોરને માફ કીધો અને લોકોને દુર કરાવેઆ. હાથી તરત નરમ પડી ગયો અને પેલા ચોરને છુટો મુકેઓ. ચોર તે હાથીને નમીને ચાલતો થયો.

**ગરવ નહીં રાખવા વીશે કવીતા.**

બહુ નરમતા રાખવી, કરવો નહીં કંઇ ગરવ
કજીઆનુ મુળ ગરવછે, ગરવ હલકાં સરવ.
હું મોટો છઉં એમ કહી, મનમાં નહીં તું આણ
જણાએ મુરખાઇ સામટી, નીજ ગુણ કરે વખાણ.
હોએ બોલતો કોઇ તાંહાં, જુકતીથી નહીં આણ
નીજ બડાઇ વાતમાં, વજન ન પડશે જાણ.
જે માંણસ અભીમાની તે, બે આબરૂ થઇ જાએ
માટે તજી દે ગરવને, સભીઅ નરમ તું થાએ,

**ઘોડાઓ વીશે જાણવાજોગ હકીકત**—ઇઉરોપના બીજા દેશો કરતાં દેનમારક મધે ઘોડાનો ખપ વધારે માલુમ પડેઓછે. તાંહાંની વસતીમાં સો આસામીઓ વચે ૪૫ ઘોડા ગણવામાં આવેઆછે. વીલાતમાં ૨૫ લાખ ઘોડા સઘલા મલીનેછે. ફરાંસમાં ૩૦ લાખ, આસટરીઆમા ૨૬ લાખ, અને રૂશીઆમાં ૭૫ લાખ, ઇઉનાઇટેડ ઇસટેસટસમાં ૫૦ લાખ, આખી દુનીઆમાં સઘલા મલીને ૫ કરોડ ૭૪ લાખ અને ૨૦ હજાર ઘોડાછે એવો અડસટો કરવામાં આવેઓછે—સઉથી સરસ ચાલનો ઘોડો એક કલાકમાં ૩૩ માઇલ ચાલતો માલુમ પડેલોછે.

**ગુસાને તાબે થશોમાં**—કાંઇપણ નજીવા અને તુછ કારણથી તમને ગુસો ઉપજેઓ હોએ અને તે જો તમોએ સહન કીધોતો તેમાં તમોએ મોટુ ડાહાપણ કીધું એમ કેહેવાશે. તમારા દીલમાંથી કરોધ કાહડી નાખશોતો તમારૂ દીલ તમને કદી ઠપકો દેશે નહીં. તમે જાણતા હસો કે ગુસાવાલું આદમી પોતાની સઘલી અકકલ ગુમાવેછે; જારે તમે સાવધપણામાં હોય તારે બીજાઓના કરોધથી ઉપદેશ મેલવો.

નીતીવચન.

**દુનીઆની મોહબત**—જેમ સુરજ આથમવાનો વખત થતો જાએછે તેમ છાંયાં અથવા ઓલો વધતો જાએછે. તેમજ માણસ જેમ વધારે ઉમરે પોહચતો જાએછે તેમ દુનીઆ સાથે તેની મોહબત વધતી જાએછે.

**રોપા ઊપર હવાની અસર**—જુદા જુદા રોપા ઉપર જુદી જુદી હવાની જુદી જુદી અસર થાએછે. કેટલાએક રોપા જે બેલજીઅમમાં ઉગેછે તે ઈંગલંડમાં વીસ અથવા તીસ દાહડા જલદીથી ઉગેછે. પણ તેજ રોપાને ફુલફલ બેલજીઅમમાં વધારે જલદીથી આવેછે.

**બીલોરી મેહલનો ખરચ**—ઈંગલંડ મધે જે બીલોરી મેહલ બાંધવામાં આવેઓછે તે વાશે તમોએ સાભલીઉં હશે. તે મેહેલ ઉપર સઘલો મલીને ૧ કરોડ ૪૫ લાખ ૯૦ હજાર રૂપીઆનો ખરચ થએલો કેહેવાએછે.

**લંડન મધે નઠારાં માંણસોની સંખીઆ**—લંડન મધે ૧૬ હજાર છોકરાઓ ચોરી તથા દગલબાજીનો ધંધો કરવાને શીખેછે. પાંચ હજાર માણસો ચોરેલો માલ ખરીદ કરનારાછે. પંદર હજાર જુગારીઓછે. પચીસ હજાર ભીખારીઓછે, પચાસ હજાર ચોરોછે, અને તીસ હજાર છાકટાઓછે.

**અંતકરણનો માર**—અંતકરણનો જે માર લાગે તે માર સઉથી મોટો ગણાએછે. અંતકરણથી હરએક વસતુ ઉલટી કીધીતો તેથી હમેશ આપણ દીલ દુખાઆ કરેછે. બીજાઓનો ઠપકો સાંભલી આપણને દુખ ઉપજેછે. પણ અંતકરણનો ઠપકો સહન થઇ શકવો મુશકેલછે. અંતકરણનો ઠપકો ચાબુકના માર જેવો ભારે લાગેછે.

**સ્રીઓને કેળવણી**—લારડ બરોહામ નામનો નામીચો ગરંથકાર કેહેછે કે સ્રીઓને કેળવણી અથવા તરબીએત આપવી તેના જેવુ અગતનુ અને સંસાર વેહેવારને ઉપીઓગી કામ બીજું એકે નથી. હરકોઇ ગરીબ માણસને તેનું ઘેર ચલાવવાને સારી ઓરત મલશે કે નહી, તથા બચાંઓની જતન કરવા લાએકની માતાઓ મલેશે કે નહી, તથા તેનું ઘેર સુખ અને આરામ ભરેલું રેહેશે કે નહી એ સઘળી વાત સ્રી જાતની કેળવણી ઉપર આધાર રાખેછે.

**તબેલામાં ગાડી રાખવા વીશે**—હાલ એવું માલુમ પડીઉંછે કે જે તબેલામા ઘોડા બંધાતા હોએ તે તબેલામાં ગાડી રાખવાથી ગાડીને નુકસાન પોહોચેછે. ઘોડાની લાદમાંથી જે બદબો નીકળેછે તેથી ગાડીનો રંગ જલદીથી ઝાંખો પડીને ખરાબ થાએછે.

**એક રતલ લોહોડુ**—એક રતલ લોહડાંના કટકાની કીમત થોડાએક આના બેશશે પણ તે લોહોડાંને તીખુ

બનાવીને તેની ઘડીઆલની કમાન કરવામાં આવેછે તારે એક રતલની કીમત મેંકડો રૂપીઆની થાએછે.

---

**વીલાતમાં વરતમાન પતરોની સંખીઆ—** ઈંગલંડ, સ્કાટલંડ અને આએરલંડ દેશમા સઘળા મલીને ૧૦૪૧ વરતમાન પતરો છપાએછે. તે મધે ઈંગલંડમાં ૭૫૯, સકાટલંડમાં ૧૩૮ અને આએરલંડમાં ૧૨૯ એ મધે ૫૦ વરતમાન પતર દરરોજ છપાએછે.

---

## ધનજીભાઈ કામાજીની ગરબી.

"અલબેલી રે અબેમાત જોવાને જઈએ"

એ રાગનીછે.

ધન ધન જે કીધા કામ, ધનજી કામાએ
લાખો ઠંકાયા લોક, જેના જામાએ. } ટેક.

જેમ પ્રજાને પ્રેમે પોતે, પ્રભુ આપે ભરખ પાતરે;
પણ ન કહે જે હુ આપુંછું, દીધાં એમજ દાન. ધનજી૦ ૧
દરિદ્રતાથી દુખિયા દીઠા, જે લાજાળા લોકરે;
ખરચી છાની દેઈને ખાવા, સરવ સમાવ્યા શોક. ધનજી૦ ૨.
નિત નિત તેડયા નાતીલાને, ઘણું માન દેઈ ઘેર રે;
પર નાતીલાને પણ પોતે, પાળ્યા રૂડી પેર. ધનજી૦ ૩.
સુધારવા સગળા દેશીને, હઈડે ધારી હામ રે
ખરચ્યાં નાણાં ખુબ ખરાં વળિ, ન કર્યું જાહેર નામ ધનજી૦ ૪
ખરચેછે શ્રીમંત ખરા તે, મેળવવાને માન રે;
પણ પ્રભુ પ્રીતે રૂડી રીતે, ખરચ્યું ધારી ધ્યાન. ધનજી૦ ૫.
ગુણિજન પાસે ગ્રંથ રચાવ્યા, આપ્યા ગુપત ઈનામ રે
જેથી જનના વેહેમ વિનાશે, સમજે તત્વ તમામ. ધનજી૦ ૬.
ધન ધન તેનાં માત પિતાને, ધન એનો અવતાર રે
જેના કુળમાં જનમ ધરીને, કરોડ કર્યા ઉપકાર. ધનજી૦ ૭.
જનમ્યો તારીખ નવ જુન મામે, અઢારશે અગિયારે રે,
શરીર તજ્યું શન ઓગણસાઠે, નવિશમી જુન ત્યારે. ધ૦ ૮.
સુંદરી જનને સુધારવા ને ભણાવવા ભલિ ભાત રે,
ખાતે નાણાં ખુબ ખરચવા, રાખી રૂચિ દિન રાત. ધન૦ ૯.
સને અઢારે છત્રીશામાં, હીંમત ધારિ હજાર રે;
ચતુરપણાથી ચીન ચઢીને, વિવિધ કર્યા વેપાર. ધનજી૦ ૧૦.
કામ ઘણાં પરમારથ કીધાં, પ્રભુ પર ધારી પ્રીત રે,
સ્નેહ સહિત જન સઉ સંભારે, રાખી એવી રીત. ધન૦ ૧૧.
જુગ જુગમાં અવિચળ જશ રેહેજો, નિશચળ રેહેજો નામ રે;
અંતરમાંથી આશિષ આપે, દિન દિને દલપતરામ. ધનજી૦ ૧૨.

---

## કિરોલ ગામની ગરબી.

"હારછો હારછો હારછો રે તમે હરી હઈઆના હારછો"

એ રાગનીછે.

ગામછે ગામછે ગામછે રે,
  ગુણવંતુ કિરોલ એક ગામછે,
કામાજી શેઠનો મુકામછે રે,
  ગુણવંતુ કિરોલ એક ગામછે. ટેક.
બહુ રૂડો બગીચો ને બાગ બનેલો રે
  ફુવારા ઠામો ઠામછે રે—ગુણવંતુ૦ ૧.
ધન ધન શેઠ ખરસેદજી ને ધનજી રે,
  તાતનું નસરવાન નામછે રે—ગુણવંતુ૦ ૨.
બનિ શોભા મુંબઈ બંદરની રે,
  તેવીજ રચના તમામછે રે—ગુણવંતુ૦ ૩.
ફુલેલાં ફુલડાં ને ફળ ફાલેલા રે,
  ખુંદના છોડને બદામછે રે—ગુણવંતુ૦ ૪.
બહુ જળ નળ રસતા બાંધેલા રે
  અદભુત શોભા આમછે રે—ગુણવંતુ૦ ૫.
સારા અનાજ ને શાક શેલડીના રે
  પાકનો શુભ પરિણામછે રે—ગુણવંતુ૦ ૬.
ઠાક ભલો ત્યા ઠંડી હવાનો રે
  ઘરેજ તેહલો ધામછે † રે—ગુણવંતુ૦ ૭.
જોતાંજ જીવને આનંદ ઉપજે રે,
  ઠીક ફરવાનું ઠામછે રે—ગુણવંતુ૦ ૮.
એકાતનું સ્થળ દીસે એવુ રે,
  ધરિયે હરિનું ધામછે રે—ગુણવંતુ૦ ૯.
વાણિયા ને ઘાંચી, શ્રીસ્રી વસ્યાછે રે
  હિંદુ, બેહુ ને હજામછે રે—ગુણવંતુ૦ ૧૦.
જુગતી એવી અમે જોવા જઈશું રે
  સાહેબ આપને સલામછે રે—ગુણવંતુ૦ ૧૧.
ડુંગર ઉપરનું સરોવર દેખી રે
  દિલ ખુશી દલપતરામછે રે—ગુણવંતુ૦ ૧૨.

---

† તાર, તડકો.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪ થું  મેએ ૧૮૯૦  આંક ૫ મો.


## અંમબાઈજીની શખાવત.

(એક મીતરે લખી મોકલેલુ)

આપણી ટાપુના એક નામીચા ખાનદાંનમાં અંમબાઈજી નામની એક ધરમાતમા પણ ભોલી સ્ત્રી હતી. એ 'બાઈનું ખેરાત કરવામાં દીલ ઘણું હતું. ઓટલા આગળ ભીખારીઓ આવે તેમને દરરોજ હરખી વેંહચતી હતી. આ તેની ટેવ સઘળા ભીખારીઓને માલમ પડી તેથી તેઓ દરરોજ આવી હરખી લઈ જાએ. આંગણા આગળ સઘળા માણસોની ભીડ જોઈ અંમબાઈજી મનમા મગન થાએ કે " મારૂ નામ હવે પંકાસે " પણ તેમાં તે અતીશે ઠગાઈ હતી—તેના ઘરમા ઠગારા અને પેટ ભરૂ બરાંમણો અને મોબેદો આવે તેઓ પઈસા લઈ જાએ અને ધુતવા માંટે તેની બારે તારીફ કરે. બરાંમણો બોલે કે " સારા ગુજરાતમા બાઈની જે જે કાર થઈ રહીછે " મોબેદો કેહકે " નવસારીના દસતુરજી વટીક બાઈ સાબના ધરમ ધાંન પર આફરીન કરેછે." હેવી જુઠી તારીફના સખુનો સાંભલી અંમબાઈ પોતાનું દીલ રીજવતી હતી.

એક દીવશે ઘેરથી બાહેર એક સગાને ઘેર જતી હતી. હુનાલાનો દીવશ અને તાપ બહુ પડતો હતો તથા પાંણીની ટીપણી પણ ભારે ચાલતી હતી. બીચારા ગરીબ લોકો કુવામાથી પાંણી લઈ જતા તેમના બાંધનારાઓને દગલે દગલે આશીરવાદ દેતાં તેના સાંભલવામાં આવીઆ. અંમબાઈનું દીલ દુખીઊં કે મને તો કોઈ બોલતુંજ નથી. ઘરમા આવી ચાકરને હોકમ કીધો હવેથી આપરૂ નામ થાએ વાસતે તું દર રોજ દુકાંનીઓ ફકીરોને આપજે. ચાકરને પેહલે જે થોડો લાભ થતો હતો તે હવે પુરો થવાની તક મલી તેથી તરતજ બોલીઓ કે વારૂજી શાહેબ, તમારૂ નાંમ નહી કાંએ વધે ! ચાકરે દુકાંની વેંહચા માડી, ભીખારીઓ લઈને ચાલતા થાએ, અંમબાઈને બારી પર ઊભેલી જોએ તારે તેઓ ઘણી તારીફ કરે. તે સાંભલી તેવણ મનમાને મનમા હરખાઈ જાએ.

તાહડની રૂતમા અંમબાઈ ફરવાને સારૂ નવસારીમા ગીઆં તાંહાં પોતાનું નામ કાહડવાને સારૂ આતસબેહરાંમમા મોબેદોને ખુબ પઈસા વેંહચીઆ. હમાએશ, જંદરવાન અને ધરમની બીજી કીરીઆઓ કરાવી તેથી દસતુરજીનું પણ ગજવું તર થીઊં અને તેપણ બાઈ શાબની તારીફ કરવા લાગા. જંદરવાનના ચાહરમનું ગામના લોકોને જમનવાર કીધું. લોકો શેઠની અંમબાઈજીને ઘરનુ જમાનું એની વાત કરે તે સાંભલી અંમબાઈના મનમાં હરખ શમાએ નહી. આ પરમાણે ધામધુમમા બાઈએ વખત ગુજારીઓ, બાઈએ જંમશેદ બાગમા ઊતારો લીધો. એક રાતે વલસાડથી આવતાં પરાંણાઓએ ગાડી બાગમાં છોડી તેઓએ ખાઈ પીને સુતી વખતે મકાનના બંધાવનાર સર જંમશેદજીને દુવા દીધા. હમાબાઈ બંગલાની બારી આગળ ઊભેલી હતી. સવારના ઘરના પંથકીને પુછવા લાગી જુઓ આ લોકો એમ બોલેછે. પણ આપુને કોણ ઈઆદ કરેછે ? મોબેદ જાતે હુશીઆર હતો પણ જોઈઊ કે ફરેબ જો નહી રમશૂ તો મારૂં ચરવાનું જશે તેથી જવાબ દીધો કે "બાઈ શાબ બોલે છે તે તમે કાંહાં સાંભલવા જાઓછો ? સંધી નવસારી 'હમબાઈજી હમબાઈજી થઈ રહીછે." હમબાઈ બીચારી શવીત લુચા મોબેદનું ખરૂ માંનીઊં. ઊલટમાંને ઊલટમાં નવસારીથી નીકલતાં વળી મોબેદોને તેણે 'રૂપીઓ રૂપીઓ વેંહચીઓ તે લઈ એ સફેદ પાઘડી વાળા ચાલતા થીઆ.

નવશારીથી ઊઠી હમબાઈજીની શવારી ગનદીવી

આવી. ગનદેવીમા એક ઓબેદના નવા ઘરમા ઊતારો લીધો. તાંહાં એક દીવશ રીહા અને શતિને અગીઆરી માં પઈશા વેહેચીઆ. ઘરની પડોશમાં એક લંગડો પારશી રેહતો હતો તેને કાંમાજીના ખાનદાનના એક સખી શેઠીઆની તરફથી ઘણા વરશથીઆં ગુજરાણ ચલાવવાને લવાજમ મલતું હતું અને તે સારો દીવશ ભણીને તે શેઠને દુવા દેતો હતો.

એજ માફક બધી જગાપર ફરી હમણાઈજી મુંમબઈ આવીઆં. ચાકરનો અને પનથકીનો આંકડો તપાસીઓ અને રૂ ૧૦,૦૦૦ નો ખરચ થીઓ તે ચુકવી આપીઓ અને આગલની માફક ભીખારીઓને પાછી હરધીની સખાવત કરવાનુ શરૂ કીધું.

એક દીવસે કાંમાજીના ઘરમાની તેવણની એક શહી મલવા આવી. તેની આગલ પોતાની નસારીની સખાવતનુ દાસતાંન વાંચીઊ. લોકોને જમાડીઊં અને દાન ધરમ કીધો તેવીશે મગન થઇ વાત કીધી. ગનદેવીની વાત કરતી વખતે પેલા લંગડા પારસીએ જે દુવા માગી તે જણાવીઊં. તાર પછી કાંમાજીને તાંહાંવાલી બાઈ બોલી કે બેહન સખાવત છુપી કરવી જોઈએ અને લોકો હમેશ ઈઆદ કરે તેમ પઈસો વાપરવો જરૂરછે. તમોએ નવસારીમાં રૂ ૧૦૦૦૦ ખરચ કીધો તે હવે પર નાં[illegible]ખેલેછે ! તે વખતે તમુને સેકાંણી સેકાંણી કરીને સુધારવા સગંળા[illegible] બાકી તો તેમાથી ચાકર અને ઓબેદ ખરચ્યાં નાણાં ખુબ પં[illegible]ચીઆં હશે. એજ રૂપીઆ જો તમે

ખરચેછે શ્રીમંત ખરા તે, મેળવીશાબેવીઆજ જે રૂ ૫૦૦
પણ પ્રભુ પ્રીતે રૂડીરીતે, ખરચ્યું ધારી ધ્યાનઃ ન્હ્મે. આંધલાં
ગુણિજન પાશે ગ્રંથ રચાવ્યા, આપ્યાં ગુપત ઈનામ રે ફરી
જેથી જનના વેહેમ વિનાશે, સમજે તત્વ તમામ. ધનજી૦ ૬.
ધન ધન તેનાં માત પિતાને, ધત એનો અવતાર રે
જેના કુળમાં જનમ ધરીને, કરોડ કર્યા ઉપકાર. ધનજી૦ ૭.
જનમ્યો તારીખ નવ જુન માસે, અઢારશે અગિયારે રે;
શરીર તજ્યું શાન ઓગણસાટે, ત્રવિશમી જુન ત્યારે. ધ૦ ૮.
સુંદરી જનને સુધારવા ને ભણાવવા બલિ બાત રે;
ખાંતે નાણાં ખુબ ખરચવા, રાખી રૂચિ દિન રાત. ધન૦ ૯.
સને અઢારે છત્રીશમાં, હીંમત ધારિ હજાર રે;
ચતુરપણાથી ચીન મડીને, વિવિધ કર્યા વેપાર. ધનજી૦ ૧૦.
કામ ઘણાં પરમારથ કીધાં, પ્રભુ પર ધારી પ્રીત રે;
સ્નેહ સહિત જન સઉ સંભારે, રાખી એવી રીત. ધન૦ ૧૧.

## એક ભલી અને દયાલુ સ્ત્રી તથા વાખાનો મારેલો એક અમીર મુસાફર.

ઈંગલંડ દેશ તરફ એક પરગણા મધે કોઈ એક અમીર રેહેતો હતો. એક શીઆળાની સવારે તે પોતાનાં " મોતીઆ " કુતરાને સાથે લેઈને સેકાર કરવાને નીકળેઓ. તે સવાર ઘણી ખુશનુમા હતી. પંખીઓ પોતાના તરેહ તરેહના મધુર રાગો કાહડતા હતાં. ખેતરો ઊપર ઈશ્વરે લીલો અને સોભઈતો ગાલેચો બીછાવેઓ હોએ એવું દેખાતું હતું. ઠેકાણે ઠેકાણે ઝાડ તથા ઝાડીઓની ગટા લાગેલી. તે ઊપર સુંદર સુગંધી અને ખીળતાં ફુલો ઝુલતાં હતાં. સઘળો દેખાવ સુંદર અને રળીઆમણો થઈ પડેઓ હતો.

અમીર ચાલતાં ચાલતાં એક વેરાણ જંગલમાં આવી પોહોચેઓ. તે જંગલોમાં ઠેકાણે ઠેકાણે ડુંગરાઓ હતા અને તે ડુંગરાઓની વચે મોટી મોટી ખો આવેલી હતી. હરણ અને સસળા એક ટેકડા ઊપરથી બીજા ટેકડા ઊપર કુદતા હતા. અમીરે તાંહાં મુકામ કરીને થોડોવાર આરામ લીધો. પછી પોતાની બંદુક ભરીને સેકાર કરવા લાગો. પણ તે સેકારમાં રોકાએલોછે તેવામાં એકાએક મોટું વાદળ અને તુફાન થઈ આવીઊં. ઈસાણ ખુણ તરફથી વાદળાઓ એક પછી એક એકઠાં થવા માંડેઆ. તુફાન પોતાનાં સઘળા જોરથી ફુકવા માંડીઊં. શેકારી અમીરે વીચાર કીધો કે પાસેના ગામડામાં જઈને મુકામ કરૂ. પણ તેવામાં એક મોટું કાળું વાદળ ચહડી આવીઊં. ડુંગરોની ખોહમાં થઈને જવાનો રસતો હતો તાંહાં સઘળું અંધારૂ થઈ પડીઊં. એક તરફથી પવનનો જોરથી [illegible] બીજી તરફથી ગાજ વીજનાં ધડાકા અ[illegible]એકાંતનું [illegible]. તે ધડાકા અને ઝડાકા પાહાડની શી[illegible] ધરિયે હરિ[illegible] નીકળતા માલુમ પડે. આ વેળાએ [illegible] વાણિયાને [illegible]મુસાફર હોએતો તાંહાંનો તાંહા સુઈ [illegible]હિંક, ખેડુ ને એક કદમ ભરવાની તેનામાં હીમત [illegible] જુગતી એવી અમીર અને તેના કુતરા શીવાએ કોઈ [illegible] સાહેબ આ[illegible]ણી એ વેરાણ જંગળમાં મળે નહી. ડુંગર ઉપર [illegible]ગભરાટ અને દલગીરી છોડી દઈને અદિલ [illegible] પોતાની હીંમત કાએમ રાખી. તે પો[illegible]ને કેહેવા લાગો. " મોતીઆ ! મોતીઆ ! [illegible] ખુશીથી આગળ ચાળ. આપણે ચીવાને

† તાપ, ૧;

સીધો ચાલેઓ જશુતો મોટા રસ્તા ઊપર આવી પોહચશું; એટલે ફીકર નહી." એમ કહીને તે આગલ ચાલવા માંડેઓ.

પણ માલ ભાએગે એક બીજી મુશકેલી આવી લાગી: જે જે નાળાંઓ તથા ખોમાં થઈને તે આવેઓ હતો તે સઘળાં મોટા વરસાદને લીધે પાણીથી ભરાઈ ગએલા અને તેમાં ઊતરીને જવું ઘણું બીકટ માલુમ પડીઊં. નાળાંઓમાં પાણીનો ધોત જે ધસીને આવતો હતો તે ઊપર નજર કરીને થોડોવાર તે ઊલો રહએો. તારપછી ઊપર અને આસપાસ નજર કરી. ઊપર જોએછે તો પાણીથી ભરેલાં વાદળાંઓ એક એક પછે આવતાંજ જાએછે. આસપાસ નજર કરેછે તો વરસાદની દેવાળ બંધાએલી અને તેથી રસતો કાંહાં આવેઓ તે મુદલ સુજે નહીં.

મોતીઓ પોતાના શેઠની સામુંજોઈ મોટી દેહસતમાં હોએ એમ દીશવા લાગો. એક બીસકીટ અને થોડોએક બરાંડી અમીર પોતાના ગજવામાં લાવેઓ હતો તે બાહાર કાહડી અરધી બીસકીટ કુતરાને આપી અને અરધી પોતે ખાધી. જરા બરાંડી પીઈને બાકીની રેહવા દીધી. મોતીઆને થોડાએક પીઆર ભરેલા બોલથી હીંમત આપીને એક પાણીના ધોતની બાજુએ થઈને ચાલવા લાગેઓ. પછી જાંહાં નીકલાઓ તાંહાં ખરૂ. એક કલાકની મંજલ કીધા પછી તે એવી જગોએ આવી પોહોચેઓ કે જાંહાં તે ધોત બીજા ધોતને મલેઓ હતો. બીચારાની સગળી મેહેનત ફોકટ ગઈ. હવે શું કરવું તે સુજે નહી. જે રસતેથી તે આવેઓ તે રસતે પાછો જાએછે તો તાંહાંબી તેને રસતો મળે તેવું નહીં હતું. બીજા ધોતની બાજુએ ચાલીને પાછો હઠેછે તોબી કાંહાં નીકળશે અને વળી કેવી જગા આગળ આવી પોહોચશે તે વીસે તે કોઈબી કળપના કરી શકેઓ નહીં. તે બીચારો થાકીને તમામ લોથ થઈ ગએલો. ઈશવરને ઈઆદ કરીને ફરીથી આસપાસ નજર કીધી. વરસાદતો ગોયા એક દેમ ટુટી પડતો હતો અને રાતનો વખત નજદીક હોંવાને લીધે અંધારૂ વધતું જતું હતું. પવનબી એટલો જ અથવા તેથી વધારે જોરથી ફુકતો હતો. આ વેળાએ ઈશવર શીવાએ તેને બીજો કોણ મદદ થઈ શકે ?

વીચાર કરતાં અરધો કલાક નીકલી ગયો અને રાત પડવા લાગી. જાંહાં સુધી પુરી રાત પડી નહી હતી અને પુરૂ અંધારૂ ગોર થઈ ગયું નહીં હતું તાંહાં સુધી કંઈબી ઊપાએ કરવાની જોગવાઈ હતી. ધોતમાં પડીને બીજે પાર જવાનો ઘણોબી વીચાર કીધો પણ સઘળી જગોએ ખીણમાં પથરના ટેકડાં તથા ઝાડો હતાં અને તરતાં તરતાં તેનું માથું અથડાએ અને મરણ પામે એની ધાસતી મોટી હતી. સેવટે ઈશવર ઊપર ભરોસો રાખીને નાળામાં પડીને તરી નીકળવાનો તેણે વીચાર કીધો. નજદીકની જગા પોતાની બંદુકથી તપાસી જોઈ અને જે જગો સઉથી થોડી દહશત ભરેલી લાગી તેમાં તે પડેઓ. તે લગભગ સામે કીનારે આવી પોહોચેઓ. એક બે હાથ મારતે એટલે સામા કીનારાની ઝાડની ડાંખલી તેના હાથમાં આવતે. તેણે પોતાની બંદુક ઊંચી કીધી અને ડાખલીને ખેંચી લેવાની તજવીજ કરવા લાગો. ડાંખલી તેની આગળીને અડકવા લાગી. એક તસુ વધારે નજદીક હતેતો તેને પકડીને ઊપર ચહડી જતે. પણ તે પકડવાને જાએછે એટલામાં તેનો પગ સરી ગયો અને એક ઊંડા ખાડામાં આવી પડેઓ. તે તરનાર બાહાદુર હતો. તેણે જોર મારીને બાહાર નીકળવા માંડીઊં. પણ તેની ડાબી બાજુનો હાથ એક ખડક સાથે અથડેઓ અને તે નકામો થઈ પડેઓ. પાણીના સપાટામાં તે ખેંચાતો ચાલેઓ અને તેનું માથું પથરના ટેકડાંની બારીક અણી સાથે ઝીકાયું. તે બેસુધ થઈ ગયો. એક લાકડાના કટકાની મીસાલે પાણીના ધોત સાથે ઘસડાતો ચાલેઓ. કુતરાનીબી એજ અવસતા થઈ હતી. અને તે પોતાના ધણીની સાથેને સાથે ઘસડાતો ચાલેઓ હતો. આગળ ઘસડાતાં ઘસડાતાં નશીબ જોગે એક મોટા ઝાડની ડાંખળીઓ જે એ પાંણીના ધોતની ઊપર લટકતી હતી તેની સાથે તેઓ લટકી રહઓ.

જારે તે અમીર શેકારી પોતાની સુધીમાં આવેઓ તારે તેને માલુમ પડીઊં કે તે એક મોટા ઝાડની ડાંખળી સાથે વળગી રહેલોછે અને કુતરો પોતાની જીભથી તેનું માથું ચાટેછે. તેની બે સુધીના વખતમાં બંદુક પાણી મધે પડી ગઈ હતી. તેના માથામાંથી લોહી હજુર નીકળતું હતું અને તેનામાં ઊઠવાનું તથા ચાલવાનું કઊવત રહીઊં નહીં હતું. તોપણ તે ઝાડની ડાંખલી ઊપર થઈને જમીન ઊપર આવેઓ. એટલી મેહેનતથી તેના નબળા શરીરને એટલીતો ઈજા પોંહોચી કે પાછો જમીન ઊપર બે હોસ થઈને પ

ડેઓ. તોફાનનું જોર હજુર સુધી નરમ પડીઊં નહી હતું. મોતીઓ પોતાના શેઠની આસ પાસ કુદીઓ અને તેને બેસુધ પણામાંથી જાગરૂત કરવાને તરેહવાર તજવીજ કરવા લાગો. કોઈબી માણસ તેટલામાં નજદીક નહી હતું કે તેની મદદ આવી પોહોંચે. તેને જે જખમ થયો હતો તે ઘણો સખત હતો અને તે તદન બેસુધ અને મુરદાળ થઈને પડેઓ હતો. મોતીઓ તેનું મોહડુ ચાટવા લાગો. જોરથી ભોસવા લાગો અને હઈથી તંહી કુદવા લાગો પણ તેનો શેઠ જાગરૂ થયો નહી. તે કુતરો થોડું એક દુર જઈને જોરથી ભોસવા લાગો કે કોઈબી માણસ તેના શેઠની મદદે આવી પોહોંચે પણ એવી અંધારી, તુફાની અને ૯રામણી રાતના કોઈબી માણસ બાહાર હતું નહી. તે કુતરો પાછો આવેઓ. અને જોરથી બરાડીને ભોસવા લાગો તે શેકારી ચોકી ઊઠેઓ અને કુતરો જે તરફ ભોંશતો હતો તે તરફ જોયુ એટલે એક દીવાની રોશની જેવું દેખાતું હતું. તેણે પોતાના ગજવા ઊપર હાથ મુકતાં માલુમ પડીઊં કે બરાંડીની શીશી તે ગજવામાં હજુર રહેલીછે તે મધેથી જે થોડાંએક ટીપાં બરાંડી રહેલા હતા તે પીધા અને આંગમાં હોશીઆરી લાવીને ઊઠેઓ. અને મોતીઆની પાછલ આશતે આશતે ચાલેઓ.

જે ચેરાગ દેખાયો હતો તે કોઈ ઊંચા ઘરઆંનો હાએ એમ ધારવામાં આવતું હતું. પાસે આ કરતાં કોઈ વાઘાનો મારેઓ આવી લાગેઓ હોએ તો તેને આશરો આપવા ધરેછે. દાસી બારણુ ઊઘાડ અને જોક ઠોણછે."

"અરે પણ શેઠાણી મને બીહક લાગેછે" એ પરમાણે તે દાસી બોલી.

મુસાફરે ફરીથી બારણુ ઠોકીઊં.

દાસી વધારે ધાસતી પામી અને બોલી કે "હે ઈશવર તું મને શાહેયા."

શેઠાણી પોતે ઊઠીને બારણા આગલ ધશી અને બોલી કે કોઈ બારણુ ઠોકેછે ખરૂ.

દાસી છાતી ઠોકવા લાગી અને બોલી કે "શેઠાણી શાહેબ ! તમે બારણુ ના ઊઘાડો. ના ઊઘાડો. ચોર અથવા પીંડારા આવેઆ હશે. ના ઊઘાડો."

શેઠાણીએ કહીઊં કે "આવા હીચકારા પણાને વાસતે તને શરમાવવું જોઈએછે. કોઈ વાઘાનું મારેલું માનવી આવીઊં હશે." એમ કહીને પોતાને હાથે બારણુ ઊઘાડીઊં.

જારે તેણીએ તે મુસાફરને શેકારી પોશાકમાં દીઠો તારે તે પોતાનું બારણુ બંધ કરવા જતી હતી પણ તેવામાં તેના ચેહેરા ઊપરથી તરત માલુમ પડીઊં કે તે ઘણો દુખી તથા દયા ઊપજવા જોગ હાલતમાં હતો. તરત તે સ્રી બોલી કે "ભાઈ, આવોને સુખેથી આ ઘરમાં વાસો કરો."

દાસીએ બીછાનું તઈઆર કીધું. તેટલીવાર સુધી મુસાફર આતસની આગળ આરામ પામવાને બેઠો. શેઠાણીએ તેની નાડ જોઈ અને દાસીને કાનમાં કહીકે કે તે ઘણોજ મરતે હાલછે અને ડાકતરની ઘણીજ જરૂરછે. પણ વરસાદ ઘણો આવતો હતો અને રાત પડી ગઈ હતી તેથી ડાકટર બોલાવવાની વાત જારે મુસાફરે સાંભલી તારે તે બોલેઓ કે "બાઈઓ! આવા ભારે વરસાદમાં તથા તુફાનમાં ડાકટર બોલાવવાની ખટપટમાં પડશો ના. હુ આ બીછાનામાં આરામ લેઉંછું. ઈશવર તમારૂ ભલુ કરો કે આટલી તમે મારે વાસતે ફીકર કરોછો. તમે સવારના ડાકટરને સુખેથી બોલાવજો."

એમ કહીને તે મુસાફર સુઈ ગયો. દાસી અને શેઠાણી બીજા ઓરડામાં જઈને આસતેથી વાત કરવા લાગી કે "આ ગરીબ મુસાફરે વાખાનો મારેલો આપણે બારણે આવેઓછે. તેની બરદાસ બરાબર થશે નહીતો એનાં મરવાની ઘણી ધાસતીછે. વાસતે એ બીચારાની જેમ બને તેમ આપણે બરદાસ લેવી જોઈએ. તું સવારના જલદીથી મને ઊઠાડજે અને વઈદને બોલાવવા જજે. ગરીબ વાખાના મારેલા માનવીની બરદાસ લેવી એના જેવું પુનનું દુનીઆમાં બીજું શું છે? એમ વાત કરીને તેઓ મુસાફરના બીછાનાં આગલ પાછાં ગયાં અને તે કેવી હાલતમાંછે તે જોવાને ઊભા રહેઆ. દાસી બોલી કે "શેઠાણી! જુઓ એનો ચેહેરો કેવો ખુબસુરતછે. હુ ધારૂછું કે તે કોઈ ઊંચા ખાનદાનનો અથવા કોઈ અમીર ઊમરાવનો પુતરછે" શેઠાણી બોલેઆં કે "તું હવે મુંગી રેહ નહીતો તે ઊંગમાંથી ચોંકી ઊઠશે." થાકેલા મુસાફરને નરમ અને ગરમ બીછાનું મળેઆથી તેને નીદરા આવી ગઈ હતી તોપણ તેઓએ વીચાર કીધો કે એ મુસાફરને એકલો રેહવા દેવો એ ધાસતી ભરેલુંછે. તેથી એક પછી એક તેની પાસે બે બે કલાક બેસવાનો ઠરાવ કીધો. મુસાફરની આંખ ઊઘડે તારે તેને કાંજી તથા ઠંડું પાણી તેઓ આપે. એક માતા પોતાના પુતરની, અથવા એક સ્રી પોતાના ભરતારની જે પરમાણે બરદાસ કરે તે પરમાણેની બરદાસ થએલી જોઈને મુસાફરની આંખમાંથી પાણી ચાલેઆં. મુસાફરનું દરદ પાછલી રાતના વધવા માંડીઉં. તે જોરેથી પોકાર મારે. ઘડી ઘડીમાં આંખ વીચી જાએ. તે બકવા માંડે. આવો મામલો જોઈને દાસી પોતાની શેઠાણીને ઊઠાવી લાવી.

બેહુ શેઠાણી તથા દાસી તેના બીછાના આગલ આવીને બેઠી. તેનું દુખ જોઈને તેણીને ઘણી ફીકર થવા માંડી અને સવાર જલદીથી પડે એવું ઈછવા લાગી. મુસાફર બકતો હતો તારે પોતાના કુટંબમાં કેટલીએક વાત કરતો હોએ એમ માલુમ પડતું હતું.

રાત મોટી મુશકેલીથી ગુજરી. સવાર પડીઉં કે ગવળીનો છોકરો દુધની તરાંબડી લેઈને આવેઓ. તેને તરત વઈદને બોલાવી લાવવા મોકલેઓ. શેઠાણી બોલી કે "ઘણુજ સારૂ થયું કે એ દુધવાળો આવી પોહોચેઓ, નહીતો આ મુસાફરનું દરદ એટલું વધી ગએલુંછે કે દાસીને એક ઘડીબી મોકળી શકાએ તેમ નહી હતું.

વઈદરાજ આવી પોહોચેઓ. દાસી તરત નીચે ઊતરીને વઈદરાજને ઊપર લઈ ગઈ. એ વઈદ તે સ્રીનું ઘર જોવાને ઘણોજ ખંટીલો હતો. કારણ તે સ્રી કુળવાન અને દરવીઅવાન હોવા છતાં વેરાણ તથા ઊજડ ગામ મધે એક નાહાના ઘરમાં ફકત એક દાસીની સાથે રહી હતી. તે પોતાનું મોહડું કોઈને દેખાડતી નહીં હતી. તે કુવારી હતી કે રાંડેલી વીધવા હતી તેનીબી ખબર કોઈને નહી હતી. તેણીની ખુબસુરતી વીશે લોકો બહુ તારીફ કરતાં હતાં. એવી સ્રીને જોવાની તે વઈદરાજને આ વેળાએ તક મલી તેથી તે ઘણો ખુશી થયો હતો.

દરદીના ઓરડામાં જેવો તે ગયો તેવોજ તેણે પેલી કુળવંતી અને ખુબીવંતી સ્રીના મોહોડા સામી પોતાની નજર કીધી. તારપછી દરદીને જોઈને તે બોલેઓ કે "શેઠાણી તમે મને બોલાવવામાં ઘણી ઢીળ કીધીછે. તાવનું જોર ઘણુજ વધી ગયુંછે, તે કેટલા દીવસથી હેરાનછે અને તમે શું શું ઊપાએ કામે લગાડેઆછે તે મને જણાવશો.

તે સ્રી બોલી કે "વઈદ રાજ! મારી તરફની જે ઢીલ થઈછે તે વગર છુટકાની હતી. આ ગહરસથ કોઈ રસતાનો મુસાફરછે. તે ભુલો પડીને રાતના મારે ઘેર આવેઓ જે વખતે વરસાદ તથા તોફાન બહુ હતું. તે દુબતો દુબતો બચેઓછે. હુ જાણતી નથી કે તે કોણછે. પણ ગઈ રાતના તેના બોલવા ઊપરથી ખુલલી રીતે માલુમ પડેછે કે તે કોઈ

ગહરસથછે અને તેના પોશાક ઊપરથી દેખાએછે કે તે કોઈ તવંગર અથવા અમીરછે. ગમે તે હોવ પણ વ ઈદ રાજ ! તમે તેને સારો કરવાને તમારાથી બને. તે ટલી મેહનત લેઓ અને તેનો ઘટતો બદલો તમને મલશે.

તે વઈદ હસતે મોહડે બોલેઓ કે "બાઈ તમે મા રે વીશે ભુલ ભરેલો વીચાર બાંધેઓછે. એવું સમજી ને કે વઈદ પોતાનું ગજવું ભરવાનું શોધેછે. તમે એક અંજાણ અને વાખાનામારા મુસાફરની એટલી બધી બરદાસ કરીને તેનું દુખ તમારે હઈએ ધરોછો; તારે શું મારામાં થોડીબી દયા નથી ? કે માણસ જાતનું દુ ખ મારે હઈએ નહીં લાગે ?"

"વઈદરાજ ! મને માફ કરજો હું કંઈ તમને માઠુ લગાડવાની મતલબથી બોલી નહીં પણ એવું સ મજીને કે તમારા જેવા કીંમતી માણસનો વખત તેનો ઘટતો બદળો આપેઆ વગર રોકવો એ કોઈબી મા ણસને વાજબી નથી."

"અરે અરે ! એ ખરી વાત; પણ તેનું દુખ જો ઈને જેમ તમને દયા ઊપજેછે તેમ મનેબી થોડી ઘણી ઊપજેછે. તેથી ચાલો હવે એ વાત પડતી મુકો. તે વી શે પછી વાત કરશુ. હાલ તરત તેની તબીએત તપાસ વા દેઓ."

એમ બોલીને વઈદરાજે તેની તબીએત તપાસી જોઈ. તે મુસાફર ઘણોજ બીમાર હાલતમાં માલુમ પ ડેઓ. દવાની ઈઆદી લખવાને કાગજ પેન માંગી અને દવા લખવા માંડી. લખતી વેલાએ પુછીઊં કે કો ના નામની દવા લખું ?

"તે ગહરસથનુ નામ શું તે હું જાણતી નથી."

તારે વઈદ બોળેઓ જે એ અડચણ ટાળવાને તમારૂ નામ આપો.

તે સ્રી અંદેશામાં પડી. જારથી તે એ ગામમાં આવીને રહી હતી તારથી તે ગામનુ કોઈબી માણસ તેણીનું નામ કે નીશાણ જાણતું નહીં હતું. તે સ્રી વીધવા હતી અને જારથી તેણીનો ભરતાર મરણ પા મેઓ તારથી શેહરનું સુખ છોડીને ગામડામાં વશવા નો ઠરાવ કીધો હતો. તે જુવાન અને ખુબસુરત હતી તેથી કોઈ શખસ તેણીને લાલચના ફંદામાં ઊતારે ન હીં તેથી દુરના ગામડામાં પોતાનું નામ ઠામ કે ની શાણ જણાવેઆ વગર રહી હતી. તેણીનું નામ જાણ વાની મતલબથીજ વઈદરાજે જાણી જોઈને નામ માં ગીઊં હતું. થોડીવાર રહીને તે બોલી કે મારૂ નામ આપવાની કાંઈ જરૂર નથી. કારણ તમારૂ માણસ મા રા નામ કરતાં મારા ઘરની જગા વધારે સારી રીતે જાણેછે. વાસતે તમે એવું લખો કે "ડુંગર આગળની રેહેનારી સ્રીના ઘર મધેના એક ગહરસથને વાસતે."

એ વીશે વઈદરાજે વધારે ટીકછીક કીધી નહીં; પણ સલામ કરીને ચાલતો થયો અને દવા મોકલી દી ધી. તાર પછી દરરોજ તે આજારી મુસાફરની ખબ ર કાહાડે. મુસાફરને ધીમે ધીમે આરમ થતો ગયો. તેનો અસલનો ખુબસુરત ચેહેરો પરકાશવા માંડેઓ. જારે તંદરોસત હાલતમાં આવેઓ તારે તે વીધવા સ્રી નો તેની ઊપર પીઆર થવા લાગેઓ. તે પરણેલો ન હી હતો અને વીધવા સ્રીના ભરતારને મરણ પામે આનેબી પાંચ વરસ નીકળી ગયાં હતાં. તેથી બેહુના લગન થયાં. તે ગહરસથ તારપછી જારે તારે બોળ તો હતો કે સ્રી હોજો તો એવીજ દયાળું અને કુળવં ત હોજો. દુખથી હાડ માડ થએળા માણસોની બરદા સ લેવાની ટેવ એ સ્રીને પડેલી હતી તેથી તે જુવાન ભરતારને વારેવાર સંતોશ ઊપજતો હતો.

---

## ચીન મધે ઓરત ગુનેહગારને શીકસા

## કરવાની રીત.

ચીન મધે ગુનેહગારોને શીકસા કરવાની ઘણી અજાએબ જેવી રીત કામે લગાડવામાં આવેછે તે વીશે હમોએ એક આગળા આંક મધે જણાવીઊં હતું. અ ગાઊ જુલમી રાજમાં અને જુલમી વખતમાં ચીન મ ધે ગુનેહગારોને ઘણીજ ઘાટકી અને કમકમાટ ભરેલી રીતે શીકસા કરવામાં આવતી હતી. કોઈ મોટા ગુનહે ગારને રીબાવી રીબાવીને મારી નાખવામાં આવતો હતો. ફકત તેનેજ નહી પણ તેના આખાં કુટંબને બા રે દુખ ખમવું પડતું હતું. હલકા ગુનેહગારોને ફટકા મારવાની રીત સાધારણ હતી. અને હજુરબી એ રી ત આખા ચીન દેશમાં ફેલાએલીછે. હલકામાં હલકા ગુનેહગારને ૧૦ ફટકા મારવામાં આવતા હતા તેના હાલ ૪ મારવામાં આવેછે. મોટા ગુનેહગારને ૧૦૦ ફટકા મારવામાં આવતા હતા તેના ૪૦ મારવામાં આ વેછે.



ચીન મધે એક ગુનેહગાર ઓરતને શીક્ષા કરવાને ઉભી રાખીછે

ગહરસથછે અને તેના પોશાક ઊપરથી દેખાએછે કે તે કોઈ તવંગર અથવા અમીરછે. ગમે તે હોવ પણ વઈદ રાજ ! તમે તેને સારો કરવાને તમારાથી બને તેટલી મેહનત લેઓ અને તેનો ઘટતો બદલો તમને મલશે.

તે વઈદ હસતે મોહડે બોલેઓ કે "બાઈ તમે મારે વીશે ભુલ ભરેલો વીચાર બાંધેઓછે. એવું સમજીને કે વઈદ પોતાનું ગજવું ભરવાનું શોધેછે. તમે એક અંજાણા અને વાખાનામારા મુસાફરની એટલી બધી બરદાસ કરીને તેનું દુખ તમારે હઈએ ધરોછો; તારે શું મારામાં થોડીબી દયા નથી ? કે માણસ જાતનું દુખ મારે હઈએ નહીં લાગે ?"

"વઈદરાજ ! મને માફ કરજો હું કંઈ તમને માઠુ લગાડવાની મતલબથી બોલી નહીં પણ એવું સમજીને કે તમારા જેવા કીંમતી માણસનો વખત તેનો ઘટતો બદળો આપેઆ વગર રોકવો એ કોઈબી માણસને વાજબી નથી."

"અરે અરે ! એ ખરી વાત, પણ તેનું દુખ જોઈને જેમ તમને દયા ઊપજેછે તેમ મનેબી થોડી ઘણી ઊપજેછે. તેથી ચાલો હવે એ વાત પડતી મુકો. તે વીશે પછી વાત કરશુ. હાલ તરત તેની તબીએત તપાસવા દેઓ."

એમ બોલીને વઈદરાજે તેની તબીએત તપાસી જોઈ. તે મુસાફર ઘણોજ બીમાર હાલતમાં માલુમ પડેઓ. દવાની ઈઆદી લખવાને કાગજ પેન માંગી અને દવા લખવા માંડી. લખતી વેલાએ પુછીઊં કે કોના નામની દવા લખું ?

"તે ગહરસથનુ નામ શું તે હું જાણતી નથી."

તારે વઈદ બોલેઓ જે એ અડચણ ટાળવાને તમારૂ નામ આપો.

તે સ્ત્રી અંદેશામાં પડી. જારથી તે એ ગામમાં આવીને રહી હતી તારથી તે ગામનુ કોઈબી માણસ તેણીનું નામ કે નીશાણ જાણતું નહીં હતું. તે સ્ત્રી વીધવા હતી અને જારથી તેણીનો ભરતાર મરણ પામેઓ તારથી શેહરનું સુખ છોડીને ગામડામાં વશવાનો ઠરાવ કીધો હતો. તે જુવાન અને ખુબસુરત હતી તેથી કોઈ શખસ તેણીને લાલચના ફંદામાં ઊતારે નહીં તેથી દુરના ગામડામાં પોતાનું નામ ઠામ કે નીશાણ જણાવેઆ વગર રહી હતી. તેણીનું નામ જાણવાની મતલબથીજ વઈદરાજે જાણી જોઈને નામ માંગીઊં હતું. થોડોવાર રહીને તે બોલી કે મારૂ નામ આપવાની કાંઈ જરૂર નથી. કારણ તમારૂ માણસ મારા નામ કરતાં મારા ઘરની જગા વધારે સારી રીતે જાણેછે. વાસતે તમે એવું લખો કે "ડુંગર આગળની રેહેનારી સ્ત્રીના ઘર મધેના એક ગહરસથને વાસતે."

એ વીશે વઈદરાજે વધારે ચીકજીક કીધી નહી; પણ સલામ કરીને ચાલતો થયો અને દવા મોકલી દીધી. તાર પછી દરરોજ તે આજારી મુસાફરની ખબર કાહાડે. મુસાફરને ધીમે ધીમે આરમ થતો ગયો. તેનો અસલનો ખુબસુરત ચેહેરો પરકાશવા માંડેઓ. જારે તંદરોસત હાલતમાં આવેઓ તારે તે વીધવા સીનો તેની ઊપર પીઆર થવા લાગેઓ. તે પરણેલો નહી હતો અને વીધવા સ્ત્રીના ભરતારને મરણ પામે આનેબી પાંચ વરસ નીકળી ગયાં હતાં. તેથી બેહુના લગન થયાં. તે ગહરસથ તારપછી જારે તારે બોલતો હતો કે સ્ત્રી હોજો તો એવીજ દયાળું અને કુળવંત હોજો. દુખથી હાંડ માડ થએળા માણસોની બરદાસ લેવાની ટેવ એ સ્ત્રીને પડેલી હતી તેથી તે જુવાન ભરતારને વારેવાર સંતોશ ઊપજતો હતો.

---

## ચીન મધે ઓરત ગુનેહગારને શીકસા કરવાની રીત.

ચીન મધે ગુનહેગારોને શીકસા કરવાની ઘણી અજાએબ જેવી રીત કામે લગાડયામાં આવેછે તે વીશે હમોએ એક આગળા આંક મધે જણાવીઊં હતું. અગાઊ જુલમી રાજમાં અને જુલમી વખતમાં ચીન મધે ગુનેહગારોને ઘણીજ ઘાટકી અને કમકમાટ ભરેલી રીતે શીકસા કરવામાં આવતી હતી. કોઈ મોટા ગુનહેગારને રીબાવી રીબાવીને મારી નાખવામાં આવતો હતો. ફકત તેનેજ નહી પણ તેના આખાં કુટંબને ભારે દુખ ખમવું પડતું હતું. હલકા ગુનેહગારોને ફટકા મારવાની રીત સાધારણ હતી. અને હજુરબી એ રીત આખા ચીન દેશમાં ફેલાએલીછે. હલકામાં હલકા ગુનેહગારને ૧૦ ફટકા મારવામાં આવતા હતા તેના હાલ ૪ મારવામાં આવેછે. મોટા ગુનેહગારને ૧૦૦ ફટકા મારવામાં આવતા હતા તેના ૪૦ મારવામાં આવેછે.

પાસેના ચીત્રમાં એક ઓરત ગુનેહગારને માંદરીનની આગળ ઊભી રાખેલીછે. તે ઊપરથી માલુમ પડેછે કે ઓરત ગુનેહગારોને કેવી રીતે શીકશા કરવામાં આવેછે. ઓરત ગુનેહગારને ઘણું કરીને માથાનો બાળ પકડીને માંદરીન પાસે ખેંચી લઈ જાએછે. જારે તેણીનો અપરાધ સાબેત થાએછે તારે તેજ વેળાએ ચાંમડાંના જાડા પટાથી તેણીના ગાળની ઊપર ફટકા મારવામાં આવેછે. જારે બજારમાંથી ઘસડીને ઓરત ગુનેહગારને લઈ જાએછે તારે શીપાઈઓ મોટેથી બુમ પાડીને સઘળાઓની નજર તે ઓરત તરફ ખેંચેછે. ચીન મધે ઓરતો ઘણું કરીને ઘરમાં ગોંધાઈ રેહેછે તેથી ઓરત ગુનેહગાર કોઈજ વેળા માલુમ પડેછે. ચીતરમાં ગુનેહગાર ઓરતની સઘળી બીના માંદરીન લખી લીએછે. શીપાઈએ તેણીને માથાના બાળ પકડીને ઘેરી રાખીછે.

---

## ગરભવાળી સ્ત્રીએ પેટનો બંદોબસ્ત રાખવા તથા કપડાં પેહરવા વીશે.

(એક ડાકટર મીત્રથી મલેલુ.)

ગમે તેવી તંદરોસતી વાળી ઓરત હોએ તેને હમેસ ખુલાસાથી દસત આવતા હોએ તો પણ હમેલ રીહા પછી તેના જાહડામાં કબજીઅત થાએછે. પેહલા માંસ બેચાર ચહડીઆ હોએછે તેવારે ગરભમા લોહી જોરથી ફરેછે તેથી કરી ઝાડો બંધ રેહછે. જેવારે હમેલના દીવશ પુરા થવા માંડેછે તારે તે બે જીવસે ઓરતથી વધારે ફરાતું નથી. તેથી તેને દસત આવવાને વીલમ લાગેછે, વળી ગરભસથાનનો બોજો વધીઆથી તેનો આંતરડાં પર ભાર પડેછે અને તેથી કરીનેબી પેટ કબજ રેહછે.

ગરભવાળી સ્ત્રીને દરરોજ સાફ દસત આવવાની મોટી અગતછે. પેહલે બે તરણ માસમાં પેટ બંધ રેહવાથી છોકરૂં સુકાઈ જવાની ધાસતી રેહછે. છેલાં બે ચાર અઠવાડીઆમાં જો પેટ ઘણા કબજ રેહે અને ઓરત કસરાવા માંડે તો તેને છુટવાને ઘણું મુસકેલ પડેછે અને છોકરૂ અવતરીઆ પછી દુખો થાએછે.

ઝાડાની ખુદરતી હાજત પુરી પાડવા માટે સંભાલથી ખોરાક લેવો જોઈએ: અંગની પુરતી કસરત કરવી જોઈએ: દરરોજ આંગ સાફ કરવું જોઈએ. સદારેથી ઊઠવું જોઈએ કેમ કે બીછાંનાપર પડી રેહવાથી પેટ બંધ થાએછે. અને હમેસ ચોકશ વેલાએ ઝાડો થાએ તેવી ટેવ પાડવી જોઈએ. એ પરમાણે ઘટતી રીતે માવજત કીધાથીબી જો પેટ ખુલાસે અને બરોબર નહી આવે તો બીજા ઊપાઓ વાપરવા. જો જુલાબ લેવાની ગરજ પડે તો હલકા જોલાબ લેવા. એરંડીઊં, ગંધક અને જોલાબની હલકી ગોલીઓ ખાવી. કાંજીની અથવા ફુકાં પાણીની પીચકારીથી વધારે સેહલથી અને કાંઈપણ ચુંથારો થઆ વગર પેટ આવેછે.

આપણા લોકો પીચકારી વાપરવાની ઘણી છીત કરેછે અને તેથી એ એલાજ ડાકતરો ભલાંમણ કરવાને આચકો ખાએછે. પણ એ છીત દુર થવી જોઈએછે અને અબલાઓએ એ ઊપાએ મરદોની મદદ વીના કામમા આણવાની તજવીજ કરવીજોઈએછે. એમ નહી કરવાથી મજબુત જોલાબો લેવા પડેછે. તેથી પેટમા દુખારો થાએછે અને આંતરડાંમા દરદ થાએછે. ઘણી વેલા ઝાડાનો કચરો એકઠો થીઆથી પેટ છુટી જાએછે. તે પરથી એમ નહી જાણવું જે જોલાબ લેવાની કાસર ટલી પણ એથી કરીનેતો ઓરબી દુખોમા વધારો થાએછે.

**કપડાં પેહરવાની બાબત**—આંગ ઢાંકીને તેની રમલ રાખવા અને તેની ગરમી જાલવી રાખવા માંટે કપડાં પેહરવાની જરૂરછે; પણ આપણા લોકોમા હવે સુધારો થવા લાગોછે અને તેથી કપડાં પેહરવામાં તરેહવાર રીતનો ફેરફાર થતો જાએછે. એ નવી ચાલ ચલણથી ખરાબી પણ થાએ હેમાં કાંઈ નવાઈ નથી. આપણા લોકોમાં ચોલી, કાંચરી અને પેટીઓનો વધારે વાપરવાશ થીઓછે. હમેલદાર ઓરતોએ તે પેહરવામા જરા શમજ રાખવી જોઈએછે. સાધારણ હાલતમાં પણ તંગ કાંચરી પેહરવી નહી જોઈએ અને હમેલદાર ઓરતોએ તે જરૂર નહીજ પેહરવી. ગરભ અવસથામાં શરીરમા વધારો થાએછે. ગરભ મોટો થઈ પીડુમા ઊંચે ચહડેછે અને થાંન મોટાં થાએછે અને જો તંગ કપડાં પેહરીઆંતો પછી બાદી થાએછે. પેટ કબજ થાએછે, માથું દુખેછે અને ઊલટી થાએછે. થાંન અને છાતી દબાઆથી લોહી ફરવાને અડચણ પડેછે. દમ ભરાઈ આવેછે, ચકર ચહડેછે અને મગજે લોહી ફરી વલેછે અને ખહીનો રોગ લાગુ પડેછે. છોકરાંને પેટમાથી પુરૂ લોહી ન મલવાથી તે પણ દુબલું અને

ચીમગ એલું જનમેછે અને કોઈવારતો અધુરે દીવસે છુ ટી પડેછે.

પેટી અને ચોલીથી થાંનોની અણીઓ દબાઈ જાએછે પછી ધવાડવાંને બીકર પડેછે. વાસતે હમેશદાર ઓરતને ઈઓગીઅછે કે છાતીપર ઢીલી ચોલી અને પેટપર ઢીલાં કપડાં રાખવાં.

જે ઓરતને બે ચાર બચાં થીઆં હોએ અને પેટ ઢીલું પડી ગીઉ હોએ તથા માસમા કુવત નહી હોએ તેણીએ પેટપર પાટો બાંધવો જોઈએછે. એ પાટો પોહલો ફલાનેલનો તંગ બાંધવાથી ગુણ થાએછે. એમ ન કીધું તો ગરભને જોર મલતું નથી અને ઓરતને ચાલવાને અડચણ પડેછે.

ગરભ મોટો થીઆથી જેવારે આંતરડાંપર દબાં ન કરેછે તેવારે લોહી બરાબર ફરતું નથી અને હમેશ પગ થંડા રેહછે. તેમની ગરમી જાલવી રાખવા માટે પગમાં ઈશરાકીન હમેશ પેહરી રાખવાથી શકેછે.

કેટલીએક જુવાંન અબલાઓ પેહલી વખત ગરભ અવસથાને પોહચેછે તેવારે પેટ મોટું થતું હોએ તેને છુપાવવાને ખોટી શરમ પકડી તજવીજ કરેછે અને તેમ કરવા માટે તંગ કપડાં પેહરેછે. તેથી તેમને ઊપર જણાવીઆ પરમાણે બાદી અને બીજાં માઠાં પરીણામો નીપજેછે તથા છોકરૂં હાલ હવાલ અને નાતવાન અવતરેછે. અસલના ઈઊનાની અને રૂમી લોકોએ હવો ધારો બાંધેલો હતો કે ગરબવાળી સ્ત્રીઓએ તંગ કપડાં પેહરવાં નહી અને ઢીલાં કપડાં પેહરી બાહર નીકલવું.

ટ "મરૂરે, તમે ઘણો મારતાનો." પેસુ એક શેત પર રૂસાઈને સુતો હતો તાંહાં જઈને મનચેરશાએ ચારજુડી કાહાડી. વધારે મારવા જાએછે તેવામાં રબાઈ વચે પડી. પેસુને છાતી સાથે દાબીને .. વા લાગી. તેમ તેમ પેસુ વધારે રડવા લાગો. કે બાઈએ ઘણોબી પટાવેઓ પણ તે એમનો એમ ર માં રૂસાઈ રહેઓ. મેહેરબાઈ મનચેરશા આગળ ને ફરીથી કેહવા લાગી કે હજુર તે જમવા બેઠો થી. એના જેવો હઠીલો છોકરો મેં દુનીઆમાં નથી. એ બોલેછે એટલામાં મનચેરશાનો મીત્ર ણેકશા આવી લાગેઓ.

મેહેરબાઈ બોલી કે જુઓ આં માણેકશાનો લું કેવો શીઆણો અને સમજુ છોકરોછે. અને જુઓ આપણો પેસુ કેવો મસતીખોર, રમતીઆર અને હ લોછે. એ કેમ ઠેકાણે આવે તે હું સમજતી નથ એવાં નઠારાં છોકરાં નહીં હોએ તે હજુર પરવડે.

**માણેકશા**—"મેહેરબાઈ તમે છોકરાથી એટલા ટાલી શા માટે જાઓછો ? છોકરાંઓને સારાં નર્મ કરવાં એ માબાપના હાથમાંછે. તમો તમારા છો.. ઊપર ઘણો લાડ કરોછો તેથી તે બીગડે તેમાં નવા શાની !"

**મેહેરબાઈ**—"શું લાડ ? એ વીશે બોલતાજ " હમારા ઘરમાં લાડ નથી. મનચેરશાએ બે ચાર ર જુડી કાહાડીછે તેનાં સળ કેવા ઊઠેઆછે તે આવે તમને દેખાડું. લાડમાં ઊછરેલાં છોકરાંને કોઈ દિ

જેઆં તારે મારે લંબાણ શું કરવા કરવું જોઈએ.

મેહેરબાઈ—" અરે; સોલુની ચંચલાઈ અને હોશીઆરીની શું વાત ! તે હરએક વાત કેવી જલદીથી સમજી જાએછે. કેવી કેવી ડાહી ડાહી વાતો કરેછે. ચાકરની સામું વટીક બોલી શકતો નથી."

માણેકશા—" હું તમારા ઘરમાં જારે તારે આવું છું પણ કોઈ દીવસે મેં મનચેરશાને પેસુ સાથે વાત કરતાં અથવા શીખામણ આપતાં અથવા હરએક ચીજની સમજ આપતાં જોયા નથી. તે મનચેરશાથી એટળો બીહેછે કે તેને જોઈને દુરથી નાસેછે અને તે વીશે મનચેરશાબી ઘણી પરવા કરતા હોએ એવું મારા દીઠામાં કોઈ દીવસે આવીઉં નથી. એ વીશે તમને સુચના કરીને તમારૂ દીલ દુખવવાને આજ લગી મને ઠીક લાગતું નહીં હતું પણ આજે એ વીશે જારે વાત નીકળી તારે બે સખુન કેવાની મેં છુટ લીધીછે તે માટે તમે અથવા મનચેરશા મારી ઊપર ગુસે થશો એમ હું ધારતો નથી.

મનચેરશા તથા મેહેરબાઈ—" તમારી ઊપર ગુસે થવાનુ કાંઈબી કારણ નથી. તમે જે કેહોછો તે ઠીકજ કેહોછો. પણ હવે હમારો પેસુ સુધરે તેવા ઊપાએ દેખાડો."

માણેકશા—" હું કાંઈ છોકરાંઓને કેળવવામાં ઘણી ખબરદારી ધરાવતો નથી. તોપણ જે રીત હું મારા સોલુની પછવાડે કામે લગાડુંછું તે રીતથી તમને વાકેફ કરવાને મને કાંઈ અડચણ નથી. જારે હું મારો સોલુ રૂશાઈ જતો તારે હું અથવા તેની મા પીરોજ તેને પટાવવા અથવા મનાવવા જતાં નહી પણ તેને તેવીજ હાલતમાં પડી રેહેવા દેતાં હતાં. કેટલાએક કલાક પછી તે પોતાની મેળે ઠેકાણે આવતો. એમ કેટલાએક દીવસ કીધાથી રૂશાઈ જવાનું તેને એકદમ છોડી દીધું. બચું જારે રૂશાઈ જાએ તારે તેને પટાવેઆથી તથા મારેઆથી વધારે ખરાબ થાએ છે. તેને રૂશાએલુંજ રેહેવા દેવું, તેની સાથે ચેરાં કાહડવા નહી અથવા મુદલ વાત ચીત કરવી નહી. એ રીતે થોડોવાર પછી પોતાની મેળે ઠેકાણે આવશે અને પોતાની હઠીલાઈ માટે પસતાવો કરશે. તે જરા આડો ચાલે કે તરત ધમકી આપવી અને આડા મારગથી તેનો અટકાવ કરવો. એ અટકાવ કરતાં તે જો જમે નહી અને ભુખો રેહે અથવા બીજી હઠીલાઈ લઈ બેસે તો તેની ઊપર જણાવેઆ પરમાણે કાંઈ દરકાર રાખવી નહીં."

"તેમજ બચાંની ઊપર એકદમ ધમકી રાખવી એ ઘણુ ખરાબછે. ઘણી ધમકીથી બચું હમેશ બીહતું ને બીહતું રેહેછે. પોતાનાં બાપ સાથે ખુલા દીલથી વાત કરવાને મુદલ હીંમત ચાલતી નથી. તેથી બચાનું મન સારી રીતે કેળવાતું નથી. તેને ઈશવર સંબંધી તથા દુનીઆની ચીજો સંબંધી અગતનું ગનાન મલતું નથી !

મનચેરશા—" એટળી બધી ધમકીથી પેસુ બીગડી ગએલોછે તો ઓછી ધમકીથી વળી કેટલો બીગડી જતે તે તમો જાણતા નથી. એ ઘણોજ નઠારો છોકરોછે. વળી બચાંઓ ઈશવર વીશે અને દુનીઆની ચીજો વીશે શું સમજી શકે ?"

માણેકશા—" તમારો પેસુ એટલો નઠારોછે તે ફકત મેહેરબાઈને લીધે. અણઘટતા લાડથી છોકરૂ હંમેશ બગડેછે. વાસતે જેમ મેહેરબાઈએ ઘણો લાડ પેસુ ઊપર કરવો જોઈતો નથી તેમજ તમોએ ઘણી ધમકી આપવી ઘટતી નથી. તમો બોળેઆ જે બચું ઈશવર સંબંધી તથા દુનીઆની ચીજો સંબંધી શું સમજી શકે? તે વીશે તકરાર કરવાને બદલે હું એટલીજ અરજ કરૂછું કે તમો તથા મેહેરબાઈ એકાદ દીવસ મારે ઘેર આવવાની તસદી લેઓ અને પછી જુઓ કે બચાંને કેવી રીતે કેળવવાની જરૂરછે. ઈંગરેજોના બચાં નાહનપણમાં જેટલુ નીશાળે શીખતા નથી તેટલું ઘર આગલ પોતાના માબાપ પાસે શીખેછે."

મેહેરબાઈ—" હા હું તથા મનચેરશા તમારે ઘેર આવવાને તઈઆર છઈએ. (હસીને) પણ આવીને કાંઈ ખાવા પીવાનું કે એમજ ?"

માણેકશા—" તેનો પેહેલું. આપણે કહો દીવસ ઠેરવીએ ? હું ધારૂછું કે આવતી પરમદીને સાંજનાં તમને કાંઈ અડચણ નહી હશે."

મનચેરશા—"અડચણ કાંઈજ નથી. પણ ખાવા પીવાની ભાંજગડ માંડી વાળો."

મેહેરબાઈ—"વળી માંડી વાળવા શા વાસતે કેહો છો ? શું એમનું ઘેર અને આપણુ ઘેર કાંઈ જુદુછે ?"

(પછી ઠેરવેલ દીવસે સાંજના મનચેરશા અને મેહેરબાઈ પોતાના પેસુને લઈને માણેકશાને ઘેર ગયાં.)

"આવો મનચેરશા, આવો મેહેરબાઈ, આવો

બેસો. હમો તમારી રાહા જોઈને બેઠાછે. (પેસુને ગાળે હાથ ફેરવીને) કેમ આજેતો તું રૂશાએલો નથી કે ?" એમ કહીને માણેકશાએ સઘળાઓને બેસાડેઆં. માણેકશાની સ્ત્રી પીરોજ બોલીકે. "સોલુ—ચાલ આવ ! હઈં આવ. આપણે ઘેર ભાઈ પેસુ આવેઓછે તેને બોલાવ અને તેની સાથે રમ."

એમ કહીને તેઓ જુદીં જુદી બાબતો ઊપર વાત ચીત કરવા લાગાં. સોલું પોતાના રમકડાં કાહાડીને પેસુ સાથે રમવા લાગો. પણ પેસુ પોતાના બાવા મંનચેરશાથી એટલો બીહતો હતો કે કાંઈ બોલે કરે નહીં. એમ કરતાં જમવાનો વખત થયો અને બીબો ભાણા લાવેઓ. સઘળા જમવાને બેઠા. જમતાં જમતાં માણેકશાએ પોતાના સોલુ છોકરા સાથે હમેશની માફક વાત ચીત કરવા માંડી.

"ભાઈ સોલુ ! આજ આપણે ઘેર કોણ આવે આંછે."

"બાવા આપણે ઘેર મેહેરબાઈજી, મનચેરશા અને પેસુ આવેઆંછે. જારે હું મેહેરબાઈજીને તાંહાં જાઉંછુ તારે મને બદામ સાકર આપેછે."

"ભાઈ તને સાકર ખાવા ઘણી ગમેછે પણ સાકર કહા દેશમાંથી આવેછે તેની તને ખબરછે."

"હા; બાવાજી મને ખબરછે. તે ચીન દેશમાંથી આવેછે. તમે તે દાહડે કેહતા હતા કે આપણા પતા કાકા ચીન જઈ આવેઆછે."

"સાકર શાની થાંએછે તે તને ખબરછે વારૂ ?"

"હાજી તે સેરડીની થાએછે. તમે મને તે દીને કહીઊં હતું તે હું ભુલી ગયો નથી. સેરડીના રસને ઊકાલેછે અને તેમાંથી સાકર બનાવેછે."

"સેરડીમાં એટલી મીઠાસ કોણે મુકી તે તું જાણેછે."

"સેરડી રોપનાર ખેડુત સાકરનું મીઠું પાણી સીપતા હશે તેથી એટલી બધી મીઠાસ સેરડીમાં આવતી હશે."

(સઘળાંઓ હસી પડેઆં.)

"ભાઈ એમ કેમ થાએ ! સેરડીમાંથી તો સાકર બનેછે તારે સેરડી થયાની અગાઊ સાકર લાવે કાંહાંથી? વીચાર કર કે એ મીઠાસ કોણે મુકી ?

(થોડીવાર વીચાર કરીને). "બાવાજી કોણે મુકી તે હું જાણતો નથી. તમે મને કેહો એટલે હું ઈઆદ રાખીશ."

"હું તારેજ મોહડે કેહવડાવવા માંગું છું. આ દુનીઆ અને દુનીઆ ઊપરના સઘળા માણસો તથા જનાવરોને કોણે પેદા કીધાં ?"

"બાવાજી હું સમજી ગયો. સરવ શવતીમાન ઈશ્વર જેણે આખી દુનીઆ પેદા કીધીછે તેણેજ સેરડીમાં મીઠાસ મુકીછે.

"એ સાહેબનો આપણી ઊપર કેટલો આભાર છે તે વીશે મેં તને થોડા દીવસ ઊપર કહીઊં હતું તે ઈઆદ છે !"

"હા, બાવાજી થોડું ઘણું ઈઆદછે. આપણે જે ખાનું ખાઈએ છઈએ તથા કપડાં પેહેરીએ છઈએ, તથા બોલીએ છઈએ તે એ સાહેબની મેહેરબાનીથી. ને વળી દુનીઆમાં કેટલાંએક આંધલાછે, લુલાછે, બેહેરાછે, દરદ વાળાછે અને આપણને તેવા નથી કીધા, ને વળી હરદીને વાસતે કેટલાએક ઘેરેઘર બારણે ભીખ માગેછે અને નાગા તથા ઊઘાડા ફરેછે ને આપણે કેવી સારી હાલતમાં છઈએ ?"

"સાબાસ છોકરા સાબાસ; મેં જે કહીઊં હતું તે તેં સારી પેઠે ઈઆદ રાખીઊં છે. પણ જે સાહેબની આપણા ઊપર એટલી મેહેરબાંનીછે તે સાહેબના હુકમ પરમાણે ચાલવું કે નહીં. અને તે સાહેબને હરદમ ઈઆદ કરવો કે નહી ?

"હા બાવાજી તેના હુકમ પરમાણે ચાલવું જોઈએ અને તેને વારે ઘડીએ ઈઆદ કરવો જોઈએ. તમે મને કહીઊં હતું કે જેઓ એના હોકમથી ઊલટા ચાલેછે તેઓની ઊપર તે ગુસે થાએછે. અને મરી ગયા પછી મોટી સજા કરેછે."

"તેટલા વાસતે મારા બેટા તું એ સાહેબના હુકમ પરમાણે ચાલવાની તથા તેને વારંમવાર ઈઆદ કરવાની તજવીજ કરજે. તેનાં હુકમ છેકે જુઠું બોલવું નહી; ચોરી કરવી નહી; ગાળો દેવી નહી; નઠારા છોકરા સાથે ફરવું નહી. એ હુકમ પરમાણે જો તું નહી ચાલીશતો તારી ઊપર તે ઘણો ગુસે થશે. વારૂ આજે આપણે ઘણી વાત કીધી હવે કાલે બીજી વાતો કરશું."

**મનચેરશા**—"પૈસું જોયુંકે? આ શોલુ કેવો ચંચલ અને ખબરદારછે! તારામાં જવાબ દેવાની કાંઈ બી હીંમતછે!"

**મેહેરબાઈ**—"હીંમત કોહાથી હોએ? તમે કોઈ દીવસે પાસે બોલાવીને અથવા જમતી વખતે એવી કાંઈ વાત ચીત કીધીછે? તમારો તરાસ એટલોછે કે તમને જોઈને દોહડ ગાંશે નાસેછે તે વળી તમને જવાબ કોહાથી આપે?"

**માણેકશા**—"તમો બેહુનો થોડો થોડો વાંકછે. મનચેરશા એકદમ તરાસ રાખવા માંગેછે તેમ તમો એકદમ લાડ કરાવોછો. છોકરાઓને ઘણો લાડબી જોઈએ નહી તેમજ ઘણો તરાસબી જોઈએ નહીં. તેઓ હરએક વાતને વાંકુ રીસાએતો તેમને મનાવવાની તજવીજ કરવી નહી. તેઓ ભુખા સુઈ જાએતો તેની બી દરકાર કરવી નહી. તેઓ પોતાની મેળે ઠેકાણે આવેછે. તેઓ રૂશાઓ અને એક વખત તેમને કાળાવાળા કરીને મનાવેઆ તો તેઓ વારેવાર રૂસાઈ જાએછે. વાસતે આ વાત સઘળા માબાપે અગત કરીને ઈઆદ રાખવી કે રૂસાએલા છોકરાંઓને કાળાવાળા કરીને કદી મનાવવા નહી. બીજું માબાપે છોકરાનું મન કેળવવાને જુદી જુદી બાબતો વીશે તેમની સાથે વાત કરવી. તેમને કેટલાએક સેહેલા સવાલ પુછવા. જે સવાલનો જવાબ નહી આપે તે સમજાવવા. તે પરીથી પુછી જોવા. એમ કીધાથી બચાંઓનું મન કેળવાએછે. તેમને દુનીઆની ચીજો વીશે તથા ઈશવર વીશે થોહુ ઘણુ બચપણથી ગનાન થાએછે."

**મનચેરશા**—"હું મારો કાન ચમોડુંછું. હમારો પૈસુ એટલો બગડી ગયોછે અને એટલો ઠોઠછે તે હું મારી પોતાનીજ ચુકથી, તે હું કબુલ કરછું. હવે હું સમજેઓ કે પૈસુ અને સોલુમાં એટલો તફાવત સાથી?"

## માહાપરતાપી પીટર—રૂશીઆ દેશનો નામીચો શાહનશાહા.




પીરોજબાઈ, રતનબાઈ, માણેકબાઈ તથા ઘણીએક બાઈ જેઓ શેઠાણીઓમાં ખપેછે અને જેઓને પોતાના પઈસાના ગરવથી સોલા, ફલા અને દોલા ચાકરો વગર એક ઘડીભર ચાલતું નથી, ઊઠીને પોતાને હાથે પાણી પીવાતું નથી તેવી બાઈઓએ અને તેવી શેઠાણીઓએ રૂશીઆ દેશના માહપરતાપી શાહનશા જે 'પીટર ધી ગરેટ' ને નામે ઓલખાએછે તેથી શરમીંદા થવું ઘટેછે.

વાંચનારી બાઈઓ! ઊપલા શાહનશાહાનો થોડોએક હેવાલ જે હમો નીચે આપીએ છઈએ તે વાંચો અને તમને માલુમ પડશે કે એ નામીચા અને માહ પરતાપી શાહનશાહે પોતાના દેશના સુધારાને વાસતે પોતાના મોટા રાજની અને ઓધાની ખોટી પતરાજી એક બાજુએ મુકી દઈને પોતાના શરીરને કેટલી મેહેનત આપી હતી! જારે પીટર જેવા મોટા શાહનશાહો પોતાના મોટા રાજનો ગરવ રાખે નહી અને પોતાના હજારો નોકર અને આદમીઓ છતાં હરએક કામમાં પોતાનું શરીર કસવાને આચકો ખાએ નહી તારે આપ

જી કેટલીએક શેહાણીઓને શેકટની પતરાજી ખાતર ચાકરોની ઊપર નજીવા હુકમ કરતાં જોઈને હમોને અચરતી તેમજ દલગીરી ઊપજેછે.

માહાપરતાપી પીતર ઈસવી સન ૧૬૭૨ માં જનમેઓ હતો. તેના બાપનું નામ એલેકસીસ કરીને હતું. જારે પીટર ચાર વરસની ઊમરનો હનો તારે તે મરણ પામેઓ હતો. તેના મરણ પછી પીટરના વડા ભાઈએ રાજ ચલાવવા માંડીઊં પણ થોડી મુદતમાં તેબી મરણ પામેઓ. પીટરની ઊમર હજુર નાહાની હતી તેથી રાજ કારભાર તેની બેહને ચલાવવા માંડેઓ. પણ તે સી ઘણી ઘાતકી અને ખરાબ સભાવની હતી. પીટર જારે ૧૭ વરસની ઊમરે પોહાચેઓ તારે પોતાની ઘાતકી બેહનને ગાદી ઊપરથી ઊઠાડી મુકી અને રાજનો સઘળો કારભાર પોતાને હાથ કરી લીધો.

ગાદી ઊપર બેસ પછી પીટર શાહનસાહે પોતાનું મન વીદીઆ ભીઆસમાં વીશેશ લગાડવા માંડીઊં. હલકા અને ખુશામત ખોરા દોસતોને દુર કીધા. તારપછી જલદીથી ઈઊરોપ ખંડના બીજા દેશોની સુધરાઈ પોતાના મુલકમાં દાખલ કરવા પછવાડે તેનું મન લાગીઊં. પણ એ કામ કાંઈ સેહેલું નહીં હતું. તેમ કરવાને જાતી મેહેનત અને જાતી અનુભવ જોઈએ. તેથી તેણે ઈઊરોપખંડના જુદા જુદા દેશોમાં મુશાફરી કરવાને ઠરાવ કીધો. તે પરૂશીઆ દેશમાં ગયો. તાંહાં થોડાએક મહીના ગુજારેઆ પછી હાલંડ અથવા વલંદા દેશમાં ગયો. હાલંડ દેશ તે વેળાએ આખા ઈઊરોપ ખંડમાં સઊથી સુધરેલું કેહવાતું હતું. એ દેશ મધે લશકરી વાંહણ બનાવવાનો હુનર શીખવા સારૂ તથા બીજો કેટલોએક અનુભવ મેળવવા સારૂ તેણે સેલર અથવા ખલાસીનો પોશાક પેહેરેઓ અને કોઈ ઓલખી શકે નહીં તેમ મુસાફરી કરવા લાગો.

એ દેશના પાએતખત આમસટરડમ ખાતે જારે તે જઈ પોહોચેઓ તારે તાંહાંની ગોદીમાં તે એક સુતાર દાખલ ચાકરી રહેઓ. એક નાહાની કોટડી ભાડે લીધી. જમવાનુ પોતાને હાથે પકાવીને ખાઓ. દરરોજ ગોદીમાં જઈને સુથારનું કામ એક મજુરની મીસાલે કરે. સાંજના ફરસદને વખતે પોતાના દેશના રાજ્કારભારના બંદોબસત પર કાગલ પતર લખે. શાહનશાહ થઈને પોતાના દેશમાં હુનર તથા વીદીઆનો ફેલાવો કરવાની મતલબથી આવી મજુરી અને મેહનત કરે એના જેવી નવાઈની અને અચરત ભરેલી વાત હમારી વાંચનારી બાઈઓને બીજી થોડીજ લાગશે. આ વેળાએ માહા પરતાપી પીટરની ઊમર ફકત પચીસ વરસની હતી.

પણ એ શાહનશાહ હાલંડ મધે ઘણીવાર સુધી છુપો રહી શકેઓ નહી. કેટલાએક મહીના નીકળી ગયા પછી તેને બીજાઓએ ઓલખી કાહડેઓ: ઈઊરોપખંડના બીજા રાજ રજવાડાએ જારે સાંભલીઊં કે રૂશીઆ દેશનો પરતાપી શાહનશાહ પોતાના દેશના સુધારાને માટે હાલંડ દેશની ગોદીમાં હથોડો લઈને સુતારનુ કામ કરેછે તથા એક નાહની કોટડીમાં રહીને પોતાને હાથે પકાવીને ખાનું ખાએછે તારે તેઓની અચરતીનો પાર રહેઓ નહી. જારે આમસટરદમની ગોદીના સુતારોએ જાણીઊં કે હમારી સાથે મોટો પરતાપી શાહનશાહ સુથારનું કામ કરતો હતો તારે તેઓની અચરતીનોબી સુમાર રહેઓ નહીં.

શાહનશાહ દાખલ જાહેર પડેઆ પછી સાત મહીના ખુલ્લી રીતે હાલંડ દેશમાં રહેઓ. તાંહાંના રાજા, અમીર તથા ઊમરાઓ તેને મોટું માન આપવા લાગા. વીદીઆ હોનરની મંડળીઓમાં દરરોજ ભાશણો સાંભલવાને જવા લાગો. વલંદા લોકોની ભાશા સારી પેઠે શીખીઓ. લશકરી વાહાણ બનાવવાના કામમાં તેણે થોડી મુદતમાં અછી માહેતગારી મેલવી.

હાલંડ થઈને તે ઈંગલંડ ગયો. ઈંગલંડના રાજા તીજા જારજે તેને ઘણુ માન આપીઊં. એ દેશમાંબી પોતાનો પોશાક ફેરવીને એક સાધારણ મુસાફર દાખલ સાંજ સવાર ફરવા નીકળે. ઈંગલંડમાં થોડાએક મહીના રહીને પાછો પોતાના દેશ તરફ નીકળેઓ તારે જારજ બાદશાહે એક વાહાણ તથા એક લાખ રૂપીઆનું માણક સોગાત દાખલ તેને ભેટ કીધું. નીકળતી વેળાએ માહાપરતાપી પીટરે પોતાની સાથે ઈંગલંડ દેશમાં જુદા જુદા હુનરમાં માહેત થએલા ૫૦૦ માણસોને દરમાયો આપતો કરીને પોતાને દેશ લઈ ગયો.

આણી તરફ તેની ગેરહાજરીમાં તેના દેશ મધે બલવો ઊઠી ઊભો થયો હતો. તે બળવામાં તેની બેહન પણ સામેલ હતી. તે જઈ પોહોચેઓ કે તરત બળવો બેસાડી દીધો. રૂશીઆનું પાએતખત માસકો

શેહર હતું તે ફેરવીને સેંટ પીટર્સબરગ બનાવીઉં. તાંહાં નવા નવા હુનરો દાખલ કીધા. પોતાના ઊપરી પણા હેઠલ ૬૦ તોપની મનવાર બનાવી. તેનું નામ આખા ખંડમાં મશહુર થઈ ગયું. અને સરવે લોકો "પીટર ધી ગ્રેટ" અથવા માહાપરતાપી પીટરને નામે તેને ઓલખવા લાગા. તેણે પોતાના દેશમાં કેટલાએક સંસારી સુધારા દાખલ કીધા. બાળપણથી લગન કરવાનો મોટો ચાલ રૂશીઆ દેશમાં પસરેલો હતો તે તેણે ઘણી તજવીજથી દુર કરાવેઓ. સ્ત્રી ભરતાર લગનની અગાઉ એક બીજાનું મોહડું જોઈ શકતા નહી હતા તથાં એક બીજાના ગુણથી તદન અંજાણા રેહેતા તે માઠી ચાલબી તેણે દુર કરાવી. મુસલમાનોની ઓરતોની મીસાલે તે દેશની સ્ત્રીઓ પરદામાં અને ઘરનાં ખુણામાં ગોંધાઈ રેહેતી હતી અને પુરૂશોની મંડળીમાં આમેજ થઈ શકતી નહીં હતી. માહાપરતાપી પીટરે પોતાના દેશમાં સ્ત્રીઓના છુટાપણા સંબંધી મોટો સુધારો કીધો અને ઓરતોને મરદોની મીજલસમાં આમેજ કરવાનો રવીઓ દાખલ કીધો. એ સુધારાથી માહાપરતાપી પીટરના નામને થોડી શોભા મલતી નથી

ચોપણ વરસની ઊમરે એ શેહનશાહા મરણ પામેઓ. તેનું મરણ ક વખતે અને કેટલાએક માણસોના જીવ બચાવવાની મેહનતથી નીપજીઉં, તેથી એ માહાપરતાપી પીટરનું નામ તવારીખના પાંનામા વધારે પરકાશી નીકલેછે. તે એક દીવસે ફરવા નીકલેઓ અને એક બોટમાં કેટલાએક માણસોને ડુબતાં દીઠાં. તેઓને બચાવવાને પોતે પાણીમાં પડેઓ. તારથી તાહડ ચહડેઆથી તેનું શરીર બગડતું ચાલીઉં અને ઈસવી સન ૧૭૨૫ માં તે મરણ પામેઓ.

---

## સ્ત્રી પોતાના ભરતારને કેવી રીતે વસ કરી શકે !

કુવરબાઈ પોતાના ભરતારને વસ કરવાના ઊપાએ શોધેછે. બચુબાઈ કેહેછે કે પીરોજબાઈનો ભરતાર પીરોજ ઊપર હેત કરેછે અને મારો ભરતાર મારી ઊપર કેમ હેત કરતો નથી ? ડોસીબાઈ પોતાના ભરતારને વસ કરવા માટે ધુતારા ગોરજી અને બહરામણોને પુછતી ફરેછે પણ વસ કરવાના ઊપાએ તેણીને જડતા નથી. એક હમારા હકીમે પાંચ રૂપીઆ લઈને કોહાડીને આંજણની દાબડી આપી અને જણાવીઉં કે એ આજણ પંદર દીવસ આંજેઆથી તેણીનો ભરતાર તેણીને વસ થશે, પણ તેણીના રૂપીઆ ધુતારો હકીમ ખાઈ ગયો અને તેણીની મતલબ પાર પડી નહીં.



• વાંચનારી બાઈઓ ! આ બીનાને મથાલે જે ચીત્ર મુકીઉં છે તે ઊપરથી તમને શું માલુમ પડેછે. ? તમારામાં વીચાર શકતી સારીપેઠે હશે તો તમોને એ ચીત્ર ઊપરથી તમારા ભરતારને વસ કરવાનો ઊપાએ તરત માલુમ પડશે. જુવો પેલા આરબે પોતાના ઘોડાને કેવો વસ કીધોછે ? જુઓ તેના નાહના બાળકો કેવા નીરભેપણે ઘોડાની સાથે રમત તથા ગમત કરેછે. એક બાલકે ઘોડાના મોહો આગળ હાથ ધરેઓછે. બીજો બાલક તેના પગ આગળ નીરભેપણે બેસીને પોતાના તીજા ભાઈનો પગ ઊચકી તેને ઘોડા ઊપર ચહડવાને મદદ કરેછે. ઘોડો કેટલોબધો વસ થઈ ગયોછે કે એ બાલકો આવી વગર ધાસતીએ તેની સાથે રમત કરેછે ! એ ઘોડો એટલો વસ કેમ થઈ ગયો ? એક ગારૂડી જંગળ મધેનું ફાડીખાનારૂ બાળાગીછને પોતાની સાથે રાખીને તેને નચાવેછે, કુદાવેછે અને પોતાના હુકમમાં રાખેછે તે શાથી વારૂ ?

વાંચનારી બાઈઓ તમો વીચાર કરો અને તમને માલુમ પડશે. જંગલના ફાડીખાનારા જનાંવરોને વસ માણસ કરીને માણસ તેમને પોતાના હુકમમાં રાખેછે તારે તમે શા વાસતે તમારા ભરતારને વસ કરી શકો નહીં ? ઊપલો ઘોડો પોતાના ધણીને એટલોબધો વસ થઈ ગયોછે તે કાંઈજ નહી પણ ફકત પેઆર અને હેતથી. જંગલ મધે રેહેનારૂ ફાડીખાનાર બાળાગીછ માણસને વસ થઈ રેહેછે તે કાંઈજ નહી પણ ફકત પેઆર અને હેતથી. માટે તમો જો તમારા ભરતાર ઊ

પર ખરો પેઆર અને ખરૂ હેત રાખો તો તે તમને વસ થયા વગર રેહેનાર નથી.

પેઆર અને હેતની અસર સઘળા પરાણીઓ ઊપર ઘણીજ અજાએબ તરેહનીછે. પેઆર અને હેતને વાસતે માણસનો શું પણ કેટલાંએક સમજુ જનાવરો પોતાનો જીવ બરબાદ કરેછે. પેઆર અને હેતને વાસતે આખી દુનીઆં છોડી દીએછે. દુનીઆમાં સઊથી જોરાવર ચીજ પેઆર અને હેતછે. જે કાંમ તરવાર અને બંદુકથી થઈ શકતુ નથી તે કાંમ પેઆર અને હેતથી થાએછે. જે જનાવર કરૂર અને ઘાતકી હોએછે તે પેઆર અને હેતથી ગરીબ ગાએ જેવું થઈ જાએછે.

અરે બાઈઓ ! અરે બેહેનો ! જારે પેઆર અને હેતથી જંગલના કરૂર અને ઘાતકી જનાવર વસ થઈ જાએછે તારે તમારા ભરતાર શા વાસતે વસ થઈ શકે નહી. ખરેખર બેહેનો તમારા ભરતારનો સભાવ ગમેતેવો ખરાબ, ગમેતેવો ગરમ હશે તોપણ જંગલના જનાંવરના જેવો ઘાતકી અને નીરદય નહી હશે. માટે તેઓને જો તમો વસ કરવા માંગશો તો પેઆર અને હેતથી થોડા દીવસમાં વસ થઈ જશે. તમારા ભરતારને વસ કરવાનું ઓશડ હજારો અને લાખો રૂપીઆ ખરચતાં નથી મલવાનું. પેઆર અને હેત એજ મોટું ઓશડછે.

તમો બે ચાર મહીનાં એક સરખો ખરો પીઆર અને એક સરખું ખરૂ હેત તમારા ભરતાર ઊપર રાખો અને એવો કોણ ભરતારછે કે તમારે વસ નહીં થાએ ? તમારો ભરતાર તમને ઘરના ખુણામાં ગોંધીને તથા રઝળતી મુકીને બાહાર ફરતો હશે પણ તમે તેની ઊપર ખરો પેઆર અને ખરૂ હેત થોડા મહીના રાખી જુઓ અને પછી તમને માલુમ પડશેકે તે તમને વસ થાએલોછે.

તમારી ખુબસુરતી નહી હશે તો તેની શું ચીંતાછે ? પેઆર આંધલોછે અને તે ખુબસુરતીને કે બદસુરતીને જોઈ શકતો નથી. તમે તમારા ભરતારને ખરા જીગરથી ચાહો. તેની સઘળી હાજતો પુરી પાડો. તેના સઘળા હુકમને તાબે થાઓ. તેની દલગીરી અને દુખને વાસતે તમે દલગીરી અને દુખ ધરો. અને આંખમાંથી ખરાં પીઆરનાં આંસુ નાખો. તેની તબીએત બગડી તો તેની ચાકરીમાં હાજર અને તઈઆર રેહો. સુખાકારીના વખતમાં તેનું દીલ પીઆરથી ખુસી કરો. દુખના વખતમાં તમારી આંસુની ધારાથી તેનું હઈડું ભીજવી નાખો. બેહેનો ! મારી વાહાલી બેહેનો ! તમે આવો પીઆર થોડા દીવસ અથવા થોડા મહીના રાખી જુઓ અને હું ખાતરીથી કહુંછું કે તે તમને વસ થશે. થોડા દીવસ અને થોડા મહીના તેનો ગમેતેવો ખરાબ અને ગરમ સભાવ તમો સહન કરો અને પાછલથી સહન કરવાની જરૂર રેહેશે નહી. તમને વસ થયા પછી તમારી ઊપર તે ગરમ સભાવ રાખી શકનાર નથી. ઈઆદ રાખો કે "દુનીઆમાં સઊથી મોટું જોર પેઆર અને મોહોબતછે."

## ઘર મધે દુખ દેખાનારા પરાંણીઓનો અટકાવ તથા નાસ કરવા વીશે.

વાંચનારી બાઈઓ ! આપણા રેહેવાના ઘર મધે દુખ દેનારા પરાંણીઓ—જેવાંકે ઊંદર, માકડ, ચાંચડ, મછર, જુ, ઊંધાઈ—કોઈ કોઈ વેળાએ ઘણાંજ વધી પડેછે અને આપણને અતીશે દુખ તથા કંટાલો ઊપજાવેછે. એવાં દુખ દેખાનારાં પરાંણીઓનો અટકાવ તથા નાસ કરવાની ઘણી જરૂરછે. તેમનો અટકાવ કરૂવાનો સઊથી સેહેલો અને અગતનો ઊપાએ એ છે કે ઘરને હંમેશ સાફ અને સોજું રાખવું. ગળીચી, કચરો અને ગંધકીથી દુખ દેખાનારા પરાણીઓ એકદમ વધી પડેછે. માટે ઘરનો ખટલો ચલાવનાર દર એક સ્ત્રીની પેહેલ વેહલી ફરજ એછેકે પોતાના ઘર મધેથી સઘળી ગલીચી અને ગંધકી દુર કરીને ઘરને હંમેશ સાફ અને સોજું રાખવું. જેઓના ઘર વધારે સાફ અને સોજાંછે તેઓનાં ઘરમાં દુખ દેનારા પરાંણીઓ થોડાજ માલુમ પડેછે. પણ જેઓના ઘર ગલીચી અને ગંધકીથી ભરેલાં હોએછે તેઓનાં ઘરમાં દુખ દેનારા પરાણીઓનો સુમાર રેહેતો નથી.

**ઊંદરનો અટકાવ તથા નાસ**—વધારે જુના વરમાં ઊંદરોને રેહવા લાએકના રેહઠાણ થઈ પડેછે. જે ઘરમાં ખાડા અને બોંક પડેઆ હોએ, જે ઘરની ગટર અથવા નળ બીગડેલા હોએ તે ઘરમાં રેહેનાની અ[illegible]ી સઘળા ખાડા તથા બોંક પુરી નખાવવા જોઈએછે તથા ગટર, મોરી અને નળ સમરાવવા જોઈએ

છે. રાંધણી તથા દાંણો અને લાકડાં ભરવાની જેગો વધારે તપાસવી જોઈએછે. દેવાળ તથા ફરેહારના ખુણાનાં બોક પડેઆ હોએ તે તમામ પુરી નાખવા જરૂરછે. ઘરમાં જો ઊંદર ભરાઈ ગએળા હોએ તો બીલાડી તેથા છટકીઆની જરૂર પડેછે. સોમલ અથવા બીજી જાતના ઝેર ખાવાના પદારથો સાથે મેળવીને ઊંદરનો નાસ કરવા કેટલાએક તજવીજ કરેછે. પણ એ ઊપાએ ઘણો જોખમ ભરેલોછે. વળી એ પદારથ ખાઈને ઊંદર પોતાના દરમાં જઈને ભરાએ અને પછી મરણ પામેતો ઘણોજ કમકમાટ ભરેલો વાસ આખા ઘરમાં પેથરાઈ જાએછે. વાસતે ઊંદરોનો નાસ કરવાને સોમલ અથવા હરએક જાતનું ઝેર મુદલ કામમાં લાવવું નહીં. ઘણાજ ઊંદરો થઈ ગયા હોએતો તેમનો નાસ કરવાને કેહેછેકે સઉથી સરસ ઊપાએ આંછે ખીચડી બનાવીને એક વાસણમાં મુકવી અને તેની સાથે પાંચ સાત તોલા પારો મેળવવો. બે તરણ તોલા પારો ખીચડીની વચો વચ ખાડો પાડીને મુકવો. જે કોટડીમાં અથવા જે ઓરડામાં ઊંદરો થયા હોએ તેમાં તે આખી રાત રેહેવા દેવું. ઊંદરના પેટમાં પારો ગયાથી તેઓ તે જગો ઊપરથી હીલી સકવાના નથી. તેઓ જીવતા રેહેશે પણ તાંહાના તાંહાંજ બેઠેલા માલુમ પડશે. કેહેછેકે બે ચાર વરસ ઊપર આપણી માંડવીની વખારોમાં પારો પીઈને ઊંદરો સપડાઈ ગયા હતા. તેઓને પુછડી હલાવીને ફેંકીઆથી પારો પાછો નીકળેઆ હતો. જેઓના ઘરમાં ઘણા ઊંદર થયા હોએ તેઓએ આ રીત અજમાવી જોવી.

**માકડનો અટકાવ તથા નાસ**—માકડ હમેશ ગલીચ ઘરમાં વધારે થાએછે. ઘરની સંભાલ રાખનાર ધણીઆણી અથવા ચાકર દરરોજ બીછાનું સાફ રાખેઆંથી માકડનો અટકાવ કરી શકેછે. થોડા માકડ થયા હોએતો કડે કે તરત તેને પકડીને તેનો નાસ કરવો. આ પરમાણે દરએક માકડને પકડવું કંટાલા ભરેલું લાગશે પણ થોડી રાતની અંદર તેનો છેડો આવી જશે. પણ જો ઘણા માકડ થયા હોએતો બીછાનું ઊંચકીને ધોળીઆના અથવા કોચના સાંધા પાસલા છુટા પાડવા. ગરમ અને ઊકલતું પાણી દરએક ફાટ અને સાંધામાં નાખવું, અને ધોલીઓ ઊભા કીધા પછી સાંધા તથા ફાડ ચુનો તથા સાબુની મેળવણીથી પુરી નાખવા. લાકડાનું પોહલું માકડુ બનાવીને માથા તરફ બીછાના નીચે મુકવું અને દરરોજ તેમાં માકડ ભરાએલા હોએતો બાહાર લઈને ઝાટકી કાહડવા. માકડ થતાજ તેનો અટકાવ કીધો તો પછી ઘણો કંટાળો ઊપજતો નથી. ધોલીઆની ફાડ તથા સાંધામાં એક ઈંગરેજી ચોપડી મધે આ દવા નાખવાની ભલામણ કીધીછે—એક વાઈન ગલાસ ભરીને જલદ અથવા ચોખો દારૂ, તેટલુંજ તરપીટન લેવું, તેમાં ૦। તોલો નવસાગર નાખવો, ૦।। તોલો કપુર અને ૦। તોલો રસકપુર નાખવો તે દવા એક શીસીમાં ભરીને ફાડ તથા સાંધામાં જારે તારે નાખતા રેહેવું.

**ચાંચડ**—આ દુખ દેખાનાર પરણીનો નાસ કરવાને બીજો કાંઈજ ઊપાએ નથી પણ એજકે ઘરને ઘણુંજ સાફ અને ચોખ્ખું રાખવું. જમીનને વારેઘડીએ ઝાડીને સાફ તથા ધોઓલી રાખો. સેરડીના છોલતાં તથા ખાંડ સાકરનું પાણી જમીન અથવા ભોંએ ઊપર પડીઊ હોએતો ધોઈને તથા તે ઊપર પાણીનો હાથ ફેરવીને તરત સાફ કરી નાખો. ધુર અને કચરામાં ચાંચડ વધેછે માંટે ઘરના દરએક ખુણામાંથી ધુર અને કચરો ઝાટકી કાહાડો. ઘરમાં કુતરો પાલેલો હોએતો તેના બાળ દરરોજ ધોઈને હોળો, નહીતો ચાંચડનું ઘર કુતરો થઈ પડેછે.

**મછર**—ગલીચી તથા ખરાબ વાસથી મછર ઘણા વધી પડેછે. મછરનો અટકાવ કરવાને ગલીચી તથા ગંધવાડ દુર કરવો અને ઘરને ચોખ્ખું રાખવાની ઘણીજ જરૂરછે. મછરનો નાસ કરવાને ઘરના બારી બારણા બંધ કરી આપણા લોકો ધુવાડો લગાડેછે તેથી મછરનો ઘણેક દરજે નાસ થાએછે ખરો પણ ધુવાડાથી ઘરને તથા ઘરના સામનને નુકસાની પોહોંચેછે. તેમજ કેટલાએક બારી બારણા ઢાંકીને બંપોર સળગાવેછે તેથીબી મછરનો નાસ થાએછે.

**જુ**—જેઓના દીલમાં અથવા જેઓના ઘરમાં જુ માલુમ પડી તેઓ ઘણાજ ગલીચ અને ગામડીઆ લોકો જેવા જાણવા. ઈંગલંડ દેશનાં ઘણાખરા લોકો સફાઈ રાખવાને સીખેઆછે તેથી તેઓના દેશમાં "જુ" જેવી ચીજ નાબુદ થતી જાએછે. કેટલાએક એવું વીચારેછે કે જુ પોતાની મેળે થાએછે તથા વધેછે. પણ એ વાત ખોટીછે. સાફ અને ચોખ્ખા રહેઆથી જુનો તદન અટકાવ થઈ શકેછે. જે દેશની હવા ગરમ તે દેશમાં વધારે સફાઈ રાખવી ઘટેછે.

**ઊંધાઇ**—કપડામાં ઊંધાઈ પડેછે તેનો અટકાવ કરવાને સઊથી સરસ ઊપાએ એછે કે વગર ધોએલા સણના નવા કપડામાં ઊંચા કપડાંને બરાબર ઘડી કરીને ખુબ જોરથી તાણીને બાંધવા. જો એ પરમાણે ખેંચીને બાંધેઆ નહીં હોએતો બીજો ઊપાએ એછે કે કપડાંઓને વારમવાર બાહર કાહડવાં અને તેમની ઊપર બરશ મારવું અને સુકવવા અને પાછા બાંધીને સુકવા. તીજો ઊપાએ એછેકે કપુર, અથવા લવંડર અથવા વાળો અથવા એવી બીજી સુગંધી કપડામા રાખીને બાંધવા. પણ પેહલા બે ઊપાએ જેવો આ ઊપાએ અસર ભરેલો નથી.

---


## કાચ કેવી રીતે બનાવવામાં આવેછે ?

વાંચનારી બાઈઓ ! કાચ કેવો સુંદર, ખુબસુરત અને ઊપીઓગીછે તે તમો જાણોછો. કાચની કેટલીબધી ચીજો બનેછે ! વાપરવાના કામમાં કાચની ચીજો જેવી સફાઈ ભરેલી અને સુંદર રેહછે તેવી કોઈબી ચીજ રેહતી નથી. કાચના તંબલર, હાંડી, જુમર, વાળશેડ ઈતીઆદી જાંહાંસુધી ફુટેઆ નથી તાંહાં સુધી નવા ને નવા માલુમ પડેછે. જેમ બીજાં વાસણો વપરાયાથી જુના થાએછે તેમ કાચના ઘણાખરા વાસણો જુના થતાં નથી. કાચના વાસણોમાં એ ગુણ ઘણો મોટોછે. વાપરવામાં ફકત એટલીજ સંભાલ રાખવી કે તે ફુટે નહીં.

કાચ કેટલો કઠણ માલુમ પડેછે પણ તેને ઘણીજ ગરમી લગાડી હોએતો નરમ મીણ જેવો થઈ જાએછે. તે એટલો નરમ અને પોચો થાએછે કે તેના બારીક દોરા તમો બનાવી શકો. કાચ કાહારે સોધવામાં આવેઓ તે વીશે ચોકસ માલુમ નથી. પણ તે [illegible] છે. થવા રેતી અને સાજીખાર. કેહેછે કે કાચની પેહલવેહલી શોધ ઘણી અજાએબ જેવી રીતે થઈછે. કોઈ વાંહણ સાજીખાર અથવા પાપડખાર ભરીને જતું હતું. ઊતારૂઓ રશોઈ બનાવવાને એક કીનારે ઊતરેઆં; અને રેતી ઊપર સાજીખાર અથવા પાપડખારના પથરા મુકીને રશોઈ કરવા લાગા. રશોઈ કીધો પછી ચુલાની નીચે કાચ બંધાએલો દીઠામાં આવેઓ.


ઈંગલંડ મધે કાચનું પેહલ વેહલું કારખાનું ઈસવી સન ૧૫૫૭ માં નીકળીઊં. ફરાંસ મધે કાચના કારખાના પેહલ વેહલાં નીકલીઆં તારે તે કારખાનામાં સામેલ થવાને ફકત અમીર ઊમરાઓને પરવાનો મલતો હતો. હાલ ઈંગલંડ મધે કાચના કારખાનાનું મોટું અને નામીચું મથક ટાઈન નદીની ઊપરનું નીઊ કાસટલ શેહેર ગણાએછે. ઈટાલી મધે બારીમાં કાચ જડવાની શોધ પેહલ વેહલી ઈસવી સનના તીજા સઈકામાં થઈ હતી.

કાચ પાંચ જુદી જુદી જાતના બનેછે. અને તે જુદે જુદે નામે ઓળખાએછે. સઊથી સારો કાચ ચકમકનો જેને "કરીસટલ અથવા ફલીંટ ગળાસ" કેહછે તે કેહવાએછે. વાઈન-ગલાસ, ડીકાટર, હાંડી એ સઘળુ એ ઊંચા કાચનું બનેછે. બાટલીનો કાચ હલકો ગણાએછે. જુદા જુદા કાચમાં જુદી-જુદી મેળવણી આવેછે. તે જણાવવાની આ ઠેકાણે જરૂર નથી. એ મેળવણીને પીગલતાં ૩૦ થી ૩૬ કલાક લાગેછે. "કાચ પીગલીને પાણી જેવો થયોકે ભઠીની આગ હોલવી નાખેછે. પછી કાચનો રસ લોહોડાના સલીઆ ઊપર ઊચકાએ તાંહાંસુધી તેને ઠંડો પડવા દીએછે. નીચે જણાવેલા ચીત્રમાં જેમ દખાડેલુંછે તે




૧ માણસ ભઠીમાંથી સલીઆં વતી કાચનો તમ ઊંચકી લઈને લોહોડાંની લીસી ટેબલ ઊ


" પર ફેરવીને તેને ગોળ કરેછે. તારપછી નીચે જ
" ણાવેલા ચીત્ર પરમાણે પોકળ નળીનો બીજો છેડો




" મોહોમાં ઘાલીને જોરથી ફુંકેછે. તાર પછી આ તી
" જા ચીત્રમાં દેખાડેઆ મુજબ બીજા સળીઆ ઊપર




" તે સળીઆ મુકીને ફેરવેછે અને પેલા દડાનું મોં સાંકડું
" કરી લેછે. તારપછી એક બીજો કાચ બનાવનાર
" એક લોહડાંના શળીઆને છેડે થોડો પીગલેલો કા
" ચ ઊચકીને નીચેના ચીત્રમાં દેખાડીશુછે તેમ




" પેહેલા એ તઈઆર કરેલા કાચના પોકળ ભાગમાં ઘા
" લેછે તેવોજ તે કાચ પેહેલા સલીયાથી છુટો પડીને
" બીજા સળીઆ સાથે વળગેછે. તારપછી તેને ભઠી
" આગળ લઈ જઈને પાચમાં ચીત્રમાં દેખાડીશુછે તે



" મુજબ ફેરવેઆ કરેછે. અને છઠા ચીત્રમાં દેખાડે
" આ મુજબ કાચને વધારે પોહોલો કરેછે. એ કામ



" ચાલેછે તે વખતે કારીગર પોતાનો હાથ ઘણીજ ઝ
" ડપથી ફેરવેછે. તે એટલે સુધીકે જેમ પવનના જો
" રથી એક સડ ફાટેછે તેમ ફાટીને આ સાતમા



" ચીત્રમાંછે તે પરમાણે પોહાળો થાએછે. એ વેળા કો
" ઈ અજાણ્યો સખશતો એવુંજ સમજેકે આટલી મેહે
" નતથી બનાવેલો કાચ ભાગી ગયો. તારપછી આઠ



“ માં ચીત્રમાં જણાવેઆ મુજબ ભઠીમાં આસતે આ
“ સને ટંટો પાડવા મારે મેલેછે. ”

એ ટાચ બનાવવાનું કામ એટલુતો ઝડપથી થાએછે કે જોનારની આંખ અચરત પામેઆ વગર રેહેજ નહી. જુદા જુદા આકાર આપવામાં કારીગરોની ઝડપ ઘણીજ તારીફ કરવા લાએકછે. તેઓ ફુકવા ઊપર જેટલો સુમાર રાખેછે તેટલો સુમાર લોહડાંનો સલીઓ ફેરવવા ઊપર રાખેછે.

## મોહોરાં દીલનો કુણબી.

ઈટલી દેશની ઊતર દીશાએ એક વખત એક ભારી રેલ આવી હતી. એ રેલ " આલપીસ " પરવત ઊપર પુશકળ બરફ પડયાથી ઊતરી હતી. પાણીની ભારી તાણમાં " આડીજ " શેહેર આગળના બંધે છેડા તણાઈ ગયા, તેથી તેનો વચમાંનો ભાગ જે ઊપર જકાતીયાનું ઘર હતું તેમાં તે પોતે, અને તેનું કુટંમ સપડાઈ ગયાં. તેની આસપાસ પાણી ફરી વળીયું અને જે વખત જતો હતો તેમાં પેલું ઘર પાયા સુધાં તુટી પડવાની વકી હતી, અને તેથી તેમાં વસનાર માંણસોના જાન જોખમમાં આવી પડયા હતા. તે બીચારાંઓ ચીચાડી પાડતાં, અને દુરથી પોતાના હાતો હલાવીને મદદ માંગવાનો પોકાર કરતાં હતાં. જે પુલના ભાગ ઊપર તેઓનું ઘર હતું તેના આસતે આસતે કકડા છુટા પડવા લાગીયા, અને એવો મામલો થઈ પડયો કે થોડા વખતમાં સઘળું ભાંગીને કરચે કરચ થઈ જાય!

એવી આફતમાં તાંહાં ઊભેલા એક અમીરે એક ૧૦૦) " સીકયુંનસ " † ની કોથલી કાહાડી અને જે કોઈ હીમત કરી એક મછવો લઈ પેલાં દુઃખમાં પડેલાં કુટંમને બંચાવે તેને બખશીશ આપવા કહી. પણ તાંહાં ઊભું રહી જોનારા ઘણા જણોમાંથી કોઈની હીમંમત ચાલી નહી. પાણીની તાણ એટલીતો જોર ભરેલી થઈ હતી કે તેમાં મુકેલો ગછવો યાતો ઘસડાઈ જાએ, યાતો જઈને ભાગેલા પુલના એકુ પતથર સાથે અથડી કકડે કકડા થઈ જાએ, અથવા તેની ઊપર પેલા ભાગતા પુલમાંથી એકું લાદી પડીને મછવામાંના માંણસને કચડી નાખે, એવા જોખમ ભરેલા વખતમાં જે કોઈ પેલાઓની મદદે જાએ તેઓને દુઃખમાં પડવાનો પરસંગ આવીયો હતો.

જે જગીયા ઊપર માણસનું ટોલું ઊભું રહી આ દુઃખ ભરેલો બનાવ જોતું હતું તીયાંહાંથી એક કુણબી પોતાને ઘર જતો હતો, તેને આ ભયનકાર બનાવ વીશે, તથા પેલાં કબુલેલાં ઈનામ વીશે કહી સંભલાવીયું. તરત એક મછવામાં તે કુદી પડયો, અને હલેસાંના જોરથી પેલા ભાગતા પુલ આગળ જઈ પોહોંચીયો, અને એક દોરડાંની મદદ આપી પેલા કુટમના માંણસોને મછવામાં ઊતારેઆં. " હીમમત રાખો, " કુણબીએ તેઓને કેહ્યું, " હવે તમે સઘળાં બંચયાં છો. " ભારી મેહનત કરી, અને હલેસાં મારીને, તે પાછો કીનારે આવીયો અને પેલાં કુટંમને સલામત જમીન ઊપર ઊતારયું. " પેહલવાંન બચા " પેલા અમીરે કેહયુ "લે આ તારી મેહનતનો બદલો " એમ કહી પેલી કોથલી આપવા ગયો. કુણબીએ જવાબ વાલીયો "કે પઈસાને ખાતર હું માહારા જીવને કદી ધાસતીમાં નથી નાખવાનો, માહારાં કુટંમનું, માહારૂં, અને માહારાં બચચાંનું પોશણ કરવા માહારી બાજુ મજબુતછે. આપવું હોય તો આ બીચારાં નાચાર થઈ ગએલાં કુટંમને આપ, જેઓનુ સઘળું પાણીમાં જતું રહુંછે."

ગ્નાન બોધક,

† ૮) સીલીંગ ૫) પેનસનો એક સકયુંનસ થાયછે એ સીક્કો સુનાનો હોયછે, અને ઈટાલી દેશમા વપરાયછે.

## પરચુરણ બાબતો.

**શારી ઓરત**—સારી ઓરત જારે પોતાના ભરતારને ઘણોજ ગુસામાં આવેલો જોએછે તારે કાંઈજ બોલતી નથી પણ જાંહાં સુધી ગુસાનું જોર નરમ પડી જાએછે તાંહાં સુધી ખોટી રેહેછે અને તાર પછી ધીરજથી તેની સાથે તકરાર કરીને તથા ધીરજથી સમજાવીને તેની ચુક દેખાડી આપેછે. એક સભાવ ગરમ થઈ ગયો હોએ તારે બીજાએ તેની ઉપર ઠંડુ પાણી નાખવું જોઈએછે. બેઉના સભાવ સાથે ગરમ થયા તો આગ જલદીથી સલગી ઉઠેછે અને કુટંબના ફજેતા દુનીઆને જાહેર પડેછે.

**વાત ચીત**—વાત ચીત કરવાની રીત ઘણાખરા લોકો જાણતા નથી. જારે તમે હરકોઈ સાથે વાતચીત કરવા લાગો તારે આટલી વાત તમોએ જાણવી જરૂરનીછે કે તે તમારી વાત સાંભલવાને ખુસીછે કે તે પોતાની વાત તમને સંભલાવવાને ખુશીછે.

**નાહાના બચાંની કસરત**—પીઆરી માતાઓ! તમારૂં નાહાનું બાલક જે હજુર બોલી શકતું નથી તથા ચાલી શકતું નથી તે બાલક આખા દાહાડામાં કેટલી કસરત કરેછે તે તમોએ ધેઆન રાખીને કદી જોયુંછે? સુરજ ઉગેથી સુરજ આથમે તાંહાં સુધી તેના નાહાના પગ કેવા લાંબા ટુકા થાએછે. એક બાજુએ નીચું થાએછે બીજી બાજુએ ઉંચું વળેછે અને તીજી બાજુએ ગરગરતું જાએછે. એ કસરત નાહાના બાલકને વાસતે શું થોડી અને જેવી તેવીછે? તે બેંચાએછે, તણાએછે, બેવડું થાએછે હાથ લાંબા ટુકા કરેછે અને તેનું દરએક હાડકું તથા દરએક નસ મોટી કસરત કરતું હોએ એમ માલુમ પડેછે. બાલકની એ કસરત તરફ જોયાથી ખરેખર રમુજ ઉપજેછે. બાલક જારે ઉંગાએછે તારે મોટી કસરત કરીને થાકી ગયું હોએ એવી રીતે દમ લીએછે અને સવારના ઉઠીને તાલીમ ખેલવાને માટે તઇઆર થતું હોએ એમ દેખાએછે. બાલકની આળસુ અને થંભ રેહે એવી ઈશવરની મરજી નથી તારે ભાઈઓ તમો આળસુ બેસી રેહો તે ઈશવરને કેમ ગમે? ઈશવરની મરજી સાચવવાને તમોએબી હાથ પગ ચલાવવા ઘટેછે તથા મનને કેળવવું જોઈએછે.

---

**લોહડાંમાં જાણવાજોગ ગુણ**—લોહોડાંમા એક ઘણોજ અજાએબ જેવો ગુણ માલુમ પડેઓછે. ૧૮૫૬ માં એક રશાઅણીએ એવું શોધી કાહડીઉં કે લોહોડાનો ભૂકો અથવા તેની બારીક કરચ પાણીમાં લાંબી મુદત વેર રહેઆથી એવી થાએછે કે તેની સાથે હરએક ચીજ લાગીતો તે રાંગી ઉઠેછે.

---

**સુરજની રોશની કેટલી જરૂરનીછે!**—સુરજની રોશની માણસને તંદરોશત રાખવાને માટે કેટલી જરૂરતી છે તે થોડાજ લોકો જાણેછે. ફરાંસ મધે એક ઓરત નાહાની ગલી મધે અંધારી કોટડીમાં રેહેતી હતી અને તેમાં સુરજની રોશની કદી પડતી નહી હતી. તે સીને એવો મરજ લાગેઓ કે તેણીને ઘણીબી દવા આપી તોબી તે સારી થઇ નહી. મેવટે જારે તેણીએ ડાકટરની સલા મુજબ પોતાની જગો બદલી અને અજવાળી ઓડીમાં આવી રહી તારે વગર દવાએ તેણીનું સઘળું દરદ મટી ગયું.

---

**જમીન પરમાણે વસતીનો સુમાર**—યુરોપ ખંડ મધે દરએક ચોરસ માઇલ જમીનમાં ૯૩ માણસની વસતી માલુમ પડીછે. એશીઆમાં દર ચોરસ માઇલે ૬૦ ની, આફરીકામાં ૨૨ ની, અમેરીકામાં ૫ ની અને આસટરેલીઆમાં ૧ ની માલુમ પડીછે. જમીનના વીસતાર પરમાણે જોતાં મોટામાં મોટી વસતી ઇરાણ દેશના રેહેનીશ પરગણામાં અને તેથી ઉતરતી યુરોપ મધે બેલજીઅમમાછે. પેહેલામાં દર ચોરસ માઇલે ૭૦૦ ની અને બીજામાં દર ચોરસ માઇલે ૫૩૫ ની જાણવામા આવીછે.

---

**લાંબા અને ટુંકા દાહાડા**—લંડન અને બરલીન માં લાંબામાં લાંબા દાહડા ૧૬॥ કલાકના થાએછે એટલે ૧૬॥ કલાક સુધી સુરજ પરકાશેછે. ઇસટાક હોમમો ૧૮॥ કલાકનો લાંબો દાહડો થાએછે. સેંટ પીટરસ બરગમાં લાંબો દાહડો ૧૯ કલાકનો, ફીનલાંડમાં ૨૧॥ કલાકનો, નારવેના એક ગામમાં ૨૧ મી મેએથી ૨૨ મી જુલાઈ સુધી સુરજ આથમતો નથી. ઇસપીટીબરગ મધે ૩॥ મહીના સુધી સુરજ આથમતો નથી.

---

**મોટો પુછડીઓ તારો**—ઇસવી સન ૧૫૫૬ માં એટલે આસરે તરણસો વરસ ઉપર જે મોટો પુછડીઓ તારો દેખાયો હતો તે આ વરસના આગસટ મહીનાની આખેરી સુધીમો દેખાશે એવો વરતારો જોતીશ જાણનારાઓએ કીધો છે. એ ધુમકેતુ ઘણોજ મોટો તેમજ ઘણો ચલકતોછે. જારે તે તરણસો વરસ ઉપર દેખાયો હતો તારે કેહેછેકે તેની પુંછડી એટલી મોટી હતી કે આસમાનમો માથા ઉપર આવતો હતો તાંહાસુધી તેની પુછડી ઉગેલી દેખાતી નહી હતી.

---

**કાચનું પાણી**—હાલ કાચનુ પાણી બનાવવાની કલા શોધી કાહડવામાં આવીછે. કાચના પાણીમાં પીછી બોળીને વારનીશની માફક ઘણીએક ચીજોને લગાડી શકાએછે.

---

**બીહકણો સભાવ**—એક હીચકારા માણસનો બીહકણો સભાવ તેને માઠી હાલતમાં નાખેછે. ગરીબાઈ તલે દબાઈ ગયાથી તે એકદમ નાહીંમત થઇ પડેછે. જે પરમાણે એક હલકુ પીછ પવનની બારીક ફુકથી ઉડેછે તે પરમાણે દુખનો બોજો તેની નજરે પડેઆથી તેના હોસ ઉડી જાએછે. સંકટના વખતમો તે આકળો વાકળો થઈને ગભરાઈ જાએ છે, કમ નસીબના દીવસમાં તે નાહીંમત થાએછે અને નાઉમેદીમાં તેનું દીલ છેકજ ભાંગી પડેછે. નીતી વચન.

---

**નાઉમેદી**—દુનીઆમાં કેટલાં બધા માણસો નાઉમેદ થઇને પોતાની સઘળી આશા ભશટ કરી નાખેછે. આશાના હજારો ફુલ જે ખીલવાને તઇઆર થયાં હોએછે પણ નાઉમેદ થઇને તે નીચે પડેછે અને સઘળા ફુલોને કચરી નાખેછે.

---

**માણસની જીંદગી**—સડા સડી કાહડતાં માણસની જીંદગી ફક્ત ૩૩ વરસની જાણવામાં આવીછે. સેંકડે ૨૫ માણસ ૭ વરસની ઉમરની અગાઉ અને સેંકડે ૫૦ માણસ ૧૭ વરસની ઉમર અગાઉ મરણ પામેછે.

---

**ઈંગલંડમાં ખેડુતોની સંખીઆ**—ખેતીવાડીનાં કામ કરનારા ઈંગલંડ મધે ૯ લાખ ૫૦ હજાર માણસોછે તેઓને ૪૦ હજાર ઓરત તથા છોકરાંઓ મદદ કરેછે. ખેડુતોના કુટંબના સઘળા માણસોની સંખીઆ ૫૦ લાખ માણસની ગણાએછે.

---

**નઠારી સોબત કરવા વીશે.—(દોહેરા)**

લુચા વીઅસંની મુરખને, ઓળે હું ના જાઉં,
દેખુતો પાછો ફરૂં, રખે વળે લાલચાઉ.
સંગ નઠારો જાણવો, ઉડતો ચેપી રોગ
સેજ વધીને ખઈ કરે, હડ હડ થાએ લોગ.

એક સપુત કુળ નીપજે, દીપાવે સહુ સાથ
એક કપુત કુળ નીપજે, બંધાવે બહુ હાથ.
નરમ કવીતા.

**જમીનની અંદર ગરમી**—જેમ જેમ જમીન ખોદતાં જાએછે તેમ તેમ ખોદનારને વધારે ગરમી માલુમ પડે છે. ૪૫ ફુટ જમીન ખોદતા એક અંસ ગરમી વધેછે. એ હીસાબે ૭૨૯૦ ફુટ ખોદતાં એટલી ગરમી હોવી જોઈએ કે પાણી ઉકલે. ૨૫૫૦૦ ફુટ ખોદેઆથી સીસુ પીગલી જાએ. ૨૧ માઇલ પછી એટલી ગરમી કે સોનું પીગલી જાએ. ૧૦૦ માઈલ પછી એટલી ગરમી કે સઘળી વસતુ પીગલીને ખદખદતો રસ થાએ. પરથવીની સઘળી જમીન ૮૦૦૦ માઈલ ઉંડીછે. તે મધેથી ઉપરનો ૧૦૦ માઇલનો પોપડો તથા નીચેનો ૧૦૦ માઈલનો પોપડો બાદ કરીએતો ૭૮૦૦ માઈલ ઉંડી જગામાં સઘળા પદારથોનો ઉકળતો રસ સીવાએ બીજું કાંઈ નહી. તારે આપણી પરથવી ઇંડાના જેવી. ઉપર પોપડો અને અંદર પાણી. ફરક એટલોકે પરથવીના ૮૦૦૦ માઈળની ઉંડાસ પરમાણે ૧૦૦ માઈળ જાડો પોપડો અને ઉકલતો રસ. શું ઈશવરની ખુબીછે કે આપણે ઈંડા જેવી સપાટી ઉપર વસીએછે અને તેની અંદર ઉકલતો રસછે. જારે ધરતીકંપ ઘણોજ જોરથી થાએછે અથવા બળતો પાહાડ ફાટેછે તારે એ ઉકળતો રસ બાહાર નીકળેછે.

**તેલના કુવા**—જે મીસાલે પાણીના કુવાછે અને તેમાથી પાણી ભરવામાં આવેછે તેજ મીસાલે તેલના કુવા હાલ માલુમ પડેઆછે અને તેમાંથી દર રોજ સેંકડો મણ તેલ કાહાડવામાં આવેછે. એ તેલના કુવાની શોધ હાલ અમેરીકા ખંડ મધે ઉતર અમેરીકા મધે થઇછે. એક કુવામાંથી દર રોજ ૧૮ પીપ તેળ નીકળેછે; બીજામાથી ૨૫ અને ત્રીજામાંથી ૯૦ પીપ તેળ નીકલેછે. એ ત્રીજો કુવો ૧૮૧ ફુટ ઉંડોછે.
સા૦ ૫૦

**જેમ ગણો તેમ પાંસઠ**—આ નીચે જે કોઠો મુકેલો છે તે પાંચ પાચ ખાનાનોછે. જુમલે ખાના ૨૫ છે. તેની અંદર ૧ થીતે ૨૫ સુધીના આંકડા એવી રીતે ગોઠવેઆછે કે ઉભા પાંચ કોઠાનો સરવાલો લેઓ. અથવા સીધાનો લેઓ અથવા આડાનો લેઓ તો સઘળા સરવાલામાં ૬૫ ના ૬૫ આવશે. એમા બીજી શફાઈ એછેકે મોહેલો આકડો ફરીથી મોહેઓ નથી.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ૨૪ | ૭ | ૨૦ | ૩ |
| ૪ | ૧૨ | ૨૫ | ૮ | ૧૬ |
| ૧૭ | ૫ | ૧૩ | ૨૧ | ૯ |
| ૧૦ | ૧૮ | ૧ | ૧૪ | ૨૨ |
| ૨૩ | ૬ | ૧૯ | ૨ | ૧૫ |

આ સઘળા આંકડા તમો ધેઆનમાં લેઓ અને ચોપડી બંધ કરીને તમે પાછા માંડી જુઓ અને તપાસો કે એની ગોઠવણ તમો બરાબર ઈઆદ રાખી શકો આછો કે નહી. પરવારતાં બેસવાના કરતાં મનને આવી કસરત આપેઆથી ઘણો ફાએદો થાએછે.

**દાહાડી કાહડી નાખવાનો જુલમ**—રૂશીઆ દેશનો માહા પરતાપી શેહનશા જેનો હેવાળ તમોએ આગલ વાંચેઓ તેને વીશે એવું કેહેવાએલુ છે કે તેને દાહડી રાખવાનો ચાલ મુદલ પસંદ હતો નહી એટલે વેર કે તેની સઘળી રઈઅતને જોર જુલમથી દાહડી કાહડી નાંખવાની તેને ફરજ પાડી. ટરેરો ફેરવેઆ પછી દરવાજે દરવાજે હજામો ઉભા રાખેઆ અને જેઓની દાહડી બોહેઆ વગરની માલુમ પડે તેઓની તરત તે હજામ બોડી નાખે અને વળી દંડબી કરવામાં આવે.

**ઈંગલંડ મધે લગનની સંખીઆ**—ગયા વરસમાં ઈંગલંડ મધે જેટલા લગન થયા તેટલાં પાછલા ચાર વરસમા કોઈબી વરસે થયાં નહીં હતાં. એ વરસમાં સઘળા મલીને ૧૬૭૯૦૦ લગન થયાં હતા તેને આગલે વરસે સાડા પંદર હજાર થયાં હતાં.

## ગરબી.

ચાલો સખી હિંમતથી જઈયે ॥
ચાલો સખી હિંમતથી જઈયે,
(કે)સુધારામાં સુખયાં સહુ થઈયે ॥ ટેક ॥

જાણીકરી નર્કે કેમ રહીયે
જાણીકરી બળતાં કેમ સહીયે
જાણીકરી ફાંસી કેમ લઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૧.

જાણીકરી નીચાં કેમ હરીયે
જાણીકરી ઉધું કેમ કરીયે
જાણી દીલ હામો શીદ દઈયે, ચા૦ ચા૦ સુધા૦ ૨.

પુરૂષ પઢે ના કેમ ભણીયે
ગ્નાનતિ ખાણુ ન કેમ ખણીયે
રિબાઈયે કાં અગ્નાન ખઈયે, ચા૦ ચા૦ સુધા૦ ૩.

ભુત જાદુ મંત્ર ન કેમ હણીયે
જુઠું જોતિષફળ તે કેમ ગણીયે
વ્હેમો તજતાં ના બિવું હઈયે, ચા૦ ચા૦ સુધા૦ ૪.

નાતનાં જુલમને કેમ ખમીએ
ધર્મ બાને વિષયમાં શીદ રમીએ
મંદિરોમાં ધકા કાં ખાઈએ, ચા૦ ચા૦ સુધા૦ ૫

બાળપણે મુરખ કેમ પર્ણીએ
વર મુએ ફરી ના કેમ પણીએ
ઠાઠમાઠ પાછળ કાં ધાઈએ, ચા૦ ચા૦ સુધા૦ ૬.

વરનિ સાથે સહુમાં કાં ન ફરીએ
વરસું સહુદિક લાયણ કાં ન કરીએ
સારૂં કરતાં શીદ લજવાઈએ, ચા૦ ચા૦ સુધા૦ ૭.

છતરીઓ માથે કાં ન ધરીએ
જોડી પગમાં ને કાં ન ફરીએ
ભુંડાં ભુંડાં ગીતો શીદ ગાઈએ, ચા૦ ચા૦ સુધા૦ ૮.

સંમજીને ટેકે કાં ન રહીયે
સમજીને સંપે કાં ન રહીયે
સુખ આવતાંને શીદ વાઈયે, ચા૦ ચા૦ સુધા૦ ૯.

# સ્ત્રીબોધ.

પુસતક ૪ થું | જુન ૧૮૯૦ | આંક ૬ ઠો.

## "મારો નાહનો ફલુ."

"અરે મારી મા! મારી વાહાલી મા! તું મને અને મારા નાહાનાભાઈને મુકીને શાવાસતે મરણ પામી. અરે વાહાલી મા! તું મારી ઊપર અને મારા આ નાહના ભાઈ ઊપર કેટલું બધું હેત કરતી હતી. એટલું હેત ઓ મારી મા! હવે હમારી ઊપર કોણ કરશે? હમો ભુખા થશું, હમારો હાથ દુખશે, હમારો પગ દુખશે તારે ઓ મારી મા! તારા જેવું દુખ ધરીને હમારી કોણ બરદાસ લેશે? વારે ઘડીએ મારા ગાલ ઊપર હાથ ફેરવીને કોણ મારી ખબર લેશે? અરે મા! તારૂં હેત મને વારેવાર સાંભરેછે. તારા વગર મને મુદલ ગમતું નથી. તું મનેતો મુકીને મરણ પામી પણ આ મારા નાનકડા ભાઈને, આ નાનકડા ફલુને મુકીને શા વાસતે મરણ પામી. અરે મા, ઓ વાહાલી મા! હવે હું શું કરૂં" એમ કહીને શીરીન એક દીવસ ઘણીજ રડી પડી અને પોતાના નાહાના ભાઈ ફલુને છાતી સાથે ડાબેઓ. એટલામાં નીશાળનો મોબેદ શીરીનને તેડવાને આવેઓ અને કેહેવા લાગો કે "તમે નીશાળમાં બરાબર હાજર થતાં નથી તેથી મેહેતાજી રીશે ભરાએલાછે અને તમારૂં નામ હાજરીમાંથી કાહાડી નાખશે." શીરીન તરત નીશાળે ગઈ. તે તરત ઘણુ રડેલી હતી તેથી તેણીની આંખ લાલ ચણોઠી જેવી થઈ ગઈ હતી. મેહેતાજીએ જારે રડવાનું કારણ પુછીઊં તારે તેણીએ જવાબ આપેઓ નહી પણ તેણીની આંખમાંથી વધારે આંસુ પડવા લાગા: મેહેતાજી તે વખત એ વાત ખાઇ ગયા અને જરાવાર પછી સમજાવી ફુસલાવીને પુછીઊં તારે નીચે પરમાણે પોતાની બીના કહી સંભલાવી:—

"મારી ઊમર હાલ અગીઆર વરસનીછે. જારે હું નવ વરસની હતી તારે મારી મા જે મારા ઊપર ઘણુ હેત રાખતી હતી તે મરણ પામી. અરે જારે તે મરણ પામી તારે હું કેટલું બધુ રડી. મને વધારે રડવું એટલા માટે આવીઊં કે માહારો નાહાનો ભાઈ ફલુ અઢી વરસનો હતો. તેણીના મરણ પછી હું તથા મારા બાવાજી ચાર પાંચ મહીના સુધી ઘણાજ દલગીર રહેઆ. તારપછી મારા બાવાજીએ ફરીથી લગન કરવાનો ઠરાવ કીધો. મારા માજીને ગુજરેઆને વરસ એક થવા આવીઊં તેટલામાં તે લગન થયાં. હું જાણતી હતી કે મારી મરી ગએલી માના જેવું હેત સાવકી મા રાખવાની નથી તોપણ મને એવી ઊમેદ હતી કે તે મારી અને અગત કરીને મારા નાહાના ફલુની ઘટતી સંભાલ રાખશે. પણ અરે! હું મારી ધારણામાં નાઊમેદ થઈ. મારી સાવકી મા મારી તથા મારા નાહાના ફલુની કાંઈબી દરકાર કરે નહી. દરકાર કરે નહીં એટલુંજ નહી પણ મારા બાવાજી હમારી ઊપર હેત કરે તે દેખી શકે નહીં. ધીમે ધીમે મારી સાવકી માને ખાતર મારા બાવાજી પણ હમારી ઊપર હેત ઓછું કરવા લાગા.

"મને મારા પોતાના કરતાં મારા નાહાના ફલુને વાસતે વધારે દુખ થવા લાગું. મારો નાહાનો ફલુ રડે તો તેનીબી કાંઈ દરકાર મારી સાવકી મા કરે નહી: મારા નાનકડા ફલુને વાસતે ખાવા પીવાની તજવીજણી મારી સાવકી મા રાખે નહીં. હરએક વાતમાં તે મને અને મારા નાહાના ફલુને ધમકાવે. મારો નાહાના ફલુને ભુખ લાગે અને હું મારી સાવકી માને કહું કે 'માજી ફલુ ભુખો થયોછે' તો મારૂં બોલવું કાન ઊપર ધરે નહી. તારે મારા પેટમાં ઘણોજ ઊબાપો થઈ આવે અને મને મારી મરણ પામેલી મા યાદ આવે. જારે મારો નાહાનો ફલુ રડે તારે હુંજ તેને

મુગો રાખું, હુંજ તેને રમાડું, બાવાજી દર મહીને રૂપીઆ અરધો મને ખરચવા વારૂ આપે તેમાંથી હુંજ તેને વાસતે કાંઈ ખાવાનું મંગાવું. મને જારે તારે વીચાર થાએ કે શું! બધાં છોકરાંઓની સાવકી મા આવી ખરાબ નીકળતી હશે? અરે સાવકી માના દીલમાં શું ઈશવરે દયા નહી મુકી હશે. એવા એવા ઘણા વીચાર મારા મનમાં ઊતપંત થાએ.

"થોડા દીવસ ઊપર મારા ફલુને તાપ આવી, હું તેના બીછાના આગળ બેસીને બેસી રહું; પણ મારી સાવકી મા જાણે જાણતીજ નહીં હોએ, એવી રીતે બેસીને ચીકન ભરેઆ કરે. મારા નાહાના ફલુનું દુખ જોઈ, મારી આંખમાંથી આંસુ ખરે. અને જારે મારી મરણ પામેલી મા ઈઆદ આવે તારે મારાં આંસુનો તો પારજ નહી. હજુર હમારા પડોશી બંલા કે મને તથા મારા નાહાના ફલુને પેઆરથી બોલાવે. કાંઈ નવું ખાવાનું કીધું હોએતો હમોને આપે. પણ અરે કોઈ પણ દીવસે મારી સાવકી માએ હમારી ઊપર હેત કીધું નથી. હું તેણીના હુકમમાં રેહુંછું, જે કેહછે તે હું કરૂછું. હું તેની ધમકી ખમુછું. કોઈ કોઈ વખતે ગાળો ખાઉછું. ઘરનું કેટલું એક કામ કરૂછું. તોપણ અરે તેણીને મનથી કાંઈજ નહી. કોઈ દીવસ દલગીરીમાં અને દલગીરીમાં હું ભુખી સુઈ ગઈ તો તેની દરકાર મળે નહી. મારા બાવાજી મારી દયા ખાઈને ઊઠાડવા આવે તો તેબી તેણીને પરવડે નહી. અરે હું શું કહું: મારી મા મને વારેવાર ઈઆદ આવેઆ કરેછે અને જારે ઈઆદ આવેછે, તારે મારી આંખમાંથી આંસુઓ ખરેછે.

"હું બરાબર નીશાળે આવી શકતી નથી તેનું કારણ પણ એજછે. મને ભણવાની ઘણી હોંશછે પણ મારી ગેર હાજરીમાં મારા નાહાના ફલુની દાદ ખબર લેનાર કોઈ મલે નહી. તે હજુર પાંચ વરસનું બચું થયું નથી તેની ઊપર એટલી બધી અદેખાઈની નજર મારી સાવકી મા શા વાસતે રાખતી હશે. અરે મારી મા! મારી વાહાલી મા! તું મરણ પામી નહીં હોત તો મારા તથા મારા નાહાના ફલુના આવા હાલ થાત નહી." એમ બોલતાં બોલતાં તથા ડુસકાં ખાતાં ખાતાં શીરીન રડી પડી.

આવો દેખાવ જોઈ મેહતાજીને તથા કેટલીએક છોકરીઓને ઘણી દયા ઊપજી. કેટલીએક છોકરીઓના દીલમાં એટલું તો એ વાત સાંભલીને થઈ આવી કે તેઓની આંખમાંથી આંસુ ભરાઈ આવેઆં.

આ વાત વાંચીને કોના દીલમાં શીરીનની હાલત વીશે દયા ઊપજી નહી હશે. કોઈબી નાહાના બાલકને મુકીને તેની મા મરણ પામશોમાં, એવું આપણે સરવ શકતીમાન ઈશવર પાસે માંગીએછે. તોપણ કદાચ કોઈ નાહાના બાળકની મા મરણ પામી હોએતો શું તેની સાવકી માને લાજમછે કે તેની બરદાસ કરવી નહી? અને તેની ઊપર અદેખાઈથી જોવું? નાં કોઈબી સાવકી માને પોતાના હોરમાન બાળક ઊપર કરડી નજર રાખવી ઘટતી નથી. જેઓ કરડી નજર રાખેછે અને તે બાલકોને પોતાના બાલકો કરી સમજતા નથી તેઓ ઊપર ઈશવરનો અતીશે કરોધ ચહડેછે અને તેવી સાવકી માતાઓ ઊપર ઈશવર કદી દયા કરવાનો નથી.

અરે વાંચનારી બેહનો અને વાંચનારી માતાઓ! તમો કોઈ બાળકની સાવકી મા હોવ તો તમો એવુંજ સમજજો કે તે બચાંઓની ખરી માની જગો ઊપર ઈશવરે તમને મુકેલાંછે અને જેવી બરદાસ અને ચાકરી તમો તમારા પોતાના બચાંની કરો તેવીજ બરદાસ અને ચાકરી તમારા હોરમાન બચાંઓની કરો. તેઓની ઊપર તમે અદેખાઈ ના રાખો. તેઓ તદન બેસમજ, અને નીરઅપરાધીછે; તેઓની ઊપર કરડી નજર અને અદેખાઈ રાખેઆથી તમારૂં કોઈ જોહાનમાં ભલુ થનાર નથી. નીરબળ અને નીરઅપરાધી બાળક ઊપર અદેખાઈ અને કડવી નજર રાખેઆથી તમારૂં દીલ કરૂર અને ઘાતકી માલુમ પડેછે અને તે તમારી અબળા જાતને છાજતું નથી. તમે એવું જાણજો કે તે તમારા પોતાની તનથી પેદા થએલાં બાળકો છે અને તેઓની સંભાલ માટે તમે પેદા થએલાંછો. તમારે પેટેબી બીજાં બાળક જનમેઆ હોએતો તેઓ વચે અને તમારા હોરમાન બાળકો વચે તફાવત રાખશોમાં. જેવાં તમો તમારા બાળકને ચાહો તેટલાંજ તમે તમારા હોરમાન બાળકોને ચાહો. તમો પોતેજ હોરમાન બાળકોની જગાએ હોવ અને તમને પોતાને કેટલું લાગે તેનો વીચાર કરો. જે ઈશવરે તમારા હાથમાં તઈઆર બાળકો મુકેઆંછે તે ઈશવરનો તમો આભાર માનો અને તેઓની ખરી માં લેખે સંભાલ લેઓ, ઈશવર તમને સારી બુધી આપે અને તમો તે-

મારા હોરમાને બાળકોને ખરા તનના બાલક કરી સં
મજો એવી હમારી તેં કીરતાર આગળ પરારથનાછે.

## મેરી નામની એક કુલવાન છોકરીની વાત.

ઈંગલંડના ઊતર ભાગમાં ઈસ્કાટલાંડ નામે દે
શછે તે મધે એક સુંદર ગામડામાં અરલ મારચ નામે
એક મોટો અમીર રેહેતો હતો. એ અમીરને મેરી ના
મે એક છોકરી હતી અને તે અમીરોના રેવાજ પરમા
ણે લેડી મેરીને નામે ઓલખાતી હતી. એ છોકરી ઘ
ણીજ ખુબસુરત હતી. જારે તે લાએક અને પુખત ઊ
મરે આવી તારે ઘણાએક મોટા મોટા અમીરે તેની
ખુબસુરતીની તારીફ સાંભળી તેને જોવા આવતા હતા
અને તેઓ તેની સાથે પરણવાની ઈછાએ તેણીનો પે
આર મેળવવાને ઘણી કોશેસ કરતા હતા. પણ એમા
ના કોઈનીબી સાથે તેણીએ મોહોબત કરવાને ઈછા દે
ખાડી નહીં. એ બિનાવથી લેડી મેરીના માબાપ વી
ચારમાં પડેઆ કારણ કે જે અમીરો લેડી મેરીને મળ
વા આવતા હતા તેમાંના કેટલાક ખુબસુરત, સારા ખાં
નદાનના અને મોટી દોલત ધરાવનારા હતા. લેડી મે
રીની માએ બાબત ઘણી તપાસ કરવા લાગી અને
એક દાહાડે તેણીને કેટલાક ચીનહો ઊપરથી ધારવામાં
આવીઊં કે મારી છોકરી 'તશીલો' નામના એક ગરી
બ જાગીરદાર ઊપર પેઆર રાખેછે તેથી તે ઘણી ફ્ક
રમાં પડી. અમીર અને તેની ઓરતે પોતાની છોકરી
ને તશીલો વીશે પુછીઊં તથા તેણીએ પરણવા ધારેલા
શખસનું નામ જાહેર થએઆથી તે હસીને ઘભરાટમાં
પડી તેથી તેણીની માંને તેણીની કલપના વીશે ખાત
રી થઈ. થોડા દાહાડા પછી એ બાબતનો શક તદન
દુર થએઓ. કારણ કે તશીલોએ લેડી મેરીની સાથે લ
ગન કરવા સારૂ તેણીના મા બાપને કેહણ મોકલી તે
ઓની પરવાનગી માંગી અને તેને માટે તેણે કારણ
એવું જણાવીઊં કે લેડી મેરી અને હું એકબીજાને
અતીઘણા ચાહીએછે. તશીલો આબરૂદાર ખાનદાન
નો હતો પણ તેને ખેતાબ અથવા પઈસા નહીં હતા તે
થી અમીર અને તેની ઓરત તેને પોતાની છોકરીને
માટે લાએક વર ગણતા નહતા એથી કરીને લેડી
મેરીના મા બાપે ગુસો કરી તેણીને પોતાની હજુરમાં
બોલાવી ખુબ ધમકાવી અને કહીઊં કે તેં હમારી રે
જા વગરે તરાએત શખસની સાથે મોબત શું કરવા કી
ધી ? વળી તેણીને બીજુંએ પણ જણાવીઊં કે તશી
લોની સાથે નહીં પરણાવવાને હમે ઠરાવ કીધોછે માટે
તેને વીશે તારા મનમાંથી સઘળો ખેઆલ કાહાડી ના
ખવો. તે વખતે મોટા કુટંબની છોકરીઓ પોતાના
મા બાપની મરજી રાખવા અને ખાનદાનની મોટાઈ
વધારવા પોતાની ઈછા અને પેઆર એક કોરે મુકતી
હતી તેથી કરીને લેડી મેરીએ પોતાના મા બાપને વ
ચન આપીઊં કે તમારી પરવાનગી વગર હું લગન
કરનાર નથી. આવી રીતે લેડી મેરીએ પોતાની મર
જી વગર પોતાના મા બાપને કબુલાત આપી પોતાની
ઈછાનો અટકાવ કીધો. પણ તે વખતથી આ દુનીઆ
તેણીને કડવી અને અકારી દીસવા લાગી.

અમીર અને તેની ઓરતે એવું ધારીઊં કે હ
મારી છોકરી ઠેકાણે આવી તેથી તેઓએ તશીલોને ઘ
ણી મગરૂબીથી જણાવીઊં કે લેડી મેરી પોતાની સુધ
માં આવીછે માટે તારી સાથે પરણવાને કદી કબુલ કર
નાર નથી. આ જુવાન પુરૂશ લેડી મેરીને ઘણોજ ચા
હતો હતો તેથી કરીને ઊપલા જવાબથી તે એટલો બ
ધો નીરાશ થઈ ગયો કે અમીરથી મળેલુ અપમાન
તથા તેની છોકરી ઊપર તેણે કીધેલો પેઆર ભુલી જ
વાને માટે તેણે પરદેશની મુસાફરીમાં રખડી પોતાના
જીવને આસાએશ આપવાનો ઠેરાવ કીધો. આવી રી
તે માણસ પોતાના શરીરના બળથી પોતાની દલગી
રીનો અટકાવ કરવાને કેવાં સખત ઊપાઓ કામે
લગાડેછે ? દુનીઆં ઊપરના મોટા મોટા "રસતા," અને
દુનીઆ ઊપરના સારા સારા દેખાવ, માણસની નજ
રે ખુલા પડેલાછે. દુનીઆની તરેહવાર અને લલચા
વનારી મોજનો પેઆલો માણસની આગળ તઈઆર
છે અને જોકે વીચાર અને ડાહપણના ઊપઓગથી તે
પેઓલામાંનો કંઈ છાકટો થઈ જાએ એટલો પીતો ન
થી તોપણ તે કેફથી કરીને તેને તેના દુખથી થોડી ઘ
ણી આસાએસ મળેઆ વગર રેહેતી નથી. પણ ગરી
બ બચારી ઓરત પોતાની કમ કુઊવતને લીધે પોતા
ની ઊપર પડેલી દલગીરી અને દુખનો નીવારણ આ
વી રીતે કરી શકતી નથી. તે પોતાની દલગીરી છુપા
વવા હમેશ એકલી જઈને બેસેછે અને તાંહાં જેટલું ર
ડી શકાએ તેટલું રડેછે. તથા આવી રીતે રડી રડીને

વારે ઘડીએ દરદનો ભોગ થઈ આ દુનીઆ છોડી ચાલતી થાએછે.

તશીલો, ઈસકાટલંડ છોડીને જતો રહેઓ તારે લેડી મેરીના મા બાપ વધારે રાજી થએઆ. તેઓ એટલું સમજતા નહીં હતા કે તેઓની છોકરીના મનમાંથી તસીલો વીશેનો વીચાર તદન જતો રહેઓ નથી. ને વીચારથી નીરાશ થઈ ગઈ અને થોડી ઘણી ફીકી મારી ગઈ. તેણી પોતાના મા બાપનો હુકમ માનતી હતી તેથી કરીને તેઓએ પેહલાંતો તેણીને વીશે કાંઈ દરકાર કીધી નહીં પણ જારે છોકરી ઘણીજ માંદી જેવી જણાઈ તારે તેઓ તેને પેઆર અને મોહાબતથી બોલાવા લાગા. એ હેતની અસર તેની ઊપર થોડીજ થઈ. તે પોતાના મા બાપના હુકમથી સગા આશનાંઓ અને ઓલખીતા પાળખીતાઓને મળવા જતી હતી ખરી પણ તેથી કરીને તેને કાંઈ ખુશી ઊપજતી હતી નહીં. તે પોતાની દલગીરી અને દુખ સંતાડવાને વાસ્તે ઘણીજ હીમત રાખતી હતી, પણ એટલામાં તેણીના મા બાપે તેને એક બીજા શખસ સાથે પરણવાનું કહીઊં અને તે બાબત કંટાલો આપવા લાગા તેથીતો તે છેક ના હીમત થઈ ગઈ, અને મા બાપની મરજી રાખવાને સગાં વાહલાંને હલવા મળવા જતી હતી પણ તે હમણાં તદન માંડી વાળીઊં.

મા બાપની મરજી પરમાણે અને તેઓએ પસંદ કીધેલા વરની સાથે છોકરીએ પરણવાની ના પાડી તેથી લેડી મેરીની ઊપર તેની મા ઘણીજ ગુસે થઈ અને તેની ઊપરથી પોતાનો સઘળો પેઆર ઊતારી નાખેઓ. લેડી મેરી પણ એવી ચાલથી કંટાલી ગ… પોતાના ઓરડામાંજ આખો દીવસ બેસી…

ટી ગેર હાજરીમાં … બાપને દસ પંદર દાહાડે …
નાર કોઈ મલે નહી. તે … દલગી…
નથી તેની ઊપર એટલી બધા અદેખાઈની
મારી શાવકી મા શા વાસતે રાખતી હશે? અ
ી મા! મારી વાહાલી મા! તું મરણ પામી ન
તતો મારા તથા મારા નાહાના ભઈના આવા
ાત નહી." એમ બોલતાં બોલતાં તથા દચકાં
ખાતાં શીરીન રડી પડી.
આવો દેખાવ જોઈ ગેહલોજીને તથા કેટલીએક
ઓને ઘણી દયા ઊપજી. કેટલીએક છોકરીઓ

રાઓ જે નજરે પડેછે તથા જમીન ઊપર ખુબસુર અને ખુશબોદાર ફુલો ઊગેછે તે વીશે લેડી મેરી, જાણી દરકાર કરતી હતી નહીં. હવે લેડી મેરીના દરદીમાં ફીકરની સાથે દરદે ઘર કીધું અને તેણીની મને દાસીની મારફતે ખબર પડી કે લેડી મેરીને ઊ… મુદલ આવતી નથી.. એ વાત સાંભલી માને પોતાની છોકરીની જીંદગી વીશે ધાસતી લાગવા લાગી. પોતાના બાલક ઊપર દયા ઊપજી. છોકરીને બીજાશાંથી સુખ થનાર નથી એમ પકુ ધારીને તેણીએ પોતાના વર અરલ મારચને સમજાવી. તશીલોને આવવા સારૂ માણસ કાહાડેઆં. એ વાત, વીશે તેણએ લેડી મેરીને જાણ કીધી. મોહાબતની જુની તેને ઈઆદ આવેઆથી ખુશી થઈ અને થોડા દહા સુધી તેના શરીરે આરામગી થવા લાગો. તેનો ચેરો તેજ મારવા લાગો, પણ તે ચેહરો મોતની ખુ…તીનો હતો એવું તેણીની અણસમજ માના સમજમાં આવીઊં નહી.

તશીલોની પાછલ માણસ મોકલેઆં. તેઓના વાળ આવવાનો વખત ટલી ગએઓ, અને દાહાડા પર દાહાડા જવા લાગા પણ હજીર કાંઈ જવાબ …વેઓ નહીં. લેડી મેરી નબલી અને નબલી થતી …ઈ અને અંતે, ચાલવાને અથવા ઊભી રેવાને …માં જરાબી શકતી રહી નહીં. છેલે ખબર આવી …માં એટલે સુધી જણાવેલું હતું કે તશીલો ફલાણે …ખતે આવી પોંચશે. જારે તેનો વખત નજીક …ઓ તારે લેડી મેરીને હોસ છુટઓ અને તેણીએ …ના મોટા દરવાજા ઊપરના દીવાનખાનામાં પે… લઈ જવાનું કહીઊં. તાંહાં તે તશીલોને મળવા…

…ઓની સંભાલ ખેઠી. ઘણો વખત ગયો, અને
મારે પેટની બીજાં બાળકનેઓ પણ તશીલો કાંઈ જણ
ચે અને તમારા હોરમાન … અને લેડી મેરીએ
શોમાં જેવા તમો તમારા … માં તેણીને કોને એવતો
ભિ તમારા હોરમાન બાળ અવાજ તેની માના
હોરમાન બાળકોની જગાએ એમ અવાજ તશીલોના
કેટલું લાગે તેનો વીચાર કરો રવાજા આગલ આવી
થમાં તઈઆર બાળકો … તશીલોને દરથી
આભાર માનો અને તેઓની … હાથ કરીને
સેઓ. ઈશ્વર તમને સારી ખુશી … તથા કોટ
જમીન ઊપર

ણીના મગજમાં ચહડી ગયું અને તે તદન બેસુધ થઈ ગઈ. તસીલો ઊપર આવેછે તેટલામાં તેણીનો પરાણ નીકળી ગયો. ગરીબ બીચારો તસીલો પોતાની માસું કને ઓલખી શકેઓ નહી અને તેણીને મરણ પામેલી જોઈને તે તદન ગભરાટમાં પડેઓ અને આંખમાં એક દમ આંસું લાવી રડી પડેઓ.

આ વાત વાંચીને મેરીના મરણથી જેવી આપણને દલગીરી ઊપનેછે તેમજ બીજી તરફ આપણને એક અગતની શીખામણ મલેછે. તે એકે મા બાપોએ પોતાના છોકરાંઓના લગનનો અખતીઆર છોકરાંઓનાજ હાથમાં રાખવો ઘટેછે. અને બચપણથી તેઓના ગલામાં લગનનું જોતરૂ વળગાવવું જોઈતું નથી.

---

## બાહાર પરાંતનો જાણવાજોગ હેવાલ.

બેહેનો, બાહાર નામનો પરાંત બંગાલ પરાંતની આથમણ બાજુએ આવેલોછે અને તે બંગાલ ઈલાકાનો એક મોટો ભાગ ગણાએછે. બાહારની ઊતર દીશાએ નેપાલની હદછે, દખણ દીશાએ ગંદવાણા નામનું એક હીંદુ રાજછે, પુરવ દીશાએ બંગાલ પરાંતછે અને પશ્ચીમે અલાહબાદ, અઉદ અને ગંદવાણાની હદ આવેલીછે. એ પરાંતની લંબાઈ ૩૫૦ માઈલ તથા પોલાઈ ૭૫ માઈલનીછે. બાહાર પરાંતનો વીસતાર ૨૬૦૦૦ ચોરસ માઈલને આસરેછે અને તેમાં નાહાના પરગણા ઘણા આવેલાંછે.

બંગાલ ઈલાકાના સઘળાં પરાંતોમાં બાહાર પરાંત મધે ખુદરતી શંભેલા વધારે જોવામાં આવેછે. એ પરાંતની હવા મધીઅમછે; જમીન ઊંચી, ફલવંત અને રસાલછે. એ શીવાએ એ પરાંત એવી રીતે આવેલોછે કે બંગાલા અને વાવીઅખુણા વચેનો વેપાર જાણે પોતાને કબજે કરી લીધો હોએ. એ ખુદરતી શંભેલાને લીધે એ પરાંત હમેશ સારી આબાદાની ભોગવેછે. ઊનાલાની અંદર બપોરની વખતે લુ (એટલે ગરમ પવન) ફુકેછે પણ સાંજના ઠંડો પવન વાએછે. સીઆલામાંનો એ પરાંતના લોકો અને ઘણુ કરીને તાંહાં વસનારા ઈંગરેજો ઘણીજ સારી સુખકારી ભોગવેછે.

એ પરાંત મધે ખેતી, કારખાના અને વેપાર હમેશ જારીછે. અફીણતો તાંહાં પુશકલ પાકેછે. બંગાલ ઈલાકા મધેથી અફીણની નીકાસ થાએછે તેનો મોટો ભાગ બાહાર ખાતેથી આવેછે. સુરાખારના કારખાના પણ ઘણે ઠેકાણે જોવામાં આવેછે. કપડું તો સઘળે ઠેકાણે વણાતું નજર આવેછે. એ શીવાએ એ પરાંત મધે અનાજ, ખાંડ, ગુલી, મેવો, અને અતરબી બનેછે. બાહારના ચોખા ઘણા વખણાએછે અને બીસખતીને નામે ઓલખાતા ચોખાને માટે કલકતાના બાબુઓ મોટી કીમત આપેછે. બાહારના ગુલાબ અને અતરની સારી કીમત ઊપનેછે. બાહાર અને બનારસ મધે અફીણ પાકેછે તેનો વેપાર સરકારનેજ હાથછે અને તે સઘળો તઈઆર થએઆંથી કલકતા મધે જાહેર લીલાંઊ કરીને વેચવામાં આવેછે. અફીણ કાહાડવાની રીત એછે કે પાકની મોસમમાં ખસખસના દોડાં તઈઆર થએલાં માલુમ પડે એટલે તેને સાંજની વખતે લાંબો કાપ મુકેછે અને બીજી સવારના જે અફીણ નીકળેછે તે એકઠું કરેછે. વળી બે તરણ દાહાડે તેજ દોડાંને બીજે ઠેકાણે કાપ મુકેછે અને સવારના અફીણ નીકલીઊ હોએ તે લઈ લેછે. એવી રીતે જેવું દોડું તે પરમાણે તેને તણથી પાંચ વખત છરા મારવામાં આવેછે. પણ અફીણનો પાક ઘણુ કરીને દોહોડ મહીનાવેર ચાલેછે. અફીણનાં દોડાંને છરા મારવાથી ખસખસ એટલે અફીણનાં બીઆંને કાંઈ નુકસાની થતી નથી. ખસખસ અફીણનો પાક કરવામાં કામે આવેછે અને આપણા લોકો કેટલીક તરેહની મીઠાઈમાંબી વાપરેછે.

બંગાલ ઈલાકા મધે ગંગા નદીની મોટી અને ઘણી શાખાઓને લીધે સમુદરનું પાણી મીઠું થઈ ગયાને લીધે તાંહાંના લોકોને તેમજ વાવીઅ ખુણા મધે ઘણેક ઠેકાણેના લોકોને નીમકની મોટી તંગાસ ભોગવવી પડેછે. કેટલાક પરગણા મધેતો રજપુતસથાન મધે સંભર નામના સરોવરમાંથી નીકલતું મીઠું પુરૂ પાડવામાં આવેછે. બાહારના લોકોપણ અસલ સંભર સરોવરનું મીઠું વાપરતા હતા. પણ હમણા તેઓને બંગાલ ખાતેથી મીઠું પુરૂ પાડવામાં આવેછે, અને મુંબઈથી પુશકલ વાહાણો ભરીને બંગાલ તરફ મીઠું મોકલવામાં આવેછે.

બાહાર પરાંત મધેથી ગંગા, સોન, ગંડક, અને દમોદા નામની નદીઓ પસાર થાએછે અને તેમાં ગંગા નદી સઊથી મોટીછે. એ શીવાએ કરમ નાસા અને દેવા નામની નદીઓ બાહારના સીમાડા ઊપર આવેલીછે. જમીનને હોજથી પાણી પુરૂ પાડવામાં આવે

છે પણ કોઈ કોઈ ઠેકાણે તલાવોખી ખોદેલાંછે. એ પરાંત મધે મોટાં શેહેરો પટણા, ચપરા, દાઊદ નગર, ગયા, અને મોંગીર, નામનાંછે. બાહારના કેટલાક લોકો કેફને વશ થઈ ગયાછે અને તેથી તેઓ ઘણી માઠી હાલતમાંછે. વળી બાહાર મધે કેટલેક ઠેકાણે હીંદુઓના તીરથ જાતરાની જગાછે અને તાંહાંના બરાહમણો ઘણા જુલમગારછે. તેઓ હમણા માઠી દશામાં આવી પડેઆછે.

હીંદુ શાસતરમાં એમ લખેલુછે કે અસલના વખતમાં બાહાર મધે ઊતર ભાગમાં મીથીલા અને દખણ ભાગમાં મગધ નામે બે રાજ હતાં. મગધ મધે જરાસંધ નામે એક રાજા રાજ કરતો હતો. એ રાજાને હીંદુસાસતરમાં અસુર (એટલે હીંદુ દેવતાઓનો દુશમેન અથવા જંગલી) કરીને લખેલોછે. જરાસંધ અને હીંદુઓના મોટા દેવ કરશન વચે વેર પડવાથી તેઓ વચે કેટલીએક લડાઈ થઈ હતી પણ કેહેછેકે જરાસંધને કોઈ જરા નામની માતાનું વરદાન હતુ તેથી કરીને તેને કાપીને બે કટકા કરી નાખતા હતા તોપણ પાછો જીવતો થતો હતો ! અંતે કરસન દેવ કંટાલી ગએઓ તારે પોતાના ફુઈઆઈ ભાઈ ભીમ પાંડવ (જે હીંદુઓનો મોટો બલવાન દેવ ગણાએછે તે) ને જરાસંધની સાથે લડવાને મોકળેઓ. ભીમ પાંડવે તેની ઊપર જીત કરી તેને કાપી નાખેઓ અને તેના બે કટકા એટલાતો દુર અને એવી રીતે ફેંકી દીધા કે તે પાછા સંધાઈ શકાએઆ નહીં. બાહાર મધે હીંદુઓના છ તીરથ એટલે ધરમની જગાછે, તેઓનાં નામ, ગએઆ, રાજગરીપા, વઈકુંઠ, લોહાદંડ અને ચેઆખન સુની. ગયા ખાતે હાલ વઈશનવ મતના હીંદુઓખી જાતરા કરવા જાએછે પણ અસલ એ જગા બુધ અથવા જઈન મતના મુળ પુરૂશ ગઊતમના જનમનુ ઠેકાણુંછે. બુધ મત એ જગાએથી ચાલેઓછે તોપણ એ પરાંતમાં જઈન મતના અથવા સાવક ધરમ પાલનારા ઘણાજ થોડા દીસેછે. જઈન મતનાં કેટલાંએક પુસતકો પણ માગધી અને પરાકરત બાશાઓમાં લખેલાંછે અને એ બાશાઓ ઘણુ કરીને એક સરખી ગણાએછે. દર વરશે આસરે એક લાખ જાતરાળુ ગયા ખાતે જાતરા કરવા જાએછે પણ જારે કોઈ હીંદુ રાજા તાંહાં જતો સંભળાએછે તારે કોઈ વખત બેલાખ માણસોખી એકઠા થાએછે. જાતરાળુ માણસો પાસેથી કર લીધામાં આવેછે તેની પેદાસ ખરચ બાદ કરતાં ઈંગરેજ સરકારને દર વરશે બે લાખ રૂપીઆની થાએછે. પણ ઈંગરેજ સરકાર કર લેછે તે કરતાં ગયાના બરાહમણ પોતાના જજમાનો ઊપર ભારે જુલમ ગુજારેછે અને તેટલા મારે સરકારને કાએદો કરવો પડેઓછે કે કોઈ શખસ પોતાના ગોર વીશે સરકારમાં ફરીઆદી કરેતો તે બરાહમણ પાસેથી સરકાર જુલમ કરીને કીરીઆ કરાવેછે અને જેટલી દખશણા જજમાનની આપવાની મરજી હોએ તેટલી તે બરાહમણને અપાવેછે.

બાહાર પરાંતમાં કોહોડનું દરદ લોકોને નડેછે તેથી પણ ખરાબીનું મુલ પેઠુંછે. એ દરદ બે પરકારનુંછે, એક પરકારથી ચામડી સફેદ થઈ જાએછે અને બીજાથી નાહના સાંધા અકડાઈ જાએછે. જારે એ દરદ કોઈને લાગેછે તારે ઘણુ કરીને તે પોતે પોતાને હાથે આપઘાત કરેછે. આપઘાત કરવાની રીત એકે તે પોતે મછવામાં બેસી પોતાની સાથે રેતીની એક ભારે કોથલી લઈ જારે મછવો નદીની વચો વચ આવેછે તારે તે કોથલી કમરે બાંધી નદીમાં ડુબી મરેછે.

બાહાર મધે લગન નાંહની ઊમરે થાએછે પણ જારે છોકરી પુખત ઊમરે આવેછે તારે તેણીના સાસરા મોટો ખરચ કરી તેને પોતાને ઘેર તેડી જાએછે. કેટલાક વરશ ઊપર વીધવાઓને સતી થવાની પરવાનગી આપવામાં આવતી હતી; અને એક વીધવા પોતાના પતીનાં મરણ પછી દસ વરશે સતી થઈ તેથી તેની મોટી તારીફ થઈ હતી. બાહારના ઘણાખરા હીંદુઓ રાધાવલભી કેહેવાએછે અને તેઓ કરસન દેવ તથા તેની ઓરત રાધાની પુજા કરેછે. એ હીંદુઓ પોતાના ધરમ પુસતક હાથમાં લઈને સોગંદ ખાએછે પણ ગંગાજલ (એટલે ગંગા નદીનું પાણી ) તુલસી; સાલગરામ, છાણ, અથવા ગાઓના પગની ધુલ હાથમાં લઈને સોગંદ ખાવાને ઘણોજ આંચકો ખાએછે. એક ચાલ ઘણીજ અજાએબ જેવીછે તે એ કે બાહારના ગોવાલીઆ એટલે ગાઓ ચરાવનાર દર વરશે દીવાળીને દાહાડે એક ડુકરના પગ બાંધી જાંહાં સુધી તે મરી જાએ તાંહાં સુધી તેની ઊપર પોતાના ગાએ ઢોર હાંકેછે અને ડુકર મરી ગએઆ પછી તેને રાંધીને ખાએછે. વરશમાં તેઓ કોઈબી બીજી વખતે ડુકરનુ માશ વાપરતા નથી.

## ઓરત જાતનો પેઆર.

દખણ અમેરીકા મધે લાપલાટા નામે એક ફળ વંત દેશછે. લાપલાટા શબ્દનો અરથ રૂપુ અથવા રૂપાની જગા કરીને થાએછે. તે નામ ઈસપાનીઅરડ લોકોએ પાડેલું છે. કારણ કે ઈસવી સન ૧૫૧૫ ના વરશમાં જારે એ દેશની શોધ થઈ તારે અને હમણા બી એ દેશ મધેથી રૂપુ પુશકળ નીકળતું માલુમ પડેલું છે. શોધ થઈ તેઆરથી તે ઈ. સ. ૧૮૧૮ સુધી એ દેશની માલેકી ઈસપેન દેશની સરકાર ભોગવતી હતી. પણ પાછળ લખેલે વરશે લાપલાટા દેશના વતનીઓ અને ઈસપેન સરકાર વચે લડાઈ થઈ તે લડાઈમાં તેઓ તે સરકારથી છુટા થએઆ.

લાપલાટા દેશના વતનીઓએ ઈસપેનથી છુટાપણુ મેળવેઆ પછી. તે દેશ મધે પરજાસતાક કારભાર દેરવવામાં આવેઓછે એટલે લાપલાટા દેશનો કારભાર કોઈ મુકરર રાજાથી નહીં પણ પરજાની સતાથી ચાલે છે. લાપલાટા દેશની રાજધાની બુએનોસ એરીસ (જે શબદનો અરથ સારી હવા થાએછે તે) નામે શેહેરછે. એ નામ પણ ઈસપાનીઅરડ લોકોએજ ઠેરવેલુંછે અને તેનું કારણ એવું જણાવવામાં આવીશ છે કે એ શેહેરની અને તેની આસપાસના કેટલાક માઈલ સુધીના પરગણાની હવા ઈસપાનીઅરડ લોકોને ઘણી પસંદ પડીછે

ઈ. સ. ૧૫૭૪ ના સાલમાં એ પરગણા મધે "લીરોપીઆ" નામે એક ઘણીજ ખુબસુરત અને સારા સવભાવની છોકરી રેહતી હતી. રીતજછે કે ખુબસુરત અને ભલી છોકરીની સાથે પરણવાને ઘણાજ ઈછા દેખાડેછે તે પરમાણે "લીરોપીઆ" નો પેઆર મેળવવાને ઘણા શખસોએ કોશેશ કીધી અને તેમાં દખણ અમેરીકાના કેટલાએક વતની સરદાર અને રોજાપણ હતા. તે સઘળાઓમાંથી "લીરોપીઆ" ને કોઈબી પસંદ પડેઓ નહીં. સતર વરશની ઊમેરે દખણ અમેરીકાની ઓરતો પરણી બેસેછે એટલુંજ નહીં પણ તેમને પેટે બે તરણ છોકરાંબી જનમેછે તે ઊમેરે "લીરોપીઆ" પોતી તાબી કુમારીજ હતી. પણ તે પાછળથી એક શખસની સાથે મોહોબતમાં પડી અને તે શખસ તેની મોહોબતને લાએકબી હતો ખરો. કારણ તે દખણ અમેરીકાની ટોલદીઓનો એક વખણાએલો સરદાર હતો અને તે સરદાર "ઈઆ દુઆબેઆ" ને નામે ઓળખાતો હતો.

લાપલાટા દેશ મધેની રાએઆડી જનેરો નામની નદીના કીનારા ઊપરની ટોલીઓના સઘળા સરદારો કરતાં ઊપલો સરદાર નાહનો હતો પણ તે ઘણોજ વખણાએલો હતો. મોટા મોટા જનાવરોનો શેકાર કરવામાં અને ઈસપાનીરડ લોકોની સાથે લડવામાં તેણે મોટું નામ મેળવીશ હતું. તે ઘણો ખુબસુરતતો નહીં હતો પણ ઘણો જોરાવર હતો ખરો. ઈસપાનીઅરડ લોકો સાથે કેટલીક લડાઈઓ કરી એવીતો બાહદુરી દેખાડી હતી કે તેની હીમત વીશે સઘળા લોકો અજબ થતા હતા. એક લડાઈમાં એ સરદારે "લીરોપીઆ" ના બાપને બચાવેઓ હતો અને એ બનાવથી તેણીએ તે સરદાર ઊપર ઘણોજ પેઆર દેખાડવા માંડેઓ. એ પછી તેઓ એક બીજાને ઘણાજ ચાહવા લાગા અને છ મહીના પછી લગન કરવાનોબી ઠેરાવ કીધો.

આ વાતને તણ મહીનાતો જતા રહેઆ પણ એટલામાં ઈસપાનીઅરડ લોકો અને લાપલાટાના વતની લોકો વચે પાછી દુશમની શરૂ થઈ. એક ઈસપાનીઅરડ સરદારે હાર ખાધી તારે તેણે પોતાના કરતાં એક વધારે હુશીઆરને પોતાની મદદે બોલાવેઓ. એ બેઊ સરદારે પોતાનું લશકર એકઠું કરી તાંહાંના ગામટીઓના શેહેરો ઊપર હોમલો કીધો. પેહેલાંતો વતનીઓ પોતાના ગામ છોડી નાસી ગયા પણ એ કદમ તેઓનાં એક મોટાં ટોળાંની સાથે ઈસપાનીઅરડોને લડાઈ કરવી પડી. વતની લડાએકોમાં "ઈઆં દુઆબેઆ" ઘણીજ હીમતથી લડતો હતો અને જાંહાં ઘણી ધાસતી માલુમ પડતી હતી તાંહાં તે ધસારો કરતો હતો.

તે ભાલા અને તળવારથી લડાઈ કરતો હતો: ભાલાથી તેણે ઘણાક જનને ઊરાડી નાખેઆ હતા અને તલવારના પેહેલા જપાટાથી ઈસપાનીઅરડ લશકરના એક મોટા અમલદારને તથા બીજા જપાટાથી ઈસપાનીઅરડોના એક મોટા પેહેલવાનને કાપી નાખેઆ હતા. પણ એટલામાં તેના જમણા હાથને બંદુકની ગોળી લાગી અને તેથી તે હાથ નકામો થઈ પડેઓ. એ બનાવથી તેણે પોતાની જીંદગીમાં પેહેલીજ વખતે દુશમનો તરફ પીઠ કીધી અને એક જંગલમાં

નાશી ગએઆ. તેની પાછલ કેટલાક ઈસપાનીઅરડો દોડેઆ અને એક જણાએ તેને પકડેઆ પણ ખરો. "ઈઆંદુબેઆ" તરફ એ ઈસપાનીઅરડ પોતાનો ભાળો ફેંકતો હતો પણ એટલામાં તે ભાલાથી છટકી તે સરદારે તે ઇસપાનીઅરડને પોતાને દાબે હાથે પકડીને નીચે પાડેઆ અને તેની ઊપર ચડી બેઠો. "ઈઆંદુબેઆ" નો હાથ પેલા ઈસપાનીઅરડની ગરદન ઊપર હતો અને તે તેને માંરી નાખવાની તઈઆરીમાં હતો, પણ એટલામાં એક ઓરત આવીને તેની પાસે ઊભી રહી.

તે ઓરત "લીરોપીઆ" હતી. "ઈઆંદુબેઆ" ની મોહોબત ખાતર તે લડાઈમાં આવી હતી. જંગલની અંદરથી તે તેની હીમત જોએઆ કરતી હતી. જારે તેણીએ તેને ઘાહેલ થએલો અને દુશમનોથી ઘેરી લીધેલો નાશીજતો દીઠો તારે તે તેની મદદે આવી. તે એવી વખતે આવીકે જારે તેને કાંઈબી મદદ જોઈતી હતી નહીં કારણ કે તેનો દુશમન તેની નીચે ચંપાઈને અધ મુઓ પડેઓ હતો. પણ તેણીના દીલમાં પેલા ઈસપાનીઅરડને માટે દયા ઊપજી. જારે તે આવતી હતી તારેતો તેણીના મનમાં ઈસપાનીઅરડનો જીવ લેવાનું હતું પણ જારે તે હારીને નીચે પડેલો હતો તારે તેણીએ તેને બચાવવાની મરજી કીધી. તે બોલી કે "આ માણસને છોડ અને એના સોબતીઓ પાસે જવા દે; એ જઈને તેમને કેહેશે કે આપણે તેમના જેવા ખુની નથી."

"ઈઆંદુબેઆ" એ તેણીની વાત માની. ઈસપાનીઅરડે તેને પગે પડી તેનો ઊપકાર માનેઓ. પણ તે ઈસપાનીઅરડે લીરોપીઆને દીઠી અને તેની મોટી ખુબસુરતી જોઈ અજબ પામેઓ. એ અજબના જોસામાં તેણે ગમે તેટલું દુખ ભોગવીનેબી લીરોપીઆને મેળવવાનો ઠેરાવ કીધો પછી જતો રેહેતો હોએ એમ ઢોંગ કરી પોતાનો ભાલો ઊંચકી લીધો અને "ઈઆંદુબેઆ" ની પીઠમાં સજર ભોકી દીધો.

"લીરોપીઆ" આ કમકમાટ ભરેલો દેખાવ જોઈ ઘણીજ ધાસતીમાં પડી અને થાંભલાની મીસાલે ઊભીજ રહી. પણ જલદીજ તે ઈસપાનીઅરડ આવીને તેણીનો ઘબરાટ દુર કીધો તથા તેને પગે પડીને કહીઊં કે "તારી ખુશી હોએતો હું તને પરણવા ચાહું છુ." એ વાત "લીરોપીઆ" ને સાંભળવાથી ગમી નહીં પણ જાણે કાંઈ સમજતી નહીં હોએ તે પરમાણે બોલી કે "હા, જે માણસને તેં વીશવાસ ઘાત કરી મારી નાખેઓ તેને આજ ઠેકાણે તું દાટે તે પછી હું તારી સાથે લગન કરૂં."

એ વાત પેલા ઈસપાનીઅરડે ખુશીથી કબુલ કીધી અને પોતાની તલવાર કાહાડી ગોર ખોદવા મંડી ગએઓ. જમીન નરમ હતી અને તે સીપાહી મજબુત હતો તેથી ગોર જલદીથી ખોદાઈ રહી. પછી તેણે તે ગોરમાં "ઈઆંદુબેઆ" ને નાખેઓ પણ તેની અગાઊ "લીરોપીઆ" એ તેની તલવાર ઊંચકી પોતાની છાતીમાં ભોકી દીધી. અને "ઈઆંદુબેઆ" ના શરીર ઊપર જઈને ગોરમાં પડી.

---

## રાખસી ભુખનો બાવો.

આજ કેટલાંએક વરસની વાત ઊપર આપણા દેશમાં એક બાવો અને તેનો ગુરૂ જુદાં જુદાં શેહેરો અને ગામડાઓ મધે ફરતા હતા. બાવો એવોતો રાખસી ભુખનો આદમી હતો કે કાચાને કાચા બકરા તમાસગીરની હજુર ખાઈને પોતાનું ગુજરાણ પેદા કરતો હતો. એક ઈંગરેજી અમલદારે એ બાવાની ભુખનો તમાસો પોતાની નજરે દીઠોછે અને ૧૮૩૩ ના વરસના "રાએલ એશીઆટીક સોસાએટી" ના પુસતક મધે પરગટ કીધોછે. તે હેવાલમાં જણાવેછે કે—

એક સવારના તે રાખસી ભુખનો બાવો પોતાના ગુરૂની સાથે તમાસગીરની વચે ઊભો હતો. તેની સાથે બે જીવતા મેંઢા હતાં. તમાસગીરો આગળ થોડું એક બાશાણું કીધા પછી પેલા મેંઢાને તેનું ઊન દાંતમાં પકડીને દાંત સાથે ઊચકી લીધો. એ પરમાણે એક-બે મીનીટ પકડેઆ પછી પોતાના ગોહડાને આંચકો આપીને તેને જમીન ઊપર ઊંધો નાખેઓ. ઊંધો નાખીને પોતાના હાથ વતી તેની ચામડી ઊખડવા લાગો. ચામડુ ઊખડવામાં કાંઈ તેને હથીઆરની મદદ લીધી નહી પણ પોતાના દાંત વતી ફાડીને ઊખેડી કાહાડી. તારપછી તેણે આંતરડાં કાહાડી અને પોતાનું માથુ તેના પેટમાં ઘાળીને લોહી પીવા લાગો. એકબે મીનીટ પોતાનું માથું તેના પેટમાં ઘાલીઆ પછી બાહાર કાઢીને પોતાના લોહી લુવાન પ

ઈંગએલા ચેહરા સાથે સઘળા તમાસગીરો તરફ જોવા લાગો.

તાર પછી તે બાકીનું ચામડુ ઊખેડવા લાગો. પાંસલીઓને છુટી કીધી; અને માથાને ગરદનથી છુટું કીધું. તાર પછી બકરાના સઘળા ભાગ એકઠા કરીને દરએક ભાગને ધુરથી ઘસવા લાગો અને એવું જણાવવા લાગો કે ધુર લગાડેઆથી લોહી સુકાઈ જાએછે જેથી ગોસને હાડકાથી છુટુ પાડવાને વધારે સવલ પડેછે. એવું કીધાથી ગોસની સાથે કેટલીએક ધુર વલગી રેહતી હતી તોપણ માસના લોંદાને લોંદા એમ એમ ખાઈ જતો હતો. ધુરની કાંઈબી દરકાર રાખતો નહી હતો. જારે સઘળું ગોસ ખાઈ રહેઓ તારે જમીન ઊપર બેસીને એક ઝાડનો રોપો લઈને તેનો રસ ચુસવા લાગો. એ ચુસી રહેઆ પછી પાછો ઊઠેઓ અને ચીત્રમાં દેખાડીઊંછે તેવી રીતે તે રોપો હાથમા લઈને તમાસગીરો આગલ બોલવા લાગો અને બીજો ખકરો તેજ વખત ખાવાની મરજી જણાવવા લાગો.

એની પાસે જે ઊંચો અને બુઢો શખસ ઊભેલોછે તે એનો ગુરૂ લાગે. એ ગુરૂની સાથે તેણે ઘણાએક વરસ મુસાફરી કીધી હતી. તેઓ જાતના બેહુ હીંદુ હતા અને રજપુસતાંનના રેહેવાસી હતા. ગુરૂ છ ફુટ કરતાં વધારે ઊંચો હતો અને તેના જણાવેઆ મુજબ તેની ઊમર ૧૦૦ વરસ કરતાં વધારે હતી. તેની ચામડીનો રંગ ઘણોજ કાળો હતો. માથા ઊપર દોરડાની પાઘડી પેહરતો હતો. તેની દાઢી ગુથેલીં હતી અને તે એટલી મોટી હતી કે છુટી મુકેઆ પછી જમીન ઊપર ઘસડાતી હતી. પણ તે ઘણુ કરીને દાઢીનો નીચેનો ભાગ પોતાના એક હાથમાં રાખતો હતો અને બીજા હાથમાં લાંબી લાકડી લઈને ચાલતો હતો.

એ રાખસી ભુખના બાવાની વાત આખા હીંદુસતાનમાં ફેલાઈ હતી. લખનોર શેહેરનો એક ઈંગરેજી અમલદાર જે તાંહાંની દરબારનો ઈંગરેજ સરકાર તરફનો આડતીઓ હતો તેણે એ બાવાને બીજા શેહેર મધેથી બોલાવી મંગાવેઓ હતો. તાંહાં કેટલાએક ઈંગરેજો તથા લેડીઓની હજુર બે કાચા મેંઢા ખાઈને તમાસો કરી દેખાડેઓ હતો.

---

## ગરભવાળી ઓરતો—સંગરા તથા ધાસતીની અસર.

( એક તબીબ મીતરથી મલેલું. )

જુવાંન તથા અધીર, હમેલદાર અથવા બીનહમેલ, જોરાવર અથવા નાજુક એ સઘળી પરકરૂતીવાળી ઓરતોને સંગરા મુકાવવાની ખોટી ટેવ પડેલી છે તેથી આપણા લોકો અનજાંણા નથી, પણ આ વાતથીતો ઘણા લોકો અનજાંણા હશે કે વગર કારણે સંગરાહ મુકાવીઆથી નુકશાંન થાએછે. તેમા વળી કેટલીક હમેલદાર ઓરતો હેવુંજ શમજેછે કે ઘરભ વખતે સંગરાહ મુકાવવાની જરૂરછે, તેથી તેમની તંદરોસતી રેહછે અને બાળક પણ જોરાવર પેદા થાએછે. આ વીચાર બીલકુલ ભુલ ભરેલોછે. હમેલદાર ઓરતને જરૂર પડીઆ વગર સંગરાહ મુકાવવી નહી જોઈએ અને તેમ કરવા માટે સારા તબીબંની સલાહ લેવી જોઈએછે. લોહી મુકાવવાથી ઘરભવાળી સ્રીને તથા તેના બાળકને નુકસાંન થાએછે. ઘણી વેળા નાજુક ઓરતો સંગરાહ મુકાવેછે પછી છોકરૂ હમેલમાથી ટુટી પડેછે અને આ માઠી ટેવ છોડી દીધાથી કુવતવાળાં બાલકો જનમેછે. વળી કમજોર ઓરતને જો હમેલ ન પડીઆ તો પણ તેનુ બાળક ઘણું મુરદાલ જનમેછે. આ પરથી સઘળી સદગુણી અને સાંણી ઓરતો સાતમાં અને આઠમાં મહીનામાં સંગરાહ મુકાવેછે તેથી પહરેજ રેહશે.

### મનની અથવા ધાસતીની અશર.

સારો અને હલકો ખોરાક, ખોલી હવામાં ફરવાની ટેવ અને ઢીલાં કપડાં તથા આંગ નીરમલ રાખવાની જેટલી ઘરભવાળી સ્રીને ગરજ છે તેટલીજ બલકે તે કરતાં વધારે ગરજ એની છે કે પોતાનું મન સથીર રાખે અને પોતાના હવસો તથા જુસાઓ પર દબાન રાખે. પોતાના મનપર કાબુ રાખવાથી ઓરત તથા તેના બચાંપર સારી અસર થાએછે. આપણને ખબરછે કે મનની અસર બદનપર થાએછે અને તેમને અતલગનો સંબંધછે. જો ઘણી ખુશી, ઊમેદ અથવા ગુસો પેદા થીઓ તો મનના જુસાઓને ઊસકેરણી મળેછે પણ જો તે જોસાઓપર દબાંન થાએછે તો દલગીરી, નીરાશ અને ધાસતી ઊપજેછે અને બદનના સઘળા કાંમોપર અસર થાએછે. ઘણી

ખુસાલી અથવા ધાસતીથી મોત નીપજેછે હેવું આપણા સાંભળવામાં કોઈ કોઈ વાર આવેછે. હેવા જુસાઓથી માતાની તંદરોસતી ઘટેછે. છોકરાંના ઊધરભાવ તથા કુવતને ધકો પોચેછે, અને જે નાજુક ગાંઠની સાથે તે ગરભ જોડાએલું હોએછે તે ભાગી પડેછે અને તેનો પ રાંણ જાએછે. જે સ્ત્રીએ પોતાના હમેલનો વખત ઘણી દલગીરીમાં અથવા ઘણા ગુસા તથા મીજાસમાં ગુજારી ઓ હોએછે તેનુ બાલક કમજોર અને બદનથી પીડીત હોએછે અને તેના નબલા સરીરપર દરદો સેકાર કરવા ને વીલમ લગાડતા નથી.

માટે સઘળી હમેલદાર ઓરતોને ઘટેછે કે પોતા ના મનપર કાબુ ચલાવે. આડા અટારા વીચારો અને ખીઆલો દુર કરે અને પેહલેથી વેહમ માલમ પડીઓ કે તેનો અટકાવ કરે. ધીરજ અને ખુસાલી સાથે પોતા નો ધંધો કરવાથી અને પોતાના બાલકના જનમપર આસા અને ભરૂસો રાખવાથી તેની તથા તેના બાલક ની સુખાકારીનો બચાવ થસે. તેણીએ ખુબ હુસીઆ રી રાખવી કે તેની તંદરોસતીપર બીજા પરાણીઓ આ દુનીઆમાં અવતરીઆ પછીનો આધારછે વાસતે તેની બેવકુફી અને ભુલથી તેનો બાંધો નબલો ન થાએ વી નહી અને એહનાં મારી દલગીરિ કરવી નહી

વળી કોઈ કોઈ ઓરતને હમેલમાં જલદી ગુસો ઊપજેછે અને જો કે તેનો અસલ મીજાસ નરમ અને મીઠો હોએછે તોપણ હમેલના વખતમાં બગડી જાએછે અને તે કજીઓ કરેછે તેવારે તેની દરગુજર કરવી અ ને તેને કંઈ પણરીતે દુખ દેવું નહીં. આ વાતની ખ બર ન હોવાથી ઘણા કુટંબોમાં કલેશ પેદા થાએછે.

## આંધલા અને અંધાપા વીશે કેટલીએક જાણવા જોગ વાતો.

બેહનો! આંધલાઓને જોઈને આપણા દીલમાં અતીઘણી દયા ઊપજેછે અને પરમેશવરે આપણને આં ધલા કીધા નથી તે માટે તે કીરતારનો અતીઘણો આ ભાર માનીએછે. આંધલાઓની હાલત જોકે ઘણી ભૂં ડી અને દયા ઊપજવા જોગછે તોપણ પરમ કરપાળુ ઈશવરે તેમની બીજી ઈંદરીઓમાં વધારે કશીવત ઉ કીધી છે. એક નામીચો ફરેંચ વીદવાન કેહછે કે આંધ લો માણસ કોઈજ વખત નવરો અને એકલો નીકળે. ઘણાં સાંબો વીચાર કરનારાઓ કબુલ કરેછે કે બી

ર તીરંદાજ એટલે તીર મારનાર ગણાતો હતો. એક બીજો તીરંદાજ કેહેછે કે "તીર મારવામાં એવો હુશીઆર હતો કે વીસ વખત ગોળી તાકવામાં તે બીજાઓથી સરસ નીકળતો હતો. તેની સાંભળવાની શકતી એવી બારીક હતી કે જારે નીશાણ પાસેથી કોઈ બોલતું તારે તે સેહેલાઈથી નીશાનને તાકી શકતો હતો."

આંધળા માણસોની ઈઆદદાસત કેવી સરસ હોયછે તે વાતનો વાંચનારી બાઈઓથી અજાણી હશે નહીં. હીંદુઓના "સુરદાસ" નામના આંધળા કવીને મોહોડે પોતાની બનાવેલી કવીતા તથા હીંદુ શાસતરના શલોક એટલાંતો મોહોડે હતા અને તેણે પોતાની કવીતા એવીતો સરસ બનાવી હતી કે તેની બરોબરી હાલ થોડાજ કવીઓ કરી શકેછે. "સુરદાસ" કવીનું નામ હીંદુઓમાં એટલુતો જાણીતું છે કે તેઓ હરેક હુશીઆર આંધલાને સુરદાસને નામે બોલાવેછે. ઈંગલંડ મધે એક આંધળો હતો તેણે બાઈબલ એટલે ખરીસતી ધરમ પુસતકનો ઘણોખરો ભાગ તથા એક બે બીજી આખી ચોપડીઓ પોતાને મોહોડે કીધી હતી. હાલ પણ અતરે તથા દેશાવરમાં કેટલાક આંધળાછે જે ઘણા સારા ગવઈઆ ગણાએછે. આંધળાઓને સારી ઈઆદદાસત હોએછે તેનો ઊપઓગ ચીન દેશ પાસેના જેપાન નામનાં ટાપુઓની સરકાર ઘણીજ સારી રીતે કરેછે; કેહેછે કે એ રાજમાં કેટલાક હુશીઆર આંધળાઓને પસંદ કરી અગતના સરકારી દફતર તેમને મોહોડે કરાવેછે.

હુશીઆર માણસોએ અંધાપાની કેટલીક ખોડ ઘણીજ ફતેહમંદીથી દુર કીધીછે. હુશીઆર લોકોને પોતાને માટે કાંઈ ઊપાઓ શોધી કાહાડવાને વીલમ લાગતો નથી. "સાંડરસન" નામના એક આંધળા ગણીત શાસતરીએ એક નાહનાં પાટીઆ ઊપર કેટલાક આંકડા લખી તેમાં ટાંચણી મુકવાની જગા કરી હતી અને તેથી કરીને તે ગમે તેવા કઠણ હીસાબ કરી શકતો હતો. એ શખશ બાર મહીનાની ઊમરે શીતલાના મરજમાં આંધલો થએઓ હતો પણ ગણીત શાસતરમાં તેણે એટલીતો હુસીઆરી મેલવી હતી કે તે આંધળો છતાં તેને ઈંગલાંડ દેશની કેંબરીજ ખાતેની મોટી મદરેસામાં ગણીત શાસતરનો 'પરોફેસર' એટલે મોટો શીખશગુરૂ ઠેરવવામાં આવેઓ હતો. તેણે સુરજ, ગુરહ, તારા, નખેતર જોએઆ નહીં હતાં પણ એ સઘળાં કેવા કાએદાથી ચાલેછે તે વીશે ઘણા ઊંતમ ભાશણ કરતો હતો. અજબ જેવું એછેકે રોશની અને સાતરંગી વરસાદની કમાન જે ચીજો વીશે આંધળાઓને વીચાર પણ આવે નહીં તેની ખુબીને લગતાં તેનાં ભાશણો ઘણા વખણાતાં હતાં. "હીઊબર" નામનો સુઈટ્ઝરલાંડનો એક ફીલસુફ આંધલો હતો તોપણ તેણે મધમાખ અને મધપુડા વીશે જે બારીક શોધો કીધીછે તે શોધો તેની મોટી હુશીઆરી અને ઊંડી ખુબી દેખાડેછે. એક વખતે એક બીજા વીદવાને તેની આગળ વગર ડંખની મધમાખો આણીને મુકી તારે તે વીચારમાં પડેઓ કે એવી મધમાખ મારા શોધવામાં કેમ નહીં આવી?

કેટલાક આંધલાઓએ ઘણીજ ચંચલાઈ અને મોટી હુશીઆરી દેખાડીછે. "મીલટની" નામનાં એક વખણાએલા આંધલા કવીની કવીતાઓ ઘણીજ વખાણાંછે. "મેટકાફ" નામના એક આંધળા ઈજનેરે સુંદર રસતા બનાવેઆછે. "ડેવીડસન" નામના એક આંધળા વીદવાને આંખની બનાવટ વીશે ઊતંમ ભાશણો કીધેલાંછે. "મોઆઈ" નામના એક આંધળા ડાકટરે રશાએણ શાસતર અને પરકાશ શાસતર વીશે ગનેઆન આપનારાં ભાશણ લખેલાંછે. "બલાક લાક" નામના એક આંધળા ગવઈઆએ ચાર ભાશાનો અભેઆસ કીધો હતો અને સારાં ગીત બનાવેઆં હતાં. "હાલમાન" નામના એક આંધળા મુસાફરે ઈંગલંડ છોડીને અમેરીકામાં પોતાનું નામ રાખીઊંછે. "પરેસકટ" નામનો એક ઈતીહાશ કરતા એટલે તવારીખનો લખનાર હાલ જીવતોછે; એ વીદવાન તદન આંધલો નથી પણ તેની આંખ એવીતો નબળીછે કે તેનાથી લખી વાંચી શકાતું નથી. તે છતાં તેણે જે તવારીખ અને રસાલા બનાવેઆછે તેથી ઈંગરેજી વીદઆરથીઓને ગનેઆન અને રમુજ મળેઆ વગર રેહેતી નથી. એ શીવાએ બીજા ઘણાક આંધળા થઈ ગએઆછે જેઓએ પોતાની ડાહપણ અને હુશીઆરી દેખાડી તારીફ મેળવીછે.

આંધલાઓમાં "સપરશ" કરવાની એટલે હાથ લગાડીને પારખ કરવાની ખુબી મોટી હોએછે. "સાંડરસન" નામનો ઊપર જણાવેલો ગણીત શાસતરી ખોટા શીકાને પોતાની આંગલીથી અથવા જીભથી પારખી કાહાડતો હતો. કોઈ કોઈ શખસનો અંધાપો જતો

રેહેછે તારે આપણા જોવામાં આવેછે કે થોડા મહીના શુધી તેને હરેક ચીજ તપાસવી પડેછે તે પોતાની આંખ વીચી હાથ લગાડીને તપાસેછે. કેટલીક વાતો તો એવી પણ સાંભળવામાં આવીછે કે કેટલાક આંધલાઓ હાથ લગાડેઆથી રંગની જાતખી કહી શકેછે પણ એ વાત ઊપર ઘણો ભરોસો આવતો નથી.

---

## તારાબાઈ.

એ ખુબસુરત સ્ત્રી શ્રી બેદનોરવાળા રાવ શુરતનની દીકરી હતી. ઈસવી સનેની, તેરમી સદીમાં સુલતાન અલાઊદીને એ રાજાના વડીલોને તેઓનાં અસલ વતનમાંથી કાહાડી મુકીઆ. તેઓએ મધીઅ હીંદુસથાનમાં જઈ બનાસ નદીને કાંઠે શ્રી ટોંકથોડાનું પરાંત પોતાને હવાલે લીધું. લીલા નામનાં અફઘાન સરદારે શુરતનના હાથમાંથી થોડાબી છીનવી લીધું. એ પરમાંણે એની દીકરી તારાબાઈ ઊમરની થઇ તે વેળા એ કબીલાના સવાધીનમાં માતરે બેડનોર નામની જગો રહેલી હતી. તારાબાઈનાં કુટુંબપર ગુજરેલી એવી મુશીબતથી તેનું દીલ ઊકળવા લાગું. તે જાતે ઘણી હીમતવાન હતી. પોતાના વડીલોની બાહાદુરી સાંભળી તેઓની કીરતી પાછી તાજી કરવાને તેને શુર છુટું. બાપના હાથમાંથી ગએલો મુલક જીતી આપવાને પોતાથી બનતી સઘલી કોશેશ કરવાને તેણે ઠરાવ કીધો. સ્ત્રીનો પોશાક તથા ધંધો એ કારણસર પડતો મેલીઓ. લડાઈનાં ઘોડાપર બેસવા તથા હથીઆરોનો ઊપીઓગ કરવા શીખી. એ હુનરોમાં તે જલદીથી એટલી હુશીઆર થઈ કે ચારે પગે દોડતે ઘોડે પીઠ તરફથી જાંહાં ચાહે તાંહાં આબાદ તીર મારવાને તેને કશું ડીકટ લાગતુંતુ નહી. તીર કમાંન બાંધી જલદ કાઠીઆવાડી ઘોડાપર બેસી પોતાના બાપના સેવકો સાથે અફઘાંનોની સામને લડાઈ કરવાને તે જવા લાગી. એ બેગાનાઓ પાસેથી થોડા પાછું હાથ કરવાને એ સ્ત્રી કરતાં એના કબીલાનાં કોઈ બીજાં આદમીઓ વધારે આરજુમંદ હતાં નહી. રાજસથાનના વડા રાજા રાના રાએમલના તીજા દીકરા જેમલે એ અબલા સાથે લગન કરવાને ઓલતેમાસ કીધી. તેના જવાબમાં એ કુટુંબ હીતકારી બાંનુએ તે રાજ કુવરને કેહવાડીઊં કે "થોડા પાછું જીતી આપ એટલે હું તારી થઈશ." તેણે એ શરત કબુલ કીધી. પણ તે બજાવવા આગમચ તારાબાઈને બાએડી કરવાની વેતરણમાં ફરવા લાગો. એ ચાલ તે મોહટાં મનવાળી બાઈને પસંદ આવી નહી. એના બાપને પણ તેની ચાલથી ક્રોધ આવીઓ માટે તે બાપે તેને જીવથી મારીઓ. મરનારનો પીરથીરાજ નામનો એક ભાઈ હતો. તે આ વેળા શ્રી મારવારમાં દેશનીકાળ થએલો હતો. તેણે કેટલાંક દેલાવરીનાં કામો કરી પોતાના રીશે ભરાએલા બાપનું મન મનાવીઊં હતું. તેને ભાઈના મરણની ખબર થઈ તારે તારાબાઈને પરણવાનું બીડું પોતે ઝડપીઊં. એ સરદારની મરદાનગી ઘણે ઠેકાણે જણાએલી હતી. બીજી પરકારેબી તે લાએકી વાળો પુરૂષ હતો. તારાબાઈએ એને ભરથાર માટે પસંદ કીધો. પોતાના બાપની સલાહ તથા પરવાંનગી લઈ એ બાઈએ તેની સાથે લગન કીધાં. લગન થવા આગમ તારાબાઈના માંગવાથી પીરથીરાજે સત ધરમથી એકરાર કીધો કે તારાનો બાપને એ સરદાર "શ્રી થોડા પાછું જીતી આપે નહીતો તે ખરો રજપુત નહી." લગન થયા પછી તારાબાઈએ ભરથારને ઈઆદ આપી કે તેણે પોતાનો કોલ પાલવો. શુરા પીરથીરાજે મોહરમના દીવસપર તે કામ માટે સવારી કરવાનો વીચાર રાખીઓ. પાંચસો શુરા સરદારોને લઈ તે કામ સારૂ ઠરાવેલે વખતે રવાને થવા નીકળીઓ. તે સમે તેની રૂડી બાએડી તેના ભએ તથા કીરતીમાં ભાગ લેવાને બજીદ થઈ. હથીઆરો બાંધી લડાઈનાં ઘોડાપર સવાર થઈ એ બાઈ ધણી સાથે ચાલતી થઈ. જે વખતે તાજીઆ ચોકમાં ઊતારેલા હતા તે વખતે એ શુરાં જોડાંની સવારી શ્રી થોડા જઈ પોહોંતી. સંધાં લસકરને બાહેર રાખી પીરથીરાજ તથા તારાબાઈ અને તેઓનો એક વીસવાસુ સવાર મલી તરણ જણા તુરત તે નગરમાં દાખલ થઆં. તાજીઆ અફઘાની હાકમના મેહલની નજીક આવીઆ તેટલાં એ તરણ જણાં તે સાથના લોકને જઈ મલીઆં. પેલો હાકમ પણ જલદીથી તે લોક સાથે ભેગો થયો. પેલાં તરણ બેગાનાં આદમી કોણ હતાં તે વીશે તે હાકમ પુછપરછ કરવા લાગો. તેવામાં પીરથીરાજના ભાલા તથા તારાબાઈનાં વીજલી સરખા તીરનાં જખમોથી તે તુરત ખાખ બરોબર થયો. એ મુખીઅ દુશમનને મારયા પછી તેઓ પાછાં પોતાનાં લસકર તરફ રવાંને થયાં. મારે ઘોડે જતાં હતાં તાંહાં દ

રવાજામાં એક ઓહરો હાથી ઊભેલો હતો, તેથી તેઓને અડચણ થઈ. તારાબાઈએ ચીત ઠેકાણે રાખી કરોબી ઘભરાટ થવા દીધો નહી. પોતાની તલવાર ખેંચી એ નામદાર બાનુએ તે ભારી જાનવરપર હુમલો કીધો. ખુબ ઝડપ કરી એક જખમ એવો કીધો કે તેની સુનનો ટુકડો છુટો પડીઓ. તે જાનવર અકળાઈને દરવાજા બાહેર નાહઠું. મારગ તુરત મોકળો થયો. તરણડે સવારો જઈ પોતાના સાથને મલીઆં. એ પછી તે સંધાંએ તે નગરપર હુમલો કીધો. સામને આવનાર અશ્ધાની લસકરને શીકસત દીધી. જેઓ નાહઠા તે ખંચીઆ. બાકીનાં પીરથીરાજ તથા તારાબાઈની બાહદુરીના ભોગ થયા. તારાબાઈનો બાપ પોતાની દીકરીની તદબીર, હીમત અને હુનરે કરી પાછો શ્રી થોડાનો માલેક થયો. મરનાર અશ્ધાની સરદારના એક ભાઈએ તે નગર પાછું લેવાને કોશેશ કરતાં જાન ખોયો.

એ પરમાણે થોડા લીધા પછી તારાબાઈ પોતાના ભરથાર સાથે ઘણાએક વખાણવા લાએક કામો કરતી રહી. તે ભરથારના સુખ તથા કીરતીનું એ બાઈ ઘણું કીમતી હથીઆર હતું. અરસ પરસના પેઆર અને મેદદથી તેઓની જીંદગી આનંદકારક રીતે ગુજરવાની ઊમેદ હતી. પણ તે જીંદગીએ તેઓને એવો આનંદ ભોગવવાને લાંબો વખત આપીઓ નહી. પીરથીરાજનાં એક ખેશે દગાથી જેહર ખવાડી તેનો જીવ લીધો. જે ધણીને પોતાનાં સંધાં સુખ દુખનો ભાગીઓ ગણતી હતી તથા જેને સદાનો પોતાનો સંગતી સમજતી હતી તેના મરણ પછી દુનીઆમાં જીવવાને તારાબાઈએ દીલ કીધું નહી. પોતાના લોકની રીત ગુજબ સતી થવાને તેણે દુરસત ધારયું. પોતાના વાહાલાની લાસને પોતાની ગોદમાં દાબી એ પતીવરતા બાંનુ બલી મુઈ. તારાબાઈ તથા પીરથીરાજની કીરતી રજવાડામાં ઘણી ફેલાએલીછે. એ સપીલાં ઘણી ઘણી આણીની તારીફની વાતો લોકો પેઆરથી કરેછે.

સદ્ગુણી સ્ત્રીઓ.

---

## સાંપને પાળવા તથા સાંપનો શેકાર કરવા વીશે.



ગારૂડીઓ તથા બીજા કેટલાએક લોકો સાપને પાળેછે. તેઓ મધેના ઘણાખરા એવુંજ કેહેછે કે હમો મંતર તથા જાદુના જોરથી સાપને પકડીને પાલીએ છઈએ. ગારૂડીઓ ભોલા લોકોને ઠગીને પોતાનુ પેટ ભરવા મારેઘણુ કરીને મંતરનોજ તથા જાદુનોજ ઢોકો રાખેછે. પણ સમજુ અને ચંચલ માણસો આગળ તેઓનો ઢોંગ ચાલી શકતો નથી તેથી તેઓની ઠગાઈ ઊઘાડી પડેછે. સાપ બે જાતનાં આવેછે—ઝેરી અને ઝેર વગરનાં. જે સાપો જેહેરી હોતા નથી તેઓને પકડીને પાળી મોટા કરવાનું કામ મુશકેલ નથી.

એક વીદવાન ઈંગરેજ કેહેછે કે "મારી પાસે ઘણાએક વરસ થયા એક સાપ હતો જે મને બીજા લોકોમાંથી તરત ઓલખી કાહાડતો હતો. જારે તે સાપને ટોપલીમાંથી છુટો મુકતા હતા તારે મારા હાથ ઊપર ચહડીને દગલીની બાંહીની અંદર વીટલાઈ જતો હતો. દરરોજ સવારના મારી પાસે આવીને દુધ પીવાની તેને ટેવ પડી હતી. કોઈ અણજાણ માણસે વચમા આવીને હરકત કીધી એટલે તરત નાહાસી જતો હતો." એક બીજો ઈંગરેજી લખનાર કેહેછે કે "મારા એક મીત્ર પાસે સાપ હતો તે ઘણુ કરીને મારા મીત્રની ખુરસી ઊપર વીટલાઈને સુઈ રેહેતો હતો. મારો મીત્ર જારે લખતો હતો તારે ટેબલ ઊપર લાંબો થઈને પડી રેહેતો હતો. તેને છુટો મુકતા હતા તારે ઘણુ કરીને ઘાસની ઊપર દોડવાને તથા પાણીમાં પડીને તરવાને તે વધારે પસંદ કરતો હતો."

એક ઈંગરેજની ઓરત પાસે એક સાપ હતો. જારે તે બોલાવતી હતી તારે તરત બાહાર નીકળતો અને તેણીની પછવાડે પછવાડે જતો હતો. તેણીના

રેહછે તારે આપણા જોવામાં આવેછે કે થોડા મહીનાં શુધી તેને હરેક ચીજ તપાસવી પડેછે તે પોતાની આંખ વીચી હાથ લગાડીને તપાસેછે. કેટલીક વાતો તો એવી પણ સાંભળવામાં આવીછે કે કેટલાક આંધળાઓ હાથ લગાડેઆથી રંગની જાતબી કેહી શકેછે પણ એ વાત ઊપર ઘણો ભરોસો આવતો નથી.

---

## તારાબાઈ.

એ ખુબસુરત સ્ત્રી શ્રી બેદનોરવાળા રાવ શુરતનની દીકરી હતી. ઈસવી સનેની, તેરમી સદીમાં સુલતાન અલાઊદીને એ રાજાના વડીલોને તેઓનાં અસલ વતનમાંથી કાડાડી મુકીઆ. તેઓએ મધીએ હીંદુસથાનમાં જઈ બનાસ નદીને કાંઠે શ્રી ટોંકથોડાનું પરાંત પોતાને હવાલે લીધું. લીલા નામનાં અફઘાન સરદારે શુરતનના હાથમાંથી થોડાબી છીનવી લીધું. એ પરમાંણે એની દીકરી તારાબાઈ ઊમરની થઇ તે વેળા એ કબીલાના સવાધીનમાં માતરે બેડનોર નામની જગો રેહલી હતી. તારાબાઈનાં કુટુંબપર ગુજરેલી એવી મુશીબતથી તેનું દીલ ઊકળવા લાગું. તે જાતે ઘણી હીમતવાન હતી. પોતાના વડીલોની બાહાદુરી સાંભળી તેઓની કીરતી પાછી તાજી કરવાને તેને શુર છુટું. બાપના હાથમાંથી ગએલો મુલક ઝીતી આપવાને પોતાથી બનતી સઘલી કોશેશ કરવાને તેણે ઠરાવ કીધો. સ્ત્રીના પોશાક તથા ધંધો એ કારણસર પડતો મેલીઓ. લડાઈનાં ઘોડાપર બેસવા તથા હથીઆરોનો ઊપીઓગ કરવા શીખી. એ હુનરોમાં તે જલદીથી એટલી હુશીઆર થઈ કે ચારે પગે દોડતે ઘોડે પીઠ તરફથી જાંહાં ચાહે તાંહાં આબાદ તીર મારવાને તેને કશું ડીકટ લાગતું તુ નહી. તીર કમાંન બાંધી જલદ કાઠીઆવાડી ઘોડાપર બેસી પોતાના બાપનાં સેવકો સાથે અફઘાનોની સામને લડાઈ કરવાને તે જવા લાગી. એ બેગાનાઓ પાસેથી થોડા પાછું હાથ કરવાને એ સ્ત્રી કરતાં એના કબીલાનાં કોઈ બીજાં આદમીઓ વધારે આરજીમંદ હતાં નહી. રાજસથાનના વડા રાજા રાના રાએમલના તીજા દીકરા જેમલે એ અબલા સાથે લગન કરવાને એલતેમાસ કીધી. તેના જવાબમાં એ કુટુંબ હીતકારી બાંનુએ તે રાજ કુવરને કેહવાડીઊં કે "થોડા પાછું જીતી આપ એટલે હું તારી થઈશ." તેણે એ શરત કબુલ કીધી. પણ તે બજાવવા આગમચ તારાબાઈને બોએડી કરવાની વેતરણમાં ફરવા લાગો. એ ચાલ તે મોહટાં મનવાળી બાઈને પસંદ આવી નહી. એના બાપને પણ તેની ચાલથી કરોધ આવીઓ માટે તે બાપે તેને જીવથી મારીઓ. મરનારનો પીરથીરાજ નામનો એક ભાઈ હતો. તે આ વેળા શ્રી મારવારમાં દેશનીકાળ થએલો હતો. તેણે કેટલાંક દેલાવરીનાં કામો કરી પોતાનાં રીશે ભરાએલા બાપનું મન મનાવીઊં હતું. તેને ભાઈના મરણની ખબર થઈ તારે તારાબાઈને પરણવાનું બીડું પોતે ઝડપીઊં. એ સરદારની મરદાનગી ઘણે ઠેકાણે જણાએલી હતી. બીજી પરકારેબી તે લાએકી વાળો પુરૂષ હતો. તારાબાઈએ એને ભરથાર માટે પસંદ કીધો. પોતાનાં બાપની સેલાહ તથા પરવાંનગી લઈ એ બાઈએ તેની સાથે લગન કીધાં. લગન થવા આગમ તારાબાઈના માંગવાથી પીરથીરાજે સત ધરમથી એકરાર કીધો કે તારાના બાપને એ સરદાર "શ્રી થોડાં પાછું ઝીતી આપે નહીતો તે ખરો રજપુત નહી." લગન થયા પછી તારાબાઈએ ભરથારને ઈઆદ આપી કે તેણે પોતાનો કોલ પાલવો. સુરા પીરથીરાજે મોહરમના દીવસપર તે કામ માટે સવારી કરવાનો વીચાર રાખીઓ. પાંચસો શુરા સરદારોને લઈ તે કામ સારૂ ઠરાવેલ વખતે રવાને થવા નીકળીઓ. તે સમે તેની રૂડી બાએડી તેના ભએ તથા કીરતીમાં ભાગ લેવાને બજીદ થઈ. હથીઆરો બાંધી લડાઈનાં ઘોડાપર સવાર થઈ એ બાઈ ધણી સાથે ચાલતી થઈ. જે વખતે તાજીઆ ચોકમાં ઊતારેલાં હતા તે વખતે એ શુરાં જોડાંની સવારી શ્રી થોડા જઈ પોહોતી. સંધાં લસકરને બાહેર રાખી પીરથીરાજ તથા તારાબાઈ અને તેઓનો એક વીસવાસુ સવાર મલી તરણ જણા તુરત તે નગરમાં દાખલ થઆં. તાજીઆ અફઘાની હાકમના મેહલની નજીક આવીઆ તેટલાં એ તરણ જણાં તે સાથના લોકને જઈ મલીઆં. પેલો હાકમ પણ જલદીથી તે લોક સાથે ભેગો થયો. પેલાં તરણ બેગાનાં આદમી કોણ હતાં તે વીશે તે હાકમ પુછપરછ કરવા લાગો. તેવામાં પીરથીરાજના ભાલા તથા તારાબાઈનાં વીજલી સરખાં તીરનાં જખમોથી તે તુરત ખાખ બરોબર થયો. એ સુખીઆ દુશમનને મારયા પછી તેઓ પાછાં પોતાનાં લસકર તરફ રવાને થયાં. મારે ઘોડે જતાં હતાં તાંહાં દ

રવાજામાં એક મોહરો હાથી ઊભેલો હતો, તેથી તેઓને અડચણ થઈ. તારાબાઈએ ચીત ઠેકાણે રાખી કસોબી ઘબરાટ થવા દીધો નહી. પોતાની તલવાર ખેંચીએ નામદાર બાનુએ તે ભારી જાનવરપર હુમલો કીધો. ખુબ ઝડપ કરી એક જખમ એવો કીધો કે તેની સુંઢનો ટુકડો છુટો પડીઓ. તે જાનવર અટબાઈને દરવાજા બાહેર નાહઠું. મારગ તુરત મોકળો થયો. તરણડે સવારો જઈ પોતાના સાથને મલીઆં. એ પછી તે સંધાંએ તે નગરપર હુમલો કીધો. સામને આવનાર અફઘાનની લસકરને શીકસત દીધી, જેઓ નાહઠા તે બચીઆ. બાકીનાં પીરથીરાજ તથા તારાબાઈની બાહદુરીના ભોગ થયા. તારાબાઈનો બાપ પોતાની દીકરીની તદબીર, હીમત અને હુનરે કરી પાછો શ્રી થોડાનો માલેક થયો. મરનાર અફઘાની સરદારના એક ભાઈએ તે નગર પાછું લેવાને કોશેશ કરતાં જાન ખોયો.

એ પરમાણે થોડા લીધા પછી તારાબાઈ પોતાના ભરથાર સાથે ઘણાએક વખાણવા લાએક કામો કરતી રહી. તે ભરથારના સુખ તથા કીરતીનું એ બાઈ ઘણુ કીમતી હથીઆર હતું. અરસ પરસના પેઆર અને મદદથી તેઓની જીંદગી આનંદકારક રીતે ગુજરવાની ઊમેદ હતી. પણ તે જીંદગીએ તેઓને એવો આનંદ ભોગવવોને લાંબો વખત આપીઓ નહી. પીરથીરાજનો એક ખેશે દગાંથી જેહર ખવાડી તેનો જીવ લીધો. જે ધણીને પોતાનાં સંધાં સુખ દુખનો ભાગીઓ ગણતી હતી તથા જેને સદાનો પોતાનો સંગતી સમજતી હતી તેના મરણ પછી દુનીઆમાં જીવવાને તારાબાઈએ દીલ કીધું નહી. પોતાના લોકની રીત મુજેબ સતી થવાને તેણે દુરસત ધારયુ. પોતાના વાહલાની લાસને પોતાની ગોદમાં દાબી એ પતીવરતા બાંનુ બલી મુઈ. તારાબાઈ તથા પીરથીરાજની કીરતી રજવાડામાં ઘણી ફેલાએલીછે. એ સેપીલી ઘણી ઘણી આણીની તારીફની વાનો લોકો પેઆરથી કરેછે.

સદગુણી સ્રીઓ.

---

## સાંપને પાળવા તથા સાંપનો શેકાર કરવા વીશે.



ગારૂડીઓ તથા બીજા કેટલાએક લોકો સાપને પાળેછે. તેઓ મધેના ઘણાખરા એવુંજ કેહેછે કે હમો મંતર તથા જાદુના જોરથી સાપને પકડીને પાલીએછઈએ. ગારૂડીઓ ભોલા લોકોને ઠગીને પોતાનુ પેટ ભરવા માટે ઘણુ કરીને મંતરનોજ તથા જાદુનોજ શકો રાખેછે. પણ સમજુ અને ચંચલ માણસો આગળ તેઓનો ઢોંગ ચાલી શકતો નથી તેથી. તેઓની ઠગાઈ ઊઘાડી પડેછે. સાપ બે જાતનાં આવેછે—ઝેરી અને ઝેર વગરનાં. જે સાપો જેહરી હોતા નથી તેઓને પકડીને પાળી ગોરા કરવાનું કામ મુશકેળ નથી.


એક વીદવાન ઈંગરેજ કેહેછે કે "મારી પાસે ઘણાએક વરસ થયા એક સાપ હતો જે મને બીજા લોકોમાંથી તરત ઓલખી કાહાડતો હતો. જારે તે સાપને ટોપલીમાંથી છુટો મુકતા હતા તારે મારા હાથ ઊપર ચહડીને દગલીની બોહીની અંદર વીટલાઈ જતો હતો. દરરોજ સવારના મારી પાસે આવીને દુધ પીવાની તેને ટેવ પડી હતી. કોઈ અણજાણ માણસે વચમા આવીને હરકત કીધી એટલે તરત નાહાસી જતો હતો." એક બીજો ઈંગરેજી લખનાર કેહેછે કે "મારા એક મીત્ર પાસે સાંપ હતો તે ઘણુ કરીને મારા મીત્રની ખુરસી ઊપર વીટલાઈને સુઈ રેહેતો હતો. મારો મીત્ર જારે લખતો હતો તારે ટેબલ ઊપર લાંબો થઈને પડી રેહેતો હતો. તેને છુટો મુકતા હતા તારે ઘણુ કરીને ઘાસની ઊપર ડોડવાને તથા પાણીમાં પડીને તરવાને તે વધારે પસંદ કરતો હતો."

એક ઈંગરેજની ઓરત પાસે એક સાપ હતો. જારે તે બોલાવતી હતી તારે તરત બાહાર નીકળતો અને તેણીની પછવાડે પછવાડે જતો હતો. તેણીના

હાથ ઊપર વારેવાર વીટલાઈ જતો હતો અને તેણીની
છાતીમાં પેસીને સુઈ રેહેતો હતો. એક દાહડે તે ઓર
ત મછવામાં બેસીને નદી પાર ઊતરતી હતી તારે રમુ
જને ખાતર તે સાપને પાણીમાં નાખેઓ; અને એવુ
ધારીઊં કે તરીને મછવાની પાછલ આવશે. પણ ન
દીના પુરથી તે સાપ મછવા પછવાડે જઈ શકેઓ નહી
અને તેનુ શું થયું તે માલુમ પડીઊં નહીં.

જેહરી સાપના દાંત કાહડી લીધા પછી તેમની
ધાસતી રેહેતી નથી. હીંદુસથાનના તથા સીરીઆના
તથા મીસર દેશના ગારૂડીઓ સાપને પકડીને તેમને
પાળવામાં ઘણા વખણાએલાછે. તોપણ તેઓ પાસે
જાદુ અથવા મંતરછે એવું સમજવું નહીં. મીસર દે
શ મધે એક મદારી જરા ઈસારત કરતો હતો કે સો
સાપ એકઠા થઈને તેની પાસે આવતા હતા. જેમ હીં
દુસતાનના દરએક ભાગમાં મદારીઓ સાપનો ખેલ ક
રતાં માલુમ પડેછે તેમજ સીરીઆ તથા મીસર દેશ
ના મુળકોમાંથી સાપના ખેલનો તમાસો અથવા ધંધો
સાધારણ થઈ પડેઓછે.

સાપને જોઈને માણસને તેમજ હલકાં જનાવ
રોને દર તથા કંટાળો લાગેછે તોપણ હલકાં જનાવરો
ઘણી વેળા સાપનો શીકાર કરેછે અને કેટલાએક માણ
સોથી સાપનો શીકાર કરીને ખોરાક દાખલ તેમનો ભ
ખસ કરેછે. જંગળી સુવર તથા તેવા બીજા જનાવ
રો સાપનો શીકાર શોધતા ફરેછે અને જારે તેઓની
નજરે હર એક સાપ પડેછે તારે તેની ઊપર તરાપ
મારવાને ચુકતા નથી. તે શાપ પછી જેહરી હોય ઈ
આ નહી તોપણ તેઓ તેનો સેકાર કરવાને ભુલતા
તા નથી. એક જાતનું પંખી જે ઘણુ કરીને મીસર દે
શમાં માલુમ પડેછે તે સાપનો મોટો શતરૂ કેહવાએછે.
એ પંખીને મીસર દેશના લોકો દેવ મીસાલે ગણીને તે
ની પુજા કરેછે. તે એટલા માટે કે એ પંખી સાપ જે
વા જેહરી જનાવરનો નાસ કરવાને ઘણા ઊપીઓગી
થઈ પડેઓછે. એવા એ




ક પંખીનું ચીત્ર પાસે
આપીઊછે. તેણે પોતા
ની નાહની ચાંચમાં મો
ટા સાપને કેવી રીતે પ
કડેઓછે અને તે ઊડેછે
તે માલુમ પડેછે.

ફકત જનાવરો સાપનો સેકાર કરેછે એટલુંજ
નહી પણ કેટલાએક માણસોથી સાપનો સેકાર કરેછે.
અમેરીકાના જંગલી રેહેવાસીઓ વારેઘડીએ સાપનો
સેકાર કરતા માલુમ પડેઓછે. જારે તેઓની નજરે
ઊંઘાએલો સાપ માલુમ પડેછે કે તેઓ તરત પોતાનો
અણીવાળો ભાળો તેની ગરદન ઊપર ભોકેછે અને સા
પને કરડવાને માટે ચામડાનો કટકો આપેછે. તે ભા
લાએ કરીને તેના ઝેરી દાંત તોડી પાડેછે. તારપછી તે
ઓ તેનું માથુ કાપી નાખેછે અને ચામડી કાહડી લઈ
ને તેને માછળી મીસાળે પકાવીને ખાઈ જાએછે. તે
નું ગોસ ઘણુજ સફેત તથા સવાદદાર તેઓને લાગેછે.

દખણ આબીસીનીઆના મુળકના લોકોથી સા
પનો સેકાર કરવામાં વખણાએલાછે. જંગલોમાં ખાં
ખુના ઝાહડોમાં સાપો ભરાએલા હોએછે તાંહાં જઈને
તેમનો શેકાર કરી લાવેછે અને તેમને પકાવીને ખાએ
છે. તેના માસની તેઓ ખુબ વખાણ કરેછે.

## હોનરની અચરતી—'ટેમસ' નદીની નીચે બાંધેલો રસતો.



બાઈઓ! ખરેખર આપણે એક અચરતીના
જમાનામાં રહીએછે. વીદીઆ અને હોનરના બળ
થી સો વરસની મુદતમાં માણસ જાતે જેટલા અચરતી
અને અદભુત કામો કીધાંછે તેટલાં આગળ બે હજાર વ
રસની મુદતમાંથી થએલાં નથી. હવા, પાણી તથા અ
ગનીને માણસે પોતાના તાબામાં રાખેઆછે અને તેઓ
ની પાસે તરેહ તરેહના અચરતી ભરેલાં કામો કરાવે
છે. માણસ વેહમાનમાં બેસીને હવામાં ઊડેછે, અગની
રથમાં બેસીને એક દીવસમાં સેકડો માઈલની મુસાફ
રી કરેછે. મોટા મોટા પાહડોને ઘડીમાં ચુરે ચુરા ક
રી નાખેછે, અને મોટા મોટા વાહણોને પાણી તથા તો
ફાનની સામે લડાઈ કરવાને તઈઆર કરેછે. હવા, પા

ણી તથા અગની પાસે કામ કરાવેછે એટલુંજ નહી પણ વીજલી પાસેબી કામ કરાવેછે અને હજારો માઈલની ખબર થોડી મીનીટની અંદર વીજલીની પાસે મંગાવેછે. આ સઘળી અચરતીઓ આપણને અચરતીના ઊંડા ખીઆળમાં નાખેછે અને આપણી અકલને થોડીવાર ગુમ કરી નાખેછે. જેઓએ રેલવેમાં બેસીને પુણા અથવા ખંડાળાની મુસાફરી કીધી હશે તેઓ બોરઘાટના ટનલો કોતરવાનું કામ જોઈને મોટી અચરતીમા પડેઆ વગર રેહેઆ નહીં હશે.

તેમજ લંડન શેહેર આગળ 'ટેમસ' નામની નદીની નીચેથી જે ટનળ અથવા રસતો બાંધેલોછે તે દુનીઆની એક મોટી અચરતી ગણાએછે. એ ટનલનું ચીત્ર આ બીનાને મથાલે આપીછે. એ ચીત્ર ઉપરથી એ ટનલની અચરતી માલુમ પડી શકવાની નથી. એ ટનલનું કામ એટલું અચરતી ભરેલુંછે કે નીચેથી રેલવેની ગાડી પસાર થાએ અને ઊપરથી મોટી નદીમાં મોટાં મોટાં વાહણો ચાલેછે. નીચેથી રેલવેની ગાડીમાં બેસી જનારાઓને પાણીના પોતનો ઘોઘાટ સંભલાએછે. એ મોટી નદીની નીચેથી રસતો કોતરી કાહાડવામાં થોડી કળા અને થોડો હોનર માલુમ નથી પડતો.

બરનલ નામના એક નામીચા ઈજનેરે ઈસવી સન ૧૮૨૩ માં ટેમસ નદીની નીચેથી પોહોલો અને બેવડો રસતો બાંધવાને પોતાની ગોઠવણ જણાવી હતી. પારલામેંટ સભાની રજા મળેઆ પછી તેણે તરત પોતાનું કામ શરૂ કીધું. તે કામ પુરૂ કરવામાં જે અડચણો નડી તે ઘણી મોટી હતી. પણ બુધી અને વીદીઆના બળે એ સઘળી અડચણો દુર થઈ. એ ટનલની સઘળી મલીને લંબાઈ ૧૩૦૦ ફુટછે; અને વધુમાં વધુ ઊંડાઈ ૭૬ ફુટનીછે. પોહોલાઈમાં ૩૮ ફુટછે. દરએક ફુટ પછવાડે ૧૦૦૦૦ રૂપીઆનો ખરચ લાગેલોછે અને સઘળા કામ પછવાડે ૮૦ લાખ કરતા વધારે રૂપીઆ લાગી ચુકાછે. એ ટનલ બંધાઆ પછી લોકોના સુખમા તથા વેપારમાં અતીઘણો વધારો થએલોછે અને મોટા ખરચ કરતા વધારે લાભ થઈ ચુકેલોછે.

## ખાંડ તથા સાકર માણસના ખોરાકમાં કેટલી ઉપીઓગીછે ?

ખાંડ અથવા મીઠાઈ ખાવાને મળેઆથી ફકત માણસ જાતનેજ ખુશી ઊપજેછે એમ નથી. જનાવરો, પખશીઓ, જીણા અને પેટે ચાલનારા જીવ જતું તથા સમુદર મધે રેહેનારા માછલી વગરે બીજા પરાણીઓ, અને સઘળી જીવવંત ચીજો મીઠું ખાધાથી ખુશ અને કડવું ખાધાથી નાખુશ થાએછે. ટુકામાં કેહેતાં આપણા માયાળુ અને સરવ શકતીવાન ઊતપન કરતાએ આપણો ખોરાક એવી રીતે બનાવેઓછે કે તેમાં પોશણ કરનારાં પદારથોની સાથે ખાંડનો થોડો ઘણો ભેળ આવેઆ વગર રેહેતો નથી. થોડીએક ખાંડ જીદગીને ટકાવી શકેછે અને માણસ જાતના શરીર અથવા મનને થાક લાગેઓ હોએ તે મટાડી શકેછે. આરબસતાનના અને આફરીકાના સીદીઓ જારે પાણી વગરના રેતીના મેદાનમાં મુસાફરી કરેછે તારે તેઓ પોતાની સાથે ખાંડ અને મગ્રાળાની બનાવેલી ગોલીઓ રાખેછે; અને જારે તેઓ ચાલતાં થાકી જાએછે અથવા તરસથી હેરાન થાએછે તારે તેઓ કોઈ ઝાડ નીચે અથવા રેતીની ઊપર બેસીને વીસામો લેછે અ અને પેલી ગોલીઓ ખાએછે. એવી રીતે બે તણ ગોલીઓ ખાધાથી તેઓનો થાક મટી જાયછે અને પાછી મુસાફરી કરવાને ઊલટ છુટેછે.

અમેરીકાના વેસટ ઈંડીસ ટાપુઓમાં પાકની મોસમ વખતે, સીદી ગોલામોને જો કે ઘણી મેહેનત કરવી પડેછે તોપણ ટોંગા, તંદરોસત અને ખુશ થાએછે, અને ઘોડા, ખચર, તથા ખેતરના બીજા જનાવરોને પણ ખાંડ, ગોળનો કચરો મળેઆથી ઢોંગા અને મજબુત બનેછે. કોચીન ચાઈના મધે ફકત ઘોડા, ભેંસ હાથી વગેરે જનાવરો શેરડીથી જાડા બનેછે, એમ નથી પણ રાજાના રખેવાળ શીપાહીઓના ચેહેરા સારા અને શરીર મજબુત રાખવાને રોજ કેટલીક શેરડી ખાવા સારૂ તેઓને કેટલાક પઈસા આપવામાં આવેછે. આવી રીતના પાંચસો સીપાહીઓછે. અને તેઓની તદરોસતી તથા ચેહેરા સારા રેહેછે તે ફકત આ ખોરાકથી રેહેછે એમ ધારવામાં આવેછે. કોચીન ચાઈનામાં તો ચોખા અને ખાંડ સઘળાઓનો સાધારણ નાસતો ગણાએછે; તાંહાંના લોકો મેવાનો મુરબો ખાંડ

સાકરમાં બનાવેછે એટલુંજ નહીં પણ કાકડી, મુરા, કુમાર વગેરેનો મુરબ્બો પણ એજ પદારથથી બનાવેછે. સીલોન મધેના કાંડા શેહેરના રેહેવાશીઓ હરણનું માસ મધ મધે રાખી મુકેછે અને તેઓ કહેછે કે એ માસ બે તણ વરશ મધ મધે રાખેઆથી તેની લેજત ઘણીજ સારી થાએછે !!

ગરમ દેશોની અંદર ઘણાક દરદો ઊપર ખાંડનો રસ ઓશડ દાખલ કામે લગાડેછે; અને સોજા તથા ઘાહ ઊપર તો એ રસ ઘણોજ ઊપયોગી થઈ પડેછે. સર જાન પરીંગલ નામનો એક વીદવાન કેહેછે કે જે દેશમાં લોકો પોતાના ખોરાકમાં ખાંડ સાકર વધારે વાપરેછે તાંહાં મરકીનો આજાર ઘણો આવતો નથી. રૂશ, કલન અને બીજા કેટલાક વખણાએલા ડાકટરોનું એવું મતછે કે ખાંડથી કરીને કેટલીક જાતના તાપનો ઘટાડો થાએછે. છાતીના દરદમાં અને શરીરની બીજી કેટલીક નબળાઈમાં ખાંડ એક સારું ઓસડ થઈ પડેછે. વખણાએલા ડાકટર ફરાંકલીનને પથરીનુ દરદ હતું તેથી તેનરાતી ખાંડનો અરધો પોણો સેર પાણી પીતો હતો અને કેહેતો હતો કે એથી કરીને મને ઘણુ સુખ થતું હતું. વાંહાંણ મધે એક જાતની કોડ થતી હતી અને જેથી કરીને શરીર મધે ચાદાં થઈને ચાઠામાંથી બીજે ઘણેક ઠેકાણે શરીરમાંથી લોહી નીકળતું હતું. તે દરદ દરદીને ખોરાક સાથ ઘણી સરખી ખાંડ આપેઆથી મટી જતું હતું. બચાંઓને કરમ થાએછે તે પણ તેઓને ખાંડ સાકર ખવડાવેઆથી મટી જાએછે. આ ઠેકાણે પરમેશવરની ખુબી માલુમ પડેછે કારણ કે બચાંઓને ખાંડ સાકર ખાવાનો શોકજછે અને તેથી તેઓના પેટના કરમોને મરી જતાં વખત લાગતો નથી. સેરડી અથવા ખાંડ સાકરથી દાંતને નુકસાની થાએછે એમ કેટલાક લોકો કેહેછે પણ જો તેઓ અમેરીકાના સીદી ગોલાંમો અને તેઓના છોકરાંઓ જેઓ આખો દાહાડો સેરડી ચુસેછે અને ખાંડ સાકર ખાએછે તેઓના દાંત જોએ તો તેઓને તે વાતની ખોટાઈ જલદીથી માલુમ પડે.

---

## ઘર મધે વાપરવાની કેટલીએક ચીજો સાફ કરવા વીશે.

બાઈઓ ! ઘર મધે સફાઈ અને સોજાઈ રાખવી એ ઓરત જાતનું મુખીઅ અને અગતનું કામછે. જે સ્ત્રી પોતાનું ઘર સાફ અને સોજું રાખવાને બદલે ગંદુ અને ગલીચ રાખેછે તે સ્ત્રી પોતાનો સંસાર ચલાવવાને કાંઈબી રીતે લાએકની હોએ એવું કદી કેહેવાએ નહી; અને જે સ્ત્રી પોતાનો સંસાર ચલાવવાને લાએકની નથી તે સ્ત્રી હરામખાઉ અને નઠારી સમજવી.

બેહેનો ! તમે તમારા ઘરનો સંસાર ચલાવવાને લાએકના છો એવું દેખાડવા ઈછતા હોવતો તમારા ઘરનો દેખાવ કદી ગલીચ અને ગંધકી ભરેલો રાખતા ના. તમારૂ ઘર હમેશ સાફ અને સોજુ રાખજો એટલુંજ નહીં પણ ઘર મધેની વાપરવાની સઘળી ચીજો સાફ અને સોજી રાખજો. કેટલીએક ચીજોને સાફ અને સોજી કેમ રાખવી એ વીશે તમોને થોડીએક સુચના હમો નીચે કરીએછે તે વગર ઊપીઓગની નહી કેહેવાશે.

**બબરચી ખાનાના વાસણો**—સઊથી વધારે જરૂર બબરચીખાનાના વાસણોને સાફ તથા સોજાં રાખવાનીછે. તે વાસણો સાફ અને સોજાં નહી રાખેઆં તો તેમા કાટ ચહડેછે. કાટ પેટમાં ગયો એટલે જેહર પેટમાં ગયું એમ સમજવું. કારણ કાટમાં જેહેરનો ખવાસછે. તરાંબા તથા પીતલના વાસણોને જલદીથી કાટ ચહડેછે અને તેવા વાસણમાં કલાઈ વગર રાધીશેં તો ખટાશ જેવી ચીજ લાગેઆથી તરત ખાવાની ચીજ સાથે જેહેર મલી જાએછે. વાસ્તે ઘણુ જરૂરનુંછે કે તાંબા તથા પીતલના વાશણોને કલાઈ કરાવી રાખવા અને કલાઈ જારે ઘસાઈ ગએલી માલુમ પડે તારે ફરીથી કલાઈ કરાવવાની મુદલ ઢીલ તથા આળશ કરવું નહી.

વાસણને ધોયા પછી ભીનાને ભીના મુકવાં ન જોઈએ પણ કપડાંથી લુછીને મુકવાં જોઈએ. સાંકડા મોહડાના વાસણોને અંદરથી સોજાં રાખવાની વધારે સંભાલ રાખવી જોઈએ. આમળીના પાણીથી તથા તેજાબ સાથે મેળવેલા પાણીથી સાંકડા મોહડાના વાસણોના અંદરનો ભાગ સેહેલાઈથી શાફ થઈ શકેછે. ઈંટ અથવા નળીઆના ભુકા સાથે તેલ મેળવીને બાહારની બાજુ ઘસેયાથી વાસણને ખુબ ચળકાટ આવેછે. મોટા પાનાની છરીઓ જે બબરચીખાનામાં વપરાએછે તે પાટીઆ ઊપર ઈંટનો અથવા નળીઆનો ભુકો નાખીને તેની સાથે ઘસેઆથી ઘણી સાફ અને

સોજી રેહેછે. એ પરમાણે છરીઓને બીજે અથવા ત્રીજે દાડે ઘસીને સોજી રાખવી જરૂરછે.

**લાકડ કામ સાફ અને સોજુ રાખવા વીશે**—કબાટ, કોચ, ખુરસી, ટેબલ ઈતીઆદી લાકડ કામ જે ઘણુ કરીને સીસમની અથવા સીસમ જેવા કાળા લાકડાની અથવા દેવદારના લાકડાની હોએછે તે ઊપર હમેશ કપડુ ફેરવવાની ટેવ રાખેઆથી ચલકતા અને સોજા રેહેછે. જારે ટેબલ અથવા ખુરસી ઊપર સાહીના અથવા બીજા ડાગ પડેઆ હોએછે તારે પાલીશ કરવાના કાગલ મંગાવીને ઘસેઆથી તે ડાગ નીકળી જાએછે. તે ડાગ નીકળી ગયા પછી તથા સઘળા ભાગ ઊપર કાગળ ઘસેઆ પછી તરપીટન તથા મીણની મેળવણી તઈઆર કરી રાખી હોએ તે તે ઊપર લગાડીને ખુબ કપડુ ઘસેઆથી ચલકાટ નીકળેછે. ટરપીટન તથા મીણની મેળવણી સેહલથી બની શકેછે. મીણને ધાતુના નાંધલાં વાસણમાં ગરમ પાણી જેવું કરીને તેમાં તેટલુજ તરપીટન નાંખવું અને પછી આતસ ઊપરથી ઊતારીને થંડુ થવા દીધું એટલે એ મેળવણી તઈઆર થઈ. આરસીની ફરેમખી જો લાકડાંની હોએ તો તેની સાથેબી એ મેળવણી ઘસેઆથી ચલકાટ નીકળેછે. લાકડાંને વધારે કાળુ કરવાની મરજી હોએ તો તે મેળવણીની સાથે અરસીનું તેલ મેલવવું. દર રોજ ફક્ત કપડાં વતી ઘસેઆથી લાકડાંનો સામન ચલકતો રેહેછે; અને ઘરને સોભા આપેછે. જે બાઈઓના હુકમમાં ચાકરો હોએ તેઓએ પોતાની હજુર ચાકર પાસે દરરોજ સાફ સુફ કરાવવું જોઈએ, અને જેઓના અખતીઆરમાં ચાકર નહી હોએ તેઓએ પોતાને હાથે મેહનત લેવી જોઈએ.

**બાટલીઓ તથા સીસીઓ સાફ કરવા વીશે,** બાટલી તથા સીસીની અંદર કાચા પટેટાના નાહાનાં નાહાનાં કટકા નાંખો અને એક ચમચો ભરીને મીઠું (નીમક) તથા બે ચમચા ભરીને પાણી નાંખો. પછી જાંહાંસુધી અંદરના ડાગ નીકલી જાએ તાંહાંસુધી જોરથી હીલાવો અને પછી સોજા પાણીથી ધોઈ નાંખો. દારૂના તથા ઝાડના રસના અને એવા બીજા ડાગ હસે તો એ પરમાણે કીધાથી નીકળી જસે. પણ બીજી કોઈ ચીજના ડાગનો સખત પોપડો બંધાયો હસે તો નાહાની સીસાંની ગોળીઓ અંદર નાખીને પાણી સાથે હીલાવેઆથી નીકળી જસે. ધોઈ રહેઆ પછી સીસીની બાજુ ઊપર એકાદી ગોળી રહી નહી જાએ તેની સંભાળ રાખવી જોઈએ.


**ધોર ચહડાવેલી ચીજો**—સોના તથા રૂપાનો ધોર ચહડાવેલી ચીજો ઘણી સંભાલથી વાપરવી જોઈએ તથા સંભાળથી સાફ કરવી જોઈએ. ધોર ચહડાવેલી ચીજો વાપરેઆ પછી ગરમ પાણીમાં ધોવી જોઈએ. તેની ઊપર ડાગ પડેઆ હોએતો ગરમ પાણીમાં નાખીને ઊકાળવી જોઈએ અને પછી ધોઈને સાફ કીધાથી ડાગ નીકળી જાએછે. તે ચીજોને ચલકાટ આપવાને સફેત ચાકનો ઘણોજ બારીક ભુકો, બરશ અથવા વાદલી અથવા ચામડાં સાથે તે ઊપર ઘસવો જોઈએ. તે ભુકાને "ઈસપીરીટ આવ વાઈન" ઈઆને દારૂનાં અરક સાથે મેળવીને વાદરાથી લગાડીને નરમ ચામડાંથી ઘસીએ હોએતો ઘણો સારો ચલકાટ નીકળેછે. આસપાસ બાજુએ ભુકો વળગી રહેઓ હોએ તો બરસ મારેઆથી નીકલી જાએછે. કેટલાએક લોકો નરમ તથા બારીક કપડાંનાં કટકાને પાણીમાં નાખો ચાકના બારીક ભુકા સાથે ઊકાળેછે. તાર પછી કપડું શુકાઈ જાએ તારે તેને વાપરેછે એટલે ઘણો સારો ચલકાટ આવેછે. આટલી વાત ઈઆદ રાખવી કે ચલકાટને વાસતે ચાકનો ભુકો લગાડેઆની અગાઊ હરએક ચીજ ગરમ પાણીથી અથવા ગરમ પાણીમાં ઊકલેઆથી સાફ અને ડાગ વગરની કરવી જોઈએ. સોનેરી ચીજો ઊપર ચાકને ઠેકાણે ઘણા લોકો લાલ ગેરૂનો ભુકો વાપરેછે.

**સોનાની સાંકલી ઈતીઆદી સાફ કરવા વીશે,** "ઈસપીરીટ આવ વાઈન" અથવા દારૂનાં અરકથી સોનાની સાંકલીઓ સાફ થાઈ શકેછે. એ નહી તો ચાક તથા ગેરૂનો ઝીણો ભુકો બરશ વતી ઘસેઆથી ચલકાટ પકડેછે. સાંકલીની અંદર મેલ ભરાએલો હોએ તો તરણ તોલા નવસાગરમાં છ તોલા પાંણી નાંખીને તેમાં તે સાંકલી આતસ ઊપર ઊકાલવી જોઈએ તારપછી વલી નરમ સાબુના પાંણીમાં ઊકાલવી જોઈએ અને પછી સોજા પાંણીથી ધોઈ નાંખવી. પછી લુછીને ચાક તથા ગેરૂનો ભુકો મારચો જોઈએ.

**ઊનના તથા રેશમી કપડાં**—ફલાનલ તથા ઊનનાં કપડાં ધોવાં હોએતો સેવાનાં ગરમ પાંણી અને સાબુ વતી ધોવાં. તારપછી નીચવીને સારીપેઠે ઝાટકવા અને તરત શુકાવવાને ટાંગવા. ઊનનાં કપડાંને એમ

ને એમ ભીનાં રાખી મુકવાં જોઈએ નહી. જેમ જલદીથી સુકાએ તેમ સારૂ. રેશમી કપડાંને ઘણીજ જતનથી વાપરવાં; કારણ એક વખત ધોવાયા પછી તેની અસલની ઝલે નીકલી જાએછે. જાંહાંસુધી ઘણી જરૂર માલુમ પડે નહી તાંહાંસુધી રેશમી કપડાં ધોવાં નહી. રેશમી કપડાંને ડાગ પડેલો હોએ તો તે કાહડવા વાસતે કેટલાએક એવી ભલામણ કરેછે કે સાબુના ગરમ પાણીની અંદર વાદરૂ બોળીને તે ઊપર લગાડવું અને તારપછી ચપટાં લાકડાં ઊપર તેટલો ભાગ મુકીને શુકાં કપડાએ ઘસવું; અને તેની ઊપર કાગળ અથવા બારીક મજલીનનો કટકો મુકીને અસતરી કરવી. રેશમી કપડાં ઊપર ચીકાસ લાગી હોએ તો તરત એક સફેત સાજા રૂમાળથી રેશમી કપડું પકડીને ઘસવું અને રૂમાળનો ભાગ બદલતાં જવું. સુતરાઊ કપડાં ઊપર ગરમ ઊકળતું પાણી નાખેથી દારૂ અથવા હરેક ફલનો ડાગ જલદીથી નીકલી જાએછે. સાહીનો ડાગ લીબુના રસથી તથા ગરમ પાણીથી નીકળી શકેછે. રંગનો ડાગ તરપીટનથી નીકળેછે.

## ટરેજાન સેહેનશાહનો મીનારો.



રોમ મધે બીજી ખરીસટી સદીની શરૂઆતે ટરેજાન નામે એક સેહેનશાહ થઈ ગઓછે. એ સેહેનશાહે ડેશીઅન નામના લોકો ઊપર કેટલીક ફતેહ મેલવી હતી. તે ફતેહની યાદગીરી કાએમ રાખવા તેણે ઈ૦ સ૦ ૧૧૪ ના સાલમાં રોમની નજીક એક સુંદર મીનારો બંધાવેઓ. ટરેજાન સેહેનશાહે રોમ મધે જે મોટાં કાંમ કરી નામદારી મેલવીછે તે મોટાં કાંમોમાં એ મીનારો સરસ ગણાએછે. એ મીનારો જમીનથી ઊંચોછે અને તેમાં ઘણીજ સારી નકસી કોતરેલીછે તેનું ચીત્ર પાસે આપેલુંછે. મીનારો એક ચોકની વચોવચ બાંધેલો છે અને તે ચોક ૧૪૦ એકસો ચાલીસ ફીટ ઊંચી ટેકરીને સપાટ કરીને બનાવેઓછે. મીનારા ઊપર જે નેખ કોતરેલાછે તે ઊપરથી માલુમ પડેછે કે એ મીનારો સેહેનશાહની ગોરને માટે તેમજ ટેકરીને આડી અવલી ઊંચાઈને ઘણી મેહેનતથી સપાટ કરી નાખીછે તે દેખાડવાને બાંધેલોછે. એ મીનારો જો કે બીજા સઈકાની શરૂઆતમાં તઈઆર થયો હતો તોપણ અડી સો વરસ પછી થએલા કાનસટાનટીન નામનો સેહેનશાહ પોતાના વખતમાં પણ એ મીનારાને રોમની સઊથી સરસ સોભા ગણતો હતો. મીનારો, સફેત આરસપાણ એટલે સંગેમરમરનો બનાવેલોછે. તેને પાએ ઘણાજ મોટા કદના બાર પથરછે અને તેનું તલીઊં આઠ પગથીઆં ઊપર ઊભુ કીધેલુંછે. અંદરની બાજુએ દાદર જેવી ગોઠવણ કીધીછે અને તેમાં ચુમાલીસ બારીછે. એ મીનારાની ઊંચાઈ ૧૪૦ એકસો ચાલીસ ફીટનીછે. મીનારાની ઊપર કેટલીક ફતેહની નકસીદાર નીશાણ કીધીછે, અને તેને મથાળે ચડવાને માટે બસો પગથીઆંનો ગોળ દાદરછે.

## મધ ભોમીઓ.

વાંચનારી બેહેનો, ઊપલું નામ કદાચ તમને નવું અને નવાઈ સરખું લાગશે પણ આપણા સરવ શકતીમાન કીરતારે શરૂશટી મધે જે જે અજબ ઊપજાવનારાં પદારથો અને પરાણીઓ બનાવેઆંછે તે વીશે જારે આપણને ગ્નાન થાએછે તારે તે કીરતારની બેહદ અકલ અને હુશીઆરીની વખાણ કરેઆ વગર આપણાથી રેહેવાતું નથી. આફરીકા ખંડ મધે કેટલેક ઠેકાણે એક જાતનું પખશી વસેછે તેને "હની ગાઈડ" એટલે મધ ભોમીઓ અથવા મધની જગા દેખાડનાર કરીને નામ આપેલુંછે. એ પખશી વીશે એક મુસાફર નીચે પરમાણે હેવાલ લખેછે.

તે ચકલીના કરતાં થોડો મોટોછે, મધ ખાવાનો ઘણોજ શોક ધરાવેછે અને પોતે ઘણીજ હુશીઆરી રાખી મધ માખના માળા જંગલી સીદીને દેખાડેછે. જારે સીદીઓ મધમાખનો માળો તોડી પાડેછે તારે જે મધ નીચે ટોલાએછે તે આ પખશી ઘણીજ ખુશીથી ખાએછે. જેવો એ પખશી મધમાખનો માળો દેખેછે તેવોજ તે તેની ઊપર ધસારો કરવાને સોબતીની શોધમાં પડેછે. તે મોટેથી બુમો પાડી સીદીઓને લલચાવેછે અને તેને માળાની નજીક લઈ આવેછે. સીદીની અગાડી પખશી ઊડતું આવેછે, અને સેકારના પોતાના સોબતી સાથે રાખવા માટે થોડે થોડે વખતે વી.

સામો લેએછે.તથા તેને પોતાની પાછળ ખેંચવાને પોતાની ધુમો જારી રાખેછે. કોઈ વખતે માળા પાસે જલદીથી જવાને પખશી અધીરો હોએછે અને તેનો સોબતી પાછળ રહી જાએછે તો તે પાછો આવીને જાણે તેને ઠપકો આપતો હોએ તે પરમાણે ઘણેજ મોટેથી ધુમો પાડેછે. મધમાખના માળા પાસે આવેઓ કે તે હવામાંથી નીચે ઉતરી અને એક ઝાડ ઉપર જઈને બેસેછે. પેલો સીદી મધમાખનો માળો નીચે પાડેછે તારે તેની અંદરના મધમાખનાં ઈંડાં અને નાહની મધમાખો તે છોડી દેછે. એ ચીજો મધ ભોમીઓ પખશી ઘણીજ ખુશીથી ખાએછે કારણ કે મધના કરતાં પણ તે ચીજો તેને વધારે પસંદછે.

મોસીઉ ઈસપારમાં નામનો મુસાફર જેણે ઉપલો હેવાલ આપેઓછે તે કેહેછે કે મેં જંગલી સીદીઓને એક વખત તંબાકુ તથા કાચના દાણા આપી ઘણા ખુશી કીધા અને એક મધ ભોમીઓ પખશી પકડી આપવાની તેઓને અરજ કીધી પણ તેઓએ મારી અરજ બાહાલ રાખી નહીં અને બોલેઓ કે એ પખશી હમારો દોસતછે અને હમે તેની સાથે વીશવાસ ઘાત કરનાર નથી.

## પરચુરણ બાબતો.

**સઉથી સારો વારસો**—દુનીઆમાં સઉથી સરસ વારસો કોણ મુકી જાએછે ? જે માણસ સારી રીતે કેળવાએલું કુટંબ મુકી જાએછે તેણે સઉથી સરસ વારસો મુકીઓ એમ સમજવું.

**પાણી અને વીદીઆનો મુકાબળો**—ઘણી મેહેનત અને ઉદીઓગ વગર વીદીઆ હાસલ થતી નથી. જેમ મીઠાં પાણીને વાસતે ઉંડો કુવો ખોદવો કંટાળા ભરેલું છે તેમજ વીદીઆ શીખવી કંટાળા ભરેલીછે. પણ ઉંડો કુવો ખોદતાં જારે ઝરો હાથ લાગેછે તારે પાણી પોતાની મેળે ઉપર ચહડી આવેછે. તેજ મીસાલે વીદીઆછે. એક વખત તેનું ફલ હાંસળ થયું એટલે તે પોતાની મેળે તમારી તરફ દોહડતી આવેછે.

**એક કાગજનો તાવ**—વીલાતમાં એક કારખાનાવાળાએ એક મોટા કાગજનો તાવ બનાવેઓછે. તે ૨૧૦૦૦ ફુટ એટલે આસરે ૪ માઈલ લાંબોછે અને પોહલાઈમાં ૬૦ ફુટછે. તેનુ વજન ૧૯૬ રતલછે તે ચોવીસે કલાકની અંદર તઈઆર કરવામાં આવેઓ. એ નમુનો લોકોને દેખાડવા માટે ખુલલો મુકેઓછે.

**લંડનમાં ભીખારીઓ**—લંડનમાં સઘળા મળીને ૨૫૦૦૦ કરતાં ઓછા ભીખારીઓ નથી. અને આખા પરગણામાં ૨૬૦૦૦૦ ભીખારીઓ માલુમ પહેઓછે તેઓ ઉપીઓગી અને પરમાણી માણસોની મેહનત ઉપર પોતાનું ગુજરાણ ચલાવેછે.

**ફરાંસ મધે દારૂનો ખપ**—ફરાંસ દેશ મધે આપીન દારૂનો ખપ અતીઘણો વધી પડેઓછે. ૮૨ લાખ ૬૫ હજાર બાટલીઓ બાહારના દેશાવર ખાતે ગઈ હતી અને ૩૦ લાખ ૩૯ હજાર ફકત ફરાંસ મધે ખપી હતી.

**મુંગા તથા બેહરાઓને વાસતે પાદરી**—ઈંગલંડ મધે મુંગા તથા બેહરાઓને ધરમ સંબંધી ગ્નાન આપવાનું તથા તેમની આગળ ધરમ ઉપદેશ કરવાનુ કામ એક પાદરીએ પોતાને માથે લીધુંછે. તે પાદરી બોલીને નહીં પણ ઈસારતમાં સઘલુ ભાશણ કરેછે જે મુંગા તથા બેહરાઓ સમજી શકેછે. વીલાતના પાદરીઓ કેવા મેહનતુ અને ચંચલછે ! તેઓ મુંગા બેહરાઓનુંબી ધરમ ઉપદેશ કરવાની ઈઉકતીઓ શોધેછે. પારસીના દસતુરો તથા હીંદુના માહારા જો પોતાની ફરજ કાહારે સમજશે ?

**લડાઈને માટે તઈઆર થનારી ઓરતો**—ઈંગલંડ દેશની સ્ત્રીઓ કેવી હીમતવાનછે !! હાલ એવું માલુમ પડીઉંછે કે જો જરૂર પહેતો પોતાના દેશના બચાવને માટે ઈંગલંડ દેશની સ્ત્રીઓ લડાઈના હથીઆર લઈને બાહર પડે. વાચનારી બાઈઓએ સાંભલીઉં હશે કે હાલ ઈંગલંડ મધેની રઈઅતનો મોટો ભાગ પોતાની ખુશીથી વગર પગારે લશકરી કેળવણી લીએછે કે જરૂર પડે તારે તેઓ પોતાના દેશનો બચાવ કરવાને બાહાર પડે. એવા વગર પગારે ખુશીથી નીકલેલા માણસોની મોટી મોટી પલટણો ઉભી થઈ છે અને તે ફકત એકજ ભાગમા નહી પણ જુદે જુદે ઠેકાણે. નામદાર રાણી એ પલટણોની તપાસ કરવા તથા તેમને સાબાસી આપવા એક શેહેરથી બીજે શેહેર ગઈ હતી. હાલ એવીજ એક પલટણ ઓરતોની તઈઆર થાએછે. આ વાત સાંભલીને વાંચનારી બાઈઓ ! તમોને કેટલી અચરતી ઉપનજશે ?

**ખેડુતોની જીંદગી**—સઘળા ધંધાદારીઓમાં ખેડુતોનો ધંધો તંદરોસતીને વધારે જાળવનારો માલુમ પડેઓછે. ખેડુતોની જીંદગી આવરેજ કાહડતાં બીજા ધંધાદારીઓ કરતાં વધારે લાંબી માલુમ પડીછે. ખેડુતોની જીંદગી સરાસરી ૬૪ વરસની અને બીજા ધધાદારીઓની ૫૮ વરસની માલુમ પડીછે. વેપારીઓ અને મીલકત વાળાઓની ૪૮ વરસની, બાહાર જઈને ધંધો કરનારાઓની ૪૮ વરસની, ઘરમાં બેસીને ધંધો કરતારાઓની ૪૬ વરસની, મજુરોની ૪૫ વરસની, અને દરજીઓની ૪૧ વરસની ગણવામાં આવીછે.

**માણસના શરીરમાં લોહી**—માણસના શરીરમાં ઘણુ કરીને ૨૪ રતલ લોહી હોએછે તે મરે બાર રતલ લોહી દર મીનીટે અંતકરણમાંથી ફરતુ ફરેછે.

## સ્ત્રી શીખશાની ગરબી.

" જે કોઈ અંબીકાજી માતને આરાધશેરે લોલ "

એ રાગનીછે.

શીક્ષા સંદરીના સારૂં, કહું સ્નેહથીરે લોલ
નાસે કરમતો નરાર, તુરત તેહથીરે લોલ. ૧
બાઈઓ બોલીએતો બોલ, મીઠા મુખથીરે લોલ
તેથી અધીક વધે તોલ, વસો સુખથીરે લોલ. ૨
તજો પીયર તણી પ્રીત, જીવો જંપથીરે લોલ
રહો સાસરે સુરીત, સાગ સંપથીરે લોલ. ૩
સાસુને સગીજ માત, જેવી માનીએરે લોલ
તેના નાથને તો તાત, ની નીશાનીએરે લોલ. ૪
દીયર જેઠને જરૂર, બંધવ બોલીએરે લોલ
કથન કોઈ સમે કરૂર, કેમ ખોલીએરે લોલ. ૫
નણદનેતો નકી બેહેન, જેવી જાણીએરે લોલ
વીમલી અંમૃતનુ વેહેન, વાણી વાણીએરે લોલ. ૬
મુરખતા અને ઉનમાદ, નહી રાખીએરે લોલ
સદા સરણ તણો સ્વાદ, ચોખે ચાખીએરે લોલ. ૭
રાખો ઘર રૂડાં દીવાળી, જેવાં દીપતારે લોલ
ભીતો શોભશે સંભાળી, લુતાં લીંપતારે લોલ. ૮
ચોખ્ખા ચંદરવા ને ચીર, ધરો ધોઈનેરે લોલ
દેખી દુરીજન દીલગીર, રહે રોઈનેરે લોલ. ૯
ઘણા ઘરેણાના ઘાટ, તે શા કામનારે લોલ
અલીગા મેલીએ ઉચાટ, એના નામનારે લોલ. ૧૦
ગાઈએ ગુણ ભરેલા ગીત, રૂડા રાગથીરે લોલ
ડરો ચોરીથી ખચીત, અને નાગથીરે લોલ. ૧૧
તેથી જન તમારી ટેવ, ભલી ભાખશેરે લોલ
દીલે દલપતનો દેવ, દયા રાખશેરે લોલ. ૧૨

---

## પીતાજીની સ્તુતી.

(ભુજંગી છંદ)

છતો હું હતો છોકરો છેક છોરો,
પીતા પાળી પોશી મને કીધો મોટો,
રૂડી રીતથી રાખવા રાજી રાજી,
ભલા કેમ આભાર ભુલુ પીતાજી. ૧.

ચડી છાતીએ જે ધરી મુંછ તાણી,
કદી અંતરે રીસ આપે ન આણી,
કહ્યું મેં મુખે તે કરયું હાજી હાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૨.

મને આરી શીક્ષા શીખાવી સુધારયો,
વળી આપી વીદ્યા વીવેકે વધારયો,
ભલી વાતના ભેદ સીધા દીધાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૩.

કદી કોટી કોટી સહી કષ્ટ કાયા,
મને છાતીમાં લૈ કીધી છત્ર છાયા,
અતી પ્રાણથી પ્યાર જે આણતાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૪.

મને દેખી અત્યંત આનંદ લેતા,
મુખે માગી વસ્તુ મને લાવી દેતા,
પુરો પાડતે તો ભુત્રે પુત્ર પાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૫.

વડા વાંકમાં આવુતો રાંક જાણી,
દીધો દંડ દેતાં દયા દીલ આણી,
તજી સ્નેહ દેહે ન દીધી પીડાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૬.

ભણાવી ગણાવી કીધો ભાગ્યશાળી,
તથા તુચ્છ જેવી બુરી ટેવ ટાળી,
જનો મધ્ય જેથી રહી કીર્તી ગાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૭.

લીધો લાવને લૈસ જે લાવ સાગે,
ગણુ ગુણ હું તાત તેતો તમારો,
સદા સુખ સારૂ ઉપાયો સજાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૮.

મને નીર્ખતા નેત્રમાં નીર લાવી,
લહી દાબતા છાતી સાથે લગાવી,
મુખે બોલતા બોલ મીઠા મીઠાજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૯.

હતો બાગે હુ આજ સુધી અજાણ્યો,
ઉરે આપનો ગુણ એકે ન આણ્યો,
હવે હું થયો જાણીતો આજ આજી,
ભલા કેમ આભાર ભુલું પીતાજી. ૧૦.

જગંનનાથજી જીવતા રાખસેજો,
હયાતી તમારી અમારી હશેજો,
કરૂં સેવના સ્નેહ સાથે સદાજી,
ભલા કેમ આભાર ભુલુ પીતાજી. ૧૧.

ભણે ભાવથી જો ગણે છંદ સારા,
પીતુ ભક્તી પામી ન થામે નકારા,
રૂડું સાન લૈ લાગસે શુભ કાને,
રચ્યા છંદ રૂડા દલપ્પતરામે. ૧૨.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪ થું જુલાઈ ૧૮૯૦ આંક ૭ મો.

## પરેમકોરબાઈની સાસુ.

કોઈ નાગરદાસ નામનાં શાહુકારની પરેમકોર નાંમે દીકરી હતી. તે અગીઆર વરસની થઈ તારે કોઈ વીસરાંમ દાણાવાલાના છોકરા સાથે પરણાવી. તે છોકરાનું નાંમ તાપીદાસ હતું પણ તેને શઊ ભાણો કહીને બોલાવતા હતા. ભાણાની ઊમર તેર વરસની હતી. તે નીશાલે જતો હતો અને થોડું ઘણું લખી વાંચી જાંણતો હતો. પરણેઆ પછી તેને ભણવાને મોટી શરમ લાગી, તેથી નીશાલે જવું છોડી દીધું અને પોતાના બાપની દાણાંની દુકાંન સાચવવા લાગો.

પરેમકોરને પરણેઆને સાત આઠ મહીના થયા એટલે તેણીને સાસરે મોકલવાની તાકીદ થવા લાગી. પરેમકોર સાસરે જાય પણ તેણીને તાંહાં રેહેવા ગમે નહી. તેણીની ઊમર હજીુર નાંહાંની હતી અને પોતાના બાપને તાંહાં જેવું રાચ રચીલું હતું તેવું પેલા દાણાવાલાને તાંહાં મલે નહી. પરેમકોર મોટા ઘરમાં ઊછરીને મોટી થઈ હતી તેથી તેણીને દાંણાવાલાની નાંહાંની કોઠડીમાં બેસવું કે સુવું ગમે નહીં. તેથી તે એક અથવા બે દાહાડા રહીને પાછી પોતાને પીએર જતી હતી. વળી દસ પંદર દાહાડા પીએરમાં કાહાડીને સાસરે જાય અને એક બે દીવસ રહી આવે.

પણ વીસરાંમ દાંણાવાલાની સ્ત્રી તેજીબાઈને એ વાત ગમે નહીં. તે વારેવાર બોલતી હતી કે "મોટાંની છોકરી લાવીને કોઈ સુખી થાશે નહીં. કાંહાં રોગ લાગા કે મોટાંને તાંહાં ભાણાંને વરાવેઓ." એ પરમાંણે જારે તારે બોલતી હતી. પણ બીજા પાંચ સાત મહીના નીકલી ગયા પછી પરેમકોરને દાંણાવાલાની નાંહાંની કોટડીમાં બેસવાની તથા સુવાની આસરમ પડવા લાગી. પોતાની ઊમરની બીજી છોકરીઓને સાસરે રેહતાં જોઈને શરમ થવા લાગી. તેથી તેણીએ પોતાને સાસરે દસ બાર દીવસ લાગટ રેહેવા માંડીઊં.

પરેમકોર જરા સમજુ અને ડાહી છોકરી હતી. તે સાસરે રેહતી હતી તારે પોતાની સાસુ તેજીબાઈને ઘરનું કાંમ કાજ કરવામાં મદદ કરતી હતી. તે પોતાની ખુશીથી કોઈ કોઈ વેલાએ આખી રસોઈ કરતી હતી. પણ તેણીની સાસુ તેજીબાઈના દીલમાં ઘરના કાંમ કાજનું સઘળું જોતરૂં પરેમકોરને ગળે વલગાવવાનું હતું. તેથી પરેમકોર હરએક કાંમ કરે તોપણ તે ટકટક કરેઆ કરતી હતી. પરેમકોરને હાથે કાંઈ કાંમ બગડીઊં અથવા અંજાણપણે કાંઈ જણસ ભાગી તો મોટેથી બુમ બરાડા પાડીને તેણીને ધમકાવતી હતી.

રસોઈ કરીને જમી રહેઆ પછી તેજીબાઈ પરેમકોરની પાસે વાસણ મંજાવવા લાગી. બીચારી પરેમકોરે પોતાને પીએર એવું કાંમ કદી કીધેલું નહીં તેથી મોટાં વાસણો બરાબર માંજી શકે નહી. તેજીબાઈ મેણુ મારે કે બાપને તાંહાંથી ચાકર કેમ લાવી નહીં. હરએક વાતમાં પરેમકોરની ખાંમી કાહાડીને તેણીને ધમકાવે. પરેમકોર બીચારી પોતાના મોહોડાંમાંથી એક શબ્દ પણ સાસુની સામે કાહાડી શકે નહીં. કોઈ વેળા તે બીચારીથી કાંઈ બોલાઈ ગયું તો તેજીબાઈની ટકટક ચાલેઆ કરે અને પોતાના છોકરા ભાંણા પાસે તેણીને મરાવે. ભાંણામાં કાંઈબી સમજ તથા અકલ નહીં હતી. તે પોતાની માના કેહેવા ઊપરથી પરેમકોરને કોઈ કોઈ વેળાએ ખુબ મારતો હતો.

એક દીવસે પરેમકોરનાં પેટમાં દુખતું હતું તારે તેણીની સાસુ બોલી કે હમો ગરીબના ઘરમાં એવા ઢોંગ ચાલશે નહીં. હઈતો ઊઠીને કાંમ કરવું પડશે.

ને ખોરાકતરીકે કામ આવેછે. અને ઘણાક લોકો તો એવો ખોરાક પુરો પાડવાનો ધંધો લઈ બેઠાછે. બેહનો એ ધંધો કરનારને આપણે માછીઆને નામે ઓલખીએછે તે તો તમારાથી અંજાણ નહી જ હશે.

વાંહાંણો બાંધવાની શોધ થયાથી અને વાંહાંણો ચલવવાનો હુનર નીકળેઆથી ઘણાજ દુરના દેશો એક બીજાની સાથે જોડાઇ ગએલાછે, કારણ કે જમીન કરતાં સમુદર મારફતે દુરના દેશોને એક બીજા સાથે ઘણોજ સારો વેહવાર રેહેછે. વાંહાંણો અને નૌકા શાસતરની શોધથી કરીને હીંદુસથાનની પેદાસ અમેરીકા ખંડ ખાતે જાયેછે અને અમેરીકાની જણસો હીંદુસથાન મધે આવેછે. અને એજ કારણને લીધે દુનીઆ ઊપરના હરેક દેશ મધે બનતી સારી સારી ચીજો આખી પરૂથવી ઊપર ફેલાઈ જાએછે. વળી વીદઆનો ફેલાવો પણ એજ કારણથી કરીને ઘણોજ થાએછે. હીંદુસથાનના લોકો ઈંગરેજી વીદઆનો લાભ લેછે તે સમુદર અને વાંહાંણો નહી હોત તો મુશકેલ હતું.

વલી દુનીઆ ઊપર માણસ જાતને જે જે વાતો વીતેછે તેનો મુકાબલો સમુદર સાથે થઈ શકેછે. જેમ સમુદરની સારી દેખાતી સપાટીની નીચે નુકસાનકારક ખરાબા હોએછે અને તેની ઊપર અજાણો ખલાસી પોતાનું વાંહાંણ ભાગીને મરણ પામેછે તેમજ દુનીઆ મધેબી ઓહોડેથી મીઠું બોલનારા પણ અંદરખાને ખરાબ માણસ હોએછે જેની ઊપર અજાણા લોકો વીશવાસ મુકીને ખરાબે હાલ થઈ જાએછે. વળી દુનીઆની સફર મધે આપણ થમ સમુદર અને ખુલા આકાસથી મુસાફરી કરવા માંડીએ પણ એવીજ રીતે નીકળેલા વાંહાંણને જેમ તુફાન આવી પડેછે તેમ આપણી ઊપરબી કોઈ વખતે ફકર, દુખ, દલગીરી અને મુશકેલીઓતનું તુફાન આવીને નડેછે. આપણને સજા કરવા અથવા અજમાવા પરમેશવર આપણી ઊપર આવી રીતનું તુફાન નાખેછે અને તે તુફાનમાં આપણે ઊપર નીચે ખુબ અથડાઈએ તથા પછડાઈએછે તથા બચવાની આશા પણ છોડી બેસીએછે. એવી વખતે આપણને માલુમ પડેછે કે આપણે કેવા નીરબળ પરાણી છેઈએ અને આપણે મોટાઈ, હુશીઆરી અથવા દોલતને માટે જે ગરવ કરીએછે તે બધું ફોકટછે. પણ આપણે આવી રીતનો પસતાવો કરીએછે એટલામાંનો ઘણુ કરીને પરમેશવર આપણી ઊપર રેહેમ દીલથી જોએછે તથા આપણા દુખનું નીવારણ કરેછે અને આપણે દુખ રૂપી તુફાનમાંથી બચીને સુખના કીનારા ઊપર આવીને ઊભા રહીએછે. હવે જુઓ બેહનો કે સમુદર તરફ જોઈને વીચાર કીધાથી આપણને પરમેશવરની અપાર શકતી અને મોટાઈ કેવી ઘાડી રીતે માલુમ પડેછે, માટે આપણા એવા સરવ શકતીવાન ઊતપન કરતાના આપણને સદા જશ ગાવા જોઈએ.

## ઘરભવાલી ઓરતો—નાહવાની જરૂર.

હમેસદાર ઓરતે નાહવાને અડચણ કરવી નહી, જેઓ નાહી અંગ સાફ કરવાને આલશાઈ કરેછે તેઓ સાધારણ વખત કરતાં આ વેવાએ પોતાને વધારે નુકસાન કરેછે. નાહવાથી તંદરોસતી મકમ થાએછે એટલુંજ નહી પણ તેથી સઘલી પરકારે સુખાકારી પેદા થાએછે. આપણા લોકોને બીછાંના પરથી સુતેથાં ઊઠીને સનાન કરવાની ટેવ સારીછે. અંગ સાફ કરીઆ પછે હરશે કલાક પસાર કીધી તો વધારે ફાએદો થાએછે. નાહવા પછી તરતજ બદન સાફ કરી નાખવું અને પછી તેને કોડા તુવાલે અથવા ફલાનલે કરીને જોરથી ઘસવું કે ચાંમડીના પડમાંથી પરસેવ બરાબર નીકલે તથા તાહાડ નહી વાગે. નાહતી વખતે આપણા લોકો ખીસાથી અથવા નરીઆંના કટકાથી અંગ ચોલેછ એબી ગુણગારી ચાલછે. બદન નુછવાને જો બાંજાં માણસની મદદ મલેતો પોતાના હાત કરતાં તેણે એ કામ સાંશીઊતો બરાબર બની શકેછે.

આપણા લોકોમા જેમનો ગરીબ સંસાર હોએ તેઓથી સહવારના પોહરમા દીલ સાફ કરવાને ફરશદ મલતી નથી. હવી જે ઓરતોને ઘરના કામ કાજમા ગુંતાવું પડતું હોએ તે કામથી ફારેગ થઈ ગરમ પાંણીથી નાહવું તેથી કરીને થાક ઊતરી જાએછે, દીલ આશુદ થાએછે અને કરારથી ઊંઘ આવેછે.

જેઓને દસતાંનના દરદો થતાં હોએ તેમને જો સારાં લાગે હમેશ રીહાતો ગરમ પાંણી પોહલાં તપીલાંમા ભરી તેમા બેસવું પાંણી દુટીચેર સહડે તેટલું તપીલું ભરવું, ઊપનું આંગ જે ઊંગાડું રેહ તેને ચાદરથી ધાંકવું. તપીલાંમા ૧૦ થીતે ૧૫ મીનીટ સુધી બે

રવું અને બાહર નીકલીઆ પછી જોરથી તુવાલે કરી અંગ લુછી નાખવું.

## થાંન તથા ચુંચીઓની સંભાલ.

કપડાં વીશે આગલ જણાવવામાં આવીઉછે કે તંગ ચોલી પેહરવાથી અને છાતીપર કાંઈ રીતે દબાં ને થીઆથી થાંનોને હાંની પોંચેછે વાસતે હમેશવાલી ઓરતને જરૂરછે કે હેવાં તંગ વસતર પેહરવાથી દુર રેહવું. તંગ ચોલી અથવા પેટી પેહરવાથી થાંનોને જાણુકનું નુકસાન થાએછે અને થાંનની અણીઓ જે મને ચુંચી કરી કેહછે તે થાંનોમા દબાઈ જાએછે અને તેથી કરી દુધ નીકલવાને અડચણ પડેછે એટલુંજ નહી પણ કોઈ વાર દુધ મુદલ બાહાર આવતું નથી અને બચાંને ધાવન મલતું નથી.

સુવાવડ થીઆની માંશ બે માશ આગમજથી થાંનોની અણીઓને ધાવણ આપવાના કાંમ લાએક કરવી જોઈએછે. એ જગાપરની ચામડી એટલીતો પાતળી અને નાજુકછે કે બચાંના હોટ અને જબાંનનાં ઘસારાથી ઊખડી જાએછે. માટે એ જગાની ચાંમડી કઠણ અને સખત કરવી જોઈએછે નહી તો માતાને ધ વાડવાનું કામ છોડી દેવું પડેછે. તેમ કરવાનો એલાજ એછે જે ફલાંનલ અથવા કોઈ જાડા કુમાશના કપડાંથી ચુંચીઓ દબાતી હોએ તે પેહરવું નહી અને દર રોજ શુતેલાં ઊઠીઆ પછી આહે અથવા સાબુના પાંણીથી ધોઈ બરાબર શુકવી નાખવાં અને પછી થાંનોને હવામાં ઊઘાડા મુકવા અને તેજ વખતે ચુંચીઓને એક આઠ દશ મીનીટ સુધી ઘશવી એમ કરવાથી કોઈ ગુણ નહી નજર આવેતો બરાંડી ૧૬ ભાગ પાંણીમા મેલવી તેના પોલીઆં મુકવાં અથવા હરધો તોલો અફીણનો અરખ ઊભેલા પાંણીમા નાખી તેના પુમરાં મુકવાં આ ઊપાએ બાળક અવતરે તાંહાં સુધી કરવો જોઈએછે.

ચુંચીઓ જો થાંનોમા દબાઈ ગઈ હોએ તો તેમને બાંહર ખેંચી કાહડવી. દુધ કાહાડવાની નલી લઈ જાંહાં સુધી અણીઓ ઊભી થાએ તાંહાં સુધી દર રોજ તે નલીથી બાહર કાહડી કે પછી બચાંના મોહમા ચુંચીઓ આવી શકે.

## માતાની કલપના અને વીચારોથી શું બચું ખોડ ખાંપણ વાલું પેદા થાએછે ?

ઘણી ઓરતો હેવું સમજેછે કે કોઈબી પર કારે કોઈ હાજત ઘરબ અવસથામાં પુરી ન પડી અથવા ખાવા ધારેલી ચીજ ન મલી અથવા કોઈ જાંનવર દેખી બીહીક ભરાઈ અથવા કોઈ ખોડ ખાંપણ જોઈ ધાસતી ખાધી તો તે એમજ ધારેછે કે તેનું બચું પણ ખોડ ખાપણ ભરેલું અને ડાગ વાલું પેદા થસે. આ તેનો વીચાર તેના મનમા ભમીઆ કરેછે અને સઘલો ઘરબનો વખત દુખ દરદમા પુરો કરેછે. તેને જે વેહમ ભરાએલા હોએછે તેનો ખોલાસો તે કોઈ આગળ કરતી નથી અને પોતાના છુટવાના દીવસપર ધાસતીથી જુએછે અને બાલક અવતરીઆ પછી પોતાનો ખીઆલ છોડેછે. આપણા લોકોમા હમેશવાલી ઓરત ઘરણ વખતે બાહર નીકલતી નથી. તે હેવું ધારેછે કે ઘરણ તરફ જોઈશે અને આંખ વીચાઈ અથવા બંધ થાઈ તો છોકરૂં આંધરૂ પેદા થશે અને હાથ અથવા પગ કાંઈ આડા અવલા રાખીઆનો તેઓમા પણ ખોડ ખાંપણ રેહશે. આ વીચાર માતર ખોટા વેહમ સીવાએ બીજું કાંઈ નથી અને સમજુ અસતરીઓએ ઘડીભર પણ મનમા આંણવો નહી.

## દાઈ આગલથી રાખવાની અગત.

ઘરબવાલી ઓરતોએ દાઈને સુવાવડ અગાઊ પસંદ કરી મુકરર કરવી જોઈએ અને તેમ કરવાને દાહ પણ ખરચેળું ગણાએછે. દાઈએ જો બીજી બાઈઓની સુવાવડમા ખીદમત કીધી હોએ તેમની બલાંમન પુછી તેને રાખવામા આવેનો વધારે ફાએદાછે કારણ કે દાઈની ચાલ ચલણ અને માવજતપર માતા તથા તેના બાળકની સુખાકારી અને તંદરોસતીનો આધારછે. ઘણી વેલા ગુમરાહ, અનસમજ અને જીતખોરી દાઈઓની કસુર તથા ભુલથી માતા તથા બચાંના પરાણ ઘાત થાએછે. સુવાવડમા દાઈને મદદ કરવા માટે રાખવાની અગતછે તેવીજ અગત વઈદને મુકરર કરવાનીછે. માંહાં બાએગે આપણા લોકો ખોટી છીત ધરી ડાકતરની સુવાવડમા સલાહ લેતા નથી. જેવારે ઓરત બે તરણ દીવશ સુધી કસટાએછે, કશુવાવડ થાએછે અને દાઈઓથી નુકસાંન થાએછે તાર પછી ડાકતરને બોલાવવાનો વીચાર થાએછે. એ બાંમલો જોઈ તે ઓરત

પુરી ઘબરાટમા પડેછે વાસતે ડાકતરને પેહલેથીજ બોલાવીઓ. હોઓ અને હમેશ વખતથીજ તેની સલાહ લેવાની જારી રાખી હોએતો તેને કાંઈ પ્રણ ધાસ્તી પેદા થતી નથી અને હમેલની નવ માસની લાંબી મુદતમા તેને જો કાંઈબી પરકારે દુખ દરદ થાએ તો તેની સલાહ લેવાને બની આવેછે. આપણા દેશીઓમાં સુઘરાઈનો પરસાર બારે થતો હોએ એમ બોલાએછે પણ ગોટી દલગીરીનીદ્દાર એછે કે પરાણ સંબંધી બાબતોમા વધારે છીત લાગુ પડેલી દીસેછે.

---

## માંદા અથવા દરદી માણસની સંભાલ.

### ભાશણ. ૧.

બહમન મહીનામાં ગુલબાઈની દીકરી આવાંબાઈની સાલગરેહતી.શેઠ——નાં ગુલબાઈ ધણીઆણી લાગે. એ બાઈએ ગિપલી સાલગરેને દીને પોતાની કેટલીએક બેહનપણીઓને મેજબાનીમાં તેડી હતી. શીરીનબાઈ, દીનબાઈ, માણેકબાઈ, રૂપાંબાઈ, પીરોજબાઈ, રતનબાઈ, હીરાંબાઈ, સોનાબાઈ તથા બીજી કેટલીએક બાઈઓ હાજર થઈ હતી. તેઓ એક ઓરડામાં એકઠાં થયાં હતાં જાંહાં સુંદર રોશની બલતી હતી. તેઓ એક બીજા સાથે તરહે તરહેની વાતો કરીને ખુશી થતાં હતાં, અને ગમત મેળવવાના ઊપાયો શોધતા હતાં. રૂપાંબાઈ કેહકે ચાલો આપણે પાને રમીએ. હીરાબાઈએ કહીકી કે એ રમતથી આપણી બધી બેહેનોને ગમત પડશે નહીં: તેવામાં ગુલબાઈનો બેટો શાવકશા આવીને કેહવા લાગો કે આપણા ડાકટર આજે એક ઘણીજ અજાએબ જેવી પેટી લાવેઆછે અને મારા બાવાજીને તથા બીજાઓને દેખાડેછે. ગુલબાઈએ કહીકી કે એઓ દેખાડી રેહ એટલે એમને હમારી પાસે મોકલજો.

સાવકશાયે આવીને ડાકટરને કહીકી કે મારાં માજી એ જોવાને માગેછે અને તમને તેડેછે. એ ઊપરથી સઘળા બાહર બેઠલાઓને દેખાડેઆ પછી ડાકટર અંદરના ઓરડમાં ગેયા અને ખુરસી ઊપર બેસીને વજનતરની પેટી જે પોતાના હાથમાં હતી તેને કુંચી આપી.તરત વજંનતર વાગવા માંડીકી અને. અંદરથી તરણ મડમો નીકલીને નાચ કરવા લાગી. એ જોઈને સઘળી બાઈઓ ખુશી થઈને અચરત પામી. પા કલાક પછી વજનતર બંધ પડીકી અને તરણે મડમો નાચ કરતી કરતી પેટીની અંદર જતી રહી. ગુલબાઈએ કહીકી કે આ બધી બાઈઓ આજ દીને મારે તાંહાં એકઠી થઈછે તેમને ગમત આપવાને ફરીથી ચાવી આપો. ડાકટરે જણાવીકી કે ફરીથી તેની તેજ ચીજ જોવાથી વધારે ગમત ઊપજનાર નથી. તમારી મરજી હોએ તો હું તમોને કેટલીએક વાતો કહું કે જેથી તમોને ગમત તથા ગ્નાન મળઆ વગર રેહેશે નહી. શીરીનબાઈએ કહીકી કે તમો કહો હમો સઘળી બાઈઓ ચીત દઈને સાંભલશું. એ ઊપરથી ડાકટર નીચે મુજબ બોલેઆ—

"બેહનો,

"હું તમારામાની ઘણી ખરી સઘળી બાઈઓને ઓલખુછું અને તેમને ઘેરબી કોઈ કોઈ વેળાએ જાઊછું. બે તરણ બાઈ જેઓને હું ઓલખતો નથી પણ તેઓ જાણતી હશે કે હું ડાકટર છું તેથી મારાથી શરમાવાની કાંઈ જરૂર નથી. બેહનો ! તમો સઘળીઓને આ પેટી જોઈને ઘણી ખુશી અને અચરતી ઊપજી પણ તમો સઘળી બેહનોની મરજી હોએ તો અને તમો સઘળી બેહનો ખુશીથી કબુલ થાઓતો આથીબી વધારે અજાએબની ચીજો હું તમોને લાવીને દેખાડું. તમો એટલી કબુલાત આપો કે મહીનામાં એક વખત તમો સઘળીઓએ તથા બીજી કેટલીએક બાઈઓએ આ જગોએ એકઠાં થવું; અને હું જે કાંઈ દેખાડું અથવા કહું તે ધેઆન રાખીને જોવું તથા સાંભલવું."

શીરીનબાઈ, ગુલબાઈ, પીરોજબાઈ, તથા રતનબાઈ બોલવા લાગી કે "હમો મોટી ખુશીથી આ જગોએ એકઠાં થશુ અને તમો જે દેખાડવા લાવશો તે મોટી ખુશીથી જોશુ અને જે કાંઈ કેહશો તે ચીત દઈને સાંભળશું. તમારી મરજી હોએ તો હમો મહીનામાં બે વાર અથવા ચારવાર એકઠાં થઈએ."

ડાકટર બોલેઓ, એ પરમાણે તમો કબુલ થાઓછો તે ઠીકછે. મહીનામાં વધારે વાર નહી પણ એક વાર તમો એકઠા થશો એટલે બસછે. તમો બેહેનો દુનીઆની કેટલીએક અને ખરૂ કહું તો ઘણીએક ચીજોથી તમામ અંજાણ છો. તેમાં તમારો વાંક નથી.

તમો અબળા જાતને ગનાન તથા રમુજ મલે એવા ઊ
પાએ આપણા લોકો કામે લગાડતા નથી. હું આશા
રાખુંછું કે હું તમોને એવી એવી વાતો કહીશ તથા
એવી નવી ચીજો લાવીને દેખાડીશ કે તમો તે ઊ
લટથી સાંભલશો તથા જોશો અને તમારી બીજી કેટ
લીએક સઈઅરોને સાંભલવાને તથા જોવાને બોલાવશો.

"હવે પરથમ હું તમારી સાથે જે બાબત વીશે
વાત ચલાવીશ, તે બાબત એવી જોઈએ કે જે તમોને
તમારા સંસારના ખટલામાં ઘણી ઊપીઓગી થઈ પડે.
તે બાબત તમારી તથા તમારા કુટંબની તંદરોસતી સા
થે તથા મારા-ધંધા સાથે સંબંધ રાખેછે. તે બાબત
શું તે તમો કદાચ કહી શકશો. જારે તમારાં બચાં અ
થવા તમારાં કુટંબ મધેનું કોઈ આદમી આજારી પડી
ઊં તારે તેઓની માવજત કેવી રીતે કરવી એ તમારી
માની કોઈબી બાઈ સારી રીતે જાંણતી નથી. એ
શીવાએ મને ઘણીએક બાબતો વીશે વાત કરવીછે પ
ણ પરથમ હું ધારૂછું કે આ બાબત તમો અબળાઓ
ને જાંણવી સરવથી જરૂરનીછે.

"એક દાખલો આપું. માંણેકબાઈનો પેસુ
રમતો રમતો પડી ગયો અને માથામાંથી લોહી નીક
લીઊં, જરબાઈનો સોલુ છરી સાથે ચેરાં કાહડતો
હતો અને તેણે પોતાનો હાથ કાપેઓ, ડોસીબાઈનાં પ
ગ ઊપર ચાહ બનાવતાં ઊકલતું પાંણી પડીઊં અને
પીરોજબાઈની ભીખાઈનાં પગ ઊપર આતસ પડેઓ
તેમજ કોહોલાઈનો ફલુ તલાવમાં પડેઓ અને તેને બા
હાર કાહડેઓ, ને કુવરબાઈ ચોપડી વાંચતી હતી તેવા
માં તેનાં છોકરાનાં કપડાં સલગી ઊઠેઆં. એવા એ
વા અનચીતા વખતમાં ડાકટર પાસે મલે નહીં અને
તમારા જેવી બાઈઓ ઘબરાઈ જાએ અને શું કરવું
અને શું નહીં ને સુજે નહીં. તરતનાં કેટલાએક ઊ
પાએ કરવાને જેમ ઢીલ થાએ તેમ વધારે નુકશાંન.
એ જગોએ તમોને તરતના ઊપાએ ખબર હોએતો
ડાકટર આવી પોહોંચે તાંહાંસુધી કામે લગાડી શકો."

"એ-શીવાએ વળી માંદાં અથવા દરદી માંણ
સોની કેવી રીતે સંભાલ લેવી એ વીશે તમારીમાં
ની ઘણીખરી બાઈઓ એટલીતો અણજાણીછે કે ગરમ
પાણીનો શેક કેમ કરવો, પોનીશો કેમ બાંધવી દતીઆ
દી વીશે કાંઈ ખબર મળેજ નહીં. કોઈ બચાંને કે માં
ણસને કાંઈ હોનારત થઈ તો તે કાહલી માંણસના
નાહાના ઓરડામાં દસબાર ઓરતો એકઠી થશે અને
મોટો કલલો કરીને તથા વગર ફાએદાનાં અને પોતા
ની સુજનાં તરેહવાર ઊપાઓ વીશે વાતો કરીને પેલા
કાહેલીને વધારે કાહાએર કરશે. વાસતે તે વીશે તમો
ને વાકેફ કરવાની પરથમ પેહેલી જરૂરછે. એ વીશે
અગત જોગ થોડીએક બાબતો મારાં ત્રણ ચાર બાશ
ણમાં જણાવેઆ પછી હું બીજી બાબતો વીશે તમો
ને રમુજ તથા ગનાંન મળે એવી વાતો કરીશ. આજે
તમો આંવાંબાઈની સાલગરેની મેજબાંનીને વાસતે એ
કઠાં થયાંછો તેથી આજની વાત વધારે લંબાંવીને તમા
રી મેજબાંનીથી મોડી રાખવા માંગતો નથી. આવ
તી વખતે એક નવો સાંચો તમને દેખાડવાને લાવીશ.
મહીનાં ઊપર કહો દાહડો ઠેરવવો તે વીશે હું ગુલબા
ઈને ચેતાવીશ, તે તમો સઘળી બાઈઓને જણાવશો."

## સપનું.

વાંચનારી બાઈઓ, તમને કોઈ કોઈ વખતે સ
પનું આવીઊં હશે પણ તે વખતે તમે કાંઈ વીચાર કી
ધોછે કે આપણી મન શકતીમાં લાંબો વીચાર કરવાની
કેટલી મોટી શકતીછે. ઊંઘની અંદર જારે આપણને
સપનું આવેછે તારે આપણી વીચાર શકતી કેવી લાં
બી દોડ કરેછે. શરીર તો સુતેલું હોએછે પણ વીચાર
શકતી જઈને કાંઈ ટેકરી ઊપર ચડેછે, અથવા કાંઈ ઘ
ણાજ ઊંડા ખાડા ઊપર બેસેછે, અથવા તોફાનના વા
દળ ઊપર જઈને પોતાની પાંખ મુકેછે, અથવા ધનુષ
બાણ જેવા પચરંગી લુગડાં પેહેરીને ખુશી પામેછે અ
થવા સવરગના દરવાજા પાસે જઈને તાંહાં જે કાંઈ
વાતો થતી હોય તે સાંભળેછે.

સપનાની વખતે આપણી વીચાર શકતી લાંબે
દોડવાથી આપણા દુરના દોસતદારો આવીને પાસે
બેસેછે; મુએલાંઓ આવીને પાછો પોતાનો દેખાવ દેછે;
નાહનપણની વાતો અને દેખાવો નજરે પડેછે, અને
જુના વીચારો પાછા મન ઊપર આવીને નવા થાએ
છે. એ વખતે ઘણીક વેળા યાદ શકતી પોતાનો હો
દો બરાબર બજાવતી નથી અને અધુરી ઊંઘમાંથી
નીકળવા ચાહતી નથી તેથી પાછી સુઈ જાયેછે. પણ
એવી રીતે યાદ શકતી પાછી ઊંઘેછે તોપણ વીચાર શ

કતી તેની દરકાર કરેઆ વગર પોતાની દોડ ચલાવે છે અને ઘણાએક લાંબા, ઊંડા, હીમત દેખડાવનારા અને ખુશી ઊપજાવનારાં વીચારો કરેછે.

સપના વીશે ખોળવાને અથવા વીચાર કરવાને કેટલાક વેહેમી અને અગનાન લોકો તો નજીવું અને સપના જેવુંજ ગણેછે. પણ વીચારવંત અને અકલવાળા શખસો તો તે વીશે ઘણોજ ઊંડો વીચાર કરેછે. કારણ કે સપનાઓ મધે આપણી જીંદગીનો તીજો ભાગ જાએછે એમ વીદનાઓએ કલપના કીધીછે. અને વળી સપનાઓ વારે ઘડીએ આપણને ખુશી અથવા દલગીરી ઊપજાવનારાં કારણો થઈ પડેછે.

દીવસે ઘણીક વેળા કેટળીક ચીજો આપણા મનમાં ઘણીજ ઘોળાયા કરેછે, અને રાતના તેજ ચીજોનું આપણને સપનુંબી આવેછે. કોઈ વખતે દીવસે આપણે ઘણી મેહેનતથી થાકી ગયા હોઈએ અને રાતના તેજ થાકનો વીચાર આવીને આપણે ઊંઘમાંથી ભડકી ઊઠીએછે. હવે જે વાતની અંદર આપણી જીંદગીનો તીજો ભાગ જાતો હોએ અને જે વાત ઘણીક વેળા આપણા સુખ દુખનું કારણ થઈ પડતી હોએ તે વાતથી આપણને સુખજ થાએ એવો કાંઈ ઊપાએ મળી આવતો હોએ તો તે જાણવાને કોઈબી શખસ ઈછા બતાવેઆ વગર રેહેશે નહીં.

આપણી જીંદગીનો તીજો ભાગ આપણે ખોટી દેહેશતમાં કાહાડીએ અથવા સુખી દેખાવોમાં કાહાડીએ, એ વાત શું થોડી અગતનીછે! આપણને જાણે પાંખ આવી હોએ અને આપણે તરેહવાર દેશોમાં ઊડી જઈ તેઓની ખુબસુરતી જોઈને તથા તાંહાંના સુંદર માણસોની સાથે વાત ચીત કરીને ખુશી થઈએ, અથવા ભુત પલીત, દેણ, દાકણ જેવી નકામી ધાસતીથી, અથવા ઊપર અગનીના વાદળ અને નીચે અથાક સમુંદર—એવી જગામાં આપણે જાણે આવી પડેઆ હોઈએ એવી કલપનાથી આપણે અધમુઆ થઈ જાઈએ એ વાત શું થોડો વીચાર કરવા જોગછે?

બેહેનો, તમે સપનાઓને મગજની કાંઈ નકામી કલપનાઓ સમજતા ના. જો તમે તેમને માંન આપશો તો તે તમારા મીતરો થઈ બેસશે. પણ હમણા કદાચ તમારાં મનમાં એક સવાળ ઊઠતો હશે કે ઊપર સુખદાએક સપનાં આવવાનો ઊપાએ જણાવેઆછે તેવો ખરેખરો ઊપાએ કાંઈછે! હા, બાઈઓ! ડાહેઆ માણસોએ કાંઈએક ઊપાએ શોધી હાડેઆછે અને તે જરૂરનો જાણી તે વીશે કેટલાક ... ર તથા તેને લગતા કેટલાક જુના કાએદા તમને ... ની જણાવીએછે.

૧. સવભાવ સારો અને એક તરેહનો રાખવો. ગુસો, અદેખાઈ અથવા વેરનો વીચાર મન ઊપર લાવવો નહીં. લોહી જોરથી ચાલે એવો જબરસત જોશો રાખવો નહીં. નાડી સરખી ચાલેઆથી ને લોહી સરખું ફરેઆથી સપના ઊપજેછે તે ફકત રાં ઊપજેછે એટલું નહી પણ આપણી જીંદગીબી ધારેછે.

૨. કપડાં તંગ પેહેરવાં નહીં. ફેફસાં, ... તી, હોજરી અને વાંસાને માટે જે કામ પરમેશવરે ફરમાણ કીધુંછે તે તેને કરવા દેવું જોઈએ. મજીરોને ... ગ બાંધી રાખવા અને પછી તેઓને હાથે કામ ... એ વાત કેવી ઊંધી અને કઢંગી લાગેછે!

૩. ખોરાકની વાતે મીતહારી અને જી સઘળી વાતે મધીઅમ રેહેવું. કાંઈ અપાચક સતુ ખાવી નહીં. મસાલા અને તેજાના વાળો ખોરાક, કાચાંફળ, અને દારૂ વગેરે ગરમ પદારથ ખાપીવામાં ઘણા વાપરવાં નહીં. વળી સાદો અને લાયક ખોરાકબી ઘણો અને પુરી રૂચી વગર ખાવો નહીં. કેટલાક સારા વઈદોનું એવું મતછે કે હમેશ વખત સર જમવું અને જમેઆ પછી જલદીજ બીજું કાંઈ ખાવું નહી. યાદ રાખજો બાઈઓ કે હોજરી આપણા શરીરની કુંચીછે અને તે જો બગડી તો પછી આખું શરીર બગડીશે સમજવું.

૪. સુવાનો ઓરડો સાફ રાખવો તથા તેનો અંદરથી હવાનો પસારો થવા દેવો. સવારે ઊઠતી વખતે બારી બારણાં સઘળાં ઊઘાડાં મુકવાને સાંજના બીછાણુ કરેઆની આગમજ બીછાનાપરના તથા સુવાના લુગડાં ઝાટકી નાખવાં તથા બારીઓબી ઊઘાડી નાખવી. પરસેવો ન અટકે માટે દીની આગમજ જો નાવાનું બને તો સારૂં. પણ તેમ નહીં તોબી હાથ, પગ, મોહોડું અને ગરદન ધોઈ નાખવી તથા બાલને કાંસકી દેવી. પગ વાંકા વાળીને સુવું નહી તથા ઊંઘની અંદર માથું ઢાંકીને ઓઢવું નહીં. અને વળી ઊંઘમાંબી ઓરડાની અંદર હવાની આવજાવ થવા દેવી.



જાતરા ફરનાર હીંદુઓ.

કતી તેની દરકાર કરેઆ વગર પોતાની દોડ ચલાવે છે અને ઘણાએક લાંબા, ઊંડા, હીમત દેખડાવનારા અને ખુશી ઊપજાવનારા વીચારો કરેછે.

સપના વીશે બોળવાને અથવા વીચાર કરવાને કેટલાક વેહેમી અને અગનાન લોકો તો નજીવું અને સપના જેવુંજ ગણેછે. પણ વીચારવંત અને અકલવાળા શખસો તો તે વીશે ઘણોજ ઊંડો વીચાર કરેછે. કારણ કે સપનાઓ મધે આપણી જીંદગીનો તીજો ભાગ જાએછે એમ વીદનાઓએ કલપના કીધીછે. અને વળી સપનાઓ વારે ઘડીએ આપણને ખુશી અથવા દલગીરી ઊપજાવનારાં કારણો થઈ પડેછે.

દીવસે ઘણીક વેળા કેટલીક ચીજો આપણા મનમાં ઘણીજ ઘોળાયા કરેછે, અને રાતના તેજ ચીજોનું આપણને સપનુંબી આવેછે. કોઈ વખતે દીવસે આપણે ઘણી મેહેનતથી થાકી ગયા હોઈએ અને રાતના તેજ થાકનો વીચાર આવીને આપણે ઊંઘમાંથી ભડકી ઊઠીએછે હવે જે વાતની અંદર આપણી જીંદગીનો તીજો ભાગ જાતો હોએ અને જે વાત ઘણીક વેળા આપણા સુખ દુખનું કારણ થઈ પડતી હોએ તે વાતથી આપણને સુખજ થાએ એવો કાંઈ ઊપાએ મળી આવતો હોએ તો તે જાણવાને કોઈબી શખસ ઈછા બતાવેઆ વગર રેહેશે નહીં.

આપણી જીંદગીનો તીજો ભાગ આપણે ખોટી દેહેશતમાં કાહાડીએ અથવા સુખી દેખાવોમાં કાહાડીએ, એ વાત શું થોડી અગતનીછે! આપણને જાણે પાંખ આવી હોએ અને આપણે તરેહવાર દેશોમાં ઊડી જઈ તેઓની ખુબસુરતી જોઈને તથા તાંહાંના સુંદર માણસોની સાથે વાત ચીત કરીને ખુશી થઈએ, અથવા ભુત પલીત, દેણ, દાકણ જેવી નકામી ધાસતીથી, અથવા ઊપર અગનીના વાદળ અને નીચે અથાક સમુંદર—એવી જગામાં આપણે જાણે આવી પડેઆ હોઈએ એવી કલપનાથી આપણે અધમુઆ થઈ જાઈએ એ વાત શું થોડો વીચાર કરવા જોગછે?

બેહેનો, તમે સપનાઓને મગજની કાંઈ નકામી કલપનાઓ સમજતા ના. જો તમે તેમને માંન આપશો તો તે તમારા મીતરો થઈ બેસશે. પણ હમણા કદાચ તમારાં મનમાં એક સવાળ ઊઠનો હશે કે ઊપર સુખદાએક સપનાં આવવાનો ઊપાએ જણાવેઓછે તેવો ખરેખરો ઊપાએ કાંઈછે! હા, બાઈઓ! ડાહેઆ માણસોએ કાંઈએક ઊપાએ શોધી કાહાડેઓછે અને તે જરૂરનો જાણી તે વીશે કેટલોક સાર તથા તેને લગતા કેટલાક જુના કાએદા તમને નીચે જણાવીએછે.

૧. સવભાવ સારો અને એક તરેહનો રાખવો. ગુસો, અદેખાઈ અથવા વેરનો વીચાર મન ઊપર લાવવો નહીં. લોહી જોરથી ચાલે એવો જબરદસ્ત જોસો રાખવો નહીં. નાડી સરખી ચાલેઆથી અને લોહી સરખું ફરેઆથી સપના ઊપજેછે તે ફકત સારાં ઊપજેછે એટલું નહી પણ આપણી જીંદગીબી વધારેછે.

૨. કપડાં તંગ પેહેરવાં નહીં. ફેફસાં, છાતી, હાજરી અને વાંસાને માટે જે કામ પરમેશવરે નીરમાણ કીધુંછે તે તેને કરવા દેવું જોઈએ. મજુરોને તંગ બાંધી રાખવા અને પછી તેઓને હાથે કામ લેવું એ વાત કેવી ઊંધી અને કઢંગી લાગેછે!

૩. ખોરાકની વાતે મીતહારી અને બીજી સઘળી વાતે મધીઅમ રેહેવું. કાંઈ અપાચક વસતુ ખાવી નહીં. મસાલા અને તેજાના વાળો ખોરાક, કાચાંફળ, અને દારૂ વગેરે ગરમ પદારથ ખાવા પીવામાં ઘણા વાપરવાં નહીં. વળી સાદો અને લાયક ખોરાકબી ઘણો અને પુરી રૂચી વગર ખાવો નહીં. કેટલાક સારા વઈદોનું એવું મતછે કે હમેશ વખત સર જમવું અને જમેઆ પછી જલદીજ બીજું કાંઈ ખાવું નહી. યાદ રાખજો બાઈઓ કે હાજરી આપણા શરીરની કુંચીછે અને તે જો બગડી તો પછી આખું શરીર બગડીઊં સમજવું.

૪. સુવાનો ઓરડો સાફ રાખવો તથા તેની અંદરથી હવાનો પસારો થવા દેવો. સવારના ઊઠતી વખતે બારી બારણાં સઘળાં ઊઘાડાં મુકવાં અને સાંજના બીછાણુ કરેઆની આગમજ બીછાના ઊપરના તથા સુવાના લુગડાં જાટકી નાખવાં તથા બારી આબી ઊઘાડી નાખવી. પરસેવો ન અટકે માટે સુતાની આગમજ જો નાવાનું બને નો સારૂં. પણ તેમ નહીં તોબી હાથ, પગ, મોહાડું અને ગરદન ધોઈ નાખવી તથા બાલને કાંસકી દેવી. પગ વાંકા વાળીને સુવું નહી તથા ઊંઘની અંદર માથું ઢાંકીને ઓઢવું નહીં અને વળી ઊંઘમાંબી ઓરડાની અંદર હવાની આવજાવ થવા દેવી.



જાતરા ફરનાર હીંદુઓ.

૫ જેની સાથે હળતા મળતા હોઈએ તેની ઊપર પેઆર, મેહેરબાની અને પરોપકાર ખુલી રાખવી. આપણાથી જેટલું સારૂં થઈ શકે તેટલું કરવું. હાસ, બોલચાલ, અને ચાલચલણમાં ખુશાલી બતાવવી. પરમેશવરનો અને તેમજ માણસોનોબી કાંઈ અપરાધ કરવો નહી. સપનાથી જે કાંઈ સુખ ઊપજશે તેમાં આટલી મેહેનતનો બદલો મલેઆ વગર રેહેનાર નથી.

૬ દીવસે આપણા મનમાં જે કાંઈ કીનો આવેઓ હોએ તે સુતાની આગમજ મનમાંથી કાહાડી નાખવો, અને તે બાબત સરવ શકતીવાન પરમેશવરની ભકતી કરી માફ માંગવું. દુનીઆ મધે આપણને કોની સાથેબી વેર નથી એવા વીચારથી આપણું માથું તકીએ મુકીને સુવું. પરમેશવરની ઊપર ભરૂસો રાખી ખુશાલીથી આંખો વીચવી, અને સારાં સપનાઓ મારેજ આશા રાખવી.

વાંચનારી બેહેનો, આ કાએદાઓને તુછ ગણી ધીકારી કાહાડશોનાં. એમની વીરૂધ તમે કાંઈબી વીચાર આપો તેની અગાઉ એક વરશ સુધી એઓની અજમાસ લેજો. તાર પછી તમને જો એવું માલુમ પડે કે એથી સારાં સપનાં ઊપજતાં નથી તોપણ તમારી ખાતરી થશે કે એ કાએદા પરમાણે ચાલવાથી સારી જીંદગીની તમને મોટી દોલત મલીછે.

સપનાઓથી કરીને આપણને એક બીજી વાત પણ માલુમ પડેછે અને તે એછે કે આપણો આતમાં અમરછે. આપણું શરીરતો થાકીને સુઈ જાએછે પણ આપણું મનતો જાણે અથાક શકતી લોગવતું હોએ તે પરમાણે જાગતું રેહેછે, ભટકેછે, વીચાર કરેછે અને ઊડેછે. એ પરમાણે ઊંઘ જે મોતની બેહેન ગણાએ છે તે પણ આપણને આપણા આતમાના અમર પણા વીશે કેટલેક વીચાર આપેછે.

---

## હીંદુઓની જાતરાઓ.

ઘણ કરીને સઘળા ધરમવાળા પોતાનાં ધરમ ચલાવનારની જનમ અથવા મરણ ભુમીને માંન આપેછે અને કેટલાંએકતો તે ભુમી મધે પોતાની જીંદગીમાં એકબી વખત જવું એ ધરમ અથવા સવાબનું કામ સમજેછે. કરીસીઅનો બેથલમ એટલે ઈસુ કરાઈસટના જનમની જગાને માંનેછે અને તાંહાં કોથોલીક (કરીસતી) ધરમનાં ઘણાંએક ફકીરો જાતરા કરવાબી જાયછે. મુસલમાંનોબી મકકા એટલે પોતાનાં પેગંમબર મહમદના જનમની જગાને માંન આપેછે અને તાંહાં હજારો મુસલમાંનો હજ કરવા જાએ છે. પારસીઓબી ઈરાંણને પોતાનાં ધરમની પવીતર ભુમી ગણેછે અને તે રાજ મુસલમાંનીછે તેથી અતરેનાં પારસીઓ તાહાં જાતરા કરવા જતા નથી. હીંદુઓ ઘણાંખરા હીંદુસથાંનમાંથી બાહેર જતા નથી અને તેઓનુ અસલ દેશ પણ હીંદુસથાંનજછે તેથી તેઓના ધરમની જગાઓ આજ દેશમાંછે.

હીંદુસથાંનની ચાર દશાએ હીંદુ ધરમની અને હીંદુઓને જાતરા કરવાની ચાર મોટી જગાછે, અને એ શીવાએ જુદે જુદે ઠેકાંણે કેટલીએક નાંહાંની જગાઓછે. જે મોટી જગાઓછે તે ચાર "ધામ" એટલે ધરમની ઘણી નામાંકીત જગા એવે સાધારણ નાંમે ઓળખાએછે. તેઓનાં નામ—ઊતરે હરદવાર. ઊગમણે જગનનાથ, દખણે રામેશવર, તથા આથમણે દવારકાં. ઊતરમાં હરદવાર નાંમની જાતરાની જગાછે, તેને હરીદવાર પણ કેહેછે, અને હરદવાર તથા હરીદવાર એ બેજુદા શબદછે. બરમાહ, વીશણુ, અને શીવ એ નાંમનાં હીંદુઓનાં ત્રણ મોટા દેવછે. હરદવારનો અરથ શીવ (ના મંદીર નો) દરવાજો તથા હરીદવાર એટલે વીશણુ (ની જગા)નો દરવાજો થાએછે. માટે એ ઠેકાંણે વીશણુ અને શીવ બનેનાં પુજારીઓ જાતરા કરવા જાએછે હરદવારની જાતરા કરવા દર વરશે બે લાખને આસરે હીંદુઓ જાએછે તથા બાર વરશે મોટી જાતરાનું વરશ આવેછે તારેતો પંદર વીસ લાખ માંણસો એકઠાં થાએછે. એ ઠેકાંણે ગંગા નદી મધે નાહવાની જગા શાંકડી તેથી તાંહાં જારે મોટી જાતરા ભરાએછે તારે પેહેલે કોણ નાંહે તે બાબતનો વાંધો પડીને ઘણાંએક માંણસો ઊતાવળમાં કચરાઈને મરણ પાંમેછે.

ઈ૦ સ૦ ૧૮૧૪ નાં સાલમાં મોટી જાતરામાં નાહવાની ભીડ થઈ હતી તેમાં નાહવા જાતાં પાંચસેં સાતસો માંણસોનું મોત ઊપજીયું હતું. એ શીવાએ જારે મોટી ઠઠ મલેછે તારે તાંહાં કોલેરાબી ચાલેછે અને તે નીરદઈ રોગનેબી ઘણાં માંણસો લોગ થઈ પડેછે. વળી કેટલાએક સનેઆસી વગરે હરદવાર અથવા

પરીઆગ (અલાહબાદ) ખાતે જાતરા કરવા જાએછે તેઓ ગંગાનદીનાં પાંણીની કાવડો ભરીને ઠેઠ હીંદુસ થાંનને દખણ છેડે રાંમેશવર નાંમની જાતરાની જગા એ લઈ આવેછે કારણ કે એ ઠેકાંણે હીંદુ ધરમની જે મુરતીછે તેને વરશમાં કેટલેએક દાહાડે ગંગા નદીનાં પાંણીએ નવડાવેછે. ગંગા નદીને કીનારે બીજી ધરમ ની જગા કાશી, પરીઆગ, ગયા વગેરે નામીચીછે. ગ યા નાંમની ધરમની જગા વીશે કેટલીએક વીગત એ ક આગલાં ચોપાંનીઆં મધે બાહાર પરાંતના હેવાલ સાથે આપેલીછે.

હરદવાર પછી ધરમનું મોટું ધામ જગનનાથ જેપુરીને નાંમે ઓલખાએછે તેછે. જગનનાથનું શેહેર હીંદુસથાંનના ઊગમન કીનારાને મધીઅ ભાગે વેતર ણી નદીની પાસેછે. જગનનાથનું દેહેરૂ ઘણું ઊંચુંછે પણ તે કાંઈ ઘણું શોભાએ માંન નથી. એ દેહેરૂ ઓ રસા દેસનાં ગજપતી દેશનાં રાજા અનંગ ભીમ દેવે ઈ૦ સ૦ ૧૨૦૦ ને આસરે બંધાવીઊંછે. એ દેહેરાં મધે કરશણ અને તેના ભાઈ બળદેવ તથા તેઓની બે હેન સુબદરાની મુરતીઓછે. કરશણની મુરતી વીશણું પંથીઓ વાલા માંણેછે. બલદેવની મુરતી સફેત રંગ નીછે તથા શીવની પઠે તેને સાંપની પાગડી બાંધીછે તે થી કરીને શીવને માંનનારા હીંદુઓ પણ જગનનાથ ની જાતરા કરવા જાએછે, તથા વળી સુબદરા એટલે માતા અથવા દેવીની મુરતીછે તેથી તાંહાં માતા પંથી હીંદુઓ પણ જાતરાએ આવેછે.

જગનનાથ મધે એક બીજી જાંણવાજોગ વાત બનેછે. અંતરે સઘળા હીંદુઓ બીજી જાતનાં લોકોનું ખાતા પીતા નથી એટલુંજ નહીં પણ પોતાનું એક બીજામાંથી ખાતા પીતા નથી. પણ જગનનાથ પુરી મધે હરએક હીંદુ એક બીજાનાં હાથમાંથી જુટીને ખા એછે અને તેમાં જો ઊંચી જાતનો હીંદુ કાંઈ સુગ લે તો તેને તરતજ કોડ એટલે શરીરે સફેત ચાઠાંનું દરદ થઈ આવેછે, એવો અગનાની હીંદુઓમાં વેહેછે. જગન નાથની મુરતીઓનો દર વરશે મોટા રથ ગાંમમાં ફરવા નીકળેછે. એ રથ તેતાલીસ ફીટ ઊંચોછે અને તેને શોલ મોટાં ચાકછે. એ રથમાં દર વરશે એક વખત મુરતીઓ બેસાડી તેમને સોનાનાં મોટી કીમતનાં ઘરે ણાં પેહેરાવી ગસડી જાએછે. એ રથ ખેંચવાનો હક તાંહાંના કેટલાએક ગાંમનાં લોકોનોછે. આગલ રથ ગસ ડાતો હતો તારે કેટલાએક ઘણાંજ જનુની જાતરા આ વનાર હીંદુઓ એ રથની નીચે સુઈ કચરાઈને મરણ પાંમતા હતા અને તેમાં ઘણુંજ મોટું ધરમનું કાંમ સ મજતાં હતાં.

એ પછીની મોટી તીરથની જગા હીંદુસથાંનને દખણ છેડેછે. તે રાંમેશવર અથવા રાંમેસુ રાંમને નાંમે ઓળખાએછે. રાંમેસુ રાંમ નાંમ લંકા અને હીંદુસથાંન વચે એક નાંહાંનું ટાપુછે. એને વીશે હીંદુ શાસતરમાં એવી દંત કથાછે કે જારે રાંમ પોતાનો મુલુ ક છોડી લંકાંનાં રાજા રાવણને સજા કરવા ગયો તારે તે એ ટાપુને રસતે લંકાં (સીલોન) મધે ગઓ હતો, ત થા જારે રાવણના કેટલાએક સોબતી રાખસોને હ રાવીને તે પાછો એ ટાપુમાં આવેઓ તારે તેને ખાસી ઊંકે લડાઈ મધે રાવણના કેટલાએક સોબતીઓ મરણ પાંમેઆછે. તે આગલે જનમે બરહાંમણ હતા માટે તેમની પરે લોકમાં ગતી થવાંને તેમના નાંમથી અહીં જાતરાનું એક તીરથ કરવું. એવું ધારીને તાંહાં લીંગ મની મુરતી ગોઠવી. તે વખત પછી એ ઠેકાંણે જાતરા કરવાનો મહીમા વધીઓ.

હીંદુસથાન મધે જાતરા કરવાની ચોથી મોટી જ ગાછે તે દુઆરકાનીછે. એ દુઆરકા વીશે હીંદુઓમાં એવી દંત કથાછે કે એ જગા અસલ હીંદુઓના કરશ ણ નામનાં દેવનું રેહેઠાણ હતું અને એ શેહેર તે વખ તે આખું સોનાનું બનેલું હતું. હાલ એ જગાએ ઘ ણા ગરહસથ હીંદુઓ તથા વેરાગી સનેઆસી વગેરે હીંદુઓના ભીખારીઓ જાતરા કરવા જાએછે. એ ઠેકા ણે મોટી વાત નાહાવાનીછે અને નાહાવાને માટે ગાએક વાડ સરકાર દરએક માણસ પાસેથી કેટલોક કર લેછે. દુઆરકાની પાસે બેટ નામની બીજી ધરમની જગાછે. એ જગાએ ગએ વરશે તાંહાંના વતની વાઘેર અને ઈંગરેજી લશકર વચે લડાઈ થઈ હતી અને તાંહાંના મંદીરો ઈંગરેજી અમલદારોએ ભાંજીનાખી તાંહાંની મોટી દોલત ઘસડી ગયા હતા તે વાત વાંચનારી બા ઈઓએ સાંભલી હશે.

એવી રીતે હીંદુસથાન મધે હીંદુ તીરથની મોટી જગાછે. એ ઊપરાંત નાહની જગાઓ તો ઘણીજછે અને ભોલા હીંદુઓ દર વરશે તાંહાં જઈને નાણાંની મોટી રકમો ખરચી આવેછે. માતબર હીંદુઓ જેઓ આવી રીતે પોતાનું નાણું ઊડાવેછે તે જો ખરેખરા

ધરમનાં કાંમમાં વાપરેતો તેઓને તથા તેઓના જાત ભાઈઓને કેટલો ફાએદો થાએ ? પણ તે લોકો વીશે ઘણું ન બોલતાં કેટલાએક ઘણાંજ વેહેમી હીંદુઓ "ઘર બાળીને તીરથ કરવા જાએછે." એટલે પોતાની પુંજી અને શકતી ઉપર કાંઈ પણ વીચાર ન કરતાં જાતરાં જાએછે અને કરજ કરીને તાંહાં હજારો રૂપીઆ ખરચ કરી આવેછે; તેમાના ઘણાંએક પાછલથી ઘણીજ માઠી અવસથામાં આવી પડેછે, અને પોતાની જીંદગીને દુખરૂપી સાગર કરી નાંખેછે.

## જનાવરોનું ખુદરતી ગ્નાન.

માણસ અને બીજાં પરાણીઓ ઘણીક રીતે સરખાં જોવામાં આવેછે. કેટલાંક જનાવરો, હુશીઆરી, ચાલાકી, સાવધપણુ અને મનશકતી દેખાડેછે. કેટલાક વીદવાનો એવું ધારેછે કે બુધી અથવા અકલ શીવાએ જેટલી તરેહની મનની શકતી મનુશ જાતમાંછે તેટલીજ તરેહની શકતી જનાવરોમાં પણ છે, ફરક માતર એટલોજ કે તેવી શકતી જનાવરોમાં ઘણી થોડી હોએછે. એ વાત ખરી હોએ કે નહીં પણ એટલું તો માલુમ પડેલું છે કે એવી શકતી જનાવરોમાં ઘણીક વેળા માલુમ પડેછે. કોઈ વખતે જનાવરો અનુભવ અથવા અવલોકનથી ચાલતાં નજરે આવેછે. જનાવરો પોતાની મનશકતી વડે પોતાનો ખોરાક શોધી લેછે, પોતાના માળા, વીચારમાં નહીં આવે એવી સારી રીતે બાંધેછે અને મનુશીઅ જાત કરતાં પોતાનાં બચાંઓને વધારે પેઆરથી પાળેછે. વલી જારે જનાવરોનું રેથાણ બદલાએ અથવા તેઓની હાલતમાં કાંઈ ફેરફાર થાએ તારે તેઓ પોતાના આગલા ઉપાયો છોડી ને રેથાણ અથવા હાલતને માફક આવતા ઉપાયો કરેછે. જે શકતી અથવા બુધી વડે જનાવરો પોતાનું પોશણ તથા બીજું કાંમકાજ એવી સારી તથા ઘટતી રીતે કરેછે તે બુધી અથવા શકતીને "પરેરણા બુધી" અથવા "જનાવરોનું ખુદરતી ગ્નાન" એવું નામ આપીછે.

જે બુધી વડે હરેક જનાવર બીજાની શીખવણી વગર પોતાની જરૂરીઆત અથવા હાલતને ઘટતો ખરેખરો ઉપાએ કરેછે તેને પરેરણા બુધી કહેછે.

કેટલાક લોકો માણસની અકલને ઘણીક પરેરણા બુધીઓનો સમુદાએ ગણેછે. તોપણ માણસ અને જનાવરોની શકતીઓમાં ઘણો ફરકછે. માણસ દર વરશે સુધરતો જાએછે, અને માણસનું ગ્નાન અનુભવ, અવલોકન અને વીચાર શકતીથી વધેછે.

જુદા જુદા જમાનામાં અને જુદાં જુદાં દેશમાં માણસનું રેથાણ કેવું બદલાતું આવેછે. અસલની વખતે જંગલી જમાનાના લોકો અને હમણાના જંગલીઓ સાધારણ જુપડીમાં રેહેછે અને સુધરેલા લોકો મોટી મોટી હવેલી અને મેહેલો બાંધીને રેહેછે. પણ હજાર અથવા બે હજાર વરશ ઉપરના વીદવાનોએ કાગડાના માલા વીશે જે વરણન કીધુંછે તેમાં અને હમણાના કાગડાના માલામાં કાંઈબી તફાવત નથી; અને એવી રીતે બીજાં જનાવરોની માળા બાંધવાની રીતમાં તથા બીજી ચાલ ચલણમાં કાંઈબી ફરક પડતો નથી. તેઓમાં સુધારો થતો નથી અને તેઓ હમેશ એકજ તરેહની હાલતમાં રેહેછે.

ઈસમેલી નામનો એક વીદવાન કેહેછે કે પરેરણા બુધી બે જાતનીછે; એક પરેરણા બુધી પરમાણેનો જનાવરથી ચાલેઆ વગર રેહેવાતુંજ નથી અને બીજી પરેરણા બુધીથી તે પોતાના રેથાણ અથવા હાલતની માફક પોતાની ચાલ ચલણ બદલાવી નાખેછે, અને એ પાછલી પરેરણા બુધી તે પોતાના અનુભવ અથવા અવલોકનેથી સુધારી શકેછે.

એ વીચારની સાબેતીમાં મી૦ ઈસમેલી, જનાવરોની કેટલીક વાતો કેહેછે. તે વાતો વીશે તે એવું જણાવેછે કે કદાચ એ વાતો નવાઈ સરખી લાગશે પણ તે તેણે પોતે જોએલીછે.

તરતના જનમેલાં પખશીઓ જારે હરેક અવાજ સાંભલેછે તારે પોતાનું મોહોડું ઉઘાડેછે, કારણકે તે અવાજને તેઓ પોતાની માનો સાદ સમજેછે અને એવું ધારેછે કે તેણીએ તેમને માટે ખોરાક આણેઓછે. જાંહાંસુધી તેઓને શકતી આવે અને જાંહાંસુધી તેઓને ખબર પડે કે તેઓની મા પોતાની પાંખ કેવી રીતે વાપરેછે તાંહાંસુધી તેઓ પોતાની પાંખ વાપરતાં નથી. જીણાં જનાવરો પણ પોતાના ઈંડાં પોતાના બચાંને લાએકની જગા શોધીને મુકેછે. જે જનમતાં જીણાં જનાવરોનું પોશણ ભાજી તરકારીથી થાએછે તેની મા પોતાનાં ઈંડાં લીલા રોપાઓ ઉપર મુકેછે. જે પાણીમાં રેહેછે તે પોતાનાં ઈંડાં પાણીની સપાટી ઉપર મુકેછે. ભમરી મેહેલાં પોતાનો માળો બાંધીને તેમાં ઈં

ડાં મુકેછે, અને પછી કેટલાક કીડા લાવી તેમને અધમુઆ કરી માળામાં નાખી મુકેછે જે પેલાં ઈંડાંમાંથી નીકલતા ભમરાને ખોરાક દાખલ કામ આવેછે. એ કીડા ભમરી પોતે ખાતી નથી કારણકે તે તેના બચાંને વધારે ઊપયોગીછે એવું તે સમજેછે. મી૦ ડારવીન એક વાત કેહેછે કે એક વખત એક ભમરાએ પોતાના જેવડી એક માંખી પકડી. તે માખીના હાથ પગ તેણે ભાંજી નાખેઆ તથા પછી તેને પોતાના મોહોડામાં પકડીને ઊડવા માંડીઊં પણ ઊડતાં ઊડતાં તેને માલુમ પડીઊં કે જરા પવનને લીધે માખની પાંખથી મને પોતાને ઊડવામાં હરકત થાએછે તેથી જમીન ઊપર ઊતરી માંખની બને પાંખ તોડી પાછો ઊડી ગયો.

મધમાખો પણ અજબ જેવી મનશકતી દેખાડેછે. પેહેલાં તેઓ પોતાની ટોલીમાંથી એકને રાણી ઠરાવેછે અને પછી ઘણીજ સફાઈથી સારો અને ખુબસુરત મધ પુડો બાંધેછે. જારે તેઓની સંખેઆ વધેછે અને એક મધ પુડામાં સમાઈ નથી શકતી તારે તેઓ બીજી રાણી પસંદ કરેછે અને કેટલીક માખ એકઠી થઈ નવો મધ પુડો બાંધેછે. જે લોકો જંગલમાં ગએલા મધમાખોનો મધ પુડો મેલવવા ચાહેછે તેઓ બે મધ માખોને પકડીને ઊરાડેછે અને તેઓ જે દશાએ ઊડેછે તે દશાએ તેમને મધ પુડો મળેછે. કોઈ વખતે મધમાખો પોકલ ઝાડોના થડની અંદર મધ પુડો બાંધેછે. એક વખત એક ઠેકાંણે એક મોટાં ઝાડને કાપેઊં તારે તેના થડની અંદર મધના ઘણાક પુડા નજરે પડેઆ હતા અને તેમાં ઘણા વરસનું એકઠું થએલું મધ દેખાયું. મધમાખ ઊદીઓથી પરાણી ગણાએછે અને તેઓમાં જે આલસુ માંખ હોએછે તેને પોતાની ટોલીમાંથી હાંકી કાહાડેછે.

કરારીઆ અને બીજાં જીણા જનાવર પણ ઘણીજ પરેરણા બુધી દેખાડેછે. જો કરારીઆને આપણે આપણી આંગલી લગાડીએતો તે જલદીથી પોતાની શકતી પરમાણે નાશી જશે પણ જો તેને એવું માલુમ પડે કે નાશવાને તેને કાંઈ ઠેકાણું નથી તો તે પોતાના પગ ઝંકોચી ઢોંગ કરીને એવોતો પડી રેહેશે કે જાણે મરી ગયો હોએ અને આપણે તેને ચંચણી મારશું તોબી તે એવું જે દેખાડશે કે તે મુએલોછે તેથી તેને કાંઈ લાગતું નથી અને તે જરાબી હીલશે નહીં.

## ઊંઠ અને સાહણી.


જુદા જુદા દેશના લોકોને માટે સરવ સકતીમાન પરમેશવરે જુદી જુદી તરેહની રચના કીધીછે. માણસોને જમીન ઊપર મુસાફરી કરવાને સેહેલાઈ આપવા સારૂ આપણા ઊતપન કરતાએ તરેહવાર ગોઠવણો કીધીછે. કોઈ દેશના લોકો પોઠીઆં ઊપર બેશીને તથા પોઠીઆં ઊપરજ બોજો લાધીને મુસાફરી કરેછે. કોઈ ઠેકાણે ટટુ અને ઘોડા વાપરવામાં આવેછે. કોઈ જગાએ હાથીને અસવારી સારૂ વાપરેછે એટલુંજ નહીં પણ તેની ઊપર બોજોબી લાધેછે. પણ જે ઠેકાણે પોઠીઆં, ઘોડા, અને હાથી કામે લાગી શકતા નથી તે દેશમાં પરમેશવરે ઊંઠ ઊપજાવીઊંછે. એ જનાવર વીશે, વાંચનારી બેહેનો, આ વખતે તમને કેટલોક હેવાલ આપવા ધારીએછે.

ઊંઠ અને સાહણી એ બે જાતના જનાવર નથી. કેટલાક લોકો ઊંઠને નર તથા સાહણીને માદા સમજેછે. કેટલાક લોકો સવારીના ઊંઠને સાહણી કેહેછે. વલી કેટલાક લોકો ભુલથી બે જાતના ઊંઠને એ નામ આપેછે.


પણ બેહેનો, તમે કદાચ જાણવાને આતુર હશો જે દેશમાં મુસાફરીને સારૂ પોઠીઆ, ઘોડા, અને હાથી કામ નહી આવે અને ફકત ઊંઠ કામ આવે તે દેશ તે કીઆં? એ દેશ રેતીના મેદાન વાળાંછે. અરબસતાન દેશ અને આફરીકાખંડના માહેલા ભાગોમાં રેતીના મોટાં મોટાં મેદાનછે તાંહાં પોઠીઆ, ઘોડા અને હાથી મુદલ ચાલી શકતા નથી પણ ફકત ઊંઠજ સારી રીતે મુસાફરી કરેછે. એ મેદાનોમાં પાણી મલી શકતું નથી અને ઊંઠ આઠ દસ દીવસ સુધી તરસ મારી શકેછે. તે શીવાએ તેના ચારાને માટે પણ ઘણી મેહેનત પડતી નથી કારણકે તે હરેક જાતનો સુકો અથવા લીલો પાલો અથવા લીલી સુકી ડાંખલી ખાઈનેબી પોતાની ભુખ મટાડેછે. ઊંઠ સઘળી જાતનો પાળો ખાયછે તે ઊપરથી તો એક કેહેવત ચાલેછે કે—

ઊંઠ છોડે આકડો,
બકરી છોડે કાંકરો.

એટલે સઘળી જાતના જંગલી પાલામાં ઊંઠ ફકત આકડાની ડાંખલી અથવા પાન ખાતો નથી, અને બકરીતો ફકત કાંકરો છોડેછે અને બધું ખાયછે. વ



ดํ๘.



બીજી ઊંટના ચીતર ઊપરથી તમને માલુમ પડશે કે એક જાતના ઊંટની પીઠ ઊપર એક ખુંધછે અને બીજી જાતના ઊંઠ જેને કેટલાક લોકો સાઢણીનાં નાંમથી ઓલખેછે, તેની પીઠ ઊપર બે ખુંધછે. એ ખુંધ વીશે પરમેસવરે એવી રચના કીધીછે કે જારે ઊંઠને કાંઈબી ખાવાનું મલે નહીં તારે તેનું શરીર હટી જવાને બદલે એ ખુંધની ચરબીમાંથી તેનું પોતાની મેલે પોશણ થાએ. એવી રીતે પણ તે ઘણાક દીવસ સુધી વગર ખોરાકીએ ચાલી શકે. વળી રેતીનાં મોટા ઊજડ મેદાનમાં પાણીનું એક ટીપુબી નહીં મલે તાંહાં મુસાફરને માટે એ જનાવરને ઘણી તરસ ન લાગે અથવા તેને લાગી હોએ તો તે મટાડી શકે તે સબબ વાસતે આપણા અપાર બુધીના ઊતપન કરતાએ ઘણીજ સારી અને અચરતી ઊપજાવનાર રચના કીધીછે. એ જનાવરની હોજરી સાથે ઈશવરે કોથલીઓની એવી ગોઠવણ કીધીછે કે તેમાં પાણીનો મોટો જથો ઘણાક દીવસ સુધી બગડેઆ વગર સારી રીતે રહી શકે. એ ગોઠવણથી કરીને જારે તેને પાણી મળેછે તારે તે પેહેલાં પેટ ભરીને પીએછે અને તે પછી પોતાની કોથળી ભરેછે. તેઆર પછી જારે તેને પાણી નથી મલતું તારે પેહેલાં તે કેટલાક દીવસ સુધી તરસ મારેછે અને જારે તે ઘણોજ તરસેઓ થાએછે તારે પોતાની પાણીની કોથલીમાંથી (ઈશવરી ગોઠવણથી) થોડુંક પાણી કાહાડીને પોતાની તરસ મટાડેછે. એ પાણી જોકે ઊંઠના પેટમાં રેહેછે તોપણ માણસને તે પીવાને છીત લાગતી નથી; અને ઘણીક વખત માણસને તે પીવુંબી પડેછે. કોઈ વખત ઘણા દીવસ સુધી મુસાફરી કરેઆથી જારે મુસાફરોનું પાણી ખુટેછે તારે તેઓ લાચાર થઈ પોતાની સાથેના એક ઊંઠને કાપેછે અને તેની હોજરીમાંનું પાણી કાહાડીને પીએછે તથા પોતાની તરસ મટાડેછે.

રેતીના મેદાનમાં મુસાફરી કરવાને તથા રેતીઆળ દેશોમાં વેપાર ચલાવવાને ઊંઠ ઘણાંજ ઊપયોગીછે. ઈજીપટ, અરબસતાન, તુરકસથાન અને ઈરાનનાં કેટલાક ભાગમાં ઊંઠ જો પરમેશવરે પેદા કીધાં નહીં હોએ તો કદી વેપાર ચાલી શકે નહીં. તાંહાંનો દેશ રેતીનો તેથી કરીને જો ઊંઠ નહીં હોએતો એક ભાગની જણસો બીજા ભાગમાં આવી શકે નહીં, અને સઘળી જણસો તો પરમેશવરે એક ઠેકાંણે પેદા જ કીધી નથી. વલી એ દેશોમાં ચોરોની ધાસતી ઘણી તથા રસતા શીધા નહી તેથી એકથી બીજા દેશનો વેપાર કરવાને મુસાફરોની મોટી સંખેઆ સાથે નીકલેછે. એ મુસાફર વેપારી "વણજારા" ને નામે ઓળખાએછે અને તેઓની આખી ટોલીને "વણજારાની પોઠ" કેહેછે. એ વણજારા ઘણાક દીવસ સુધી મુસાફરી કરેછે અને જે જે શેહેરમાં તેઓ જાએછે તાંહાં પોતાની જણસો વેચીને તે શેહેરની જણસો ખરીદ કરેછે અને ધારેલી જગાએ બે તરણ મહીને જઈ પુગેછે. વણજારા આરબ તથા બીજા મુસાફર લોકોને ઊંઠ એટલોતો ઊપયોગીછે કે તેઓ તેણે "રણનું વાંહાંણ" કરીને કેહેછે, એટલે વેપાર વધારવાને જે પરમાણે સમુદરને રસતે વાંહાંણ ઊપયોગીછે તેમ રણ એટલે રેતીનાં મેદાન રસતે ઊંઠ ઊપયોગીછે અને રૂશીઆના દેશો વચે વેપાર ચાલેછે તે વણજારા મારફતે. એ વણજાર તરણ ચાર મહીનાંની મુસાફરી કરેછે.

ઊંઠના શરીરની સઘળી બનાવટ ઊપરથી એવું દીસેછે કે પરમેશવરે જાણે રેતીનાં મેદાનમાં મુસાફરી કરવા સારૂ નીરમાન કીધો હોએ. તેના પગ એવી રીતે બનાવેઆછે કે તેનાં શરીરમાં ઘણો ભાર છતાં તે રેતીમાં ઊંડા ખુચી જતા નથી. તેના નશકોરાં એવાં બનાવેઆંછે કે જારે રેતીનાં રણમાં ગરમ પવન ફુકે અથવા રેતી ઊડે તારે કાંઈ પરદા જેવી ગોઠવણથી તેનાં નસકોરાં બંધ થઈ જાએ અને ગરમ પવન કે રેતી તેનાં નાકમાં જઈ શકે નહીં. આંખના પાપણ એવાં કે આંખને રોશનીનો તેજ અથવા તપતી રેતીની ગરમી લાગી શકે નહીં. તેનો ઊપરનો હોટ અને ઊપરનો દાંત એવાંતો બનાવેલાં કે રેતીનાં ઊજડ જંગલની કઠણ અને સુકી ડાંખલીઓ સેહેલથી ચાવી શકે. ઘણા દીવસ સુધી ખોરાક ન મલે તો તેને બદલે ખુંધથી પોશણ થાએ અને પાણી ન મલે તો પેટની અંદરની કોથલીઓમાં સંગરેલું પાણી કામ લાગે. એ સઘળી ઊંઠનાં સરીરની રચનાંથી માલુમ પડેછે કે પરમેશવરે તેને રણ એટલે રેતીનાં મેદાનમાંજ મુસાફરી કરવાને બનાવેલોછે.

પણ આરબો તેને ફકત રણની મુસાફરી કરવામાં સવારી સારૂ અથવા બોજો લાધવા સારૂ વાપરતા નથી—ઊંઠને તેઓ પોતાની મોટી દોલત સમજેછે. થોડાક લોકો તેનું માંસ વાપરેછે પણ તેનું દુધતો ઘ

ણા લોકો પીએછે અને એ દુધમાંથી તેઓ એક જાતનો દારૂ બનાવેછે, તે તેઓ વાઈનને ઠેકાણે વાપરેછે. ઊંઠના બાલના લુગડાં અને તંબુબી બનાવેછે. તેના ચામડાંમાંથી સાદરીઓ, કમરપટા, જોડા વગેરે ઊપયોગી ચીજો બનાવેછે. તેની લાદમાંથી બરતણને મારે છાણા બનાવેછે. કેહેછે કે એ છાણાની મેસમાંથી નવસાગર બનેછે. ઊંઠના બાલ રંગારીઓનાં અને ચીતારીઓનાં બારીક પીછા બનાવવાને કાંમે લગાડેછે, અને ઈરાનથી ઊંઠના બાલ ઈંગલંડમાં જાએછે તે સઊથી સરસ ગણાએછે.

હીંદુસથાન મધે પણ ઊંઠને મુસાફરીના કામમાં વાપરેછે. સીંધ, થલપારકર, જેસલમેર, મારવાડ વગેરે કેટલાક દેશોમાં રેતીનાં મોટાં મેદાનછે તાંહાં ઊંઠ ઘણોજ ઊપયોગી થઇ પડેછે. તે નાહાની મુસાફરીમાં કલાકનાં બે કોસથી ચાર કોસ ચાલી શકેછે અને ઘણા દાહાડાની મુસાફરીએ દરરોજ પંદર વીસ કોસ સુખથી ચાલેછે અને તેની ચાલ એકસરખી હોએછે. ઊંઠ જે બોજો ઊંચકી શકેછે તેનું વજન પંદરથી વીસ મણ (આસરે એક ખાંડી) તોલવામાં આવીઊંછે. ઘણું કરીને બધે ઠેકાણે એક ખુંધના ઊંઠછે, અને બે ખુંધના ઊંઠ ફકત એશીઆ ખંડના મધીઆ ભાગમાંજ વસેછે, અને રૂશીઆ તથા ચીન દેશો વચે વણજારાથી જે વેપાર ચાલેછે તે એ જાતના ઊંઠોથી. બે ખુંધના ઊંઠની લંબાઈ આઠ ફીટને આસરે હોએછે. યુરોપ ખંડ મધે તો ફકત તુરકસથાન તથા ઈટાલી દેશમાંજ થોડા ઊંઠછે કારણ કે યુરોપના ઊતર ભાગની ઠંડી હવામાંતો તેઓ જીવીજ શકતા નથી—તેઓ સખત ટાહાડથી કંટાલેછે અને ઘેલાબી થઈ જાએછે તે વાતમાં જરાબી શક નથી. ઊંઠના ચીતારમાં તમને ખુંધ દીઠામાં આવેછે પણ જનમતાં ઊંઠને ખુંધ હોતી નથી, એ ઊપરથી પણ ઈશ્વરનાં ચમતકારની એક ખુબી માલુમ પડેછે કે નાહનાં ઊંઠ જેઓ રેતીના મેદાનોમાં મુસાફરી કરવાને શકતીવાન નથી અને ખુંધની જરૂર ધરાવતા નથી તેઓને પરમેશવરે તે વખતે ખુંધ આપીબી નથી. વીચાર કરો, બેહેનો, કે ફકત ઊંઠ જેવા જંગલી અને નજીવાં પરાણીથી પરમેશવરની અપાર શકતી અને અપાર ડાહપણની કેવી શાબેતી મલેછે!!

## ટુકી જીંદગીમાં કેમ ગમત મેલવવી?

વાંચનારી બેહેનો, તમે ઘણાઓને મોહાડે ઘણાં ભલીશે હશે કે આપણી જીંદગી ટુકીછે. એ વાત ખરેખરીછે. મનુશ જાતની જીંદગી ટુકીછે એમાં જરાબી સક નથી. પણ જીંદગી ટુકીછે તેની ખાતરી છતાં તેનો ઘટતો ઊપયોગ થોડાજ જણ કરેછે. એક અસલનો વીદવાન લખેછે કે "આપણી જીંદગીનો વખત ટુકોછે એમ આપણે બુમ પાડીએછે, પણ એ વખત આપણે એટલો વધારે સમજીએછે કે તે કેવી રીતે ઊપયોગમાં આણવો તે પણ આપણને સુજતું નથી. આપણી જીંદગી (નો વખત) આપણે એવી રીતે વાપરીએ છે કે જાણે આપણે આલસુ બેઠા હોઈએ, અથવા કાંઈ સારી મતલબસર કામ ન કરતા હોઈએ, અથવા જે કાંઈ આપણને કરવું ઘટે તે ન કરતા હોઈએ. આપણે હમેશ કહીએછે કે આપણા હાથમાં વખત થોડોછે પણ ચાલીએછે તો એવી રીતે કે જાણે જીંદગીનો અંતબી આવનાર નથી."

આપણે બોલીએછે એક અને કરીએછે બીજું તે વાત આ મોટો ફીલસુફ એવી રીતની તકરારથી દેખાડી આપેછે. જોકે આપણે આપણી જીંદગીનો વખત ટુકો સમજીએછે તો પણ વારે ઘડીએ અજાણપણે અને સારી નરસી ઈછાને લીધે એવું ઈછીએછે કે વખત જલદીથી જાએ તો સારૂં. નાહનો છોકરો મોટો થવા ઈછેછે; મોટો થયો કે પછી કાંઈ કામ ઊપાડવા ઈછેછે; કામમાં પડેઓ એટલે દોલત અને મીલકત એકઠી કરવા ઈછેછે; મીલકત મલી એટલે આબરૂ મેલવવા ઈછેછે; અને આબરૂ મલી એટલે પછી કામકાજ છોડી મોજ મજામાં રેહેવા ઈછેછે. એ સઘળા કામમાં તે વારે ઘડીએ એવું ઈછેછે કે પાંચ દશ વરસ, પાંચ દશ મહીના જેટલા ટુકા થઈ નીકલીજાય તો ઘણુજ સારૂં. આપણ આપણી (જીંદગીની) બીલસ લાંબી કરવા ચાહીએછે પણ જે કટકાથી તે બીલસ બનેછે તે કટકા આપણી પોતાની ખુશીથીજ કાપવાને તઈઆર થઈએછે. વેઆજખોર લોભી એવું ઈછેછે કે તેણે વેઆજે આપેલા પઈસાની પાંચ મહીનાની મુદત પાંચ દીવસમાં જાએ તો સારૂં. જે શખસનું લગન થનાર હોએ તે એવું ઈછેછે કે જેમ તેમ વચલા દીવસ નીકલી જાએતો સારૂં. વખત તો ઘણાજ વેગથી ચા

લેછે તો પણ આપણે ઘણીક વેળા એવું ઈછીએછે કે તે વધારે વેગથી ચાલેતો સારૂં. વારે ઘડીએ આપણે ફકરમાં પડીએછે કે બે તરણ કલાક અથવા પાંચ દસ દીવસ બાકીછે તે કેઆરે નીકલી જશે ?

જો આપણે ઘણાખરા માણસોની જીંદગીના વીશ વીભાગ કરીએ તો આપણને માલુમ પડશે કે તે વીશ વીભાગમાંથી ઓગણીસ વીભાગનો વખત કામ અથવા ખરેખરી મોજમાંબી ગયો નથી. માટે એટલો બધો વખત માણસોનો ફેકટ ન જાએ અને તે વખતનો સારો ઊપયોગ કરે માટે નીચે કેટલીક સુચનાઓ લખીછે.

૧ સહુથી પેહેલી સુચના એકે હરેક રીતે નેક કામ કરવું. આપણા ઘરગતુ અને વેહેવારી કામમાં નેક પણે ચાલવાથી ઘણા લોકોનું સારૂં કરી શકીએછે. અગનીઆનીને સારી સલાહ આપવી, ગરજાઊને મદદ કરવી, દુખીઆરાનું દુખ ટાલવું, એ ફરજો દરરોજ થોડે ઘણે દરજે આપણી ઊપર પડેલી જોવામાં આવેછે. વળી વારેઘડીએ આપણા હાથમાં એવીબી તક આવેછે કે નીરદય માણસનું નીરદયપણું ઓછું કરી શકીએ, લાયેક માણસની આબરૂને પોચતું નુકસાન અટકાવી શકીએ, અદેખા તથા ગુસે થએલાને નરમ પાડી શકીએ અને વેહેમી તથા ભુલેલાને સુધારી શકીએ. એવી રીતનું સઘળું કામ નેક ગણાએછે અને નેક કરવું ઘટારતછે એટલુંજ નહીં પણ જે શખસ એવું કામ વીચાર કરીને કરેછે તેને તેથી હમેશ ખુશી તથા સંતોશ ઊપજેછે. વળી એક બીજી નેકીછે અને તેથી કરીને આપણે એકલા બેસી રેહવાનો વખત સારી રીતે ગુજરેછે. એ નેકી એકે આપણા સરવશકતીવાન પેદા કરનારને યાદ કરવો. જે માણસ હમેશ એવું ધારેછે કે પરમેશવર મારી સાથેછે તે હંમેશ ખુશાલીમાં રેહેછે તેને વખત લાંબો નથી લાગતો અને પોતાને એકલો નથીજ સમજતો. બીજા માણસો જે વખત ઘણાજ આલસુ રેહેછે તે વખત ઊપલો માણસ નેક અને ભલા વીચારોમાં ઘણોજ ઊદીઓગી હોએછે. જેવો તે પોતાના સંસારી વેહેવારી કામથી નવરો થાએછે તેવો તે ભકતી કરવાને મંડી જાએછે અને પરમેશવર ઊપરજ તેણે આશા બાંધેલી હોએછે તેથી તેને ઘણી ખુશી ઊપજેછે. તે બીહીને દલગીર થયો હોએતો તે પોતાની બીહીક, ધાસતી અને દલગીરી પોતાના સરવશકતીમાંન કરતાને જાહેર કરી સોંપી દેછે.

ઊપર નેકી કરેવાની ભલામણ કીધી તેનો ફકત નેક કામથી વખત સારી રીતે જાએછે તેટલા માટે પણ જારે આપણે વીચારીએ કે આપણી કોઈપણ નેકીથી તેજ વખત નહીં પણ પછીબી ખુશી ઊપજેછે અને આપણી આ દુનીઆ મેંહેની નેકી બંદી ઊપર આપણી હમેશગીનો આધાર રેહેછે તારે નેકી કરવી એ કેટલું જરૂરનું દીશેછે.

માણસની હાલત સુધારવાને થોડો વખતછે પણ તે થોડો વખતબી સારી રીતે ઊપયોગમાં લાવી શકાએ એમછે તારે જે માણસ ને વખતના ઓગણીસ ભાગ ફેકટ ખોએ અને વીસમો ભાગબી સારી રીતે ન વાપરેતો માણસને આપણે કેવો (બેવકુફ) ગણસું ? પણ માણસનુ મન હમેશ નેકી ઊપર ટકી શકતું નથી તેથી કરીને તેનો વખત બીજી કેવી સારી રીતે જાએ તેની પણ તમને બે તરણ સુચના કરીએછે.

બીજી સુચના એછે કે જેવી ગમતથી કાંઈ દુખ અથવા નુકસાન નહીં થાએ તેમાં થોડો વખત કાહાડવો પણ લોકો હાલનાં વખતમાં પાંચ પાંચ સાત સાત કલાક ગમતની મતલબે પાંનાં રમવામાં અને પાંનાં ઊપરના રાના તથા કાલા દાંણા ગણવામાં કાહાડેછે તેમ થવું જોઈતું નથી. સારી ગમત મલવી મુસકેલ માટે થોડો વખત ખુલી હવામાં ફરવા જવું અથવા તે નબનેતો શીખેલા સારા અને નેક ભાઈઓ અને સગા વાલાને મોહોડે નીતી, નેકી અને વીદઆની વાતો સાંભળવી. ડાહેઆ અને નેક સોબતી અથવા સગાવાળા જેવું બીજુ સુખ આ દુનીઆમાં કોઈ નથી. એવા સોબતીથી આપણા મંનને આસાએસ મલેછે તથા ફકર ઓછી થાએછે, આપણી સમજણમાં વધારો અને સુધારો થાએછે, વીચારશકતી અને જ્ઞાન વધેછે, નેકી અને રૂડા સવભાવની ટેવ પડેછે, શરીર અને મનનાં વીકાર નરમ પડેછે, અને આપણો ઘણોએક વખત ઘણીજ સારી રીતે નીકલેછે.

નાંટકની ગમત પણ કાંઈ થોડી જ્ઞાન અને નેકી ઊપજાવનારી નથી. પણ હાલના સમેમાં સારા ગુજરાતી નાંટક અને નાંટક કરનારાઓની અછત તેથી તેવી ગમતી મલવી મુસકેલછે. પણ નાંટકની ગમતને બદલે બીજી ગમતછે તે એકે નેકી અને પરમેશવરની ભગતીના સારા ગરબા મધુર સવાદે સવારે અને સાંજે

ગાવા. એ ગરબાથી ગાનારી બાઈઓને પોતાને ખુશી ઊપજશે એટલુંજ નહીં પણ ઘરનાં બીજાં માણસોને બી ખુશી ઊપજેઆ વગર રેહેનાર નથી. આરતો તો શું પણ જે મરદો ગાયન શીખેછે તેઓનેબી દુખ અને દલગીરીના વખતમાં ગાયન કીધાથી ઘણો સંતોશ વધેછે. પણ એના કરતાં એક વધારે સારી ગમત એ છે કે સારાં અને ગ્નાન વધારનારાં ચોપાંનીઆં તથા રૂડા, પુરૂશોનાં બનાવેલાં પુસતક વાંચવાં. એ ટેવથી ફરસુદનો વખત સારો જાએછે એટલુંજ નહીં પણ તેથી કરીને વાંચનારાઓનાં ગ્નાન, નેકી અને હુશીઆરીમાં વધારો થાએછે.

માંટે વાંચનારી બેહેનો, આ ઊપલી બીનાં ઊપરથી તમારી ખાતરી થશે કે ફરસુદનો વખત સારી રીતે કાહાડવાને ફકત બે ઊપાઓ સારાછે તે એકે આપણા સરવ શકતીવાંન ઊતપન કરતાને હમેશ યાદ કરતા તથા તેનાં જશ ગાતા રેહેવું અને બીજુ એકે ગ્નાન વધારનારાં ચોપાંનીઆં તથા પુસતકો વાંચવાં.


## પાંણી અને તેનો ઊપીઓગ.

બેહેનો! પાંણીનો મોટામાં મોટો ઊપીઓગ શુંછે તે તમો સહુ કોઈ સારી પેઠે જાંણોછો. પાંણી વગર માણસથી એક ઘડી ભર જીવાએ નહી. આપણ ઈશવરનાં અતીઘણા આભારી છઈએ કે જે ચીજ વગરે આપણને ઘડીભરબી ચાલે નહી તે ચીજ દુનીવામાંતો ત્રણ ભાગમાં જેટલી જોઈએ તેટલી ઊતપન કીહાડથી કંટાલેછે અન


જરાખી શક નથી. ઊંદના ખાસ મોટોછે જે એક સરખી ઠામાં આવેછે પણ જનમતાં ઊંદને ખુધ હાતા જગીપર

એ ઊપરથી પણ ઈશવરનાં ચમતકારની એક ખુબી માલુમ પડેછે કે નાહનાં ઊંઠ જેઓ રેતીના મેદાનોમાં મુસાફરી કરવાને શકતીવાન નથી અને ખુધની જરૂર ધરાવતા નથી તેઓને પરમેશવરે તે વખતે ખુંધ આપીબી નથી. વીચાર કરો, બેહેનો, કે ફકત ઊંઠ જેવા જંગલી અને નજીવાં પરાણીથી પરમેશવરની અપાર શકતી અને અપાર ડાહપણની કેવી સાબેતી મલેછે.!!

કીધોછે. વાડી બાગ વગેરેની જગાએ કારંજા આપણે જોઈએછે તે કારંજાનું પાંણી ઊંચી જગે ઊપરથી લાવેલાં હોએછે. એક કરંજાનું ચીત્ર આ જગોએ આપેલુંછે. એવા એવા તરેહ તરેહનાં કરંજા થાયછે.



વીલાતમાં લોકોને પાંણી ભરવા માટે કુવે કુવે અને તલાવ ઊપર રખડવું પડતું નથી. ઘરનાં દરએક ઓરડાની અંદર નલીઓ મુકેલી હોયછે અને તે નલી માંથી ઈસકોરૂ ફેરવીને જેટલું જોઈએ તેટલું પાંણી મલી શકેછે. તમોએ ભાંડુપ મધે એવીજ રીતે જોયું હશે. ઊંચા ડુંગર ઊપર નલી મુકીને પાંણી લાવેઆછે અને તે નલીઓ બંગલાની અંદર દાખલ કીધીછે.



આ પાસેનાં ચીત્ર ઊપરથી વધારે માલુમ પડશે. ઊંચી જગા ઊપર મોટું તલાવછે તાંહાંથી નલી ઊતારીને બંગલા મધે જુઓ કેવી રીતે લઈ જવામાં આવીછે. વીહારનાં તલાવની નલીઓ આપણા ઘેરમાં મુકી હોયતો આપણને તેટલુજ સુખ મલે.




એક બંધીઆર પીપમાં લાંબી નલી મુકીને તેમાં પાંણી ભરીએ હોયતો તે પીપ ગમે એટલું મજબુત હોય તોબી તેનાં કટકે કટકા થઈ જાય. એટલું બધું જોર એ ...તેનાં પાંણી ઊપર લાંબી અને સાંક

પાંચ દશ મહીન...ણીથી થશે. ગોચોળી પાંણી ણુજ સારૂં. આપ વેલાએ મોટા મોટા પાહડો બી કરવા ચાહીએ ...છે. તે એજ ગુણને લીધે. છે તે કટકા આપા... આર થઈએછે. વે... ણે વેઆજે આપેલા પાંચ દીવસમાં જાએ નાર હોએ તે એવું નીકલી જાએતો સા...



(B) આવી નીસાંનીનો મોરો ખાડોછે તે ખાડામાં પાંણી ભરેલુંછે. પાહાડની વચો વચ ઊપરથી (A) આવી નીશાંણીની ફરામાં પાંણી ભરાઈ રહાથી તેનું દબાણ નીચેનાં પાંણી ઊપર એટલું બધું થાયછે કે આખો પાહાડ ફાટીને કટકે કટકા ચારે તરફ ઊડેછે. પાંણી ન રમછે પણ તેમાં કેટલું બધું જોરછે !!



પાંણીના ઘડીઆલ વીશે તમોએ સાંભલીઊ હશે. તેનું ચીત્ર આ જગોએ આપીઊંછે. તમારી સાંમે ડાબા હાથ ઊપર જે નલીછે તે નલીમાંથી પાંણી ઊતરેછે. તે નલી છોકરાના પગમાંથી તેનાં મોહડાં સુધી દાખલ કીધીછે અને છોકરાની એક આંખમાં હુંધરૂ પાડેલુંછે તેમાંથી પાંણીના ટીપાં પડેછે. વખત જતો રેહેછે તેને માટે તે છોકરો ગોઆ રડતો હોય. છોકરાની આંખમાંથી જે ટીપાં પડેછે તે ટીપાં નીચેની નલીને રસતે (D) નીશાંણના વાસણમાં દાખલ કીધી છે, તે વાસણમાં જેમ જેમ પાંણી ભરાતું જાયછે તેમ તેમ (E) નીશાંનીનુ બુચ ઊચકાતો જાયછે, તે બુચની સાથેના સલીઆ ઊપર એક ફરેસતાનુ પુતલું કીધું છે તે ઊચકાતું જાયછે. તેના હાથમાં તીર જેવી લાકડી આપીછે તે મીનારા ઊપર આંકડા મુકેઆછે તે દેખાડેછે. એ લાકડી ત્રીજા આંકડા ઊપરછે તેથી જાણવું જે ત્રણ વાગેઆ. વાસણમો જારે સઘલું પાંણી ભરાઈ જશે તારે તે ૧૨ ના આંકડા ઊપર જશે. બાર વાગેઆ એટલે તે વાસણનું સઘલું પાંણી ખાલી કરી નાંખવું. એટલે તે બુચનો શલીઓ પાછો પેહેલા આંકડાની નીચે જશે. અને તેમાં પાછું પાંણી જેમ ભરાતું જશે તેમ તે સલીઓ ઊચકાતો જશે. એ શીવાએ પાંણીનાં બીજા ઘણા અજાએબ જેવા સાંચાઓ બનાવેઆમાં આવેઆછે પણ તેનું વરણન અતરે થઈ શકતું નથી.

## પરચુરણ બાબતો.

**દુનીઆમાં સઊથી મોટું શેહેર**—એશીઆ ખંડ મધે ચીનની ઊગમણ દીશાએ જેપાનનાં ટાપુઓછે. એ ટાપુઓની રાજધાની જેદો (અથવા ઇએદો) શેહેરછે તે હાલ આખી દુનીઆમાં સઊથી મોટું શેહેર ગણાએછે. એ શેહેર મધે ૧૫૦૧૦૦૦ પંદર લાખ એક હજાર બાંધેલાં ઘેરછે અને એ શેહેરની વસતીની ગણતરી ૫૦૦૦૦૦૦ પચાસ લાખ માણસોની કરવામાં આવીછે.

**એક વીટી મધે જડેલું ઘડીઆલ**—લેડી નાઈટીંગેલ નામની પરોપકારી ઓરતે કરીમીઆની લડાઈમાં ઘાહેલ અને આજારી સોલજરોની ખુબ અછી આવજત કીધી હતી તે વીશે તમે વાંચેલુંજછે. એક અમલદારની એ નેક ઓરતે સારી બરદાસ કીધી હતી તેના બદલામાં તે અમલદારે એ ઓરતને હાલ એક ઘણુ સુંદર, ટકોરીવાલું, મોટી કીમતનું અને નાહાનાં કદનું વીટી મધે હીરાને ઠેકાણે જડેલું ઘડીઆલ ભેટ મોકલાવીઊંછે.

**નાહનાં બચાંઓની ઊલટ**—એક ચાર વરસાની છોકરી નીસાલે ગઈ હતી તારે તાંહાંનો માસતર પઇશાના કોશટક શીખવતો હતો. માસતર કેહેતો હતો કે એક રોટીઆમાં તણ અરધી થાએછે તે વાત પેલી છોકરીને ઇઆદ રહીં ગઈ જારે તે ઘેર આવી તારે તેણીએ પોતાની માને કહીઉં કે "માએજી, મને એક રોટીઊં તો ઉઘાડી આપો" આ બીચારી વીચારમાં પડી અને પોતાની બાલકીને પુછવા લાગી કે "રોટીઊં ઉઘાડી આપવાનું તું મને શું કામ કેહેછે?" નાહાની બાલકીએ જવાબ દીધો કે "આજે હું નીશાલે ગઈ હતી તારે માસતર કેહેતો હતો કે એક રોટીઆમાં તણ અરધી થાએછે અને એક રોટીઆંમાં તણ અરધી કેમ થાએછે તે ઉઘાડી જોવાની મારી મરજીછે. માટે એક રોટીઊં ઉઘાડી તે મધેની તણ અરધી મને દેખાડો."

**એક બાટલીની મુસાફરી**—બેહેનો તમને ખબરછે કે જારે વાંહાણો બાગેછે અથવા ડુબેછે તારે તે વીશેની હકીકત લોકોને મલવા સારૂ, વાંહાંણનો કપતાંન અથવા તે મધેનું બીજું કોઈ હુશીઆર માણસ એવી આફીઅતનો હેવાલ લખી

એ ચાર જુદી જુદી બાટલીઓમાં નાખી મોહાડું બંધ કરી તે બાટલીઓને દરીઆની અંદર નાખી દેછે. કેટલાક વરશ ઉપર એક વાંહાણ ડુબવાની તઈઆરીમાં હતું તે વખતે તે મધેનાં એક લશકરી અમલદારે તે બાબતની હકીકત લખી બાટલીમાં નાખી. પણ એટલામાં બીજું વાંહાણ નજરે પડીઉં એવી બુમ પડી તેથી તે અમલદાર પોતાનો અને પોતાના કીમતી માલનો બચાવ કરવાની તજવીજમા પડેઓ; તથા પેલી બાટલી વીશે તેને ખબર રહી નહીં. લોકો સઘલા બીજા વાંહાણમાં ઉતરેઆ અને પેલું વાંહાણ ડુબી ગયું. પેલી બાટલી સમુદરમાં પડી તે તરતી તરતી આફરીકાના આથમણુ કીનારેનાં ટાપુઓ ખાતે પુગી. તે તાંહાના એક સીદીએ ઉચકી તાંહાના ઈંગરેજને આપી. પાંચ સાત વરશ પછી એવું બનીઉ કે તે લશકરી અમલદાર તે ટાપુઓ ખાતેની રીજમીંટનો વડો ઠરેઓ અને જારે તે તાંહાં પોતે તારે પેલા ઈંગરેજ ગરહસથે તે અમલદારને તેની સહીનું પેલાં વાંહાણના ડુબવા બાબતનું બાટલી મધેનું કાગલ દેખાડીઉં તે જોઈને તે ઘણોજ અજબ થએો. એવી રીતે એક બાટલીએ પાંચ સાત વરસ સુધી દરીઆ તથા જમીન ઉપર મુસાફરી કરીને પાછી પોતાનાં ધણીને મલી.

---

**બરીટીશ સરકારના કરજનું વેઆજ**—ઈંગરેજ સરકાર ઉપર વેલાતની અંદર જે કરજછે તેનું ગયા વરસનું વેઆજ તથી તે વેઆજ ચુકવી આપવાને ખરચ બને મલીને ૨૮,૩૭,૨૪,૧૬૦ અઠાવીસ કરોડ, સાડતીસ લાખ, ચોવીસ હજાર એકસો સાઠ રૂપીઆ થએઆછે. હાલ બરીટીશ સરકાર ઉપર બરીટીશ ટાપુઓને લગતો બધો મલીને ૯૦૦૦૦૦૦૦ કરોડને અથવા એક અબજને આસરે કરજછે.

---

**વેલાત મધે છાકટા**—ઇ૦ સ૦ ૧૮૫૯ ના વરશમાં વેલાત મધે બધા મલીને ૮૯૯૦૩ (નેવેઆસી હજાર નવમો તરણ) જણને છાકટપણાને માટે પકડવામા આવેઆ હતા અને તેમાં ઓરતોની સંખેઆબી મોટી હતી. એઓમાંથી છપન હજારને સજા કરવામા આવી અને તેમાં દસ હજાર ઓરતોને સજા થઇ. એ વરશમાં તણસો જણ બેસુમાર દારૂ પીધાથી મરણ પામેઆ. દારૂની આવી માઠી અસરછે માટે તેથી સઘળા સારાં માણસોએ પહરેજ રેહેવું જોઇએછે.

---

## વેગળેથીજ સારાં લાગવાની ગરબી.

"સુખનો સાગર શામલોરે" એ રાગનીછે.

ડુંગરા દુરથકી રળિયામણા રે
પાશે જાય ત્યાં પથરા હોય હોલાલ; ડુંગરા૦
નહિ ગુણ ગણિયે મોટા નામથી રે
તેની તારીફ શુણિયે તોય હોલાલ; ડુંગરા૦ ૧

સરોવરથી સાગર મોટો શુણિ રે
પંખી પહોચ્યાં રાખી પ્યાર હોલાલ; ડુંગરા૦
પાણી પીને સુખ નહિ પામિયાં રે
તેની તરશ ન ગઈ તલભાર હોલાલ; ડુંગરા૦ ૨

જોઇને દીપક જોત પતંગિયા રે
પડિયા ઉપર ધરિને પ્રીત હોલાલ; ડુંગરા૦
પામ્યા દાઝી પીડા પામિયા રે
ખુબ ખુબ પામ્યા ખેદ ખચિત હોલાલ, ડુંગરા૦ ૩

ઈંદરવરણાં ફળ અતિ ઓપતાં રે
સુખમાં મેલે નહિ મીઠાશ હોલાલ; ડુંગરા૦
ઉજળુ દુધ અનુપમ થોરનુ રે
તેતો પીતા ઉપજે ત્રાસ હોલાલ; ડુંગરા૦ ૪

ઝાઝાં જળનાં દેખી ઝાંઝુવારે
મરગના મનમાં હરખ ન માય હોલાલ, ડુંગરા૦
દોડી દોડીને દુખ પામિયારે
જઇને જોતા કાંઈ ન જણાય હોલાલ, ડુંગરા૦ ૫

આબા જેવાં જોઈ આકોલિયાં રે
કોયલ કરતી હતિ અતિઆશ હોલાલ; ડુંગરા૦
પછિ તે દીઠાં પુરાં પાકવારે
કરડી જોતાં માંહિ કપાસ હોલાલ, ડુંગરા૦ ૬

મણિની આશે મણિધર સેવિયો રે
ધણિ રૂડિ રીતે રાખી ઘેર હોલાલ; ડુંગરા૦
માસ ગયા બહુ પણ ન મળ્યો મણિરે
ઝાઝું દીઠું ઉલટું ઝેર હોલાલ, ડુંગરા૦ ૭

સોનું વાલન દેતી શંખલી રે
તે તજિ લીવો શખલપોડ હોલાલ; ડુંગરા૦
બોલે બહુ પણ દમડી દે નહિરે
કેહેશે લેને લાખ કરોડ હોલાલ; ડુંગરા૦ ૮

લુબ્ધ્યો ભમરો વનમાં ભટકતોરે
ફુલ્યો જોઈ આવળનાં ફુલ હોલાલ; ડુંગરા૦
કાંઈ સુગંધ ન પામ્યો સુંઘતારે
મનમાં સમજ્યો મોટી ભુલ હોલાલ; ડુંગરા૦ ૯

સુંદર હીરા સરખો શોભતોરે
કીમત પામે કાચ ન કોઈ હોલાલ; ડુંગરા૦
કેરી કેળાં કીધાં કાઠનાંરે
જનની ભુખ ન ભાગે જોઈ હોલાલ; ડુંગરા ૧૦

શોભે દુરથી દોલત સુમનીરે
પણ તરશાંને પાણિ ન પાય હોલાલ; ડુંગરા૦
છેકે નરસા નિપજે છોકરા રે
લખમી લાખ રીતે લુટાય હોલાલ; ડુંગરા૦ ૧૧

શોભે પણ પથરાની પુતળિરે
સગળો ન ચલાવે સંસાર હોલાલ; ડુંગરા૦
દશકત આછે દલપતરામનારે
વાચી કરજો સાવ વિચાર હોલાલ;
ડુંગરા દુરથકી રળિયામણારે. ૧૨

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪ થું · આગસટ ૧૮૯૦ · આંક ૮ મો.


## દુખી ભરતાર.

સંધીઆકાળ પડી હતી. પેસતનજી પોતાના ઓરડામાં બેઠો હતો. તેની ધણીઆણી 'કાહોલાઈ' બબરચીખાનામાં હતી. તે હંમેશની પેઠે પોતાના ચાકર સોલાની સાથે ચીથરાં ફાડતી હતી. તે મોટેથી ધુમ બરાડા પાડીને બોલતી હતી. પેસતનજીને કાને અવાજ પડેઆથી તે બીચારો અફસોશ કરવા લાગો. તે બોલેઓ કે—

"કેવી નઠારી ઓરત! એવી કમજાત ઓરત દુનીઆમાં કોઈને મલશે ના. અરે કમજાત અને નઠારી ઓરતથી કોને સુખ મલીશેછે કે મને મલશે? અરે! આવી કમજાત ઓરત મારે નશીબે કાંહાં લાગી! હું તેણીને એટલો બધો ચાહુંછું. તેણીને સુધારવા માટે આટલી બધી મેહેનત કરૂંછું. તેણીનું મન રાખવા માટે કેટલો બધો નકામો ખરચ કરૂંછું અને કેટલી બધી આબદા લોગવુંછું. પણ અરે તેણીને મનથી તો કાંઈજ નહીં. જે જનસ કરાવા કેહેછે તે હું કરાવી આપુંછું. જે કપડા કેહેછે તે ખરીદ કરૂંછું. પણ અરે તેણીને ઓછુજ પડેછે.

"અરે તે કેવી નઠારીછે. કેવી બેસમજ અને કમજાતછે. તેણીના નઠારા સભાવથી હવે હું છેકજ કંટાળી ગયોછું. એવી ઓરત નહી મલી હોય તો કેવું બેહેતર. સોલો ચાકર જે બીચારો ભલો અને બુઢોછે અને જેની ઊપર મારો આટલો બધો વીશવાસ બેઠેલો છે તેની સાથે જુઓ તે કમજાત કેટલી ટકટક અને ચડબડ કરેછે. એ ભલો ચાકર એ કમજાતથી કંટાલીને મારૂં ઘર છોડેઆ વગર નહીં રેહે.

"અરે મેં તેને કેટલી બધી વખત સમજાવી. કેટલી વખત સીખામણ દીધી! પણ એ કમજાત જાણે બેહેરી હોય તેમ સાંભલતી નથી. અરે તે મને પોતાને દરરોજ સતાવેછે તો સોલાને કેટલી સતાવતી હશે. એ કમજાત મારી પાસ એકની એકજ વાત કરેછે. 'પીરોજબાઈ અને ધનબાઈએ આવી સાડી પેહેરી અને આવી ઈજાર ખરીદી. ગુલબાઈના ધણીએ હાવું એરીણ કરાવીઊં, અને જરબાઈના ધણીએ હાવી નથ ખરીદ કીધી' મેં તેણીને મારે ત્રણ ચાર કપડાંની જોર ખરીદ કીધી અને ત્રણ ચાર ભારે જીનસ કરાવી તોપણ દરરોજ એકની એકજ વાત.

"અરે તે જેવી નઠારી છે તેવો મારો સભાવ તીખો હોએ તો મારા ઘરની કેટલી ફજેતી અને બે આબરૂ થાએ. પણ અરે હવે વધારે ધીરજ હું રાખી સકતો નથી. મારા પડોશીઓ દરરોજ મારા ઘેરનો તમાસો જુએછે ને મારાથી સહન થઈ શકતું નથી. એવી કમજાત ઓરતને કેમ ઠેકાંણે લાવવી તે હું જાણતો નથી. હું નથી ધારતો કે એના જેવી નઠારી, હઠીલી અને કમજાત ઓરત દુનીઆમા કોઈબી હોય."

એ પરમાંણે અફસોસ કરેછે તેવામાં તે કમજાત કોલાઈ આવી અને સોલા ચાકર વીશે ફરીઆદ કરવા લાગી. પેસતનજીનો મીજાજ ગયલો હતો અને ચીડાઈને બોલેઓ કે—

"અરે કમજાત! તું મને એટલું દુખ શા વાસ્તે દેએછે? તારે જોઈએતો મને એકદમ ઝેર આપીને મારી નાંખ પણ મારૂં લોહી તું દરરોજ શા વાસ્તે બાલેછે? અરે નષ્ટ! અરે કમજાત! તુંને મારી જરાબી શરમ નથી આવતી? હું તને એટલો બધો ચાહુંછું. તારો નઠારો સભાવ સહન કરૂંછું. તારે વાસ્તે કપડાં અને જનસો કરાવુંછું પણ અરે તારી ઊપર ધીકાર પડજો—કે તેં કોઈબી દાહડે મને સુખ આપીઉં

નથી. અરે કમજાત ! તારી નઠારી ચાલથી મારૂ ઘેર મને અકારૂ થઇ પડીશેછે. નેક ઓરત પોતાનો તથા પોતાના ભરતારનો સંસાર સુધારેછે પણ અરે કમ જાત તેં તારો પોતાનો તેમજ મારો સંસાર બગાડી નાંખેઓછે. અરે મેં તુને કેટલી વખત સમજાવી ! કેટલી વખત નરમ અવાજથી તને શીખામણ દીધી ! પણ તેં મારી એકુ વાત કાંન ઊપર ધરી નહીં.

"અરે કમજાત ! તું તારા પેદા કરનારથી દર. ભરતારને દુખ આપીને કોઈ જાંહાંનમાં તું સુખી થનાર નથી. આ દુનીઆમાં કે પેલી દુનીઆમાં સુખ મલના ર નથી. અરે કોલાઈ ! હું માગી લશીછું કે તું મને હવે વધારે દુખ ના દે. તું મારો જીવ વધારે ના દુખ વ. ઈશ્વરને વાસતે તું તારો નઠારો સભાવ ઠેકાણે લા વ. ભલા અને બુઢા લોલા સાથે ચીથરાં ના ફાડ. બી જી ઓરતોના ઘરેણાની તથા કપડાંની વાત મારી આ ગળ ના કર. હું ઓથી અતી ઘણો કંટાલી ગયોછું. દસ વરસ થયા આપણો સંસાર ચાલેછે પણ હું દલગી રછું કોલાઈ ! હું ઘણોજ દલગીર છું કે એ લાંબી મુદ તમાં તેં મારા જીવને અતીશે દુખ ઊપજાવીશેછે. ઈ શ્વર પાસે હું માગુંછું કે તે સાહેબ તને રૂડી બુધી આ પે અને નઠારા તથા હઠીલા સભાવથી તને છોડવે."

અરે વાંચનારી બેહેનો ! આ દુખી ભરતારની હાલતથી તમને દયા ઊપજી હશે. એ બીચારાનો સં સાર તેની નઠારી અને કમજાત સ્ત્રીએ કેવો ધુલ મેલવે ઓછે. અરે બેહેનો ! તમે તમારા ભરતારને જરાબી દુખ આપતાં નહીં હશો એવું હું ખાતરીથી ધારૂછું. ભ રતારનું દીલ દુખવીને કોઈબી સ્ત્રી આ દુનીઆમાં કે પેલી દુનીઆમાં સુખી થનાર નથી એ વાત વાહલી બેહેનો તમે ખાતરીથી જાણજો અને ઈઆદ રાખજો.

—∞—

## જીંદગીની સફર;

બેહેનો, તમે કોઈ વખત કોઈ શખસને મોહો ડે સાંભળીશેં હશે કે આપણી જીંદગી દરીઆ મધે ફરતાં વાંહાંણોની સફર મીસાલેછે. એક અસલના વીદ વાને પણ એજ પરમાણે લખીશેછે કે "આપણી જીં દગી એક જાતની સફરછે જે સફરમાં આપણે હમેશ આપણી હાલત અથવા જગા બદલતા જાઈએછે. પેહે લા આપણે બચપણને આપણી પાછળ છોડી દઈએ છે, તાર પછી જુવાની, અને તે પછી મોટી અથવા વરધ અવસથાનો આપણે તેંઆગ કરીએછે." હવે આપણી જીંદગીને દરીઆની સફર શાથે કેવી રીતે સરખાવી છે તેનો થોડોએક હેવાલ તમને નીચે આપીએછે.

આપણે આપણી આસપાસના લોકોમાં જોઇ એછે તો તેઓ આ દુનીઆના ઘોંઘાટ અને ઘંભરાટ માં પડેલા માલુમ પડેછે અને તેનુ કારણ પુછીએછે અ થવા વીચારીએછે તો એવું સમજવામાં આવેછેકે એ સ ઘળા માણસો જીંદગીના મોહસાગરમાં પડેલાછે. વળી આપણે એવું પણ સમજીએછે કે બાલપણની ખાડી જેમાં ઘણાક (બાળકો) ડુબી ગયાછે તે ખાડીતો આ પણે પનાર કીધીછે. એ બાલપણની ખાડીમાં જે ડુ બેઆ (એટલે બચપણમાં જે મરણ પામેઆ) તેમાના કેટલાક (બાળકો)ના વાંહાંણ નબળાં અને મડેલાં હોવા ને લીધે, તથા કેટલાક તો પોતાના વાહાલીઓની બે વકુફી, હટીલાઈ, અને ગફલતીને લીધે મારેઆ ગયા છે. વલી એવું પણ દીઠામાં આવેછે કે આપણે પોતે હાલ જીંદગીના મોટા સમુદરમાં છીએ ! એ સમુદરમાં પવન ઘણો ફુકેછે અને મોજા જોરના લાગેછે. એ જો રના પવન અને ભયંકાર મોજાઓમાંથી આપણને ખ ચાવવાને સારો સુખાણી જોઈએ અને એ સુખાણી ને આપણે ડાહેલા તથા અનુભવ વાલા હુજારો માણ સોમાંથી પસંદ કરવાનું આપણા પોતાના હાથમાંછે.

વળી જો પાછલ ફરીને આપણે જોઈએછે તો ખુશબોદાર અને મસાલાદાર ટાપુઓ પાસેથી જાતો પા ણીનો પરવાહ દીઠામાં આવેછે. એ ટાપુઓની પાસેથી જે કોઈ હંકારી જાએછે તે જોઈને તેઓ રાજી થાએછે પણ જો તાંહાં તેઓ ઊતરેછે તો તાંહાંનો પરવાહ ઘણો જોર ન છતાં તે લોકો તે પરવાહમાં તણાઈ જાએછે. એ ટાપુઓની બીજી બાજુએ બધું અંધારૂં દેખાએછે અને તણાઈ જતાં ઊતારૂઓને ખબર પડતી નથી કે તેઓ કએ ઠેકાણે ઊતરેઆ.

જો આપણી આગળ જોઈએતો સઘળું (જીંદ ગી રૂપી) સમુદરનાં પાણી શીવાએ બીજુ કાંઈ દીઠા માં આવતું નથી. એ પાણીમાં જોરના મોજા લાગેછે એટલુંજ નહીં પણ ધુમસ એટલી બધીછે કે ઘણી ચો ખી આંખ વાળું માણસબી પોતાનો રસતો ઓલખી શકતો નથી. એ સમુદરમાં ઘણાક ખરાબા અને ફુલ કલ ભમર (સમુદર મધે ગોલ પાણી ફરતું હોય એવી

જગા.) હોએ એવું દેખાએછે, કારણ કે ઘણાક લોકો પોતાના (જીંદગી રૂપી) વાંહાંણને સઘળા સઢ ચઢાવીને ખુબ જોરના પવનમાં હંકારતા હતા અને પોતાની પાછળ રેહેલાઓની મશકરી કરતા હતા તેઓ આણુંહી તેઓ ડુબી ગયાછે. જોખમ અને ધાસતીઓ એટલી બધીછે અને અંધારૂતો એટલુંછે કે જેવી તેવી અથવા કોઈ વેખતે ઘણી સંભાળથીબી બચવું મુશકેલ થઈ પડેછે. તોપણ કેટલાક લોકો પોતાના ખોટા ડાહપણથી ઘણાએક શખસોને ચકર ફરતા ભમરમાં આવીને નાખેછે અથવા કોઈ વખત પોતાના હુલડાઈ ભરેલા જોરથી થોડાકને ખરાબા પાસેથી ખેંચીબી કાહાડેછે.

પાણીનો પરવાહ એકજ તરેહનો અને અટકી નહીં શકે એવોછે. જો કે એવા પરવાહની સામણે વાંહાંણ હંકારવું અથવા નીકલેલી જગાએ પાછુ આવવું બનશકીઅછે તોપણ એ પરવાહ કાંઈ એવો જોરાવર નથી કે હીમત અથવા ઊંડપવાળું માણસ તેમાંથી નીકલી શકે નહીં; જોખમમાંથી તદનતો કોઈબી શખસ નીકળી શકતું નથી પણ કેટલાક લોકો સંભાળથી અને જરા વાંકો રસતો લીધાથી તેમાંથી પોતાનો બચાવ કરી શકેછે.

પણ ઘણા લોકો કાંઈ પોતાના વાંહાંણ ઘણી સંભાળ અને ઘણી ડાહપણથી હંકારતા નથી; દરએક માણસ દરએક પલે પોતાની પાસે પોતાના સોબતીઓને ડુબી જતો દેખેછે, તોપણ અવીચારપણાને લીધે તે પોતાને સલામત સમજેછે, અને તે માણસ ડુબી ગયું કે તેની માઠી ચાલ અને તેથી ઊપજતી ખરાબી સઘળા ભુલી જાએછે, તથા પોતાની અંદર આગળની પઠે ભરોસો રાખી પાછુ પોતાનું વાંહાંણ ચલાવા માંડેછે. દરએક માણસ પોતાનું (જીંદગી રૂપી) વાંહાંણ મજબુત સમજેછે અને પોતાનો સોબતી જે ભમરમાં ચકર ખાઈને અથવા જે ખરાબા ઊપર ભાગીને મુઓ તે ભમરમાંથી નીકળી જવાને અથવા તે ખરાબાથી બચવાને પોતાને શકતીવાન સમજેછે. વળી એવું પણ દીઠામાં આવેછે કે એક માણસનું વાંહાંણ ભાગાથી બીજાઓ શીખામણ લેઈને બીજો રસતો પકડતા નથી અને કદાચ કોઈ જરા બીજો રસતો લેછે તો તે પોતાનું સુખાણ ભુલી જાએછે અને તેને ઈતફાકને તાબે થવું પડેછે.

આવી ગફલતી લોકો જાણી બુજીને અથવા કંટાલાને લીધે કરતા નથી, કારણ કે જે માણસો આવી રીતે પોતાને હાથે પોતાનો નાશ કરેછે તેઓ નાશ પામતી વખતે પોતાના સોબતીઓની તેઓને ન આપાઈ શકે એવી મદદ મેળવવાને બુમો પાડેછે. કેટલાક લોકો બેવકુફીથી પોતાના અરધા રસતામાં નાશ પામેછે. તેઓ નાશ પામતી વખતે બીજાઓને શીખામણ દેછે અને તે શીખામણ થોડાએક જણ પસંદ કરેછે પણ ઘણક તેની કાંઈ દરકાર કરતા નથી.

જે વાંહાંણમાં આપણે જીંદગીની સફર કરવા ચડેઆ હોઈએ તે વાંહાંણ આપણી સફરને લાએક નથી એટલુંજ આપણે વીચારવું જોઈતું નથી પણ તે વાંહાંણ સફરથી નુકસાન પામીશકેછે એવી રીતે સમજવું જોઈએછે, કારણ કે આપણે ખાતરી રાખવી જોઈએછે કે ગમે એવા અનુકુલ બનાવોથી અથવા મોટી સંભાલથી આપણે કેટલેક વખત સુધી સલામત રેહેશું તોપણ આપણે નાશ પામેઆ વગરનો રેહેનારજ નથી.

જીંદગી રૂપી વાંહાંણ મધે વેહેલું મોહોડું નાશ પામવાની ધાસતીથી મોજીઓને દલગીરી ઊપજેછે, હીમતવાનને ધાસતી લાગેછે, દુખીઆરા અને બીકણના દુખ તથા ધાસતીમાં વધારો થાએછે, તેથી કરીને વારેઘડીએ તેઓને માટે પોતાના પેદા કરનારની બનાવેલી સારી ચીજો તેઓ વાજબી રીતે ભોગવી શકતા નથી. એવુંછે તોપણ જેઓને નાશ એટલે મોતની વધારે ધાસતી લાગેછે તેઓનીતો વધારે ખાતરી થતી જાએછે. તેઓ સઘળા પોતાની ધાસતી પોતાથી છુપાવી રાખેછે, જેઓ પોતાનું દુખ સહન કરી શકતા નથી તેઓ કાંઈ એક ગમત લઈને બેસેછે અને આશા નામની એક નાહની તથા રમણક છોકરી જે આપણી જીંદગીની સફરમાં હમેશ આપણી સાથેજ રેહેછે તેની સાથે રમત કરેછે.

પણ આશા જેઓની ઊપર ઘણીજ મેહેરબાની કરેછે તેઓનેબી એટલીજ કબુલાત આપેછે કે તેઓ બચવાના નથી અને જારે તારે તેઓનો નાશ થશેજ. આ કબુલાતથીબી દરએક શખસ સંતોશ પામેછે જો કે તેના ઊપર ભરોશો રાખવાને માટે તે બીજાઓને હસી કાહાડેછે. આશા પોતે નાહની અને રમતીઆળ છતાં પોતાના સોબતીઓની આવી બેવકુફીને માટે મશકરી કરેછે, કારણ કે જેમ જેમ જીંદગીના વાંહાંણમાં વધારે પાણી આવેછે અને તે ડુબવાની તઈઆરી કરતું જાએછે તેમ તેમ આશા તેઓને વધારે પણ ખોટી ખા

તરી આપેછે, અને જે લોકો પોતાના શીવાએ બીજા સગળાઓને જોખમમાં ગણેછે તેઓ સફરમાંથી બચવાને વધારે તઈઆરી કરેછે.

જીંદગીની સફરમાં પેહેલી બારી અચીતપણાનીછે. એ બારીના પાણી મધ્યે જોખમ ભરેલા ભમર અને ખરાબા દુબા પડેલાછે. એ ખરાબા ઊપર અમન ચમન નામની એક છોકરીએ સુંદર કોચ પાથરેઓછે અને મોજ નામની તેની બેહેન મધુર ગાએનું ગાએછે. હવે જે શખશ્ર જીંદગીની સફર કરતા હોએ તેઓને રસતામાં આ ખરાબા નડેઆ વગર રેહેતા નથી. અકલ નામની ડાહી છોકરી એ ખરાબાઓમાંથી રસતો દેખાડી લોકોને બચાવવા માટે હમેશ તઈઆર રેહેછે. પણ મોજના ખરાબા ઊપરના દેશોમાં ઊતરી થોડો વખત સુખ ભોગવી પાછી સફર શરૂ કરવાની ઈછા છોડી ઘણાજ થોડા લોકો પોતાની જીંદગીના વાંહાંણનું સુખાણ અકલ નામની ઘણીજ ડાહી છોકરીને સોપેછે. વળી જે થોડા લોકો પોતાનાં વાંહાંણનું સુખાણ અકલને સોપેછે તેમાંથીબી કોઈ મોજના છેલા ખરાબા ઊપર આવતી વખત અકલને ઠગીને તેના હાથમાંથી સુખાણ લઈ લેછે અને મોજના ખરાબા ઊપર ઊતરેઆથી અથડાઈને મરણ પામેછે.

આ ઠેકાણે કેટલાક કારીગરો આપણા કલપવામાં આવેછે. એ કારીગરો મોજના ખરાબા ઊપર ભાગેલાં વાંહાંણો સમારવાનો ધંદો રાખેછે. કેટલાક કારીગરો તે પોતાની ચતુરાઈમાં ઘણોજ ભરોસો રાખેછે અને તેઓના સમારેલાં વાંહાંણો ટકીબી શકેછે. પણ જે વાંહાંણો તેઓ સમારેછે તે ઘણો વખત ટકતાં નથી. તેમજ તેઓ પોતેબી ઘણીવાર સુધી જીંદગીની સફરમાં જે ફાએદો મેળવેછે તે એટલોજ કે તેઓનો નાસ બીજાઓના કરતાં મોડો થાએછે અને તેઓને બીજાઓનાં જેટલાં દુખ અને મુશકેલીઆત ભોગવવાં પડતાં નથી, પણ જે લોકો મોજના ખરાબા ઊપર નાશ પામેછે તેઓ વેહેલા અને ઘણુજ દુખ તથા મોટી પીડા ભોગવીને મરણ પામેછે.

આ ઊપરથી આપણને એક મોટી શીખામણ મળેછે કે આપણું જીંદગી રૂપી વાંહાંણ નાશ પામેઆ વગર રેહેનાર નથી માટે જો તે વાંહાંણનું સુખાણ આપણે સંભાળથી અને અકલ નામની ડાહી છોકરીના કહેઆ પરમાણે ચલાવશું તો ઘણા વરશ સુધી અને પીડા ભોગવેઆ વગર જીંદગી રૂપી સફર કરી શકશુ પણ જો તેમ ન કીધું તો ઘણજ જલદીથી એટલે નાહની વએમાં અને ઘણી વેદના તથા પીડા ભોગવીને નાશ પામશું.

---

## ખરો સોબતી.

બેહેનો! આપણે જાણીએછે કે છોકરાંઓ ઘણુ કરીને સારા અને મન મેલાપી સોબતીના સોખીલા હોએછે. ઓરડામાં એકલા બેસવા અથવા સાંજના એકલા ફરવા તેઓને ગમતું નથી. પોતાના સારા સોબતીને મલવાની મતલબે તેઓ થાકોડુ ખમવાને, સીઆળાની ટાહાડ સેવાને, ઊનાળાની ગરમીથી તપવાને, અને ચોમાસાના વરસાતમાં ભીંજાવાને બીહીતા નથી અને કંટાલોબી ખાતા નથી.

જે દોસતમાં તેઓ ભરોસો રાખી શકે એવા દોસત મેળવવાને તેઓમાં કુદરતી ટેવ અને ઈછા છે. તેઓ સારી સોબત અને સારા દોસતોની વાતો સાંભળેછે અને કોઈ વખત પોતાની ચોપડીઓમાંબી વાંચેછે. તેટલા માટે તેઓ સારી દોસતીની દોલત મેળવવાને ઈંતેજાર રેહેછે.

બેહેનો! જે પરમાણે છોકરાંઓ સોબતી મેલવવાને ઈનતેજારછે તેમજ આપણ સઘળા છઈએ. માટે હમે તમને એક સારા, તમારી સાથે હમેશ રેહે તથા જલદીથી તમારો દોસત થઈ જાએ એવા સોબતી વીશે કેહેવાની રજા લઈએછે? જો તમે તમારા પડોસીઓથી દુર રેહેતા હોઓ, અથવા તમે તમારા મા બાપોથી જુદા પડેઆ હોઓતો એવો સોબતી તમને ખરેખર કીમતી ખંજાનો થઈ પડશે.

પેહેલાં, એ દોસત કેવોછે તે વીશે તમને થોડું બેઆન આપીએછે. તે ઘણોખરો તમારા જેવોજછે. તેની આંખ અને તેનો અવાજ તમારા જેવોજછે. જારે તમે સારી રીતે ચાલોછો અને સુખથી રેહોછો તારે તે રાજી થાએછે. તમારી દલગીરીની વખતે તે દલગીર થાએછે અને તમે જો ખુશી થાઓછો તેને પણ ખુશી ઊપજેછે.

એ ઊપરથી તમને દીઠામાં આવશે કે એ સોબતી સારા દોસતના ગુણ ધરાવેછે. પણ એક રીતે તો એ દોસત બીજા કોઈબી દોસત કરતાં સારોછે. આપ

ણા ઘણા વાહલા દોસતો મરણ પામેછે અને આપણને છોડી જાએછે; તેઓને માટે આપણે નીરાશ થઈ ઘણું દલગીર થઈએછે. પણ જે સોબતી વીશે હમે કેહેવા ધારીએછે તે સોબતી તમે જીવશો તાંહાં સુધી જીવતો રેહેશે અને તમારા મરણની વખતે તમારા પાસેના સગાંવાળાંના કરતાં વધારે નજીક રેહેશે.

તે કદાચ તમને એમ બોલી કેહેશે કે "જાંહાં તમે જશો તાંહાં હું જઈશ, અને જાંહાં તમે રેહેશો તાંહાં હું રહીશ; તમારાં માણસ તે મારાં માણસ અને તમારો પરમેશવર તે મારો પરમેશવર; વળી જે ઠેકાણે તમે મરશો તે ઠેકાણે મારૂં પણ મોત આવશે."

આ સોબતીની સાથે શું તમે દોસતી કરવા ચાહશો? એ સોબતીમાં બીજા કેટલાક ગુણછે અને તે વીસે તમને આગળથી ચેતાવવું દરસત ભાસેછે. જારે તમારી ચાલ ચલણ સુધારતા જાઓ, ઊદ્દઓગી, અને માયાળુ અને ભકતીમાન રહો તારે એ સોબતી સારી તનદરોસતીમાં રેહેછે. પણ જારે તમે તમારી ફરજ અદા કરતા નથી તારે તે દલગીર થાએછે અને આજારી પડેછે. અને જેવો તેનો વઈદ તેનો આજાર સમજી તેને ઓસડ આપી શકતો નથી.

જો તમે ખરાબ કામ કરવાનું જારી રાખોતો તમારી ગરદનમાં એક ભારી વજન ટાંગી મુકેછે અને જે લોકોને ગરદને તે વજન ટંગાયુંછે તેઓ કેહેછે કે એતો મોટી સજા થઈ પડેછે. એ સોબતી જરા અદેખોછે કારણ કે જારે તેની સાથે તમે વાત કરતા હોઓ તારે તે બીજા કોઈને આવવા દેતો નથી અને જો તમે આવવા દોછો તો તે તમારી ઊપર ગુસો કરેછે.

તે તમારી સાથે એકાંતે વાત ચીત કરવા ચાહેછે પણ તે તમારો ઘણો વખત રોકવા ઈછતો નથી. દાહાડાના ચોવીસ કલાકમા તમે જો તેને અરધો કલાક આપો તો પણ તે સંતોશ પામેછે અને એ અરધો કલાક પણ નીરાંતનો એટલે તમારા સુતાની આગમજનોજ તે પસંદ કરેછે.

તે તમારી પાસેથી એટલુંજ માગેછે કે તમારે તેને દરરોજ ઠેરવેલી વખતે મળવું અને તમને જે કાંઈ સવાલ પુછવાને દરસત ધારે તેનો પાધરો અને ખરો જવાબ આપવો. હવે હમે પુછીએછે કે તે શખસ સાથે તમે દોસતી કરવા ચાહશો? એ સોબતીથી તમને કાંઈ નુકસાનતો થનારજ નથી.

જેઓએ એ સોબતીની સાથે ઘણીજ સારી દોસતી રાખીછે તેઓ કબુલ કરેછે કે પેહેલાં એ સોબતી કઢંગો દીસેછે. કારણ કે કાંઈ ખોટાં કામને માટે તે ઊશકેરની કરતો નથી પણ ઊલટો ઠપકો આપેછે. પણ જેમ જેમ તેઓની દોસતી વધી તેમ તેમ એ સોબતીથી તેઓને ખુશી ઊપજતી ગઈ અને જારે એ સોબતી રાજી થતો હતો તારે તે લોકો પોતાની મેહેનતનો સારો બદલો મલેલો સમજતા હતા.

જો તમે આવા સોબતી સાથે મીતરાઈ કરવા ઈછતા હોએતો તે વીશે તમે તેને જણાવજો: તેની બોલવા ચાલવાની રીત પરમાણે ચાલવાને તેને કબુલાત આપજો. જારે તમે તમારા રોજગાર અથવા કામં ધંધા અને ફકરથી ફારેગ થાઓ અને સુવાની તઈઆરી કરો તારે તેને માટે એકલા બેસીને રાહ જોજો.

જારે તમે તેની રાહ જોતા વીચાર કરતા હશો તારે તે તમારી પાસે બેઠેલો હશે. તે વખતે તમે નીચેનો સવાલ નીકલતો ઘણોજ જીણો અવાજ સાંભલો તેનો ખરેખરો જવાબ આપજો; "આજે સવારે તમે શકારા ઊઠેઆ હતા ? અને જે ધણીએ રાતના તમારૂં રેખશણ કીધું અને જેના વગર બીજો કોઈ શખસ દીવસે તમારો બચાવ કરી શકતો નથી એવો જે પરમેશવર તેની ઊઠતાં વાર તમે ભકતી કીધી હતી ? તમે વખતની કીમત પીછાણી તેનો સારો ઊપીઓગ કીધો ? તમે તમારા માતા પીતા અને ગુરૂઓના હુકમ પરમાણે ચાલેઆ ? અને ગરીબ તથા માંનવંતા બુઢાઓનો ઘટતો આદર સતકાર કીધો ?

"તમે તમારા ભાઈ, બેહેન, અને સોબતીઓ ઊપર પેઆર રાખેઓછે, અને જે લોકો સાથે રહોછો તથા હળો મળોછો તેઓના સુખમાં વધારો કરવાની કાંઈ કોશેસ કીધીછે? અગનાનીને કાંઈ શીખામણ તમે આપીછે, ગરીબનું દુખ નીવારણ કીધુંછે કે દરદી અથવા દુખીને કાંઈ મેહેરબાની દેખાડીછે?

"જારે તમે નીરાશ થયા તારે તમે ધીરજ ગખીછે અથવા તમે ખીજેઆ તારે મીજાશ ઠેકાણે રાખેઓછે? તમે ગરવ અને અંહંકારના જોસોનો અટકાવ કરી બીજા માણસોને તમારા કરતાં સરસ ગણેઆછે?

"તમે તમારો ચેહેરો અને ચાલચલણ ખુશનુમા રાખીઓછે? અને તમારી આસપાસનાઓને ખુશી રાખવાની તજવીજ કીધીછે? તમે સુવો તેની અગાડીનું

તમારૂં છેલ્લું કામ સરવશકતીમાન પાલણ કરતાની ભક્તી કરવાનું અને તેણે તમારી ઊપર કીધેલી મહેરબાનીનો ઊપકાર માનવાનુંછે તે હવે તમે બજાવશો ?

જો આ સવાલોના જવાબમાં તમે 'હા' કહી શકોતો તમારા જેવા બીજા કોઈને શુખી સમજતા ના. જે સાચો દોસત એ સવાલ તમને કરેછે તે તમારૂં પોતાનું અંતકરણ અથવા હઈડુંછે. એ અંતકરણને તમારો દરરોજ નીરાતનો શીખુશા ગુરૂ ઠેરવો. તે તમને નેકીના રસતામાં જોર આપશે અને તમારી સારી ચાલચલણને માટે તમને બદલો આપશે. તે ચોખી દાનત રૂપી એવું કુંદન જેવું સોનુ થઈ પડશે જેને કાટ લાગનાર નથી તથા ચોર ચોરી કરનાર નથી.

---

## જંગલ મધે જનાવર સાથે મોટો થએલો પીટર નામનો છોકરો.

નીરદઈ માબાપો પોતાના બચાંઓને મારી નાંખવાની મતલબે જંગલ મધે મુકી આવેછે અથવા કોઈ વખતે સારાં માબાપબી પોતાની ગફલતીથી પોતાના છોકરાઓને જંગલ મધે ભુલી આવેછે એવી વાતો વારે ઘડીએ આપણા સાંભલવામાં આવછે. કોઈ વખતે એવી રીતે જંગલમાં રહેલાં છોકરાં ઘણા ચમતકારીક બનાવથી બચેછે અને જંગલી અવસથામાંજ રેહેછે. કોઈ વખતે એવુંબી બનેછે કે જાંહાંસુધી તેઓ ફલ અને મુલીઆં ખાવા શીખે તાંહાંસુધી શકો ખાનારાં ઘણા ભએંકાર જનાવરો તેમનું પાલણ પોશણ કરેછે. એવી હાલતથી બચેલાં બચાંઓને લોકો હમેશ પેઆરથી ચાહેછે. મનુશીઅ જાતમાં ફકત જાનવરોનાજ સઘલા ગુણો જોઈને આપણે દલગીર થઈએછે પણ તેઓની ચાલ ચલણ અને મનશકતી આસતે આસતે સુધરે અને તેઓમાં નીતીના વીચારો દાખેલ થાએ તેવું દેખીને આપણને ખુશી ઊપજેછે તથા ચાનક મળેછે. પીટર નામના એક જંગલ મધે રેહેનારા છોકરાની વાત સાંભલી ઈંગલંડના લોકોને ઘણીજ તાજુબી ઊપજી હતી માટે તેનો થોડોએક હેવાલ આ વખતે તમને આપવા ચાહીએછે.

છેલા સઈકાની શરૂઆતે એટલે ઈસવી સન ૧૭૨૫ ને આસરે જરમની દેશના જંગલમાં એક જંગલી છોકરો માલુમ પડેઆથી મોટો ઘબરાટ ઊપજી રહેઓ હતો અને તે છોકરાને પાછલથી જંગલી પીટરનું નામ આપીકી હતું. એ છોકરા વીશે ઈસવી સન ૧૮૨૫ નાં વરશમાં સેંટ જેમસીસ ઈવનીંગ પોસટ નામના લંડન ખાતેનાં એક પતરના હાનોવેર શેહેરના આડતીઆએ બેઆંન લખીઊછે અને જેબેઆંન તે વરશના ડીસેંમબર મહીનાની ચઊદમી તારીખે છપાયુંછે તેમાં લખેછે કે "જેલ શેહેરના તુરંગનારખેવાળે હાનોવેરથ વીસ માઈલને આસરે હામલીન નામની જગા પાસેના જંગલમાં આસરે પંદર વરશની ઊમરનાં એક છોકરાને જંગલી હાલતમાં દીઠો. તેને હાલ હાનોવેર ખાતે લઈ આવેઓછે. તે પોતાને હાથે અને પગે ચાલેછે, ખલેરીની પઠે ઝાડ ઊપર ચડી જાએછે, અને ઘાસ તથા ઝાડની લીલ ખાએછે. એ જંગલી છોકરાને ઈંગલંડનો પેહેલો જારજ રાજા જેતે વખતે હાનોવેર મધે રહેઓ હતો તેની પાસે લઈ ગયા હતા. રાજા તે વખતે ભોજન કરતો હતો અને તેને કાંઈ ખોરાક આપવામાં આવેઓ પણ તે તેણે નાખી દીધો. તાર પછી તેને માટે રાજાએ તેને પસંદ પડતો ખોરાક મંગાવેઓ અને કાચા દાણા તેણે ઘણીજ ખુશી તથા ઘણાજ સવાદથી ખાધા. તે બોલી જાણતો ન હતો તેથી તે જંગલમાં કેમ રહી ગયો અને તે કેવી રીતે જીવતો રહેઓ તેનો હેવાલ મલી શકેઓ નહીં. પણ રાજાએ તે છોકરાની ઘણીજ જતન લેવાને પોતાના માણસોને હુકમ કીધો; તોપણ જે લોકો તેની સંભાલ રાખતા હતા તેઓના હાથમાંથી પાછો જંગલમાં નાશી ગયો. તે કોઈનાબી તાબામાં રેહેવાને ઘણોં કંટાલો ખાતો હતો અને તેથી જારે તે જરાબી છુટો થયો તારે એકદમ પાછો જંગલમાં જતો રહેઓ. હાનોવેરની પાસેના જંગલમાં ઘણીજ સોધ કીધી અને તેને એક ઝાડના ઠકમાં સંતાઈ રહેલો દીઠામાં આવેઓ. ઘણાજ હીમતવાન માણસો તેને પોંચી શકેઆ નહીં, કારણ કે તેઓ તેની પુઠે જારે ઝાડ ઊપર ચહડતા હતા તારે તે તેઓને પાડી નાખતો હતો. પછી તેને પકડવાનો છેલો ઊપાએ એજ રહેઓ કે ઝાડને કાપી નાખવું. સારે નસીબે તે ઝાડ પેલા જંગલીને કાંઈ નુકસાન કીધા વગર તુટી પડીકી અને પેલા માણસોના હાથમાં તે પકડાયો.

બીજે વરશે પેહેલો જારજ રાજા ઈંગલંડ મધે આવેઓ અને તેણે પીટર જંગલીને પોતાની સાથે આણેઓ. લંડનના લોકો તેને જોઈને ઘણાજ અચરજ

તીમાં પડેઓ. વરતમાંન પતરો તેના દેખાવ તથા ચાલચલણ વીશે બેઆન કરવા મંડી ગયા. તેને મેહેલમાં લાવેઆ તારે તેને માટે ખલુ કપડાં બનાવી તેને પેહેરાવેઆં. પણ લુગડાં પેહેરવાં તેને ગમતાં ન હતાં અને ફકત જુલમથીજ લુગડાં પેહેરતો હતો. તેને માટે ઘણી તરેહના અને તરેહવાર રંગના કપડાં બનાવેઆં અને છેલે તેને એક તરેહવાર પોશાક પસંદ પડેઓ. જંગલી છોકરાને રાતા અસતરનો લીલો પોશાક તથા કાબરચીતરા મોજાં પસંદ પડેઆં. તેને માણસની પઠે સીધો ફકત પગથીજ ચાલવાને શીખવવામાં આવીશિં, તથા તેની સુખી પાડવા માટે તેને બેસાડવામાંબી આવીશિં હતું. જારે તે પરથમ આવેઓ તારે તેને બીછાંણા ઊપર સુવા ગમતુ ન હતું અને તે એક ખુણામાં જઈને ટાંટીઆ વાળીને પડી રેહેતો હતો.

પીટર જારે દરબારમાં હાજર થતો તારે તે રાજા અને તેની રાંજ પુતરીની ઘણીજ અદબ રાખતો હતો. દરબારની કચેરીના દબદબા ભરેલા દેખાવથી તેને ઘણી તાજુબી ઊપજતી હતી. તેમ તેને જે લોકો પેહેલી વખતે જોતા તે પણ ઘણા અચરન થતા હતા.

એવું માલુમ પડેછે કે રાજાના માંણસો સાથે તે ઘણાએક મહીના સુધી રહેઓ તોપણ એ જંગલી છોકરો માણસોના જેવો અવાજ કાહાડી શકતો ન હતો. તે પોતાની ખુશી ઘોડાની પઠે ખંખારીને જાહેર કરતો હતો, અને બીજાં જનાવરોના અવાજનીબી નકલ કરતો હતો. જારજ રાજાએ તેને ડાકટર આરબથનાટ નાંમના એક વીદવાંનના હાથમાં શીખાડવાને સોંપેઓ અને તે સીખશે એવી આશા હતી. ઈસવી સન ૧૮૨૬ ની પાંચમી જુલાઈએ તે ડાકટરે તેને ખરીસતી ધરમનો સંસકાર કીધો અને પીટર એવું નાંમ આપીશિં. એ જંગલી છોકરાને શીખાડવાની સઘલી મેહેનત ફોકટ ગઈ, પણ તેની ચાલ ચલણ ઘણે વરશે સાધારણ લોકોને પસંદ પડતી થઈ. એ કાંઈ શીખેઓ નહીં તેથી રાજાએ તેને એક ખેડુત સાથે કાંઈ બંદોબસત કરીને સોંપેઓ. તે ખેડુને તેને ઈસકોલમાં મોકલેઓ પણ તે કાંઈ સીખેઓ નહી. ખેડુતને તાંહાંબી તે કાચી વનસપતી અને તેમાંથી કોબીનાં પાતરાં ખાતો હતો. તારપછી તે દારૂ પીવાને સીખેઓ હતો. પણ તેની ચાલચલણ એક સરખી હતી નહીં. ખેડુતને તાંહાંથી તે વારે ઘડીએ નાશી જતો હતો અને તેને ખરચમાં નાંખતો હતો. તે વખતે બીજા જેમસ રાંજાના વંશવાલા ઈંગલંડનુ રાજ લેવાને લડાઈ કરતા હતા તેથી એક વખત જંગલી પીટરને તેઓનો જાસુસ સમજીને પકડવામાં આવેઓ હતો. તે બોલી શકતો ન હતો તેથી તેને હકીલો ધારી મારવાની તઈઆરી કરતા હતા પણ એટલામાં એક બુઢી ઓરત જેણીએ તેને દીઠો હતો તેણીએ આવીને તેને વીશે તે લોકોને સમજાવીશિં. એ વખતે પણ તે કાચી વનસપતી ખાતો હતો અને ઝાડો ઊપર ચડતો તારે રાજી થતો હતો. વસંત રૂતુ અને ઊનાલાના દીવશમાં તે ખુલી હવામાં ફરતો હતો પણ સીઆલામાંતો આતસ પાસેથી ખીસતોબી ન હતો.

બાર વરશ સુધી તે એક ખેડુત પાસે રહેઓ પણ તે પછી તેને બીજા ખેડુતના હાથમાં સોંપેઓ અને તેની સાથે જીવેઓ તાંહાંસુધી રહેઓ. ઈસવી સંન ૧૭૮૨ ના સાલમાં તેને લારડ માનબોડો નાંમનો એક ગરંથ કરતા મળવા ગયો અને તે તેને વીશે એવી રીતે લખેછે કે " તે ફકત સવા પાંચ ફૂટ ઊંચો એટલે ઠીંગણોછે અને સીતેર વરશની ઊમર છતાં સારી તંનદરોસતી ભોગવતો દીસેછે. તેને દાહાડીછે અને તેનો ચેહેરો જરાબી અણગમતો નથી. આગલ તે નાશી જતો હતો પણ હમણા ખેડુતના ઘરની સંભાલ લેછે અને ખેતરની આસપાસ ફરેછે. તેણે આગલ તેમ હમણા મસતી અથવા તુફાંન કીધુ નથી અને પસંદ પડતી રીતે રહેલોછે."

તે ઘણોજ જોરાવર હતો અને જારે તે બુઢો થયો તારેબી જુવાંન ગાંમડીઆ તેની સાથે લડી શકતા ન હતા. લીસી, સોજી તથા ચકચકતી ચીજો તેને ઘણીજ ગમતી હતી અને કોઈનોબી ચકચકતો પોસાક જોઈ તે ઘણો ખુશી થતો હતો. તે આતસનો ઘણોજ શોખી હતો અને તેને આતસ આણવાને કોઈ કેહેતું હતું તો ઢગલાને ઢગલા આતસના આણી આપતો હતો. તે જારે તારે સગડીની પાસે પાંચ છ ખુરશીઓ રાખી તેના ઊપર વારા ફરતી બેસી રાજી થતો હતો. થંડીના દીવસમાં તે ઘણોજ ઊદાસ રેહેતો હતો. તે મરદ ઓરતનો કાંઈ તફાવત સમજતો ન હતો. ખેડુતને તે એક સારા મજુરની પઠે કાંમ લાગતો હતો પણ જે મજુરી તેની પાસેથી કરાવવી હોએ તે તેને પેહેલાં કરી દેખાડવી પડતી હતી. તે ૧૭૮૫ નાં સાલમાં આસરે તોતેર વરશની ઊમરે મરણ પાંમેઓ.

## ચીનાઓનો નાંમીચો ફીલસુફ અને ધરમ ગુરૂ કનફીઊશીઅસ.

એ નાંમીચા ફીલસુફને ચીનાઓ કોંફુતને નાંમે ઓલખેછે. એનો જનમ આસરે ચોવીસસો વરસ ઊપર ચીન મધે "લુ" નાંમનાં પરગણામાં થએઓ હતો. જારે તે નાહાની ઊમરનો હતો તારથીજ તેણે પોતાની સારી બુધી દેખાડવા માંડી હતી. નાહના છોકરાઓની રમત ગમતી તેને પસંદ પડતી ન હતી. વળી તેણે પોતાની ચાલચલણ એવીતો સારી રાખી કે ઘણા લોકોનો તેણે સારો પેઆર મેલવેઓ. તે પંદર વરશનો થએઓ તેટલામાં તેણે પોતાના દેશના ઘણાંખરાં પુસતકોનો અભીઆસ કરી લીધો. એ અભીઆસ કરવાંની તેની મતલબ એવી હતી કે પોતે નેકી પકડવી અને બીજાઓને નેકીનો ઊપદેશ કરવો. ઓગણીસ વરસની ઊમરનો થએઓ તારે તે પરણેઓ. એ લગનથી તેને એક છોકરો થએઓ. તે છોકરો કોંફુતની અગાડી મરણ પાંમેઓ. પણ એ છોકરાનો છોકરો એવોતો હુશીઆર થએઓ કે તેને ચીનનાં રાજમાં એક મોટો હોધો મલેઓ.

તે વખતે ચીન મધે જુદા જુદા પરગણાઓમાં જુદા જુદા નાહના રાજા રાજ કરતા હતા. એ સઘળાં નાહનાં રાજ સેહેનશાહની સતા કબુલ રાખતા હતા. પણ જો કોઈ નાહનો રાજા બરાબર ન ચાલેતો તેને અટકાવવા અથવા સજા કરવા સેહેનશાહનામાં પુરતી સતા હતી નહીં. તે ઊપરથી કનફીઊશીઅસની એવી મરજી થઈ કે દરએક રાજનો કારભાર સારી રીતે ચલાવવા કાંઈ ઊપાએ કરવો. એવા ઈરાદાથી તેણે જુદે જુદે ઠેકાંણે મુસાફરી કરી લોકોને નેકી તથા ભલાઈ કરવાનો તથા મોજ મજાને ધીકારવાનો બોધ કરવા માંડેઓ. તે પોતે બોધ કરતો હતો એટલુંજ નહીં પણ જે બોધ કરતો હતો તે પરમાંણે બરાબર પોતે ચાલતો હતો. તેના નરમ સવભાવ અને મોટાં જ્ઞાનથી તેની કીરતી વધી અને તેને કોટવાલનો હોધો આપવામાં આવેઓ.

એ વખતે કનફીઊસીઅસે ૩૦૦૦ (તરણ હજાર) ચેલા કીધા હતા. તેમાંથી બોંતેર તો તેને બાપની પઠે સમજતા હતા. એ બોંતેરમાંથી દસ ચેલાતો ઘણાજ હુસીઆર હતા અને તેઓની હુશીઆરીની મોટી તારીફ થતી હતી. થોડાં વરશ પછી કનફીઊશીઅસને તેના પરગણા લુના રાજાએ પોતાનો પરધાંન ઠેરવેઓ. કનફીઊશીઅસના અમલથી એ પરગણાની હાલત એટલી તો સુધરી કે ચીનનાં બીજાં રાજ તેની અદેખાઈ કરવા લાગાં. એક રાજાએ લુના રાજાને ઊંધુ અવલું સમજાવી તેના નેક પરધાંનથી તેને જુદો પાડેઓ. તે પછી લુનો રાજા ઘણોજ અનીતીમાં વરતવા લાગો. કનફીઊશીઅસે પોતાના રાજાને સુધીમાં આણવાને ઘણીબી મેહેનત કીધી પણ તે ફોકટ ગઈ. અંતે તે કંટાલી લુનું રાજ છોડી મુસાફરી કરવા લાગો. મુસાફરીમાં તેણે બે તરણ નાહના રાજાઓને ચાકરીને માટે અરજી કીધી પણ કાંઈ વલીઊં નહીં. તોપણ મુસાફરી કરતાં એણે પોતાના ચેલાઓમાં ઘણોજ વધારો કીધો. એ ફીલસુફના વીચાર અને ઊપદેશથી ચીન દેશ મધે એટલી અસર થઈછે કે ચીન, કોરીઆ તથા કોચીન ચાઈના મધે એનાં મતનો મોટો ફેલાવો થએઓછે. હાલ કોંફુતની મતના ૪૦૦૦૦૦૦૦૦ (ચાલીસ કરોડ) માણસછે એમ અટકલ કરવામાં આવીછે.

એ ફીલસુફના ધરમ સંબંધી વીચાર કેવા હતા તે વીશે હાલ ખાતરીથી કહેવાઈ સકાતું નથી. પણ એવું ધારવામાં આવેછે કે તે મનુશીઅ જાતના આતમાંને અમર ગણતો હતો તથા પોતાના પંથ વાલાઓને પરોપકાર અને નેકી કરવાનું ફરમાવતો હતો. દેશની રીત પરમાંણે ચાલવાને અને રાજના કાએદાઓને માન આપવાને તે વારે ઘડીએ ઘણીજ સીખાંમણ આપતો હતો. વળી લોકોને એવો પણ બોધ કરતો હતો કે તેઓએ એક બીજાને મદદ કરવી તથા એક બીજાના દુખ સુખમાં ભાગ લેવો. તે કોઈ દાહાડે પોતાની વખાણ કરતો ન હતો તેમ બીજાને મોહોડે સાંભલવાને રાજી પણ ન હતો.

કનફીઊશીઅસ ૭૩ (તોતેર) વરશની ઊમરનો થઈને મરણ પાંમેઓ. તેના મરણથી આખાં ચીન દેશને અફસોસી ઊપજી. કીઆંફુ શેહેરમાં તે વારે ઘડીએ પોતાના ચેલાઓને બોધ કરતો હતો તેથી તાંહાં તેહેની ઈઆદગારી કાએમ રાખવા તેના નામનો એક મીનારો ઊભો કીધો.

એ ફીલસુફનાં નાંમને માંન આપવાની મતલબે ચીન મધે દરએક મોટાં શેહેરમાં એક જાહેર ઈમારત હોએછે. તાંહાં ઠેરવેલે દીવસે શેહેરનો માંદરીન અને



કનફ્યુશીઅસ ચીનાઓનો નાંમીચો ફીલસુફ તથાં ધરમ ગુરૂ:

બીજા અમીર જઈને ગાયન કરીને ગમતમાં વખત કાહાડેછે. તાંહાં જઈને તેઓ કનફીઊશીઅસની મુરતીની પુંજા કરતા નથી, કારણ કે કનફીઊશીઅસે પોતે મુરતી પુંજા કરવાની ના પાડીછે.

કનફીઊશીઅસે ઘણાંક પુસતકો બનાવેઆંછે. એ પુસતકોની તારીફ થાએછે અને ઇંગરેજ તથા જરમન લોકોએ તેમનો તરજુમો કીધોછે. નીચે લખેલી કનફીઊશીઅસની વાતો ચીનાઓ હજી સુધી માનથી કબુલ રાખેછે.

" જેણે પરમેશવરનો અપરાધ કીધો તેનો બચાવનાર બીજો કોઈબી નથી."

" રાજાની મોટી ફરજ તેની રઈઅતને શીખામણ આપવાનીછે; પણ શું લોકોના ઘેરમાં જઈને રાજા બોધ કરે ? ના; તેણે પોતાની સારી ચાલ ચલણથી લોકોને શીખામણ આપવી."

"રાજાની ખુશી તેની બખશીશમાંજ નહીં પણ તે અપરાધીઓને સજા કરેછે તેની ઊપરથીબી માલુમ પડેછે."

" તમારી ચાલ ચલણ એવી રાખો કે જાણે દસ જણ તમને તપાશવા તમારી પુઠે ફરતા હોએ."

" મોટા દીલનું માણસ દએઆ રાખેછે પણ હલકુ માણસ અધીરો હોએછે."

---

## આસમ નામનો એક શખસ—દુનીઆનો કંટાલો.

એક મોટો પરવત જેની ઊપર મુસાફરને ઊચાં ખડકો, પાણીના મોટા ધોધ, અને ભએંકાર ઝાડી શીવાએ બીજુ કાંઈ દીઠામાં આવતું નથી તે પરવતની વચે એક જુપડી બનાવીને " આસમ " નાંમનો એક શખસ રેહેતો હતો. એ ઠેકાંણે કોઈ બીજુ માણસ આવતું હતું નહીં તેમ આસમ પોતે હરકોઈ માણસનેબી ચાહતો નહીં હતો.

આસમ સારાં માંબાપને પેટે જનમેઓ હતો. તેણે પોતાની જુવાંનીની અવસથામાં ઘણાં માણસો દીઠાં હતાં તથા તે ઘણાં માણસો સાથે વરતેઓ હતો. તે નાહનો હતો તારથીજ તેના માંબાપેએ એવું સીખવીઊં જે સઘલા માણસો ઊપર પરીતી રાખવી અને તેથી કરીને તેનો સવભાવ એવોતો માયાલુ થઈ ગયો હતો કે તેણે પોતાની સઘળી દોલત ગરીબોના દુખ નીવારણ કરવામાં ખરચી નાંખી હતી. કોઈ ભીખારી તેની પાસેથી ભીખ માંગતો હતો તે તેની પાસેથી ખાલી જતો ન હતો અને કોઈબી થાકેલો મુસાફર તેને તાંહાંથી ખાધા વગર જતો નહીં હતો. કોઈ વખતે જારે માંગેલી વસતુ મોટી કીમતની હોએ અને તે આપવાની આસમની શકતી નહીં હોએ તારેજ તે સખાવત કરવાને પાછોહટતો હતો.

એવી રીતે તેણે પોતાની દોલત પરોપકારમાં ખરચી નાંખી હતી. તેનાં બદલામાં એવું ઈછતો હતો કે જેઓને તેણે દુખમાંથી છોડવેઆછે તેઓ તેને નીમક હલાલી દેખાડી મદદ કરેઆ વગર રેહેનાર નથી. એવો ભરોસો રાખી તેણે લોકોનો આસરો માંગેઓ પણ લોકોએ નીમક હલાલી દેખાડી નહીં અને તેનાથી જલદીજ કંટાલી ગયા. અતીઆર સુધી તે મનુશ જાતમાં ઘણાં સારા ગુણ સમજતો હતો પણ એ વખત પછી તેનો વીચાર બદલાયો. જે ઠેકાંણે એકબી માંદો ગુણ જોતો ન હતો તે ઠેકાંણે હજારો દુરાચાર તેની નજરે પડેઆ. જાંહાં જાંહાં તે પોતાની નજર કરતો હતો તાંહાં તાંહાં તેને નીમક હરામી, દગલબાજી અને ઠોંગાઈ દીઠામાં આવતી હતી. તેરલા માટે તેણે એવો ઠરાવ કીધો કે હવે દુનીઆના લોકો સાથે રેહેવું નહીં. દુનીઆ મધે તે પોતાના શીવાએ બીજા કોઈને પરમાણીક સમજતો ન હતો અને દુનીઆના લોકોબી તેનો ધીકાર કરતા હતા.

એ ઠેરાવથી તેણે પોતાનાં શેહેરની પાસેના એક મોટા ડુંગર ઊપર જુપડી બાંધીને તેમાં રેહેવા માંડીઊં. ઊનાલાની સખત ટાહાડમાં, ઊનાળાની કંટાળો આપનાર ગરમીમાં અને ચોમાસાંની સરદી ઊપજાવનારી શરદમાં તે ફકત એજ જુપડીથી પોતાનો બચાવ કરતો હતો. પરવતની આજુ બાજુથી ઘણી મેહેનતે તે થોડાં ફલ એકઠાં કરતો હતો તેની ઊપર પોતાનુ ગુજરાંણ ચલાવતો હતો. પાંણી લાવવામાં પણ તેને થોડી મેહેનત પડતી હતી નહીં, કારણ કે ડુંગરની ટેકરીઓ ઘણીજ સીધી હતી. એવી રીતે તે એકાંતમાં એકલો રેહેતો હતો, અને પોતાના જાતભાઈઓથી જુદો રેહેતો હતો તેથી કોઈ વખતે ખુશી થતો હતો કારણ કે તેઓને તે નીમક હરાંમ સમજતો હતો.

જે પાહાડની વચો વચ તે વસેઓ હતો તેને તલીએ એક સુંદર સરોવર હતું. એ સરોવરની સપાટી

ઊપરે ડુંગરના ભએંકાર દેખાવનો છાયો પડતો હતો. એ સરોવરને કીનારે તે એક વખત ઊતરતો હતો અને તાંહાં બેસીને આસપાસની જમીનનો રલીઆમણો દેખાવ જોતો હતો. ને વારે ઘડીએ આશચરીય થઈને બોલતો હતો કે " ખુદરતી ચીજો કેવી ખુબસુરતછે, અને ખુદરની ચીજો ભએંકાર જંગલમાંથી કેવી રમણુક અને લલીત દેખાએછે. વાદલની સાથે મલી ગએલાં પાહાડ અને તલાવ પાસેની સાફ સપાટી કેવા જુદા જુદા અને રમણુક દેખાએછે. પણ એ ખુદરતની સુંદર ચીજો ખુબસુરતછે એટલુંજ નહીં પણ ઊપયોગી બીછે. એ પાહાડોમાંથી સેંકડો નદીઓ વેહેછે અને તે નદીઓ ઘણાક દેશોને ફલવંત કરી નાખેછે. ખુદરતનો દરએક ભાગ ખુબસુરતી, અને ડાહપણ દેખાડેછે પણ ફક્ત માણસમાંજ એ ગુણ દીસતાં નથી. ભએંકાર તુફાન અને દેહેશત ઊપજાવનાર વંટોલીઆ ઊપયોગીછે પણ નીમકહરામ માણસ શરૂશટીની ખુબસુરત ચીજોમાં એક નકામી ચીજ શીવાએ બીજું કાંઈજ નથી. જેના દુરાચાર અને પાપથી સરવશકતીવાન પરમેશવરને નીચું જોવું પડેછે એવી જે મનુશીઅજાત તે જાતમાં મારો જનમ અરે શા માટે થયો? જો માણસો કાંઈ બી દુરાચાર ન કરતા હોએતો આ દુનીઆ સુખ અને નીતીમાન થઈ જાએ. અરે પરમેશવર, અરે ભગવાન, શા માટે તું મને વેહેમ, ગભરાટ અને અંધારામાં રાખેછે?"

આ નીરાશપણાના બોલો બોલતાંજ તેને એવું ભાસીઊં કે તલાવમાં ડુબીને મારી ફકરનો અંત આણુ. પણ તે બેહોસ થઈ પડી ગયો અને તેને અચરતી ઊપજાવનારૂં એક સપનું આવીઊં તેનો સાર નીચે પરમાણેછે—

તે ડુબવા જતો હતો એટલામાં પરમેશવરનો એક મોટો દુત આવીને તેની સાંમે પાણીની સપાટી ઊપર ઊભો રહેઓ અને બોલેઓ કે " કાલા માથાના માનવી, તું એટલો હુલડ નો થા સરવશકતીમાન પરમેશવરે તારૂ અદલપણ, તારૂ પરમાણીકપણ અને તારૂં દુખ જોઈને તેનું નીવારણ કરવા મને મોકલેઓછે. તારો હાથ મારા હાથમાં આપ અને જાંહાં હું તુને લઈ જાઊં તાંહાં કાંઈબી ધાસતી અને અંદેશો રાખેઆ વગર મારી સાથે ચાલ. હું તારૂ ભલુ ઈછીને તારી ભુલ સુધારવા આવેઓછું એવી ખાતરી રાખ અને મારી પુઠે આવીને ડાહપણું મેળવ."

એવું તે દુત બોલીને આસમનો હાથ ઝાલી પાંણીની સપાટી ઊપર ચાલતો થયો. જારે સરોવરની વચોવચ આવેઆ તારે એ બેઊજણ પાંણીની અંદર દાખલ થયા. સેંકડો વામ પાંણી તેઓ કાપી ગયા અને આસમે પોતાની જીંદગીની આશા છોડી દીધી. પણ એવો વીચાર તેના મનમાં આવેઓ એટલામાંતો તેને એવું માલુમ પડીઊં કે દુત સરોવરને તલીએ મને બીજી દુનીઆમાં લઈ આવેઓછે; અને જારે તેણે પોતાના પગ તલીએ લીલું ઘાંસ અને વનસપતી તથા માથા ઊપર સુરજ અને આસમાન દીઠાં તારે તો તેને ઘણીજ અચરતી ઊપજી.

પણ પેલા દુતે તેને જણાવીઊં કે " તું અજેબ થાયછે તે હું સમજુંછું. તારા જેવા ભરમી લોકોનો ભરમ તોડવાને પરમેશવરે આ દુનીઆ બનાવીછે. આ બીજી દુનીઆના માણસો તારા વીચાર પરમાણે બનેલાછે; તેઓમાં કાંઈ પણ દુરાચાર નથી. આ દુનીઆ અને તારી દુનીઆમાં ફક્ત એટલોજ ફરકછે. અહીંઆ લોકો કાંઈ ખોટું કામ કરતા નથી; માટે આ દુનીઆ જો તુને પસંદ પડે તો તેમાં રેહેવાને તું મુખતીઆરછે. પણ મારી મરજી તારી સાથે થોડો વખત ફરીને આ નવી દુનીઆ વીશે વધારે વાકેફ કરી તારો ભરમ તોડવાનીછે."

આસમ ખુશી થઈને બુમો પાડવા લાગો કે દુરાચાર વગરની દુનીઆ અને અનીતી વગરના માણસો! હે પરમેશવર, તેં અંતે મારી વીનંતી સાંભલી ખરી; આથી કરીને સુખ, ખુસી અને મોજ ઊપજેઆ વગર રેહેનાર નથી. નીમકહરામી, અનીતી, ઠગાઈ અને જુમલ વગેરે સેંકડો દુરાચાર જેથી લોકોના દુખમાં વધારો થાએછે તેવા દુરાચાર જે લોકો નહીંજ કરતાં હોએ તેઓની સાથે વસવું એના કરતાં તે બીજી સારી વાત કહી!"

પણ પેલા દુતે કહીઊં કે "એટલો બધો હરખાઈનો જા; આપણી આસપાસ હરેક પદારથ અથવા કોમ કાજ તારા દીઠામાં આવે તે વીશે તોલ કરી મને તારા વીચાર જણાવ. જાંહાં તુને સારૂ લાગે તાંહાં ચાલ અને હું પણ તારી સાથે આવીને તુને સમજણ આપું." થોડોવાર સુધી આસમ અને તેનો સોબતીએ

ચુપ ચુપ ચાલેઆ કીધું પણ તે પછી આસમથીતો બો લેઆ વગર રેહેવાણું નહીં કે આ નવી દુનીઆ અને જુની દુનીઆની સ્પારીમાં કાંઈ તફાવત દીસતો નથી. આ દુનીઆ જરા તરા પરથમની જંગલી હાલત જેવી દેખાએછે. આ ઠેકાણે જુની દુનીઆની પેઠે શેકારી અને ફાડી ખાનારાં જનાવરો બીજાં હલકાં જનાવરો નો શેકાર કરેછે. પણ આ નવી દુનીઆ બનાવતી વખ તે મારી સલાહ લીધી હોતતો હું એવી ભુલ થવા દેત નહીં." તેના સોબતીઓએ કહીઊં કે "જનાવરો ઊપ રતો તું ઘણીજ માયા રાખેછે." તેણે જવાબ દીધો "હા; અને નાહના પરાણીઓને ઘણું દુખ દીધામાં આવતું નથી તેથી મને સંતોશ થાએછે."

તેઓ જલદીજ જંગલ છોડી (દુરાચાર એટલે બદીમાં ન પડેલી) વસતીમાં આવેઆ; અને એવા લો કોની સંગતથી કેટલી બધી ખુશી ઊપજે તે વીશે આસ મ વીચાર કરવા લાગો. પણ એટલામાંનો બીહીકનો મારેઓ એક માણસ ઊતાવળથી નાસતો અને તેની પુ ઠે ખલેરીઓના એક ટોલાંને દોડતાં દીઠાં. તે જોઈને આસમ બોલેઓ કે 'અરે ભગવાન, ખલેરી જેવાં નજી વાં પરાણીથી તે માણસ બીહીને શું કરવા નાશેછે." પણ એટલું બોલી રહેઓ નહી તેવામાં એક બીજો માણસ બે કુતરાના ભએથી નાશી જતો તેની નજરે પડેઓ. આસમ બોલેગો "આ વાતથીતો મને ખરેખ ર અજબ ઊપજેછે અને તેનું કારણ કાંઈ મારા સમ જવામાં આવતું નથી." તેના સોબતીએ કહીઊં કે "હ લકાં પરાણીઓને મારવાને માટે આ દુનીઆના લોકો ઠગાઈ અને જુલમ વાપરતા નથી તેથી તે પરાણી એ ટલાં વધી ગયાંછે કે હમણા માણસો ઊપરબી જુલમ ક રેછે." "વારુ, તારે તેઓને મારી કાંએ નહીં નાખેઆ?" એમ આસમે પુછીઊં." તેના સોબતીએ તેને પુછી ઊં કે જનાવરોને માટે તું મમતા દેખાડનો હતો તે હ વે કાંહાં ગઈ? તેનો તેણે જવાબ દીધો કે "હું મારી ભુલ કબુલ કરછું; જો આપણે દુનીઆની સઘળી ચીજો પોતેજ ભોગવીએ અને જનાવરોને તેનો ઊપીઓગ ન હીં આપીએ તોજ આપણે તેઓની ઊપર જુલમ કી ધો કેહેવાએ; પણ તેઓ આપણને ઊપદરવ ન કરે એ વા ઈરાદાથી તેઓને મારી નાખવું એ કાંઈ જુલમ કે હેવાએ નહીં."

એ નવી દુનીઆના સઘળા લોકો મોટાં ઘેરમાં નહીં પણ નાહની અને એકસરખી જુપડીઓમાં રેહેતા હતા. તેનું કારણ પેલા દુતે એવું જણાવીઊં કે જો મોટી હવેલી અને મેહેલોમાં એ લોકો રેહેતા એમને અદેખાઈ ઊપજે. માટે જુપડીઓમાંજ રેહેછે. આસમ બોલેઓ કે તે ઠીક પણ તું મેહેરબાંની કરીને મને ન વી દુનીઆના ડાહેઆ માણસો પાસે લેઈ જા. દુતે હ સીને જવાબ દીધો કે "ડાહપણની વાત તું અહીઆં શાની કરેછે? ખરું ડાહપણ તો એ કે લોકોએ પોતાની ફરજ બજાવવી અને તેતો અહીઆંના લોકો પોતાની મેલે બજાવેછે. તારે વલી ડાહપણની જરુર શાની પ ડે." આસમ બોલેઓ કે "તે વાત ખરી પણ એવું દી સેછે કે અહીઆંના લોકો એકલા પોતાનુંજ કામ કરેછે અને બીજાની સાથે તો હલતા મલતા બી નથી તે શું?" દુતે જવાબ દીધો કે "તારી વાત ખરીછે; લોકો હલતા મલતા રેહેછે તે બીજા લોકોના કોપ તથા ઘાસ તીથી બચવા; પણ અહીઆના લોકો બીજાઓની ઊ પર કોપ કરતા નથી અને બીવડાવતા નથી, તારે હ લી મલી રેહેવાની કાંઈ જરુરબી નથી." આસમ ઘબ રાઈને બોલેઓ કે "આવુંછે અને મારે અહીઆં રેહ વાની મરજીછે તારે તું મને એક સોબતીનો મેહેરબાં ની કરીને અપાવ." તેણે જવાબ દીધો કે "આ નવી દુનીઆમાં સોબતી અથવા દોસતદારની પણ ગરજ નં થી કારણ કે દોસતી થાએછે તે બીજાનો આસરો લે વા અથવા સંપ કરીને કોઈને તોડી પાડવા, પણ અહી આનાં લોકોને આસરાની ગરજ નથી અને તેમ તેઓ કોઈનું બુરુબી ચાહતા નથી."

તે સાંભલીને આસમ બોલેઓ કે "તોપણ અ હીઆનાં લોકોને જે કાંઈ મેલેછે તેની ઊપર સંતોશ રા ખેછે અને વધારે મેલવવા લોભ કરતા નથી તેથી તે ઓ કંગાલ અને દુખીઆરાઓને આસરો આપતા હ શે ખરા." પણ એટલામાં રસતાની બાજુએ એક ઘ ણાજ દુખીઆરા માણસને તેણે રડતો સાંભલેઓ અને તેને મદદ કરવાની મતલબે જોએછે તો તે મરવાની તઈઆરીમાં માલુમ પડેઓ. તે જોઈ આસમ બોલે ઓ કે "જે લોકો દુરાચાર ન કરે તાંહાં આવી રીતે માણસ દુખમાં મદદ વગર પડી રેહે એ કેવી અજબ ની વાત!" પણ પેલા મરતા માણસે તેને જવાબ દી ધો કે "ભાઈ તું અજબ થતો ના; જે લોકોને પોતાના ઊપીઓગ જેટલુંજ મલે તેમાંથી જો મને આપેતો શુ

તેઓ પોતે ભુખે મરે નહી અને પોતાની ઊપરજ જુલમ કીધેલા ન કેહવાએ?" આસમનેતો એવું લાગીઊં કે અહીઆં પણ ગુચવણ, ઘભરાટ અને ભરમજ દીઠામાં આવેછે. લોકો નીમકહરામી કરતા નથી પણ તેથી કરીને તેઓ કાંઈ સદાચારી થતાં નથી. પણ કદાચ તેઓ પોતાના દેશને ચાહતા હશે. તેના જવાબમાં પેલા દુતે જણાવીઊં કે "અહીઆંના લોકો જેમ સવારથને આધીન થઈ બીજાઓનું બુરૂ ચાહતા નથી તેમજ તેઓ બીજા દેશના કરતાં પોતાના દેશને વધારે ચાહતા નથી. દુરાચારથી દુર રેહેવું એજ પરોપકાર અને તેવો પરોપકારક અહીઆંના લોકો કરેછે." તે સાંભલીને આસમ ઘણોજ ઘભરાયો અને બીહીધો અને તે બીહીક તથા ઘભરાટમાં બોલેઓ કે "આ દુનીઆ તે કેવી? અહીઆંના લોકો હીમત, પરોપકાર, મીતરાઈ, ડાહપણ, સારૂ સંભાશણ અને દેશ અભીમાન વગેરે રૂડા ગુણ જાણતાજ નથી. અરે પરમેશવર અહીઆંથી તું મને જલદીથી લઈ જા." એવું બોલતો હતો એટલામાં તેની આંખ ઊઘડી ગઈ અને તેણે પાછો પોતાને તલાવને કીનારે પડેલો દીઠો.

આ સપનાથી આસમની સુધ ઠેકાણે આવી. તેથી તે પાછો પોતાને શેહેર ગયો અને વેપાર વણજ પછવાડે લાગો. થોડા વરશ પછી તેણે ઊદીઓગ, ચંચલાઈ તથા કર કસરથી સારી દોલત મેલવી અને ચાકર નફર વધારેઆ. તેના જુના દોસતદારો તેને ઘેર આવવા લાગા. તેઓને તે પોતાના સપનાની સીખામણથી ધીકારતો ન હતો. એવી રીતે એક માણસે પોતાની નાહનપણની દોલત પરોપકારમાં ખરચી બાવરો થઈ ગયો હતો તેની સુધ એક નજીવા સપનાથી પાછી ઠેકાણે આવી અને હીમત રાખીને પાછી મેલવી. એ સપનાથી એટલી સુચના થાએછે કે નજીવાં કારણોને લીધે આ દુનીઆથી કંટાલી તેનો તેઆગ કરવો જોઈતો નથી; અને આપણી હાલત વીશે આપણે સંતોશ માનવો જોઈએછે.

## અમદ અને મહમદ નામના બે ભાઈઓ.

આસરે પોણોસો વરશ ઊપર મીસર દેશ મધે એક ગામડાંમાં અબદુલ નામે એક ગરીબ પણ ભલો મુસલમાન રેહેતો હતો. એ અબદુલની ઓરત મરી ગઈ હતી પણ તેણીએ અમદ અને મહમદ નામના બે છોકરા મુકેઆ હતા. અબદુલે કાંઈબી કેળવણી લીધી ન હતી પણ તે સમજુ હતો માટે અભણેલ રહેઓ તેથી દલગીર થતો હતો. એ શીવાએ તેના બે છોકરાઓને શીખાડવાને તેનામાં કાંઈ તાકાદ હતી નહીં તેથી તે વધારે અફસોસ કરતો હતો. જોકે તે પોતાના છોકરાઓને કેળવણી આપી શકતો ન હતો તોપણ તેઓને તે નીતીની શીખામણ ઘણીજ હતેથી વારેઘડીએ આપતો હતો.

મોટો છોકરો મહમદ માથાનો ફરેલ હતો એમે જારે તેનો બાપ ઘરમાંથી બાહાર જતો તારે ગામડાંના ખરાબ છોકરાઓ સાથે જઈને રમત કરતો હતો. વાડીની દેવાલ કુદાવી ફળ ચોરવાં, કુતરા અને બીલાડીઓને મારવું તથા જનાવરોની પાછળ પથર ફેંકવા એવી એવી રમતથી તે ગંમત કરતો હતો. તેનો નાહનો ભાઈ અમદ તેને એવી રમતથી અટકાવવાને સમજાવતો હતો પણ તેટલા માટે તેને વારેઘડીએ તેના મોટા ભાઈના હાથથી માર ખાવો પડતો હતો. પણ અમદનો સવભાવ સારો તેથી તે સાંખી રેહેતો હતો.

જારે અભીઆસ કરી ગનેઆન મેલવવા માટે અમદ ઘણોજ ઈંતેજાર હતો. પણ જે ગાંમડાંમાં તેઓ રેહેતા હતા તેમાં એકબી નીશાલ હતી નહીં તેથી તેને દલગીરી ઊપજતી હતી. શીખવાને માટે અમદનો શોક વધેઓ અને તેથી તેણે તે ગામડાંના કાજી પાસે અરજ કીધી કે હું ઘણોજ અગનાનીછું માટે મેહેરબાની કરીને મને વાંચવા શીખવો. આ નાહના છોકરાની આવી ભલીઈછાથી કાજી સાહેબ ઘણોજ અજબ અને પરશન થએઓ તેથી તેણે તેનો અભેઆસ શરૂ કરાવેઓ. વાંચવાનું શીખવામાં છોકરાએ શારૂં ધેઆન આપીઊં તેથી કાજી રાજી થએઓ. તેણે લખતાં અને હીસાબ ગણનાંબી શીખાડવા માંડીઊં. એ શીવાએ પેલો ભલો કાજી તે છોકરાને ધરમ સંબંધી બોધબી આપતો હતો અને કોરાનબી શીખવતો હતો.

પણ અમદ આવી સારી કેલવણી લેતો હતો તેટલા માટે તેનો ભાઈ મહમદ તેની મશકરી કરતો હતો. વલી મહમદ પોતે ચઉદ વરશની નાહની ઊમરે લુચાઈ અને મસતીમાં એવોતો નામીચો થએઓ હતો કે આખાં ગામડાંના લોકો તેનાથી બીહીતા હતા. જારે

નાહનો ભાઈ પંદર વરશનો અને મોટો સોલ વરશનો થએઓ તારે બને ભાઈઓને તેઓના બાવાએ પોતાની હજુરમાં બોલાવીને કહીઊં કે "મારા પેઆરા છોકરાઓ, હવે તમે મોટા અને રોટલો કમાવા જેવા થએઆ. હવેથી હું તમને કાંઈ આસરો આપી સકનાર નથી. આટલા દાહાડા સુધી મેં તમને ઘણી મેહેનતે પાલેઆછે તે તમે સારી પઠે જાણોછો. હમણા મારી પાસે ફકત વીસ રૂપીઆની પુંજીછે તેમાંથી લો, એકએકને દસ આપુંછું. હવે દેશમાં જઈને રોટલો કમાઈ ખાઓ અને તમારી તરફના સારા સમાચાર લખતા રેહેજો. મારા પેઆરા છોકરા, અમદ, તારે માટે તો મને ધાસતી નથી આપણા કાજીએ તુને જે કેલવણી આપીછે તેને માટે હું તેનો ખરેખરો આભારી થએઓછું. એ કેલવણી તુને સઘલે ઠેકાંણે કાંમ લાગશે અને તેથી તું ને ફાએદો થશે. પણ મારા મહમદ ! તારે માટે તો મને ઘણીજ ફેકરછે. તારા ભાઈની પઠે સારૂ ગનેઆંન મેલવવાને વાસતે તારા હાથમાં પણ તક હતો. પણ તુને આલસાઈ અને લુચાઈ પસંદ પડી માટે તુને પસતાવો કરવો પડશે. મારૂં દીલ તમને બેઊને આશીસ દેછે. જાઓ હવે મારાં બચાંઓ અને પરમેશ્વર તમને સુખી રાખે."

એટલામાં પેલો માઆલુ દીલનો કાજી આવેઓ. તેને અમદે જોએઓ એટલે જઈને કોટી કીધી અને એટલોતો ખુશી થએઓ કે તેના ઊપકાર માટે એક શબદબી બોલી શકેઓ નહીં. તે જોઈને મહમદને રડવું આવીઊં. તે પછી બે છોકરાઓ ચાલતા થએઆ. કેટલોએક વખત સુધી તો તેઓ દલગીર અને છાનામાના ચાલેઆ. પણ અમદથી ઘણીવાર સુધી છાનું રેહેવાઈઊં નહીં. તેણે પોતાના ભાઈને પુછીઊં કે, કેમ ભાઈ શું ધંધો કરવાની મરજીછે ? મહમદ બોલેઓ કે આપણી પાસે પઈસાછે તે થઈ રેહેશે તે પછી વીચાર કરશું.

"તેને ઘણો વખત લાગનાર નથી ભાઈ. બાલક અને બેવકુફ હોએ તેજ વીચારે કે દસ રૂપીઆ ઘણાં દીવસ સુધી ચાલશે."

"વાહવા ! એતો ઘેલો દાહેઆને શીખાંમણ દેવા નીકલેઓ. ઈઆર, તારી ઊમદા શીખાંમણ તારાં મનમાંજ રેહેવા દેની."

"હું હવે કાંઈ પણ બોલનાર નથી."

સાંજ સુધી તેઓ ચાલતા ચાલતા એક ધરમશાલામાં આવી પોંતા. એ ધરમશાલા એક મોટાં શેહેરથી વીસ પચીસ કોસ ઊપર હતી, તે શેહેર ખાતે એ બાઈઓ બે દીવસમાં પોંચવાની વકી રાખતા હતા. એ ધરમશાલામાં ઘણાંએક માણસો ઊતરેઆં હતાં. તેમાં એક લશકરી મોજીલો જુગારીબી હતો. મહમદ તેની સાથે ખુલ્લાં મનથી વાત કરવા લાગો. પણ પેલા જુગારીને માલુમ પડીઊં કે તેની પાસે થોડા પઈસાછે તેથી છકે પંજે રમવાની સુચના કીધી. મહમદ રમવા લાગો અને પેહેલાં કેટલુંએક જીતેઓ પણ ખરો. એ વખતે તેના ભાઈએ તેને ઘણુબી સમજાવીઊં પણ તેણે રમત છોડી નહીં. થોડીવાર પછી તે હારવા લાગો અને તેની કોથલી તદન ખાલી થઈ. તારે તેણે પોતાનાં ભાઈને કહીઊં કે "થોડા પઈશા ઊધાર આપકે મારૂં ખોએલું નાણું પાછું જીતું."

તેના ભાઈએ તેને સાફ કહીઊં કે ના હું આપનાર નથી. તેં મારી સારી સુચના ન માની માટે હવે તો હું મારા પઈસા મારી પાસેજ રાખીશ."

પેલા જુગારીએ ધારીઊં કે મહમદ પાસે પઈસા રહેઆ નથી તેથી તેને સલાંમ કરી જતો રહેઓ. જારે બે ભાઈઓ એકાંતે બેઠા તારે અમદે કહીઊં કે "આપણને બેહુને બને એવું લાગતું નથી. માટે આપણે છુટા થઈએ તો સારૂં. હું આપણો ધરમશાલાનો ખરચ આપીશ અને પછી મારી પાસે જે કાંઈ રેહેશે તે સરખે હીસે વેંહેંચી જુદા થશું." અમદની વાત કબુલ રહી અને બીજે દાહાડે સવારના બે ભાઈઓએ જુદો રસતો લીધો. પછી એ ભાઈઓનું શું થયું તે વીશેનો હેવાલ આવતા આંક મધે આપવામાં આવશે.

## ચમકપાન—તેના અજાએબ જેવા ગુણો.

બાઈઓ ! તમે ચમક પાન વીશે સાંભલીઊં હશે. એ એક જાતનો પથર હોયછે જે લોહોડાને પોતાની તરફ ખેંચી લેયછે. એ ગુણ એ પથરમાં ઘણોજ અજાએબ જેવોછે. એક મોટો ચમકનો પથર પડેલો હોયછે તો લોહોડાના કટકાને ઘણો દુરથીબી પોતાની તરફ ખેંચી લેયછે.

ચમકપાન અથવા લોહચુંબકના સલીઆ બન્ને

તેઓ પોતે ભુખે મરે નહી અને પોતાની ઊપરજ જુલમ કીધેલો ન કેહવાએ?" આસમનેતો એવું લાગીઊં કે અહીઆં પણ ગુચવણ, ઘભરાટ અને ભરમજ દીઠામાં આવેછે. લોકો નીમકહરામી કરતા નથી પણ તેથી કરીને તેઓ કાંઈ સદાચારી થતાં નથી. પણ કદાચ તેઓ પોતાના દેશને ચાહતા હશે. તેના જવાબમાં પેલા દુતે જણાવીઊં કે "અહીઆંના લોકો જેમ સવારથને આધીન થઈ બીજાઓનું બુરૂ ચાહતા નથી તેમજ તેઓ બીજા દેશના કરતાં પોતાના દેશને વધારે ચાહતા નથી. દુરાચારથી દુર રેહેવું એજ પરોપકાર અને તેવો પરોપકારક અહીઆંના લોકો કરેછે." તે સાંભલીને આસમ ઘણોજ ઘભરાયો અને બીહીગ્યો અને તે બીહીક તથા ઘભરાટમાં બોલેઓ કે "આ દુનીઆ તે કેવી? અહીઆંના લોકો હીમત, પરોપકાર, મીતરાઈ, ડાહપણ, સારૂ સંભાશણ અને દેશ અભીમાન વગેરે રૂડા ગુણ જાણતાજ નથી. અરે પરમેશ્વર અહીઆંથી તું મને જલદીથી લઈ જા." એવું બોલતો હતો એટલામાં તેની આંખ ઊઘડી ગઈ અને તેણે પાછો પોતાને તલાવને કીનારે પડેલો દીઠો.

આ સપનાથી આસમની સુધ ઠેકાણે આવી. તેથી તે પાછો પોતાને શેહેર ગયો અને વેપાર વણજ પછવાડે લાગો. થોડા વરશ પછી તેણે ઊદીઓગ, ચંચલાઈ તથા કર કસરથી સારી દોલત મેલવી અને ચાકર નફર વધારેઆ. તેના જુના દોસતદારો તેને ઘેર આવવા લાગા. તેઓને તે પોતાના સપનાની સીખામણથી ધીકારતો ન હતો. એવી રીતે એક માણસે પોતાની નાહનપણની દોલત પરોપકારમાં ખરચી બાવરો થઈ ગયો હતો તેની સુધ એક નજીવા સપનાથી પાછી ઠેકાણે આવી અને હીમત રાખીને પાછી મેલવી. એ સપનાથી એટલી સુચના પાગેછે કે નજીવાં કારણોને લીધે આ દુનીઆથી કંટાલી તેનો તેઆગ કરવો જોઈતો નથી; અને આપણી હાલત વીશે આપણે સંતોશ માનવો જોઈએછે.

## અમદ અને મહમદ નામના બે ભાઈઓ.

આસરે પોણોસો વરશ ઊપર મીસર દેશ મધે એક ગામડાંમાં અબદુલ નામે એક ગરીબ પણ ભલો મુસલમાન રેહેતો હતો, એ અબદુલની ઓરત મરી ગઈ હતી પણ તેણીએ અમદ અને મહમદ નામના બે છોકરા મુકેઆ હતા. અબદુલે કાંઈબી કેળવણી લીધી'ન હતી પણ તે સમજુ હતો માટે અબણેલ રહેઓ તેથી દલગીર થતો હતો. એ શીવાએ તેના બે છોકરાઓને શીખાડવાને તેનામાં કાંઈ તાકાદ હતી નહીં તેથી તે વધારે અફસોસ કરતો હતો. જોકે તે પોતાના છોકરાઓને કેળવણી આપી શકતો ન હતો તોપણ તેઓને તે નીતીની શીખામણ ઘણાજ હેતથી વારેઘડીએ આપતો હતો.

મોટો છોકરો મહમદ માથાનો ફરેલ હતો અને જારે તેનો બાપ ઘરમાંથી બાહાર જતો તારે ગામડાંના ખરાબ છોકરાઓ સાથે જઈને રમત કરતો હતો. વાડીની દેવાલ કુદાવી ફળ ચોરવાં, કુતરા અને બીલાંડીઓને મારવું તથા જનાવરોની પાછલ પથર ફેંકવા એવી એવી રમતથી તે ગંમત કરતો હતો. તેનો નાહનો ભાઈ અમદ તેને એવી રમતથી અટકાવવાને સમજાવતો હતો પણ તેટલા માટે તેને વારેઘડીએ તેના મોટા ભાઈના હાથથી માર ખાવો પડતો હતો. પણ અમદનો સવભાવ સારો તેથી તે સાંખી રેહેતો હતો.

સારો અભીઆસ કરી ગનેઆન મેલવવા માટે અમદ ઘણોજ ઈંતેજાર હતો. પણ જે ગામડાંમાં તેઓ રેહેતા હતા તેમાં એકબી નીશાલ હતી નહીં તેથી તેને દલગીરી ઊપજતી હતી. શીખવાને માટે અમદનો શોક વધેઓ અને તેથી તેણે તે ગામડાંના કાજી પાસે અરજ કીધી કે હું ઘણોજ અગનાનીછું માટે મેહેરબાની કરીને મને વાંચવા શીખવો. આ નાહના છોકરાની આવી ભલી ઇંછાથી કાજી સાહેબ ઘણોજ અજબ અને પરશન થએઓ તેથી તેણે તેનો અભેઆસ શરૂ કરાવેઓ. વાંચવાનું શીખવામાં છોકરાએ સારૂં ધેઆન આપીઊં તેથી કાજી રાજી થએઓ. તેણે લખતાં અને હીસાબ ગણતાંબી શીખાડવા માંડીઊં. એ શીવાએ પેલો ભલો કાજી તે છોકરાને ધરમ સંબંધી બોધબી આપતો હતો અને કોરાનબી શીખવતો હતો.

પણ અમદ આવી સારી કેલવણી લેતો હતો તેટલા માટે તેનો ભાઈ મહમદ તેની મશકરી કરતો હતો. વલી મહમદ પોતે ચઊદ વરશની નાહની ઊમરે લુચાઈ અને મસતીમાં એવોતો નામીચો થએઓ હતો કે આખાં ગામડાંના લોકો તેનાથી બીહીતા હતા. જારે

## બરખારટ નાંમનો એક હીમતવાંન મુસાફર.



યુરોપ ખંડના લોકો આફરીકા તથા અરબસથાંનના કેટલાએક ભાગથી વાકેફ કરનારા મુસાફરોમાં બરખારટનું નાંમ મોટું ગણેછે. એ શખસ સ્વીટ્ઝરલાંડના પાહાડી મુલકમાં લોજાન નાંમનાં શેહેર મધે ઇ૦ સ૦ ૧૭૮૫ ના સાલમાં જનમેઓ હતો. બરખારટનો બાપ બાલ શેહેર મધે રેહેતો હતો અને તેનું ખાંનદાંન ઊંચું ગણાતું હતું.

ઈંગલંડ મધે "આફરીકા ખંડનાં માહેલા ભાગમાં શોધ કરનારી સભા-" એવાં નાંમની મંડલી ઊભી થઈ હતી અને તે મધે સર જોસેફ બાંક્સ નામનો પુરૂશ એક હોંસીલો અને આગેવાંન સભાસદ હતો. એ પુરૂશથી બરખારટના જાણવામાં આવીઊં કે એ આફરીકાનાં ઊતર ભાગમાં એક મુસાફર મોકલવાની એ સભાની મરજીછે. એ મુસકેલ કાંમ માથે લઈને પોતાની હીંમત તથા પરાક્રમ બતલાવવાને બરખારટને મન થયું. તેથી તેણે ઊમેદવાર તરીકે એક અરજી આપી. તેની અરજી બે વરશ પછી કબુલ થઇ. તેણે મુસાફરી સારૂ તઈઆરી કરવા માંડી. અને અરબી બાશાનો અભીઆસ સરૂ કીધો; દાહાડી વધારવા માંડી; તડકોમાં ઊઘાડે માથે તથા ઊઘાડે પગે ચાલી લાંબી મંજલ કરવાની ટેવ પાડવા લાગો, અને જમીન ઊપર સુઈ રેહવાની તથા ભાજીપાલા અને પાંણી ઊપર ગુજરાંણ કરવાની આદત પાડવા પછવાડે મંડેઓ. ઇશવી સન ૧૮૦૯ ના શરૂઆતમાં તે મુસાંફરી કરવાને નીકલેઓ. અને એપરીલ મહીનામાં તે ભુમધીય સમુંદર મધેના માલટા ટાપુ ખાતે આવી પુગો.

આગલા મુસાફરોએ આરબી જુબાંનનો પુરો અભીઆસ કીધો ન હતો અને મુસલમાંની રીત ભાતની પુરી માહીતગારી મેલવી ન હતી. તેથી બરખારટને એવો હુકમ કરવામાં આવેઓ હતો કે તેણે એશીઆ ખંડના સીરીઆ નાંમના મુલકમાં બે વરશ સુધી રેહેવું, અને તે મુદત પછી તેણે મીસર દેશની રાજધાંની કેરો શેહેર ખાતે જવું. તાંહાં તેણે આફરીકાના માહેલા ભાગમાં મુરજીક અને બીજી જગાએ મુસાફરી કરવી.

માલટા આવેઆ પછી તેણે મુસલમાંની સોંગ લઈ "ઇબરાહીમ બીન અબલદા" ને નાંમે પોતાને બંગાલાંનો વેપારી કેહેવડાવા લાગો. માલટાથી એક તુરકી બગલામાં બેસીને ચાર મહીનાવેર નાંખોદાઓનું દુખ સહી સપટેંબર મહીનામાં તે સીરીઆના મુખીઅ શેહેર ખાતે આવી પુગો. એ ઠેકાણે તેણે ઈંગરેજી એલચીએ સારૂં માંન આપીઊં. પણ અહીઆં તેણે બીજાઓને પોતાની મતલબ જાહેર કીધી નહીં અને પોતાનો તુરકી પેહેરવાસ તથા મુસલમાંની નાંમ રેહેવા દીધું. અહીઆં તે એકાંતે રહી અરબી બાશા, કોરાંણ તથા મુસલમાંની કાએદાનો અભીઆસ કરતો હતો અને એ બાબતોમાં પુરવીણ થવાને ઘણોજ આતુર હતો. આલેપો મધે તે બે વરશ સુધી રહેઓ. એ મુદતમાં તેણે એ સેહેરની આસપાસના તથા થોડાએક દુરના પરગણા જોયાં. એવી રીતે તે આલેપો મધે આરબી બાશા તથા રીતભાતની માહીતગારી મેલવી ઇસવી સન ૧૮૧૨ માં કેરો ખાતે જવા નીકલેઓ. રસતામાં તેણે ઘણીએક જગા જોઈ, તેમાં પાહાડ મધે કીધેલી નકસીને માટે વખણાએલું પીટરા નાંમનું અરબસથાંન મધેનું શેહેરબી હતું.

આલેપોનો નીકલેલો સાત મહીને કેરો ખાતે જઈ પુગો. પણ શભાની તરફથી એને એવોબી હુકમ હતો કે એ શેહેર ખાતે રહી તેણે મીસર દેશના લોકોની ચાલચલણ વીશેબી કેટલીએક માહીતગારી મેલવવી. માટે તે કેટલોએક વખત સુધી કેરો ખાને તથા તેની આસપાસના સેહેરો મધે ફરી તાંહાંના લોકોથી વાકેફ થયો. તારપછી મીસરના પાહાદશા મહંમદઅલીના છોકરા ઈબરાહીમ પાદશાહ પાસેથી ફરમાંન એટલે પરવાનો લઈને દખણ ભાગમાં મુસાફરી કરવા નીકલેઓ. એસની નાંમના એક ગાંમડાંમા આવેઓ અને તાંહાં તેણે ગરીબ મહમદીઆંન વેપારીનો સોંગ લીધો. તાં

બની આવે. દાઈમાં એટલી હુશીઆરી જોઈએ કે તે ઓરતની બનતી ખીદમત કરવાને શકતીવાન હોએ અને તેનો સુવભાવ નરમ અને મીલનશાર હોએ. બીજી તપાસ એ કરવી જોઈએ કે દાઈ બુઢી હોએ પણ બેહરી ન હોએ કારણ કે તેનાં કાંને ન સંભલાતું હોએ તો પછી મધ રાતે અગતને વખતે તેને ઊઠાડવાને મુશકેલ પડેછે અને તેની સાથે દરરોજ કામ લેવાને બીજી ઘણી અડચણો નડેછે.

કશટાતી ઓરતની માવજત કરવા માટે દાઈ શીવાએ બીજી એક સમજુ અને દાહી અસતરીની મદદ જોઈએછે; જેનો મીજાસ નરમ અને જેને ઓરતને દુખના વખતમાં દીલાશો આપી શકે. ઘણીવેલા કસટાતી ઓરતની માતા એ કામ માંથે લેવાને તઈઆર થાએછે પણ માતામાં જો પોતાની હુશીઆરીપર ભરોશો નહી હોએ અને દુખ જોઈ ન સકાતું હોએ તો બેહતર પોતે વચમાં પડવાથી દુર રેહવું અને કોઈ ઓલખીતી ચંચલ સહીને એ કામ સપુરદ કરવું જેના દાહપણ અને પેઆરથી પેલી કસટાતી અબલાને હીમત આવે.

જેવું ઓરતને કશટાવાનું શરૂ થીઊ એટલે ડાકટરને બોલાવવો જોઈએ. પણ આપણા લોકો આ ભારે અને જોખમની વેલાએ પોતાનો જાંન અગનાન દાઈઓના હાથમાં આપવાને વાજબી વીચારેછે એ દલગીરી ભરેલુંછે. તાવ આવતો હોએ અથવા બીજું શેહજ દરદ થાએછે તે વેલા ઓરતોને માટે ડાકટરની મદદ લેવાને કાંઈ વાંધો નડતો નથી. પણ હાવા અગતની વેલાએ જુદી છીત કરી સારી શલાહ લેવાને આચકો ખાએછે. વલી ડાકટરને બોલાવેછે તે કીઆરે કે જેવારે બધું અણીપર આવેછે અને દાઈઓના કામથી બધું સુંથાઈ જાએછે તેવારે તેને તેડાવેછે. આપણા લોકોમાં હવે શુધારો દાખલ થીઓછે, ખોટી રસમો આસ્તે આસ્તે દુર થાએછે, ઓરતોને કેલવણી આપીઆથી તેમનામાં સારી સમજ દાખલ થાએછે માટે આશાછે કે આ કામમાં ખોટી લાજ લાગેછે તે મુકીદઈ જણતી વખતે ડાકટરોની શલાહ લેવાને ચુકશે નહી.

ઊપર જણાવીઆ પરમાણે દુખવાનું શરૂ થાએ એટલે તરત ડાકટરને બોલાવવો કારણ કે ઘણી વેલા ઓરત એકદમ જલદી છુટેછે અને બચ્ચું ડાકટર આવીઆ અગાઊ પેદા થાએછે. વલી ડાકટર પેહલેથી હાજર હસે તો કશુવાવડ થવાની વકી હોએ તો તે વીશે તે બંદોબસત કરી રાખેછે.

દાઈ, ખીદમત-કરનારી બીજી એક ઓરત અને દાકટર એ તરણ શીવાએ કસટાતી ઓરતના ઓરડામાં ચોથાં માણસની જરૂર નથી. ઓરડામાં વધારે માણસો હોવાથી હવામાં બીગાડ થાએછે અને દમમાં લીધેલી હવા ફરીથી સવાશમાં લીધાથી બદનને નુકસાંની પુગેછે તેમાં વલી ઓરડામાં દીવો અને સગડી હોએછે તેવારે પુરો હવામાં બીગાડ થાએછે. આપણા લોકોમાં વેઆતી વેલા ઓરડામાં ઓરતોની ગીચ થાએછે અને પરદા હેવો બાંધેલા હોએછે કે તેમાં હવા લેવાને દરએક સુરાખ બંધ રેહછે અને વલી ઓરતનાં આંગપર કાંમલી અને ચાદર હોધારી રાખેછે એ પરમાણે સઘલી પરકારે બીચારી ઓરતને વગર મતલબે ઘણ અગનાનપણેથી નુકસાંન ખમવું પડેછે માટે ઊપર જણાવેલા તરણ માંણસો વગરે શુવાવડના ઓરડામાં બીજા કોઈને જવા દેવું જોઈએ નહી. ઓરડો કેવો જોઈએ તે વીશે હવે પછે જણાવશું.

ઓરડામાં આદમીઓની ગીચ થાએથી હવા બીગડેછે અને નુકસાંન કરેછે એટલુંજ નહી પણ એકઠી થએલી બાઈઓ ટકટક કરેછે તેથી તે ઓરત કંટાલો ઊપજેછે અને જેવારે ઓરતો પોતાના કશટની અને પોતાની સાહેલીઓની કસુવાવડોની વીશે તી ઓરતને કાંને પડે તેમ અવીચારે વાતો કરેછે તેવારે તેને નકાંમી ધાસતી પેદા થાએછે. તે હીમત મુકી દીએછે અને તેને વધારે કશટાવું પડેછે માટે બાઈઓ જે ખચીત સારૂ ઈછીને ઘરવાર ઓરતને જોવા જાએછે તેઓએ તેના કશટની વખતે હીમતનાં વચનો કેહવાં અને ગડબર કરવાનું મુકી તેના ઓરડામાં જવું નહી કે તેથી તેને વધારે લાભ થાશે.

(તમીમ ત્રીજી).

## બરખારટ નાંમનો એક હીમતવાંન મુસાફર.



યુરોપ ખંડના લોકો આફ્રીકા તથા અરબસથાંનના કેટલાએક ભાગથી વાકેફ કરનારા મુસાફરોમાં બરખારટનું નાંમ મોટું ગણેછે. એ શખસ સુઈટજરલાંડના પાહાડી મુલકમાં લોજાન નામનાં શેહેર મધે ઈ૦ સ૦ ૧૭૮૫ ના સાલમાં જનમેઓ હતો. બરખારટનો બાપ બાલ શેહેર મધે રેહતો હતો અને તેનું ખાંનદાંન ઊંચું ગણાતું હતું.

ઈંગલંડ મધે "આફ્રીકા ખંડનાં માહેલા ભાગમાં શોધ કરનારી સભા." એવાં નાંમની મંડલી ઊભી થઈ હતી અને તે મધે સર જોસેફ બાંકસ નાંમનો પુરૂશ એક હાંસીલો અને આગેવાંન સભાસદ હતો. એ પુરૂશથી બરખારટના જાણવામાં આવીઉં કે એ આફ્રીકાનાં ઊતર ભાગમાં એક મુસાફર મોકલવાની એ સભાની મરજીછે. એ મુસકેલ કાંમ માથે લઈને પોતાની હીંમત તથા પરાકરમ બતલાવવાને બરખારટને મન થયું. તેથી તેણે ઊમેદવાર તરીકે એક અરજી આપી. તેની અરજી બે વરશ પછી કબુલ થઇ. તેણે મુસાફરી સારૂ તઈઆરી કરવા માંડી. અને અરબી ભાશાનો અભીઆસ સરૂ કીધો; દાહાડી વધારવા માંડી; તડકાંમાં ઊઘાડે માંથે તથા ઊઘાડે પગે ચાલી લાંબી મંજલ કરવાની ટેવ પાડવા લાગો, અને જમીન ઊપર સુઈ રેહવાની તથા ભાજીપાલા અને પાંણી ઊપર ગુજરાંણ કરવાની આદત પાડવા પછવાડે મંડેઓ. ઈશવી સન ૧૮૦૯ ના શરૂઆતમાં તે મુસાંફરી કરવાને નીકલેઓ અને એપરીલ મહીનામાં તે ભુમધીય સમુંદર મધેના માલટા ટાપુ ખાતે આવી પુગો.

આગલા મુસાફરોએ આરબી જુબાંનનો પુરો અભીઆસ કીધો ન હતો અને મુસલમાંની રીત ભાતની પુરી માહીતગારી મેલવી ન હંતી. તેથી બરખારટને એવો હુકમ કરવામાં આવેઓ હતો કે તેણે એશીઆ ખંડના સીરીઆ નાંમના મુલકમાં બે વરશ સુધી રેહવું, અને તે મુદત પછી તેણે મીસર દેશની રાજધાંની કેરો શેહેર ખાતે જવું. તાંહાં તેણે આફ્રીકાના માહેલા ભાગમાં મુરજુક અને બીજી જગાએ મુસાફરી કરવી.

માલટા આવેઆ પછી તેણે મુસલમાંની સોંગ લઈ "ઈબરાહીમ બીન અબલદા" ને નાંમે પોતાને બંગાલાંનો વેપારી કેહેવડાવા લાગો. માલટાથી એક તુરકી બગલામાં બેસીને ચાર મહીનાવેર નાંખોદાઓનું દુખ સહી સપટેંબર મહીનામાં તે શીરીઆના મુખીઅ શેહેર ખાતે આવી પુગો. એ ઠેકાંણે તેણે ઈંગરેજી એલચીએ સારૂં માંન આપીઊં. પણ અહીઆં તેણે બીજાઓને પોતાની મતલબ જાહેર કીધી નહીં અને પોતાનો તુરકી પેહેરવાસ તથા મુસલમાંની નાંમ રેહેવા દીધું. અહીઆં તે એકાંતે રહી અરબી ભાશા, કોરાંણ તથા મુસલમાંની કાએદાનો અભીઆસ કરતો હતો અને એ બાબતોમાં પુરવીણ થવાને ઘણોજ આતુર હતો. આલેપો મધે તે બે વરશ સુધી રહેઓ. એ મુદતમાં તેણે એ સેહેરની આસપાસના તથા થોડાએક દુરના પરગણા જોયાં. એવી રીતે તે આલેપો મધે આરબી ભાશા તથા રીત ભાતની માહીતગારી મેલવી ઈસવી સન ૧૮૧૨ માં કેરો ખાતે જવા નીકલેઓ. રસતામાં તેણે ઘણીએક જગા જોઈ, તેમાં પાહાડ મધે કોરેલી નકસીને માટે વખણાએલું પીટરા નાંમનું અરબસથાંન મ[illegible]નું શેહેરબી હતું.

આલેપોનો નીકલેલો સાત મહીને કેરો ખાતે જઈ પુગો. પણ શભાની તરફથી એને એવોબી હુકમ હતો કે એ શેહેર ખાતે રહી તેણે મીસર દેશના લોકોની ચાલચલણ વીશેબી કેટબીએક માહીતગારી મેલવવી. માટે તે કેટલાએક વખત સુધી કેરો [illegible] તથા તેની આસપાસના સેહેરો મધે ફરી તાંહાંના લોકોથી વાકેફ થયો. તારપછી મીસરના પાદશાહ મહમદઅલીના છોકરા ઈબરાહીમ પાદશાહ પાસેથી ફરમાંન એટલે પરવાનો લઈને [illegible] ભાગમાં મુસાફરી કરવા નીકલેઓ. એસની નાંમના એક ગાંમડાંમા આવેઓ અને તાંહાં તેણે ગરીબ મહમદીઆંન વેપારીનો સોંગ લીધો. તાં

હાંથી તેણે અરબસતાંનમાં જવાની મરજી હતી તેથી તેણે વણજારાઓની પોઠની સોબતને માટે એ શેહેર મધે એક વરશ સુધી રેહેવું પડીઊં, ઘણો વખત લાગાથી તેની પાસે પઈશા થઈ રહેઆ હતા તેથી તેણે પોતાનો ઊંઠ વેચી કાહાડેઓ અને સવારી સારૂ ફકત ગધેડું રાખી પોતાનો સામાન અને માલ ઊંચકવા સારૂ એક બીજા ઊંઠવાલા સાથે ઊધરૂં પઠીઊં. તેની પુંજી ફકત તેપણ યા ચોપન ડાલરની હતી અને તે એક લાંબી કોથલીમાં રાખી પોતાની કમરે અથવા હાથે બાંધી રાખતો હતો. તેની પાસે ચાકર ન હતો. વેપારનો માલબી ઘણો ન હતો, અને વલી મીસર દેસના ખેડુતના જેવો પોશાક પેહેરતો હતો. તેથી બીજા વણજારા તેણે ધીકારતા હતા. કોઈ વખત તેઓ એવો શક આણતા હતા કે એ શખસ તુરકીછે અને જાસુસ દાખલ આપણા વેપારની માહીતગારી મેલવવા આવેઓછે.

બરખારટ કેહેતો હતો કે હું આલેપો મધે રેહેનાર તુરકછું પણ મારો એક પીતરાઈ મારૂં નાંણુ લઈ ઘણાએક વરશ થએઆં આ ભાગમાં વેપાર કરવા નીકલેઓછે તેની શોધમા ફરૂંછું. એમ કહીને તેઓના મનનો સંધેહ ભાંગતો હતો. આ વાતમાંથી તે લોકો જરા સચાઈ માંનતા હતા ખરા પણ તેઓ તેને વારે ઘડીએ ગાલ દઈ, તેની ખોરાકી તથા માલ લુટી, સેઈને લાકડીએ મારીને અપમાંન કરતા હતા: તે સઘલું ખમેઆ કરતો હતો. અને જારે તક મલી તારે વણજારાઓને છોડી અરબ લોમીઆ સાથે મલી ગએઓ. એ અરબ લોમીઆઓને વણજારાઓ સાથે દુશમની હતી તેથી કરીને તેઓ બરખારટને બચાવતા હતા પણ તેટલા માટે આરબો બરખારટ પાસેથી લાચ લીધા વગર તેને છોડતા હતા નહી.

આફરીકા તથા અરબસતાંનના રણમાં ઘણુ કરીને રેતી અને પથર શીવાય બીજું કાંઈ નથી પણ તોબી કેટલેએક ઠેકાંણે ઝાડ અને ઝાડી હોએછે તેથી મુસાફરને સારી આસાએસ મલેછે. એવી જગાઓમાં મુસાફર પોતાને માટે પાંણી પખાલમાં સંભાલી રાખેછે. પણ એ પખાલો કેટલો કોઈ વખતે ફાટી જાએછે તેથી અથવા પાંણી ઘણાં દીવસ રહેઆથી બગડી જાએછે તેથી મુસાફરને ઘણુ દુખ ભોગવવું પડેછે. એવી વખતે જો પાંણી નજીક ન હોએતો ઘણી વેલા મોતબી ઊપજેછે. બરખારટ પોતાની હાલત વીશે નીચે પરમાણે લખેછે.

"જારે મકાંન કરવા વીશે ઠરાવ થતો હતો તારે હમારી પોઠમાંના જુવાંન વણજારા અગાડી જઈને ઊતારા સારૂ કોઈ મોટાં ઝાડ નીચે અથવા ટેકરીની બાજુએ ઠંડી જગા શોધી કાહાડતા હતા. ઊતારાની જગાએ પેહેલાં કોણ આવીઊં તે વીશે દરરોજ વાંધો પડતો હતો. મનેતો હમેશ સારી જગામાંથી ઘસડી કાહાડતા હતા. તેટલા માટે બપોરની વખતે મને હમેશ સખત તડકામાં બેસી રેહેવું પડતું હતું. વલી એવી સખત ગરમીમાં મને મારી રસોઈ પોતાને હાથે કરવી પડતી હતી. જમીને પાછી કુચ થતી હતી. મારી પાસે એક ગધેડો તેથી તેનો બચાવ કરવાહું દરરોજ ચાર પાંચ કલાક ચાલતો હતો. સાંજના પાછું મકાંન થાએ તારે પાછી રસોઈની કડાકુટ કરવી પડતી હતી. હું થાકેલો હોઊં તોબી મારા ગધેડાને ચારો નાંખી તથા જંગલમાંથી છોડીઆ વીણાં મારી રસોઈ કરતો હતો, અને કાફી તઈઆર કરી મારા સોબતીઓને એક એક પેઆલું આપતો હતો, કારણ એવીજ તજવીજથી તેઓ મારી સાથે સલુકાઈ રાખતા હતા."

એવું મોટું અને સખત દુખ ભોગવીને તથા ઘણેએક ઠેકાંણે જીવવાનીબી આશા છોડીને બરખારટે આફરીકા તથા અરબસતાંનમાં મકા તથા મદીના ખાતે મુસાફરી કીધીછે તેનો જાણવાજોગ હેવાલ આવતાંમા આપીશું.

---

## તરણુજ (કાલીંગડાં)

તરણુજમાં બે જાત હોયછે. એક કાળાં રંગનું અને ગોળ, બીજું સફેદ રંગનું અને લાંબું. સફેદ જાતના તરણુજો મીઠાસમાં સારાં અને કદમાં મોહટાં હોયછે, અને એની અંદરનો મગજ લાલ અને સ્વાદારછે. તરણુજોમાં મીઠાસ ઘણી અથવા થોડી થાયછે. એ જમીનની જાતપરછે. તરણુજના બી કારતગ મહીનામા રોપેછે તે પોશ આખર અથવા માઘ મહીનામાં તઈઆર થાયછે એનો વેલો ઘણો જલદી વધેછે. એનું વધવું એટલું આશચરીયકારક છેકે, કોઈ વખત એક દીવસમાં હાથ બે હાથ સુધી વધી જાયછે. આ વેલો ખેવર

માં જમીનપર પસરાયેલી હોયછે. એક એક તરણુજ કોઈ કોઈ વખત મણ દોહોડ મણ વજનનું થાયછે. ગોવામાં લોકો તરણુજના મોહટાં મોહટાં ખેતરો રોપેછે. તાંહાંનાં ખેડુત લોકો તરણુજને કોઈ ચોરી ન લઈ જાય તથા કોહોલાં વગેરે જંગલનાં પશુ ખોઈ ન જાય, માટે જારે એ નાહાના નારીયળ જેટલાં થાયછે, તારે આસરે એક હાથ ઊંડો અને તેટલોજ પોહોળો ખાડો ખોદી તે કુમળું તરણુજ તેમાં મુકી તેની પર પાપાં નાખી થોડીક મરોડી ઢાંકી દેછે. આ જમીન રેતાળ હોયછે, તે સારૂ તરણુજનાં વધવાને કંઈ અડચણ થતી નથી. પછી તેનો વેળો સુકાવવા લાગો એટલે તરણુજને ખાડામાંથી કાહાડી લેછે.

તરણુજ ઠંડું હોયછે. ચેઈતર, વઈશાખમાં એનો ઘણો ખપ હોયછે. પપનાસ, અને કેરી વગેરે ફળો જેમ ખાયછે, તેમ તરણુજને પણ ખાયછે; પણ કુમલાં તરણુજનું સાક તથા અથાણું કરેછે. તરણુજના વેલાને માછલીનું ખાતર નાખેછે. તરણુજ વરશમાં એકજ વખત પાકેછે. મારવાડ, મથુરાં, દુવારકાં, આ દેશમાં તરણુજ ઊંચી જાતનાં થાયછે.

ઉદ્ભીદ પદારથ.

## પરચુરણ બાબતો.

**સઉથી તનદરોસત લોકો**—ડાકટર બો નામના એક વીદવાને હીસાબ કાહાડેઓછે તે ઉપરથી માલુમ પડેછે કે આખી દુનીઆ મધે ઉતર અમેરીકા ખંડના યુનાઈટેડ ઇસટેટસ (સવતંતર રાજો) ના લોકો ઘણાજ તંનદરોસત રેહછે. તાંહાં દર વરશે ૩૨૦૦૦૦ તરણલાખ વીસહજાર માણસો મરણ પામેછે એટલે સેંકડે દોહોડ માણસ. ઈંગલંડ મધે સેંકડે બે અને ફરાંસ મધે સેંકડે તરણ મરેછે. સઘલાં સવતંતર રાજોમાંથી વરજીનીઆ અને કારોલીના નામનાં રાજોના લોકો સરીરે ઘણીજ સારી સુખાકારી ભોગવેછે, અને બે રાજોમાં હાલ ૬૩૮ છસો આડતીસ માણસ સો વરસથી વધારે ઉમરનાં (જીવે) છે.

**નાહની અને નજીવી ચીજો**—પાણીના ઝરા નાહની ચીજોછે પણ તેમાંથી મોટી નદીઓ બનેછે; વાંહાણનું સુખાણુ નાહની ચીજછે પણ તે મોટાં વાંહાંણને ચલાવી શકેછે; ઘોડાની લગામ નાહની અને નજીવી ચીજછે પણ તે જબરદસત ઘોડાને કબજામાં રાખેછે; હાથીનું અંકુશ નાહની અને નજીવી ચીજછે, પણ તે પાહાડ જેવા હાથીને બીહીકમાં રાખેછે; ખીલા અને ખુટી નાહની તથા નજીવી ચીજછે પણ તેથી મોટાં ઘર અને વાંહાણ બંધાએછે. મોહોડાંનો એક બોલ અથવા ખુસો દેખાડનારી આંખબી નાહની અને નજીવી ચીજછે પણ તેથીબી ઘણુ સારૂં અથવા મોટી ખરાબી ઉપજેછે. માટે આ બાબત વીચાર કરી નાહની અને નજીવી ચીજો વીશેબી તજવીજ રાખવી. તમારી ઉપર એક રૂપીઆનુંબી કરજ હોએ તો તે જલદીથી ફીટાડી નાંખજો, કારણ કે તેની ઉપર બીજી કેટલી વાતોનો આધારછે તેની તમને ખબર રેહેતી નથી. તમે ગમે તેવી નાહની અથવા મોટી કબુલાત આપો અને તેમાંબી નાહના બાલકોને કબુલત આપો તે પાલજો. કારણ કે છોકરાંઓ સાથે તમે તમારી કબુલાત નહીં પાલશો તો તેની અસર તેઓનાં મન ઉપર ઘણીજ માઠી થશે. માટે નાહના બોલ કહેઆં હોએ તે પણ પાલવા અને નાહની ચીજો ઉપર હમેશ ધેઆન આપવું.

**ઈસપાનીશ લોકોની કેહવત**—" સવારના થોડું ખાવું એ બસછે. બપોરના પુરૂ ખાધુતો તે થોડુછે; પણ રાતના થોડુબી ખાવું એ ઘણુ થઈ પડેછે." મતલબ રાતનાં ઘણુ ખાવું નહી. કારણ તેથી અનનો પચાવ થતો નથી અને સારી પેઠે ઉંગ આવતી નથી.

**ખુલી હવાની કીમત**—બાઈઓ, તમે ખુલી હવામાં ફરવાને અથવા બેસવાને નકાંમી સરમ રાખોછો અને દાહડો આખો ઘરમાં ગોંધાઈને બેસી રેહોછો. પણ એક નાંમીચો હકીમ કેહેછે કે એ વીશે ઘણીજ સાવચેતી રાખવી. " ખુલલી હવા એક જાતની કીંમતી દવાછે. તે સઉથી સરસ દવાછે. તે દવાથી માંણસ તંદરોસત, જોરાવર અને સારાં થાએછે. ખુલી હવાથી માંણસનો જીવ તાજો થાએછે, માંણસનું મન આનંદ પાંમેછે, અને ઘણાએક સુંદર અને બુલંદ વીચાર ઉતપન થાએછે. "

**એક અચરતી ભરેલો બનાવ**—વીળાતમાં એક ઘણોજ અચરતી ભરેલો બનાવ બનેઓછે. એક ખેતરમાં પટેટા (અદુખડાં) વાવેઆંછે તેમાંથી એક જાતની હવા નીકલેછે. તે હવા જમીનથી તરણ ચાર ફુટ ઉંચી ઉડીને એકઠી થાએછે અને કેટલાએક અઠવાડીઆં થયાં બલેઆ કરેછે.

**દુનીઆના શેહેરો**—દુનીઆ મધે એક લાખથી બે લાખ માણસની વસતી વાળા ૫૭ શેહેરછે. બે લાખથી પાંચ લાખની વસતી વાળાં ૨૩ શેહેરછે અને પાંચ લાખથી વધારે વસતી વાળા બાર શેહેરછે તે મધે લંડન અને પારીસ યુરોપમાં અને બાકીના દસ એશીઆમાં.

**લંડન શેહરનો વીસતાર**—૧૮૬૦ ના એટલે ચાલુ વરસમાં લંડન શેહરનો વીસતાર તપાસતાં માલુમ પડીઉં કે એ શેહર અગીઆર માઈલ લાંબુછે અને અગીઆર માઈલ પોહોલુંછે. સાઠ વરસ ઉપર જેટલું મોટુ હતું તેના કરતાં હાલ તરણ ગણુ મોટું છે. દર અઠવાડીએ એ શેહરમાં જેટલા મરણ પામેછે તેના કરતાં ૧૦૦૦ માણસોનો વધારો થાયછે.

**દુખ અને દરદ**—દુખ અને દરદ એ બે પીતરાઈ ભાંઈઓ થાયછે. એઓની સંગત કરવા આપણે જેમ બને

તેમ વેગલા રહીએછે પણ તેઓ આપણી સંગત કરવાને ઘણીજ આતુરતા રાખેછે. જરા દાવ ઈઆ લાગ આવેઓ કે તેઓ આપણા સોબતી થઈ પડેછે. તેઓથી વેગલા જવાંની આપણે ઘણીબી મેહેનત કરીએછે પણ તે વીઅરથ જાએછે.

નીતી વચન.

## ગઈવેલા પાછી આવતી નથી.

એક વખત વેલા વટી, ફરીથી ન આવે તેય.
મારે કાળ ન ગાલવો, સમજી મનમાં લેય.
યોગય ઉદમે સમય તે, કાઢે જો કોર ંક,
કો કાલે રાજા બને, જાણુ ભાઈની શંક.
માણસ પુછેછે ઘણા, જરૂ જરૂરનાં કાંમ,
ફોકટ પલ ન વટાવીએ, તો ફલ આપે રામ.

**ધરતી કંપની પરીકશા**—જેપાંન મધે ધરતી કંપ વારંવાર થાએછે. લોહ ચુમક ઉપરથી ધરતી કંપ થવાનો વખત નજદીક આવેઓછે એવું અગાઉથી માલુમ પડી શકે તેવી શોધ તે લોકોએ કીધીછે. જે વખત ધરતી કંપ થવાનો હોએછે તેની થોડીએક મીનીટ અગાઉ ચમક પાન અથવા લોહ ચુમબકમાંથી લોહડું ખેંચવાની શકતી જતી રેહે છે. તેઓ પોતાના ઘરમાં ઘોડાની નાલના લોહચુંબક સાથે લોહડું વલગાવેલું રાખી મુકેછે. જારે તે લોહડું પોતાની મેલે નીચે પડેછે તારે એક મોટા ઘંટ સાથે તેનો અવાજ થાએછે. તેથી લોકો તરત પોતાના ઘરની બાહર બંચાવને મારે નીકલી પડેછે.

**કેલવણીનો ખરચ**—બીજાર્ત મધે ગએઆં સાત વરસમાં નીશાલો બાંધવ છેવાડે સરકારને ૧) કરોડ ૧૩ લાખ ૭૧ હજાર રૂપીઅના ખરચ થઓ હતો.

**એક છોકરીની વખાંણવાજોગ ચાલ**—પારલંડ મધે એક છોકરી ચાકરડીનું કામ કરતી હતી તેણીએ પોતાની ૬ વરસની નોકરીના બદલામાં ૪૦૦) રૂપીઆ એકઠા કીધા હતા. તે સઘળા રૂપીઆ તેણીએ પોતાના બાપનું કરજ ફીટાડવાને મારે તેના માંગનારાઓને આપેઆ !

**સ્રીઓને ધંધો**—ઈંગલંડ મધે ચીનલીના તારની આફીસ મધે સંધેશો વાંચવા મારે ઓરતો ધંધે વલગેલીછે તેઓની શંખીઆ તાલ બસોથી વધારેછે.

**ચીન દેશની વસતી**—બેહેનો તમને ખબરછે કે ચીન દેશની વસતી આખી દુનીઆના બીજા દેશોની વસતી કરતાં મોટી ગણાએછે. ઈ૦ સ૦ ૧૮૧૨ ના વરસમાં એ દેશની વસતીનો હીસાબ કાહાડવામાં આવેઓ હતો તે વખતે ૩૬૦૦૦૦૦૦૦ છતરીસ કરોડની ગણવામાં આવી હતી પણ ઈ૦ સ૦ ૧૮૫૨ માં ફરીથી ગણતરી કીધી તાર ૫૩૬૦૦૦૦૦૦ તેપનકરોડ, સાઠલાખની માલુમ પડી. એટલે ચાલીસ વરશમાં ૧૭૬૦૦૦૦૦૦ સતરકરોડ, સાઠલાખ વધી અથવા નજીક રોહડી થઈ.

## સોળ તીથી.

સમરણ સાચુંરે બરહમનું, આવે અવર નહીં સંગ,
છાંડી કુછંદો છાકને, સજીરે નીતીને અંગ. સમરણ૦ રેક.

**પડવે** મોતનો માર તે, વીખથી તજવેછે તાણ,
કરે જન ગરવી ગંભીરરે, પ્રભુ નીમ ડાહપો તું જાણ. સ૦ ૧

**બીજ** ભકતીનું જીવડા, નરદેહ ખેતરમાં સાર,
રોપ સુકાળે વેલરે, પામીશ પાક અપાર. સમરણ૦ ૨

**ત્રીજ** નમી પાપ તું બાળજે, બરહમે રાખીને ભાવ,
ભવબંધનથી છુટીને, સુખડાં અનંતા લાવ. સમરણ ૩

**ચોથ** આવક હોરી રાખવી, આપત અવસ્થા કાજ,
જોર જુવાની-નહીં રોજનાં, નીમસર ખરચે તું આજ. સ૦ ૪

**પાંચમ**નીશાની સંગતી, કદી ન શોધીશરે પીડ,
જારી જુગારી જુક ચોર ને, કરૂણી લાવેછે ભીડ. સમરણ ૫.

**છટ** તુચ્છ કરવે સુજાણને, જીવતું ધારીશ નહી ઉર,
સદા સાહસ સહુ સામટાં, કરશે વીશે પણ દુર. સમ૦ ૬

**સાતમ**ણી થતી શોભતો, વીરલો સંસારે કોય,
વીદીઆ વપુ વીત સ્રી સુતને, નીતી ધરમો જે જોય. સ૦ ૭

**આઠમ** ઠમાક તુંજ જોબને, નહી રેહ બાજીરે વાર,
ભાલી ભાવીને આનથા, કર તું રૂડા દેદાર. સમરણ૦ ૮

**નામ** રામ હરી સંભારતાં, વીઘનો સરવે થાય દુર,
નેહ લેહ લાગે બરહમમાં, સુખ રંગ જામે ભરપુર. સ૦ ૯

**દશમ** સ્તકનો રાવણો, મદથી માતો મહુરાય,
અંતે જડ પાયો કાલથી, ખચશે આપણી કયમ કાય. સ૦ ૧૦

**અગીઆરસ**રૂપે રૂદરછે, બાહુ બાહુ રૂપે બાહુ દેવ,
અદભુત લીલાછે બરહમની, કરીપે તેની સહુ સેવ. સ૦ ૧૧

**બારસ**દા રેહ ઉઘડાં, બરહમ મંદીરના સાર,
પાપ અંધકારે ન દેખીપે, શાને લાગેરે ભાલ. સમરણ૦ ૧૨

**તેરસ** મીઠો ભકતી તણો, જારી નાખે સહુ પાપ,
કરી નીરમળ દરસાવશે, બાહુ બરહમ દયાળુ બાપ. સ૦ ૧૩

**ચૌદસ**કળ વીદયા ભણી, સારાસાર નહીં લેહ,
ઈંદ્રી જીતી ન જાણીતો, પાપી હીણો જાણતેહ. સ૦ ૧૪

**પુનમ**રણાંતે તારશે, સ્વરગે જાશે લેઈ વ્હેલ,
નીતી ધરમનાં પાળવાં, ભવબાર કરે સહુ સેલ. સમ૦ ૧૫

**આમસ**સરવે પાપી છીપે, પ્રભુ રે નીતીની ખીપ,
પુણ્ય કરી મલ ધોઈશું, દે રે ભકતીરે બાપ. સમરણ૦ ૧૬

**અમાસ** અંધારી જાણીને, નરસી લેહે બાહુ લોક,
ભજ નરમદ તું બરહમને, સમજી એવા વેમ ફોક.

સમરણ સાચું૦ ૧૭

સ્ત્રીબોધ.

પુસ્તક ૪ થું | સપટેમબર ૧૮૯૦ | આંક ૯ મો.

## ફરદુનજી નામનો વેપારી.

એક ફુરશતને દીવશે ફરદુનજી બાગમાં બેશી "વેપારીઓને શલાહ" એવાં નામની ઈંગરેજી ચોપડી વાંચતા હતા. પોતે વેપારી હોવાના શબબથી ધી આંનદઈ વાંચવા લાગા. મગજનુ કુવત ઘણુ શારૂં ધરાવતા નહી હતા તોપણ દરએક ફકરો વાંચી તે ઊપર ખુબ તરેહથી ગોર કરતા હતા. વાંચતાં વાંચતાં નીચે પરમાંણે તેઓનની નજરે કેટલાક ફકરા પડીઆઃ—

"વેપાર વનજની બાબદમાં પણ ઘણી વખત બાએડી પોતાના ધણીને શલા આપી શકેછે. તમારા ધંધા વીશે તેઓ શાથે છુટથી વાત કરતા રેહજો. તમારી ખરી હાલતથી તેઓને વાકેફ કરતા રેહજો. જે આપદામાં તમો આવી પડેઆ હોવ તે શરવે જાહેર કરજો. તે આપદામાંથી તમો કેમ મોકલા થવાનો વીચાર રાખોછો તે તેહને શંભલાવજો. ઈઆદ રાખો કે એમ ખોલાશો કીધાથી શેંકડે નેઉં આશામીને પુરતી મદદ મલશે. બાએડીઓની મંનશકતી છેક અંધેર નથી. એક બીનાથી મોકલા થવાને અકલથી તમો તરેહવાર વીચાર કરો, તકરાર કરો અને અંતે જે સેવટ લાવો તેનાં કરતાં ઓરતો તકરાર અને બીજા વીચારોને એક કોરે મુકી, જલદીથી તેનો અંત કેમ આવેછે તે તમુને બતલાવી આપશે. તેઆરે ગુચવંણમાં પડેલા વેપારી તારી બધી બીનાથી તારી બાએડીને વાકેફ કર. કાંઈ પણ છુપાવતોનાં. જેમ વધારે ખોલી રીતે તું તેહને શમજ પાડશે તેમ તારી ગુચવણ તે વધારે જલદીથી બાંજી નાંખશે."

આ બીનાં વાંચી અને કેટલીક બાબદ લાગતી વલગતી હોવાના શબબથી ચોપડી બંધ કરી ખુરશીને હવેલીને ફરદુનજી પેહલાંનો બોલીઆ કે આ ઠીક વાત; પણ આપણા પારશીનાં બઈરાં વલી હવાં કીઆં હુશીઆરછે કે વેપારની બાબદ તેઓ આગલ માંડીને કહીએ. પથરપર પાંણી રેડવું અને તેઓ આગલ માંથુ દુખવવું બરોબરછે.

ફરદુનજી વેપાર માંટે તે વખતે શંકરાશમાં આવી પડેઆ હતા. ગઆં વરશમાં ઘણીક અડચણ આવી પડી હતી. શુશત વેપાર અને કેટલાંક પારકાં નાંણાંનું વીઆજ માંથે ચહડતું હતું તેથી ચાલુ અને આવતા વખતને વાશતે શું ઊપાએ કરવો એવા વીચારમાં આવી પડેઆ હતા. તેમાં ગએઆં છ માશનો હશાબ તપાશતાં અને વેપારની હાલત ઊપર નેગાહ પોહોચાડતાં તે વીચારમાં પડેઓ કે લોકોને નાંણાં કેમ તોલાશે.

"ગમે તેવો માહારો વેપાર નાઘલોછે ખરો તોબી આતો દેખઈતુંજછે કે માહારી પુંજી હવે મને વધારવી જોઈએ." એમ પોતાના મનશે વમાશવા લાગા. અને પુંજી વધારવા જઈએ તારેતો કોઈને બાગમાં લીધા વગર છુટકોજ નહી. મહને વલી બાગીઓ થવાનુ તદન પશંદ નથી. માહરા અને તેના વીચાર એક મલતા થાએ એ પણ કેમ જણાએ ? માર્ જમ હાલમાં જોખમ ભરેલું થાઈ પડીશેંછે. માહરી પોતાની પુંજીતો એટલી થોડીછે કે તેમાં કાંઈ મારો શુકરવાર થાએ નહી. અને આખરૂ જાલવવાને વાશતેતો વધારે પઈશાની જરૂરજછે. પેલો મંનચેરશા માહારો બાગીઓ થાવા ઈછેછે. ને એની પાશે રૂપીઆ હજાર તરીશ ચાલીશનો જીવછે ખરો; પણ એની ચાલ ચલગત અને કેટલાક કરતુક મહને પશંદ નથી અને વલી હુશીઆરીમાંતો પથરનોબાઈભમરડોછે. ખેર કાંમ બધું માહરે માંથે ખેંચી લેઈશ, પણ આખરૂ જાલવવાને વાશનેતો કાંઈ

પણ ઊપાએ શોધવો જોઈએ. આજ રાતના હું તેની મુલાકાત કરૂ અને જો તે પોતાનાં તરીશ ચાલીશ હજાર વેપારમાં રોકવા કબુલ થાએતો મહને હલતો થીક થાઈ જાએ.

એમ વીચારી ફરદુનજી બાગમાંથી ઊઠેઆ અને શાંજનો ખાવાનો પણ વખત થાઓ હતો અને રાબેતા પરમાંણે ટેબલ પણ તઈઆર થાઈ હતી. પોતાની મોહોરદાર ખાંનું માંણેકબાઇ શાથે બેશી (પોતે પુર વીચારમાં હતો તેથી) તે દીને કાંઈ પણ બાબદની વાત કીધા વગરે ખાંનું ખાઈ જલદીથી ફરેગ થાએઓ. માંણેકબાઈ પોતાના ધણીને વીચારમાં ગીરફતાર જોઈ પેહલાંતો મુગીજ રહી. બાહેર જવાને શારૂ દગલી પાગડી ચાકર પાશે માંગી તારે માંણેકબાઈ બોલી પીઆરા તમો કાંહા શીધારોછો ?

ચોપડીમાં વાંચીઊ હતું કે "તારી બાએડીને બધી વાત જાહેર કરજે" એ વીચારો હમના તેના મનમાં આવેઆ, પણ ખામોશી એખતીઆર કરીને, દગલી પેહરવા માંડી.

ફરીથી માંણેકબાઈ બોલી પેઆરા કાંહાં શીધારોછો ?

"જરા બાહેર કાંમછે તાંહાં જાઊછું. હમણાં અરધા કલાકમાંનો પાછો ફરીશ."

પણ બાહેર તે કાંહાં જાઓછો ?

ફરીથી ઊપલાજ વીચારો તેહનામાં ખુબ જોરથી દોડી આએઆ અને જાંણે તેને ફરજ પાડતા હોએ તેમ તેને ઈઆદ આપી કે આ વખતે માહરી બાએડીને શંધું જાહેર કરી દેશ "કાંઈ વેપારના કાંમશર પેલા મંનચેરશાને મલવા જાઊંછું."

શું ? પેલી કુવરબાઈનો વર મંનચેરશા પાશે ? તેની શાથે શું કાંમ પડીઊ ! પેઆરા ભરતાર તમારા આજનાં દેખાવ ઊપરથી મહને ધારવાને બની આવે છે કે કાંઈપણ તમારી ઊપર આફત આવી પડીછે.

આફત શાંની, માતર હાલ ધંધો રોજગાર શુશત ચાલેછે.

શું એમછે ? તાહરે તમે માહરી આગલનો બોલીઆજ નહી.

તમારી આગળ બોલીઆમાં શાએદો શું ?

શાએદો પુછોછો ?

પીઆરા ભરથાર ! આ ઘર ઊપર ખરચ ખુટણની બાબદમાં હું પણ એક રાજ ચલાઊછું તેહારે તમોએ જો મહને વાકેબ કીધી હોતે તો એટલા અરશામાંતો તમુંને શાએદોજ માલંમ પડી આવતે. વારૂ, હમણાતો તમો દગલી આંગમાંથી પાછી કાહાડો, અને માહરી સાથે વાત કરો પછી જોઈએતો શહવારનાં કોઈને પણ મલવાનો વીચાર રાખજો.

ફરદુનજીએ દગલી કાહાડી અને કેટલીક બાબદ બારીકીથી શંમજાવી. માણેકબાઈ બોલી કે "તેઆરે શું તમો એટલીજ અડચણ ટાલવાને વાસતે, મનચેરશા પાસે જવા માગતા હતા અને તેહને તમારો બાગીઓ કરવા ધારોછો.

કેમ વારૂ મનચેરશા ઠીક નથી ? અને તમો તેને આલખોછો ?

તે પઈસાદાર થાઓતો શું થાઈઊ, પણ તેહની કુવરબાઈ નાંમની બાએડીછે તે માહરી શહી થાએ, તેજ બીચારી એને નાંમનો બલાપો કરતી હતી. તે ઓરતને જોવોતો જાંણે પરીઆં જેવીછે, અને તેની સાથે વલી વાંચતા, લખતા, હેશાબ ગણતા અને સારૂ ભરત ભરતાં પણ એવું જાણેછે કે આજે કેથે ચાકરી કરેતો વીશથી તે તરીસ સુધીનો પગાર પાડે. એવી બાએડીનો ગમતી નથી; અને પોતેતો એકડાથી બગડો નથી કાહાડી જાંણતો. બાએડી ઊપર તરેહવાર શીતમ ગુજારેછે. ઘરમાંતો કોઈ દાહાડે ખાવું નહી, ખરાબ સોબતમાં ભટકવું અને વલી તે સાથે કાંઈ ચાકરી ધંધો નહી, એટલે પુંજી તે કેટલા દાંહાડા ટકે ! પુંજીનુ વીઆજ ઊપજે તે ઊપરાંતતો ખરચ કરેછે અને તમો તેહની સાથે ભાગીઆ થાઓતો શાંબો તમુને તેહનો ભાર ઊઠાવવો ભારી પડશે.

જારે એમછે તારે પુંજી વધારવાનો અને હાલ આખરૂ જાલવવાનો રસતો શો ?

પેઆરા હું તમોને કહું. આટલુનો ઠીકછે કે આપણા કોટના રેહવાનાંજ ઘરમાં આપણી પેહડીછે. હવે આપણે જો આ બંગલો ભાડે આપીએતો હાલનાં વખતમા આવી હવાવાલી જગોના ઓછામે ઓછા ચારશો રૂપીઆતો ઘર બેઠાં આવે અને આપણે જેમ તેમ કરી કોટનાં ઘરમાં શમાશ કરવો. ઘરને બરનો તથા વાપરવા જોગ શામાંન કાહાડી લેઈ વાડીનુ બધું ફરનીચર જો વેચીઊતો હું બીહતાં બીહતાં કેહુંછુ કે ચાર હજાર રૂપીઆ મોહોડે માંગીઆ આવશે. વળી તમારી

જ. મેહેરબાનીથી નાંમાની થોડી ઘણી શમજણ મહને મલીછે તેનો આ વખતે હું ઊપીઓગ કરવા માંગુછું, કેમકે પેહડી આપણા-ઘરમાંજ એટલે મહને મેહેનત કરવાને બની આવશે. તમારો વડો કારભારી બેરાંમજીછે તે, મહને શારૂ માંણશ ભાંશતો નથી અને નકાંમો મહીને દાહાડે રૂપીઆ ૧૦૦ આપણા ઘર મધેથી ખેચીઓ જાએછે. તેને જો રજા આપીતો શો રૂપીઆ મહીને આપણા હાથમાં આવશે અને હું તેનું કાંમ ચલાવી લેવાને માહરી તરફની જરાએ ખાંમી દેખાડનાર નથી. જો એમ થાઈઊતો માશ બેમાં વાડીનાં ભાડાંનાં રૂ.૮૦૦ તથા ફરનીચરનાં રૂપીઆ ૪૦૦૦ અને મેહેતાનાં પગારનાં રૂ૨૦૦ જુમલે રૂ૫૦૦૦ એકદંમ તમારા હાથમાં આવીઆ એટલે બીજા આવતા બે માશનો વેપાર શારી રીતે ટકી જાશે. થોડાં ઘણાં નાંણા ફરતાં થઆં એટલે પાછુ પઈડુ ચાલશે. હાલ તરત આ ખરૂ બચાવવાનો શુતરો એલાજ એજછે, અને એટલાંમા આપણા શંશારી ખરચ ઊપર પણ હું માહરૂ ધીઆંન પુગાડીશ અને જે કાંઈ ખરચ ઓછો થયો તે ખરો. જો બીહીને વીચારમાંજ રેહેશોતો વખત વધારે ગુજરવાથી વધારે ભારી થાઈ પડવાનું. વાશતે હજુ રનો દરદની શીરૂઆતછે એટલાંમાં વઈદને બોલાવીઓ એટલે નવાનું ટકા ધાશતી મટી ગઈ, પછી આપણાં તકદીરને હાથ વાતે.

માંણેકબાઈની બલામણ ફરદુનજીને પશંદ પડી અને બેઊએ મલીને શંમજુતીથી ઊપલી બલામણોને અમલમાં લાવીઆં. માંણેકબાઈએ હશાબ પોતાના હાથમાં રાખીઆથી મહીને દાહાડે રૂપીઆ શોથી તે બશો સુધીનો બીજો ફેર પડેઓ; જે આગલ બેરાંમજી પોતે હજમ કરી જતો હતો. આવીજ રીતે ચલાવીઆથી માશ છની મુદતમાં શંધી ધાશતીમાથી તે મોકલા થાઈ ગીઆ અને પરમેશવરની મેહેરબાંનીથી વેપાર આબાદીની ઊપર આવીઆથી બીજી કોડીક પુજી એકઠી કીધી. તરણ વરશમાંતો બીજા પચાશ હજાર રૂપીઆ પેદા કીધા એમ થવાથી પાછી પોતાની વાડીમાં પોને જઈ રેહઆં, અને કોટના ઘરને ભાડે આપીઊ. બંગલામાં આવી રેહવા પછી કોડેક દીવશ ફરદુનજી કેચ ઊપર લેટી ઈંગરેજી "નીઊશ" વાંચતા હતા તેમાં નાદારોની ટીપમાં પેલા મંનચેરશાનું નાંમ દીઠું. જલદીથી ઊઠી માંણેકબાઈને બોલાવી, તેહની આગલ તે વાંચી શંભલાવીઊં.

ભલી બીચારી માંણેકબાઈનાં આંખમોથી તેજ વખતે આશુંની ધાર ચાલવા લાગી અને બોલી કે, એ કંમબખતને વાશતે હું એક આશુંનું ટીપુ પણ ખેરવું નહી પણ પેલી ગરીબ અને નમનતાઈ ભરેલી કુવરબાઈનો શો હાલ થાશે તેનો મંહને વીચાર લાગેછે ! તેના જુવાનીનાં વખતમાં એક દીને પણ તેણે શુખ દીઠું નથી કાંએકે બાલપણથીજ આવા કંમબખત માટીને હશતેક તે આવી પડી. આવી ડાહી અને શીખેલી છોકરીને તેનાં મા બાપે હાવા બે સમજ ભરથારને હશતેક કીધી તેનાં કરતાં બાલપણમાં નહી પરણાવી હતેતો કેટલું બેહેતર !! જો તે ભલી સ્રીને વાત કરતાં શાંભલો, જો તેહના નેક ગુણો હું તમારી આગલ માંડીને કેહુંતો ખચીત તમારે મોહડેથી એવાજ શબુન નીકલવાનાં કે, બલજો બાલપણનાં લગંન, આ બુરી રશમને લીધે શેંકડે પંચોતેર ઘરમાં કજીઆએ, પોતાના નેહેશત કદમ દાખેલ કીધાંછે.

આ વખતે ફરદુનજીએ તેણીને દીલાશો આપીઓ કે કાંઈ ચંતા નહી. જે બનનાર હતી તેતો બની ચુકી, અને હું તમારો અને પાક પરવરદેગાર જે નેક હેદાઅતનો બખશનારછે તેનો કાંઈ થોડો આભારી થાઓ નથી. કેમ કે જો મેં ઊપલા કંમબખત શાથે ભાગ કીધો હતેતો માહરા પણ હેવાજ હાલ થાતે. બખશેશ તે શાહેબની, કે મહને તુંજ જેવી નેક અને શમજુ બાએડી હાથ લાગી. માંણેકબાઈ આજ આપણું ગએલું શુખ પાછુ ભોગવીએછે તે તાહારા ડાહાપણથી. ઈશવર શોડે રોજ હું એવીજ દુવા કરૂછું કે કોઈનેબી બાએડી મલેતો તાહારા જેવી નેક, શંમજુ, ભણેલી, અને વખતને બરોબર શાચવનારી મલજો.

વાંચનારી બાઈઓ, આ ઊપલી બીનાં શંશારનાં રશતામાં કેટલાકોને તો બોલે બોલ મલતી આવે છે. એ ઊપરથી તમને કેટલીક શીખામણો મલેછે. ભરથારવાલી સ્રીઓએ ઊપલી માંણેકબાઈનાં જેવાંજ થાવું જોઈએ. જો તેઓનાં ભરતાર ઊપર જમાંનાંની ગીરદેશથી કાંઈ આફત આવી પડીતો, ડાહાપણની રીતે તુરત તમારા ઘરનાં ખરચમાં ઘટાડો કરજો. તમારા માટીને જાહાજો ખરચ કરાવવાંની કોશેશ કરશો નાં, બને તેમ તેની મેહેનત અને દુખમાં ભાગ

લેતાં રેહેજો. તમારાં બાલકોને બાલપણથી અદરાવવા ની તદબીર કરશોનાં, નહીંતો ઊપલી ભણેલી અને દાહી કુવરબાઈનાં જેવોજ તેઓનો હાલ થાશે. વેપાર વણજ વીશે પણ ઊપર ટપકે થોડું પણ ગ્નાન રાખજો કોઈને પણ પુછી વાકેબ થાજો. લખવા તથા વાંચવા નો શદા મોહવરો રાખજો. અને મુખીઅ તમારાં ભરતારનાં સુખ દુખના ભાગીઆ થાઈ રેહેજો. (ખ્લેલુ)

## બોલવાની શકતી—જીભને લગામમાં રાખવાની જરૂર.

બેહેનો, તમે કોઈ દાહાડે વીચાર કીધોછે કે આપણા સરવ શકતીમાન ઈશવરે આપણને બોલવાની શકતી શા માટે આપીછે? બીજા જનાવરોને તે શકતી આપી નથી અને આપણનેજ આપીછે તેનું કારણ તે શું? એ શકતી આપણામાંછે અને જનાવરોમાં નથી તેથી આપણે શું વધારે કરી શકીએછે?

આપણને ઈશવરે જે ઈંદરીઓ અને શકતીઓ આપીછે તે શી મતલબથી આપીછે તે વીશે આપણે જારે વીચાર કરીએછે તારેજ તેના ઊપીઓગ વીશે આપણને સમજ પડેછે. મનુશીય જાતને ઈશવરે બોલવાની શકતી બખશીછે તેની મતલબ એવી. માલુમ પડેછે, કે આપણે દુનીઆદારીનું કામ કાજ ચલાવવાને આપણા વીચારો એક બીજાને જાહેર કરીએ, તથા વીદીઆ અને ગ્નાન વીશે બીજાઓના વીચારો લઈ આપણા ગ્નાનમાં વધારો કરીએ. વલી આપણા કીરપાળુ ઊતપન કરતાએ આપણને જે જે સારી બખશીસ કીધીછે તે ફકત આપણી જરૂરીઆત પુરી પાડવા માટે કીધી નથી. તેણે એવી અજાએબ જેવી રચના કીધી છે કે તે બખશીસોથી આપણને ખુશી અને સુખબી ઊપજેઆ વગર રેહેતાં નથી.

બોલવાની શકતી વીશે પણ એજ પરમાણેછે. એ શકતીથી આપણાં કામ અને હાજત જરૂર પાર પડેછે એટલુંજ નહીં પણ તેથી આપણને ખુશીબી ઊપજેછે. એ શકતીમાં એવો ગુણછે કે તેથી કરીને આપણે પોતાને તથા બીજાઓને ખુશી કરી શકીએ. આપણે આપણું ભાશણ રૂડું અને મનગમતું બોલીએતો તેથી બીજાઓને ખુશી ઊપજેઆ વગર રેહે નહી. અને તેઓબી આપણી સાથે મીઠાસથી બોલે. એવી રીતે એક બીજાના ભાશણથી લોકોને ખુશી અને સંતોશ થાય તારે તેવોમાં મેલાપી અને મીતરાઈ વધે; લોકોને એક બીજાના સુખ દુખની ખબર પડેઆથી તેઓ અરસપરસ મદદ કરવાને તઈઆર થાયે; અને એવા ઊપાયોથી દુનીઆમાં નેકી તથા ભલાઈનો વધારો થાએ. પણ લોકો બોલવાની શકતી ફકત બીજાઓને ખુશી કરવાને તથા મીતરાઈની ગાંઠ વધારવાને વાપરતા નથી. એ શકતીથી તેઓ પોતાના ગ્નાનમાં વધારો કરેછે અને પોતાના માયાળુ તથા સરવ શકતીમાન ઈશવરની અપાર બુધી અને ડાહપણ વીશે અનુભવ મેળવેછે. એ શકતીથી કરીને આપણે આપણા પેદા કરનારને પીછાણવાનું બની આવેછે અને તેથી કરીને મનુશીય જાતમાં દયા, સદગુણ અને ઈશવર ભકતી વધેછે.

આવુંછે તારે બેહેનો આપણે આપણી જીભ કેટલી સંભાળવી જોઈએછે? એ જીભથી કરીને આપણે સુખ અથવા દુખના ભોગી થઈ પડીએછે. લોકો એક બીજાની સાથે લડેછે અથવા ગાલો દેછે તે એજ જીભથી થાયછે અને લોકોમાં કજીઆ કંકાસ વધેછે તે એજ જીભથી વધેછે. માટે એ જીભને લગામમાં રાખવાની કેટલી જરૂરછે? વાંચનારી બાઈઓ, અગર તમે તમારા ઘરના માણસો સાથે સુખ ચેનથી વરતવા ચાહતા હો, તમારાં ધણી અને સાસુ સસરાની મેહેરબાની મેળવવા ચાહતા હો, તમારા ભાઈ બેહેનની સાથે મીતરાઈ અને સલુકાઈ રાખવા ચાહતા હો, અને તમારા છોકરાઓને સમજુ અને રૂડા બનાવવા ચાહતા હો તો તમારે તમારી જીભ વસ રાખવી જોઈએ. તમારે લોકોની સાથે હમેશ એવા મીઠાશથી બોલવું કે તેઓ કોઈબી વખતે તમારાથી કચવાઈ જાએ નહી. કોઈ વખતે તમને તમારૂં કારણ અથવા તમારી વાત વાજબી ભાસે તોબી તમારે સામા ધણી સાથે તણાઈને અથવા ગુશે થઈને બોલવું નહી. કારણ કે એવી રીતે બોલવાથી તમારી વાતનું વાજબીપણું લોકોના મન ઊપર અશર કરી શકનાર નથી. એવું જાણીને બેહેનો, તમે તમારી જીભ હમેશ તમારે વશ રાખજો.

## એક ઓરતની લાંબી ઊંઘ—અચરત જેવી વાત.

માણસો ઘણું કરીને છ થી આઠ કલાક સુધી દરરોજ સુએછે. કોઈ વલી શેઠ લોક હશે તો તે બપોરના જમેઆ પછી બે કલાકની ઊંઘ કાહાડતા હશે. પણ એક ઓરતનો હેવાલ હમારા વાંચવામાં આવેઓ છે તે બબે તરણ તરણ દીવસ સુધી ઊંઘી રેહેતી હતી. ઊંઘ મધે તેણીને શરીરનું ભાન કાંહાંબી રેહેતું હતું નહીં, તે એટલે સુધી કે તેને કોઈ રાંચણી મારીને લોહી કાહાડે તો તે વીશબી તેણીને કાંઈ સુધ્ર થતી હતી નહી. એ ઓરતની અજાએબ જેવી લાંબી ઊંઘનો હેવાલ રમુજી જાણી વાંચનારી બાઈઓ સારૂ નીચે પરગટ કરીએછે.

ડાકટર બરેડી નામનો યુરોપ ખંડનો એક જુનો તબીબ લખેછે કે, "આસરે ઈસવી સન ૧૭૩૮ના સાલે મધીઅ યુરોપ મધે "મો" નામના શેહેરની પાસે એલીજાબેથ આલટન નામે એક ઓરત રેહેતી હતી. એ ઓરત શરીરે મજબુત અને તંદરોસત હતી. ઊપર જણાવેલે વરશે એ ઓરતની ઊમર આસરે ૩૬ (છતરીસ) વરશની હતી, પણ એ વખતે તે ઘણીજ બેચેન અને દલગીર માલુમ પડતી હતી. એજ વરશના આગસટ મહીનામાં એ ઓરત લાગટ ચાર દીવશ સુધી ઊંઘમાં પડી રહી. તેણીને ઊઠાડવાને ઘણીબી તજવીજો કીધી પણ તે સઘલી ફોકટ ગઈ. ચાર દાહાડા પછી તે પોતાની મેલે ઊઠી પણ અગાડીના કરતાં વધારે બેચેન અને વધારે ઊદાસ દેખાતી માલુમ પડી. તે પછી છ સાત દીન સુધી તેણીએ પોતાનું કામ કાજ કરેઆ કીધું અને તારપછી ફરીને ઊંઘી તે અઢાર કલાકવેર સુઈ રહી. એ બનાવની પાછલ તે દરરોજ પાછલી રાતે તરણ કલાકે સુતી હતી તે રાતના આઠ નવ વાગતે જાગતી હતી. એવું પંદર વરશ સુધી ચાલીઊં પણ તે પછી ચાર મહીનાવેર તે બીજા માણસોની પઠે ઊંઘ લેતી હતી. બીજે વરશે તેણીને રોહાડીઓ તાપ આવેઓ તેથી તેને તરણ અઠવાડીઆ સુધી ઊંઘ આવી નહીં. ઈ૦ સ૦ ૧૭૫૫ના વરશની ૨૦ મી ફેબરૂઆરીએ ડાકટર બરેડી પોતાની સાથે એક બીજા ડાકટરને લઈને તેણીને જોવા ગયો. સાંજના પાંચ વાગે તેણીની નાડ બરાબર ચાલતી હતી; પણ તેણીનો હાથ પકડતાં તે એટલો કઠણ માલુમ પડેઓ કે તેને મરડવાને માટે ઘણીજ મેહેનત પડી. તે પછી એ બે ડાકટરોએ તેણીનું માથું ઊચકવાને કોશેસ કીધી પણ તેણીની ગરદન અને પીઠ તેણીના હાથના જેવીજ જડ માલુમ પડી. ડાકટર બરેડીએ તેણીના કાનમાં ઘણોજ મોટો અવાજ કીધો પણ તેથી કાંઈ વલીઊં નહીં. તારે તેણે તેણીના હાડકાંવેર એક સોએ ભોકી પણ તેથીબી તેણીના મન ઊપર કાંઈ અસર થઈ નહીં. તે પછી તેણે દારૂમાં લુગડું બોડી તેણીના નાક આગલ મુકીઊં અને તે સલગાવીઊં તોબી તે ઊઠી નહીં. પણ આસરે સાડા છ કલાક પછી તેણીના સાંધામાં પાછી શકતી આવવા લાગી, આઠ કલાકે તે બીછાના ઊપર હીલવા ચાલવા લાગી, અને તારપછી એકાએક જાગી ઊઠી. ઊઠી એટલે તરતજ તાપની આગલ સેક કરવા મંડી ગઈ, અને તે પછી પેટ ભરી ખાઈને પોતાનો કાંતવાનો ધંધો હાથમાં લઈ બેઠી. બીજી વખતે એ ડાકટર અને તેનો સોબતી તેણીને ઊઠાડવાને માટે લોહી નીકલે તાંહાંવેર ચાબક મારતા હતા, તેણીની પીઠ ઊપર મધ ચોપડી તેણીને મધમાખીઓના ડંખ દેવડાવતા હતા, તેણીની આંગલીના નખો નીચે ખીલા ભોકતા હતા, પણ એ ઊપાઓઓથી તે ઓરત જરાબી પોતાની ઊંઘમાંથી સુધીમાં આવતી ન હતી. આથી કરીને ફકત પેલા ડાકટર તથા તેના સોબતીઓને જરા ગમત ઊપજવા શીવાએ બીજું કાંઈબી સારૂં ફલ ઊપજતું ન હતું. વાંચનારી બેહેનો, આ વાંચીને શું તમે એમ ન કેશો કે એ ઓરત તે કેવી તરેહની અને આ તેણીની શું ઊંઘ કે બલા !!

## બલે નહી એવું કપડું.


બેહેનો, તમે કાંઈ એવાં કપડાં વીશે સાંભલીઊ છે કે તે કપડું આતસમાં નાખવામાં આવે તોપણ બલતું નથી? એવી જાતનું કપડું બે હજાર વરશ ઊપરબી વાપરવામાં આવતું હતું એવું એક પુરાના ગરંથ કરતાના લખવા ઊપરથી માલુમ પડેછે. રોમનો પુરાનો પલીની નામનો ગરંથ લખનાર લખેછે કે તેણે, મોટા ખાનાની એક મીજલસમાં આસબેસટાસ પદારથનો બનાવેલો રૂમાલ દીઠો હતો. તે રૂમાલ મેલો થઈ ગએઓ હતો તેથી તેને સાફ કરવા માટે બલતી બઠી

માં નાખી દીધો હતો. થોડો વાર પછી જારે તેને આ તસમાંથી કાહાડી લીધો તારે ધોયાથી લુગડું સફેત થાએ તેના કરતાં પણ તે વધારે સફેત દેખાએઓ.

એ કપડાંને હમણા કેટલાક દેશના લોકો બીજી રીતે વાપરેછે. કેટલાક દેશમાં એવી રીત હતી અને હમણાબી કોઈ કોઈ દેશમાં કે જારે તાંહાંનો રાજા મરણ પામે તારે તેને બાલીને તેની રાખ સંભાલી રાખવી. અસલના લોકો એ કારણ માટે પોતાના મુએલા રાજાને એવાં કપડાંમાં વીંટીને બાળતા હતા કે તેના શરીરની જરાબી રાખ જતી રેહે નહીં. હમણાબી તાતાર મધેના કેટલાક સરદારો એ વીજ રીતે કરેછે. હમણા એવી જાતનું કપડું ઘણું બનાવવામાં આવતું નથી. એ કપડાની અછતછે તેથી તે નવાઈ જેવી જણસ ગણાએછે. તોબી એ ચીજ હમણા રસાએન શાસતરના પરીઓગોમાં ઘણીજ ઊપઓગી માલુમ પડીછે. જાંહાં અગનીમાંથી કેટલીક ચીજોને બચાવવી હોએછે તાંહાં એ કપડું વાપરવામાં આવેછે. એ કપડું "આસબેસટાસ" ને નામે ઓલખાયછે.

આસબેટાસનું કપડું કેમ અને શાનું બનેછે તે વીશે સીઆંપીની નામના એક ઈટાલીઅને ઈ૦ સ૦ ૧૬૯૧ નાં સાલમાં થોડોએક હેવાલ લખેઓછે. આસબેસટાસ પદારથનો કુમાસ દોરાદારછે અને તે રેસમ જેવી જલકાટ ધરાવેછે. એ સબબને લીધે અસલનાં કેટલાક લોકો તેને વનસપતીમાંથી નીકલેલું સણ જેવો પદારથ ધારતા હતા. પણ પાછલથી એને વીશે શોધ થઈ તે ઊપરથી એવું સાબીત થઈગું કે એ પદારથ કંકર પથરની જાત માહેલુંછે. એ પદારથની બે તણ જાતછે અને તેમાંની દોરાદાર કુમાસની જાત ઘણી ઊપયોગી ગણાએછે. એ દોરાદાર આસબેસટાસમાંથી કપડું બનાવવાને પેહેલાં તેને ગરમ પાણીમાં બોરેછે. તાર પછી તેને હાથથી કરીને છુટું પાડેછે, એટલે એથી કરીને તેમાં જે કાંઈ મટોડું હોએછે તે નીકલી જાએછે. એવી રીતે બે તણ વખત ગરમ પાણીમાં ભીંજવેઆ પછી તેને સુકવીને તેના દોરા જુદા પાડેછે. તાર પછી એ દોરાઓની સાથે સણ લઈને તેને કાંતેછે. પછી એ સણ અને આસબેસટાસના દોરાઓનું લુગડું વણેછે. એ દોરા કાંતનાર અને વણનારને ઘડીઘડી પોતાના હાથ તેલમાં બોડવા પડેછે. કપડું બી વણાઈ રહયા પછી સંભાલી રાખવાને તેલમાં બોરવું પડેછે. કપડું તઈઆર થઈગું એટલે તેને આતસમાં નાખેછે. એથી કરીને તેમાંનું તેલ અને સણ બલી જાએછે અને કપડું રૂના કપડાં જેવુંજ સફેત નજરે પડેછે. આસબેસટાસમાંથી કાગળબી બનેછે અને તે કાગળ આતસથી બળતાં નથી. એ ઊપયોગી પદારથની ખાણ જરમની, કારશીકા, સુઈડન, ઈંગલંડ અને ફરાંસ મધે માલુમ પડેલીછે.

## જુલીઅસ સીજર નામનો રોમ શેહેરનો નામીચો સેહનશાહ.



આસરે બે હજાર વરસની વાત ઊપર યુરોપ ખંડ મધેનું રોમ શેહેર દુનીઆમાં સરદારી ભોગવતું હતું. એ શેહેર મધે તે વખતે એક આબરૂદાર ખાનદાન વસતું હતું. તે સીજરને નામે ઓલખાતું હતું. જુલીઅસ સીજર રોમનો પેહેલો સેહનશાહ એ પરસીધ ખાનદાનનો હતો. તે પંદર વરસની ઊમરનો થયો તારે તેનો બાપ મરણ પામેઓ. તેને બીજે વરસે રોમ મધેના મુરતી પુજકનો તેને ઓધો મળેઓ. તારપછી કેટલાએક વરસ બાહાર ગાંમ ગુજારેઆ પછી વડા પુંજારીની જગો તેને મલી.

એ પછી તેને ઈસપેન દેશનો ગવરનર ઠેરવવામાં આવેઓ. એ દેશમાં તેણે બાહાદુરી દેખાડી પોતાના દેશીઓનું માન મેળવીગું. તાંહાંથી તે પાછો આવેઓ તારે તેને કાનસલ એટલે એક મોટો અમલદાર ઠેરવેઓ; અને કરાસસ તથા પાંમપી નામના રોમના બે અમલદારો વચે અણબનાવ હતો તેઓની તેણે દોસતી કરાવી આપી. તે પછી તેણે પાંમપીને પોતા

ની બેહેન પરણાવી અને તેના વગથી તે ફરાંસ મધે ગવરનર ઠરેઓ. એ વખતે રોમન લોકો ઈંગલંડ દેશથી અણજાણ હતા પણ જુલીઅસ સીઝરે ચડાઈ કરી. એ ચહડાઈથી જે પેહેલ વેહલી લડાઈ થઈ તેનું ચીત્ર આ બીનાને મથાલે મુકીઊછે. એ દેશનો કેટલોક ભાગ લીધો તારપછી ફરાંસ મધે જરમન લોકો જુલમ કરતા હતા તેઓને હરાવેઆ. એ બનાવને લીધે જુલીઅસ સીઝર ફરાંસ મધે પાંચ વરશથી વધારે મુદતવેર ગવંરનર તરીકે રહેઓ. પણ એ મુદતમાં પાંમપીની બાએડી તેની બેહેન મરણ પામી, તથા તેનો અને પાંમપીનો સોબતી કરાંસસ પણ મરણ પામેઓ, રોમ શેહેર મધે અંધેર ચાલવા લાગું. વડી સતા મેલવવા સારૂ પાંમપી તથા જુલીઅસ વચે અદેખાઈ ઊપજી. એથી એ બે જણને લડાઈ શરૂ થઈ. પાંમપીએ રોમના લોકોને સમજાવી તેની હાકમી છીનવી લેવાનું હુકમનામું કાહાડીઊં. સીજરના મીત્ર આનંટનીએ તે વાતની વીરૂધ વીચાર આપેઓ પણ તેને ધાસતી લાગી તેથી સીજરની છાવણીમાં નાશી ગએઓ. સીજરને તેની ખબર પડતાં તેણે લશકર તઈઆર કરી પોતાની હંદ ઊલંગી, હાથમાં તલવાર લઈ ઈટાલી દેશમાં દાખલ થએઓ. પાંમપી ઈટાલી છોડીને નાશી ગએઓ અને સીજરે બે મહીનામાં આખું દેશ ફતેહ કીધું.

તેને પઈસાની જરૂર હતી તે પણ તેણે રાજની તીજોરીમાંથી પુરી પાડી. તાર પછી તેણે ઈસપેન દેશમાં જઈ તાંહાં પાંમપીના સોબતી તણ મોટા અમલદાર હતા તેઓને હરાવેઆ, અને રોમ શેહેરમાં આવી વડો અમલદાર ઠરેઓ. ઈસવી સનની અગાઊ (૪૮) ઊડતાલીસમે વરશે ઈઊનાન મધે શરસેલીઆ નામે શેહેરછે તાંહાં સીજર અને પાંમપી વચે જબર લડાઈ થઈ. તેમાં પાંમપી હાર પામી મીસર દેશમાં નાશી ગએઓ પણ તે દેશના રાજા ટાલેમીના હુકમથી તેને મારી નાખવામાં આવેઓ. સીજર પોતાના હરીફની પુઠે ગએઓ અને તાંહાં તેના મરણની ખબર પડવાથી તેની ઈઆદગીરી માટે એક મીનારો ઊભો કીધો.

મીસર દેશ મધે એ વખતે રાજગાદીને માટે તાંહાંના રાજા ટાલેમી અને તેની બેહેન "કલીઓપેટરા" વચે કજીઓ ચાલતો હતો. સીજર એ બાબતની વચે પડેઓ. પણ તે કલીઓપેટરાની ખુબસુરતીથી લલચાઈ ગએઓ તેથી તેણે તેણીની તરફ ચુકાદો કીધો. સીજરની મોહોબતથી તેણીની પેટે એક છોકરો જનમેઓ હતો. એ પછી ટાલેમી અને સીજર વચે લડાઈ થઈ અને તેમાં સીજરે તેને હરાવી મીસર દેશ રોમને તાબે કરી લીધું.

એ વખત પછી તેણે મીસર દેશના કીનારા ઊપર પાંમપીના તણ બીજા સોબતીઓને હરાવેઆ તથા ઈસપેન મધે પાંમપીના છોકરાઓને જીતી લીધા. એ બનાવથી તેને ઘણુજ માન મલીઊં અને રોમના લોકોએ તેને રોમનો વડો અથવા શેહેનશાહ ઠેરવેઓ. પણ આવી રીતે તેની સતા વધેઆથી તેના દુશમનો બી વધેઆ. બરૂટસ અને કાશીઅસ નામના બે અલમદારોને તેણે એક વખત જીવ ધી બચાવેઆ હતા તથા તેના મીત્ર કેહવાતા હતા તે પણ તેના આગેવાન દુશમન થએઆ અને તેઓએ તેને મારી નાખવાનો મનસુબો કીધો. એમ કેહેછે કે સીજરને તે વીશે કેટલાક વેહમી જોશીઓએ ચેતાવીઊં અને તેના મરણને આગળે દીવસે તેની ઓરતને એવું સપનું આવીઊં કે મારા ધણીને મારા ખોલામાંજ મારી નાખેઓ. મરણને દીવસે સીજરને તેની ઓરતે દરબારમાં ન જવાને ઘણુંબી સમજાવીઊં પણ તેણે માનીઊં નહીં. દરબારમાં ગએઓ તારે તેના ખુનીઓએ તેને ગેરી લીધો. એક જણાએ ઢોંગ કરીને તેની હજુર અરજી કરવાને મસે તેનો દગલો પકડી લીધો કે તે ઊઠી શકે નહીં. પાછલથી એક બીજાએ તેને જરા ઘાહેલ કીધો પણ સીજરના હાથમાં એક હથીઆર હતું તેથી તેણે તેનો હાથ કાપી નાખેઓ. એટલામાં બીજા ખુનીઓ આવી પોંતા અને સીજરે ઘણી હીમતથી પોતાનો બચાવ કીધો. પણ જારે તેણે પોતાના દોસત બરૂટસને ખુનીઓ સાથે સામેલ દીઠો તારે તેની હીમત તદન ઊડી ગઈ. અને જેવો બરૂટસે તેની છાતીમાં ઘાહ મારેઓ તેવો તે બોલેઓ "અરે બરૂટસ, તું બી સામેલછે !" એટલું કહીને તે પોતાને મોહોડે પોતાનો દગલો નાખીને નીચે પડેઓ અને તેને સઘળા મળીને ૨૩ (તેવીસ) ઘાહ લાગા હતા તેથી તરતજ મરણ પામેઓ. એ વખતે સીજરની ઊમર છપન વરશની હતી.

કેહેછે કે જારે સીજર પેહેલી લડાઈમાં ગએઓ તારે તેણે મોટા સીકંદરની છબી દીઠી. તે જોઈને રડી પડેઓ; કારણ કે તે બાદશાહે પોતાની નાહાની વએ

માં તે વખતની આખી દુનીઆ ફતેહ કીધી હતી. જે પરમાણે સીજરની બાહાદુરીની વખાણ થાએછે તેજ પરમાણે તેની વીદીઆ સંબધી હુશીઆરી ને માટેબી વખાણ થાએછે. તેણે વરશ ગણવાની રીત સુધારી તથા પોતાની લડાઈઓ વીશે કેટલાક ગરંથ લખેઆ તે ઘણાજ વખાણમાંછે. લડાઈમાં તે એવોતો બાહાદુર હતો કે તેણે ૩૦૦ તણસો જુદી જુદી કોમ ઊપર ફતેહ મેલવી હતી, ૮૦૦ આઠસો મોટાં શેહેર પોતાને કબજે કીધા હતાં, અને ૩૦૦૦૦૦૦ તીસ લાખ માણસને હરાવેઆ હતા. બીજી રીતે પણ તે એવો હુશીઆર હતો કે તે પોતાના કાનથી સાંભલવાનું, આંખથી વાંચવાનું, હાથથી લખવાનું, એકજ વખતે કરી શકતો હતો. તે જમાનાના કેટલાક વેહેમી ગરંથકારો લખેછે કે એ મહા પરાકરમી સરદારના મરણની અગાઊ કેટલાક માઠા ખુદરતી બનાવો બનેઆ હતા અને તે મુઆ પછી જલદીજ મોટો પુછડીઓ તારો દેખાએઓ હતો. જુલીઅસ સીજરના મરણ પછી તેના ખુનીઓને નાશી જવું પડીઊં અને તેનો ભાણેજ આગસટસ સીજર રોમનો બીજો સેહેનશાહ ઠરેઓ.

---

## અમદ અને મહમદ નામના બે ભાઈ.

(ગયા ચોપાનીઆનો બાકીનો ભાગ.)

મહમદ છુટો પડેઓ એટલેજ પેલો જુગારી તેની પાછલ જઈ પુગો અને કેહવા લાગો કે—

"મેંતો ધારીઊં જે તું તારા ભાઈ સાથે જતો રહેઓ."

"ના, મેં મારો વીચાર બદલેઓ. હું તારી સાથે સીપાહીની ચાકરી કરવા ઈછુંછું."

"ખરેખર, તું હુશીઆરછે! ચાલ, હું મારા સરદાર પાસે તુને લઈ જાઊં."

મહમદ તેની સાથે ગએઓ અને ચાકરીમાં નોંધાએઓ. તેણે લશકરી પોશાક પેહેરેઓ, બંદુક ખભે ઊપાડી, અને મુસલમાની રીત પરમાણે કવાએદબી કરવા માંડી. તે પછી તેને થોડું લશકરી ઈનામ મલીઊં, અને વલી જુગારમાંથી કેટલાક પઈસા મળેઆ. પણ તે તેણે જલદીથી દારૂ અને બીજા વેસનમાં ઊરાડી નાખેઆ. બીજી રીતે પઈસા મલી શકે નહીં તથા સીપાહીના કામથી કંટાલી ગએઓ તેથી તેણે બીજા સીપાહીઓ તથા વટે મારગુઓને લુટવાનો પેશો પકડેઓ. એ ગુનાહ પકડાએતો તેનો આરબ સરદાર તેને તાસીરો આપે એટલે ગોલીથી મરાવી નાંખે માટે તે દસ દાહાડાની સખત મુશાફરી કરી બીજે શેહેર નાશી ગએઓ.

તે શેહેર ખાને મુસલમાની ભવાએઆની એક ટોલી આવી હતી. તે ટોલીના વડાએ મહમદને સમજાવીને પોતાની સાથે લીધો. પણ મહમદે તેઓની પાસે પઈસાની એક પેટી દીઠી તે તફડાવાની તેની મરજી થઈ. તેણે એક દાહાડે ટોલીના ખજાનચીને પીઠામાં લઈ જઈ ખુશી કીધો અને તે પેટી લઈ જવાને તેની સાથે મનસુબો કરી રાખેઓ.

એક દીવસે તમાસો હતો પણ માંદગીને બાને તમાસામાં મહમદ દાખલ થએઓ નહીં. ટોળીના બીજા માણસો રમતમાં ગુતેલા હતા તે વખતે મહમદ તથા ખજાનચી પેલી પઈસાની પેટી લઈ ચાલતા થએઆ. બીજે દીવસે એક ધરમશાળામાં ઊતારો કીધો. તાંહાં મહમદે બે અસવાર દીઠા. એ અસવારોએ મહમદને ઓળખેઓ તેથી તેણે ખજાનચીના રૂપીઆ પોતાની સાથે લઈ, અશવારોના બે ઘોડામાંથી એકને ગજર છરી ભોકી બીજાની ઊપર અસવારી કરી નાશી ગએઓ. જાંહાંસુધી ઘોડો થાકેઓ તાંહાંસુધી તેને દોડાવેઆ કીધો. પછી ઊતરીને ઝાડીમાં બેસી રૂપીઆ ગણેઆતો તે અડીસો થએઆ. પણ એટલામાં બે બાર વટીઆ લુટારાઓને મહમદે દીઠા. તેઓ હાથમાં બંદુક ભરી કેહવા લાગા "પઈસા આપ, નહીતો મુઓ."

મહમદ બોલેઓ શું ચોર ચોરને લુટે! હું લુટારો તેને તમે લુટો તો તે શું પાપ ન થાએ?

"પાપ થાએતો થવા દો, પણ વલી શું લુટના પઈસામાં કદી બરખત હોએ. એરંડીઆના રસમાં શું શેરડીનો સવાદ આવે?"

"મશકરી કરોમાં. તમારી મરજી હોએતો આપણે વેંહેંચી લેઈએ; પણ બધા પઈસા કાંઈ તમને અપાએ નહી."

"જો તું ખરેખરો લુટારો હોએ તો આવ, હમારી ટોલીમાં દાખલ થા."

"હા, મોટી ખુશીથી. એના કરતાં તે વળી બીજું સારૂં શું!

તે બે લુટારા મહમદને પોતાના સરદાર પાસે લઈ ગએઆ. તેણે પેલા અઢીસો રૂપીઆ લુટારાઓની પુંજીમાં ઊમેરેઆ. તે પછી ચાર વરશ સુધી તેણે લુટારાઓ સાથે સામેલ રહી પોતાનું ગુજરાણ ચલાવીઊં. પણ તેટલામાં તેની ઠગાઈ, લુચાઈ અને દગલબાજી માલુમ પડી અને તેને મોટી સજા થઈ.

લુટારાઓની ટોલીમાં તે ઘણોજ ચંચલ ગણાતો હતો તેથી એક દીવસે તેના સરદાર અને સોબતીઓએ તેને કહીઊં કે ફલાણા મોટા બાગના માલેક પાસે તું ચાકરીને બાંને રેહે એટલે આપણે તેને તાંહાંથી મોટી ચોરી કરી શકશું. એ દરખાસત મુજબ તે તાંહાં ચાકરીએ રહેઓ. પણ એક દાહાડે તેના શેઠને ઘેર એક આરબ જમાદાર જમવા આવેઓ હતો. તેને મહમદે ઓલખેઓ નહીં. પણ તેણે જેવો મહમદને દીઠો તેવોજ તેને પકડાવેઓ તથા એક અસવારને સોંપેઓ. મહમદ આગલ ઘોડા ઊપર નાશી ગએઓ હતો તે એજ અસવારનો ઘોડો હતો. મહમદને કેદની સજા થઈ પણ ભવાએઆની ટોલીના ખજાનચીને તેણે ફસાવેઓ હતો તે અને મહમદ એકજ કેદખાનામાં મળી ગએઆ. તે ખજાનચીએ મહમદને દીઠો એટલાજ વારમાં અગાડીનું વેર ઈઆદ લાવીને મહમદના માથા ઊપર એવીતો એક જોરની મુકી મારી કે તેથી તતકાલ તેનું મરણ ઊપજીઊં. એવી રીતે જે ધણીએ પોતાના ભાઈની સારી શીખામણ ઊપર ધેઆન પોહોચાડેઆ વગર બદ ચાલ અને લુટફાંટથી પોતાનું ગુજરાન ચલાવા માંડીઊં હતું તેને અંતે (મોટી) ઘટતી સજા થએઆ વગર રહી નહીં.

પણ બીજા ભાઈનું શું થઈઊં તે જાણવા માટે વાંચનારી બાઈઓ તમે આતુર હશો. જારે અમદ અને મહમદ છુટા પડેઆ તારે અમદે શેહેર તરફનો રસતો લીધો. પેહેલાંતો તેને પોતાના ભાઈનું શું થશે તે વીશે તરેહવાર કલપનાઓ ઊતપન થઈ. તારપછી તેણે પોતે શું કરવું તે વીશે તેને વીચાર થએઓ. એ બાબત પરથમ તેને એવું સુજીઊં કે કોઈબી ઠેકાણે મને ચાકરી સેહેલથી મલી શકશે. પણ તેને એવું ભાસીઊં કે અગર હું કોઈ ખેતર અથવા ગામડાંમાં રહીશતો હું જે કાંઈ શીખેઓછું તે સારી રીતે કામમાં લાવી શકીશ. એમ વીચાર કરતાં રાત પડી અને તેને રસતા ઊપરની વાડીમાં જઈને ખેડુત પાસે ઊતારો કરવો પડેઓ. તે ખેડુતે એને સારૂં આદરમાંન આપીઊં. પણ રાતના તે બચારાને એકાએક ચકરી આવેઆથી જમીન ઊપર બેસુધ થઈને પડેઓ. એ વખતે અમદે તેની સારી ચાકરી કીધી. એ સબબે પેલા બુઢા ખેડુતે અમદ વીશે પાસેના એક માતબર ખેડુતને ભલાંમણ કીધી.

તે માતબર ખેડુત પાસે જારે અમદ ગએઓ તારે તેણે ખેતરનાં ચોપાં ચારવા ઊપર રાખવાનું કહીઊં. એ નાહાની ચાકરીબી અમદે કબુલ રાખી. એ વખતે તેને ફુરસદ ઘણી મલતી હતી તેથી તેને કેતાબોની જરૂર માલુમ પડી. એ જરૂરીઆત પુરી પાડવાને તે પોતાનાં પગારમાંથી પઈસા બચાવી રાખતો હતો. વલી તેને જે જનાવરો સોંપેઆં હતાં તેની એવીતો સારી સંભાલ લેતો કે તેથી તેને બીજા કેટલાએક ખેડુતો વધારે પગાર આપી ચાકરી રાખવાને તઈઆર થએઆ પણ તેણે એકજ ઠેકાંણે રેહેવાનો ઠેરાવ કીધો. પાછલથી તેણે પોતાના સીખસક પેલા કાજીને કેટલીએક કેતાબોને માટે લખી મોકલીઊં તથા પોતાની હાલતથી પોતાનાં બાવાને વાકેફ કીધો. કાજીએ તેને ખેતી વીશે એક બે કેતાબો મોકલી અને તેથી તે ઘણો ખુશ થએઓ. તારપછી કેટલેએક દીવસે અમદ અને તેના શેઠ વચે નીચે પરમાંણે ગોફતેગો થઈ.

**ખેડુત.** છોકરા, હું તારી ચાલચલણથી ઘણોજ ખુશી થએઓછું. મારાં જનાવર તારી સંભાલથી ઘણા સુધરેઆંછે. મને ખબરછે કે તને ઘણીએક સારી ચાકરીઓ મલતી હતી પણ તે તેં કબુલ રાખી નહીં. બેટા; તેં ઠીક કીધું પણ તારાં મનમાં એમ ધારતોના કે હું તુને નુકસાંન કરીશ. હું તારા પગારમાં સારો વધારો કરવા ઈછુંછું.

**અમદ.** તમારી મોટી મેહેરબાંની, સાહેબ. પણ મારે તમને કાંઈ કેહેવુંછે.

**ખેડુત.** તે તે શુંછે, મારા છોકરા.

**અમદ.** તમે મારી ઊપર કાંઈ ભરોસો રાખોછો

**ખેડુત.** હાં, ઘણોજ.

**અમદ.** વારૂં, તારે જો તમે તમારૂં ખેતર મારા હાથમાં એક વરશ સુધી આપો તો હું તમને તેની પેદાસ વધારી આપું. હું તમારી પાસેથી કાંઈ પગાર

માંગતો નથી. મને ફક્ત ખાવાનું આપજો, અને જો હું મારી મુરાદમાં ફતેહ પામું તો પછી તમારી નજરમાં આવે તેવું ઈનામ આપજો.

**ખેડુત.** છોકરા, આવો વીચાર તુને કેમ શુજેઓ. તારી ઊમરતો હજી નાહનીછે.

**અમદ.** તારે તમને મારી ઊપર વીશવાસ નથી.

**ખેડુત.** તેમતો નથીજ. મારી દોલતબી તારા સવાધીનમાં આપવાને મને કાંઈ અડચણ છે નહીં.

**અમદ.** તમે મારી ઊપર નજર બેલાશક રાખતા રેહજો.

**ખેડુત.** ના, ના, તેનો કાંઈ મુજાકો નથી. આવી વાત મેં મારા ચાકરને મોડે કદી સાંભલી નથી. તોપણ હું તારા કહેઆ પરમાંણે કરી જોઈશ.

**અમદ.** શેઠ, હું તમને ખાતરીથી કહુંછું કે એક વરશ પછી તમારા પડોસી ખેડુતો તમારી ઊપર અદેખાઈથી જોશે.

**ખેડુત.** વારુ, હું તારા ઊપરજ આધાર રાખુ છું. હું તારી અકલ અને લાએકી ઊપર ભરોસો રાખુંછું.

આ વાતથી અમદને બેહદ ખુશી ઊપજી. બે વરશ સુધી તેણે સારી ચાકરી કીધી તેથીં તેના શેઠે આખું ખેતર તેને સોપી દીધું. તાર પછી અહમદે નવી તરેહનાં ખાતર બનાવી ખેતરની સઘળી જમીનમાં તે ખાતર નાખેઆં; જમીન ઘણીજ તજવીજ રાખીને ખેડી; તથા ખેતરની પાસે વળી લીલોતરીના મેદાન બનાવેઆં. આ સઘળું જોઈને આસપાસના ખેડુતો પેલા માતબર ખેડુતની મશકરી કરવા લાગા. એથી કરીને તેને મનમાં જરા ફકર તથા ધાસતીબી ઊપજી. પણ અમદની હુશીઆરી ઊપર તેને એટલોતો ભરોસો હતો કે તેના કામમાં વચે પડવાનું તેને દરુસત લાગીઊં નહીં. એક વરશ પછી ખેતરની ઊપજ સવા અથવા દોહડી થઈ અને આસપાસના ખેડુતો અજાએબ થઈને અદેખી કરવા લાગા. અમદે તેઓને જણાવીઊં કે બાઈઓ તમે પોતેબી તજવીજ કરશોતો તમારી પેદાસબી વધેઆ વગર રેહેનાર નથી.

એ ચાકરીના બદલામાં પેલા ખેડુને અમદને સારો પગાર ભરી આપેઓ. તેમાંનો ઘણોક ભાગ તેણે કાગળ લખી પોતાના બુઢા બાપને મોકલી દીધો અને તે કાગળમાં કાજી સાહેબનો ઘણોજ ઊપકાર માનેઓ. એક વાત શીવાએ અમદ સઘળી બાબને ખુશી હતો. જે વાતે અમદ નાખુશ રેહતો હતો તે એ કે તેના બાઈનુ શું થઈશે તે વીશે તેને કાંઈ ખબર પડીજ નહીં.

ખેડુતની પુંજીમાંતો વધારો થતો ચાલેઓ. પણ તેને વારેસ નહી હતો, એ ખેડુતને અમદના ઊમરની એક છોકરી હતી પણ તે કાંઈ શીખેલી ન હતી; તેથી કરીને તેણીએ પોતાના બાપની રજા લઈ અમદના હાથ નીચે કેટલોક અભીઆસ કીધો. અમદ અને પેલી છોકરી વચે પરીતીની સારી ગાંઠ બંધાઈ અને તે વીશે પેલા ખેડુતને માલુમ પડવાથી એક દાહાડે તેણે અમદને પોતાની હજુરમાં બોલાવી નીચે પરમાણે કહીઊં.

"અમદ, તેં મારી એટલી અને એવીતો ચાકરી કીધીછે કે તુને મારા પોતાના છોકરા જેવો ગણછું તું ખરેખર મારો પોતાનો છોકરો થઈશ ? મારી છોકરીને હું તારી સાથે પરણાવુંછું:"

આ બોલોથી અમદ એટલોતો ખુશ થએઓ કે તેણે ઘણાજ પેઆરથી દોડીને પોતાના સસરાને કોટી કીધી. છોકરી પણ એ વાતથી ઘણીજ રાજી થઈ.

અમદના બાપને લગન ઊપર તેડવાને માણસ ગએઊં. તે તથા પેલો લવો કાજી બને જણ આવી પોંતા. લગન થએઆ પછી અમદે પોતાના બાપને પોતાની સાથે રાખેઓ અને તે વાતથી પેલો ખેડુત વધારે ખુશી થએઓ. એ બે બુઢાઓએ દુનીઆદારીનું સઘળું કામ કાજ છોડી દીધું અને અમદ તથા તેની ઓરત ઊપરજ ભરોશો રાખી બેઠા.

પાછળથી અમદ કોટવાળ થએઓ અને તે પછી પોતાના રાજાનો દીવાનબી ઠરેઓ. અમદના છોકરાંબી અમદ જેવાં રૂડાં નીકળેઆં. જુવો બેહનો સારી ચાલ ચલણ અને કેલવણીથી કેટલો ફાએદો થાએ છે. માટે બેહનો, તમારા બાઈ, બેહન તથા છોકરાંઓને સારી ચાલ તથા વીદીઆ શીખવતા રેહજો.

## દરુસીસ જાતના લોકોમાં લગન.

વાચનારી બાઈઓ; દરુસીસ જાતના લોકો એશીઆખંડના તુરકસથાન દેશના સીરીઆના ભાગમાં

વસેછે, અને તેઓ આરબશથાની બોલી બોલેછે. એ ઓમાં લગન કરવાની રીત કેટલેએક દરજે વખાણવા લાએકનીછે; અને દરએક જણ તેથી પોત પોતાનું પાક પણું રાખવાને સાહુચેત રેહેછે. સ્ત્રીઓ પુરૂશો કરતાં ઘણીજ ખુબસુરત ગણાયેછે. જે છોકરીની ચંચલ માજરી આંખ, લાંબાં અને કાળા બાલ, સોભઈતા સફેદ ચેહેરો, અને ઝીના સફેદ મોતી સરખા દાંત હોય, તેને દરૂસીસ લોકો અતીશે ખુબસુરત કરી ગણેછે. તેઓમાં પુરૂશો માતરે સોળથી તે ચાધાર વરશની અંદર, અને છોકરીઓ તેરથી તે ચઊદ વરશની અંદર, પોતાના લગનનો પવીતર કોલ કરેછે. ફરીથી પરણવાની રીત તેઓમાં મુદલ માલમ પડતી નથી.

પરણવાના ત્રણ દાહાડા અગાઊ "વરરાજા" પોતાનાં દોસતો સાથે પોતાની ધારેલી બાયેડીને ઘેર જઈને તેનીના બાપ પાસે અતીશે આદરમાનથી પોતાનુ શીર નીચું કરીને લગનનો કોળ માંગેછે; તે વેલાએ છોકરીનો બાપ ખાતરી પુરવકથી પોતાનો વચન આપેછે. તારબાદ છોકરો પોતાની બાએડી પાસેથી કેટલી રીત લેવી તે વીશેનો ઠેરાવ કરેછે. તારપછી છોકરી પોતાની માતા સાથે મોહોડા ઊપર બુરખો નાખી બાહેર આવેછે, તે વખતે તેની માએ છોકરીની એકીનદારી અને આબરૂ વીશે ખાતરી કરેછે. હવે છોકરી પોતાના ખુદ હાથે ખાવંદને એક મીઆન સુધા ખંજર બખશીશ કરેછે. છોકરીની માએ જે ખાતરી કીધી હોય, તે જુઠી પડેતો, અથવા ધારેલો લગનનો કોળ તોડેતો. તેની સીકસા કરવા માટે અને એથી ઊળટું જો છોકરીમાં સારા ગુણોની ચાલ માલમ પડીતો, તેણીના ખાવનને માટે એ ખંજર બે રીતે કામે લગાડી તેનીનો જીવ લેએ અથવા પોતે પેલીની એકીનદારી વીશે મગરૂર થાએ.

છોકરી પોતાની સાહેલીઓ સાથે નાહાવાની જગોએ ઘણી ખુશીમાં એક આખો દાહાડો કાહાડેછે, અને છોકરો પોતાના મીતરો સાથે ઘોડા ઊપર બેસેછે, અથવા છોકરીના બાપને ઘેર ઘણી ખુશી અને મજામાં આવી કાફી તથા હુકો પીએછે. આ ઊપલી રીત બે દાહાડા સુધી ચાલુ રેહેછે. ત્રીજે દાહાડે એટલે લગનને દીવશે, કેટલીએક કીરીઆ સાથે છોકરીના મોહોડા ઊપર સુનેરી ટીલીઓનો બુરખો નાખી પેલીને છોકરાને ઘેર લેઈ જાએછે; તાંહાં પેલો તેણીના ખુબસુરત મોહોડાં ઊપરથી બુરખો લગનવાળા ઓરડામાં કાહાડેછે, કે જાહા તે બેઊ જણાની હઈઆતી સુધી એક ખુટી ઊપર ટાંગેલો રાખેછે.

દરૂજીસ લોકો જે રીત છોકરી પાસેથી લીધી હોય, તે પાછી આપીયા બાદ પોતાની ઓરતની સાથે છુટા છેડા કરવાને પુરા મુખતીઆરછે. જાંહાંસુધી કંઈ અતીશે ખટપટ બને નહી તાંહાંસુધી તેઓ એ ચાલ ચલાવતા નથી. અને તે કદાચજ બનેછે. જો તે છોકરી વીભીચાર અથવા કોઈ બીજા સાથે નજર બગાડીતો તેને જાનથી મારી નાંખવાની સીખશા કરીઆમાં આવેછે. છોકરી પાસેથી જે ખંજર મલેછે, તે મીઆંન વગર પાછુ આપી, પેલીને તેણીના બાપને તાંહાં પાછી મોકલેછે. ખંજર મીઆંન સાથે પાછુ નહી આપતાં તેનુ કારણ એવુંછેકેછોકરીની તરફના સગાંઓને નામોશી લાગે, અને તે નામોશી માતરે પેલીનો જીવ લેથા વગર જાતી નથી. છોકરીનો બાપ જમાઈને તાંહાં હવે વખતે ઘણીજ ગંભીરાઈથી ઈનશાફ કરેછે, અને જો સાખસી મજબુત અને ખરી થેઈ અને પેલી ઊપર વાંક સાબેત થાએતો, તેને મારી નાંખવાનો હુકમ આપીઆમાં આવેછે. આવા દુખદાએક વખતે બાપનો પીઆર કંઈબી ફાવતો નથી, માએની ચીચારી અને રડાપીટ મારી નાંખનારનાં હાથને અટકાવી સકતી નથી, અથવા બેહેનોનાં આંસુ એવી મજબુત સીખશાને રતીભારબી ઓછી કરી સકતા નથી, ટુકાંમાં એ વાતમાં કોઈબી સખસનુ ચાલતું નથી. મારી નાંખનાર હમેશાં છોકરીનો વડો ભાઈ હોએછે, તે પેલીનું માથું તેનાં બદનથી છુટુ કરી પેલીનાં બાલોને લોહીમાં બોરીને છોકરાને ઘેર પેલાની ખાતરી કરવા સારૂ મોકલેછે, જે તેની ઓરતને વાંકસર આવી સીખસા આપીઆમાં આવીછે. (મલેલું.)

---

## મકાની નામીચી મસજીદનો હેવાલ.

(બરખારટની મુસાફરી.)

વાંચનારી બાઈઓને કદાચ ખબર હશે કે મકા શેહેર અરબસતાનની રાજધાનીછે અને તે મુસલમાનોના પેગંબર મહમદની જનમ ભુમીને માટે વખણાએલુંછે. એ શેહેર અને મદીના જાંહાં મહમદ મરણ પામેઓ હતો તાંહાં મુસલમાનો શીવાએ બીજુ કોઈ જઈ

શકતું નથી. તોબી બરખારટ જેને વીશે આગલાં આ
કમાં તમને કેટલોક હેવાલ આપેઓછે તે જાતે ઈશીરો
પીઆન હોવા છતાં અરબી જુબાન અને રેવાજથી એ
ટલોતો માહીતગાર થઈ ગએઓ હતો કે તેને એ શેહેર
ખાતે મુસાફરી કરવાને ઘણી મેહેનત પડી નહી.

મુસલમાનો એ શેહેરો ખાતે ફકત "હજ" એટ
લે જાતરા કરવા જાએછે. એ બે શેહેરોના પરગણાને
"હજાઝ" એટલે (મુસલમાનોની) પવીતર જમીન એ
વું નામ આપીઊંછે. કોરાણ એટલે મુસલમાનોના ધ
રમ પુસતકમાં લખેઆ પરમાણે જે મુસલમાન હજ ન
કરે તેને બેહસત ન મળે માટે દર વરશે એ શેહેરો ખા
તે એશીઆ, યુરોપ, અને આફરીકાના દુરના દેશોથી
એક યા દોહોડ લાખ મુસલમાનો હજ કરવાને જાએછે
પણ હમણા એ સંખેઆમાં વરશો વરશ ઘટાડો થતો
હોએ એમ કેટલાક લોકો ધારેછે. એ હજ જારી રા
ખવાને મહમદે એક તાલ લગાડીછે. તે એકે
હજ કરનારા મુસલમાનોને એ શેહેરો ખાતે માલ લઈ
જઈ વેપાર કરવાની છુટ આપીછે. તેથી હજની વખ
તે તાંહાં જુદા જુદા દેશના વેપારીઓ એકઠા થએઆ
થી તાંહાં વેપારબી સારો ચાલેછે.


મકા મધે મુસલમાનોને હજ કરવાની મુખીઅ
ઈમારત " કાઆબા " ને નામે ઓળખાએછે. મુસલ
માનો એમ કેહેછે કે એ ઇમારત અસલ બેહેસતમાં હ
તી. તારપછી આદમે એટલે પરમેશવરે બનાવેલા પેહે
લવહેલા મનુષે પાંચ પાક પાહાડોના પથરો લઈને જમીન
નાવેઆં. આ સઘેડુ ખાતે બાંધી અને તેની રખેવાલીને
લા માતબર ખેડુતની મજૂરી મુકરર કીધા ! તારપછી આદ
ઈને તેને મનમાં જરા ફકર તથી હતી અને દુનીઆ ઊપ
ણ અગદની હુશીઆરી ઊપર તેને અંદરીથી બંધાવાને ખો
તો કે તેના કામમાં વચે પડવાનું તેને દરૂસત લાગ્યાની
નહીં. એક વરશ પછી ખેતરની ઊપજ સવા
યવા દોહડી થઈ અને આસપાસના ખેડુતો અજાએ
થઈને અદેખી કરવા લાગા. અમદ તેઓને જણા
ઊંકે બાઈઓ તમે પોતેબી તજવીજ કરશોતો.તમા
રા પેદાસબી વધેઆ વગર રેહેનાર નથી.

એ ચાકરીના બદલામાં પેલા ખેડુને અમદને
સારો પગાર ભરી આપેઓ. તેમાંનો ઘણોક ભાગ તે
ણે કાગળ લખી પોતાના બુદ્ધા બાપને મોકલી દીધો

ચાલીસ ઊંચીછે. તે જમીન ઊપર બે ફુટ ઊંચાઈના
ઓટલા ઊપર બાંધેલીછે અને તેનો એકજ મોટો દર
વાજોછે. એ દરવાજો ફકત તેહેવારોને દાહાડે ઊઘડેછે
અને તેમાં લાકડાની ચાખડી પેહેરીનેજ જવાએછે.

એ ઈમારતને ઈશાન ખુણે ઊપર જણાવેલો કા
લો પથર મુકવામાં આવેઓછે. એ પથર ઘણાંએક ના
હના પથરોને જોડીને કીધો હોએ એવો દેખાએછે અ
ને તેનું કારણ એવું ધારવામાં આવેછે કે કાઆબા ઈ
મારતને નુકસાંન થએઆથી એ પથરનેબી નુકસાંન થ
ઈઊં હશે. એ પથરને રૂપાંના તખતામો જડી લીધો
છે. જે મુસલમાંનો હજ કરવાને આવેછે તેઓ એ પથ
રને હાથમાં લઈને ઓછામાં ઓછી એક ચુમી દેછે. તે
થી કરીને પથર ઘસાઈને લીસો થઈ રહેઓછે. કાબા
બાને અગની ખુણે એક બીજો પથર મુકેઓછે અને તે
ને તાંહાંના રખેવાલીઓજ પોતાનો જમણો હાથ લગા
ડી શકેછે. કાબાની આથમણ બાજુએ " એસમાઈ
મ " નામની એક નાહાની જગાછે અને તે કાઆબા
ને મીસાલેજ પાક ગણવામાં આવેછે. કાઆબાની ચા
રે બાજુએ રેસમી કાલું લુગડું ઢાંકેલુંછે અને તેની ઊ
પરની અગાસી ઊઘાડી રાખવામાં આવીછે. એ કાલુ
રેસમી લુગડું દર વરશે હજની વખતે સુલતાંનને
ખરચે નવું બનાવવામાં આવેછે. ઊપર જણાવેલા બે
પાક પથરોને લોકો સેહેલથી હાથ લગાડી શકે માટે એ
કાલું લુગડું બે ઠેકાણેથી ફાટેલું હોએછે.

કાઆબાની અંદર એકજ દીવાની ખાંડુછે અ
ને તેની વચે બે થાંભલા અગાસીને ટેકો આપવાને મે
ઠવેલાછે. એ બે થાંભલાની વચે સોનાના દીવા ટાંગેલ
છે, એ ઠેકાણે એક રાતુ રેસમી લુગડું ફુલ અને અ
રોની ચીતરાંમણથી ભરેલું નજરે આવેછે. કાબાની
દરાબ્ત અંદર ટીજાબાજુએ સંગેમરમરની ફરસબંદીછે. એ
રી ચાલ ચલણ અમાજુએ સોનાનાં પતરાંથી જડેલી ટર
છે. માટે બેહેનો, તકડીની ઊપર એક એક ગાળે નાહની
ને સારી ચાલ તથા I ટાંગેલીછે. એ હાંડીઆ દરરોજ સાંજ
ામાં આવેછે. વલી એનાં કરતાં ઊંચી
મુબંદીછે અને તેની ઊપર પાંચ મશીર
દરૂસીસ પઢવા સારૂ નાહાની ઊંચી જગા બન
વાચનારી બાઇ
સીઆખંડના તુરકશકાનોની પાસે " જીમજીમ " નામે એ
કુવાનું પાંણી હરેક જાતનું દરદ મટાડે



એલોરાના ગુફા.

એમ મુસલમાનો માનેછે. મકા મધે મીઠું પાંણી ફકત એજ કુવામાંથી મલેછે અને એ કુવો ન હોએતો મકાની વસતી બીજે દાહાડે નાશી જાએ.

કાઆબાની ઈમારત એક ચોકની વચેછે. એ ચોક ૨૫૦ કદમ લાંબો અને ૨૦૦ કદમ પોહોલો છે. એ ચોકની આસપાસ નાહના થાંભલાઓની વાડ કીધેલીછે અને તે થાંભલાંઓ ઊપર ફાંનસ ગોઠવેલાંછે. એમાનાં કેટલાંએક ફાંનસ દર સાંજનાં સલગાવેછે, અને રમજાનના તેહેવારોમાં સઘલાં સલગાવેછે. એ વાડને ૧૯ દરવાજાછે અને કાઆબા તરફ જવાને સાત ફરસબંદી રસતાછે. કાઆબા સુધાં એ આખા ચોકને "બેતલલા" એટલે ખોદાનું ઘેર એવું નાંમ આપીઊ છે. એને "મસજીદ અલ હારેમ" એટલે પાક દેવલ એવાં નાંમથીબી ઓલખેછે.

એ જગા ફકત નીમાજની વખતેજ પાક ગણવામાં આવેછે, કારણ કે બીજી વખતે ચોકમાં છોકરાઓ રમત કરેછે, માણસો આવ જાવ કરેછે, ઓરતો અનાજ અને બીજો સામાન, વેચેછે, અને છોકરાઓને મખતબ એટલે નીશાળ માંડી શીખાડવામાં આવેછે. સાંજની વખતે નીમાજ પઢવાને ઘણાજ લોકો એકઠા થાએછે અને મસીદમાં દીવાની સારી રોશનીથી એક મોટો દેખાવ બની રેહેછે. રમજાનના તેહેવારોમાં તો મકાની મસીદમાં અતરેની દીવાલીના કરતાં બી સારો તમાસો થાએછે. મકાની મસજીદના ખરચને માટે તુરકી રાજમાં ઘણેક ઠેકાણે મોટી જાગીરો આપવામાં આવીછે. વળી દર વરશે લોકો હજ કરવા આવેછે તેઓબી મસજીદને સારી કમાઈ કરી જાએછે.

મસજીદના મુખીઆ રખેવાલને "નાએબઅલ હારેમ" નું નામ આપીઊંછે અને કાઆંબાની કુંચી તેની પાસે રેહેછે. તેનાથી ઊતરતો નાજરોનો સરદાર જે "તવાશી" ને નામે ઓળખાએછે તેછે. મુસલમાનો પોતાના જનાનાની ચોકીને માટે નાજરો રાખેછે તેથી ઓરતો જો હજ કરવા જાએ તો તેઓના ભોમીઆ તરીકે મુસલમાની રાજાઓ મકાની મસજીદ ખાતે નાજરોની ભેટ મોકલેછે. નાજરો આસરે ચાલીસ છે પણ એ શીવાએ બીજાબી કેટલાક ભોમીઆ મસજીદની અંદરછે. તેઓ તાંહાં હજ કરવા જનારાઓને નીમાજ કેવી રીતે પઢવી તથા બીજી કીરીઆ કેવી રીતે કરવી તે વીશે સમજ પાડેછે, અને તેના બદલામાં કાંઈ બકશીસની આશા રાખેછે.

## એલોરાના નાંમીચા ગુફા.

આપણા દેશમાં ઓરંગાબાદમાં દોલતાબાદ શેહેરની પાસે એલોરા નામનો મોટો પાહડછે. એ પાહાડનો ઘેરાવ આસરે પાંચ માઈલછે. એ પાહડ મધે સુંદર ગુફાઓ કોતરેલીછે જે એલોરાની ગુફાને નામે પરસીધછે. એ ગુફાઓ મધે બરામણ તથા બુધ લોકોના દેવોની જુદી જુદી મુરતીઓ કોતરેલીછે. પાહડની અંદર મોટા દીવાન ખાના અને ઓરડાઓ કોતરીને મોટી મુરતીઓ કોતરવી એ કામ કાંઈ નાહાનુ સુનુ નથી. અસલના હીંદુઓએ પોતાની કળા મનુશને ફાએદો થાય એવી રીતે વાપરવાને બદલે મોટા મોટા પાહડો કોતરવામાં વાપુરીછે.

એ પાહડ કોતરતાં કોતરતાં નજદીક ત્રણ માઈલની ઊંચાઈ સુધી લઈ ગયાછે. પાહાડના બેહુ છેડા ઊપર બુધની મુરતીઓ માલુમ પડેછે અને વચમાંના ભાગ ઊપર શીવ અને બરામણ ધરમની બીજી મુરતીઓ દીઠામાં આવેછે.

એ પાહાડમાં સોથમાં મોટી ગુફા વીશવકરમની છે. એ ગુફા મધેનું દીવાન ખાનું ઘણુંજ ઊંચું બનવામાં આવીઊંછે. તે મધે બુધની મુરતી ઘણીજ મોટી જોવામાં આવેછે—એવી એવી મોટી ૬ ગુફાઓ એ પાહડમાંછે અને નાહાની ગુફાઓતો ઘણીછે. પણ સઊથી વધારે ખુબ સુરતી અને કારીગરી કઈલાસ નામની ગુફા મધે દીઠામાં આવેછે. તે મધે માહાદેવની મુરતીછે. બુધની ગુફાઓની મુરતી ઘણી ખરી નાગી હોયછે અને બરામણી ગુફાઓની મુરતી નાગી હોની નથી. વરસાતના દીવસમાં એ ગુફાઓની આસપાસનો દેખાવ ઘણોજ ખુશનુમાં અને રળીઆમણો થઈ રેહેછે.

ચહડવાને વાસતે સીરીઓ, પુલો, નાહના નાહના ડેહરાંઓ, નકસીદાર થાબા, અગાસીઓ, રાખસી કદના પુતલાંના એ દેખાવ એ ગુફાઓ મધે જોવા લાયક છે. થાબળા કેવા નકસીદાર અને ઊંચા કોતરેલાછે

તેનો થોડો ઘણો વીચાર આ બીનાની સાથે આપેલા ચીત્ર ઊપરથી માલુમ પડશે.

તાંહાં જે બરામણો બેસેછે તેઓ એવી ડશાંસ હાંકેછે કે એ ગુફાઓ ૭૯૫૦ વરસની વાત ઊપર ઈલીચપુરના ઈલુ રાજાએ બાંધી હતી.

કઈલાસ નામની ગુફા જે પાહડ મધેછે તેની ઊંચાઈ ૧૮ ફુટનીછે, લંબાઈ ૧૪૨ ફુટની અને પોહલાઈ ૬૧ ફુટનીછે.

---

## એક વેપારીની લુચાઈ—બાદશાહનો ઈનસાફ.

ઈઊરોપ તરફ એક શેહરમાં કોઈ સ્ત્રી રેહેતી હતી. એકવખત એવું બનીઊં કે તેણીનો હાથ ભીડમાં આવેઓ. એક તવંગર વેપારી જેની સાથે તેણીને ઓળખાંણ હતી તેની પાસે તે ગઈ. પોતાની સઘળી હકીકત કહીને જણાવીઊ જે મને મેહેરબાની કરીને થોડાક પઈસા ધીરસો તો હું તમારે તાંહાં જડાવ દાગીના ઘરેણે મુકીસ. આ વાત પેલા વેપારી સેઠે કબુલ કીધી. તે સ્ત્રીયે પોતાના દાગીના તેને સોપેઆ અને તેને બદલે ૮૦૦)રૂપીઆ અંગ ઊધાર લીધા. આ સઘળી વાત મોહાડે થઈ હતી કંઈ લખત પતર કરવામાં આવીઊ નહી હતું.

થોડા દાહડા પછી પેલીનો હાથ જરા છુટો થયો તારે તે વેહપારીને તેના પઈસા આપીને પોતાની જનસો પાછી લેવાને તે ગઈ. વેપારીયે તરત પઈસા લઈને પોતાની પેટીમાં મુકીઆ અને પછી કહીઊં કે દાગીનાની વાત હું કંઈ જાણતોજ નથી.

પેલી બચારી સ્ત્રીનું મોહાડુ તો ફીકુ પડી ગયું. પછી તે ગુસામાં આવીને બાદશાહ પાસે ફરીયાદ ગઈ. બાદશાયે સવાલ પુછીયો જે "કોઈ એ વાતમાં સાખસી છે? પેલીએ જવાબ દીધો જે નહી. સાખસી તો કોઈ નથી. બાદશાએ વળી ફરીને પુછીઊં કે જે વખતે તમેં સાટું કીધું તે વખતે તમારી આગલથી કોઈ ગયું આવીઊં હતું? પેલીયે જવાબ દીધોજે ના. પછી બાદશાએ થોડોકવાર વીચાર કરીને પુછીઊં જે તે વેપારીને હુકાનુ વસનછે. પેલી સ્ત્રીયે જવાબ દીધો જે નહી. વળી પુછીઊં કે તે તપખીર સુંગેછે? તે સ્ત્રીયે કહીઊં કે હા-સાહેબ. તારે બાદશા બોલીઓ તો ઘણુ સારૂ. હવે તમારે દાગીનાની ધાસતી રાખવી નહીં.

બાદશાએ પેલા વેપારીને તેડવાને એક ખીદમતગાર દોડાવીઓ. તે જલદી આવી બાદશા આગલ હાજર થયો. બાદશા બોલીઓ કે મેં તમને એટલા સારૂ તસદી આપીછે કે કેટલીક વેપાર સંબંધી તમારી સેહલાની જરૂર પડીછે.

બાદશા પાશેથી પોતાને આટલું બધું માન મલતું જોઈને વેપારી તો ઘણો હરખાઈ ગયો. બાદશાએ વેપાર સંબંધી કેટલીએક વાત પુછેઆ પછી એકાએક જાંણે ખોઈ હોએ તેમ પોતાની તપખીરની દાબડી ગજવામાં તપાસવા લાગીઓ. "અરે! મારી તપખીરની દાબડી કાંહાં ગઈ," એમ બોલી પેલા વેપારીને કેહેવા લાગીઓ. કે જરા સબર કરો હું પાસેના ઓરડામાંથી માહારી દાબડી લાઊછું.

પેલો વેપારી વાંકો વલીને બોલીઓ કે બાદશા સાહેબ માહારી દાબડી હાજરછે. એમ કહીને પોતાની દાબડી આગલ ધરી. બાદશાએ તે દાબડી લીધી અને તેની સાથે વાતે ચડીયો. પછી કંઈક બાનું કાહાડીને જરા બાહાર ગયો. અને એક સીપાઈને તે દાબડી આપીને ફરમાવીઊં કે તું આ વેપારીને ઘેર જા અને તેની બઈરીને કેહ કે તમારા ભરથારે આ દાબડી આપીછે એ નીસાની ને પેલા જડાવ દાગીનાની પેટી મંગાવીછે.

એવી રીતે સીપાઈને હુકમ કરીને બાદશા પાછો આવી પેલા વેપારી સાથે વાત ચીત કરવા લાગીઓ. એટલામાં પેલો સીપાઈ દાગીનાની પેરી લાવેઓ ને એક ઓરડામાં ઘરેણાના બીજા દાબડાઓની સાથે મુકી.

બાદશાએ જરા મસ કરીને બીજા ઓરડામાં પેલી સ્ત્રી પાસે જઈને કહીઊં કે તમને કંઈ દેખાડું. તે સ્ત્રી બાદશાની સાથે ગઈ અને બીજા દાગીના સાથે પોતા

બાદશા બોલીઓ; તેણીએ તમારે તાંહાં કંઈ જડાવ દાગીના ગીરવી મુકીઆછે. કંઈજ નહી. કંઈપણ જનસ રાખીઆ વગર મેં નાણા ધીરીઆં હતાં. માત્ર મોહોબતને ખાતર કામ કીધુ હતું.

બાદશાએ ઘણી ઘણી રીતે સમજાવીને પુછીઊં પણ તે નાની હા પાડે નહી. પછી તેણે પેલી દાગીનાની પેટી મંગાવી તારે જોઈને તે જાંખો પડી ગયો. અને તેના હોસ ઊડી ગયા. બાદશા ઘણો ગુસે થઈ ગયો અને તેને ફરમાવીઊં જે પેલા આઠસો રૂપીઆ તથા બીજા પાંચસો રૂપીઆનો દંડ કરૂછઊં. તે રૂપીઆ તેની પાસેથી લઈને બાદશાએ ગરીબોને ખેરાદ આપેઆ. પેલી સ્રીએ લખત પતર વના પોતાના દાગીના ગીરવી મુકીઆ હતા તેને સારૂ તેને ઠપકો દઈને તથા તેણીનું ઘરેણુ સવાધીન કરી રખસુદ કીધી.

---

## વીઆતી વેલાનું દુખ—કલોરો ફારમ.

શુવાવડનો વખત જેમ નજદીક આવેછે તેમ ઓરતને નકામી ધાસતી પેદા થાએછે. પોતે કશટ પામે તે મારે બીહેછે, પોતાના જાંનની ધાસતી રાખેછે અને પોતાના બાલકની હસતી વીશે ચીંતાતુર રેહછે. એ સઘલી ફીકર માતર તેના વીચારથી ઊભી થાએછે, આપણા જગત કરતા ઈશવરે સઘલી પરકારે એવી ગોઠવણ કીધીછેકે જાંહાં જેવી જરૂર તાંહાં તેવી કરામત લાગુ પડે. તેમજ જણતી વેલાએ અસતરીના બાંધામા હેવો ખુદરતી ફેરફાર થાએછે અને તેના આ માહબારત કામમાથી પાર પડવાની કાંઈપણ કશુર રેહતી નથી. એ ખરૂ સમજી નકામી ધાસતી દુર કરી પોતાનું મન નીરાલું રાખવું અને થોડું કશટાવું પડે તે વીશે હીમત રાખવી કારણ કે હાવા બારીક હીગામમા જરા રતી દુખવું તો જોઈએ.

વલી દુખ જુદી જુદી ઓરતોને વધતું ઓછુ થાએછે તેનુ મોટું કારણતો એજકે ઘણી ઓરતોને જરા જરામા કાંગલાં થવાની ટેવ પડેછે. જેમને દુનીઆનું સુખ વધારે હોએછે અને મોજ મજાહ વધારે કરેછે તેમનાથી દુખ સબુરીથી ખમીં સકાતુ નથી અને ગરીબ ઓરતો એટલાં દુખની મુદલ દરકાર કરતી નથી. આપણે જોઈએછે કે ગરીબ ઘાટી અને કોલીની અસતરીઓ છોકરાંને જંણવાના વખત સુધી મેહનત કરેછે અને જણતી વેલા કાંઈ દુખ પાંમતી નથી અને બીજા થોડા દીવશમાં પાછી મજુરી કરેછે પણ તેમ મોજમા ઊછરેલી પારશી ઓરતોથી બનતુ નથી. તેઓ કલવાઈ પડેછે અને કોઈવારતો હદથી જાદા કશટ થતુ ણતાવેછે.

વેઆતી વેલા થોડું ઘણું કશટાવું પડેતો તે ખમવું જોઈએ. પણ વીણ જોરમા થાએ અને દુખ ઘણુ થવા માડેતો હાલના દાકતરોના હાથમા એક અજાએબ અને કીમતી દવાઈછે જેની મદદથી એ દુખ તેઓ દુર કરી શકેછે. એ દવા માતર થોડોવાર શુંગાડેઆથી ઊંઘની મીઠી લેહર આવેછે અને દરદથી ઓરત બેભાંન રેહછે. એ દવાઈનું નામ "કલોરો ફારમ" કરીછે. ડાકતર શીમશન નામના કાબેલ તબીબે ઘણી રંજ ખેચી એ દવા ૧૮૪૭ ના વરશમાં સોધી કાંહડીછે અને તેથી વીઆતી ઓરતો અને દુખીઆરા આજારી મરદો જેમને વશુરીઓ થઈ હોએ અથવા જેમના હાથ પગ કાપવા પડેછે તેમનાપર મોટો ઊપકાર થીઓછે. એટલુંજ નહી, પણ હેવા બારીક હીગામમા ડાકટરોને જે કમકમાટ ઊપજતો હતો તેમાનું હવે કાંઈ નથી. એ દવા પેહલી વાપરવામા આવી તે વેલાએ મુરખ લોકોએ નજીવા વાંધા લીધા હતા પણ ડાકટર શીમશનની કોશેશ આગલ સઘલું રદ ગીઊ. હાલમા એ દવા વાહડ કાપના કામમા અને શુવાવડી ઓરતોને શુંઘવામા સઘલા શુધરેલા દેશોમા ધુમધોકાર વાપરેછે અને તેથી લોકોને કેટલું શુખ ઊપજેછે તે વીશે ડાકટર શીમશન નીચે પરમાણે બોલેછે. "કલોરો ફારમની અશર ઘણીજ આનંદ ઊપજાવનારીછે. જણનારી માતાઓ બુમ બરાડા મારવા અને અફરા તફરી કરવાને બદલે નરમ લંહકીમા પડી રેહછે અને વીઆવાની વીણ આવે તારેજ તેમને સેહજ દુખ થતું લાગેછે. જે શુવાવડી ઓરતોને એ શુંઘાડવામા આવેછે તે જલદીથી હુશીઆર થાએછે અને તેનું છોકરૂં તાજું દીશેછે. માતાને તેમજ ડાકટરને એ દવા એક મોટી બખશીશછે. પેલીનું દુખ દફે થાએછે અને પેલાને તેનું દુખ જોઈને કમકમવાનું કારણ રેહતું નથી અને એ દવાથી આખરે કશટાવું તે દુર કરી શકેછે હેવું જાંણી મગરૂર રેહછે. એ દવાથી ઓરતનો એક ભારે ચીંતાનો વખત ઊંઘ અને આરામમા ગુજરી જાએછે. કેટલીએક આ

રતોને એ દવા ચાર પાંચ મીનીટથી તે તરણ ચાર કલાક શુંઘાડી તોપણં તેમને કાંઈ નુકસાન થીઊ નહી અને તે વીશેનો ઊપકાર માની ઓરતો રાજી થઈને બીજી વેલા પણ એ શુંઘવાની ખાહેશ જણાવીછે. ”

એ પરમાણે ઓરતોનું દુખ નરમ પડી જાએ છે માટે સમજુ અણલાઓએ પોતાની તથા પોતાના હેતુઓની શુવાવડમા એ ગુણગારી દવા શુંઘાડવાને પોતાના ડાકટરોને મરજી જણાવવી. ખોટી છીત કરી પોતાપર પડતું દુખ દુર કરવાને આચકો ખાવો નહી. માતાઓ તમનેજ એથી લાભ થવાનો. તમારૂ દુખ ટલશે અને તમને તથા તમારાં બાલકને સારી શુખાકારી મલશે. તમને થાક ચહડવાને બદલે આંગમા હુશીઆરી અને કુવત રેહશે. માટે તમોએ શુવાવડમા એ દવા દાખલ કરવાને મેહનત કરવી. એ દવા સમજુ અને ભનેલા ડાકટરો વગરે બીજા કોઈ પાશેથી લઈ શુંઘવી નહી કારણ કે શુવાવડને કહે વખતે, કેહવી જાતની શુવાવડ અને કેહવી શરીર તથા દેહવાલી ઓરતને એ દવા શુંઘાડવી એ સઘલું તેમનેજ માલમ હોયછે અને અનાડી હોરા તથા પારશી હકીમો મુદલ જાણતા નથી. આપણી કાપુના ગરાદુઓટોએ હીમત પકડી એ એલાજ વાપરવાને કોશેશ કરવી. જેથી હાલમા શુવાવડની વખતે તેમના વગર ચલાવેછે તેને બદલે ઓરતો તેમનાપર વધારે વીશવાશ મુકી તેમની મદદ પોતાની મેલે સોધશે.

## શુવાવડનો ઓરડો.

શુવાવડી ઓરતનો ઓરડો મોટો, સાફ અને તેમાથી હવા આવ જાવ કરી શકે હવો જોઈએ. તેમા મુદલ ધુમાડો તથા ધુકર થવું ન જોઈએ. તેમા કશી પાંતીની ગડબડ ન થવી જોઈએ. અને જો તેમા ગરમી રાખવા માટે સગડી રાખવીજરૂર પડે તોપણ મોહું બલરૂ નહી કરવું. ઓરડામા કઈબી ખરાબ વાશ અથવા ખરાબ હવા આવતી બંદ કરવી અને જે ચીજમાથી ગંદ નીકલતી હોએ તેને દુર કરવી. હવા ગંદલી થઈ ઘેરાએલી હોએ અને તેમાથી વાસ નીકલતો હોએતો દરવાજા ઊંઘાડા મુકી ખોલી તાજી હવા આવવા દેવી અને જેમ બને તેમ ઓરડો સાફ અને સોજો રાખવો. આપણા લોકોમાં શુવાવડનો ઓરડો બે ગેતલીઓની આડકાવાની ખડકીમા એક પરદો બાંધી બનાવેછે અને તાંહાંની ફરશબંદીવાલી બીની જગાપર ઓરતને રાખેછે તેથી તેને નુકસાન થીઆ વગર રેહજ નહી. વલી તે ઓરડામાં રસતાપર ફરતાં લોકોની આવ જાવથી ગડબડ થીઆ કરેછે. ઓરડો હલાદો રાખવો જોઈએ અને તેમા થોડુ અજવાલું અને સાફ હવા આવે તેવી ગોઠવણ કરવી જોઈએ.

બીછાંનું નરમ રૂઊના કેરતાં કાથા અથવા ઘાશનું કઠણ હોએ તે બેહતર કારણ કે તેથી તે ઓરત અંદર દબાઈ જઈને તેને ગરમી પોચતી નથી. બીછાંનુ હેવી રીતે પાંથરવું કે તે ભીનાઈને તેપર ઘાગ પડે નહી. પેહલે ગોદરાંપર ચાદર પાંથરી, જમણી બાજુપર ઘોલીઆના પઈઆ આગલથી કાંમલી પાંથરી તેનાપર એક આઈલ કલાથ અથવા મીનકપડના તાસતાનો પોહોલો કટકો નાખવો અને તેપર એક બે કાંમલીઓ પાંથરવી અને તે સઘલાંપર દાબી કોરે નીચે થીજ એક ચાદર પાંથરવી અને હોધારવા માટે એક કાંમલી અથવા બલાંકીટ રાખવી. ઘણુ હોધવાનું દબચર રાખવાથી ઓરતને ઊકલાટ થઈ ના-કવતી પેદા થાએછે. એ પરમાણે બીછાંનુ બનાવાનો ફાએદો એ છેકે જણીઆ પછી ઓરતને ઘોલકી પરથી ઊઠાડવાની જરૂર પડતી નથી. બીછાના પરથી ભીની બલાંકીટો કોહાડી લીધી એટલે નીચેનુ ગોદરૂ તથા ચાદરે સુકી રેહછે. જણતી વેલા પેટમા મેડીઆં વાલી દાબી કોરે શુવું જોઈએ અને ઘોલકીની વચમા તકીઓ મુકી તેપર માંથુ ઘોણાવવું પણ જણવાનુ બરાબર શરૂ થીઆ અગાઊ ગમે તે બાજુપર શુવું અથવા ફરવુ હરવું. માતર સંભાલ એટલી રાખવી કે થાક ચહડે નહી અનેજો ઊંઘ આવતી હોએતો બે લાશક આરાંમ લેવો જેથી આંગમા હુશીઆરી આવેછે.

## જણવાને કેટલો વીલમ્બ લાગે?

વીઆવાનું દુખવા માંડે પછી કેટલેમારે ઓરત છુટે તે વીશે કાંઈ ચોકશ મેલ નથી. મેહલીકે ૨૪ કલાક સુધી વાર લાગે તો તે વીશે કાંઈ ધાસતી રાખવી નહી. સઊ સારૂ થશે અને પાધરૂ ઊતરશે હેવો ઓરતને દેલાસો આપવો પણ તેને જોરથી કાંખવાને કેહવું નહી, તેને દારૂ તથા બીજી ગરમ વસતુઓ પાવી નહી. એમ કરવાથી પાધરી શુવાવડની જગાએ કશુવાવડ થાએછે. બચાંનું માથું નીચે હોએતો ગોડ ઈઆ વેહલે તે છુટશે. દાઈને વચમા પડી કાંટાનું

તેશર કરવાની જરૂર નથી. જણતાં વાર લાગે તેની કાંઈ ચીંતા નહી કરી ધીરજ રાખવી અને દાઈને વચમા પડવા દેવી નહી અને જોરથી કાંશવાથી પહરેજ રેહવુ એટલે કુદરતના કામમા હરખત નહી પડવાથી બાલક પોતાની મેલે અવતરશે.

---

## કાગળ શામાંથી અને કેમ બનેછે ?

બેહેનો, તમે કદાંચ જાણતા હશો કે કાગળ જેવો બારીક અને ઊપયોગી પદારથ શામાંથી બનેછે ! પણ એ પદારથ કેમ બનાવવામાં આવેછે તે વીશે પુરી ખબર ન હશે એવું ધારીને આ વખતે તમને કાગળના કારખાનાઓનો કેટલોક હેવાલ આપવા ધારીએછે.

એ સુંદર અને ઊપયોગી પદારથ નજીવી અને જોવા ન ગમે એવી ચીજોમાંથી બનેછે. જે કપડાં તમે ચીથડાં સમજીને તમારા ચાકરોને આપતા હશો અને વલી ચાકરો તે પેહરીને ભીખારીઓને આપતા હશે તે ચીથડાં ભીખારીઓ જારે પેહરીને નાખી દેછે તારે તેને રસતાંમાંથી વીણી લીધામાં આવેછે. ખોજા મેમણોના કેટલાક કંગાળ છોકરાઓ એ ચીથડાં વીણી લેવાનો ધંધો ચલાવેછે. તેઓ સવારથી તે સાંજ સુધી ગલીએ ગલી ફરેછે અને જે કાંઈ ચીથડાં અને જુના ફાટેલાં લુગડાં તેમની નજરે પડેછે તે ઊચકી લેછે. જારે એવાં ઘણાક ચીથડાં એકઠાં થાએછે તારે દરીએ કીનારે જઈને તે ધોઈ નાખેછે. તાર પછી એ ચીથડાંનો જથો કરી તેઓ ચીથડાંના વેપારીઓને તે વેચાતાં આપેછે. તે તેઓને સેરનો એકથી દોહોડ આનાનો ભાવ આપી ખરીદ કરેછે.

હીંદુસથાન મધે કાગળ બનાવવાનાં ઘણાં કારખાનાં નથી તેથી એ ચીથડાંના વેપારીઓ પાસે જારે પુશકલ ચીથડાં એકઠાં થાએછે તારે તેઓ તેની ગાંસડીઓ બંધાવી ઈંગલંડ ખાતે મોકલેછે. ઈંગલંડ મધે તે ગાંસડીઓ કાગળના કારખાનાવાળા વેચાતી લેએછે.

કારખાનાવાળો ચીથડાંની ગાંસડીઓ વેચાતી લેઈને પોતાના કારખાનામાં લેઈ જાએછે. તાંહાં એ ગાંસડીઓ છોડીને તેમાંના ચીથડાં તે કારખાના મધે ચાકરી કરનારી ઓરતોને આપેછે. એ ઓરતો ચીથડાંની બારીકી પરમાણે તેની બે તણ જાત કરેછે. વળી તે ઓરતો એ ચીથડાં મધે જે કાંઈ સાંધા હોએછે તે છરી વતી સંભાળથી કાપીને ટોપલી મધે જુદા એકઠા કરેછે. ચીથડાંના સાંધા વળી કાંઈ બીજે કામે લગાડવામાં આવેછે.

તાર પછી એ ચીથડાંઓને તારની ચારણીના જેવા એક ગોલ સાંચામાં દાખલ કરેછે અને તાંહાં તેઓનો કેટલો મેલ સાફ થાએછે. પછી તેઓને દાબવાના સાંચામાં નાખેછે. એ સાંચામાં ચીથડાંઓને અસલ હથોડાથી કુટવાને ગોઠવણ કીધી હતી અને તે હથોડાનો અવાજ એટલોતો મોટો થતો હતો કે ઘણોએક દુર સાંભળવામાં આવતો હતો. પણ હમણા ચીથડાંઓને એક લાંબા વાસણમાં નાખેછે અને તે વાસણમાં સાફ પાણી જવાને એક નાહની નળી દાખલ કીધી હોએછે. એ વાસણ મધે બે ફુટ લાંબો એક ગોલ દાંડો મુકેલો હોએછે. એ દાંડાની આસપાસ લોહોડાંના અણીદાર દાંતા પાસે પાસે જડેલા હોએછે. જે વાસણમાં ચીથડાં નાખેલા હોએછે તે વાસણને તળીએબી એવા ઊભા અણીદાર દાંતા જોવામાં આવેછે.

ચીથડાં વાસણમાં નાખેઆ પછી પેલો બાહાર નીકલી આવેલા દાંતા વાળો દાંડો ઘણીજ મોટી જડપથી ફેરવવામાં આવેછે, તેથી કરીને લોહડાંના એ અણીદાર દાંતા ચીથડાંઓને ફાડીને ભુકો કરી નાખેછે. વળી એ સાંચામાં પાણી દાખળ થાએછે તેથી કરીને એ ચીથડાંનો ભુકો હળવે હળવે બારીક લોંદા જેવો થઈ જાએછે. એજ રીતે ચીથડાંમાં જે કાંઈ મેલ કચરો હોએછે તે પણ નીકલી જાએછે અને અસલની સફેતાઈ પકડેછે. એ કામને છ કલાક લાગેછે. ને પછી કાગળને જો આશમાની રંગ આપવાની મરજી હોએ તો "સમાલટ" નામનો ખાર એ લોંદા સાથે જરા ભેલી નાખેછે.

એ બારીક લોંદાને ગરમ પાણીના વાસણમાં નાખેછે. કાગળ બનેછે તે એમાંથીજ પણ તેને આકાર આપવા માટેબી નાહના અને સાદા સાંચા વાપરેછે. એ સાંચા ધાતુના તારની ચારણી જેવા હોએછે. એ તારની ચારણી પકડીને તેને કાગળના લોંદા વાળા ગરમ પાણીનાં વાસણમાં ચપટી રાખીને બોડેછે અને પાછી કાહાડી લેછે. એ ચારણી જેવા સાંચાની આસપાસ લાકડાની ફરેમ હોએછે તેથી

કરીને કાગળ જેટલું જાડું બનાવવું હોએ તેટલોજ લોંદો તારની ચારણી ઊપર રહી શકેછે અને એ લોંદાની સાથે જે કાંઈ પાણી હોએછે તે ચારણીના ઝીણાં નાકાંમાંથી નીકળી જાએછે. બીજો માણસ તે જલદીથી પોતાના હાથમાં લેછે તથા લાકડાંની ફરેમ કાહાડીને પોચા કાગલને ઊનના એક નરમ લુગડા ઊપર નાખેછે. તાર પછી તેની ઊપર એવોજ લુગડાનો બીજો કટકો નાખેછે અને તેની ઊપર વળી બીજો કાગળ નાખેછે. એ રીતે ચાળીસ પચાસ કાગળ તેઓ સાથે એકઠાં કરેછે. તે પછી કપડામાંનાં એ ચાળીસ પચાસ કાગળને એક મોટા ઈસકરૂમાં દાબેછે તેથી તેમાંનું બાકી રહેલું પાણી તદન નીકળી જાએછે.

પણ આટલી મેહેનતથીજ કાગળ કાંઈ તઈઆર થઈ શકતું નથી. ઈસકરૂમાં દાબેઆ પછી ઊનના લુગડાંના કટકા એક બાજુએ નાખેછે અને કાગળ બીજી બાજુએ ફેંકી દેછે. તાંહાંથી T આવા (ઈંગરેજી ટી અખેરના જેવા) હથીઆરથી એક માણસ બબે તણ તણ કાગળો ઊંચકી લઈ દોરી ઊપર સુકાવા મુકેછે. એવી રીતે આઠ અથવા દસ દીવસ સુધી કાગળો સુકાએછે અને તેથી કરીને તેઓ વધતી સફેતી પકડેછે. ઓરતોને એ ઠેકાણે ફરીથી કામે લગાડવામાં આવેછે. જારે કાગળો સુકવેછે તારે તેની અંદર કાંઈ ગાંઠ જેવું હોએ તેઓ પોતાને નરમ હાથે કાહાડી લેછે.

પણ કાગળ હજી તઈઆર થઈઊં નથી. એ વખતે જો કાગળ ઊપર લખવામાં આવે તો તે "બલાટીંગ પેપર" એટલે સાહી ચુસવા કાગળની પઠે ફુટી જાએછે. માટે ઊપર જણાવેલી રીતે કાગળ સુકવેઆ પછી તેને એક જાતના પતલા સરસમાં બોળી કાહાડેછે અને ફરીથી સુકવવા મુકેછે. જારે સુકી તઈઆર થાએછે તારે તેને સરસમાં બોળવાનુ કામ ઘણુ મુસકેલછે અને તે અનુભવથી શીખાએછે. તારપછી બીજા સાફ ઈસકરૂમાં દાબેછે. કાગળ ઊપર સફાઈ અને જરાજરા ચલકાટ આપણા જોવામાં આવેછે, તે એ દબાણથી થાએછે. પછી તે ચોવીસ ચોવીસ પાના એકઠાં કરીને "કુવાએર" બનાવી અને વીસ કુઆએર એકઠા કરીને "રીમ" બનાવી કાગળના વેપારીઓને તાંહાં મોકલી દેછે. એ વેપારીઓ તેને ફરીથી પોતાના વકરા પરમાણે ઘડી કરી તેની કોરો કપાવેછે. અને પોતાના દુકાનમાં વેચવા મુકેછે. એ વેપારીની મરજી કાગળને સાટીનાં જેવો ચલકાટ આપવાની હોએ તો તેને માટે તે પોતાના દુકાનમાં ચાકરો રાખેછે. ચીથડાંમાંથી કાગળ બનાવવાને આસરે વીસ દીવસ લાગેછે. એવી રીતે કાગળો બનીને તેનો મોટો જથો દર વરસે હીંદુસથાન ખાતે આવેછે. એહેનો આ કેટલી અજાએબની વાતછે કે જેને આપણે નજીવી ચીજો સમજીએછે તેમાંથી માણસની અકલે કેવો નાજુક, સુંદર અને ઊપીયોગી પદારથ બનેછે

## મા બાપને અચરત સરખી મદદ કરનારી દીકરી.

ઈ૦ સ૦ ૧૭૮૩ ના વરસમાં અમેરીકા મધે શીઆળાની રૂત ઘણી દુખદાયક પડી હતી. એ સમે નીઊયારક મધે એક ઘરડા આદમી તથા તેની બાએડીને તાહાડથી અતી ઘણી પીડા થઈ. તેઓની એકની એક દીકરી મજુરી કરીને તેઓનું પાલન કરતી હતી. એ દીકરીએ ડોસા ડોસીને વાસતે પોતાપર હરેક શકતી ખેંચવાને આનાકાની કરતી નહી હતી. પણ આ વેળા તે બીચારીનોબી ઈલાજ ઘટેઓ. ઘરમાં લાકડાનું એક સોટીઊં વટીક બાકી રહ્યું નહીં. પોતાની પાસ એવી કશી ચીજબી નોહતી કે તેને બદલે લાકડા લાવી શકે.

એવી હાલતમાં કોઈબી આબરૂદાર ઈલાજથી ઘરડાંઓને આરામ આપી શકાયતો તે કરવાને એ જુવાન સ્ત્રી તઈઆર હતી. તે મોટા અંદેશામાં હતી તેટલામાં તેણે સાંભલીઊં કે એક દાંતનો વઈદ આદમીના આગળા મજબુત દાંત વેચાતા માંગતો હતો. તે એવી સરતપી કે તે વઈદ પોતાને હાથે તે દાંત ખેંચી કાહાડે તોજ તેવા દર એક દાંતના તીસ રૂપીઆ જેટલી કીંમત આપે.

એ વાત સાંભલીને તે નેક સ્ત્રીનાં મનમાં આવીઊં કે "હું જઈને મારા સંધા આગળા દાંત કહડાવીને વેચી આવું; અને મા બાપને તાહાડની પીડામાંથી છોડવવા તથા સુખ આપવાની ગોઠવણ કરૂં. એ વીચારીને એ સખી-અબળા તુરત તે વઈદને ઘેર ગઈ. પોતાના આગળા સંધા સુંદર અને મજબુત દાંત વેચવાની મરજી જણાવી. તે વઈદ સેજ તેનો પુછી

ઊ કે એ પરમાણે સંધા દાંત ખોવાનો સબબ શું ? તેસ્ત્રીએ ખરો સબબ જાહેર કીધો તે સાંભલી કોણ આદમાનું દીલ ધરાવનારના મનમાં આફરીનનો જોસો ઊપજે નહીં ?

પેલા વઇદની આંખોમાંતો આંસુ આવી ગયાં. તેણે એ ભલી અબળાનો એકબી દાંત લેવાને ના પાડી ઊ. જે ગરજની મારેલી તે બાઈ એવડો મોટો ભોગ આપવાને તઈઆર થઈ હતી તે ગરજની દબાણથી તેને થોડી છોડવવાને તે વઈદે વીચાર કીધો. તેણે તે સ્ત્રીને બોહોસ કરીને આસરે એકસો રૂપીઆ જેટલી બખશીશ આપી તે લઈ તે સદ્‍ગુણી દીકરી પોતાના મા બાપને મદદ કરવાને દોડી ગઈ.

સદ્‍ગુણી સ્ત્રીઓ.

## પરચુરણ બાબતો.

**સારી ઓરતો કેવી રીતે પોતાના ધણીને સુખ આપેછે**—ઓરતો પેહેલાંતો ઘણી નાજુક જાત હોએછે અને કાંઈ મુસકેલ કામ કરી શકતી નથી. પણ પરણેઆ પછી તે પોતાના ધણીને તેના મોટાં દુખ અને મુસકેલીઅતમાં ઘણાંજ સુખનું કારણ થઈ પડેછે. જે પરમાણે એક વેળો મોટાં ઝાડ અને તેની ડાંખળીઓ ઉપર વીંટાઈ જઈને વરધી પામેછે, અને તોફાનની વખતે તે ઝાડને છોડી દીધાને બદલે તેની ડાંખળીઓને ખુબ સંબાળી રાખેછે તેજ પરમાણે ઓરત, જે આણસના સુખની વખત તેને આસરે રહીને શોભા આપેછે તેણીએ પણ તેના દુખની વખતે તેની પાસે બેસીને તેને આસાએસ આપવી જોઈએછે.

**અમેરીકા ખંડ મધે કોલસાની ખાણો**—આગબોટ, અગનીરથ, અને બાફની મદદથી ચાલતા બીજા સાંચાઓમાં કોલસાનો દર વરસે મોટો ખપ થાએછે તે વીશે કોઈબી વાંચનારી બાઈ અજાણી હશે નહીં. પણ હમણા કોલસાનો જે બોહોલો ખપ ચાલેછે તેની ગણતરી કરતાં અને તેને ઉતર અમેરીકાના પેનશીલ વેનીઆ પરાંત મધેની કોલસાની ખાણો સાથે સરખાવતાં એ પરાંત મધે એટલોતો કોલસો છે કે હમણાના ખપ જેટલો કોલસો આખી દુનીઆને (૩૦૦૦) તરણ હજાર વરશ સુધી પુરો પાડવામાં આવે. પણ હમણાના ખપ કરતાં જો બમણો જથો જોઈએ તોબી ઉતર અમેરીકા ખંડ મધે એટલોતો કોલસોછે કે તે (૨૦૦૦૦) વીસ હજાર વરશ સુધી પુરો પડી શકે.

**ભુલથીબી કોઈ વખત સારૂં ફલ નીપજેછે**—ઈટાલી મધે એક કુવો ખોદનારની ભુલ થઈ તેથી સેંકડો વરશ ઉપર ધરતી કંપથી દટાઈ ગએલાં હરકીઉલેનીઅમ નામનાં નામીઆં શેહેરની શોધ થઈ. દરીઓ ખેડવામાં એક વાંહાણના કપતાનની ભુલ થઈ તેથી માદેરા નામના ટાપુની શોધ લાગી. નીઉ ઈઆરક શેહેર મધે એક વખત એક બગી હાંકનારની ભુલથી બગી ઉંધી વળી ગઈ તેથી કરીને તાંહાંના નામાંકીત સરદાર વાશીંગટનનો જનમ થએઓ.

**અમેરીકાના વતનીઓ**—નીઉ ઈઆરક ખાતે છાપતાં મારનીંગ કરાનીકલવાલો જણાવેછે કે અમેરીકાના વતનીઓને કઠણ મેહેનત કરવાનું ના પસંદછે; અને અગર ઈંગરેજ તથા જરમન લોકો અમેરીકા મધે આવીને વસીઆ ન હોતતો એ ખંડ મધે નેહેરો, ખાણો અને લોહોડાની સડકો બનતજ નહીં.

**જમીન નીચે રેલવે**—લંડન મધે નદીની નીચેથી રસતોછે તે વીશેતો વાંચનારી બેહેનોને ખબર હશે. હાલ એ વીજ રીતે જમીનની નીચે એક રેલવે બાંધવાની ગોઠવણ થઈછે અને એ જમીન નીચેનો રેલવે બાર મહીનાની અંદર તઈઆર થશે એમ કેહેછે.

**કાગળ બનાવવાની રીતમાં નવી શોધ**—તંબાકુના રોપાના પાતરાંઓમાંથી કાગલ બની શકેછે એમ હાલ શોધ કરવામાં આવીછે. માટે જે ઠેકાણે શીગાર એટલે મીરૂટ બનાવતા હશે તાંહાં એ રીત અજમાવવામાં આવશે એમ સંભલાએછે.

**એક અગતનો સવાલ**—માણસ જાતની જીંદગી ટુકીછે, અને તેનું ટુકાપણુ દેખાડવાને તેને બીલસ જેવી ટુકી કેહેછે. કોઈ વખતે હસસું, કોઈ વખતે રડશું, કોઈ વેળા મોજ અને કોઈ વેળા લગનનું ગાએણુ અને કોઈ વેળા મરણના મરશીઆ સાંભળીશું. અને એમ કરતાં કરતાં આપણી જીંદગીની રમત પુરી થશે અને દુખ દેનાર તથા દુખ ખમનાર બેઉ જણા ચાલેઆ જશે. જીંદગીનો તો આપણને આવો ભરોસોછે તારે શું આપણને લાગેછે કે આપણે એકબીજાને ધીકારીએ ?

**લંડન શેહેર મધે** ૩૦૦૦૦ તીસ હજાર ઓરતો સોએ જેવા નાનકડા હથીઆરથી પોતાનું ગુજરાન ચલાવેછે એમ ગણતરી કરવામાં આવીછે.

**ઈંગલંડ મધે રૂનો ખપ** દર વરસે ઈંગલંડના રૂના કારખાનાઓમાં ૧૦૦૦૦૦૦૦૦૦ એક અબજ રતલ રૂ ખપેછે તથા એ ધંધામાં ઈંગરેજોના એકસો રોહોડ અબજ રૂપીઆ રોકાએછે. રૂના વેપાર અને કારખાનાઓમાં દસ લાખ ઈંગરેજો કામે લાગેછે, અને રૂના વેપાર ઉપર ચાલીસથી પચાસ લાખ ઈંગરેજો પોતાના ગુજરાનનો આધાર રાખેછે. હમણા રૂને માટે ઈંગરેજો અમેરીકાના સવતંતર રાજો ઉપર આધાર રાખેછે પણ હવેથી એ પદારથનો પાક હીંદુસથાન અને ઈંગરેજ સરકારનાં બીજાં સસથાંનોમાં વધારવાને ઘણી જ કોશેસ થાએછે.

**ઘડીઆલનો ખપ**—ઘડીઆલ ઘણુ ઉપીઓગી પદાર

થછે એ કોઈથીબી ના કેહેવાશે નહીં; એ ઉપીઓગી ચીજનો ખપ હાલ વધતો જાએછે. ઈ૦ સ૦ ૧૮૫૮ માં એટલે તીજે વરશે ગરેટ બરીટન ખાતે ૩૪૬૮૯૪ તણ લાખ છેતાલીસ હજાર આઠસો ચોરાણું ઘડીઆલની આએઆત થઇ હતી. એજ વરશે લંડન શેહેર મધે ૮૩૬૧૪ રૂપાંનાં અને ૨૬૮૭૦ સોનાના ઘડીઆલ બનેઆં હતાં; મેંસટર શેહેર મલે ૧૩૬૪૮ રૂપાંનાં અને ૮૨૦૦ સોનાનાં બનેઆં હતાં; કવેંટરી શેહેર મધે ૧૬૦૦૦ રૂપાંનાં ઘડીઆલ બનાવવામાં આવેઆં હતાં. એ વરશમાં ઈંગલંડ મધે બધા મલીને ૧૪૮૩૨૩ એક લાખ, ઉડતાલીસ હજાર, તણસો તેવીસ ઘડીઆલ તઈઆર થએઆં હતાં.

**સાદો હીસાબ**—આફરીકા ખંડનો એક મુસાફર રેતીના મેદાનમાં તરસનો મારેઓ એક ઉંડા કુવા પાસે જઈ પુગો. તે કુવાની ઉંડાઈ તપાસવા તેણે કુવામાં એક પથર ફેંકેઓ તે તરણ સેંકડે પાણીની સપાટીએ પુગો તારે પાણીની સપાટીવેર તે કુવાની ઉંડાઇ કેટલી હશે વારૂ ! વળી એક પથર તેણે એક ખાડામાં નાખેઓ તે સાડી ચાર સેકંડે ખાડાને તલીએ પોહોચેઓ તારે તે ખાડાની ઉંડાઇ કેટલી હશે તેની કહો. પદારથ વીગનીઆનનો એવો કાએદોછે કે જેટલી સેંકંડમાં ખાડા અથવા કુવાના પાણીની સપાટીએ પથર પડે તેને તેટલીજ સંખેઆએ ગુણાને જે ગુણાકાર આવે તેને ૧૬ (સોલે) ગુણવું, અને તે ગુણાકારનો જે જવાબ આવે તેટલા ફીટ ઉંડાઈ ( અથવા જો પાહાડ ઉપરથી પથર નાખેઓ હોએ તો ઉંચાઈ ) સમજવી.

**તુરકી સરકારની પેદાસ** વીશે હીસાબ ગણવામાં આવેઓછે તે ઉપરથી માલુમ પડેછે કે એ સરકારને દર વરશે ૧૧૦૦૦૦૦૦ અગીઆર કરોડ રૂપીઆની પેદાસછે.

**તંબાકુ અને દારૂથી મળતી જગાત**—એ બે ચીજોમાંથી ફક્ત ૨૬૫૦૦૦૦૦ સાડી છવીસ કરોડ રૂપીઆની જકાત ઈંગલંડની સરકારને દર વરશે મળેછે. છ કરોડ રૂપીઆ તંબાકુ તથા તપખીરમાંથી અને સાડાવીસ કરોડ રૂપીઆ દારૂ અને દારૂ બનાવાવાનાં પદારથોમાંથી. માંડવીની જકાત તથા દેશ મધે બનતી જણસો ઉપર ઠેરવેલા કરની પેદાસ ઈંગલંડ સરકારને દર વરશે ૪૪૦૦૦૦૦૦ ચુમાલીસ કરોડ રૂપીઆનીછે. ઇનકમ ટાક્સ અને લાઈસેનસ ટાકસની પેદાસતો જુદી.

## હલકી જાતની સ્ત્રી વીશે ગરબી.

"ઓધવજી સંદેશો કેહેજો શામને"
એ રાગનીછે.

જેના ગુણ હલકા તે હલકી જાતની,
ઓળખીએ દેખીને એ એંધાણજો;
લુંડીને શીર છોપન લુંડી ભાતની,
વચન શુણીને કરીએ જાત વખાણજો. જેના ગુણ૦ ૧

કાળે રંગેછે કોયલ ને કાગડો,
પણ બેમાંથી બોલે જે કોઈ બોલ જો;
રૂડો સ્વર શુણીએ કે શુણીએ રાગડો,
ત્યારે તેના કુળનો કરીએ તોલ જો. જેના ગુણ૦ ૨

ગુણ જુદો ખરસાણીનો ને ગાયનો,
દેખીતું તો સરખું દીશે દુધ જો;
સારો સરજ્યો રંગ સપેત સદાયનો,
એક ભલું ને એક ઘણું અશુધ જો. જેના ગુણ૦ ૩

રંગેતો રૂપાળી ભાળી ભામની,
અંગે સજીયા શોભીતા શણગાર જો;
પણ કુલટા કે કપટી તે શા કામની,
લોક તણી નહી જેને લાજ લગાર જો. જેના ગુણ૦ ૪

સસરાજી સાસુજી સામું બોલતી,
સ્વામીનેતો સદા કરે સંતાપ જો;
બીજા ખોટાં વેણ મુખેથી બોલતી,
આળસ આણી ઉંઘે અદકું આપ જો. જેના ગુ૦ ૫

સંપી જપીને બેસે નહી સુખમાં,
કજીયો કરીને કરે હમેશાં કલેશ જો;
દાહાડા કાઢે તે દુરભાગણ દુખમાં,
દીલ રૂઠે તો ઉજડ વાળે દેશ જો. જેના ગુણ૦ ૬

દુષણથી તો દીલમાં લેશ ડરે નહી,
માને નહી ઘરડાં જનની મરજાદ જો;
અથડાતી જાતી ઘરબાર અહીં તહીં,
વહાલામાં વાવે જઇને વીખવાદ જો. જેના ગુણ૦ ૭

પેઉને વચને પંથન ચાલે પાંશરે,
આડી ચાલીને પામે આનંદ જો;
સારી રીતે રોજ રહે નહી સાસરે,
છળ કરીને જન છેતરવાનો છંદ જો. જેના ગુણ૦ ૮

કરોધ ભરેલી ભાળી કાળી નાગણી,
દયા નયાતો દીલથી રાખે દુર જો;
રંડાપામાં રાજી પાજી પાપણી,
જાણો એનુ જીવતર વ્યરથ જરૂરજો. જેના ગુણ૦ ૯

કંથ તણાં શોષી લેવાને કાલજાં,
શાં સારૂ એ સરજી સરજનહારજો;
વીશવ હતું રચવું આવું વીશાળજયાં,
કયારે નવરો બેહોતો કરતાર જો. જેના ગુણ૦ ૧૦

મોટા કુલવાલી મોટાં મા બાપની,
પણ જેના દુરગુણ દીશે પ્રખ્યાત જો;
પઈસા ભારે બીહીક ન જેને પાપની,
જાણો તેની જરૂર નીચી જાત જો. જેના ગુણ૦ ૧૧

કાન ધરીને શુણજો સરવે કામની,
વળી વીશેષે કરજો કાંઈક વીચાર જો;
રૂડી શીખામણછે દલપતરામની,
સમજી લેશોતો તેમાંછે સાર જો. જેના ગુણ હલકા૦ ૧૨

# સ્ત્રીબોધ.

પુસતક ૪ થું　　　અકટોબર ૧૮૯૦　　　આંક ૧૦ મો.

## જાદુ કાટલના વેહમમાં પડેલી એક સ્ત્રી.

("કાગનું બેસવું ને તાડનું પડવું.")

બેહનો ! હું તમને પારસીની એક કુળવાન સ્ત્રીની વાત કહું. તે વાત ખરીછે માટે તેણીનું નામ જણાવવું ઘટારત નથી. એ સ્ત્રી સમજુ અને ડાહી કેહવાએછે. તે ઊંચા કુળનીછે તેમ મોટા મનનીબીછે. કેટલીએક અગનાન અને વેહમી સ્ત્રીઓ હરમાનને પોલી ચહડાવેછે તથા ઘણીએક જાતની માનતાઓ કરે છે તેમ એ સ્ત્રી અગનાન અને અણઘડ નથી. પણ એક દીવસે તે સ્ત્રીને પોતાના પડોસની સ્ત્રી સાથે ઘણી બોલચાલ થઈ અને તેથી તેઓ વચે દુસમેની ઊતપન થઈ. તે સ્ત્રીએ પોતાના ગુસામાં એવું જણાવીઊં કે તું હવે કદી સુખથી રહી શકનાર નથી. એ વાતને થોડાએક દીવસ નહી થયા એટલામાં એવો સંજોગ બનેઓ કે તેણીનો ભરતાર અગાઊની મીસાલે દીલ મુકીને તેણીની સાથે બોલે કરે નહી.

તે સ્ત્રી સમજુ હોવાને લીધે સબુરી પકડી. મહીનો થયો, બે મહીના થયા પણ તેણીનો ભરતાર મન મુકીને બોલે કરે નહી. તેનું દીલ તે કુળવાન સ્ત્રી ઊપરથી દીન પર દીન ઓછું થતું ગયું. તે વેહમી નહી હતી તોપણ તેણીને વેહમ ઊપજવા લાગો કે પેલી નીચ ઓરતે કાંઈ કામણ તેણીના ધણીને કરી મુકીઊં. એ વાતને જેમ વરસ અને બીજું વરસ ગુજરીઊં તેમ એ વેહમ વધતો ગયો. એક દીવસે તેણીના બીછાના હેઠલથી એક કાગજ તેણીને મલીઊં અને તેણીએ વીચારીઊં જે કોઈ જાદુગરે વીર ચલાવેઆછે. તે કાગજબી દેખાવમાં તેવુંજ હતું. લાલ અને કાલી શાહીએ ફારસી હરફો લખેલા હતા અને ચારે દશા બાંધી લીધેલી હતી. તેણીનો વેહમ વધેઓ. પોતાના ભરતાર સાથે અણબનાવનું સઘળું કારણ એજ છે એ વેહમ મજબુત થયો.

એક દીવસે તેણીના ભરતારના મીત્રનું તેણીના ઘરમાં આવવું થયું. તે બાઈને ઊદાસ જોઈને તેનું કારણ પુછીઊં. તે બાઈ એકદમ પોતાની આંખમાં આંસુ લાવીને તે મીત્ર આગલ રડી પડી અને પોતાના દુખનું કારણ જણાવવા લાગી. પેલું કાગજ બે દીવસ ઊપર બીછાના હેઠળથી મલીઊં હતું તે દેખાડીઊં. મીત્ર વીચારમાં પડેઓ કે બાઈ આવી સમજુ અને ભણેલી હોવા છતાં આવા વેહમમાં કેમ પડી ? થોડો તરત જોગ દીલાસો આપીને તે ચાલતો થયો અને ઘેર આગળ જઈને એક પત્ર લખેઓ અને તે બાઈ ઊપર વળતે દીને મોકલી દીધો. તે પતર આ ચોપાનીઊં વાંચનારી સઘળી બાઈઓને ઊપીઓગી જાણીને સદાબરો હેઠલ પરગટ કરીએછે:—

"પેઆરાં બેહન—

"આ તમારૂં કાગલ ઠાવકું મોકલીઊં છે. કાગલ જાદુ કાટલ અને વીર ચલાવવાની મતલબે કોઈએ નાખીઊં હોએ તોપણ એવું માતર કાગલનું એક ચીથડું જેના ઊપર કાળી શીહાઈનાં ને રાતી પોથીનાં પાણીએ લખેલા કેટલાક અખશરોછે, તેથી તમોને નુકશાન થશે એવું તમો જે ધારોછો તે તમારો વીચાર તદન ગલત અને ભુલ ભરેલોછે. બેહનજી, હું તમારા કરતાં વએ નાહનો છું માટે મને છાજે નહી કે તમને શીખામણ દેવાનું ખોટું ડોલ ઘાલું. પણ પેઆરાં બેહન, મારાથી મારાં મનમાં આવેલા સેહેજ વીચાર તમોને જણાવીઆ વગર ચાલતું નથી. પેઆરાં બેન તમારી હાલત તથા તમારી દશા તરફ

કોઈ મને ખચીત બેહદ દુખ લાગેછે, માટેજ હું થે
હુંક લખી જણાવીઊં છું. બેહેન તમારાં મનમાં જાદુ
તથા કોટલ તથા વીર તથા ચીઠી અને દોરો એવા એ
વા જે વેહેમોછે તેથી તમારા હકમાં કશું સારૂં થવા
નું નથી તે ચોકસ જાણજો. દુનીઆમાં જે ચીજો
છે નહી અને દુનીઆમાં જે ચીજોનો માતરે ખેઆ
લ અને વેહેમછે, તેવા વગર હસતીના ખીઆલો તમો
જેવાં સારાં, સમજુ અને ચારને શીખામણનાં દેનાર
માને તારે પછે કેટલું અણઘટતું થાએ વારૂ ?

"બાઈજી જો તમો સરવ શકતીમાન ઈશવરના
ઊપર એકીન રાખી, પાક પરવરદીગારને હંમેશ ત
મારાં મનમાં રાખી હરેક કામ કરશો તો સત જાણ
જો કે પરવરદીગાર તમોને હંમેશ ઈઆરી આપશે.
ગમે તેને દોરા ચીઠી કરવાદો—તમારા દુશમનો ત
મોને હલાક અને દુખી કરવાને ગમે એટલું જાદુ કો
ટલ કરે અથવા તમારાં ઘર ઓરડામાં જાદુ કોટલની
મતલબ ધરાવનારાં કાગલીઆં નાંખે તેને બેલાશક ના
ખવા દેવો, પણ જો તમો અંદરખાનેથી સાફ અ
ને માતર ખુદાતાલા ઊપરજ ઈતબાર રાખીને રેહશો
તો તમારા દુશમનનું કુશું ચાલવાનું નથી તે સત એ
કીનથી માનજો. સુખ દુખ માણસનાં હાતમાં નથી,
ચાહાવું જો ઈશવરનું થઈશે તો એક ઘડીમાં લીલાં
લેહેરને ઘડીમાં ફનામકાન કરી નાખશે. વાસતે બેહે
ની એવાં જાદુ કોટલ અથવા દોરા ચીઠીથી મુદલ બી
શોનાં. એવાં કોટલથી તમારો વર બાએડી વચેનો એ
ખલાસ તુટવાનો નથી. એવાં નજીવાં ચીથરાંથી ત
મારા એક બાલને પણ હીલો કે હરકત થનાર નથી.
પેઆરાં બેહેની, અગર જો તમારી જગા ઊપર કોઈ
કસમજ અથવા થોડી બુધીનું માણસ હતે તો તેને જ
રા લંબાણ કરીને સારી પઠે સમજાવતે, પણ તમ જે
વાં સમજુને ઘણું લંબાણથી કેહેવું નહી પડે.

"બેહેન ! હું વધારે દલગીર એટલા માટે છું
કે તમો તમારાં થોડાં તથા સેહજ દુખને ફકત વેહે
મના જોરથી એકદમ વધારીને પરવત જેવડું કરી
નાખોછો. બાઈ ખરૂં માંનજો કે તમો ધારોછો તેમ
જાદુ કોટલથી તમારી ઊપર દુખ અથવા જફા પડ
તી નથી. કોઈનાં કીધેલાં જાદુ કોટલથી તમોને કશી
અડચણ થવાની નથી. વાંસતે મનમાંથી એ વેહેમ કા
હાડી નાખી પવીતર ઈશવરનું નામ હંમેશ મોડાંપર
રાખીને જો ફરશો તો તેજ સાહેબ તમારી દાદ લેશે.
બાકી તમો એવો વેહેમ રાખી ધાસતીમાને ધાસતીમાં
દુખી દુખી થઈ જશો. ને જો મને માફ કરોતો કહું
છું કે કદાચ એ ખોટી ધાસતીની અબત તમોને એવી
તો ભરાશે કે તમારો પેઆરો જાન વટીક જોખમ
માં નાખશો. વાસતે ઓ સમજુ બેહેન એ ભુંડો ને
તદન ખોટો ખીઆલ તમારાં મનમાંથી એકદમ કાહા
ડી નાખો. તમારો ખાવંદ કોઈ વખત તમારી સાથ
ચીરડાએ, લડે અથવા બોલે નહી અથવા મોહોડું ચ
ઢાવે તો તે પરથી તમે એમનાં સમજો કે એતો કો
ઈએ કરી મુકીઊં કે એતો જાદુથી થયું. પણ એ
વી વખને ધીરજ અને સબુરી એખતીઆર કરી તમા
રા પેઆરા ભરતારને તમારી તરફ લેવાને રાત દી
વસ તજવીજ કરતાં રહો, અથવા તેવણનો ગુસો ઊતા
રવાના જે સારા ઊપાએ સુજ પડે તે કરો. અલબતાં
તમારા ધણી જે તમારી સાથે આટલા ચીરડાએઆં તે
વણને તમે કાંઈબી ખોટું અથવા ખરૂં કારણ આપી
ઊં હશે. વાસતે તેવણ સાથ હવે પછે એવી ચાલ ચ
લાવા માંડો કે તેવણ ગુસો વીસારે.

"ખરીવાત છેકે તમારા વરને તમારી તરફ પા
છા લેતાં કેટલી બધી મેહેનત પડશે અથવા કેટલાક
દાહાડા સુધી એવુંબી બનશે કે તે તમારી તરફ સીધું
મોહોડું કરી જોશે પણ નહી. તોપણ બેહેની ! તે સ
ઘળાંની દરકાર કરીઆ વગર જો તમો હમેશ હસતે
મોહોડે તમારા ધણીની સાંથે આવીઆ કરશો તો અ
લબત વેહેલે નહીને મોડથી પણ તમારા ધણીનો કરોધ
નરમ પડશે. ને તમારી ફરીઆદનું સેવટ આવશે. પ
ણ એ અને એવાજ બીજા સેહેલા ઊપાએઓ કરવા
ના મુકી દઈ તમો જો માતરે રાત દીવસ એવોજ વેહે
મ રાખીઆ કરો કે બસ એતો ફલાણીએ મારા વર
ને કરી મુકીઊં, ફલાણીનાં ઘરમાં મારા વરે ખાધું અ
થવા ફલાણીને હાતનું પાણી મારા વરે પીધું તેથી તે
નું માથું ખીસીઊં ને મારા પરથી તેનું દીલ ઊતરી
ઊં.. તો બેહેની ! એવા ખીઆલથી તમારી કેહેવી
હાલત થઈ પડવાની વારૂં ? શું તારે તમે એમજ ધા
રોછો કે આ દુનીઆમાં પરમેશવર કરતાં પણ કોઈ
વધારે શકતી ધરાવનાર માણસોછે, કે જેમને તમો આ
દુગરોને નામે ઓલખોછો ? ના બેહેન ના, ઈનશાન
ની તાકાત નથી કે કોઈબી રીતે ઈશવરની બરોબરી

તો રહી પણ ઈશવરનાં કામો તથા તેની કરામતોના સોમાં બલકે એક લાખમાં ભાગની પણ બરાબરી કરી સકે. જો બેહેન, એવું બનતું હતેજ તો પછે ખુદાને કોણ પીછાંનતે વારૂં ? તારે તો સઘળા જણ એજ કામ લઈ બેસતે ને સઘળા ઈશવરી દાવો કરતે. આવી રીતેનો ફકત વીચાર કરવો એજ જારે ગુનાહ ભરેલું અને નહી માફ થઈ શકે એવી સજાને લાએકનું તે કામ છે, તો પછે પેઆરાં બેહેની તમો તો એજ વીચાર ધરાવોછો ! એટલુંજ નહી પણ તે સઘળી વાત ખરી માનીને તે બને તેવીછે એવું ધારોછો. એ ખરેખર ભારે દીલગીરી તથા અફસોસની વાતછે. કોણજાણે કદાચ તમો જે એવા પાપી વીચારો મનમાં રાખોછો તેથીજ તમારા ઊપર, આટલું દુખ પડતું હશે.

"વાસને પેઆરાં બેહેની ! એ વાતનો તો મુદલ વીચારજ નો કરતાં. 'કાગનું બેસવું' ને 'તાડનું પડવું' એવી એક કેહેવાત જે આપણાં લોકોમાં સાધારણ થઈ પડીછે તે શું તમો જાણતાં નથી વારૂં ? તેજ પરમાણે તમારી ઊપર વીતું હોએ; એટલે તમારા દુશમને એમ કહીઊં કે તમો સરવ પરકારે હેરાન થાઓ એવું કરી મુકું અને તે પરમાણે કદાચ તેનું કેહવું ખરૂં પડીઊં, ઈઆને તમારી ઊપર દુનીઆના કેટલાએક સંજોગથી કેટલીક મુદત સુધી આવી પડી હોએ તે ઊપરથી તમારા જેવી હાલતનાં માણસનાં મનમાં મજબુત વેહેમ બેસે એમાં ઘણી નવાઈ નથી, તોપણ તમો સમજો બેહેની એ ઊપલી તાડ પડવાની કેહેવાત ઊપર વીચાર રાખવો જોઈએછે. તમારા દુશમનનાં બોલવા પછે તમારા ઊપર દુખનો બોજો આવી પડીઓ તે ઊપરથી તમો એવીજ સંકા રાખોછો કે એનેં કાંઈ કરી મુકીઊં ને છુપા વીર ચલાવી તમને ધાંન-માનમાંથી કેટલેક દરજે કહડાવી, તો શું તારે તમો આએબી કબુલ રાખોછો કે કાગડો બેઠાથી તેના ભારે કરી આવડો મોહોટો તાડ પડી ગએઓ વારૂં ?

"ના, ના, બેહેન એવા ખોટા વેહેમ તમને રાખવા ઘટે નહી. તમો જો એકવાર તમારૂં મન શાંત અને ધીરજ ભરેલુ કરી એ વાત ઊપર લગાર ગંભીરાઈથી વીચાર કરશોનો બેશક તમારી ખાતરી થશેકે તમો જે એ વીચાર અને ખીઆલ રાખોછો તે કાંઈ નહી પણ ફકત વેહેમ અને મનની કલપનાછે. મને વધારે અચરતી એટલા ઊપરથી લાગેછેકે તમો જે વેહેમોને માટે કેટલીક વેલાએ તમારી બીજી બેહેનપણીઓની ઠેકડી કરોછો અથવા કેટલીક વેલાએ તે બીચારીઓ આવી રીતના વેહેમમાં પડેલીછે માટે તમો બળાપો કરોછો, અને તેવીજ રીતના વેહેમમાં તમો પોતે માથાથી તે પગ સુધી ગરક થએલાં રહોછો. જે વેહેમી ઓરતો છોકરાં બચાં લેવાને દોરા ચીઠી અને જાદુ કોટલ કરવાની મુાનતાના વેહેમમાં પડેલી હોએછે તેમની કેટલીક વાર તમે ઠેકડી નથી કીધી વારૂં ? અથવા તેમનું દુખ ધરી તમે બળાપો નથી કીધો વારૂં ? એટલું છતાં બેહેન તમો પોતે આવા ખોટા વેહેમો રાખી ઈશવરના ખરા દરજજા તથા મરતબાને હલકુ લગાડો એ શું થોડું ગુનાહ ભરેલું ને પાપી કામછે વારૂં ?

"બેહેન આપણે એક ચીજ ગુનાહ ભરેલીછે એવું જાણતાં નહી હોઈએ અને અણજાણ પણે તે ગુનાહ ભરેલી ચીજ કીધી હોએતો એક બારગી તે અણજાણો ગુનાહ ઈશવર માફ કરશે, પણ એક કાંમ ગુનાહ ભરેલું જાણીઆ છતાં તે કીધું તો તેની માફી શી રીતે મલે વારૂં ? અને તે સાથે બીજા સઘલા ગુનાહો કરતાં આંતો સઊથી મોટો અને અજીમ ગુનાહ ગણાએછે કે ખુદા તાલાની ખરી ખુબી અને બુજરગી વધારવાને બદલે ઓર તમો તે અજીમ કુદરતના સાહેબને માનવી કરતાં પણ હલકે દરજજે ગણોછો ! અફસોસ ! હું કહુંછું તે ખરૂજ માનજો બેહેન કે જાંહાંવેર તમો તમારાં મનમાથી આવા બુરા ને પાપી વીચારો દુર કરશો નહી તાંહાંવેર તમારાથી ખરૂં સુખ ભોગવાવાનું નથી.

"તમો કહોછો કે જેવારથી એ જાદુઈ ભરેલું કાગજનું ચીથડું તમારા જોવામાં આવીઊંછે તારથી તમો ફકર અને અંદેશામાં એટલાતો પડીઆંછો કે તેથી તમારી રાતની ઊંઘ ને દીવસની ભુખ જતી રહીછે, તથા તમારૂં મન ચકર ભમ થએઆ કરેછે, તથા તમોને કાંઈ કામકાજ સુજ પડતું નથી ને દીવાંના બાવરા માણસની પઠે તમો ફરોછો. તો એ તમારાં બોલવા ઊપરથીજ સાફ માલુમ પડેછે કે તમો એટલાંનો વેહેમી છો કે ફકત એક કાગલનો કાપલો, જેના ઊપર લાલ અને કાલા દસકતો માતરે લખેલાછે તે ઊપરથી તમો એટલાં બધાં હેરાન થએઆંછો. તો હવે બેહેન જરા મને જવાબ દેશોકે તમોએ ઊપર જણાવેલી તમારી

હાલત શાથી થઈ વારૂ ! શું પેલા કાગલનાં કાપલાથી ? કાગલના કાપલાએ એટલું બધું તે શું જોર મારીઊં કે તમારાં ઊપર આટલી બધી અશર થાઈ વારૂ ! તારે તો તમો હવે એજ ખેઆલમાને ખેઆલમાં ફરો ને ઘભરાએલાં અને કોઈ બીજી રીતની ખરાબી કરેને પછેબી એમજ જણાવો કે એતો પેલાં જાદુઈ કાગલથી થયું ! એમ કેમ બને વારૂ. તમો સાફ બોલોછો કે તમોએ જે ખોટી અને કાંઈ નહી પણ ખોટી ફીકર મનમા ધરીછે તેથી તમને તરેહવાર અંદેશા ઊતપન થાએછે. અને તેના જોરથી તમારાં મન ઊપર ખરાબ અસરો થાએછે. બાકી કાગલનો એમાં કાંઈ ચારો નથી. શેહેલો ઊપાએ એજછે કે મન સાફ અને ખુલું કરી મનમાથી એ સઘલો ખોટો ખીઆલ ને વેહેમ દુર કરોતો પછે આપોઆપ તમને જણાશે કે એ જાદુના જોરથી થયુંતું કે તમારા વેહેમના જોરથી થયું. હાલ એજ અરજ."

## ભરતારને બંધીખાનામાંથી છોડાવનાર એક સ્ત્રી.

વાંચનાર પેઆરી બેહેનો, આ નીચે દાખલ કરેલી એક ખરી બીના તમો બેહેનો આગલ મુકીછે. એ વાંચી તે ઊપર જરા ધીરજથી વીચાર કરશોતો તમારા જોવામાં આવશે કે. ડાહી, શાની, ભલી અને એ દીનદાર ઓરત જરૂર અને દુખની વખતે પોતાના ભરતારને કેવી અને કેટલી ઊપયોગી થઈ પડેછે. પરમેશવરે આ દુનીઆમાં ઓરત મરદનાં જોડાં જે કીધાં છે તે કરવામાં તે અજીમ કુદરતનાં સાહેબે બેહદ ડાહાપણ ખરચેઊંછે. મરદને તેની સઘળી અડચણોની વખતે જીગરના દોસત દાખલ મદદ કરનાર તેની એક પેઆરી ઓરત સીવાએ આ દુનીઆનું બીજું કોઈબી માણસ મળી નથી આવવાનું; જે પોતાને નરમ અવાજે અને શીરીન જુબાને દુખી દીલના ધણીનું દુખ અને ગમ વીસરાવે. તેમજ એક ઓરત જારે એમ સમજેછે કે હું માહારા વાલા ભરતારની સંભાળ તળેછું—મારા ઊપર જો લાગ ચોઘડીએ કાંઈ દુખ અથવા સંકટ આવી પડીઊંતો તેનુ દરદ પોતાના મનમાં ધરી તેથી મને મોકળી અને આજાદ કરવાને મારે માથે માહારો એક ખરો દોસત અને જીવનો હારછે, તો તેણીને એવા વીચારથી જે આનંદ ઊપજેછે તેવા આનંદ આ દુનીઆનાં બીજા એક વીચારથી ઊપજતો નથી. એવી રીતે સ્ત્રી પુરૂશનાં જોડાંથી અરસેપરસ એક બીજાને લારે મદદ કરી આપવાનું સાધન ઈશવરે કરી આપીઊંછે; જે મરદ અથવા ઓરતો એ સાધનનો ખરેખરો ઊપઓગ કરેછે તેમને કેટલો આનંદ થતો હશે વારૂ ? તેઓ આ દુનીઆમાં અને તેમજ પેલી દુનીઆમાં કેવાં સુખી રેહેતી હશે વારૂ ? અને એ સઘળાં ઊપરાંત તેઓ પોતાની ખરી ફરજો બજાવી પોતાનાં પેદા કરનાર હજુર કેવાં સરૂખરે મોહાડે જાએછે વારૂ, તેનો કોઈ દાહાડે પણ તમો બેનીઓએ એકાંત બેસી વીચાર કીધોછે?

કેહેછે કે નામીચો ગરોસીઅસ જારે બંધવો થઈ બંદીખાને પડીઓ હતો, તારે તેની બાઅડીએ પણ પોતાના ભરતારની સાથે બંદીખાને પડી પોતાનાં ધણીનું દુખ પોતાથી બને તેમ વીસરાવવાનો એરાદો રાખી તે પણ તેની સાથ કેદખાનામાં રેહેવા ગઈ હતી. ગરોસીઅસે જે કેટલાક ગરંથો રચીઆછે, તેમાનો કેટલોક ભાગ તેણે બંદીખાનામાંજ રચીઓ હતો, એ વખતે એને જોઈતાં પુસતકો બંદીખાનામાં લઈ જવાને અને વપરાએલાં પુસતકો પાછાં મોકળવાને છુટ મળેલીહતી, માટે ગરોસીઅસે પુસતકો લઈ જવા લાવવા માટે એક મોહાડી પેટી કરાવી હતી, જેમાં વારે ઘડીએ પુસતકો બંદીખાનામાં લઈ જવામાં આવતાં હતાં, તેમજ પાછાં તેને વગે પણ પુગાડવામાં આવતાં હતાં. એવી વખતે પોતાનાં વરને કેદખાનામાથી કોઈબી રીતે મોકળો કરવાને ગરોસીઅસની બાએડી તરેહવાર ઈછકતી તથા કલપના કરતી હતી; તે રાત દીવસ પોતાના ભરતાર આગલ પડી રેહેતી તેથી કેદ પડેલું એકલું માણસ કેવું દુખી અને હેરાન રેહેછે તે સઘળું તેણીની સમજમાં આવીઊં હતું.

પોતાના ભરતાર તરફની પોતાની ખરી ફરજ બજાવવાની હોંસ તથા તેના ઊપર તેણીનો જે પેઆર હતો તેના જુસામાં તેણીએ એક ઘણી સારી તદબીર શોધી કાહાડી. તેણીએ વીચાર કીધો કે જે પેટીમાં રોજ પુસતકો લાવવા લઈ જવામાં આવેછે તેજ પેટીમાં જો એક દીવસે મારા ભરતારને હું મોકળી દઉંતો તે બની શકે એવુંછે, સબબ કે. બંદીખાનાનો દારોગો, જે પેહેલાં હંમેશ પેટીના ઝાડા જોતો હતો, તે


કાંઈ હવે ઝાડા લેતો પણ નથી, કારણ તેની ખાતરી થઈ ચુકીછે કે પેટીમાં ફકત પુસતકો આવેછે ને પાછાં જાએછે. એ તદબીર તેણીનાં ધીઆનમાં આવીઆથી તેણીએ તે ઊપર અમલ કેમ કરવો તે ઊપર ધીરજથી ને ચોકસ હઈએ વીચાર કરવા માંડીઓ. વીચાર કરી તેણીએ એવું ઠરાવીઊં કે બંદીખાનાના દારોગાને કશી વાતનો વેહેમ ન પડે માટે એકાદ બે દીવસ પોતાના ધણીને સમજાવીને માદો પાડવો અને તેનાં દુખથી પોતે ઘણી હેરાન થતી હોએ એવું ડોલ ઘાલવું. આણી તરફ બીચારો ગરોશીઅસબી એટલોતો કંટાળી ગએઓ હતો કે કોઈબી રીતે પોતાનો છુટકારો મેળવવાને ભારે ઈંતેજાર હતો, તેવામાં જયારે તેની ભલી બાએડીએ તેને આ હીકમત બતલાવી તારે તેણેને એકદમ કબુલ કીધું, ને લાગટ બે દીવસ સુધી માંદા માણસની પઠે તે આજારી રહેઓ, ને તેમજ તેની બાએડીએ પણ ઊપરની ઊપર રહી પોતાની હીકમત જાહેર નહી પડે એવી તજવીજ રાખી. બંદીખાનાના દારોગાએ ગરોશીઅસ માંદોછે એમ ધારી તેની દરકાર કીધી નહી, તેવામાં તરીજે દાહાડે પુસતકો. ભરી મોકળવાની પેટીમાં પોતાના ભરતારને સુવાડી જલદી તે પેટી અગાઊથી મુકરર કરી મુકેલી જગાએ પોતાના એક ખેસીને ઘેર મોકલાવી દીધી, જાંહાં જઈ પુગતાંજ ગરોશીઅસ બાહેર નીકળી બીજે ગામ જતો રહેઓ.

એ પેટીમાં પેલી ઓરતે દુર અંદેશાથી થોડાંક આંધરાં પરાવી મુકીઆંતાં, અને જે જગા ઊપર તે આંધરાં પરાવેલાં હતાં તે ઠેકાણે પોતાના ધણીનું માથું મુકાવીઊંતું કે તેને દમ લેવાને હવા મળી આવે, નહી તો તે ગુંગરાઈ મરી જાએ. પેટી મોકલેઆ પછે તે ઓરતે પોતાના ધણીનો લેબાસ પોતે પેહેરી તેની જગાએ સુઈ રહી હતી કે અગરજો બંદીખાનાનો રખેવાલ આવી જાએતો તે સુતેલો જોઈ પાછો જાએ. પણ તેવું કાંઈબી બનીઊ નહી અને જારે તેણીની ખાતરી થઈ કે હવે મારો ભરતાર સહી સલામત પુગો હશે ને તેને કશી વાતની અડચણ નહી હશે તારે તે હીમત કરી બાહેર નીકળી અને બંદીખાનાના રખેવાલ પાસ જઈ તેને સઘલી વાતે કહી તેને ઠપકો આપીઓ કે તે પોતાની ચાકરી બરાબર બજાવતો નથી કે આ રીતે બંદીખાનામાથી બંધવાઓ નીકલી નાશી જાએછે. ગરોશીઅસની બાએડીને મોહોડેના આ શબદો સાંભલી તે રખેવાલને ભારે તાજુબી ઊપજી, પણ હવે કરે શું પોતાની ગેફલત થઈ તો પછે પુછે કોણને? કાંઈ વરને બદલે તેની બાએડીનેતો કેદ કરી શકે નહી. આ પરમાણે પોતાનો વરનો છુટકારાની સારી પઠે ખબર ફેલાવીને પોતે તેની પાછલ ઠરાવેલે ઠેકાણે તેને જઈ મલી.

પોતાના ભરતારને બંદીખાનામાથી આજાદ કરવાને ગરોશીઅસની બાએડીએ ગમે એવા ઊપાએઓ કામે લગાડીઆ હોએ, તોપણ તે ઊપરથી આટલુંતો સાબેત થાએછે કે એક ઓરત પણ પોતાના ધણીને આટલી બધી મદદ કરી શકેછે. ખરેખર જો બીચારા ગરોશીઅસની શાથે તેની વાહાલી બાએડી કેદખાનામાં ગઈ નહી હતે ને તેણીએ આવી અજાએબ કરામત નહી કીધી હત તો કોણ જાણે બીચારા ગરોશીઅસના કેવા હાલ થાત.

---

## આપણી દુનીઆ.



માયાલુ પરમેશવરે આપણી દુનીઆમાં જુદી જુદી ચીજો પેદા કીધીછે. કેટલીએક ચીજોમાં જીવ નથી. અને તે એક ઠેકાણે પડી રેહછે, તથા પોતાની મેલે વધતી નથી અને એક જગા ઊપરથી બીજી જગા ઊપર જઈ શકતી નથી. બીજી ચીજોમાં જીવ હોએછે તેવી ચીજો હમેશ વધતીજ જાએછે અને પોતાની જાત બીજી ચીજો ઊકરવાની શકતી ધરાવેછે.

વાંચનારી બાઈઓ, કદાચ મારૂ બોલવું બરાબર તમો સંમજીઆ હશો નહી. એક દાખલો. લઈએ. એક તરફથી એક પથરના કટકાની તપાસ કરો તેને એક ઠેકાણે મેલશોતો, તે તાંહાંજ પડી રેહશે, જરાપણ પોતાની જગા ફેરવવાનો નથી. તેહેનું કદ પ

ણ તેટલુંજ રેહેવાનું. પણ એક નાખેલાં ઝાડને જુ આ તે કેવું વધતું જાએછે; તે એકજ ચીજનું બને લું નથી, પણ જુદા જુદા ભાગમાં જુદી જુદી ચીજો છે. મોહોટું થાએછે એટલે તેનાં ઊપર ફુલ અને ફ લ આવેછે. પછે ફલ પાકાં થાઈ જમીન ઊપર પડેછે એટલે તે માહેલાં બીઆં પાછાં જમીનમાં ગુલીઆં લ ઈ અસલ રોપાનાં જેવાં બીજા ઘણાએક થાએછે. આપણા પોતાનો પણ દાખલો લેવો. પેદા થઈઆ ની આગલ આપણે શું હતાં. આ દુનેઆમાં આવેઆ તેવારે કેહવાં નબલાં હતાં અને હાલ આપણે કેટલા મોહટા તથા બલવંત છઈએ.

તારે ફરી વીચાર કરીએ. આપણી દુની આમાં શું શું વશતુઓછે. અતીઘણી અને તેના બે ભા ગ વીદવાનો કરેછે. "નીરજીવ" એટલે જે ચીજમાં જીવ અથવા જાન ન હોએ તે અને બીજી "સ જીવ" એટલે જીવ વાલી નીરજીવ ચીજોમાં સોનું, રૂપુ, લોહોડું અને બીજી ધાતુઓ આવે છે, પથર અને પાહાડ—એ પણ નીરજીવ ચીજોછે. ધાતુઓ વગરે ઊપલા ભાગમાંની પદારથો જમીનની અંદર ઊડાનેમાં પડેલાંછે. જમીનની સપાટી ઊપર સુવેલાં જાહાડ, પાન, અને જાનવરોની રાખ વગરે મટોડીનું થરછે, તે સરવેને જાણીતુછે.

મટોડી ઘણા અગતના કામમાં આવેછે. મટો ડીના પાંણીના માટલાં, છાપરાના નલીઆં, વાસણ, કુલાં, ઈટરડી અને બીજી ઘણીએક ચીજો અતરે બનાવેઆમાં આવેછે. વલી કેટલાએક દેશોની મટોડી ઘણી ઊમદા હોએછે, તેના ઘણાં સોબઈતા વાસણો વીગરે તરેવાર સામાન બનેછે. ચીનાઈ પીઆલાં, ર કાબી, બરણી, એ તમોએ જોયાં હશે. એ સઘલાં મટો ડીના બનાવેલાંછે. મટોડી માતરે વાસણ બનાવવા ના કામમાં આવેછે એટલુંજ નહી, પણ તેના અંદ ર ઘણાએક ખારછે જે જાહાડનું પોશન કરેછે. એ ઊ પરથી બાઈઓ તમો કબુલ કરશો કે મયાલુ ઈશવરે જમીનની સપાટી ઊપર કેટલીક ઊડાન સુધી મટોડીનો થર કીધોછે એ કાંઈ થોડી મેહરબાની તથા દાહાપણનું કામ નથી.

મટોડીના થરની નીચે સકત મટોડી તથા રેતી નો થર માલમ પડેછે. એની નીચે ચુનાના અને બી જી જાતનાં પથરો હોએછે, જે માણસ જાતને થો ડા અગતના નથી. આપણા ઘેરો જેમાં આપણે રહી એ છઈએ; જેથી આપણે પવન અને વરસાદથી આપ ણો બચાવ કરી શકીએ છઈએ, આપણી વખારો અને દુકાનો જેમાં હજારો રૂપેઆનો માલ ભરેલો હોએછે, આપણા કુવા અને તલાવો, કીલલા અને કો ટો એ સઘલાંની બાંધનીમાં ચુનો આવેછે. પછે કોલસા જે અતરેતો નહી પણ ઈંગલંડમાંના રેહેવાશીઓની મો હટી દોલત તથા બળછે, તે માલમ પડેછે. કોલસા ઘ ણી જાતના આવેછે અને તે બોટના સાચાં ઓ અને કારખાંનાઓમાં ઊપયોગી ગણાએછે. રે લવેની ગાડી જે ધમધમ અતરે સો કોશ ઊપર થોડા વખતમાં દોડી જાએછે, તે કોલસા નાખી આગ બનાવી પાણીની વરાલ બનાવેઆથી. લાકડાંના કરતાં કોલ સાનો તાપ ઘણો હોએછે; અને કોલસાના બળવાથી ધુંમાડો તથા રાખ ઘણી થોડી થાએછે, જેથી સાચાંને કોઈ પણ રીતે અડચણ પડતી નથી. આગબોટમાં પણ કોલસા વપરાએછે. કાપડ બનવાના સાચાઓમાં પણ કોલસાજ કામે લાગેછે.

એ સીવાએ જુદા જુદા ધાતુઓની ખાન જમી નમાં ઘણી હોયછે. સોનું, રૂપુ, લોહડું અને બીજી ધા તુઓ સોજી મલતી નથી. પણ તે બીજી ચીજો સા થે એટલીતો મલી ગએલી હોએછે કે સાધારણ જોના રથી તે કદી ઓલખાએ નહીં. એ સરવ પદારથોને ઘણી મેહનતે કચરામાંથી જુદાં પાડવાંમાં આવેછે; અને એ માટે હજારો માણસો કામે લાગેછે. બેહનો એ ઊપ રથી આપણે એક સીખામણ પકડવી જોઈએ. પરમે સવરે માણસના સુખને વાસતે સરવે ચીજ પેદા કીધી છે ખરી; પણ તે ચીજો કામે લાગી શકે હવી હાલત માં નથી. માણસે તે પદારથોને મેહેનતથી જુદાં કરવાં જોઈએ. મેહેનત વગર કાંઈપણ ચીજ મલી શકે નહીં. એ ઊપરથી માલમ પડેછે જે પરમેશવરે સઘળી ચીજો ઊતપન્ન કરતી વખતે એવું ઈછેલું છે જે માણસે પોતાની અકલના બલથી પોતાનું પોશણ કરવું તથા પોતાના સુખમાં વધારો કરવો. તારે જો આપણે આલસુ બે સી રહીએતો આપણે ભુખે મરીએ તેમાં નવાઈ શું!

૨. સજીવ ચીજોમા જાહાડ, જાનવરો, અને માણસ આવેછે. એ ભાગના બે વાભાગ કીધામાં આ વેઆછે—વનસપતી અને પરાણી. વનસપતી આપ ણને ઘણી રીતે ઊપયોગીછે. આપણાં ખોરાક સારૂ


ઘઊં, ચોખા, દાલ, વીગરે અનાજ વનસપતીમાંથી નીકલેછે. બધી તરકારી પણ જાહડોના ફલમાંથી મલેછે. જેમ માણસ અને જનાવરોના ખોરાકને માટે જાહાડ જરૂરનાછે, તેમજ તેઓ આપણી આંખને સંતોશ પમાડવાને પણ લાએકછે. વનસપતીનો રંગ લીલો હોવાથી બીજા બધા રંગો કરતાં તે આંખને ઘણી ઠંડક આપેછે. એ કરતાં વધારે આપણે સવાસ લેતી વખતે એક જાતની જેહેરી હવા ફેફસામાંથી બાહાર કાહાડીએ છઈએ. તે જાહાડો પોતે સવાસમાં લેછે, અને તેથીજ તેઓ જીવેછે. તેવો જે હવા બાહાર કાહાડેછે તે જાનવરને ઘણી અગતની અને જરૂરની છે. જાહાડોમાંથી કેટલાએક પદારથો મલેછે જે ઘણા સારા ગુણ ધરાવેછે, અને તેથી માણસના મોહડાં દરદો વેગલાં થાયછે. જાહાડ મરી જાએછે તેવારે તેનું લાકડું કાંઈ નકામું જતું નથી. લાકડાના ફાએદા વીશે વધારે બોલવાની અગત નથી.

હવે આપણે પરાણી વીશે થોડોએક વીચાર બોલીએ. સઘલાં પરાણીઓમાં હાલચાલ એક જગા ઊપરથી બીજી જગા ઊપર જવાની શકતીછે; એમ જાહાડમાં હોતી નથી. ઝીણા જીવડા, જેને "એની માલકુલી" કેહછે અને જે પાણીમાં ઘણા હોયછે, તે પણ પરાણી ગણાયછે. કીડા, માછલી, અને પખશી એ પણ પરાણીઓછે. પરાણીઓમાં સરવેથી ચડતા પોતાનાં બચાંને જીવતાંજ પેદા કરેછે તથા તેઓનું પોશન પોતાની છાતીમાના દુધથી કરેછે. પખશી પોતાના નાખલાં બચાને જીવતું પેદા કરતું નથી; તે માતરે એક ઈંડું મુકેછે. પછે આ ઈંડાંમાં તેનુ વાહાલું બચું કુદરતી બનાવોથી પેદા થાયછે. પછે પખશી પોતાની ચાંચવડી ઈંડાંના કોટલાને શેડી તે માંહેલાં ઝીણા પરાણીને બાહાર રસતો આપેછે. પણ માણસ અને ચોપગા જનાવરો પોતાના બચાંને પોતાના પેટમાં રાખેછે; જાહાં સુધી કે તે બાહેર દુનીઆમાં રેહવાને લાએકનું થાય તાંહાં સુધી તેનુ અંદર પોશન થાયછે. એવા સઘળાં જનાવરોને પરેણાબુધી આપીછે, જેથી તેઓ કેટલીએક આફતથી પોતે દુર રેહછે. એ પરેણાબુધી પખશી પોતાનો સુંદર અને રલીઆમણો માલો બાંધેછે. કુતરો પોતાના શેકાર તરફ માંતરે સુઘીને દોડેછે; અને તેહને પકડી કાહાડી પોતાના સેઠને લાવી આપેછે; કુતરા ઘણી વખતે ઘરની રખેવાલી કરેછે; ચીડીઓ એક ઘરમાંથી બીજા ઘરમાં લઈ જાયછે:—એ બધું તેઓ પરેણાબુધી થકી કરેછે.


માણસમાં પરેણાબુધી સીવાએ મનશકતી આપેલીછે. તેથી તે ખરાં અને ખોટાંને પીછાંની શકેછે પોતાનું ગુજરાણ કરવા સારૂં ખોરાક તઈઆર કરેછે, પોતાનું આંગ ઢાંકવા સારૂં કપડાં બનાવેછે, જંગલી જનાવરો અને પોતાના દુશમનોથી બચવાને હથીઆરો ઘડેછે, અને બીજી ઘણીએક નવાઈની અને આશચરીયકારક ચીજો બનાવેછે. માણસની વીચાર શકતીમાં દરરોજ સુધારો થતો જાયછે, તેમ જનાવરોની પરેણાબુધી વધતી નથી. બીજા જનાવરો એક કાંમ તેઓના વડવાઓએ કીધું હશે તેમજ તેઓપણ કરવાના. એક હજાર વરસ ઊપર પખશી જેવો માળો બાંધતું હતું તેવોજ આજે પણ બાંધશે. પણ માણસની હાલત જુઓ. દુનીઆની શરૂઆતમાં તે કેવો હતો, અને હમના તે કેહવો જુદોજ થઈ ગયોછે. બેહનો જીઆરે આગલા વખતની તવારીખ વાંચશો તેઆરે તમો આસચરીય થશો નહીં કે જે દુર દેશોમાં આગળ જવાઈ શકાતું ન હતું તીહાં હમના આગની બોટ તોફાની પવન અને નાશકારક મોજાની સાંમે લડતી લડતી પળકારામાં જઈ શકેછે. માણસની અકલ અને કારીગીરીના નમુના અપારછે જે આ ટુંકા હેવાલમાં ગણાઈ પણ શકાતા નહીં.

વાંચનારી બાઈઓ કદાચ તમો કેહશો જે એતો આ આપણી દુનીઆમાંની ચીજો વીશે તમોએ બાશંતર કીધું. પણ દુનીઆ પોતે શું છે? આપણે શાના ઊપર વસીએ છીએ? એ વીશે ટુંકામાં જણાવવાની રજા લઈજીયેછે. જેના ઊપર આપણે રહીયે છે તેને ધરતી અથવા પરથવી કેહછે. પરથવી ગોલ નારંગીના જેવીછે, એવું ગનતરીથી શોધી કાડેલીછે. જેઆરે તમોને કહીશ કે પરથવી કાંઈ સથીર નથી, એટલે પરથવી ઊભલી નથી, પણ તે હમેશ ફરેઆ કરેછે, તયારે શું તમો આશચરીય થાશો નહીં? તે બે રીતે ફરેછે. એકતો પોતાના ઊપર, જેમ એક સુતર કાંતવાના રેહટીઆનું ચકર ફરે તેમ અને બીજીતો સુરજની આસપાસ. બાઈઓ તમો એ કાંઈ ઠેકડી સમજતાનાં. કદાચ તમો એમ વીચાર કરશો કે જે પરથવી ફરતીજ હોય તો આપણને માલમ પડયા વગર રેહે નહીં. ધરતીની ગતી આપણને નહી માલુમ પડવાનું

કારણ એજે, તે ઘણી જડપથી ફરેછે. તમો કોઈ વખતે અગની બોટમાં બેશી દુર દેશ ગયાં હશોતો તમોને માલમ પડીઊં હશે ને જો તમો કેબીનમાં બેઠેલાં હોવ તો તમુને સમજ નહીં પડે કે બોટ ચાલેછે કે નહીં. એજ પરમાણે આપણી ધરતીનું ફરવું આપણને માલમ પડતું નથી. લોકોમાં એવા વીચારછે જે ધરતી એક સાપના માથા ઊપર અથવા ગાયના સીગડાં ઊપર મુકેલીછે, તે વાત ખોટી અને મનાએ નહી એવીછે. પરથવી માતરે તેની આસપાસની હવાની અંદર વીટલાએલી રહીલીછે; તે કોઈ પણ ચીજના ઊપર ઊભેલી નથી. પરથવી પોતાની આસપાસ ફરેછે તેથી થોડોભાગ સુરજની સાંમળે આવેછે અને બાકીનો નથી આવતો—તેથી એક જગાએ સુરજનું અજવાલું પડેછે, અને તાંહાં દીવસ થાયછે, બીજી જગાએ હંધારૂં પડેછે તાંહાં રાત થાયછે. સુરજની આસપાસ તે એક ગોલ આકારના રસતા ઊપર ફરતી નથી, પણ આ નીચેનાં ચીત્રમાં દેખાડીઊંછે તેમ ઈડાંના આકારના રસતામાં ફરેછે. માટે કેટલીક વખતે ને સુરજની ઘણી




નજદીક આવેછે અને તેવારે તાપની મોસમ બેસેછે. એજ પરમાણે કેટલીએક વખતે તે ઘણી દુર જાયછે તેવારે થંડીની રૂત થાયછે. એ ઊપરથી માલમ પડશે કે સુરજની આસપાસ ફરેઆથી ૪ રૂતું થાયછે. આપણી દુનીઆની આસપાસ એક બીજી દુનીઆનો ગોલો ફરતોછે જેને આપણે ચંદર કહીએછે. એ મહીનામાં ૧૫ દીવસ રાતરે અજવાળું આપેછે. ચાન પોતે રોશન નથી, પણ સુરજની રોશની તેના ઊપર પડેઆથી તે દેખાએછે. ચાનની અંદર વચમાં કેટલાક કાળા ડાહાગ તમોએ જોએઆ હશે. દુરબીનમાં જોયાથી તે ડાહગ કેવા દેખાએછે તેનું ચીત્ર અતરે આપીઊંછે. તે વીશે ફીલસુફો એવાં વીચારો આપેછે જે એ બે પાહાડ વચેની ઘણી ઊંડી ખાનછે.



આપણી બોહલી અને મોહટી દુનીઆ નાધલી નાધલી ચીજોથી બનેલીછે. મોહોટા તોફાન સાથના વરસાદથી જેટલું નહી થાય તેટલું નાધલા નાધલાં જાપટાંથી થાયછે. એકદમ પાણી પડીઆથી જમીન ફલવંત થતી નથી; પણ ધીમે ધીમે વરસાદના છાંટાઓ તેને ઘણી ફલદરૂપ કરેછે. તેમજ એકદમ ખેતરમાં મોહટી રેલ આવેઆથી પાક સારો થતો નથી, પણ ઊલટું કાંઈ વનસપતી ઊગેલી હશે તેનો પણ નાશ થશે; પણ ખપતા ખપતાં માલીના પાણી સીપવાથી ઘણો સુંદર પાક થાયછે. શરસતીનો હમેશનો ઓસ દેખઈતો કેટલો નજીવો અને થોડોછે; પણ તેના જેવું બીજું કાંઈ જાહાડ પાનને તાજું રાખી સકતું નથી. ઝીણી ઝીણી પવનની લેર ઘણી ખુશ અને મનપસંદ લાગેછે. આટલું બોલવાની મતલબ એછેજે દુનીઆમાં જે ચીજ નજીવી અને નાધલી દેખાય, તેને ફેકી દેવી નહીં, પણ આસતે આસતે એકથી કીધાથી મોહટો જથો બનેછે. જે બાઈ હરઘી દુકાની નજીવીછે એમ સમજી ક મારગે ખરચેછે, તે પોતાના ઘરને હમેશ આબાદ રાખનાર નથી. જે ઘણી એક પણ ખરાબ બોલ (ભલી ગમે તેવો નજીવો હોય) પોતાના મોડાંમાથી કાહાડશે નહીં, તે હમેશ સુધી બદઓઈથી બચવાનો. માટે વાંચનારી બાઈઓ તમારા ધીઆનમાં જે નજીવી ચીજો આવે તેને એકઠી કરીઆ કરજો અને સારે મારગે વાપરજો, એમ ના સમજતાં જે એ કાંઈ કામમાં આવશે નહીં. તમારે યાદ રાખવુ જોઈએ કે "ટીપે ટીપે સરોવર ભરાય, અને કાંકરે કાંકરે પાલ બંધાય."

## વેનીસનું રાજ.

યુરોપ મધે ઈટાલી દેશ જાંહાં હાલ લડાઈ ચાલેછે તે દેશ મધે વેનીસનું પરગણુ આવેલુંછે. વેનીસનું રાજ હાલ ઘણુ નાહનું અને આસતરીઆ વાલાને તાબેછે તોપણ થોડી મુદત ઊપર તે રાજ યુરોપખંડ મધે મોટું, નામીચું અને સંવતંતર ગણાતું હતું. અસલનાં વખતમાં વેપાર વણજમાં વેનીસ મોટું ગણાતું હતું અને હીંદુસતાંનનો સઘળો વેપાર વેનીસનાજ લોકોએ એક હાથ કરી લીધો હતો. પણ હીંદુસતાનનો રસતો કેપ આવ ગુડહોપને મારગેથી માલુમ પડેઓ તારથી તેનો વેપાર તુટવા લાગો. તેનું અગાઊનું પાંણી જતું રહીઊં અને વેનીસનો વેપાર બીજાઓના હાથમાં આવી પડેઓ.

પંદરમી સદીમાં વેનીસના લોકોને તુરકી લોકો સાથે મોટી લડાઈમાં ગુથાવવું પડીઊં હતું અને એ લડાઈમાં એ રાજને ઘણુ નુકસાંન ખમવું પડીઊં હતું. તારથી તે સન ૧૭૧૮ સુધી તુરકી લોકો સાથે લડાઈઓ થયા કરતી હતી. તારપછી ફરેંચ લોકોના હાથમાં વેનીસ આવીઊં હતું પણ તેઓએ સન ૧૭૯૭ માં આસટરીઆના સેહનશાહને શોંપીઊં. આસટરીઆથી છુટા થવાને વેનીસે ઘણીવાર. તજવીજ કીધી હતી. ૧૮૪૮ માં છેલી તજવીજ કીધી હતી અને તેમાં તેઓ આસટરીઆ વાલાને ફરીથી તાબે થયા હતા. હાલ ઈટાલી મધે મોટી લડાઈ ઊઠી ઊભી થઈછે તેથી તેઓને આસટરીઆના કબજામાંથી છુટવાની ઠીક જોગવાઈ મલીછે.

એ રાજનું મુખીઅ શેહર વેનીસ ઘણુ મોટું અને સુંદરછે. તે મધે ઘણી મોટી અને સુંદર ઈમારતો છે. સેંટ મારકનું દેવલ સઊથી મોટી અને નામીચી ઈમારત કહેવાએછે. તેની સીલીંગ સોનાના પતરાંની બનાવવામાં આવીછે. તેની લાદી ઊપર હીરા માંણેક જડેલાંછે. સાંપના આકારમાં સંગેમરમરનાં ૫૦૦ થાંભલાઓ ઊભા કરેલાછે. તેના દરવાજાના મથાલાં ઊપર ધાતુના બનાવેલાં ચાર મોટા ઘોડા ઊભા કરવામાં આવેઆછે. પુસતકશાલા, પાઠશાલા, નાટકશાલા વગરેના મુકામો ઘણી શોભા આપેછે. એ શેહરમાં ઘણાએક કારખાનાઓછે. વેપારને માટે મોટાં મોટાં વાહણો વેનીસના બંદરમાં આવેછે. સાહડી તરણસો વરસની ઊપર વેનીસમાં બંધાએલું બાદશાહી વાંહાંણનુ ચીત્ર આ બીનાની સાથે આપીઊંછે.

---

## એક સખી દીલના તબીબની વાત—સખાવત કરતી વખતે સંભાલ રાખવાની જરૂર.

આ દુનીઆ માહેલી સરવે ચીજોને કાંઈપણ હદ અથવા છેડો હોવો જોઈએછે. જે સઘળી ચીજો અથવા કામો હદની અંદર થાએછે તે સઘળાં વખાણવા લાએક ગણાએછે, પણ કાંઈબી કામ હદની બાહેર અથવા બેહદ થાએછે તારે તેનું ફલ સારૂં નીપજતું નથી. અંદાજો અથવા હદ એ શબદોતો સરવ માણસોને સરવ કામમાં અતી ઊપીઓગી જાણી ધીઆનમાં રાખવા જોઈએછે. તેમજ સખાવત કરવામાં પણ અંદાજો અથવા હદ રાખવી જોઈએછે. ઘણાં માણસો આપણા જોવામાં આવેછે કે જેઓ સખાવત કરવાને ઘણા આતુર અને ખંતી હોએછે, તથા તેઓ કેટલીક રીતે પોતે અગવડ અથવા અડચણ ભોગવીને પણ સખાવત કરવાને તઈઆર થાએછે. એવી રીતે સખાવત કરવાનો સવભાવ હમો પસંદ કરીએછે એટલુંજ નહી, પણ એવી રીતે સખાવત કરવી એ દરએક માણસની આ દુનીઆમાં એક જરૂરની ફરજછે. સખાવત વગર ગરીબ અને લાચારો, મુફલેસ અને અનાથો બીચારાં રઝડી રવળી મરણ પામે, સખાવત વગર બીચારાં આંધળાં પાંગળાં ઊપર આ દુનીઆનાં દુખનો બોજો ઘણો વધી પડે, અને તેઓ બીચારાં હાએ અફસોસ કરી પોતાના દીવસ ગુજારે, તથા સખાવત વગર આ દુનીઆમાં દુખ, તંગાસ અને મુફલેસી એટલીતો વધી પડે કે જેનો છેડો કદી આવે નહી. પરમેશવરે દરએક માણસમાં એ નેક ગુણ કુદરતી મુકેલોછે, કોઈમાં ઘણો ને કોઈમાં થોડો; તોપણ સરવ માણસોને ઘટેછે કે પોતાથી બને એટલી સખાવત કરવાની ટેવ રાખવી. એ રીતે જોતાં સખાવત કરવાનો ગુણ અતી ઊપીઓગી છતાં, તેને જો હદની બાહેર મુકીઓતો તેથી ઊપર જણાવેઆ મુજબનાં કીધેલાં સઘલાં કામો નહી સરખાં થઈ જાએછે, તે નીચે દાખલ કરેલી મી૦ મારકહમ નામના એક તબીબની વાત ઊપરથી વાંચનાર બાઈઓનાં જોવામાં આવશે.

મી૦ મારકહમ જારે પેહલ વેલો તબીબનો ધંધો લઈ બેઠો હતો તારે તેની પેદાસ જોકે ઘણી થોડી હતી તોપણ તે હલુ હલુ વધતી જતી હતી. એ તબીબ જાતે ઘણો અસીલ, રાંક અને ગંભીર હતો, તેમજ તે પોતાનાં કામમાં ઘણો ખંતી ને મેહનતુ રેહતો હતો. બેપરવાઈ અથવા આલસાઈતો તે મુદલ જાણતોજ નહી હતો. એ ધણીનાં મનમાં હંમેશાં રાત દીવસ **રાસતી અને સખાવત** આ શબદો ઘોળાએઆ કરતા હતા. અગર જો એ ધણીએ પોતાના એ રૂડા વીચાર હદ અથવા અંદાજાના અંદર રાખીઆ હતે તો એ ધણીની વીરૂધ બોલવાનું કાંઈબી મળી આવતે એવું નહી હતું; પણ એ ઊદાર દીલના ને પરોપકારી શખશે પોતાની સખાવત એટલીતો બોહોલી રાખી કે તેણે પોતા ઊપર અથવા પોતાનાં કુટુંબ ઊપર ઓચીતી આફત આવી પડેતો તેની સામે થવાને કશી જોગવાઈ પોતા પાસે રાખી નહી હતી. કેટલાક સાધારણ તબીબોની પ્રેઠે તેનો સઘળો આધાર પોતાની કમાઈ ઊપર હતો; જે કમાઈ કરતો તેમાંથી જરૂર જોગ જુજ ખરચ કરી બાકી સઘળું તે પરોપકારને અરથે વાપરતો હતો. એક દીવસ તેને એકાએક એવો ખેઆલ આવીઓકે "હું દરરોજ આટલાં બધા માંદાં અને દરદી આદમીઓ જોઊંછું, ને તેમજ દરરોજ બીજાં કેટલાંક માણસો મરણ પામેછે એવું પણ સાંભળુંછું તો હવે એવો કોઈ વખત આવસે ખરો કે મારો પણ એવો હાલ થાએ અને હું પણ માંદો પડી મરણ પામું; તો પછે તેવે માંદગીને વખતે માહારો ગુજારો શી રીતે ચાલશે અથવા જો મરણ પામીઓતો બચાં છોકરાંનું શું થશે" એવો ખેઆલ તેના મનમાં આવેઓ—પણ તેનું દીલ સખાવતથી હદથી જાદા ભરેલું હતું. તેથી તેને એકાએક ધીરજ આવી કે માંદગીની વેલાએ સાહેબનું કાંમ સાહેબ કરસે, અને મરણ પછે બચાં છોકરાંની ફીકર રાખવાની જરૂર નથી. માહારી હઈઆતીનો વીમો ઊતરાવેલોછે, તેનાં નાણાં માહારાં બચાં છોકરાંને મળશે. એવી રીતના મન મોટું કરવાના વીચાર કરી જે ખરેખર અને કુદરતી સવાલ મનમાં ઊતપન થએઆ હતો તે તેણે ઊરાડી નાખીઓ, ને રાબેતા મુજબ પોતાનું કાંમ કરતો રહેઓ.

એક વખતે એવો બનાવ બનીઓ કે એક ઠેકાંણે જાંહાં નઠારો તાવ ફેલાએલો હતો તાંહાં એક ગરીબ દરદીને જોવા એને જવું પડીઊં. એ વખતે મારકહમે જો જરા ડાહાપણ ખરચી દુરઅંદેશીથી વખત વીતાડી અથવા જરૂરની સંભાલ રાખીઆ બાદ જો તે તે ઠેકાંણે ગએઓ હોતતો ઝાઝી અડચણ હતી નહી, પણ એ ધણીનાં દીલમાં પારકાંનું દુખ એટલુંતો લાગતું હતું કે તેવી વખતે પોતાના જાનની પણ કશી દરકાર ન રાખતાં તે ગમે એવાં સંકટમાં પડવાને આઘું પાછું જોતો ન હતો અગર વીચાર કરવામાં કશો વખત ખોતો ન હતો. એવી હાલતમાં ઊલટભર તે ઠેકાંણે ગએઓ ને તાંહાંથી પાછા ફરતાં માઠાં ભાગે તાંહાંના ફેલાએલા તાવની અસર તેને લાગુ પડી, જેથી તે બીચારો પાછો આવતાંજ તુરત માંદો પડેઓ, ને દરદનું જોર એવું તો વધી પડીઊં કે તે દરદ દુર થવાની મુદલ આશા રહી નહી.

એટલું છતાં પણ ઈશવરની મેહરબાની હોવાને લીધે તેનું મરણ નીપજીઊં નહી, તો પણ બીમારી દનપર દન એટલીતો વધતી ચાલી કે અંતે તાવના જોરથી તે બીચારાને પવનની કસર લાગુ પડી. પોતે જાતે ઘણો બલકટ અને નીરોગી તથા પોતાની જુવાનીના દાહાડા ઘણી સંભાલથી તેણે ગુજારેલા, કોઈ રીતે બદ પરેહજી નહી રાખેલી તેથી એનું દુખ એના ઊપર ઘણું ફાવી શકીઊં નહી. જરા જરાવાર તેને દુખનું જોર એટલું તો લાગે કે બીચારો તલવલીઆં મારે અને જરા વાર રહીને વળી તેને હુશીઆરી આવે. એટલું થતું તોપણ બીચારા મારકહમનેતો સઘળી વખત બેકરારીજ હતી. હુશીઆરીમાં આવતો તારે તેને પોતાની હાલત ઈઆદ આવતી કે આ તંગીના વખતમાં તેની પાસ કાંઈ વીત મળે નહી. તેમજ તે પોતાની એક વાહાલી બાએડી તથા ચાર નાહાનાં બાળકોની ચીંતામાં પડતો કે ખચીત તેમના બુરા હાલ થવાનાં. આવા વીચાર તેના મનમાં મજબુતે લાગવાનું કારણ એકે તેની હઈઆતીનો વીમો જે ઊતરાવેલો હતો તે રદ થવાની ધાસતી હતી, સબબ કે છ મહીનાનો ચહડેલો હફતો જો બે ચાર દીવસમાં નહી ભરાએ તો વીમાવાલાઓના ધારા કાનુન પરમાણે તે વીમો રદ બાતલ ગણાએછે. હવે બીચારા મારકહમ પાસેતો પોતાની માંદગીનો ખરચ ચલાવાની શકતી નહી, તેમજ નહી બીચારા પાસે કાંઈ સંગરેલું દરવીઅ તો પછે તે વીમાનાં નાણાં કયાંથી ભરે ? એ ધાસતી ભરેલા

વીચારથી તેનાં નબલાં મન ઊપર ઘણીજ ખરાબ અ
સર થઈ, ને તેનું દુખ બેહદ વધવા માંડીઊં.

એવી અવસથામાં ડાકટર મારકહમ હતો, તેવા
માં તેનો એક રફીક નામે ડાકટર એલીએટ તેની આ
ગલ આવી લાગો, જેણે પેલા બીમારની સારી પઠે ત
પાસ કરી તેની બાએડીને જણાવીઊં કે "બાઈ તારો
ભરતાર ઘણા જોખમમાંછે. બચાવાનું તો સાહેબના
હાતમાછે; પણ દરદ ઘણું ખરાબછે, માટે મને ધાસતી
લાગેછે કે તે કાંઈ એકાએક સારો થાએ એવું નથી.
તોપણ જે કાંઈ ઊપાએઓ કરવાનાછે તે હું કરૂંછું."
વાંચનાર પેઆરી બાઈઓ આ સખુનોથી ડાકટર માર
કહમની બાએડીને કેટલું દુખ થઈઊં હશે ને તેણીએ
કેટલું કલપાન કરીઊં હશે તેનો વીચાર તમો સેહેલા
ઈથી કરી શકશો. ડાકટર એલીએટની દવા તથા માવ
જતથી બીજે દીવસે સાંજને વખને મારકહમને લગાર
કરાર થએલો માલુમ પડીઓ. તે તુરત પોતાની આં
ખો ઊઘાડીને વીચારમાં પડીઓ. તેને બીચારાને વી
ચારમાં મોહોટો વીચાર એજ પડતો કે મારાં મરણ પ
છે મારાં બચાં ખરેખર રખડવાનાં. વળી બીજે દીવ
સે લગાર વધારે શુધીમાં આવીઆથી તેણે પોતાની
બાએડીને પુછીઊં કે આજે કેતરમી તારીખ. જવાબ
મલીઓ કે ૨૪ મી તારીખ. ચોવીસમી તારીખ એ
શબદો બીચારા મારકહમને જેહરી તીરની મીસાલે
લાગા, જેથી તે એકદમ પાછો બેશુધ થએઓ. એ ઊ
પરથી બાએડીએ જાણીઊં કે હવે મારો ખાવીંદ ખ
ચીત મરણ પામીઓ. એમ ધારી ને બીચારી બેહદ
ઘબરાટમાં પડીને તુરત ડાકટર એલીએટને તેડાવી મં
ગાવીઓ. તેણે આવી કેટલાક ઊપાએ કરી મારકહમ
ને લગાર સાવધ કીધો, એટલે તેણે તુરત બુમ પાડી કે
"ઓ ખુદા સતાવીસમી તારીખ નજદીક આવી." બી
માર શખસને મોહોડેના આ શબદો સાંભળી ડાકટર
એલીઅટ એમ સમજીઓ કે તે તાપની જુમમાં ગમેતે
બકેછે; પણ વળી થોડાવારમાં લાગટ બે ચાર વખત
તેના તેજ શબદો મારકહમને મોહોડેથી નીકળીઆ કી
ધા, તારે એ શબદો કાંઈપણ મતલબ ધરાવેછે એમ ધા
રી તેની તલાસ કરવાની મતલબથી તે ડાકટરે મારક
હમની બાએડીને પુછી જોઈઊં. પુછતાં સાર એવો મ
ળીઓ કે એને સઘળી ધાસતી પોતાના ઊતરાવેળા વી
માનીછે. જો એ સતાવીસમી તારીખ સુધી વીમાનો
અફતો નહી ભરીઓતો ને રદ બાતલ ગણાએછે. એ
ખુલાસા ઊપરથી તે ડાકટરે ઘણી રીશ કરી મારકહમ
ની બાએડીને કહીઊં કે એમજ હતું તારે તે જરા અ
ગાઊથી મને ચેતાવવું જોઈતું હતું, પણ ખેર હજી કાં
ઈ મોડું થઈઊં નથી; એટલું બોલેછે એટલામાં વળી
જોરથી એક નીસાંસો મારી મારકહમ બોલીઓ "સ
તાવીસમી તારીખ આવી, મરૂં તો બેહેતર." એટલું સાં
ભળતાંજ તુરત ડાકટર એલીઅટે ઊઠીને મારકહમનાં
કાનમાં ખુલે અવાજે સમજ પડે એવી રીતે કહીઊં કે
"તારા વીમાના ચઢેલા અફતાનાં નાણાં હું ભરૂંછું,
તું તેની ચીંતા રાખીશ નહી." એ શબદો બે ચાર વા
ર પેલા ભલા ને માએઆલુ ડાકટરે કાનમા કહેઆથી
મારકહમને એકાએક શુધ આવી; તેણે ઊંચું થઈ જો
ઈઊં અને જારે તેને જણાવવામાં આવીઊં કે પાસે
જે ઊભોછે, તે તેનો જાની દોસત ડાકટર એલીઅટછે,
તારે તેને અતીઘણો આનંદ થએઓ હોએ એવું તે
ની સીકલ ઊપરથી માલુમ પડવા લાગુ.

એટલું થએઆ પછે મારકહમને એક સારી ની
રાંતની હુંગ આવી, ને તે તેજ હુંગમા એટલેવાર સુ
ધીનો મીતમાને મીતમાં પડી રહેઓકે તેની બાએડી
એમ સમજવા લાગી કે રખે મારો ધણી આ હુંગમાં
જ હુંઘાઈ રેહે પણ તારપછે પેલો ભલો ડાકટર એ
લીઅટ પાછો આવીઓ, જેણે પેલી ઓરતને સમજા
વી કહીઊં કે એને છેડવો જોઈતો નથી, તેને મીતમાં
જ સુવા દેવાની ભારે જરૂરછે. એ કરારે હુંગાસે એ
ટલેજ એને અરધો કરાર થશે. અને તેજ પરમાણે
જારે મારકહમ હુંગથી બેદાર થએઓ તારે તેને કેટલો
ક કરાર થએલો જણાએઓ; દુખ અને અફસોસનું
ચોઘડીઊં વીતી ગઈઊં હતું જેથી મારકહમ વધારે
સાવધ થતો ગએઓ, તોપણ તાવથી તેનું શરીર એટ
લું તો નાતવાન થઈ ગઈઊં હતું કે કેટલાક દીવસ સુ
ધી લાગટ દવા ચાલુ રાખીઆથી તેને પુરો કરાર થ
એઓ હતો.

મારકહમની આ વાત પુરી કરીઆની અગાઊ
મારકહમે પોતે સાજો થએઆ પછે પોતાને મોહોડે પો
તાનાં કેટલાંક ઘરાકો આગળ જે કહીઊંછે, તેનો સાર
જાણવા જોગછે એમ ધારી તે અતરે પરગટ કરીએછે.
તે બોલતો હતો કે "ખરેખર આ દુનીઆમાંથી હજા
રો આદમ માતરે અંદેશા અને ફીકરથી તથા બેહદ

કાળજી રાખવાથી મરણ પામેછે. એવી રીતે કાલજી રાખી પાછલથી અફસોસમાં પડનારાઓ જો જરા અગાઊથી કરવા ઘટે તે વીચાર કરતા હોએતો હું ખાતરીથી કહુંછું કે એવી પાછલથી કાળજી રાખવાની કશી જરૂર પડવાની નથી. ખેરાત અથવા સખાવત કરનારાઓ જો જરા આગલો પાછલો વીચાર કરી પોતાનાં ઘર અને કુટુંબ તરફની પોતાની સઘલી અને જોઈતી સંભાલ રાખીઆ બાદ જો પોતાનો સખાવતનો હાત લંબાવેતો તેથી ફરીઆદ કરવાનું કશુ કારણ કોઈને મલનાર નથી. પણ કેટલાએક જેઓ પોતાનું એકઠું કરી રાખેલું અથવા બચાવેલું દરવીઅ એકદમ પારકાઓને સખાવત કરવા પાછલ ખરચેછે, તેને આ અંદે ઘણું દુખ અને હેરાનગતી ભોગવવી પડેછે." એમ બોલી તે પોતા ઊપર વીતેલી સઘલી બીનાં કહી સંભલાવતો હતો.

એ તબીબ વલી પાછો આગલની પઠે પોતાનાં કામમાં મશગુલ રેહેવા લાગો ને ડાકટર એલીઅટે કુરપા કરી જે નાણાં તેની વતી વીમાવાલાને આપીઆં હતાં તે તેણે મોટા ઊપકાર સાથે પાછાં અદા કીધાં, ને તારપછે, જોઈ તપાસીને પોતાનો વેહેવાર ચલાવવા લાગો, જેથી તેણે સારૂં નામ તથા કીરતી મેલવી, તથા બે પઈસે પોતે તથા પોતાનાં કુટુંબને સુખી કીધાં.

વાંચનાર નેક બાનુઓ, ડાકટર મારકહમની ઊપલી વાતથી કેટલી પરકારના વીચાર આપણાં મનમાં આવેછે તે જુઓ. પેહેલુંતો એકે અવીચારે ને ઓહોલે હાતે પોતાની શકતી ઊપરાંત શખાવત કરવાથી કેટલીક વખતે માણસો કેહવી હાલતે આવી પુગેછે. બીજું કાલજી અને ફીકર એ માણસ જાતનો પરાણ ઘડીની વચમાં લઈ મુકેછે, માટે હરેક બીમાર શખસનાં મનમાંથી કાલજી અને ચીંતા જેમ બને તેમ દુર કરાવવાની તેની આસપાસનાંઓની ફરજછે. અગરજો મારકહમની આગલ ડાકટર એલીઓટ જેવો ઊદાર મનનો તબીબ આવી લાગતે નહી અને તે જો તેનાં મનમાંથી વીમાના રૂપીઆ ભરવાની કાલજી દુર કરાવતે નહી તો બેશક મારકહમ દુખ ભોગવી મરણ પામતે. તરીજો ને જરૂરનો સાર એ ઊપરથી એ નીકલેછે કે જારે મારકહમ જેવા ગરીબ અને મધીઅમ શકતીવાલા શખશો પરોપકાર અને સખાવતને ખાતર આવી રીતે પોતા ઊપર દુખ અને આફત ઊઠાવેછે તો પછે, જેઓના ઊપર પરમેશવરની કુરપા છે, ને જેઓ બે પઈસે સુખીછે તેઓની કેટલી ફરજ છે વારૂં કે પોતાનાં કમતાલેના, ને મોઠા ભાએગના ભાઈબંધોનાં સુખને માટે પોતાનાં દરવીઅનો કેટલોક ભાગ દર વરસે ખેરાત કરે.

## મુસલમાનો મકા મધે હજ કેવી રીતે કરેછે.

(બરખારટની મુસાફરીનો બાકી રહેલો ભાગ.)

બરખારટ જાતે એક ઈઊરોપીઅન છતાં તેણે મકા મધે મુસાફરી કરી તે શેહરનો હેવાલ આપેઓછે તેનો કેટલોક સાર તમને જણાવેઓછે, હવે તેણે એ શેહર ખાતે બીજા મુસલમાનો સાથે હજ કેવી રીતે કીધી અને તે કરતાં તેને કેટલી મેહેનત અને મુશકેલીઅત ભોગવવી પડી તેનો હેવાલ તેણે જે લખેઓછે તેનો સાર રમુજી સમજી નીચે પરગટ કરીએછે.

ઈસલામી ફરમાન મુજબ મકા ખાતે જે કોઈ શખસ હજ કરવા જાએ, તેને શેહર મધે દાખલ થએઆની અગાઊ "ઈહરામ" લેવું પડેછે. દરએક હાજી એટલે હજ કરનારને ઊનના અથવા સુતરાઊ લુગડાંના બે કટકા આપેછે તેમાંનુ એક તે પેહરેછે અને બીજું ઓઢેછે એવી રીતે કે તેનો જમણો હાથ બાહર રેહે. એ કપડાંને "ઈહરામ" નું નામ આપીઊછે અને બરખારટનેબી તે લેવાની જરૂરપડી હતી. હાજીઓને જારે ઈહરામ આપવામાં આવેછે તારે બીજાં સઘલાં કપડાં તેને ઊતારી નાંખવાં પડેછે અને ગમે તેવી ટાહાડ પડતી હોએ તોબી તે દીવસના અથવા રાતના બીજુ કાંઈબી કપડું વાપરી શકતો નથી તેથી કરીને ઘણાક હાજીઓ આજારી પડીને ભારે દુખી થાએછે, બરખારટનેબી એ દુખ ખમવું પડીઊં હતું.

"મસજીદ અલ હારેમ" એટલે પાક મસજીદ પાસે આવતાં હાજીઓને પરથમતો ઘણીએક નીમાજ કરવી પડેછે અને ઘણીએક વખત પગે પડવું પડેછે. તે પછી તેઓ પેલા કાલા પથરને હાથમાં પકડી ચુમી દે છે. એટલું કરીને નીમાજ બોલતાં બોલતાં સાત વખત કાઆબાની આસપાસ ફરેછે, અને સાતે વખત જારે પેલા કાલા અને બીજા પથરની પાસે આવેછે તારે તેને હાથ લગારેછે. પેહેલી તણ પરદખણાતો ઘણીજ

ઊતાવલથી કરવામાં આવેછે, કારણ કે એક વખત મહમદ પેગંબરના દુશમણોએ એવી ખુમ ઊરાડી હતીકે તે મરી જાએ એવો આજારીછે તારે તેણે કાબાબાની આસપાસ તણ વખત ઘણી જડપથી ફરીને તે ખુમ ખોટી પાડી હતી. તે પછી હાજીઓ પોતાના હાથ પસારી કાબાબાની ઈમારતને પકડીને ઊભા રહી પોતે કરેલાં પાપને માટે ખોદા પાસેથી માફ માગેછે. તે પછી તે જીમજીમ કુઆનું પાણી પીએછે. તાર પછી તેઓનો ભોમીઓ તેને મસીદની બાહાર "સફાની ટેકરી" નામની એક ઊંચી જગાએ તેઓને લઈ જાએછે. એ ઊંચાણ ઊપર જવાના તણ પગઠીઆંછે તે ચડીને તેની ઊપરના તણ નાહના મેહરાબો ઊપર ઊભા રહી તેઓ નીમાજ પડેછે. તાર પછી તેઓ "મેરાઊઆ" નામની જગાએ જાએછે અને તાંહાં બાંધેલી ફરસબંદી ઊપર ચડીને નીમાજ પડેછે. જાંહાં સુધી એ સઘળી કીરીઆ ખલાસ થાએ તાંહાં સુધી તેઓને કાંઈ જનુની ગીત ગાવાં પડેછે. એટલી કીરીઆ કરીને તેઓને પોતાનું માથુ બોડી નખાવવું પડેછે અને જો તેઓની મરજી હોએતો તેઓ ઈહરામ ઊતારી બીજાં કપડાં પેહરેછે. મકાથી દોહોડ કલાકને રસતે ઓમરા નામની જગાછે તાંહાં પણ હાજીઓને અગર થાંક લાગી નહી હોએતો પેહલે દાહાડે, નહીંતો બીજે દાહાડે જવું પડેછે.

"ઓમરા ખાતે ગએઆ પછી હજની ઘણીએક કીરીઆઓ પુરી થાએછે. પણ જારે મોટી હજ થાએછે અને લાખ પોણો લાખ મુસલમાનો મકા ખાતે આવેછે તારે બીજીબી ઘણીએક કીરીઆઓ કરવામાં આવેછે.

"કાજી સાહેબ ઊંઠ ઊપર બેસીને વાએજ કરેછે, કારણ કે તેઓનો પેગંબર જારે મુસલમાનોને વાએજ સંભલાવતો હતો તારે ઘણુ કરીને ઊંઠ ઊપર બેસીનેજ સંભલાવતો હતો. દર ચાર પાંચ મીનીટે કાજી પોતાના હાથ લાંબા કરીને ખોદાની પાસેથી દુઆ માંગેછે અને લોકો "લેબેક, અલા હુમા લેબેક" (એટલે ખોદા હમે તારો હુકમ માનવાને તઈઆર ઊભેલા છેઈએ) એવી બુમો પાડેછે. એ વાએજ સુરજ આથમેઆની જરા આગમજ પુરી થાએછે અને તે પછી ઊતાવલથી નાશી જવામાં મોટી ખુબી ગણાએછે. પગે ચાલવામાં સવાબ ગણેછે પણ કેટલાક લોકો ઊંઠ ઊપર બેસી આવેછે અને તેને "માહાલ" એટલે પાક ઊંઠ એવું નામ આપેછે.

"આરાફાતના પાહાડ ઊપર વાએજ સાંભલીને હાજીઓ "આલામીન" અને "એલ માજુમીન" નામની જગાને રસતે "મેજડેલફ" નામની જગા આવીને ઊતારો કરેછે. એ જગાએથી કાજી સાહેબને મોહોડે સુરજ ઊગેઆની આગમજ સવારના પોહોરમાં વાએજ સાંભલી સઘલા હાજીઓ "વાદીમુના" નામની એક બીજી જગાછે. એ જગાએ હજ કરનાર મુસલમાનો સેતાન (ના નામ) ને તણ વખત સાત સાત (નાહના) પથર મારેછે અને બકરો, ગાએ, ઊંઠ વગરે હરેક જનાવરનો ભોગ આપેછે. પથર ફેંકવાનું કારણ એકે કાબાબાની ઈમારત બાંધનાર ઈબરાહામને એ જગાએ સેતાંને તણ વખત ફંદાસો આપેઓ હતો તેને દુર કરવા તેણે એક ફરેસતાના કહેઆ પરમાણે તેને દરએક વખતેસાત સાત પથર મારી નસાડેઓ હતો. જનાવરનો ભોગ આપવાનું કારણ એકે ઈબરાહીમે ખોદાને પોતાના છોકરાનો ભોગ આપવાની મતલબે જારે તેને કાપવાની તઈઆરી કીધી તારે એક ફરેસતાએ તે છોકરાને ઊંચકીને તેને બદલે એક મેંઢાને ઊભો કીધો !! મોટી હજને દાહાડે એ રસતા ઊપર જીણા કાંકરા મલવા ઘણા જ મુશકેલ પડેછે અને મુસલમાની ધરમમાં ના પાડીછે તોપણ એક વખત વાપરેલાં કાકરાં હાજીઓને બીજી વખતે વાપરવા પડેછે. અગાડીનાં વખતમાં ચાલીસ પચાસ હજાર જનાવરોનો ભોગ આપવામાં આવતો હતો પણ હમણા તો ફકત સાત આઠ હજાર જનાવરો મરેછે. ઈબરાહીમે સેતાનની સામણે પથર કહી કહી જગાએ ફેંકેઆ અને તેણે પોતાના છોકરાનો ભોગ કહી જગાએ આપવા ધારીઊં હતું તે ઠેકાણા ભોમીઓ હાજીઓને દેખાડેછે.

"વાદીમુના" ખાતે લોકો બેતણ દીવસ સુધી રેહછે અને તાંહાં હજ કરનારા વેપારીઓ દુકાન માંડી પોતાનો માંળ વેચેછે. રાતની વખતે તો મોટો મેળો બની રેહછે. નગારાં વાગેછે, ફટાકા ફુટેછે, અગણીત દીવાઓની રોશની પરકાશી રેહછે, અને લોકો ખુસીના ગીતોના અવાજથી કાનબી બેહરા કરી નાખેછે, તણ દાહાડા કરતાં વધારે વખત લોકો રહી શકતા નથી, કારણ કે ભોગ આપેલાં જનાવરોના આંતરડાં સડેછે

અને તેમાંથી ખરાબ વાસ નીકળવા માંડેછે. તાંહાંથી લોકો મકે આવેછે અને પરબારા કાઆબા મધે જઈને નીમાજ પડેછે તથા સાત પરદખણા કરેછે. તારપછી એ મરા નામની જગાએ બીજી વ્રખત જઈને નીમાજ પડી આવેછે એટલે હજ પુરી થાએછે. અને હાજીઓ પોત પોતાને દેશ કુચ કરવા માંડેછે."

ઊપર જણાવેલી જગાઓ શીવાએ હાજીઓને નીમાજ પડવા માટે બીજીબી કેટલીક જગાઓ પાક ગણાએછે. જે ઠેકાણે મહમદ, તેની છોકરી શતમા, તેનો જમાઈ અલી જનમેઆ હતા તથા જે ઠેકાણે તેની મા અમના તથા તેની ઓરત ખાદીજીની કબરછે. એ જગાઓબી પાક ગણાએછે. બરખારટ લખેછે કે મકાના લોકો સવભાવે સારાછે અને પોતાના પરોણાઓની સારી બરદાસ લેછે, પણ તેઓ પાક શેહેરમાં વસેછે અને તેઓનેજ બેહેસત મળશે એવા વીચારથી તેઓ ઘણા મગરૂર રેહેછે. બીજા મુસલમાનોની પઠે તેઓ એકથી વધારે ઓરતો પરણેછે. મુસલમાન લોકો દારૂને હરામ ગણેછે પણ મકાના રેહેવાશીઓ રાકી અથવા અરકને નામે દારૂ વાપરેછે અને તે તેઓ કેહેછે કે વાઈન અથવા બરાંડી નથી માટે તેને કુરાણમાં મને કીધી નથી.

મકાની મુસાફરી કરીને બરખારટ મદીને ગએઓ અને તાંહાંથી મીસર દેશ ખાતે ગએઓ. વલી તેની મરજી આફરીકા મધે મુસાફરી કરી શોધો કરવાની હતી પણ તેનું શરીર ઘણુંજ બગડી ગઈશ હતું તેથી તે ઈ૦ સ૦ ૧૮૧૭ માં બતરીસ વરશની ઊમરે કેરો ખાતે મરણ પામેઓ. એ શખસે મુસાફરી મધે ઘણી હીમત અને હુશીઆરી બતાવી હતી તેથી તેના કવખતના મોતથી તેનો હેવાળ વાંચનાર કોઈબી શખસને દલગીરી ઊપજેઆ વગર રેહેતી નથી.

## બે વાંદરાની વાત—બોહોસીલાંની ખરાબી.



બે જનુની અને જુદો ભપકો ધરાવનારે વાંદરાઓ "જાનવરની વીદયા" વીશે વાત ચીત કરતા હતા. એકના મનમાં એવું કે માહરા જેવો કોઈ પણ દુનીઆમાં ભણેલો છેજ નહીં. તે મોહરા ડોલથી પોતાના સોબતીને કેહવાલાગો કે ભાઈ તું શાંભલી અજબ થશે કે ઊંટની પીઠ ઊપર ખુંધ આવતી નથી. એ શાંભલી તેહનો સોબતી ઘણા ગુસામાં આવીઓ અને બોલેઓ કે અગરજો તું એમજ જાણતો હોય તો તારા જેવો બેવકુફ બીજો કોઈ નહીં. પેલો આ વાત શાંભલીને ઘણો રીસે ચડેઓ અને ઘણા જોશથી તકરાર કરવા લાગો. પણ કાંઈ વલીકો નહીં. વાતતો વધી પડી. ધીમે ધીમે બેઉજણ ગાલાગાલી ઊપર ઊતરેઆ. બેહેનો, જીઆરે બે હટીલા અને અકલ વગરના તકરાર કરે તેઆરે તેનો નીવેડો અલબત આવે નહીં. એક બીજા એટલીતો બોહસ પકડી રહયા કે આખરે એવો ઠેરાવ કીધો કે બેઉ જણાએ "પીસટોલ" વડે મુકરર કરવું. અને તે પરમાણે મેદાનમાં તેઓ ગયા. આ બધી વારતા એક નરમ સવભાવનો પોપટ જાહાડપર બેસીને સાંભલતો હતો; તેણે જોયું કે આ બે નાદાન પોતાના જાનની ફોકટ ખરાબી કરેછે. બેઉ ખરાં અને બેઉ ખોટાછે. પોપટ તરત બોલી ઊઠેઓકે "ઓ પેઆરા પરાણીઓ જરા ધીરજ ધરો, હું તમારી તકરારનો નીવેડો લાવું છું—નજીવી બાબદ સારૂ એટલા બધા હુલડ કેમ થાઓછો." બેઉ વાંદરાઓને આ નાધલા પખશીનું બોલેલું ઘણું સારૂં લાગું, અને તરત જ પોતાના હાત અટકાવેઆ. પોપટે કહીઉ "ઊંટને ખુંધ હોયછે અને નથી પણ હોતી"—એટલામાં પેલા ગુસાથી બલતા એક વાંદરાએ મોહોડેથી બુમ પાડી કે "અરે બેવકુફ એમ કેમ બને. વલી થોડા ઊંટને ખુંદ હશે, અને થોડા વગર ખુંદના હશે, એ કાંઈ માનેઆમાં આવતું નથી." "પણ ભાઈ, (પોપટ બોલેઓ) મેં હજુર મારૂં બોલવું પુરૂં કીધું નથી; મારા કેહવાનું કારણ હું તમોને બતલાવતો હતો તેટલામાં તમો એ એકાએક વચે મુડી ઘાલી, એ ઘણું દલગીરી ભરેલુંછે. જે વાતમાં નહી સમજીએ તેમાં એકદમ વીચાર આપેઆના કરતાં, જાણે આપણી પાસે જીભ નથી એમ સમજી મુંગા બેસી રહીએ તે વધારે સાહુચેતીનું કામછે; એકાએક બોલી ઊઠીઆથી તો ઊલટી મશકરી થાય. ઊંટને ખુંધ હોયછે; પણ મોહટા રેતીના મેદાનમાં મુસાફરી કરતી વખતે ખોરાક ઘટી જાએછે અને લુખે મરવા માંડેછે તેવારે ઊંટની ખુન ઓછી થવા માંડેછે, અને છેલે તે બીલકુલ જણાતી નથી. એવી રીતે ઊંટ બીચારૂં પોતાનું પોશણ તંગીના વખતમાં

કરેછે. ઊંઠની પોટે પાણી ભરી રાખવાને પણ એક જુદી કોથલી ઈશવરે આપીછે, જેમાં તે જરૂરની વખત સારૂ પાણી ભરી મુકેછે. માટે જોઓ તમો બેશી જણા ખરાછે—પણ જીતના મારેઆ પોતાનો પીઆરો જોન પ્રોકટ ખોઈ દેત—વાસતે હું તમોને સીખામણ દઊછું કે હરેક વાતમાં 'હું કહુંછું એજ ખરૂં' એમ સમજી હુજત કરવી નહીં; કાંએજે એમ કીધાથી પાછલથી ઘણુ નુકસાન થાયછે; અને જીવીએ તાંહાંસુધીનો પસતાવો રેહછે."

## વીલીઅમ હટન.




W આ નામીચો પુરૂશ ઈંગલંડ મધે ઈસવી સન ૧૭૨૩ માં ગરીબ માબાપને પેટે જનમેઓ હતો. તે સાત વરસની ઊમરનો છોકરો હતો તારે તેના બાપે રેશમના કારખાંનામાં કામે લગાડેઓ હતો. તારપછી તેનો કાકો ઈસટાકીન બનાવતો હતો તેની પાસે શીખાઊ દાખલ રહેઓ. તે તાંહાંથી કંટાલીને નાહસી ગયો અને કેટલાંએક શેહરો તથા ગામડામાં ધકેલા ખાઈને પાછો પોતાના કાકા પાસે આવેઓ.

તે તેવીસ વરસની ઊમરનો થયો તારે બુક બાંધવાનો ધંધો શીખેઓ. ત્રણ વરસ પછી એક દુકાન ઊઘાડીને ચોપડી વેચવાનો ધંધો કરવા લાગો. બે વરસ રહીને એ ધંધામાં તેને ૩૨૦૦) એકઠા કીધા. તાર પછી તેનો દાહડો ફરેઓ અને ધંધામો ફાવતો ગયો. બતરીસ વરસની ઊમરે પોતાના લગન કીધાં. ધીમે ધીમે તે મોટા સરકારી ઓધાઓ ઊપર મુકરર થતો ગયો. ૧૭૯૧ માં તેની મીલકત બલવાખોરોએ બાલી નાખી હતી તેના અવેજમાં ૫૪ હજાર રૂપીઆ તેને મલેઆ. તેને કેટલાએક પુસતકો કાહડેઆં હતાં.

તે પુખત ઊમરનો થયો તારે પોતાનું કામ પોતાના છોકરાને સોંપી દીધું. ઈસવી સન ૧૮૧૫ માં તે ૯૨ વરસની ઊમરે મરણ પાંમેઓ. તાર પછી બેએ વરસે તેની છોકરીએ તેના જનમનો હેવાલ છાપી પરગટ કીધો.

## સુવાવડી ઓરતની જતન.

છોકરૂ અવતરીઆ પછી તરતજ ઓરતના પેટ ઊપર એક પોહલો પાટો બાંધવો જેથી કરી પેટપરના માશને આધાર મલેછે. માતાને પાતલી કાંજી પાવી અને તેને ઊંઘ આવતી હાએતો ઊંઘવા દેવું પણ જો તેને ચેન ન પડતું હાએતો સુગુ સુગુ પડી રેહવા દેવુ. તેની પાસ વાતચીત કરાવવી નહી અને તેને બોલાવવું નહી.

બાલક અવતરવાને ઓરત કશટાતી હાએ અને દાઈ અથવા ડાકટર કોઈ હાજર ન હાએતો તેને જલદીથી ખીછાંનાપર ડાબી બાજુએ સુવાડવી અને બચાંના મોહપર ખુલી હવા આવે તેમ સંભાલ રાખવી પછી જે વીન આવશે તેથી ઓર બાહર નીકલી આવશે એટલે ઓરના દાંડાને બચાંની ડુટીથી તરણ આંગલ દુર મજબુત દોરીથી શીકરી લેવો અને તાંહાંથી તરણ આંગલની વેગલાઈએ બીજો મજબુત દોરો બાંધવો અને વચમાથી તેને કાતરે કાતરી નાખવો. બચાંને ફ્લાનલના કટકામાં વીટારી દાઈને સાફ કરવા સોંપવું અને ઊપર કહેલો પાટો જરા તંગ બાંધવો.

બચાંનો જનમ થાએ પણ ઓર જલદી બાહર ન નીકલેતો દાઈને વચમા પાડી તેને હા

થે કહડાવવી નહી. બચાંને રડવું આવે અને દમ લેતું હોએતો ઉપર લખવા મુજબ દાંડો બાંધી લેવો અને ઓર કાહડવા માટે ડાકટરને બોલાવવો.

ઓરતને એકથી વધારે ઈઆને જોરવાં છોકરાં હોએ તો દાઈએ અથવા તેની આસપાસ બીજાં માણસો હોએ તેઓએ તેને જાહેર કરવું નહી કારણકે બીજીવાર કશ્ટ પાંમવાની તેને ધાસતી પોહચીઆથી ખરાબી થાએછે.

ધરભ છુટીઆ પછી તરતજ ઓરતનું બીછાંનુ અને કપડાં બદલવાં; ને દાઈ જો તેને ઊભી કરવા માંગેતો તેમ કરવા નહી દેવું. હેવાં અગનાનથી તેની માઠી અવસથા થાએછે. તેને ચકર આવેછે. લોહી પીટુમાથી બાહર નીકલેછે અને ગરભ ઊંધો વલી ગયાથી તેને પછવાડેથી દસતાનના બુરા મરજોથી બેહદ ખમવું પડેછે. માટે જે બાજુપર જણતી વેલા તે સુતી હોએ તેજ કોરે હરધા કલાક શુધી તેને રાખવી. તારપછી ભીનાએલા કપડાં ઊચકી લેવાં અને બે માણસોએ ઓરતને આસતેથી ઊંચકીને બીછાંનાપર ખીસાડવી. સુવાવડી ઓરતે પોતે સુદલ હીલવું નહી. એ પરમાણે તેને ઊપર શુવાડીઆ પછે ઓરડામાં જરા અંધારૂ કરવું, તેમા કોઈને બોલવા અથવા ગડબડ કરવા દેવી નહી અને જે કોઈ મલવા આવે તેમને મના કરવી અને ઓરતને આરામ લેવા દેવો; એટલે તેનો થાક મટી જઈ તે હુસીઆર ઊઠસે.

આપણા લોકોમા ઓરતને બંદીખાના જેવી ઓરડીમાં રાખેછે તેથી તેના અંગપર પશીનો પડી તેનું દીલ કચવાઈ આવેછે માટે તેના આંગપરના અને બીછાંનાપરના મેલાં કપડાં બદલવાં અને ફુકાં પાણી તથા શરકાથી તેના બદનને એક વાદલું લઈ સાફ કરવું. સાફ કરતી વેલાએ એક ભાગપર વાદલુ ફેરવી તેને તરતજ તુવાલથી લુછી નાખવું અને પછી બીજા ભાગપર પાંણીનું વાદલું ફેરવવું એમ સાફ કરવાથી તેના દીલમાં હુસીઆરી આવસે અને આપણા લોકો શરદી લાગવાનો અને પવન થાવાનો જે ખોટો ડર રાખેછે તે વીશેની સુદલ ધાસતી નહી રેહસે.

**બચાંને કીઆરે ધવાડવું**—આ બાબદપર આપણા લોકો ઘણી ભુલ કરેછે તેથી માતાને તથા બચાંને બેહુને ખમવું પડેછે. માતાનાં થાંન શુજી આવીઆથી તેને દરદ થાએછે અને બચાંને શાકર અને ગોલનુ પાંણી તથા બીજી વસતુઓ પાવાથી તેના કોઠાપર ખરાબ અશર થાએછે. ઓરતની પેહલીજ સુવાવડ હોએતો તેણે બચાંને ધવાડવાને ઊતાવલ કરવી નહી. થાંનમાં દુધ આવવાને બે દીવશ લાગેછે અને જેવારે દુધ ભરાવા માંડેછે તેવારે થાંન સુજીને કઠણ થાએછે અને એમ માલમ પડે તારપછી બચાંને ધાવણ આપેવું. એટલે તેને દુધ મલવાથી તે રાજી થાએ અને થાંનમાં દરદ થતું હોએ તે મટી જાએ. પણ થાંનમાં દુધ આવીઆ અગાઊ બચાંને ધવાડવાની તજવીજ કીધીતો બચુ રડેછે અને તેને દુધ નથી મલતુ તેથી ચીરડાઈ જાએછે તથા માતાને ધાસતી લાગેછે કે તેનામાં દુધ નથી અને માતર એવીજ ધાસતીની અસરથી કોઈવાર તેનુ દુધ શુકાઈ જાએછે. દુધ આવતાં વીલમ લાગે તેથી ધવાડવાની શીશી અથવા કોકડાથી તેને દુધ પાવું.

થાંન શુજી આવી તેમાં ગાંઠ બંધાએ એટલે સુમરેટુ તેલ ચોપડી બચાંને ધવાડવું અને તે ધાવી રેહા પછી થાંનને લુછી નાંખવાં. દુધ નીકલવાને અડચણ પતી હોએ તો થાંનોને ગરમ પાંણીનો સેક કરવો અથવા પોતીશ બાંધવી અને પછી કોઈ ધાવતાં મોટાં બચાંને થાન આપવાં એટલે તેના મોહમાં જોર વધારે હોવાથી દુધ નીકલવા માંડસે. પણ જો બીજું બચું નહી મલી શકેતો એક સાફ બાટલીમાં ગરમ પાંણી ભરવું અને તે ધોલી નાંખી તરતજ બાટલીની ડોક થાંનની અનીને લગાડવી જેથી દુધ ખેંચાઈ આવસે.

સુવાવડી ઓરતે એકવાર આગળ બચાંને ધવાડીઊ હોએછે અને ફરીને તેને બાલક અવતરેછે તેવારે હેવી અડચણ નડતી નથી. તેને દુધ પણ જલદીથી આવેછે માટે બચું જનમીઆ પછે ૬ અથવા ૮ કલાકે તેને ધવાડવું. દર વેલા ધવાડતી વખતે થાંનોને તેલ ચોપડવું. થાંનોમાં પેહલે જે દુધ પેદા થાએછે તેમા ઈશ્વરે હેવો ગુણ મુકેલોછે કે તે પીધાથી બચાંને સાફ દસત આવેછે અને તેના પેટમાં નવ માશ એકઠો થાએલો કચરો ધસડાઈ જાએછે.

છોકરૂં જણીઆ પછી એક પખવાડીઆં સુધી શુવાવડી ઓરતને બીછાંનાપરથી ઊઠવા દેવું નહી તારબાદ જરા રતી ઊઠવા અને હાલ ચાલ કરવા દેવી.

**સુવાવડનો ખોરાક**—એક ઓરતને પુરા દાહડા થાએછે એટલે તેના હેતુઓ ગાંધીને તાંહાં જઈ વસાણાં શુંઠ, કાવા, પડી અને મધ લેવાના મોટા કામ

માં રોકાએછે. સુવાવડના પેહલા બે દીવસ તેને કાંઈ પણ ખાવા પીવાનું મલતું નથી અને તેની આવી નાજુક અવસથામાં તેનાપર ભુખમરો પડવાથી તેની નાકુવતીમાં વધારો થાએછે. ઓરતને પવન નહી ચહડે માટે તેને કામલ અને ચાદર હોવાંરી રાખેછે અને ઓરડો અથવા પરડો ચપર બંધ કરેછે. તેમાં શગડી મુકેછે અને ઉપરથી ગરમ વસતુઓ પાએછે એટલી બધી નકામી ધામધુમ કરવાની કાંઈ જરૂર નથી. એમ કરવાથી તેને જે નાકુવતી પેદા થાએછે તેથી તેને જરા જરામાં થંડી લાગી આવેછે અને તેના હાડમાં એવી જોરથી તાવ પેસેછે કે નીકલવાને મુશકેલ પડેછે. જેમ સાજા માણસને ખોરાક જોઈએછે તેમજ શુવાવડી ઓરતને પણ જોઈએછે ફેર એટલોજ કે તેની નાજુક હાલતને માફકનો ખોરાક આપવો. પેહલા તરણ ચાર દાહડા ચાહ—કાફી—કાંજી અને પાંઊનો તોસ વગરે કાંઈ બીજું આપવું નહી અને ઓરડામાં તાજી હવા આવવા દેવી. ચાર દાહડા ગુજરી ગીઆ પછી પાંઊ, માંખણ, મટનચાપ, ભુજેલું ચીકીન અને દુધની ચાહ આપવી અને ઓરડામાં ગરમી પડતી હોએતો તેને હવાદાર જગાપર લઈ જવું, બીજા તરણ ચાર દાહડા પછી તેને ચાવલ, શેરવો, પાંઊ, માંખણ, ગોશ, મરગી, તાજી માછલી વગરે ખાવાને હરખત કરવી નહી, શુધાનુ અને વસાનું ખવાડી તેના પેટમા ઊકલાર પેદા કરવો નહી.

દારૂ—જરૂર વગર દારૂ પીવો નહીં. જો તેની તંદરોશતી સારી હોએતો તેને દારૂ પીવાની કાંઈ ગરજ નથી. શરીરને શુખ હોએ અને દારૂ નહી પીધેતો તેમા વધારો થાએછે, દુધ સારૂ પેદા થાએછે અને તેથી બચાંનુ પુરતી રીતે પોશણ થઈ તે કુવતવાલુ અને પુશટ નીકલેછે. નબલાં અને નાજુક શરીર વાલી ઓરતને જરા વાઈન અથવા બીર નહીતો ચોખો નરમ મહુરાંનો અથવા દરાખનો દારૂ પાવાથી તેને ફાએદો થાએછે.

(તબીબ મીત્રથી મલેલું)

---

## મુંબઈમાં ગાસ લાઈટ.

મુંબઈમાં જાહેર રસતાઓ ઊપર તથા ખાનગી ઘરોમાં હાલના કરતાં વધારે સારી રોશની વાપરવા માટે જલદીથી બંદોબસત થશે એવી આશાછે. એક ગમથી એ કામ મીઊનીસીપલ કમીશનરો કરવા તઈઆર થયાછે; બીજી તરફથી ઈંગલંડમાં એ કારણ સ‍ર એક કુંપની ઊભી થઈછે. અને તરીજી તરફ મુંબઈના વેપારીઓને ભલામણ થાએછે કે તમો એવાં કામ માંથે લેવા. શેહરને એવી રોશનીની મોટી અગતછે. અંધારામાં વધારે ચોરી થાએછે અને રાતના જાહેર રસતાઓ ઊપર રોશની રાખીઆથી લોકોને ઘણીએક અડચણો ટલી જાએછે. ખાનગી ઘરોમાં એ રોશની વધારે સારીછે. શાધારણ દીવો છોડીને કેટલીએક વખત આપણ "મુનલાંપ" બાલીએ છઈએ. તેજ પ્રમાણે "મુનલાંપ" છોડી ગાસ અથવા ધુંઆનો દીવો બાલવાનુ વધારે લાગશે. દરએક ઓરડે ગાસનો દીવો કરવા માંગશે તેમ બની શકશે અને જારે જોઈએ તારે સલગાવાને તથા ગુલ કરવાને બની આવશે. જે ધણીને જેટલી ગાસ જોઈએ તેટલી બાલી શકે અને જેટલી ગાશ ખપાવશે તેટલાની કીમત આપવી પડશે. એ કારણસર એક યંતર એવું કરી રાખીશેછે કે તેમાંથી ઘરની નલીમાં જેટલી ગાસ આવે તેનુ માપ તેજ યંતરમાં માલુમ પડે અને કોઈથી વાંધો લેવાએ નહી કે ગાસ ઓછી અથવા વધતી બલીછે.

એ ગાસ કોએલા અથવા તેલમાંથી બનાવેછે. કોએલાને બંધ વાસણમાં ગરમ કરેછે અને તેમાંથી તાર અને કેટલીએક હવાઓ છુટી પડેછે. એ હવાઓ તરણ જાતની મુખીઅછે. બંધ વાસણની નલીને છેડે પાણીનુ એક વાસણ મુકેછે અને તેને તલીએ તાર જઈ બેશેછે. તાર પછી હવાઓ ચુનાના પાણીમાં દાખલ થાએછે. એ પાણી બે હવાને ચુંસી લીએછે અને પંછે તેમાંથી બાલવા લાએકની ચોખી હવા બાહેર નીકલેછે જેને નલી વાટે રસતા ઊપર અથવા ઘરોમાં દાખલ કરેછે અને તેને સલગાવીઆથી ગાસ લાઈટ થાએછે. કોએલા જે વાપરેછે તે એવા જોઈએ કે જેમાં ગંધક અતીશે થોડી હોએ. બંધ વાસણમાં જે ચીજ રહી જાએછે તેને કોક કરી કેહછે અને તે બાંફના સાંચા ચલાવા સારૂ કોએલાને ઠેકાણે બાલી શકાએ.

કેટલાએક તેલમાંથી ગાસ કાહાડી તેની રોશની કરેછે. તેલમાંથી ઓલીફીઅંટ નામની ગાસ નીકલેછે અને તે પણ સારી રીતે બલેછે. ઈંગલંડમાં મગરનુ તેલ વાપરેછે અને આં દેશમાં તેને ઠેકાણે ઘણી જાતના તેલ મલી આવી શકે. મહરાજમાં એ વીશે ત

પાશ થઈછે. પાંચ બાટલી તેલ લેઈ તેમાંથી હંસી. ફી
ઊબીક ફુટ ગાસ બનાવવા. દર દીવાને આખી રાત
વાપરીએ તો તેમાં તરણ ફુટ ગેઆસ ખપેછે અને તે
હીસાબે મહીને નેવું ફુટ ગાસ થાએ અને તે મારે, જે
તેલ વાપરે તે આસરે છ બાટલી થાએ.

આ દેશમાં કોએલાની ખાણો માલુમ પડીછે અ
ને તેમાંનો કેટલોએક કોએલો જે બાફની ગાડી અથ
વા આગબોટમાં ખપી નહી શકે તે ગાસ બનાવવાના કા
મમાં આવી શકે. પંજાબમાંની કોએલાની ખાણ ગા
સ બનાવવાને કાંમ લાગી શકે અને હાલ ગોદાવરી ન
દી ઊપર રાજમંદરી આગલ કોએલા જેવી ખાણ હા
ત લાગીછે. તે સાથે નરબદા નદી ઊપરનો કોએ
લો એ કાંમમાં ચાલી શકે.

ગાસ લાઈટની રોશની ઓછામાં ઓછી બે મુ
નલાંપ કરતાં વધારે કેહવાએછે. પણ એ રોશનીમાં વ
ધારો થઈ શકે. ઈંગલંડમાં રોનકદાર રોશની કરવા
માટે ગાસની નલીમાં ઘણી રીતે સોરાખ રાખેછે. એ
થી રોશની તરેહવાર આકાર લીએછે. જો મેહરાબદા
ર રોશની રાખાવા માંગે તો સોરાખો ગોલ એકકની
આસપાસ રાખેછે અને પછી સંધા સુરાખમાંની ગાસ
સલગાવેછે. કોઈ વખત બલતું પંખાના જેવું; કોઈ વ
ખતે જાહાડની દાંખલીઓના જેવા બલતાં; કોઈ વખતે
આડા કરૂસની માફક બલતું અને એ પરમાણે સુરા
ખોની ગોઠવણથી તરેહવાર આકાર આપેછે.

મુંબઈમાં આગલ મરહુમ શેઠ ફરામજી કાવશ
જીએ પોતાના દીવાનખાનામ એ દાખેલ કીધી હતી.
પેહલાં લોકોને નઠારો વાસ આવીઓ હતો પણ પછવા
ડેથી સંભાલ રાખીઆ પછે સારી રીતે બલી હતી અ
ને તેથી કસી અડચણ પડી નહી હતી. હાલ એવો ધા
સતી રાખેછે કે જો ચાકરોની બેપરવાહીથી ગાસની
નલી ઊઘાડી રહી ગઈ અને ઓરડામાં ગાસ પંચરા
ઈ ગઈ તો તેમાં જેવો મસાલ સલગાવા આવીઓ
કે આખા ઓરડામાં ભડકું થવાનો. એનો ડીપાએ સે
હલોછે. ઓરડાની બારીઓ જો થોડોવાર ઊઘાડી ર
હી તો પછી કસી ધાસતી નથી. બંધ ઓરડામાં રો
શની કરવા નહી જવું.

મુંબઈમાં એવી રોશની દાખેલ કરવાને સારૂં
મી૦ ફારજેટે ખરચ તથા આવક દેખાડીછે અને તે
ઊપરથી માલુમ પડેછે કે ગાસલાઈટને સારૂં ટાંકીઓ,
નલીઓ ઈતીઆદી મંગાવાને ૧૨૦,૦૦૦ રૂપીઆ
ખરચ થશે તથાં ચાલુ ખરચ વરશે રૂપીઆ ૫૬૫૦૦
થશે. મી૦ ફોરજેટ એવું ધારેછે કે એ ખરચમાંથી ત
રણસે બતી રસતા ઊપરની દર રાતના દસ કલાક અ
ને એક હજાર બતી ખાનગી ઘરમાંની દર રાતના ચા
ર કલાક બલી શકે. ખાનગી ઘરહસથો પાસેથી જો દર
બતીએ બે આનાં લીધા તો પીસતાલીસ હજાર રૂપીઆ
વરશે મલી શકે અને ગાસ બનાવતાં કોક, તાર તથા આ
મોનીઆનુ પાણી મલી આવે તેનાં સાડી તેવીશ હજા
ર મલે. એ પરમાણે ખરચ બાદ કરતાં નજદીક બા
ર હજાર રૂપીઆ વધે જે રોકેલી દાપણ ઊપર પુરતું
વેઆજ કેહવાએ અને રસતાઓ ઊપરની બતીઓ મ
ફત પડે તે જુદી. કદાચ એ ગણતરી વધતી ઓછી મા
લુમ પડે પણ ગાસ લાઈટ બનાવવા જો મુંબઈના લો.
કોમાંથી એકુ કુંપની ઊભી થઈ તો તેને ખોટ જશે ન
હી, એવું ઘણા ખરા ધારેછે.

## એનટીલોપ.



આ ચીત્ર એનટીલોપ જાતનાં એક જનાવરનું
છે. એ જનાવરની ઘણી જાત માલુમ પડીછે એનો દે
ખાવ કાંઈક બકરાનાં જેવો અને કાંઈક હરણનાં જેવો
છે. એઓ સઘલાં ઘણું કરીને ગરમ દેશમાં વસેછે, યુ
રપ ખંડની જગયા એ જનાવરને માફક નથી આવ
તી તેથી તીયાં એ જનાવરો ઘણાં સેહજ સાજ જોવામાં
આવેછે; પણ એશીયા અને આફરીકા ખંડોમાં એ પુષ્
કળ મળી આવેછે—દેખાવમાં એ પરાણી ઘણું ખુબ
સુરત અને ચપળછે, તેમજ તે ઘણું બીહીકણ પણછે
એ પરાણી પોતાની સંભાળ રાખવામાં અને દોડવ
માં એટલું તો ઝડપ વાળુછે કે જેથી જોનારને ઘણી
અચરતી ઊપજેછે. એની દોડવાની ઝડપમાં ઘણું અ
ચરતી ભરેલું એ લાગેછે કે તે દોડતું દોડતું એકાએક અ

વચમાં ઊભું રેહેછે અને પોતાની પાછલ લાગનારને ઘણીજ ઝીણી નજરે તાંકીને જોઈએછે, ને વળી પછી એકદમ નાસવા માંડેછે. શેકારીઓને એ જનાવર એ કાએક મલી શકતું નથી, સબળ શેકારી કુતરા પણ એ જાનવરની ઝડપ પરમાણે દોડી શકતા નથી. એ ટલા માટે શેકારીઓ સકરાની જાતના એક પકશીની મદદ લીએછે. એ પકશીઓ એનટીલેપની પાછલ લાગી તેમને ખુબ હલાવેછે, જેથી તેમની દોડમાં કેટલેક દરજજે અટકાવ થાએછે, એટલે પારધી અને શેકારી કુતરા સેહેલાઈથી તેમને પકડી પાડેછે.

## પરચુરણ બાબદો.

**ઘણી હઠીલાઈ**—બાઈઓ ! તમે તમારા ભરતાર આગલ હઠીલી ચાલ પકડતાંના. હઠીલી ઓરત પોતે સુખી થઈ નથી અને પોતાના ધણીને સુખી કરી શકતી નથી. બાઈઓ તમો પોતે હઠીલાઈ છોડજો અને તમારી છોકરીઓ જો હઠીલાઈ કરવા શીખી હોએ તો બચપણથી એ ખરાબ ચાલ છોડાવજો.

**શાહીના ડાગ કેમ કાહડવા**—સાહી જેવી કપડાં ઉપર ઘોલાઈ કે તરત કપડાંને અથવા તેટલા ભાગને પાણીથી ધોઇ નાખવો પછી તેની ઉપર લીંબુ લગાડવું. લીંબુ નહી હોએ તો સરકાથી ધોવુ. એટલે ડાગ નીકલી જશે.

**ઠંડીની અસર**—ઠંડીની અસર નબલા શરીર ઉપર ઘણી સેહલાઇથી થાએછે. ઠંડીથી નબલા માણસને ઠાંસો, વાયુ, તાવ, ઈતીઆદી દરદો જલદીથી લાગુ પડેછે. એ દરદો માણસના શરીરની આશરમ ઉપર આધાર રાખેછે. નબલા માણસે ઠંડીમાં બાહર ફરવા નીકલેઆ અગાઉ ગરમ કપડાં સારી પેઠે પેહરવાં જોઈએ.

**બાળને લગાડવા માટે પોમેટમ**—એ ચીજ ઘરમાં બનાવવી હોએતો બની શકે. સફેત ચીણને પેહલ વેહલુ તાવવું. પછી તેને સાલેડના તેલ સાથે મેલવવું. તેમાં સુગંધી તેલના થોડાએક ટીપાં નાખવાં. એટલે પોમેટમ બનશે.

**તારના સમાચાર**—વીજલીના તારની મારફતે સમાચાર મલેછે તેમાં હાલ એક એવી કલા શોધી કાહડીછે કે એક કલાકમાં ૧૫૦૦૦ બોલ એક જગા ઉપરથી બીજી જગા ઉપર મોકળી શકાએ. એ કલાથી તારના સમાચાર ઘણીજ થોડી સેકંડમાં મળી શકશે.

**વીજલીની અજાએબ જેવી અસર**—એક યુરોપીઅન સી ઉપર વીજલી પરેઆથી જમીન ઉપર પડી. તેથી તેણીને કાંઇબી નુકસાન થઇઉં નહી પણ એટલુંજ કે તેણીની સામે જે ઝાડ હતું તે ઝાડની ડાંખલીઓ, ડાલીઓ અને પાંડડાનો હાબેહુબ ચીતાર તેણીની પીઠ ઉપર પડી ગયો. તેનો ડાગ લાલ હતો. એવા દાખલા ઘણી વખત બને લાછે. ફરાંકલીન કેહેછે કે એક માણસ તેના ઘરની પાસે ઉભો હતો, તેની સામે એક ઝાડ વીજલીથી જમીન ઉપર પડીઉં. તે ઝાડનો હાબે હુબ ચીતાર તેની છાતી ઉપર પડેઓ.

**વીલાતમાં મસાલાનો ખપ**—દસ વરસમાં ઈંગલંડ ખાતે સઘલા મલીને ૭૭૪૭૫૯૩૫ રતલ મરી, ૬૯ લાખ, ૬૮ હજાર રતલ તજ, ૮૮ લાખ ૬૯ હજાર રતલ લવંગ, ૩૯ લાખ રતલ જાયેફળ ખપેઆંછે.

**અમેરીકા મધે વીજલીનો તાર**—અમેરીકા મધે વીજલીનો તાર જેટલો પથરાએલોછે તેટલો દુનીઆના બીજા કોઈબી ભાગમાં પથરાએલો નથી. ૫૦૦૦૦ માઇલ તાર બાંધવાનું કામ પુરૂ થવા આવીઉંછે.

**૧૮૫૯ માં ભાગેલાં વાંહાંણો**—વીલાતની ખાડીની પાસે ૩૯૭૭ માણમો ભાગેલાં વાંહાંણની ઘાસતમાં આવી પડેઆં હતાં. તે મધે ૧૬૪૫ મરણ પામેઆં હતાં.

**જીવ બચાવનારી બોટો**—ઈંગલંડ દેશના કોસટા ઉપર સઘળી મલીને ૧૫૮ જીવ બચાવનારી બોટો ફરેછે. ગયા વરસમા ૫૦૦૦ માણસોના જાન બચાવવાને ઘણી ઉપીઓગી થઈ પડી હતી.

**એક મશકેરો ચાકર**—એક શેઠે પોતાના ઘેર આગલ બે તરણ ગાડીઓ ઉભેલી હતી તેમાથી પોતાના ચાકરને એક ગાડીની બતી કરવા કહીઉં તારે બલતો કાકડો લઈ આવી તેને પુછીઉં કે "કેઈ ગાડી સલગાવવીછે" તેથી શેઠનો મીજાસ ગીઓ અને ધંમકાવીને કહીઉ કે ગાડીના ફાનસ શલગાવ.

**એક ગાંમડીઆને** તેના મીતરે શંપીનનો ઉંચો દારૂ ઘણી તારીફ કરીને પાએઓ તારે તે બોલીઓ આતો પીચક જેવું પાંણીછે, મારા ગામની તાડી જેટલું પણ એમાં જોર નથી. પણ તેને રમ પાએઓ તારે તે ખુશી થાઈ પોતાના દોસતની વખાંણ કરવા લાગોકે "આતે દારૂ જેવો દારૂ."

**એક શીદીનો છોકરો**—અમેરીકાનુ પતર લખેછેકે આઠ વરસના એક શીદીના છોકરાના માથા ઉપર તરણ ઈંચ લાંબા શીંગડાંછે તેથી તેને ટોપી પેહરવાની અડચણ પડેછે, એ શીંગડાં કઠણછે પણ જાંનવરોનાં જેવાં મજબુત નથી.

**એક શીક્ષાગુરૂ** નીતી શાસતરપર ભાશાણ કરતી વેલા નીશાલીઆઓને શમજાવા લાગોકે ખરાબ અને નીચ વાતો સાંભલતી વેલા તમારા કાંન બંધ રાખજો તેવારે શંઘલા નીશાલ્યા છોકરાઓએ કાંન આગલ હાથ આડા કીધા.

**એક ચંચલ નીઆએધીશને ખુંધ** હતી તેથી મા

**ગુલબાઈ**—મરેરે વાંચો,-કેવું પાહાડ જેવું માણસ ! ને કેવા હાલ થઈ ગીઆછે ! (માકાં ડોસાં તરફ ફરીને) ડાકટર કોણછે ? તે સું કેહેછે વારૂં ?

**માકાંડોસાં**—માએ ડાકટરતો પાંચ સાત થઈ ગીઆ, બધાંની દવા કીધી પણ કોઈનેજ ઓંજીશ દુખનો મચક આપતું નથી. હાલનો લીસબોલની દવા ચાલુછે.

**કોલાઈ ડોસાં**—ધુલ! ઓંજીઆ એ આજ કાલના ડાકટરો નીકલીઆથી દુખ ઓછાંનો નથી થએ આં પણ નહી સાંભલેલાં દુખો વેઠમાં પડીઆંછે. હજી સુવાંસુગાં એનો હાત છેડી દેવોને પેલા ઈછાપોરીઆનો હાત ધરો કે કાંઈબી માલુંમ પડે. તે ઘણો થંડોછે ને તેહનો હાતબી ઘણો હલકોછે. મારી જીવીનો મકલો તાપે પરીઓતો. ને તાપતો એવીકે જાણે તલ તાતે તેવી. તેનીપરબી ઘણાં ઘણાં ચુથણાં એ નવા ડાકટરોએ પરાવીઆં. માંથાંની ઊપર કાંઈ કોલનવાટરનાંતો પારજ નહી એટલી સીસીઓ પેતાં બોરી બોરીને સુકાવી, ને વરી ઓંજીશ કરાં જેવું અસીસાં (આઈસ) નું પાંણી સુકાવીઆ કીધું. પણ કાંઈ વલીશ નહી, તારે અંતે કંટાલીને એ ઈછાપોરીઆનો હાત ધરીઓ તો તેણે સાત દાહડામાં મકલાને ઘોડા જેવો કીધો !!

**સુખલી ડોસાં**—હારે માએ હા, એ નવા ડાકટરોતો બસ ઈસટાપરાં (ઈસટાકીંગ) બુટ પેહરીને પાલખીમાં બેસી ધરપર સર રાખતા નથી, ને દુખમાં દુખ વધારીઆ કરેછે. !

(એટલામાં "એ પરવર દીગાર" એવો ઝીણો અવાજ કાહાડી શોલા કાકાએ કોર મરડી, તારે મીઠાં મામી ઊઠી તેવણની આગલ જઈ, વલી થોડોક વાર સુધી તેવણનું મોહાડું જોઈ જોઈને બોલીઆં.)

**મીઠાંમાંમી**—ઓંજની કારી કીકીતો દેખાતી જ નથી ! ઊજરી કીકી ઊપર ને કારી કીકી નીચે થઈ ગઈછે !

**મેહેરબાઈ**—માએ હવેતો જે થવાનું હશે તે થશે, પણ શોલા કાકાની, નજી તથા પીલી નામની કાચી કુમારી બેઓ છોકરીઓછે તેનું કાંઈ કીધું ? માંકાં ડોસાં ! તમારી કાંઈ સુધ બુધ છેકે નહી, કાનપર પરીને કાંઈ પુછોની ! અવંણના મનની હામેદ મનમાં રહી જશે. એ છોકરીઓને કાંહાં અદરાવાની; ને શું કરવાનું તે બરાબર પુછીતો લેઓ કે વારૂં એવણનુંબી દીલ ખુસું થાએ.

**માકાં ડોસાં**—માએ પુછું શું ? હુકતીઓતો બલેરાછેજતો, પણ મારેતો જીવ ઊગીઓ સુગીઓ જાએછે !(એટલું બોલતાં બીચારાં માકાં ડોસાંની આંખોમાંથી તડતડ આંસુ પડવા લાગાં તારે મેહેરબાઈએ પોતેજ શોલા કાકાના કાનપર પડી મોહોટેથી પુછીશ.)

**મેહેરબાઈ**—શોલા કાકા, કાંઈ કેહેવોછો ? નજી, પીલીને વાસતે કાંઈ બોલવું હોએ તે બોલો ; ખુદા સારૂં કરશે. ફકર ના કરો. ઈતીઆદી શબદો મેહેરબાઈ બોલીઆં, પણ તે સઘલુ કાંઈ કાકાજી સમજીઆ હોએ એવું લાગું નહી, તોપણ કાકાના કાનમાં નજી, પીલી, એ શબદો ગએઆથી તેવણે બંધે હાત ઊંચા કરી આસમાન તરફ બતલાવી એવી મતલબ જણાવી કે "ઈસવર મોટોછે, તે સાહેબ બંધે બચાંની ખરદાસત કરશે."

**મીઠાં માંમી**—વારૂ માકાં ડોસાં સઊની દવા કરી જોઈ પણ આપરા મનચેલનો હાત ધરી જોએઓ ? એબી દવાતો અંગરેજી આપેછે, પણ તે કંઈ ઈસપીતાલનો શીખેલો નથી, તેનો નારી વઈદછે ! ફેરાનો રૂપીઓ નહીતો હરઘો લેસેને દવાબી તેમાજ આપશે. જો મારૂં કહીશ માનો ને તેને તેડાવો.

**મેહેરબાઈ**—હજી તેના કરતાં ગોમસને તેરાવેતો ભલું, માહારી બેહેનની વેરણને સુવાવડમાં કાંઈ હાલ નહી હતા, તેમાંથી ગોમસે તેને સાજી કીધી ને વલી એ ડાકટર કાંઈ બીજાઓના જેવો ઈતર નથી ; જેમ કહીએછે તેમ બીચારો ધીરજથી સાંભલી લઈને પછે દવા આપેછે, તે હુંતો જાણુંકે હજી તેને તેડાવોતો ઘણું સારૂં.

**કોલાઈ ડોસાં**—માએ તમે ગમેતે કહેવો, એ ગોમસ બોમસ સઊ એક હારે રહઓ—ઈછાપોરીઆનેતો કોઈજ પુગે નહી જો ! મારા ઘેરમાં કાતરીઆં ઊપર એક બીચારી ઘરડી પાંણી વારી રેહેછે, તેનો પગ (બે હાત પોહોલા કરીને, એક તરાબરી ઘરાએ એવો ગાલો કરીને) માએ આવડો થાંભલા જેવો થઈ આઓતો; તે બે દાહાડા લેપ મારી સાજો કરી નાખીઓ, ને એ નવા ડાકટરોએતો ઊલટી બીચારીને ખાટલે નાખી મુકીને કાંઈ પાંણી મુકાવીઆં કીધાતાં

આંહીંઆં પાણીનાં પોતાંથી તે કાંઈ સારા થતાં હાશે, ઊલટી વધારે કરતલ ચાલે !!

એવી એવી કેટલીક ગડબડો બીચારા શેલા કાકાના ખાટલા આગલ ચાલવા લાગી, જેમ જેની નજેરમાં આવીશેં તેમ તે બોલવા લાગું, ને અંતે એટલીતો કલા બકોર કરી મુકી કે સાજા માણસનું માથું દુખી આવે, તો પછે એવી વેલા બીચારા શેલા કાકાનું દરદ જોર કરે અથવા બીચારાં ઘબરાએલાં અકરાએલાં માંકાં ડોસાં આજારી પડે એમા નવાઈ સાંની ? બીચારાં માકાં ડોસાં બધાંને "હા માએ, વારૂં માએ" કરીને જવાબ દેતાં દેતાંબી કંટાલી ગએઆં હતાં. એવામાં ડાકટર લીસબોલ આવી લાગો, ને આવો ઘભરાટને કલાબકોર જેઈને ઘણોજ ચીરડાવા લાગોને બીચારાં દુખી માકાં ડોસાં ઊપર ઝાડ તોડી પાડીઆં કે જે વખતે માદાં માણસને બે ઘડી મીતમાંને કરારમાં રાખવાની જરૂર તેજ વખતે આટલો બધો ઘંભરાટને ગોંગાટ !! એથી કાંઈ સારૂ થવાનુ નથી. ને વલી એકતો ઓરડો આટલો નાહાનો તેમાં પાંચ પચીસ ઓરતો ભેગી થઈછેતો એ ઓરડાની હવા બગડીઆથી બીચારા શેલા કાકા વધારે હેરાંન થશે એવું લાગેછે.

હવા બગડેછે, એવું લીસબો બોલીઓ તે ઊપરથી કોસાઈ ડોસાં સમજીઆંકે બારી ઊઘાડીછે, તેથી હેરા લાગેછે એમ ડાકટર કેહેછે, તે ઊપરથી ઊઠીને બારી બંધ કરી નાખીને, જરાબી જે હવાનો ખુલાસ હતો તે સઘલું એકદમ ગુંગરાવી નાખીશેં. તારે વલી ડાકટરે ચીરડાઈ પોતાને હાતે બારી ઊઘાડી. પછે શેલા કાકાની નાડી જોઈ હકીકત પુછી તારે વલી એવું માલુમ પડીશેં કે બઈરાંઓની કટકટમાં બપોરની દવા અપાઈ નહી, તેથી વલી ડાકટરે ચીરડાઈ બીજી દવા લખી આપી તે ચાલતો થએઓને તાંકીદ કીધી કે કાકાની આગલ કાકાનાં ડોસાં સીવા એ બીજું કોઈ બેસે નહી, એમ કહી બધી બાઈઓને તાંહાંથી ઊથાડી પાસેનાં ઓરડામાં બેસારી પોતે ગીઓ. લીસબો જેવો હેઠે ઊતરીઓકે પાછાં પેલાં બઈરાં ઓરડામાં આવીઆં, ને આગલની પેઠે પાછી કાઊકાઊ કરવા માંડી ને મારી કુટીને બીચારાં માકાં ડોસાંને બીજા ડાકટર ( ઈછાપોરીઆ) ને તેડાવાની ફરજ પાડવી.

એટલાંમાં છેક સાંજ પડવા આવીને મીઠાંમામી, મેહેરબાઈ તથા ગુલબાઈ પોતાને ઘેરે આવવાને ઊઠીઆં. તારે માંકાં ડોસાંએ "વારૂં માએ આવતાંનુ પેટ તાહારૂં, આવજો માએ" એવા શબદો બોલી તેમને જવા દીધાં, તારે મીઠાં મામીએ પાછો ઊતર વાલીઓ "હા માએ આવસું, સારે રૂડે આવસું, હવે તમે વેહેલાં વેહેલાં તમારી નજી, પીલીનાં લગન કરો."

ઘેર આવીઆ પછે બીચારાં મીઠાંમામીએતો દાતનં પાંણી કરી પાછું એક પીઆલું ચાહ પીધી તારે તેવણનો જીવ ધુજતો રહેઓ, તેમજ બીચારી મેહેરબાઈનેબી માથે પાટો બાંધવો પડીઓ એટલું માથું દુખી આવેલું.

વાંચનાર પેઆરી બાઈઓ, માંદાં માણસના ખાટલા આગલ ઘણી ખરી વાર બનતા દેખાવો માના એક દેખાવનું એ અધુરૂં ચીતર ઊપર આપી ઊંછે. એ ચીતર કાંઈ તદન કલપનાથી નથી પાડીશે, બનતા બનાવો, નજરે પડતા દેખાવોને કાને સંભલાતી હકીકતો ઊપરથી ઊપજાવી કાહાડેશેંછે. તો વારૂ બાઈઓ,–માંદાં માણસને જોવા જવાની શી મતલબ, દુખી માણસને દીલાસો દઈ તેની આસ પાસનાં માણસોને હીમત આપવાની કે વારૂં તેથી ઊલટાં સઘલાંને ઢપકાવી મારવાની ? ખરી વાતછેકે ખેસી અથવા નહી મીતીઓને તાંહાં મંદવાડ હાએ તારે તાંહીં જઈ તેમને દીલાસો અને ધીરજ આપવાની તેમના બીજા ખેસી અથવા દોસતોની ફરજછે. તોપણ તે ફરજ કેવી રીતે અદા કરવી તેથી આપણી દેશી સ્રીઓ માહાં ભાએગે વાકેફ નથી. અલબતાં હમો આટલું કબુલ કરીએ છયેકે જોવા જનાર બાઈઓ સારા વીચારથી, નેક મનસનીઘી ને સામાં ધણીનાં દુખનું દરદ ધરીને તેમને જોવા જાએછે, પણ તે સંઘલાં સાથે તેઓ એવી વેલાએ, કેટલું અને કેમ બોલવું—વઈદ ડાકટર વીશે પોતે વીચાર આપવાને લાએક છેકે નહી, તથા માદાં માણસનાં ખાટલા આગલ કેટલીને કેવે પરકારની સંભાલ રાખવાની જરૂરછે—તે ઊપર કસું ધીઆન આપતાં નથી, ને બસ જે મનમાં આવે તે પરમાંણે પોતાના વીચારો આપવા માંડેછે, તે ચાલનો ખરેખર અટકાવ થવો જોઈએ. જે વાતમાં આપણને સમજ નહી, ને જેમાં આપણી અકલ ચાલે નહી તેમાં ફકત કલપના ભરેલા વીચારો આપીઆથી

ઓર સાંમા ધણીને નુકસાન થાએછે, એટલું ધારીનેજ એ ચાલનો અટકાવ કરવો જોઈએછે.

## આવાંબાઈ સાથે મીસ મેરીની મુલાકાત:



મીસ મેરી નામે એક જુવાન સ્ત્રી ઈઊરોપ ખંડથી મુસાફરી કરવા સારૂ નીકલી. તેણીની ગરજી એવીકે સઘલું હીંદુસથાંન જોઈ પોતાની મુસાફરીના હેવાલનું એક નાહનું પુસતક બનાવવું. કલકતા તથા મદરાજ ઈલાકાનાં સઘલાં પરાંતોમાં ચ્યાંર વરસ કાહાડેઆ પછે, તે મુંબઈમાં આવી. અને એ ટાપુને લગતાં સંઘલાં શેહેરોમાં ફરી પાછી આવી તીઆરે તેણીને એક અતરેની પારસણ સાથે બંદર ઊપર મુલાકાત થાઈ. મીસ મેરીને ગુજરાતી સારી પેઠે આવડતી હતી તેથી થોડા વારમાં આવાંબાઈ સાથે ઓલખાણ કીધી. પછે બેહું જણીઓ પાલવા બંદર તરફથી આગલ ચાલેઆં. તેઓ બેહુએ ભાગર પસાર કીધી અને મેરીએ વાત સહર કીધી. જમના હાત ઊપર એક ઘેર જોઈઊં, જેહના ઊપર એક ઊંનચા મનારા જેવું બાંધકામ હતું. દાહબા હાતપર એક લાંબી દેવાલ બેઊએ દેખી. એ બેઊ મકાન વીસે મીસ મેરીએ આવાંબાઈને પુછીઊં, તેણીએ તરત જવાબ વાલીઓકે પેહલું તો ઈસકાચ લોકનું દેવલછે અને પેલી દેવાલતો ગોદીનીછે. જરા આગલ વધતાં ગોદીનો પુરો દેખાવ નજરે પડેઓ; અને બારણાના ઊપર વચે વચમાં એક ઘડીઆલ જડેલું જોઈઊં. આવાંબાઈને તેણીની સહીએ પુછેઊં કે બાઈ ઘડીઆલમાં જુઓ કેટલા વાગાછે, મારી આંખે નજરે આવતું નથી કાંએજે મને "શોરટ સાઈટ" છે. આવાંબાઈએ જોઈ કહીઊં કે પોણા આંઠ થાએઆંછે. એજ જગા ઊપર તેઓની નજરે એક સનટરી પેહરો ભરતો નજરે પડેઓ. બેઊને ખબર હતીકે તે સીપાઈ "સુપરીમ કોરટ" એટલે મોટી નીઆઓની અદાલતની ચોકશી કરેછે. કોરટ અને દેવલ વચે "ચાઈસ હાઊસ" એટલે બરફ વેચવાની જગાછે. આટલે સુધીતો આવાંબાઈ મીસ મેરીની આગલ ઘણી ચંચલ બાનુ માલમ પડી અને તેમ બીજી ઘણી સીઓ કરતાં તે હોસીઆર હતી ખરી. તોપણ હરેક ચીજ પોતે જોએછે તે વીશે પુછ પરછ કરવાને પોતાને પુરતી ટેવ પડી ન હતી. થોડાંએક ડગલાં આગ વધતાં બે રસતાં માલમ પડેઆ, તેમાના જેમનાં હાંથ ઊપરના રસતા તરફ ચાલેઆં. એકાએક ઘણો મોહટો ઘોઘાટ સંભલાઓ. મેરીએ આવાંબાઈને સવાલ કીધો. મીતર આં સાંનો અવાજછે? આ મોહોટું મકાંન સુંછે! અરે આ ધુંમાડો સાંનો નીકલેછે. એ મકાંન જીઆરે હું પેહલે આવી તેઆરે મારા દીઠામાં આવેઊ ન હતું. એ સવાલો સાંભલી આવાંબાઈનું મોહડું ઊતરી ગયું તેણીના હોંટ સફેદ થઈ ગયા, અને શરમથી પોતાંનું મોહ છુપાવા માંડેઊં, કાંએજે તેણીને એ મકાન વીશે કાંઈજ ખબર હતી નહીં. આ વખતે આવાંબાઈ મનમાં પસતાવા લાગીકે જો હું દરરોજ આ રસતેથી જાઊછું, કેટલીએક વખતે મને જતાં રસતામાં પડેલી ગાંસડીઓથી અડચણ પણ થઈછે, વારેવાર હું મોહટા અવાજ સાંભલી ઘબરાઈ છું, તોપણ મેં મારા ધણી જોડે એ વીશે કાંઈ પણ પુછ પરછ કીધી નહી. પોતાની સહીને આવી ફીકી પડેલી જોઈ મીસ મેરી ઈતર બાનુઓની પેઠે તેને હશી કાહાડેઆને બદલે ધીરજથી બોલી "બેહેન એ મકાન હમનાજ બંધાએલુંછે માંટે તને એ વીશે ખબર નહી હોએ તેહમાં નવાઈ સું" ચાલો આપણે તાંહાં જઈ તજવીજ કરીએ. ખબર કાહાડતાં માલંમ પડેઊં કે તેતો રૂની ગાંસડીઓ દાબવાના "હાઈદરાલીક પરેસ" નામના સાંચાની ઈમારતછે. જે મોહોટી ગાંસડીઓ તેઓએ રસતા ઊપર પડેલી જોઈ હતી તે સાંચામાં પડેઆ પછી ઘણીજ નાહાની અને ફતર જેવી કઠણ થતી હતી જેથી ઘણી ગાંસડીઓ વાંહાંણમાં માંઈ સકે. સાંચાને ચલાવા સારૂં બાફ ઊતપન કરવાને કોલસા બલતા હતા, તેહનો પેલો ધુમાડો નીકલતો હતો. થોડા ફુટ વધેઆ નહી એટલાંમાં કેટલીએક ઘોડાની બગીઓ અને શીપાઈઓની

દોડ પડી. આવાંબાઈએ વીચાર કીધો કે એ શા સારૂ હશે તથા માણસો ઊભાછે તે શું મકાન હશે. વલી શીકી નહી પડું એવા વીચારથી તેણીએ મેરીને જલદીથી પુછેઊં કે, આગલ આ મકાન તમોએ જોઈઊં હતું. મેરી બોલી હા બેહન હું જાણુંછું. એતો પોસટ હાફીસછે.પોસટ આફીસ એટલે કાગલો જુદી જુદી જગાએ પોંચાડવા સારૂં એકઠાં કરવાની જગા. આવાંબાઈ એ વીશે અણજાણી હતી તેથી તે એમ સમજીકે અતરે કાગજ બનાવતાં હશે. એવા વીચાર ઊપરથી તેણીએ પુછેઊં કે એ કાગજ વેલાતી જેવાં બનેછેકે જાડાં બનેછે. મેરી તરત સમજી ગઈકે મારી ભોલી સહી હજુર સમજી નથી. અને કેટલોએક ખુલાસો કરી સમજાવીઊં. આવાંબાઈનું પાંણી ઊતરી ગયું તે ઘણીજ મનમાં દલગીર થવા લાગી અને પોતાના મનમાં નીચે પરમાણે બોલી.

"અરે ! બે વકુફ હું કેહવી !!બે વકુફ કે માહારા પીઆરા ધણીનું મેં કહીઊં ન માનીઊં. અરે ! તેણે મને ઘણી રીતે સમજાવીને કહીઊં કે બાહર ફરવું એ સારી ચીજછે. આપણી આસપાસ શું થાએછે તે ન જાણતાં—આપણે ખાઈને હુંગાએઆ કરવું એ કેહવું લજવાવાનુ કામછે. એમતો જનાવરો પણ કરેછે. અરે ! તીઆરે મેં તેમનું કહેઊં માનેઊં નહી. મેં વીચારીઊં કે જે ચીજ વીશે આપણને કામ નહી તેહની અમસથી પુછ પરછ કરી માથું સું કરવા દુખવવું, તેના કરતાં બે ઘડી પોઢવું એ કેવું સારૂં. આપણે આપણા મારગે ફરવા ગયા અને આવેઆ એટલે બસ. અરે ! સૌ બોધ ચોપાનેઆમાં પણ ઘણી વખતે એવી સીખામણો વાંચવાને મારા ધણીએ મને કહી, પણ મેં માનેઊં નહી. અરે ! જો મેં પેહલેથીજ એવી ટેવ રાખી હતે, કે જે ચીજ આગલથી આપણે ચાલી જઈએછે એ તે સુંછે તે વીસે થોડું પણ ગનેઆન મેલવવું, તો આટલા વખતમાંતો હું પોણું મુંબઈ જાણતે. અરે ! તે વખતે માહારી ભુલ મને સુજી નહી. અને હું સીખામણ દેનારાઓને ઘણી વખતે ભુંડું બોલી. અરે ! આવી ફીકી પડી જઆતાં કરતાં હું આ જગા ઊપર જીવતી હોત નહીતો ભલું. હવે હું એમ નહી કરૂં. આજ પછી બધી ચીજો વીશે જાણીતી થવાની કોશશ કરૂં. જીઆરે આ માહરી સોબતણને, હજારો કોસ દુરથી માતરે હીંદુસથાન જોવાની ઊમેદમાં, પોતાના જાન અને માલને જોખમમાં નાંખેઆ—જીઆરે પોતાના પીઆરા ધણી, અને વાહલા બચાંને છોડી દુર દેશ જોવાની તેણીએ હીમત બાંધી અને જીઆરે તે આખું હીંદુસથાન ફરી વલી સરવે ચીજોથી વાકેબ થઈ—તીઆરે અરે દુશત જીવડા હું જે સેહરમાં રેહું, અને જે રસતે રોજ ફરૂ તેથી અજાણી રેહું ? —અરે ! હું ભુલી હું ભુલી."

મીસ મેરીએ પછે કહીઊં કે આપણે ટોનહાલ આગલ જાઈ બેસીએ એમ કહી તે તરફ ચાલવા લાગી કે આવાંબાઈએ ટોનહાલ જોઈ હતી તેથી તેહના પેટમાં જીવ આવેઓ. મોહટી સીડીઓ એક પછી એક મુકિઆ પછી તેઓ દરવાજા આગલ આવીઆં અને તાંહાં જમના હાત ઊપર દેવાલમાં જડેલો એક પતર નજરે પડેઓ. તેના ઊપર અંગરેજી હરફે કોતરેલું હતું તે જોઈ આવાંબાઈએ પોતાના મીતરને કહીઊં બેહન આએ શું લખેલુંછે તેની મને સમજણ આપો, તેણીને ઊતર મલેઓ કે એની મતલબ નીચે પરમાણેછે. " આએ ટાઊનહાલ ઈસવી સને ૧૮૨૧ માં બાંધવાને શરૂ કીધી, તે ઈસવી સને ૧૮૩૩ નાં અંદર બંધાઈ રહી."

મીસ મેરી પોતાની સહીને સમજાવા લાગી કે ટાઊનહાલને તમારા લોકોએ ટોનડાલ નામ આપેઊં છે. એ આખા મુમબઈમાં સઊથી સરસ મકાનછે. અને એની બાંધની અસલી ઢપ ઊપર લીધેલીછે. બારણામાં પેસતાં એક મોહટો હાલછે જાંહાં સુધારાને લગતાં ભાશણો અપાએછે. એમ કહી હાલમાં તેઓ આવીઆં. એ હાલમાં દાહાબી બાજુએ એક બારણું જોઈઊં—અને બેઊ જણીઓ તીહાં ચાલેઆં. બારણામાંથી દેકું બાહાર કાહાડેઊં નથી એટલાંમાં સાહમએ એક સંગેમરમરનું બાવલું દેખાઊં અને બેઊ ઓરતો બોલી ઊઠી, આતો નેકનામ સર જમશેદજી જીજીભાઈ બારોનેટનુ બાવલુંછે. તેહના રૂહના ઊપર આશીરવાદ માંગી જમની તરફ જરા આંખ ફેરવી અને ફીનસું કદાવર બાવલુ નજરે પડેઊં. એ બાવલુ સર જાન માલકમનુંછે. નાંમદાર માલકમ આપણા ટાપુનો ગવરનર હતો. તેણે દસીઓમાં ઘણેએક સુધારો કીધો હતો અને જે વરસમાં ટાઊનહાલ બંધાઈ પુરૂ થયું તેજ વરસમાં સર માલકમ મરણ પામીઓ.

દાહાળા હાત ઊપર તરીજું બાવલુ જોયું. તેના નીચેના પથરપર નીચે પરમાંણે કોતરેલુંછે. "**સર ચારલસ ફુરબસ,** બેરોનેટ આ ટાપુના દેશી રેવાશીઓનો બેગરજ મુરબી તથા શ્રી હીનદુસથાંનના ગાંમટીઓનો અજમાવેલો અને વીશવાસુ મીતર, તેહની ઈઆદગારીને સારૂં બનાવેલું, શ્રી મુંબઈના ગાંમટી રેહવાશીઓએ, પોતાના પીઆર તથા વશદારીની ઈધાણી રાખવા શારૂં. ઈસવી સને ૧૮૪૧." એ પુતલાંની પાસે એક ઓરડામાં ટાઊનહાલનુ મીઊજીઅમ એટલે સંગરસથાંનછે. તીહાં સાંપ, ખબુતર, ચલી, અને બીજાં પખશીઓનો સંગર કીધેલોછે, જુદા જુદા દેશોની કારીગરીના નમુનાછે. અને એક ચોપડીનો મોહટો સંગરહ પણ તેઓએ જોયો.

એ વખતે એક ઊંચુ બાવલું તેઓએ જોયું તે, નાંમદાર માઊનટ એલફીનસટનનુ હતું. પછી પાછા મોહટા હાલમાં આવી સાંબેની બાજુએ ચાલેઆં અને પેહલા ઓરડામાં જતાં તીહાં ગવરમેંટ મીઊજીઅમ એટલે સંગરસથાંન જોઈઊં. મીસ મેરીએ આવાંબાઈને ઘણીએક નવાઈની અને અગતની ચીજો વીશે સમજણ આપી તે તે ઘણા ધીઆંનથી સાંભલતી હતી તથા વારેવાર તેહનો ઊપકાર માણતી હતી.

મેરીએ કહીઊં કે "ટાઊનહાલ બાંધવા સારૂં ૧૧ વરસ લાગાં હતાં—તથા રૂ૧૮)લાખને આસરેનો ખરચ થાએઓ હતો. માતરે અમસથો એના બાહરની દેવાલ ઊપર ચુનો લગાડવાનો અરસટો રૂ ૨૦૦૦ થાએછે. એના ભોએ તલેઆમાં જુદા જુદા ઓરડાઓ કીધેલાછે અને તાંહાં સરકારી હાફીસોછે."

મીસ મેરીએ જણાવીઊં કે મને જવાનો વખત થયો. આંવાંબાઈને પુછીઊં કે તમે કાંહાં રેહોછો તે મને મેરબાંની કરીને જણાવશો? હું તમારી સાથ દોસતી રાખવાને ઘણી આતુરછું. ફરસદની વેળાએ હું તમને ફરીથી તમારા ઘર આગળ આવીને મલીશ અને આપણે સાથે ફરવા નીકલશું એથી તમનેબી લાભ થશે અને મનેબી થશે. તમે જુદી જુદી ચીજો વીશે વાકેફ થસો, તમારામાં હીંમત આવશે અને મને ગુજરાતી બોલવાનો માહવેરો વધશે. આવાંબાઈએ પોતાનુ ઘર મોટી ખુશીથી દખાડીઊં. ઈંગરેજની સ્ત્રી સાથે રસતામાં વાત કરવાને તથા ફરવાને તેબી ઘણી આતુર હતી. તેઓ એક બીજાને શેકહાંડ કરી છુટાં પડેઆં.

## અમેરીકા મધેનાં બલતાં જંગલો.

ઊતર અમેરીકા મધે કેટલાંક મોટાં જંગલોછે તેમાં દેવદારનાં લાકડાંના ઝાડ ઊગેછે. વારે ઘડીએ એવું બનેછે કે એ ઝાડોને એક જાતનો કીડો લાગુ પડીને તેના સઘલાં પાતરાં ખાઈ જાએછે. હવે સઘલાં ઝાડોમાં એક એવી ખાશીઅતછે કે જો તેઓના પાતરાં નાશ પામે તો તેઓ ઘણા દીવશ સુધી જીવી શકે નહી. શીઆલામાં તેઓના પાતરાં ખુદરતી રીતે કરમાઈને ખરી પડે તેપછી તેઓ જીવેછે ખરાં પણ જો પાતરાં લીલાં હોએ અને જનાવરો ખાઈ જાએ અથવા તેઓને તોડી નાખવામાં આવે તો ઝાડો જીવી શકતાં નથી. એથી કરીને જંગલમાં કીડાઓ પડેછે તાંહાં ઘણુજ નુકસાંન કરી નાખેછે.

એક વખત એક જંગલનાં ઝાડોનાં પાતરાં કીડાઓ ખાઈ ગયા અને તે કારણને લીધે તે ઝાડો થોડાંએક વરશ પછી તુટી પડવા લાગાં અને જંગલની સઘલી જગા લાકડાથી ભરાઈ જવા લાગી. આ લાકડું સુકાઈને એવુંતો થાઈઊં હતું કે લોકો તે બલતણને સારૂ લઈ જવા લાગા. પણ એ લાકડું સુકાયું તેથી બીજું ફલ શું નીપજીઊં? કોઈ વખત એ લાકડાંના બે છેડીઆં ઘસાએઆથી આગ પેદા થતી હતી, કોઈ વખત વીજલી પડવાથી આગ લાગતી હતી. અને કોઈ વખતે બીજાં અંજાણ સબબથી બી આગ લાગેઆ વગર રેહતી હતી નહી. એ આગ જંગલના મોટા ભાગો ઊપર પસરી જતી હતી અને રસતામાં જે કાંઈ નડે તે બાલી નાખતી હતી. જંગલના મોટા મોટા ભાગોમાં આવી ભારે આગો લાગાથી તેનો દેખાવ કેવો બીહામણો થતો હશે.!!

એ જંગલની પાસે વીલસન નામનો એક શખસ પોતાની સ્ત્રી તથા પોતાની છોકરી સાથે એક ઘેર બાંધીને રેહતો હતો. એક વખત પાછલી રાત ઘડી પાંચ છ હશે તેવામાં તેઓના ઘોડા ઘણા ખંખેરવા લાગા અને ગાએ ઢોર બુમો પાડવા લાગાં તેથી આખું કુટંબ જાગી ઊઠીઊં. વીલસને ધારીઊં કે કોઈ વાઘ વરૂ વગરે મોટાં જનાવરે આવીને મારા ઢોરને બીહવડાવેઆં હશે તેથી તે પોતાની બંદુક લઈને દરવાજા પાસે આવેઓ. પણ જેવો તેણે દરવાંજો ઊઘાડેઓ અને બાહેર જોએછેતો પોતાની આસ

લ એક મોટી આગ તેની નજરે પડી. જાંહાં જાંહાં તે જોવા લાગો તાંહાં તાંહાં રોશની શીવાએ બીજું કાંઈબી તેની નજરે પડીઊં નહી. ઘોડાઓ અંહી તંહી કુદતા હતા અને બુમો પાડતા હતા. ગાએ ઢોરંખી ધાસતીના મારેઆં પોતાનું પુછડું ઊંભુ કરીને દોડા દોડ કરતાં હતાં. ઘેરની પાછલી બાજુએ જતાં તેણે બલતાં લાકડાનો ઝીણો અવાજ સાંભલેઓ અને આગના ભડકાં પોતાના ઘેર તરફ આવતાં દીઠાં.

વીલસન પોતે ઘરમાં ગએઓ અને પોતાની બાએડીને ફરમાવીઊં કે તું અને આપણી છોકરી બને જણ જલદીથી કપડાં પેહરીને તઈઆર થાઓ અને આપણી પાસે જે કાંઈ પઈસા હોએ તે સાથે લેઓ. એટલું કહીને પોતે બે સારા ઘોડાઓ ઊપર જીન બાંધીઊં. એ કામને તેણે ઘણો વખત લાગવા દીધો નહી કારણ કે જે પલ જતી હતી તે ધાસતીમાં વધારો કરનારી હતી. તારપછી તેઓ ઘોડા ઊપર બેઠાં અને વીલસને પોતાની (નાહાની) છોકરીને પોતાની સાથે બેસાડી એક હાથમાં પકડી. તેઓએ કેટલેક અંતરે જઈને પાછલ જોયુંતો પોતાનું ઘેર આગમાં બલતું દીઠું અને વલી આગ તેઓની તરફ આવતી દેખાઈ. વીલસને પોતાનાં કુતરાંઓને પોતાની પાંછલ આણવાને માટે પોતાનું રણસીંગડું વગાડીઊં; પણ આગની ધાસતીને લીધે હરણો જંગલમાં નાસતાં હતાં તેઓને પકડવાને કુતરાઓ તેઓની પુઠે દોડેઆ હતા. વીલસનના ગાએ ઢોર કેટલોક વખત સુધી વીલસનના ઘોડા પાછલ દોડેઆં પણ પછી જાણે ઘેલાં બની ગએઆં હોએ તેમ જંગલમાં અંહીં તંહી નાસવા લાગાં.

એ જંગલમાં એક મોટું તલાવ હતું. તે તલાવને કીનારે વીલસનની જવાની મરજી હતી. એવા ઈરાદાથી તેઓએ પોતાના ઘોડા ઊપર ચાંપ કરીને ખુબ દોડાવા લાગા અને પડી ગએલાં ઝાડો તથા લાકડાં ઊપરથી જેમ બને તેમ જડપથી રસતો કાપવા માંડેઓ. એ વખતે આગ એટલીતો નજીક હતી કે તેઓને તેની ગરમી લાગવા માંડી. વલી આગનો પરકાશ એટલો હતો કે તેની પાસે સવારના સુરજની રોશની નજેવી દેખાવા લાગી. વલી વીલસન અને તેની ઓરતને એવી ધાસતી હતી કે રખેને ઘોડાઓ થાકીને બેસી જાએ. વીલસન અને તેની ઓરતને જરા બેહોસી આવવા લાગી અને તેઓ પોતાની છોકરીનું મોહોડું દેહસતથી ફીકું પડેલું જોઈને વધતી દલગીરી અને ઘભરાટમાં પડેઆં.

છેલે તેઓ સરોવર કાંઠે જઈ પુગાં ખરાં. પણ આગના ધુમાડા અને ગરમીથી તેઓ તદન થાકી ગએઆં હતાં. થોડો વખત વેરતો તેઓ સરોવરને કાંઠે ફરેઆં પણ પછી પોતાના ઘોડા ઊપરથી ઊતરી ગરડંન વેરની ઊંડાણના પાંણીમાં જઈને બેઠાં. ઘોડાતો તેઓએ પાછા ડીઠાજ નહી. પણ તેઓ પાંણીમાં જઈને બેઠાં તારે તેઓને પાંણીની ઠંડીથી આસાએસ મલી. આગતો વધેઆજ કરતી હતી. અને જંગલનાં લાકડાં બલતાં હતાં તેનો કાંઈ સુમાર હતો નહી. આકાસ હમેશ આસમાની દેખાએછે પણ એ વખતે આગનું જોર એટલું હતું કે લાલ હીંગલા જેવું દેખાવા લાગું. વલી ધુમાડો ઊંચો ચડતો હતો તેનો કાંઈ સુમાર હતો નહી. તેથી લાલ આસમાનમાં જાણે કાલા દાગ થઈ રહેઆ હોએ એવું નજરે પડતુ હતું. વીલસન, તેની ઓરત અને તેઓની છોકરી ત્રણે જણનું શરીરતો ટાહાડું થઈઊં પણ માથું પાણીની બાહાર હતું તે જાણે આગ તપતું હોએ એવું દુખવા લાગું, અને વળી તેઓની છોકરી રડતી હતી તેથી કરીને તેઓના દુખમાં વધારો પવા લાગો.

એવી રીતે દાહાડો તો નીકલી ગએઓ અને તેઓ ભુખેઆ પણ થએઆ. ઘણાં જંગલી જનાંવરો તેઓની પાસે પાંણીમાં આવીને ડુબકી મારવા લાગાં. વીલસન બેહોસ થઈને થાકી ગએઓ હતો તોપણ તેણે એક સાહુડીનો શેકાર કીધો. એથી કરીને તેઓએ પોતાની ભુખ થોડી ઘણીતો મટાડી. રાત પડી પણ તે રાત તેઓએ કેટલાં દુખમાં કાહાડી હશે તેનો વીચાર કરવો કાંઈ સેહેલું કામ નથી. જાડો ધુમાડો તેઓની ઊપર ઊડતો હતો અને બલતા ઈંગાર તેઓને માંથે પડતા હતા.

બીજી સવારનાં ગરમીતો ઓછી થઈ નહી પણ ધુવાડો ઘટી ગએઓ. તોપણ ધુવાડાનો વાસ હવામાં એટલો તો ફેલાઈ ગએઓ હતો કે તેઓને દમ લેવાનુંખી ગમતું હતું નહી. પાણીમાં નજદીક વીસ કલાકરે ર રહેગાથી તેઓ ઘણાજ ઠંડા થઈ ગએઆ હતા અને ટાહાડીઓ તાવ આવેઓ હોએ તે પરમાંણે ધ્રુજ

વા લાગા. તેથી કરીને તેઓની પાસે એક મોટું લા
કડું બલતું હતું તેની પાસે જઈને તાપવા લાગા.


હંમેશની માફક તેઓને ફરીથી સવારની વખ
તે ભુખ લાગી પણ તેનો ઊપાએ તેઓ સેહેલથી કરી
શકેઆ. આગથી નાસીને કેટલાંએક હરણ તલાવને
કાંઠે આવીને ઊભેલાં હતાં તેમાંથી વીલસને એકનો શ
કાર કરીને તેનું માંશ ભુજીને વાપરીઊં. એ ખોરાક
થી તેઓના શરીરમાં કઊઅત અને ગરમી આવી.
હજી સુધી આગતો તદ્દન હોલાઈ ગઈ હતી નહી. પ
ણ તે એટલી ઘટી ગઈ હતી કે પોતાના રખશણને મા
ટે જગા શોધવાને તેઓને મુશકેલ પડે એવું હતું નહીં.
તોપણ એક વાતતો કઠણ હતી, તે એકે જમીન ગરમ
થઈ હતી અને તેની ઊપર બળતા ઈંગારો પડેલા હ
તાં તેથી તેઓનેચાલતાં દુખ અને મેહેનત પડતી હતી.

બે દીવસ અને રાત સુધી કંટાલીને તેઓ અં
તે એક એવી જગાએ જઈ પુગાં જાંહાં આગ
મુદ્દલ પોતી હતી નહીં. તાંહાં એક ઘેર મધે તેઓએ
જઈને ઊતારો કીધો અને તે ઘેરના માંણસોએ તેઓ
ની ઘણીજ સારી બરદાસત લીધી. એ જગાએ તેઓ
એ કેટલાએક દીવસ સુધી રહીને આસાએશ મેલવી.
ખરીવાતછે કે તેઓ પોતાની સઘળી દોલત અને પુંજી
ખોહી બેઠાં પણ માયાળુ અને સરવ શકતીવાંન ઈશવરે
મેહેરબાંનીની રાહે તેઓની તથા તેઓના નાજુક બા
લકની જીંદગી બચાવી માટે તેઓ તે કીરતારનો ઊ
પકાર માનતાં હતાં.

આ નાહાની વાત ઊપરથી તવંગર વાંચનારી
ઓએ શીખામણ લેવી જોઈએછે કે કોઈબી માણસે પો
તાની દોલતને માટે મગરૂર થવું જોઈતું નથી. કારણ
કે કોઈ વખત ઘણાજ અણચીંતેઆ બનાવોથી માણસ
ની સઘળી દોલત નાશ પાંમેછે અને તેની પાસે કપડાં
શીવાએ બીજુ કાંઈબી રેહેતું નથી. માટે એવી ચી
જ વીશે અહંકાર કરવો નહી. નમરતા રાખવી, દુખી
અને લાચારોની તથા વીધવા અને માંબાપ વગરનાં
છોકરાંઓની ખબર અંતર લેવી. કારણ તેથી ઈશવ
ર આપણુ ભલું કરશે.

## આકાશ મધે ચલકતા હીરા—તેમનું ટુંક વરણન.


એક અંધારી રાતના આસમાન તરફ નજર
કરીએતો આપણા પેદા કરનારનાં કામોનો કેવો સારો
નમુનો મલી આવશે. અમુલીઅ હીરા કરતાં હજાર ગ
ણે તેજદાર અને ઝલકતા તારાઓ આકાશમાં જે તર
ફ આપણે નજર દોડાવસું તે તરફ દીઠામાં આવશે.
ધીયાન રાખીને જોસુતો આ તારામાનાં કેટલાએકને
આસમાનની અંદર ફરતા જોઈસું. આ ફરતા તારા
ઓને ગરેહા કરી કેહેછે. પરાચીન વખતના લોકો
એમ સમજતા હતા કે આ ગરેહા સુરજની સાથે આ
પણી પુરથવીની આસપાસ ફરેછે, અને આપણી પુ
રથવી તેઓની વચે થંભછે એવું કેહેતા હતા. પણ
કોપરનીકસ નામના એક નામાંકીત જોતીશે આ વ
રણન ખોટુંછે એવુ પંદરમી સદીમાં શોધી કાહડીઊં.
આ પુરૂશની પછી થઈ ગએલા બીજા એક પરખીઆ
ત જોતીશે એ વાત ઊપર વધારે ધીઆન પોહાચાડીયું.
આ જોતીશ કે જેનું નામ ગાલીલીઓ કરી હતુ તેણે
એવું સાંભલીઊં કે હાલંડ દેશમાં એક પુરૂશે એક હ
થીઆર બનાવીયુંછે કે જેથી કરીને દુરના દેખાવો મો
ટા દેખાતા હતા. એ હઠીઆર શોધી કાડવા ગાલી
લીઓ મંડયો, અને તેને પેહેલ વેહેલી દુરબીન બ
નાવી. આ દુરબીનને આકશ તરફ માંડીને તેને જોયું



તો એક અચરતી ભરેલો દેખાવ
જોઈને હેરાંન રહો. તેને ચંદરની
અંદરના પાહાડો તથા ખીનો દે
ખાયાં. સુરજની સપાટી ઊપરના
કેટલાંએક અજાએબ જેવાં ધાબાં
જોયાં. ભરેસપતી ગરેહની આસપાશ ઘણાંએક ચંદરો
ફરતા દીઠા. પણ (સની) નામના ગરેહની આસપાશ
એક ચલકતી વીંટી જારે તેણે જોઈ તારે તે અચર
તીમાં ગેરફતાર થઈ ગયો. આ શોધો તથા નીઊટન
અને કેપલ નામના વીદવાન ફીલસુફોએ, જે શોધો કી
ધી તેથી કરીને આસમાનના ચલકતા ગોલાઓ શું
છે એ બાબત ખરી રોશનીમાં આવી.

આસમાનની અંદર સુરજ, ગરેહા, તારાઓ
અને કોઈ કોઈ વખતે ધુમકેતુઓ દીઠામાં આવેછે.
સુરજ, ગરેહા, અને તેઓની સાથના ચંદરો મલીને
સુરજ માલા થાએછે. હાલના વખતના જોતીશોએ

૭૦ થી વધારે ગરેહો શોધી કાહાડીયાછે. પણ સઉથી મુખીઅ આંટછે જેઓના નામ તેઓની સુરજને લગતી વેગલાઈ પરમાણે આપયાંછે. મરકીઉરી (બુધ), વીનસ (સુકર), પુરથવી, મારસ (મંગલ), જુપીતર (ભરેહસપતી), સાટરન (સની), નેપચીઊન, અને હરસચલ. તેઓ સુરજની આસપાસ નીચે ચીત્રમાં જણાવેઆ પરમાણે ફરેછે.





સુરજ એકજ જગામા પોતાની ધરી ઊપર ફરેછે. તેની આસપાસ આ ગરેહો જુદી જુદી વેગલાઈએ ફરેછે. આ ગરેહો શીવાય સુરજ મંડલમાં બીજા ૧૮ ઊતરતા ગરેહોછે કે જેઓને ચંદરો અથવા ચાંદ કરીને કહછે. આપણી પુરથવીની આસપાસ એક, ચંદર તથા જુપીતર (ભરેસપતી)ની આસપાસ ચાર ચંદર, સાટરન (સની)ની આસપાસ સાત, અને હરસલની આસપાસ છ ચંદરો ફરેછે.

સુરજ બધા ગરેહોના મારગના ઘેરાની મધીઅમાંછે. અને એના જોરથી કરીને ગરેહોને પોતાની આસપાસ હમેશ ગોલ ફરતા રેહછે. આ ચલકતો ગોલો આપણી પુરથવી કરતાં તેર લાખ ગણો મોહોટોછે. તથા ૯ કરોડ પચાસ લાખ મઈલ દુરછે. સુરજથી કરીને આપણને રોશની તથા ગરમી મલેછે અને તેથી કરીને મનુશ જાત તથા જનાવરો તથા પખશીઓ તથા ઝાડપાંન જીવેછે. એની રોશની એટલીછે કે જારે સહવારના મોહોરમાં પરકાશી નીકલેછે તારે બધા તારાઓ તથા ગરેહોની રોશની આંખી મારી જાએછે અને તેઓ દેખાતા નથી.

બુધ તથા સુકર એ ગરેહો સુરીયની ઘણાંજ આગલ હોવાના સબબથી સઊથી વધારે ચલકતા દીસેછે. બુધ, ત્રણ કરોડ સીતેર લાખ માઈલ, તથા સુકર છ કરોડ ૮૦ લાખ માઈલ સુરીયથી દુર છે. દુરબીન માંડીને જોયાથી સુકરની સપાટી ઊપર પાંહડો દેખાએછે. કે જેઓની ઊંચાઈ ૧૦ થીતે ૧૨ માઈલછે.

આપણી પુરથવીનો આકાર ગોલછે તેમજ દરેક ગરેહનો આકારબી ગોલછે. અને સુરજની આસપાસ ૩૬૫ દાહાડા ૫ કલાક અને ૪૮ મીનીટમાં આપણી પુરથવી ફરી રેહછે. મંગલ નામનો ગરેહ તેના જરાક આતશના જેવા રાતા દેખાવ ઊપરથી ઓલખાઈ આવેછે. ભરસપતી સઊથી મોહોટો ગરેહછે અને સુરજથી અતીશ દુર હોવાંના સબબથી અગીઆર વરશે સુરજની આસપાસ ફરી રેહે છે. એની આસપાસ ચાર ચાંદ ફરતી રોશની આપેછે. સનીની આસપાસ જે ચલકતી વીટી ફરેછે તેથી એ ગરેહ ઘણો અજાએબ જેવો લાગેછે. ત્રીસ વરશે એ સુરજની આસપાસ ફરી રેહછે. અને એની સાથે સાત ચંદરછે. હરસલ, અને નેપચીઊન થોડા વરસ ઊપર શોધી કાહાડવામાં આવીઆછે. તેઓ એટલા દુર છેકે અગાઊના વખતમાં દેખાવામાં આવીયાતા નહી.



આ ગરેહો શીવાય આસમાનમાં ખોલી આંખે જોઈએતો નજદીક ૨૦૦૦ તારાઓ દેખાએછે. પણ એ તારાઓનો સુમાર નથી. તારાઓ સુરજની આસપાસ ફરતા નથી. ગરેહો સુરજની આસપાસ ફરેછે. તારાઓની જક જકાટ ભરેલી રોશની હોવાને લીધે ગરેહોમાંથી ઓલખાઈ આવેછે. એ તારાઓને વીશે એવું ધારીઆમાં આવેછે કે દરેક તારો એક સુરજનાં જેવો ગોલોછે. તેની આસપાસ ગરેહો ફરેછે કે જે આપણને દેખાતા નથી. એ તારાઓ આટલા ઝીણા દેખાએછે તેનું કારણ એછે જે પુરપ

વીથી તેઓની વેગલાઈ અતીઘણી દુરછે. તેઓ ૨૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ દુરછે. જો સુરજને એટલી વેગલાઈએ મુકીઓ હોએતો તારાના કરતાં બી નાહનો દેખાશે.

તારા વગરે આસમાનમાં કોઈ વખતે ધુમકેતુ એટલે પુછડીઆ તારા દેખાએછે. એ વીશે અગાઊ તમને જણાવીએં હતું. જારે ધુમકેતુ દેખાએછે તારે લોકો




એમ સમજેછેકે કાંઈ મોટી મુશીબત અથવા આફત આવી પડવાની. પણ એ તદંન ખોટો વેહેમછે. ધુમકેતુઓ સુરજથી એટલા દુરછે કે ઓછામા ઓછા ૧૦૦થી૨૦૦ વરસ ફરી રેહેતાં લાગેછે.

મોટા કીલાળા આગલ આકાશના તારા, ગરેહે, ચંદર એ શઘલું મોટી દુરબીનથી જોવાની જગોછે. તેને "આબજરવેટરી" અથવા વેધ શાલા કેહેછે. તે શાંજને વખતે જોવા જવાની હમારી વાંચનારી બાઈઓને ભલામણ કરીએછે. મોટી દુરબીનમાં ચંદર, ગરેહ તથા તારાઓ કેવા દીસેછે અને ખુલી આંખે કેવા દીશેછે તે તરત માલુમ પડી આવશે. અને તેમનો મોટો દેખાવ જોઈ અચરતી ઊપજશે તથા ઈશવરની અપાર શકતી વીશે તરત ખેઆલ આવશે.

## ફરાંનસનો સેહનશાહ અને ઈંગલંડની રાણી.

આ ફાની દુનીઆમાં માણસની અવસથા એકની એકજ રેહતી નથી. જો કોઈ પેહલે ઘણી ગરીબ અવસથામાં હોય, તોપણ પોતાની મનશકતી, મેહનત હીમત, અને બાહાદુરીથી એક વખતે મોહટો પાદશાહ બની શકેછે. બીજા હાત ઊપર મોહટો બાદશાહ, તેની દોલત, તથા લશકર એક પલમાં નાબુદ થઈ જાએછે. એવી હાલત નેપોલીઅન-બોનાપારટની હતી. તે ૧૭૬૯ નાં વરસમાં એક ગરીબ પણ આબરૂવાલા કુટૂંબમાં જનમયો હતો. તે એક સાધારણ સીપાહી દાખલ ફરાંનસના લશકરમાં રહેઓ. તેની તીખણશ બુધી અને બાહારે હીમતથી તે લડાઈમાં પરખેઆત થતા ગયો. ૨૬ વરશની વયેમાં તેને એક મોહટા લશકરની સરદારી મલી. તે આગલ વધતોજ ગયો, તે એટલે સુધી કે ફરાનસ દેશનું રાજ તેને મલેયું અને તે એક શાનશાહ કેહવાવા લાગો. આટલાં ઊપર સબુરી ન કરતાં બોનાપારટે એવો વીચાર કીધો કે બધું ઈશ ૨૫ હાત કરી લેઊં, તેહનુ ખાસ લશકર ઘણું હીમતવાન હતું. એ તરફથી લડાઈ સરૂહ થાઈ. કેટલાંક શેહેરોને જમીન દોસત કીધાં; ઘણાએક બાંમણાંઓ લુટેઆં; અને બાદશાહો, અને રાજાઓને તખત ઊપરથી ઊઠાવી પોતાની મરજી પરમાણેના બાદશાઓ નેમેઆ. ટુંકામાં, થોડી મુદતમાં તેણે આખું યુરપખંડ ગજાવી મુકયું. અંગરેજી રાજ સાથે કેટલી એક લડાઈ કીધી; પણ ઈસવી સને ૧૮૧૫ માં તેની શાંનશાહીની આખરી આવી. એ વરસમાં અંગરેજ અને ફરેંનચના લશકરો વચે "વાટર લુ" આગલ એક મોહટી ભયંકાર લડાઈ થઈ. હજારો માણસોના જાનની ખરાબી થઈ અને બોનાપારટે તદન હાર ખાધી. ફરાંનસમાં નાસી જઈ તેણે અંગરેજી સરદાર ડીઊક આફ વેલીંગટન ઊપર સલાહના સંદેસા મોકલેઆ, પણ મનજુર રાખેઆમાં આવીઆ નહી. આખરે. બોનાપારટને તાબે થવું પડીયું, અને જે શેહરો સાંમે લડતો હતો તાંહાં એક કેદી માફક જવાની જરૂર પડી. તેના મનમાં એવું કે ઈંગલંડ ગયા પછે અને શાનશાહના લાએક છુટથી ફરવાની રજા મલશે. પણ ગરીબ બેચારો, પોતાની આશામાં નીશફલ થયો. એક ચંચલ અને હીમતવાન સીપાઈ, લડાએક બાહાદુર સરદાર, રાજકારભાર ચલાવાવામાં મુખય માણસ, ફરાનસનો શેનશાહ, અને આખા યુરપના રાજને લગભગ તાબે કરનાર, એક પલમાં અંગરેજના હાતમાં તેઓના ઈનસાફ તથા દયા ઊપર આસરો રાખનાર થઈ પડેઓ. તેને સેંટ હેલીના નાધલા ટાપુમાં કેદ મોકલવાનો હોકમ થયો. એ નાધલી જગામાં બાહાદુર શાહનશાહે પોતાની દુખ અને કંટાલા ભરેલી જીંદગીનાં છેલા દીવશો કાહાડી ઈસવી સને ૧૮૨૧ માં પોતાનો પીઆરો જાન ઈશવરને સોંપેઓ.


તેના પછી ફરાંનસના આગલા રાજાઓના કુટંબમાંથી કેટલાક રાજાઓ થયા. અને છેલે લુઈ નેપોલીઅનને રાજ મળેયું. બોનાપારટના દુખ ભરેલાં મોતથી ફરેંચ લોકો અંગરેજ ઊપર ઘણા ખફા થયા. અને જારે બોનાપારટનો ભતરીજો લુઈ નેપોલીઅન શાનશાહ થયો તેઆરે સંઘલા લોકો ભય રાખવા



ફરાનસનો શેહનશાહ અને ઈંગલંડની રાણી.

વીચી તેઓની વેગલાઈ અતીઘણી દુરછે. તેઓ ૨૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ દુરછે. જો સુરજ ને એટલી વેગલાઈએ મુકીએ હોએતો તારાના કરતાં બી નાહનો દેખાશે.

તારા વગેરે આસમાનમાં કોઈ વખતે ધુમકેતું એટલે પુછડીઆ તારા દેખાએછે. એ વીશે અગાઊ તમ ને જણાવીશું હતું. જારે ધુમકેતુ દેખાએછે તારે લોકો



એમ સમજેછેકે કાંઈ મોટી મુશીબત અથ વા આફત આવી પડવાની. પણ એ તદંન ખોટો વેહમછે. ધુમકેતુઓ સુરજથી એટલા દુરછે કે ઓછામા ઓછા ૧૦૦થી૨૦૦ વરશ ફરી રેહેતાં લાગેછે.

મોટા કોલાબા આગલ આકાશના તારા, ગરેહ, ચંદર એ શઘલું મોટી દુરબીનથી જોવાની જગોછે. તેને "આબજરવેટરી" અથવા વેધ શાલા કેહેછે. તે શાંજને વખતે જોવા જવાની હમારી વાંચનારી બાઈ ઓને ભલામણ કરીએછે. મોટી દુરબીનમાં ચંદર, ગરેહ તથા તારાઓ કેવા દીસેછે અને ખુલી આંખે કેવા દીશેછે તે તરત માલુમ પડી આવશે. અને તેમનો મોટો દેખાવ જોઈ અચરતી ઊપજશે તથા ઈશવરની અપાર શકતી વીશે તરત ખેઆલ આવશે.

---

## ફરાંનસનો સેહનશાહ અને ઈંગલંડની રાણી.

આ ફાની દુનીઆમાં માણસની અવસથા એકની એકજ રેહતી નથી. જો કોઈ પેહલે ઘણી ગરીબ અવસથામાં હોય, તોપણ પોતાની મનશકતી, મેહનત હીમત, અને બાહાદુરીથી એક વખતે મોહટો પાદશાહ બની શકેછે. બીજા હાત ઊપર મોહોટો બાદશાહ, તેની દોલત, તથા લશકર એક પલમાં નાબુદ થઈ જાએ છે. એવી હાલત નેપોલીઅન-બોનાપારટની હતી. તે ૧૭૬૯ નાં વરસમાં એક ગરીબ પણ આબરૂવાલા કુટુંબમાં જનમયો હતો. તે એક સાધારણ સીપાહી દાખલ ફરાંનસના લશકરમાં રહેઓ. તેની તીખણશ બુધી અને બાહાદરે હીમતથી તે લડાઈમાં પરખેઆત થતો ગયો. ૧૬ વરશની વયેમાં તેને એક મોહટા લશકરની સરદારી મલી. તે આગલ વધતોજ ગયો, તે એટલે સુધી કે ફરાનસ દેશનું રાજ તેને મલેયું અને તે એક શાનશાહ કેહવાવા લાગો. આટલાં ઊપર સબુરી ન કરતાં બોનાપારટે એવો વીચાર કીધો કે બધું ઈશ્ટ હાત કરી લેઊં. તેહનુ ખાસ લશકર ઘણું હીમતવાન હતું. એ તરફથી લડાઈ સરૂહ થાઈ. કેટલાંક શેહેરોને જમીન દોસત કીધાં; ઘણાએક ગામડાંઓ લુટેઆં; અને બાદશાઓ, અને રાજાઓને તખત ઊપરથી ઊઠાવી પોતાની મરજી પરમાણેના બાદશાઓ નેમેઆ; ટુંકામાં, થોડી મુદતમાં તેણે આખું યુરપખંડ ગંજાવી મુકયું. અંગરેજી રાજ સાથે કેટલીએક લડાઈ કીધી; પણ ઈસવી સને ૧૮૧૫ માં તેની શાંનશાહીની આખરી આવી. એ વરસમાં અંગરેજ અને ફરેંનચના લશકરો વચે "વાટર લુ" આગલ એક મોહટી ભયંકાર લડાઈ થઈ. હજારો માણસોના જાનની ખરાબી થઈ અને બોનાપારટે તદન હાર ખાધી. ફરાંનસમાં નાસી જઈ તેણે અંગરેજી સરદાર ડીઊક આફ વેલીંગટન ઊપર સલાહના સંદેસા મોકલેઆ, પણ મનજુર રાખેઆમાં આવીઆ નહી. આખરે. બોનાપારટને તાબે થવું પડીયું, અને જે શેહરો સાંબે લડનો હતો તાંહાં એક કેદી માફક જવાની જરૂર પડી. તેના મનમાં એવું કે ઈંગલંડ ગયા પછે મને શાનશાહના લાએક છુટથી ફરવાની રજા મલશે. પણ ગરીબ બેચારો, પોતાની આશામાં નીશફલ થયો. એક ચંચલ અને હીમતવાન સીપાઈ, લડાએક બાહાદુર સરદાર, રાજકારભાર ચલાવાવામાં મુખય માણસ, ફરાનસનો શેનશાહ, અને આખા યુરપના રાજને લગભગ તાબે કરનાર, એક પલમાં અંગરેજના હાતમાં તેઓના ઈનસાફ તથા દયા ઊપર આસરો રાખનાર થઈ પડેઓ. તેને સેંટ હેલીના નાધલા ટાપુમાં કેદ મોકલવાનો હોકમ થયો. એ નાધલી જગામાં બાહાદુર શાહનશાહે પોતાની દુખ અને કંટાલા ભરેલી જીંદગીનાં છેલા દીવશો કાહાડી ઈસવી સને ૧૮૨૧ માં પોતાનો પીઆરો જાન ઈશવરને સોંપેઓ.

તેના પછી ફરાંનસના આગલા રાજાઓના કુટંબમાંથી કેટલાક રાજાઓ થયા. અને છેલે લુઈ નેપોલીઅનને રાજ મળેયું. બોનાપારટના દુખ ભરેલાં મોતથી ફરેંચ લોકો અંગરેજ ઊપર ઘણા ખશા થયા. અને જારે બોનાપારટનો ભતરીજો લુઇ નેપોલીઅન શાનશાહ થયો તેઆરે સંગલા લોકો ભય રાખતા

લાગા કે તે પોતાના કાકાનું વેર અંગરેજ ઊપર લેશે. પણ તેમ આજ સુધી બનેઊં નથી. દાનાવ અને શી આના માણસો હમેશ દુશમની રાખી મેળતા નથી. કારણ તેઓ સારી પેઠે જાણેછે કે દુશમેનીથી કંકાસ કજીઆ વધેઆ કરેછે અને એક બીજાનું સારૂ થવાને બદલે નરસુ થાએછે. ફરાંસ અને ઈંગલંડ એક બીજા સાથે સમજુતી ઊપર આવેઆ. તેઓ અગાઊની દુશમેની ભુલી ગયા. દુશમેની છોડીને એક બીજા સાથે દોસતી કીધી. દોસતીનો ગાંઠ મજબુત કરવાને તેઓ એક બીજાના મુલકમાં ગયા. ફરાંસ મધે આસરે પાંચ વરસની વાત ઊપર જે સંગરહસતાન ઊઘાડીઊં હતું તે જોવાને નામદાર રાણી વીકટોરીઆ ગઈ હતી, તેણીની મુલાકાત ફરાંસના સેહનશાહ લુઈ નેપોલીઅન સાથે કેવી રીતે થઈ તેનુ ચીત્ર આ બીનાની સાથે આપીઊંછે. રાણી વીકટોરીઆ બેઠેલીછે. તેની પાછલ તેણીનો ભરતાર અને છોકરાંઓ ઊભાંછે. તેણીની પાસે લુઈ નેપોલીઅન ઊભોછે અને સેહનશાહનો ભતરીજો પરીનસ નેપોલીઅન સામે ઊભો રહીને ભાશણ કરેછે.

---

## બાઈઓ તમે એક બીજા સાથે દુશમેની રાખશો ના.

વાંચનારી બહેની બાઈઓ તમો કબુલ કરશોકે આપણી ઘણીએક સ્ત્રીઓ જેઓ નજીવા બનાવથી દુશમેની કરવાને ચુકતાં નથી, તેઓને ઊપલી બીના વાંચીને ઘણું શરમાવું જોઈએ. કોઈતો બીજી સાથે વરસો સુધી બોલતી નથી, કાંએકે તેના સોલુંને એક દાહાડે ચમટો તોડેઓ હતો. આવાં ફુઈ મને વારેવાર ધમકાવી સીખામણ આપેછે વાસતે હું તેનું મોહડું કદી જોઊં નહી. જો બે સ્ત્રી ઘણી મીત્રાચારી ધરાવતી હોએ, અને એક બીજાને પોતાને ઘર બોલાવી પણ તે ન આવીતો તે કેહશે તમોતો મોટા લોક છો, આપણ ગરીબને તાંહાં કાંહાંથી આવો એમ કહી તેહના ઊપર મહીનાઓ સુધી મોહ ચડાવેલું રાખશે. એવી બાઈઓ હજુર આપણામાં ઘણીછે, તે જોઈ આપણને ખંચીત દલગીર થવું જોઈએ. નજીવા બાનાથી કજીઓ કરેઆના કરતાં, હમેશ સલાહ સંપથી રેહવું તે ઘણું સારૂંછે. તમને એમ માલમ પડી ઊંદે ફલાણી બાઈએ મને દુખ આપીઊં અને નુકશાન કીધુંતો તમો એકદમ તેને ગાલ દેવા માંડશો નહી; પણ ધીરજ અને નમરતાઈથી તેણીને કેહજોકે તમે મને ગરશએદા કીધોછે. અને એવી ચાલથી મને ખમવું પડેછે.

કોઈ નો વાંક બરાબર બતાવેઆના કરતાં એ કાએક કાગડાની પેઠે "કૌ—કૌ" કરતાં નો. કોઈએ તમોને દુખ આપેઊં તથા ઘણો ઘેરશએદા કીધો, ને છતાપણ તમો તેની સાથે કજીઓ કરેઆને બદલે સારી રીતે ચાલો અને પોતાના ઊપર ગુજરેલી બેઈનસાફીનો બદલો નહી લેઓ, તો તે ઘણીજ શરમીનદી થવાની અને મનમાં વીચારવાની કે "આ બાઈ સાથે મેં કજીઓ કીધો પણ તેણીએતો મને ઘણું સારૂં કીધું. હવે ફરીથી હું કોઈ સાથે કજીઓ કરૂં નહી અને એની પેઠે બધા સાથે સલાહ સંપથી ચાલું." એવી રીત રાખેઆથી દુશટ કજીઆનો નાશ થાએછે એટલુંજ નહી પણ એમ કરનાર માણસ પરમેશવરની નજરમાં ઘણુ શારૂ દીશેછે. કારણ પરમેશવરને કજીઓ ગમતો નથી અને તે કજીઆખોર માંણસને હમેશ શીખશા કરવાને તઈઆર હોએછે. જીણા જનાવરો પોતાનું કામ કજીઆ કરેઆ વગર કરેઆ જાએછે અને તેઓ એક બીજા સાથે કંકાસ કરતા નથી. જારે આવાં જીણા પરાણીઓ કજીઆનું મોંહ કાલુ સમજી તેથી વેગલા રેહતા ત્યારે એ આદમના બચાં આપણને પરમેશવરે સરવથી ઊંચા બનાવેઆ તે સું કજીઓ કંકાશ કરવા! સું એમ કીધાથી પરાંણીઓ કરતાં આપણે નીચા દેખાતા નથી! શું એમ કીધાથી આપણે દયાલુ ઈશવરને ખીજવતા નથી! કજીઆખોર માણસ કેવો નબલો દીશેછે; તેનું ધીઆન હમેશ ભમતું હોયછે! અને બધી તરફથી તેહના ઊપર લેઆનતનો વરસાદ વરસેઆથી તે દુનીઆમાં દુખના દાહાડા કાહાડેછે. અને સરવથી વધારે, જારે આ જેહાન છોડેછે તે આરે બીજી જેહાનમાં જીહાં બેઈનસાફી જરા છે જ નહી તાંહાં હમેશ સુધી પોતાના કીધેલાં કામનો પશતાવો કરવો પડેછે, અને તેહના ગુનાહની તોબા કરવી પડેછે. વાસતે બેહનો તમો કદી કજીઓ કરતા ના; જાંહાં કજીઓ થતો હોય તાંહાં એક મીનીટ પણ ઊભા રેહતા ના; કજીઆખોરની કદી સોબત રાખતા ના; અને કજીઆને સરવ કાલે તોડી પાડતાં રેહજો.

## એક નાચાર પણ એકીનદાર વીધવા.

ઈસવી ૧૭૭૬ ના સાલમાં લીસબન મધેની એ
ક ગરીબ વીધવા દર રોજ બાદશાહના મેહેલ આગલ
તેની મુલાકાત લેવાને આવીઆ કરતી હતી. એ ઓ
રતને દરબારનાં માણસો વારંવાર હાંકી કાહાડતાં હ
તાં કે તેણીએ બાદશાહની મુલાકાત કરવાની આશા ર
ખવી નહી, તોપણ એ ઓરત પાછી આવીઆ કરતી
હતી. એમ કરતાં એક દીવસે એવો બનાવ બનીઓ
કે જેવી તે દરવાજા આગલ આવેછે, એવામાં બાદશા
હ પણ ફરતો ફરતો દરવાજા આગલ આવી લાગો એ
ટલે તે ઓરત તુરત ધસીને તેની હજુરમાં ગઈ, અને
તેને પગે લાગી તેની હજુર જહવાહેર ભરેલો એક દા
બડો મુકી બોલી "એ નામદાર પાદશાહ, રેહેજો તારૂં
તાજ અને તખત સલામત, ને હોજો તારાં દુશમનોનાં સ
ર ખાકમાં; ૧૭૫૫ ના સાલમાં જે ધરતીકંપ થએઓ
હતો, ને જેનીથી કેટલી બધી મીલકતોની ખરાબી અ
ને પાએમાલી થઈ હતી, તે માહેલી એક ઈમારતનો કા
ટ ખીસાડતાં માહારે હાત આ દાબડો લાગોછે. હું એ
ક ગરીબ વીધવાછું, ને છ જીવતાં બાલકોની માતા
છું; આ દાબડો મને મારી તંગાસી તથા વેહેલામાં
થી મોકલી કરવાને તથા માહારાં છઓ બાલકોને ધ
નવાન કરવાને બસછે, તોપણ એવી રીતે સુખી અને
ધનવાન થવા કરતાં મને માહારી આબરૂને એકીનદા
રી વધારે પેઆરીછે. આબરૂ અને એકીનદારીને માટે
હાલનાં કરતાં પણ જો મારી વધારે દુર દશા થઈ તોપ
ણ હું તેની દરકાર કરનાર નથી. લુચાઈ અને હરામીથી
મેલવેલાં ધનમાં આ બે દીવસની ફાની દુનીઆમાં મો
જ મજા કરી જીંદગી ગુજારવા કરતાં આબરૂમા અ
ને દીઆનતદારીથી ગરીબી હાલતમાં રહી, તે સરવ
શકતીમાન પરમેશવર જે નીમક રોટી મુજને આપશે
તે ઊપર ગુજારો કરવાને હું વધારે ચાહુંછું. આ દા
બડો જેનો હોએ તેનો તેને હાવકો પુગાડવાને તું ના
મદાર પાદશાહ વગર બીજો કોઈ લાએક શખસ મુજને
મલનાર નથી. એમ ધારી એ દાબડો તું નામદારને હ
વાલે કરૂંછું, પછે તેના ધણીની અથવા તું નામદારની
નજરમાં આવે તે બખસેસ મને કરવી." એટલું બોલી
તે વીધવા ખીસતી ગઈ. તારે બાદશાહે પેલો દાબડો
ઊઘાડવાનો હુકમ કીધો, ને જારે તે ઊઘાડીઓ તા
રે તેમાંનું કેટલુંક બેકીમતી જવાહીર જોઈ બાદશાહ
છક થઈ ગએઓ. તાર પછે, પેલી ગરીબ દીઆનત
દાર વીધવાની કેટલી બધી તારીફ અને વખાણ કરેઆ
પછે તુરત પોતાના જામદારને હુકમ કીધો કે એ વી
ધવાને ૩૦ હજાર રૂપીઆની બખશેસ કરે અને આ
જવાહીરના ખરા માલેકની ખોલ કરાવવી, ને જો સઘલી
પરકારની ખોલ અને તજવીજ કરીઆ છતાં જો એનો હ
કદાર માલેક નહી મલી આવેતો એ વેચી, તેની પેદાશ
માંથી એ ગરીબ વીધવા તથા તેનાં બાલકોનું પોશણ
થાએ એવી કોઈ મીરાસ તેણીને કરી આપવી.

દીઆનતદારીનો બદલો જુઓ કેવી રીતે વ
લીઓ! એ ગરીબ વીધવાની જગા ઊપર જો જરા
ડામાડોલ વીચારવાલું કોઈ બીજું માણસ હતેતો તે
આટલી હીમત કરી, દીલ મારી એ પરમાણે તે દાબ
ડો પાદશાહ આગલ લઈ જતેજ નહી, અને તેનું આ
વું સારૂં ફલ જોતેજ નહી. જેમનાં મનમાં નીતી ગુણો
મજબુત ઠસેલા અને જેમને આ દુનીઆનાં સુખ કર
તાં પેલી જીહાનનાં સુખ ઊપર ઘણી ઈનતેજારી તે
મને ગમે એવાં શંકટ અથવા દુખ દરદમાં પણ લોભ
લાલચ લાગતી નથી. તે સાથે હરામથી મેલવેલું લ
ખો રૂપીઆનું વીત કેવી રીતે વાપરી શકાએછે અને
દીઆનતદારીથી ખરો પસીનો ઊતારી સેહેજ મેલ
વેલું કેવાં સુખ ચમનથી વાપરી શકાએછે. તેના ફીક
ર જેઓએ થોડો ઘણોબી વીચાર કીધો હશે તેઓ
ખચીત એમજ કેહેશેકે દીઆનતદારીથી મેલવેલાં થો
ડાંથી જે સંતોશ અને સુખ મલેછે તેનો સોમો ભાગ
પણ હરામનાં મેલવેલાંથી નથી ઊપજતો.

## આપણ સઘળાનો રખેવાળ.

જુવો પેલો ભરવાડ કેવો પોતાનાં ગેટાની સં
ભાલ લીએછે, તે તમને કેવાં સાફ પાણીનાં ઝરામાં પા
ણી પાવાને, તથા લીલોતરી ભરેલાં મેદાનમાં ચારો સે
વાને સાથે લઈ ફરેછે; જો એ નાના ગેટાં માએલાં કો
ઈ ઘણી ચાલ તથા રખડી થાકી જાય તો તમને તે ભ
રવાડ પોતાની બગલમાં ઊચકી લઈ જાયછે, અગર
જો તેમાંનુ કોઈ નાસી જઈ દુર ભટકતુ હોયછે તો તે તે
ને પોતાનાં ટોલામાં પાછુ હાંકી લાવેછે. પણ એ ભર

વાડ જે આવી રીતે પોતાના ગેટાંની નગેબાની રાખેછે તે ભરવાડનો પોતાનો નગેબાન કોણછે ? તેની સઘળી પરકારની સંભાલ કોણ રાખેછે ? તેનામાં સારે રસતે જવાની હોંશ, અને માઠે રસતે જવાની ધાસતી કોણ ઊતપન કરેછે ? અને જો કદાચ તે કોઈ આડે મારગે ચાલી ગયો તો તેને પાછો પોતાના સીધા મારગ ઊપર કોણ લાવેછે ? ભરવાડનો ભરવાડ એટલે ઘણાઓની નગેબાની કરનારનો નગેબાન તે **સરવ સકતીમાન ઈશવર પોતેછે**; તેજ એકલો તમામ ખલકતનો એક ભરવાડછે; તેજ એકલો તમામ આલમની સંભાલ રાખેછે; આપણી આખી દુનીઆ જાને ભરવાડનો એક વાડોછે અને તમામ માનવી જાત ગેટાંછે, જે સઘલા ઊપર તે નગેબાનછે.

મા પોતાનાં બચચાંને ચાહેછે; તે તેમને સરવે પરકારની માવજતથી ઊધારી મોટાં કરેછે; ખોરાક આપી તેમના તનનુ પોષણ કરેછે; કેલવણી આપી તેમનાં મન સુધારેછે, જો તે માદાં પડેતો ઘણાં પેઆરથી તેમની તજુમલ કરેછે; જારે તેઓ સુએછે તારે ઘણી ચોકસાઈથી તેમની સંભાલ કરેછે, એક પલવાર પણ તે તેમને વીસારતી નથી, નેકીનાં કામો કરાવવાને તે તેમને રાત દીવસ ઊપદેશ કરેછે, તથા જેમ જેમ તેઓ મોટાં થતાં જાએછે તેમ તેમ તે વધારે ખુશી થતી જાએછે. પણ એ માતરે પેદા કરનાર કોણછે ? સારાં અને નેક કામો કરવાને તેણીને કોણ ઊતેજન આપેછે ? તથા પીઆર ભરેલી રીતે તેની તજુમલ કોણ કરેછે ? તથા તેની હમેશાં કોણ સંભાલ રાખેછે, તથા તેને એક પળવાર પણ પોતાથી જુદુ નહી પડવા દેવાને કોણ ખંતી રેહેછે ? તેને કાંઈ પણ નુકશાન ન થાય તેનો અટકાવ કરવાને કોણ પોતાનો બચાવ ભરેલો હાથ તેની ઊપર ધરેછે અને કદાચ જો તે માંદી પડેતો દયાળુ પણે કોણ તેણીની માવજત અને સંભાલ કરેછે. એ સઘલું કરનાર તે **સરવ શકતીમાન ઈશવર પોતેછે.** સઘલાઓનો પીતા તે પોતેછે, કારણ કે સરવને તેણે ઊતપન કીધાછે; આ દુનીઆમાં જે જે માણસો વસેછે તે સરવ ઈસવરના બાલકોછે; સરવને તે ઘણા પીઆરથી ચાહેછે અને સરવનુ ભલું કરવાને તે ખંતી રેહેછે.

રાજા અથવા પાદશાહ પોતાની રઈએત ઊપર રાજ ચલાવેછે; તેના માથા ઊપર સોનેરી તાજ મુકેછે. તે રાજ ગાદી ઊપર બેસી સોતરફ પોતાના હુકમો તથા ફરમાનો મોકલેછે. તેની રઈએત તેનાથી બીહેછે. જો રઈએતના લોક સારી પઠે વરતેછે તો તે તેઓની ભયની વેળાએ સંભાળ રાખેછે; પણ જો તેઓ કાંઈ બુરાં કામો કરેછે તો તે તેમને સીખશા કરેછે. પણ એ સઘલું કરનાર પાદશાહનો પાદશાહ કોણછે ? તેની ઊપર હુકમો અને ફરમાનો કોણ મોકલેછે, તથા તેની ઊપર સતા કોણ ચલાવી સકેછે ? ભયની વખતે તેનો બચાવ કરવાને અથવા તે જો કાંઈ આડું કામ કરેતો તેની સીખશા કરવાને તેને માથે કોણ મુરબીછે ? પાદશાહનો પાદશાહ તે ઈસવર પોતેછે. સુરીઅનાં તેજ ભરેલાં કીરણો તેનું તાજછે, તથા આકાશ માંહેલા તારાઓની ઊપર તેની રાજ ગાદીછે. તે પાદશાહોનો પાદશાહ અને સાહેબનો સાહેબછે. જો આપણને જીવતાં રાખવાને તેની ઈચછા રહી તો આપણે જીવીએ, ને જો તેણે ચાહેયું કે આપણે મરવું, તો તતકાલ આપણું મરણ થવાનું. તેનું રાજ કાંઈ એક મુલક અથવા એક દેસ ઊપર નથી પણ તમામ દુનીઆ ઊપર તેનું રાજછે.


ઈશવર આપણો નગેબાનછે, માટે આપણને તેની સંભાલ તલે જાંહાં જવાય તાંહાં જવું; ઈશવર આપણો પીતાછે, માટે આપણને તેને ચાહવો જોઈએ; ઈસવર આપણો પાદશાહછે, માટે આપણને તેને તાબે રેહવું જોઈએ.

## ઓરતોની મીજલસ—ભાશણ બીજું.


આશરે તરણ મહીના રહીને ગુલબાઈએ પોતાની વાડીમાં પાછી સઘળી બાઈઓને તેડી હતી. શીરીનબાઈ, દીનબાઈ, માણેકબાઈ, રૂપાંબાઈ, પીરોજબાઈ, રતનબાઈ, હીરાંબાઈ, સોનાબાઈ, એ સઘળી હાજર થઈ હતી એટલુંજ નહીં પણ નવાજબાઈ, આવાંબાઈ અને ડોસીબાઈ પણ આ વખતે હાજર થઈ હતી. ગુલબાઈ બોલી કે મારી આંવાંની સાલગરે પછી મારી તબીએત ઠીક ચાલતી ન હતી તેથી આપણા ઠરાવ પરમાણે બીજે મહીને તમને બોલાવી શકી નહી. ગુલબાઈ એટલું બોલી રહેઆ પછી તેઓ એક બીજા સાથે ગમત કરવા લાગાં. ઓરડાની અંદર રોશની સારી પેઠે સલગાવી હતી. તેઓ ખુશી અને ગમતમાં

પોતાનો વખત ગુજારતાં હતાં તેવામાં ડાકટર આવી પોંહચેઆ.

ગુલબાઈ બોલી ચાલો હવે આપણ સહુ સુંગા થઈ જાઓ. ડાકટર પોતાની સાથે આવો એક સાંચો લાવેઆ હતા તે ટેબલ ઊપર મુકેઓ. તેની સાથે એક




નાહાની પેટીળી લાવેઆ હતા. સઘળી બાઈઓ તે જોઈને એક બીજીને પુછવા લાગી કે, કાચની બની જેવું ચાર પાયા ઊપર શું ઊભુ કીધેલુંછે. પણ કોઈએ પોતાના જનમમાં આ સાંચો દીઠો નહી હતો. ડાકટર બોલેઆ કે "આપણે આજ પાછાં ઘણે દીવસે એકઠા થયાં છઈએ. આ ટેબલ ઊપર કાચનો સાંચો જે મુકેલોછે તે વીજલીનો સાંચોછે." એમ કહીને તે ફેરવવા માંડેઆ એટલે થોડોવાર રહીને વીજલીના જેવા ચમકારાં થવા લાગા. સઘળી બાઈઓતો અચરત પાંમી. ડાકટર બોલેઆ કે "જુઓ બેહનો! આ વીજલી નીકલેછે." પછી પેલી પેટીમાંથી આવી




બે શીસીઓ કાહાડી. તે સીસીને સાંચાની આગળ મુકીને પાછો સાંચો ફેરવવા માંડેઓ. અને કહીઊં કે "જુઓ આ બાટલીની અંદર હું વીજલીને એકઠી કરૂછું." સાંચામાંથી વળી આતસના જેવો ચલકાટ જરા જરા રહીને થવા માંડેઓ. થોડીએક મીનીટ પછી ડાકટર બોલેઆ કે બેહનો! તમો તમારા હાથ એક બીજાના હાથમાં પકડીને ઊભાં રેહો. સઘળી બાઈઓએ તેમ કીધું, કેટલીએક બાઈઓતો ખુબ હસવા લાગી. પછી ડાકટરે સાંકલનો છેડો ગુલબાઈના હાથમાં આપેઓ કે સઘળી બાઈઓને સખત આંચકો લાગેઓ અને આખા શરીરમાં ગીલી થતી હોએ એમ થયું. સઘળી બાઈઓ અચરત પામીને ઘોંગાટ કરવા લાગી. ડાકટરે કહીઊં કે વીજલી વીશે તથા તમોને જે આંચકો લાગેઓ તે વીશે હવે પછી સમજ આપવામાં આવશે. આજેતો ફકત હું તમને દેખાડવાની મતલબથી લાવેઓછું. આવતી વખત વળી કોઈ બીજા વીજલીના સાંચા લાવીને તમને દેખાડીશ. હવે તમે મારૂં ભાશણ ધેઆન આપીને સાંભલો.

## બલવું અથવા ડાહજવું.

"સરવેથી પેહલાં આપણી જીંદગીમાં કેટલાએક નજીવા બનાવોથી દરદો ઊતપન થાએછે, જેમકે બલવાથી અથવા જખમ વાગેઆથી ઈતીઆદી, તે વીશે હું તમારૂં ધેઆન પોંહચાડવા માગુંછું. એ બાબદો વીશે જે હું તમને સલાહ આપીશ તે ઊપરથી તમારે એવું ના સમજવું કે તમે સરવે જાતના જખમ વગેરે સારાં કરવાને માથે લેઓ. માત્ર જે તમારાથી બનશે તેટલુંજ હું તમને શીખવીશ. અને તેથી વધારે જારે હરએક તેવું દરદ તમને માલુમ પડે તારે કોઈ શીખેલા તબીબની સલાહ લેવી. તમોએ મનમાં એમ ના વીચારવું કે તમે એ બાબદમાં ઘણા હુશીઆર અથવા પકાં થઈ જશો. પણ તમારા ઘરમાં અથવા પડોસમાં એવો દેખાવ તમારી નજરે પડેતો તેનો તરત ઊપાએ તમારાથી થઈ શકસે અને પછી જરૂર દીસેતો ડાકટરને બોલાવવો. ઘણી વેલા એવું બનેછે કે જારે કાંઈ એવો બનાવ થાએછે તારે આસપાસના લોક ઘણા ગબરાઈ જાએછે અને તે ગબરાટમાં તેઓ "શું કરૂં શું કરૂં" કરી દીએછે. કોઈ વેલાએ એવું થાએછે કે પેહલ વેહલાં લાગેલું કાંઈ માલુમ પડતું નથી. અને પછવાડેથી તેના પરીણામ ઘણાજ માઠાં નીપજેછે હું તમને આજે બલવા અથવા ડાહજવા વીશે કહુંછું.

"નાહના છોકરાંઓ અથવા કોઈ વખતે મોટી ઊમરના માણસો અજાણપણે બળી જાએછે. ઘણી વેળા એવું બનેછે કે માતા પોતાના બીજા બાળકને નવડાવતી હોએ અથવા ઘરનું બજાર સમારતી હોએ તેવામાં એકાદ બચું ખબરથી ચાહની કીટલી સાથ રમત કરવા માંડેછે અને તે કીટલી ઊંધી વાળેછે. તેના શરીર ઊપર ઘણુજ ગરમ પાણી પડેછે અને તે બળી જાએછે. વળી કોઈ નઠારાં છોકરાં બળતાં લાકડાં સાથ ચેરાં કાહડેછે અને તેથી પોતાના હાથ અથવા શરીરના હરએક ભાગને નુકશાન પોહચાડેછે. કોઈ વેળાએ આતસમાંથી ચીનગી ઊડેઆથી કપડાં સળગી ઊઠેછે અને તેથીબી શરીર બળી જાયછે.

ચામડી ગરમ પાણીથી અથવા આતસથી બળી જાએતો બેહુ રીતે નુકસાન સરખું થાએછે. પણ જારે ચામડી ઘણીજ ઊંડી બલેલી હોએ તારે તે બચ્ચાંનો જીવ જોખમમાં આવી પડેછે. પેહલાં તે બચ્ચું ઘણુ રડેછે અને આકર વીકર કરેછે અને પછી ઊંઘાતું હોએ તેમ માલુમ પડેછે. પણ એ ઊંઘમાંથી બચ્ચું પાછું ઊઠી શકતુ નથી અને મરણ પામેછે. હવે બીચારી અજાણી માતા અથવા દાઈ એમ વીચારેછે કે બચ્ચું જરા ગોઠવાયુંછે અને આશાએશ લીએછે. પણ એ ભુલ જલદીથી માલુમ પડી આવેછે. વળી કોઈ બચ્ચું બળેઆ પછી તેને તરત કાંઈ ઘણુ દુખતું અથવા બલતું નથી પણ ૨૪ કલાક ગયા પછી તે દરદનું જોર વધેછે; તાવ અને ધ્રુજરી આવેછે અને તે બીચારૂ મરણ પામેછે. વાસતે બાઈઓ ! જો કોઈ છોકરૂં ઘણુ બળી ગયું હોય અથવા ચામડી ઘણીજ ઊંડી બળી ગઈ હોએ અને માંસ દેખાતું હોએ તો એવામાં તમે મુદલ હાથ ઘાળતા ના પણ કોઈ ડાકટરને જલદીથી બોલાવી મંગાવજો; તે તેનો ઘટતો ઈલાજ કરશે. નહી તો તે બચ્ચું ઊંઘમાંને ઊંઘમાં અથવા તાવ અને ધ્રુજરીથી મરણ પામશે."

"બળેલી ચામડીનો દેખાવ ત્રણ જાતનો હોય છે. જો જરાક બળી હોય તો રાતી થાએછે. વધારે બળી હોએછે તો તે ઊપર ફેફઈઓ થઈ આવેછે અને તેથીબી વધારે બળી હોંએછે તારે આખી ચામડી અને તેની નીચેનું માસ પણ બળી જાએછે. આપણી ચામડીના બે પડ હોએછે. એક અંદરની ચામડી જીવતી ચામડીને નામે ઓલખાએછે. બાહારની ચામડી ઘણી જાડી અને કઠણ હોએછે પણ અંદરની ચામડી ઘણીજ પાતલી, નાજુક અને લોહીઆર હોએ છે. ખરી ચામડી બલી હોએતો તે જગા ઊપર નવી ચાંમડી આવતી નથી અને જારે જખમ રૂજાએછે તારે આસપાસની સોજી ચામડી ચોરાએલી અથવા વગર સફાઈદાર હોએછે.

"ચામડા બલેઆના સબબથી ફકત રાતી થઈ હોએતો આપણે એવા ઈલાજ કરવા જોઈએ કે જેથી તે ઊપર ફેફઈઓ નહી થાય. કેટલાએક લોકો એ કારણસર બલેલા ભાગ ઊપર ઠંડુ પાણી અથવા સાહી લગાડેછે. પણ બલેલા ભાગ ઊપર ઠંડા પાણી કરતાં ગરમ પાણી વધારે સારૂં. હાથ; પગ અથવા આંગલું બલીઊં હોએતો તે ભાગને ગરમ પાણીમાં ૨૦ મીનીટ સુધી રાખીને લુછી કરી તેલ લગાડવું અને પછી તેની આસપાસ ફલાનલનો કટકો બાંધી રાખવો. પણ છાતી અથવા પેટ અથવા તેવો બીજો ભાગ જે ગરમ પાણીમાં રાખી શકાએ નહી તે બલેઆ હોએતો તે ભાગ ઊપર તેલ લગાડીને તેની ઊપર ગરમ મીઠાની પોટલી બાંધી રાખવી અને પછી તે ભાગ ઊપર ફલાનલ વીટાલવી.

"ચામડી ઊપર ફેફઈઓ પડેઓ હોએતો ઊપલી રીત લાગુ પડતી નથી. ફેફઈઓ ફેડીને પાણી કાહડી નાખવું કે નહી એ વાત ઘણી અગતની નથી પણ આટલું જરૂર અને ઈઆદ રાખવા જોગછે કે ફેફઈઆની પાતલી ચામડી કાહાડી નહી નાખવી. ફેફઈઓ ફેડવો હોએતો નીચેથી કાતરનો કાપ મુકીને પાણી કાહડી નાખવું પણ ફેફઈઆની ચામડી કાતરી નાખવી નહી. ને ઊપરની ચામડી કાહાડી નાખેઆથી આગ બલેછે અને પછી પરૂ બંધાએછે અને પછી તે ભાગને રૂજ આવવાને મુશકેલ પડેછે. ઊપરની ચામડી તે જગાને હવા લાગવાથી બચાવેછે અને આગ રીમાફક કામે લાગેછે. ફેફઈઆના સઊથી નીચેના ભાગમાં કાતરના એક બે નાહના કાપ મુકેઆથી તે મધેનું પાણી નીકળી જાએછે અને દુખ નરમ પડેછે. ચોખાનો ઝીણો આટો તે જગા ઊપર લગાડવો. તેનું એક થડ બનેછે અને તેથી ચામડીને રૂજ આવેછે. એ થડ કાચી ભોંએને હવા લાગતી અટકાવેછે. જો એ થડ વાસ મારી આવે અને નહી સુકાએતો તેને ગરમ પાણીથી નરમ કરીને કાહાડી નાખવું. આ રીતથી સારૂ નહી થાએ અને ફેફઈઆની પાતલી ચામડી નીકલી ગઈ હોએતો અલસીનું તેલ અને ચુનાનું પાણી સરખે ભાગે મેલવીને એક ઝીણુ કપડું તેમાં બોરીને તે ભાગ ઊપર મુકવું અને તેની ઊપર ચામડાનો અથવા તાસતાનો કટકો ઢાંકીને પાટો બાંધી લેવો. પછી દરરોજ પાટો છોડીને કપડાની ઊપર એ લગાડવાનું તેલ પાછું મુકવું અને પાટો બાંધી લેવો.

"જો ચામડી આખી બળી ગઈ હોએ એટલે નીચેની ખરી અને નાજુક ચામડીબી બળી હોએ તો હું તમને ફરીથી ભલામણ કરછું કે તમે એવામાં તમારો હાથ ઘાલતાના; પણ કોઈ શીખેલા ડાકટરની મદદ લેજો. જો જખમ જરાક હોએતો ઊપર કહેઆં પરમા

ણે આટા અથવા અળસીના તેલમાં ચુનાનું પાણી મેલવીને તે જગા ઊપર લગાડજો., પણ એ વગેરે પીછી સીવાની, દવાનીબી આ વખતે જરૂરછે વાસતે એ કામ ડાકટરનુંજછે. જો કોઈ બચ્ચું ઘણુંજ બળી ગયું હોય અને તે,બનાવ બનેઆ પછી તે ધ્રુજતો હોએ અને હાથ પગ થંડા થઈ ગયા હોયતો ડાકટરને બોલાવેઆ અગાઊ ૦। ગલાસ બરાંડી પાણીમાં આપવાને કાંઈ અડચણ નથી.”

એટલુ કહીને ડાકટરે પોતાનું બીજું ભાશણ શુરૂ કીધું.. સઘળી બાઈઓ એ ભાશણ સાંભલીને ઘણી ખુશી થઈ અને કેટલીએક અગતની બાબદો વીશે તેઓ તદન અજાણી હતી તે જાણેઆથી ડાકટરનો મોટો ઊપકાર માનેઓ. ગુલબાઈ બોલી કે તરીજી મીજલસ બોલાવવાનો દીવસ આપણે જલદીથી ઠેરવશું.

## તરતના જનમેલાં બચાંની જતન.

ઓરના દોડાથી બચાંનો સંબંધ તેની માતાથી જુદો થયો એટલે તેની ગરમી બરાબર રેહ તેવી શે તજવીજ રાખવી. ગરભસથાનમા બચ્ચું એક સરખી ગરમીમાં રહેલું તેથી બાહરની હવા જો તેને લાગીતો તે પેર માઠી અસર થાએછે. માટે તેને ફલાનલના પોહલા કટકામા લપેટી ઓરડામાં જે જગાપર શગડીની ગરમી હોએ તાંહાં રાખવું..

જનમીઆ પછી બચ્ચું રડવા માંડેછે તેથી તેની છાતી ખુલી થઈ જાએછે અને હવા ફેફસાંમાં ગીઆથી તે દમ લઈ શકેછે. બચાંના ફેફસાં પેહલે કાલાં ઠીકરાં જેવાં અને ચપટ હોએછે. તેમનો રંગ હવાથી બદલાએછે. એ પરમાણે બચ્ચું જોરથી અને બરાબર દમ લઈ શકે એટલે તેને સાફ કરવાને દાઈને આપવું. તરતના જનમેલાં બચાંના બદનપર ચીકણી દહી જેવી સફેદ વસતુ વલગેલી હોએછે. એ ચીકાસ કાખ, જાંગના કાતરા અને આંખના પાંપણમાં વધારે હોએછે અને તેને ફીટાડવી જોઈએ. ચાંમડીપર રેહવાથી તે સુકાઈને કઠણ થઈ ચાંમડીના છલતાં કાહડેછે. એ સાફ કરતી વેલાએ સુવાવડના ઓરડામાં પવન ન આવે માટે બારણા બારી બંધ કરવાં અને સાબુના સેહતાં પાંણીથી વાદલું ભીનવી તેના હાથ પગ સાફ કરવા. તેનું મોહ તથા આંખ સાફ કરવા માટે બીજું પાંણી તથા નવું વાદલુ લેવું કારણકે બદનપરનો મેલ આંખમા ગીઆથી આંખો દુખેછે અને કોઈ વાર પરૂ થઈ ફુટી જાએછે. છોકરાંને થંડી નહી લાગે હેવું શમજી કેટલીએક ઓરતો પાંણીમાં દારૂ નાખેછે તેમ શુદલ કરવું નહી. બચાંને સાફ કીધા પછી દાઈના ખોલાપર એક તકીઓ મુકી તેનાપર ગરમ તુવાલ મુકી તેથી લુછવું અને ફલાનલના જભલાંમા બાંધી સુવાડવું.

કોઈવાર હેવું બનેછે કે છોકરૂં અધુરે માસે જનમેછે તેથી તે નાજુક હોએછે અથવા પુરા દાહાડાનું પણ નબલુ હોએ તેવારે તેની સંભાલ લેવાને ખુબ મેહનત લેવી જોઈએ. હેવાં બચાંઓના અંગમા પુરી ગરમી નહી તેથી તેઓ આસતેથી રડેછે અને તેમના પર થંડીની અસર જલદીથી થાએછે. હેવાં બચાંને સાફ કીધા પછી પગથીતે માથા શુધી ફલાનલના નરમ કપડાં પેહરાવવાં. મોહ માતર ખોલું રાખવું. દાંત વતીક ગરમ રાખવા અને તેને માએની બાજુમા શુવાડવું. તેની ખાતર માતાએ બીછાંનાપર ઘણા દીવશ સુધી રેહવું. હેવાં બચાંની માવજત કરવા શારૂ ગરમી જાલવવાને અને સારૂ તાજું દુધ આપવાની જરૂરછે.

છોકરાંને સુવાડતી વેલા તેનાપર ઝાઝું ઊજરડું અથવા તાહડની લેહકી ન આવે તેમ તેહને મુકવું. બચ્ચું ઊંઘાઈ ઊઠીઆ પછી માતાએ જો આગલ એકુવાર ધવાડીશે હોએતો આ બાલકને પણ ધાવણ આપવું. પેહલાં દુધનો એવો ખવાસછે જે તરતના જનમેલાં બાળકના પેટમા કાલી દવ જેવી વસતુ રેહછે તે જાડો થીઆથી નીકલી જાએછે અને તેને સુખ થાએછે. પણ દુધ નહી હોએ અથવા થોડું હોએ તથી પેટ સાફ નહી આવેતો એક હરધી ચમચી એરંડીઊ આપવું જેથી દસત ખોલાસે આવસે અને ખુદરતની ધારણા પાર પડશે.

જનમેઆ પછી બાર કલાક શુધી કાંઈ પણ પોશણ ન મલેતો તે વગર બચાંને ચાલી શકેછે. એટલાવાર શુધીમા માતાનુ દુધ તેનું પોશણ કરવાને તઈઆર થાએછે. પણ પેહલી વેતની શુવાવડને લીધે જો માતાના થાંનમાં દુધ ન થાએતો એક ભાગ ઘધેડીનુ દુધ અને એક ભાગ પાંણી ભેરી આપવું, અથવા બે ભાગ પાંણી અને એક ભાગ ગાએનુ દુધ તરણ ઈઆ

ચાર કલાકને આંતરે કાંકરાંથી અથવા ધવાડવાની શીશીથી થાનમા દુધ પેદા થાએ તેટલા સુધી આપવું. તેને સાકર-અથવા ગોળનું પાંણી પાવું નહી. તરતના અવતરેલાં બાલકનો દમ બંધાઈ ગયો હોએતો તેના નાક અને મોહમાં જે ચીકાસ હોએ તે આંગલીપર એક રૂમાલ વાંટાલી તેથી સાફ કરવો. બચ્ચાંને હીલવીને તેના બરડાપર આંગલાં મારવાં, મોહ અને છાતીપર થંડું પાંણી છાંટવું અને તરત તેને ગરમ પાંણીમાં બોલવું. એ વીશે શાવચેતી રાખી ઓરત જણે તેવારે હમેશ ગરમ પાંણી તઈઆર રાખવું અને તેનો ઈલાજ કરવા માટે ડાકટરને તેડું મોકલવું.

## બચ્ચાંની જતન.

બચ્ચાંને ધવાડવાની તેની માતાપર ફરજછે અને તેના લાભ માટે ઈશવરે હેવું મુકરર કરેલું દીશેછે જે કુમળાં બાળકને તેની માતાંથી દુધનો ખોરાક મલવો જોઈએ. ઈશવરની હેવી મરજી આપણને એટલાં પરથીજ શમજવી કે જાંહાં શુધી બચું ગરભસથાનમાં રેહેછે તાંહાં શુધી માતાના થાંનમાં દુધ આવતું નથી પણ તેનો જનમ થયાબાદ થોડા કલાક પછી એ અમુલીઅ પોશણકારક વસતુ થાંનોમાં પેદા થવા માંડેછે. કુમળાં બાળકને દાંત અને મોટા માણસ જેવી બીજી શકતી નથી જે તેના જેવો તે ખોરાક લઈ શકે. એટલા પરથી શીધ થાએછે કે બચ્ચાંને તેની માતાએ ધવાડવું. એ દુધમાં બચ્ચાંનો ઊછરલાવ કરવા લાએકની શરવે વસતુઓછે અને સઘળી પરકારની ચીજો મોટા માણસો પોસણ માટે વાપરેછે. તેના સારા ગુણોનો આ દુધમાં એકંદર જમાવ થીએલોછે હેવું ડાકટર પરાઊટની કાબેલીઅતથી સાબેત થીએલુંછે. એ દુધ વરસથી તે શવા વરસની ઊમરનું બાળક થાએછે તાંહાં શુધી માતાના થાંનમાંથી નીકળીઆ કરેછે પણ તેને દાંત આવેછે અને તે બીજો ખોરાક લેવાને લાએકનું થાએછે તે કંમતી થઈ પછી તદન બંધ પડેછે.

બચ્ચાં ધવાડીઆથી માંતાને એ મોટો ફાએદો થાએછે કે તેની તંદરસતીમા વધારો થાએછે. ધાંવણ આપીઆથી સુવાવડમાં દરદોથી છુટી રેહેછે. જે ઓરતોને દુધ નીકલતું નથી તેમને તાવ અને બીજા રોગો થાએછે. નાહી ઊઠીઆ પછીબી ધવાડવાનું જારી રેહવાથી ઓરતની સુખાકારીમાં વધારો થાએછે. ઘણી વાર નાજુક ઓરતોનું બદન જોરાવર થાએછે અને તેમને હમેશ રેવાનું બંધ પડેછે. નહીતો ઘરવારથી આથી કમજોર અને શુકાએલી દીશેછે. છેલો એ ફાએદોછે કે ધવાડીઆથી થાંનોને કાંઈબી દરદ થતું નથી.

પોતાની માતાના દુધના જેવો બચ્ચાંને કોઈ પણ સારો ખોરાક નથી. માતા તથા બચ્ચાંને જે અતલગનો સંબંધ હોવાથી દુધથી જે લાભ થાએ તેવો લાભ પારકી ઓરતે ધવાડીઆથી તેને મલતો નથી. બચ્ચાંને પોતેજ ધવાડવું એ એક માતાની અગતની ફરજછે. તેથી કરી તેનો બચાંપર પીઆર વધેછે, તેણીએ ભોગવેલી ગરભ અવસથા અને શુવાવડની કશતીનો બદલો મલેછે. આપણા લોકો દાઈ રાખવી એ વાત બીલકુલ થોડાં વરસપર કોઈ જાંણતા નહી હતા પણ હાલમાં દેખાદેખીથી મોટાઈ અને આલસાઈ વધી આથી સેઠાંણીઓ દાઈઓને રાખેછે. આપણી સેઠાંણીઓ પોતાના થાંનોમાં પુશકલ દુધ છતાં પારકી ઓરતોને દાઈ રાખેછે જેના છોકરાં ભુખે મરવાથી ઘણી વેલા મરણ પાંમેછે અને તેનો બોજ તેઓ પોતાને માંથે લીએછે અને વલી પોતાના બચ્ચાંને ઘણુ ખમવું પડેછે. હલકાં અને વગર વીચારવાળા પરાણીઓ કુતરાં, બકરાં અને ગાઓ, ઘોર એ શરવે પોતાના બચ્ચાંઓને ધવાડવાની કેહવી તલપ અને હોંશ રાખેછે તે આપણા જોવામાં આવેછે પણ માણસ જેવું અકલવાલું પરાંણી પોતાની મોજ, મજાહ અને આળસાઈને લીધે આ મહાભારત કામ તરાહેત આદમીને સોંપે તે કેહવી દલગીરી જેવી વાતછે.

પણ કેટલીએક વેલા માતાની પુર ખુસી છતાં પણ તે બચ્ચાંને ધવાડી શકતી નથી. તે પોતે તંદરસત પણ નાજુક હોએછે, તેવારે તેણીએ ડાકટરની શલાહ લઈને ધાવણ આપવાને તજવીજ કરવી અને તેથી નુકશાન થાએતો પછી છોડી દેવું—વળી થાંન અને ધવાડવાની જગાની રચનામાં કશર હોએતો ધાવણ આપતાં દુખ અને પીડા થાએછે તેવારે તેમ કરવાનુ માંડી વાલવા અગાઊ તેવી ખોડ ખાંપણોનો ઈલાજ ડાકટર પાશે કરાવી જોવો અને નાચારે લઈને રાખવી.

## કેહવી અડચણો વખતે દાઈ રાખવી?

હવી અડચણો વગેરે બીજી કેવી ભારે અડચણો નડેછે જેથી માતાને ધવાડવાને સુદલ બનતું નથી.

માતા પોતે ધવાડવાને ઈ તેજાર હોએછે પણ તેથી તેને તથા તેના કુમલાં બાળકને નુકસાન પોંચેછે. જે ઓરતને તથા તેના કુટંબમાં ખહીની કશર હોએ, તેણીએ જરૂર બચાંને ધવાડવું નહી. હેવી માતાના બચાંમાં પણ એ ભુંડી કશર હોએછેતો ખરી પણ તેને માતાનું જ દુધ મલીઊતાં પછી તેનો મકમ પાએઓ બંધાએછે અને તેને જુવાંનીમાં હેરાન કરેછે, દરદો હાથે ઊતરેછે એમ આપણ જાણીએછે, અને ખહી જેના મા બાપને લાગુ હોએ તેનાં બચાંને પણ ઊતરે હેમા શક નહી. હેવાં બચાંઓ હુશીઆર હોએછે. જલદી ધંધો રોજગાર કરે અને તેમાં ફાવી થોડાં વરશ આબાદાની ભોગવેછે પછી તેમનુ કુવત ઘટી જાએછે અને ટુંક ઊમરમાં તેમનો પરાંણ જાએછે અને તેના બચાંઓપર કેવી આફીએત ગુજરેછે. માટે જરૂર હેવી કશર વાલી માતાઓએ બાળકને ધવાડવું નહી. હેવું કરવાથી પરેહજ રેહવાથીજ તેને તથા તેના બચાંને શુખાકારી અને તંદરોસતી મલવાની આસાછે નહીતો પોતે હેરાંન થાએ એટલુંજ નહી પણ બચું વધારે ભોગવી મરણ પાંમેછે.

હેવી ખહીને લગતાં દરદવાળી માતાના બચાંને હાથે ઊધારવા નહી. પણ જુવાંન, તંદરોસત અને જોરાવર બાંધાની દાઈ રાખવી. કેહવી ધવાડનારી પસંદ કરવી તે વીશે આગળ જણાવવામાં આવશે. હેવાં બચાંને ૧૨ ઈઆ૰૧૫ માશનું થાએ તાંહાંવેર ધવાડવું જોઈએ. કોઈ વાર પેંહલાં દુધના દાંત આવીઆ પછી નવી દાઈ રાખવી પડીતો હેવી રાખવી કે જેના બાળકના જનમને ૧॥ ઈઆ ૨ માશ થીઆ હોએ. પણ દાઈ ન મલે અને હાથે ઊધારવું પડેતો બચાંને ઘણોજ સાદો અને હલકો ખોરાક આપવો અને જરૂર કરીને તેને ખુલી હવાંમાં ફરવા હરવાની કશરતનો ફાએદો આપવો જોઈએછે. જો બચાંને પેટ આવે, ઊલટી થાએ અથવા પેટનું કોઈબી બીજું દરદ થાએતો ડાકટરની શલાહ પુછવી. એટલી ચેતવણી રાખીતો બાળકને જે ભુડાં દરદથી સોસવાની ધાસતીછે તે દુર થશે અને આગળ ચાલતાં તેનું અંગ મજબુત અને નીરોગી રેહશે. જો ખહીની કશર બાપમાંજ હોએ અને માએને લાગુ ન પડેલી હોએતો બેલાંશક બચાંને ધવાડવું.

બીજું જે માતાનો સવભાવ હેવો હોએ કે જેને જરા જરામાં ધાસતી પેદા થાએ, જરા જરામાં ગુસો ઊતપન થાએ, જરા જરામાં ઘભરાઈ જઈ ફકરમાં પડે અને જેને ફીફરૂ આવતું હોએ અને મગજ બરાબર ઠેકાણે ન હોવાથી તેનાથી પોતાના જોસાઓપર કાબુ નં રાખી સખાએ તેણીએ બચાંને ધવાડવાની કોશેશ કરવી નહી. તેવી ઓરતનું દુધ હલકી જાતનું થોડું અથવા બીગડેલું રેહછે અને તેથી બચાંનો ઊઘેરભાવ થવાને બદલે તે મુરદાલ થઈ પીલાંતું અને ગેરાતું જાએછે. સાધારણ હાલતના કરતાં પણ આ વેળા માતાને પોતાની હુશીઆરી પુરતી સાવચેતીથી રાખવી જોઈએ અને તેમ ન બની સકે અથવા મગજનું કાંઈ દરદ હોએતો દાઈને રાખવી.

તરીજું બચાંની માતાનુ સઘળું ધકધીઆન મોજમજાહ મારવામાં, સહીઓને મલવા જવામાં અને દમકતું ફરવામાં હોએ તેવી માતાએ બચાંને ધવાડવાનું બેહતર દાઈને સોંપવું; નહીતો તેણીની આળસાઈ અને બેપરવાઈથી બચાંના હકમાં ખરાબી થાએછે પોતાને ગંમે વારે નહી પણ ચોકશ બાંધેલે વખતે તેને ધવાડવું જોઈએછે અને એમ કરવાની મરજી નહી હોએતો ધવાડનારી રાખવી.

---

ઓકનું ઝાડ.



શીંહ જબરો અને જોરેમંદ હોવાના સબબથી સઘલાં જાનવરોમાં તેને જેમ રાજા પરમાણે ગણવામાં આવેછે તેમ સઘલાં જંગલી લાકડાંઓમાં ઓક ઝાડનું લાકડું ઘણુ ચીકટ અને ટકાઊ હોવાના સબબથી તેને સઘલાં લાકડાંઓનો રાજા ગણવામાં આવેછે. એ ઝાડનાં ફલ જેને બંલુત કરી કેહછે તે આગલા વખતના લોકો ખાવાના ઊપીયોગમાં લાવતા હ

તા. એ ઝાડની છાલ ચાંમડાંને કાલો અથવા ભુરો રંગ આપવાનાં કામમાં આવેછે. ઓકનાં લાકડાંને વેહેરીઆંથી જે વેહેર નીકલેછે તે રંગારાઓને કપડાં રંગવામાં અતી ઊપીયોગી થઈ પડેછે. ભુરા રંગના સંઘલા ચદતા ઊતરતા રંગો આપવામાં એ વેહેર ગુખીય કરીને વપરાએછે. હરડે બેહેડાં જે એ ઝાડપર થાએછે તે કપડાંને કાલો રંગ આપવામાં તથા સીહાઈ બનાવવાને ઘણા કામ લાગેછે.

ઓકનું ઝાડ જે ઘણુ મુલીઅવાંન ગણાએછે તે માત્રે તેના લાકડાંને મારેજ ગણાએછે. ઈંગલંડ દેશમાં ઊગતાં ઓક ઝાડને તેની પુખત વયે એટલે ૫૦ થી ૭૦ વરશની ઊમરે કાપેછે. તીઆરે તે લાકડું આખી દુનીઆંમાં ઊગતાં સઘલી જાતનાં લાકડાં કરતાં વાહાણો બાંધવાના કામમાં ઘણુ સરસ ગણાએછે. ઈંગલંડ દેસનામજબુત વાંહાણો જે ઓકના લાકડાંનાં બનાવવામાં આવેછે તેથી કરીનેજ એ દેશનાં લોકો આજે બીજી પરજાઓ ઊપર આટલી બધી સાહેબી તથા મોટાઈ લોગવેછે. એ દેશના લડાઈના બારકસો ઘણુ કરીને ઓકના લાકડાંનાં બનાવવામાં આવેછે. પણ જીઆરે આખાં વાંહાણો એ લાકડાંના બાંધવામાં નથી આવતાં તારે તેની બાજુના ભાગો ઊપરતો જરૂર કરી એ લાકડાંનાં પાટીયાં જડવામાં આવેછે. વજણ ખમવામાં તથા જોર તોડવામા એ લાકડાં જેવું બીજું કોઈ લાકડું નથી; તથા બીજી સઘલી જાતનાં લાકડાં હમેસ પાણીમા રેહેવાથી જેમ સડી જાએછે તેમ એ લાકડું એકાએક સડી જતું નથી, અથવા તોપના ગોલાથી શટતું નથી. તેમજ બીજી સઘળી જાતનાં લાકડાંને મોડે વેહેલે ઊધઈ અને બીજાં જીણા જીવજંતો ખાઈ જાએછે તેમ એના ઊપર એકાએક એ જાનવરોની અશર લાગુ પડતી નથી. આજથી આઠસો વરસની વાત ઊપર બનાવેલી એ લાકડાંની કેટલીક વસતુઓ આજની ઘડી સુધી મજબુત અને જેવીને તેવી રહેલીછે.

ઓકનું ઝાડ ઘણી વખતે અતીસય ચોહાટાં કદનું થાયછે; તથા એને વીશે બીજું એવું કેહેવામાં આવેછે કે એ ઝાડ ઘણા સેંકડો વરસ સુધી જીવી શકેછે.

## પરચુરણ બાબદો.

**દોશતીની રોશની**—દોસતીની રોશની તારાની રોશનીની મીશાલેછે. તારાની રોશની જેમ અંધારામાં માલુમ પડેછે તેમ દોસતીની રોશની અંધારામાં અથવા દુખની વેલાએ માલુમ પડેછે. જેમ તારાની રોશની ભટકતા મુસાફરને કીમતી માલુમ પડેછે તેમ દોસતીની રોશની દુખ અને સંકટમાં પડેલા માણસને માલુમ પડેછે.

---

**અદેખાઈ હમેશ દુખ દીએછે**—માણસના મનને અદેખાઈ જેટલું દુખ દીએછે તેટલું દુખ બીજી કોઈબી વસતુ દઈ શકતી નથી. અદેખાઈથી માણસનું મન હમેશ ઉદાસમા અને ફીકરમાં રેહેછે. અદેખાઈથી તે પોતાનું સુખ વીસરી જઈ પડોસીના સુખ વીશે બલાપો કરેછે. વાસતે રે બેહેનો ! તમે અદેખાઈ કરતા ના.

---

**કાગલ અથવા ચીઠી લખવામાં સંભાલ**—ગુસામાં આવીને કાગલ અથવા ચીઠી લખવામાં ઘણીજ સંભાલ રાખજો. ગુસામાં આવીને તમો મોહડેથી બોલશો તેથી સો ઘણુ નુકશાન ગુસામાં આવીને લખવાથી ઉપજશે. ગુસામાં આવીને હરએક કાગજ લખેઆ પછી તરત મોકલતાના, ૨૪ કલાક સુધી તે તમારી પાસે રેહવા દેજો અને પછી ઠંડા સભાવથી વાંચી, વીચાર કરીને બીડજો.

---

**એક માણસનો અંધાપો**—પારીસ મધે એક માણસ આંધલો હતો અને તેનું મગજબી ચસેલું હતું. ઇસપીટાલમાં તેની આંખનો મોટીઓ કાપીને કાહડી નાખવામાં આવેઓ અને તે દેખતો થઓ. અંધાપો નીકલી ગએઓ તેની સાથે તેનું દીવાનાપણુબી નીકલી ગએઉં; અંધાપાની અસર તેના મગજ ઉપર થઇ હતી.

---

**દારૂ બનાવવાની નવી હીકમત**—હાલ દારૂ બનાવવાની નવી હીકમત શોધી કાહડવામાં આવીછે. એ હીકમતથી દરાખને કેટલાએક દીવસ કોહવાડીને ગાલવાની જરૂર પડતી નથી. પણ તાજી દરાખના રસનો ચોવીસ કલાકમાં ઘણાજ સવાદ ભરેલો દારૂ થાએછે.

---

**ઘણુજ કીમતી ઈનામ**—વીલાત તરફ એક તવંગર સ્ત્રીએ પોતાની ચાકરડીને ટોપીની ભેટ કીધી. તેની કીમત દેખાતી ઘણીજ થોડી હતી. પણ તે તવંગર ઓરતના મરણ પછી પેલી દાસીને માલુમ પડીઉં કે તે ટોપીમા ઘણીએક બેંક નોટ ઘાલેલી હતી. જે મલેઆથી તેણીની હાલત તદન બદલાઈ ગઈ.

---

**ભીખારીઓનો અકટાવ**—ઘણા ભીખારીઓ વધેઆથી હરએક ગામની દીશા માઠી હાલતમાં આવતી જાએછે. જેઓને મેહનત કરવા માટે ઇશવરે હાથ પગ આપેઆછે તેઓ ભીખ માંગીને દુનીઆની પેદાસનો નાસ કરેછે અને પરમાણીક માણસની મેહનતનું ફલ પોતે આલસુ રહી લોગવેછે. વીલાત મધે એક શેહેરમાં પોલીસે એવો દાખસત કી

પો કે જે ભીખારી રસતામાં ભીખ માગવા નીકલે તેને પક ડવા. એ ઠેરાવ મુજબ હજારો ભીખારીઓને પકડેઆ અ ને તેઓને એક મોટા કારખાના આગલ લઈ ગયા. તેઓ ને નવાડી ધોવાડીને કપડાં પેહરાવેઆં અને પછી કામે વલગા વેઆ. કારખાના વાલાને ફાએદો થઓ કે થોડી મજુરીએ ઘણા માણસો મલેઆં. ભીખારૂઓને ભીખ માગવાની જરૂર રહી નહી. તેઓ ચોરી અથવા લુચાઈ ન કરે વાસતે તેમની ઉપર ઉપરી દાખલ એ ત્રણ પોલીસના માણસો રાખેઆં. ફરાંસ મધે એવો ધારોછે કે કોઈબી ભીખારી પરવાના વગર ભીખ માંગી શકે નહીં, જેઓ ભીખ માંગવા લાએકના હોએ છે તેઓનેજ ભીખ માંગવાનો પરવાનો સરકાર તરફથી મલે છે. જેથી હાથ પગ વાલાઓને ભીખ માગવાને બની શકતું નથી. એવો કાએદો આપણી વસતીમાં થાએ તો કેવું સારૂં !

---

**વીજલી પડવાથી નુકશાની**—ઈસવી સન ૧૭૯૯ થી ૧૮૧૫ સુધી સોલ વરસની મુદતમાં વીજલી પડવાથી ઈંગલંડની સરકારના ૧૫૦ વાંહાણને નુકસાંત પોહચીઉં હતું. ૭૦ માણસો જખમી થઆં હતાં અને ૧૩૩ ઘાએલ થઆં હતાં અને પાંચ લાખ રૂપીઆની નુકસાંની પોહચી હતી.

**દારૂ અને તેની અસર**—લંડન મધે કારોનરના પરગટ થએલા રીપોરટ ઉપરથી માલુમ પડેછે, એ વરસમાં ૩૦૬ માણસોના મોત અતીઘણો દારૂ પીધાથી નીપજેઆં હતાં. તે મધે ૨૦૬ મરદ, અને ૧૦૦ ઓરત હતી. દારૂના કેફથી ૮૯૯૦૩ શખસો અનીઆએ કરવાના અપરાધમો આવેઆ હતા. "સોશીઅલ સાએંસ" ના રીપોરટ ઉપરથી માલુમ પડેછેકે ઈંગલંડના ગરીબ અને મેહનતુ લોકો દારૂ અને તંબાકુ પછવાડે દર વરસે રૂ૪૫,૦૦,૦૦,૦૦૦ (૪૫ કરોડ) રૂપીઆ ખરચેછે.

---

**પારીસમાં વરતમાન પતરો**—ફરાંસના મુખીઅ શેહેર પારીસ મધે હાલ સઘલાં મલીને ૫૦૩ વરતમાન પતરો છપાએછે. તે મધે ૪૨ વરતમાન પતરો રાજદરબારી બાબતો તથા સઘલી ખબરો આપેછે અને બાકીના વીદીઆ હોનર ઉપર નીકલેછે. સઉથી જુનામાં જુનું એક વરતમાન પતર ઈસવી સને ૧૬૬૫ વરસનું ચાલેછે.

---

## મોરડી રાણીના, મનામણાની ગરબી.

" ઓધવજી સંદેસો કેહેજે શામને "
એ રાગનીછે.

મોર વદે વાણી શુણ રાણી મોરડી ॥
શેણે તને રીસાવી આવી આજજો ॥
શાબારે બેડી અડકાવો ઓરડી ॥
લેશ કલેશ કદી કરીએ શા કાજજો ॥મોર વદે૦ ॥૧॥

તજી ટંટા સંપી જંપીને જીવીએ ॥
સુપના સરખો સધળોછે સંસારજો ॥
દેહ ધરે દીવેલ ધરે જેમ દીવીએ ॥
પાંચ પચાસે વરસે પડશે પારજો ॥ મોર વદે૦ ॥૨॥

જે પળ ગેં સુખમાં તે સારી જાણીએ ॥
હેતે હસતાં હળતાં મળતાં હોયજો ॥
અંતરનાં જતથી અંતર નહી આણીએ ॥
કદીએ કહીએ કડવું કઠણ ન કોયજો ॥ મોર૦ ॥૩॥

વાહાલામાં વીખવાદ વહો ન વધારીએ ॥
કરોધ તજી કાંઈ શોધ કરો ધરી બોધજો ॥
સમજુ થઈ અણસમજુ સરવ સુધારીએ ॥
પકડી જકડીને જીતો મન જોધજો ॥ મોર૦ ॥૪॥

સમજુ નારી સમજે સારી સાનમાં ॥
રીસ વીસારી રાખે રૂડીએજો ॥
ટાંક પડે જો વાંક કેહો તે કાનમાં ॥
ફોકટ વાવો કેમ ફજેતી બીજજો ॥ મોર૦ ॥૫॥

તંતના જનથી તંત ન તેવો તાણીએ ॥
ઘણુ તાણેતો તુટે તાજો તંગજો ॥
તુટો તે જો શોધી સાંધી આણીએ ॥
ગાંઠ પડે તે ખટકે અટકે અંગજો ॥ મોર૦ ॥૬॥

નારી મારી પીઆરી પીઆરાં પ્રાણથી ॥
છંછેડો પણ છુટે ન છેડો છેકજો ॥
જો અવગુણ ગુણ કીધો જાણ અજાણથી ॥
આ અવસર શર અદા કરો એ એકજો ॥મોર૦ ॥૭॥

કુળવંતીનો કજીઓ કોઅ જાણે નહી ॥
જેમ કુવાની છાંય કુવામાં જાયજો ॥
મનમાંની વાતો મનમાં રાખી રહી ॥
ફુવડતણો ફંફેરો બહુ ફેલાયજો ॥ મોર૦ ॥૮॥

બાળાપણ વીતુ બુઢાપણ આવશે ॥
જોબનના દીન જોતાં જોતાં જાયજો ॥
કંથ વીના આવીને કોણ મનાવશે ॥
જો પાહોશી હોશી આ અથડાયજો ॥ મોર૦ ॥૯॥

ઘુંઘટડો ખોલો બોલો ઠંડાં થઈ ॥
મારા સમ કાંઈ મનમાં રાખો રોષજો ॥
વાતોમાં વડી વાર વળી વીતી ગઈ ॥
દોષ તજીને ઉપજાવો સંતોષજો ॥ મોર૦ ॥૧૦॥

આપણને ડાપણમાં ખાંપણ લાગશે ॥
જો પાંપણમાં પાણી જોશે જંતજો ॥
જશ જાશેને ઉલટો અપજશ જાગશે ॥
થઈ ખોટો પસ્તાવો મોટો મંતજો ॥ મોર૦ ॥૧૧॥

સંપીને સુખીયાં થઈ સમરો શ્રીહરી ॥
કઠણ વખતમાં કરશે રૂડાં કામજો ॥
સંકટ સગળાં નીલકંટક નાંખે કરી ॥
દીલમાં ડાપણ આપે દલપતરામજો ॥મોર૦ ॥૧૨॥

# સ્ત્રીબોધ.

પુસતક ૪ થું　　ડીજેમબર ૧૮૯૦　　આંક ૧૨ મો.

## રતનશાને અદરાવવા પરણાવવાની તજવીજ.

(કારજ કરનારાંઓની ઠગાઈ.)

આસીબાઈ નામની એક ઓરત કોટમાં રેહતી હતી. રતનશા નામનો તેણીનો એકનો એક છોકરો હતો. તે છોકરાને લાડમાં ઊછેરી મોટો કરવાને આસીબાઈએ તથા તેણીના ભરતાર રૂશતમશાએ કાંઈબી કસૂર રાખી નહી. તેઓ પઈસે ટકે સુખી હતાં તેથી પોતાના છોકરાનો સઘળો લાડ પુરો પાડવાને કાંઈબી રીતે અચકાતા નહી હતાં. રતનશા હજુર પાંચ છ વરસનો થઓ નથી તેટલાવારમાં તેઓ તેને અદરાવા પરણાવવાની તજવીજમાં રેહેવા લાગાં. કોલાદારૂ, પીતુજી વગેરે કામ કરનાર મોબેદો તથા બરામણો ઘણેક ઠેકાણેનાં કામ લાવીઆ હતા, પણ સારાં માકાં સોધતાં સોધતાં રતનશાહને છઠું વરસ પણ પુરૂં થઈગું તોપણ કોઈ ઠેકાણે વાત બંદ બેકી નહી. કેટલાંક ઘર પસંદ નહી પડીઆં ને વલી જે ઘર પસંદ પડીઆં તાંહાં બરાબર રાસ આવી નહી. રતનશાનાં માબાપતો ચોખી દીવાની જોત જેવી રાસ જોવરાવતાં, પણ તેમાં કાંઈબી વધન નડતાં તેથી સઘળે ઠેકાણેથી આવેલા ટપકા પાછા ફરતા. એમ કરતાં એક દાહાડે એક ગોરાણી ઈધાની નીસાની લઈ ઓલખાણ કાહાડતી તાંહાં આવી લાગી ને રતનશાનાં માબાપ સાથે નવી સારી ફેશનનાં કપડાં ને બસો રૂપીઆ પરઠીઆ. ને કોઈ સારે ઠેકાણેનો ટપકો લાવવાનું કબુલ કરી ગઈ.

બીજી તરફ નાદરશાહ કરીને એક બીજો પારસી મેહેમમાં રેહેતો હતો. તે પણ રૂસતમશાના જેવો પાંચ પઈસે સુખી હતો, પણ રૂસતમશા કરતાં જરા વધારે ખરચાલુ ને શોખી હતો. તેની એક છોકરી હતી, તે બીચારી અવતરી તારેતો ઘણી સારી ને સુંદર હતી પણ મુરખ માબાપોએ તેણીને ગણી સીતલા મુકાવેલા નહી તેથી તે બાપડીને તરીજે વરસે ચહીઅડ આવીઆ, જેનાં દુખથી બેહદ બેજાર થઈ તે છોકરી છેક મરેહાલ થઈ ગઈ હતી ને તેનાં સગાં વાહાલાંઓએ તે બાપડીની જીવવાની આશા પણ છોડી હતી, પણ ઈશવરના હુકમથી તે મરણતો પામી નહી પણ બીચારી ખોડેલ થઈ તે એવી રીતે કે મોહોડાં ઊપર સઘળાં ચાઠાં રહી ગએઆં ને તેથી સીકલ ઘણી બેડોળ થઈ ગઈ હતી, તેમજ હાથ પગમાં કેટલીક માલુમ પડી આવે એવી ખોડ ખાપણ રહેલી હતી તથા આંખનો પણ જરા સેજો ફેરવાએઓ હતો.

કામ કરનાર ગોરાણી કોઈ ભારી ખંદી ને લોકનાં ઘેર બાજનાર હતી. તે નાદરશાના ઘેરમાં આવી. નાદરશાનાં ધણીઆની કોલીબાઈએ ગોરાણીને તો ઓલખી તોપણ તે શામાટે આવીછે તેની તેને ખબર હતી નહી. તેઓ વચે નીચે મુજબ વાત ચીત ચાલી.

કોલીબાઈ—કેમ ગોરાણી તમને આવવું પડીઉં.

ગોરાણી—કાંઈ નહી બેહેન સેહેજ આવીછું. એક ઠેકાણેનું કામછે, જો તમો તમારી આદરબાઈનું કરવાનાં હોવોતો.

કોલી—માએ કરવાનું તો ખરૂં, પણ તમો જ જોછોતો ખરાં કે છોકરી ઓંજીઆ બહીઅડથી કેવી થઈ પડીછે! મારી નપાતરાં જેવી, પરીને હડાડે એવી છોકરી કે કોઈને ઘેર જનેતો તેનું ઘેર શોભી રેહેને પણ શું કરીએ હમારાં જોતાંનાં ભાગેગ !!

ગોરાણી—કોલીબાઈ તમે એની ચીંતા રાખો નહી. હાએ એતો નરમ ગરમ ચાલી જાએછે: દુનીઆનો એવો વેહેવારજ ચાલેલો છેનો. તમારી જો છોટ

રીને ઠેકાણે નાખવાની ખુશી હોએ ને સારી જેવી રીત કરો ને જેમ હું સલાહ આપું તેમ જો તમો ચાલોતો પછે જુઓ તમારી છોકરી કેવે ઘેર ઠેકાણે પડેછે !

**કોલી**—માએ એના બાપને માહારા બધા છી. રીતતો ગરીબરે સંસારે નામ મુજબ કરશુંસતો, પણ કેથે તવે હલકે ઠેકાણેતો છોકરીને અદરાવીએ નહી. હજી તે કરતાં નહી અદરાશેતો ચાલીશું, પણ જાંહાં વેર કોઈ હમારા જેવાં માણસ મલે નહી તાંહાંવેરતો એ વાતના અખાડા. ખરી વાતછે કે છોકરી આવી થઈ પડીછે, પણ તેમજ વલી કોઈ છોકરોબી તેવો મલી આવશે એટલે જોડું બરાબર થશે, ને કોઈને દુખ શુખ લાગશે નહી.

**ગોરાણી**—કોલીબાઈ એ સીશ્રાસી મુકી દેવો! ને મારૂં કહીશું માનો, જો છોકરીનો દાહાડો વલી જશે !! પછી વલી એવી વાત હાત આવવાની નથી હોં ! હું કાંઈ તેવે હલકે ઠેકાણે ને રેજીઆં પેજીઆને ઘેરથી નથી આવી.

**કોલી**—ગોરાણી તમે જારે ઘણાં બજીદ થાવો છો તારે વારૂં હું તમારો સુખન કબુલ કરૂંછું, વારૂં તમારી મેહેનત કાંઈ ભુલશું નહી.

**ગોરાણી**—નારે માએ પીછોરીમાં પથર જોઈએ નહી. તે મોબરા મોબરી કેહેવો એટલે તેની વાત થાએ. પહેલી વાત સારી કે પછવાડે કચાકચ થાએ નહી.

**કોલી**—માએ સારી સાથે કપરાંની જોડ એક ને રૂ૩૦૦ આપસું, માએ વધારે શું બોલીએ, પછી તો જે હમારો ખોદાએ અપાવશે તે આપીશું ને વલી બે તરણ હજારની રીત કરીશું.

**ગોરાણી**—નહી માએ રૂ૫૦૦ ને નવી સારી સાથનાં કપડાં હોએતો આપણે એમા માથું ઘાલીએ. પછવાડેનો ગાલનો ખોછે. ને વલી એ કાજ હાડ પાડતાં લોહીનું પરૂ થવાનું તે તમો જાણોછો કાંઈ કુહુલીમાંનો ગોલ નથી કે એકદમ ખવાઈ જશે. તેમજ ચાર હજારની રીત જોઈએ. તથા મમાઈ સાસુ, બપાઈ સાસુ સઘલાંનાં કપડાં, ને સસરાને સીઆલ સાદનો વાગો હોએ તોજ માથું ઘાલીએ.

કોલીબાઈ બીચારી પોતાની છોકરી માટે રાત દીવશ કોલજીમાં હતી ને ગોરાણી વગર બીજા કોઈથી છોકરીનું કારજ થવાનું નથી એવા વીચારથી તેવણે ગોરાણીની સઘળી માગણી કબુલ કીધી; પણ બોલીએજ કે સારે ઠેકાણેનો છોકરો હોએ. એટલું નકી કીધા પછે ગોરાણી પોતાને ઘેર ગઈ ને હવે એ જોડું કેમ બંદ બેસાડવું તે વીસે તરેહવાર વીચાર કરવાં પડી.

"આ કારજ થએઆથી બંધે તરફથી મલી રૂપીઆ ૭૦૦ રોકડા તથા બે જોડ કપરાં મલશે એટલે આપણુંતો કામ થઈશું, પછે મુંઆં બેહેસમાં જાએ કે દોજખમાં, તેનું આપણને કાંઈ લેવું દેવું નથી. આપણે નકી કરી રૂપીઆ વગેરે લઈ તાલમેલ કરી નો સારી નહીતો ગંદેવી જઈ પડીશું ને વલી બે ચાર વરસે પાછાં આવીશું એટલાંમાં સઘળું નવું જુનું બી થઈ જશે" એવો વીચાર કરી ગોરાણી પોતાનાં પરાક્રમ લડાવવામાં મશગુલ રહી. ને વલી એક દાહાડે રૂસતમશાનાં આસીબાઈ આગલ આવી તાંહાં વલી જે વાતચીત થઈ તે નીચે મુજબછે.

**આસી**—ગોરાણી ! કાંહાં હુતાં ? કેટલા દાહાડા થએઆ વાટ જોઈએછે ને તમારૂં તો ઠેકાણુંજ નહી મલે. "

**ગોરાણી**—જો માએ, એ કાંઈ ખાઈ જવાનું નથી, સાત ઘાણે ગાલીએ તારે એક ઠેકાણે નકી થાએ. ઊતાવલમાં કાંઈ વાંકું ટીકું થઈશું તો પરણનારાં પરણે, રીત ઘરેણાં વાળાં રીત ઘરેણાં લીએ ને વચમાં ગાળતો કાજ કરનાર ખાએ, નો નારે માએ હમારાં છોકરાં કાંહાં ગાળ ખાવાને શલતુ પડીઆંછે ! કેઊતાવળ કરીએ !! કાજતો એક ઠેકાણેનું શોધી કાહાડીશુંછે પણ જનસ કેટલી કરશો ?

**કોલી**—હમારાં નાંમ મુજબ દોહોડ હજારનાં કપડાં ને તરણે હજારની જનસ કરીશું. પણ છોકરી કહેવીછે ? હમોને તો હમારા છોકરાના જેવી નખતરાં જેવી છોકરી જોઈએ જો !! ને તે સાથે જારે તમે ઘરણું પુંછોછો તારે રીત કેટલી ?.

**ગોરાણી**—તારે માએ દાહાડા અમથા લાગા, એમતો કેટલાંક લોક મારાં બારણાં ખણી ખાએછે, પણ આપણે સમજીએછે કે છોકરા લાએક છોકરી હોએ તોંજ કારજ થાએ. એમતો ઘણે સારે સારે ઠેકાણેનાં છોકરીઓના ટપકા મારી પાસે પડેલાછે, પણ કોઈ છોકરીઓ જરા ઘઉંને વરણનીછે ને કોઈ ગોરીછે તો ઘાટ સારો નથી તેથી તો હું તેના કોઈના ટપકા લાવી નહી. તમારો દીકરોબી જાણે મારી આંખ ! વારૂં

છવાડે દુવાનો દસે! તમે રીત પુછોછો તો તે તમારા કરતાં સરસ; ચાર હજારની રીત; મમાઈ સાસુ; બંપાઈ સાસુ, ફુવાણુ સાસુ, કાકા સસરા, મામા સસરા વગેરે સઘળાંઓને કપડાં તથા સસરા જમાઈને શીઆલ સુધાંનો વાગો !! ને સાસુને કસબી સારી સુધાંનાં કપડાં. એથી વધારે શું હોએ !! ને છોકરી, કે જેવી પરી! ચાલેતો બોળા પરે ને પાણી પીએતો ગાંરીમાંથી ઊતરતું દેખાએ ને જેવી સરોવરના ઝાડ જેવી; નહી ઘણી ઠાંગી તેમ નહી ઘણી લેવાએલીબી. ખરૂં માનજો, કોલીબાઈ જાણે ખોદાએજીએ તમારા છોકરાને મતેનીજ છોકરી પેદા કીધીછે!!! ચેહરાનો ઘાટ એવો મજેનોછે કે જાણે જોએઆજ કરીએ ! ને કપાલનો જાણે રૂપાનું પતરૂં ચકચકી રહીઊંછે. હવેનો તમો ખોદાનું નામ લેવો ને ઊતાવળાં થાઓ છોકરી હાતથી જવા નાંદેતાં.

કોલીબાઈતો આ બધી વાત સાંભલી ઘણાંજ ખુશી ને મઘન થઈ ગએઆં. તેમાં ચાર હજારની રીત, તથા આટલાં બધાં કપડાં એ સાંભલી ઘણાંજ મઘન થએઆં. તેથી ગોરાણીને કહીઊં, "માએ એ વાતતો થશે હવે, પણ કોણનું ઘેર તતો કેહેશો કે જરા મારા રૂસતમશાની સાથ વાત કરી મુકું."

**ગોરાણી**—ના માએ જાંહાંવેર તમારો નકી જવાબ મલે નહી તાંહાંવેર નામ કેમ દેવાએ !!! કોઈનું પારકું ઊંચું અમથું હલકું પડે, નારે માએ એ કામ હમારાં નહી એતો બીજી કાજ કરનારીઓનાં કામ !! વલી માએ જારે તમે વેહેવાઈ વેહેવાણ થશો તારે ઓલખશોજ નહી, પણ હમણાંતો નહી કેહેવાએ. તમારા રૂસતમશાની સાત વાત કરી તેવણની રજા લેવો ને તેટલાં મને જરા તમારા રતનશાનો ટપકો આપો કે હું મારે ઘેર એક ગોબેદ આવેછે તેની પાસે રાસ ઘરેહ દેખાડી મુકું. માએ તમારો એકપુરો છોકરો તે છોકરીની સાથ બધા રાહુ ગરેહ તપાસવા જોઈએ. તે તમેબી તપાસાવજો પણ વારૂં જરા મારીતો ખાતરી કરી મુકું. કોઈનાં છોકરાના મદાઈનેઆંખ માથું થાએતો વલી જનમની કાલી તીલી કોણ લીએ !!

બીચારાં કોલીબાઈ ભોલાં તે ગોરાણીની મીઠી મીઠી બોલી અને વેલાસના ઊપરે લોભાઈ પડી ટપકો કાહાડી આપીઓ; તે લઈને ગોરાણીએ છોકરીનો ટપકો લઈ રાસ દેખડાવીનો રાસ આવી નહી. છોકરી મંગલની નીકલી તેથી ગોરાણીતો ઘબરાઈ પણ તાલમેલ કરી બે રૂપીઆ આપવા કહી છોકરીનાં અસલ ટપકા ઊપરથી બીજો ટપકો એક બરાંમણ પાસે કરાવીઓ તેમાં સઘલું એવુંતો કરાવીઊં કે કોઈબી રાસ જુએતો તુરત વગર મેહનતે દીવાની જોત જેવી રાસ આપી ઊઠે.

આણી તરફ રૂસતમશા સાથે કોલીબાઈએ બધી વાત કીધી તેથી તેવણબી ખુશી થએઆ પણ ઘરેણું કપડાં ઘણાં ઘશે એટલી અડચણ લીધી. તારે કોલીબાઈએ સમજાવીઊં કે ઘરેણું કપડાંતો આપણો માલ થશે; રાતના બાર વાગે પાછાં લઈ શકશું, પણ તેથી પેલાં સાંખેવાલાં શરમાઈને રીત સારી કરશે, નહીતો ઘરેણું થોડૂં કહીશુંતો તે લોકબી રીતનો હાત ખાંચશે ને તે સાથે આપણે રીત કાંઈ વસાવેલી લેશું નહી રોકડ માગશું. રૂસતમશા પાંચ પઈસાનો જીવ વાલો છતાં લગાર ચીસટો હતો તેથી એ વાત એકદમ કબુલ કીધી. છોકરી વીશે ગોરાનીથી સાંભલેલા હેવાલમાં કેટલાક ટકા ચહડાવીને કોલીબાઈએ રૂસતમશાહને કહીઊં તેથી જે ઘણીજ જરૂરની વાત તે ઊપરતો રૂસતમશાહે જાજું ધીઆન આપીઊંજ નહી; ને એકદમ જલદી રાસ જોવરાવી દીવો કરવાનો હુકમ આપીઓ.

કોલીબાઈએ ગોરાણીને તેડી મંગાવી. તેતો એવી હસતી ને ખુશી થાતી આવી કે બસ કેહેવાએ નહી. તે બોલીકે "માએ રાસતો એવી આવેછે કે જોસી કેજે બાએગે સો જણમાં એકજણની રાસ એવી ચોખી આવતી હોએ" હવે માએ મારોતો જીવ એઠો પડીઓ. હવે તમે તમારે ગમે તેને દેખાડો ને તમારી ખાતરી કરો.

આસીબાઈએબી પોતાના ઘેરના જોશી રતનદારૂ પાશે સારો જેવો દાહાડો જોઈને રાસ જોવરાવી, તો પછે પુછવું શું ! ખરેખર રાસનો દીવાની જોત જેવીજ ચોખી આવી તેથી રતનદારૂબી ખુશી થાઓ ને આસીબાઈને મોહો મલકાવીને કહીઊં કે મેં ઘણીબી રાસો જોઈછે પણ આવી શોજી રાસતો થોડાનીજ આવી હશે. એટલું થઓ પછે આસીબાઈએ રાતના પોતાના ખાવીંદ રૂસતમશા સાથે એ વીશે વાતચીત કરવાનું બાકી રાખી જે કરવું હતું તે કરી મુકીઊં.

રાતના ઠેરાવ પરમાણે આસીબાઈએ રૂસતમ

શા સાથે રસ આવવાની વાત ચીત કીધી ને વલી પે
લી છોકરીની બેહદ તારીફ કરી હવે વેશા વેશ દીવો
કરાવવાની તેની સાથ બાથ ભીડી. રૂસતમશા જાતે બે
પઈસાનાં જીવ વાલો છતાં તંગ દીલ હોવાને લીધે મો
હોટી રીત ઊપર ઘણો લોભાઈતો ગએલો હતો તોપ
ણ તેણે દીવો કરવાની અને અદરાવાની કીરીઆ ક
રવાની અગાઊ છોકરીને જોવાની ઘણી આરજુ દે
ખાડી; તે સાફ બોલવા લાગોકે માહારા દીકરાની બા
એડી નજરે જોવા વગર હું એકદમ તેને અદરાવના
ર નથી. સામાં માણસ ગમે એવાં સારાં અથવા માત
બર હોએ તોંપણ છોકરીતો જોવી જોઈએ.

પોતાના ખાવીંદના એ વીચાર સાંભલી ખુશી
થવાને બદલે આસીબાઇ ઓર દુખી થએઆં કે એ
તો વાત ભાગી પડે એવીછે. કદાચ સાંમું માણસ પોતા
ની છોકરી દેખાડવા ના પાડે અને રૂસતમશા જો એ
જ હુજત ધરેતો પછે કેમ થશે? એવા અંદેસામાંછે એ
રલામાં ગેરાણી તાંહાં આવી લાગાં. તેને એ વાત
આસીબાઈએ તુરત કહી તારે તે બોલી "માએ વાત
તો ખરીછે, સઊને પોતાનાં બચાં વાહાલાંછે ને સઊ
જોઈ તપાસીને કરે, પણ માએ દીકરી દેખાડવી એ
કાંઇ જેવાં તેવાં કામછે વારૂં? પોતાનું બચુ કોઈ હલ
કું પાડે વારૂં?" આસીબાઈ બોલીઆં કે "માએ હું તો
બધું સમજુંછુ, વરી દીકરીને કોઈ દેખાડવા મોકલે!
પણ હવે કરવું કેમ? ઓંજીઆના બપાવા રૂસતમશા
નોતો એવો શવભાવજછેકે એક વાર મનમાં જે આ
વીઊ તે કરવું તો એ પાટલો કેમ શવશે?" એટલા વા
રમાં ગેરાણીએ પણ એક અછી તાલ શોધી કાહાડી;
પોતાનો એક નસરવાનદારૂ કરીને સગો બાહારકોટ મોહો
ટા મોહોલામાં રેહેતો હતો તેની એક નાહાની છોકરી
હતી તે ઘણી સોહામણી અને સારા ઘાટ ઘરમની હ
તી: તેને એક દાહાડે તેડી લાવી પેલી છોકરીને બદ
લે દેખાડવાની તાલમેલ કરી બોલી "કાંઈ નહી માએ
સું કરવા ગભરાવોછો? હું છોકરી લાવી તમોને તથા
રૂસતમશાને દેખાડું, એમાં સું છે! જે નવસું રતનછે
તે કાંઈ ઢાંકીઊ રેહેવાનું!! છોકરી કાંઈ કછારી હોએ
તો તેને દેખાડવાની ધાસતી!! આતો પુનમના ચાંદ જે
વી છોકરી હને દેખાડવાની શી અડચણ" એવો દીલાસો
આપી તે તાંહાંથી પાંધરીજ નાદરશાને ઘેર તેવણની
ધણીઆની જોડે ગઈ અને તેવણને શીપસી સઘલી હ
કીકત કહી. પોતે જે તાલ કીધીછે તે કબુલ કરવાને
બીચારાં કાલીબાઈને ફરજ પાડી. કાલીબાઈ ઘણાં સં
મજુ ને ભલાં હતાં ને હાવું દગા ફટકાનું કામ મુદલે પ
સંદ કરે એવાં ન હતાં. પણ શું કરે બાપડી છોકરી
માં આવી ખોડતો તેનો કાંઈબી ઊપાએ થવો જોઈએ
એમ સમજી લાચારીએ એ વાત કબુલ કીધી. તેવણે
વીચાર કીધોકે હજીતો છોકરી નાહાનીછે, લોકોથી અ
ણજાણીછે એવા એવામાં જે કામ થશે તે થશે પછે મો
ટી થઓ પછે એનો ઠેકાવ થવો ભારેછે, ને જનમ સુ
ધી દુખનાં દરીઆમાં બીચારી પડશે; એવા તરેહવા
ર વીચાર મનમાં લાવી ગેરાણીના કહીઆ મુજબ
સઘલું કબુલ કીધું.

ગેરાણીએતો એક દાહાડે નસરવાનદારૂની છો
કરીને પોતાને ઘેર તેડાવી. તેને સારી પેઠે નવારી ધો
વાડીને પોતાની સાથે બાહાર લઈ જવાને મશે લાવી
ને રૂસતમશા તથા આસીબાઈને અગાઊથી કીધેલી
ગોઠવણ મુજબ દેખાડી. વર બાએડી છોકરીને જોઈ ઘ
ણાં ખુશી થએઆં ને ઠરાવ કીધો કે હવેતો છોકરાનું
એની સાથજ કરવું, ને ગોઆ વીવાહની મુકરર બો
લી દાખલ છોકરીના હાથમાં તુરંત રૂ ૫૦ ની બે નો
ટ આપી તથા કાનમાં એક એરીંગ પેહેરાવી દીધું, ને
ગેરાણીને વદાએ કીધી કે છોકરીને ઠાવકી પુગાડે.
આજ વેલાએ ગેરાણીએ રૂસતમશા તથા આસીબા
ઈને સજડ ભુલથાપ ખવાડી નાદરશાની ઓલખા
ણ આપી. પણ પોતે કોટના રેહેનાર ને નાદરશા છે
ક મેંમ વાંદરેના રેહેનાર તે બરાબર ઓલખાંતો
આવીઆં નહી પણ બે વીચાર મનમાં લાવીઆંકે
જે વાંડી વંતરમાં ચાકર નફરો રાખી વશેછે તે પાંચ
પઈસે સુંખીતો હસેજે, તેમજ છોકરી નજરે જોઈ હ
વે પોતાની મેલે ઓલખાણ પડીઆ કરશે, એમ ધારી
તેની જાજી માથાકુટ કરી નહી; તેથી ગેરાનીબી
ખુશી થઈ ગીઆં કે ચાલો તાંહાડે પાણીએજ કાસર પ
તી નહીતો લંબાણ ચાવાચાવીથી કદાચ ભરમ ફુટી જતે.

ગેરાણીએતો પેલાં રૂપીઆ પોતે રાખી નાદર
શાહની ધણીઆનીને પેલું એરીંગ આપીઊ, ને હવે
એ કારજ નકી થઈઊ તે સઘલી વાત તેવણને કહી.

હવે બંધે તરફ દીવાનું મુરત જોવરાવાની ખટ
પટ ચાલી. તેમાં રૂસતમશાનાં ઘરની ખટપટ અને તી
ખલતો એટલી થવા લાગી કે કાંઈ કેહેવાએ નહી. એ

ક પુરો છોકરો ને મરતાં મરતાં બચેલો તથા બખીલાઈ અને રંજથી પાંચ પંઈસા સંગરેલા તો પછે આવી તીરથે શું પુછવાનું ! એમ કરતાં દીવાનું મુરત આવીઊં ને દીવાનાં કપડાં મોકલવાની સઘળી તઈઆરી થઈ તારે ગોરાણી પાછી ઘભરાટમાં પડી કે દીવાનાં લુગડાં પેહેરાવતી વખતબી જો પેલી નસરવાનદારૂનીજ છોકરી બેસાડી હોએતો બેહેતર પડે ને એકવાર દીવો થઈ જલદી મહીના પંદર દાહાડામાં એકાદ બે સાસરા વાસરા પેહેરી આદરણી થઈ જાએતો પછે મર લગન ગમે તે દાહાડે થાએ. આદરણી થએઆ પછે કાંઈ કારજ ભાંજવાની વાત બનવાની નથી. તેથી નાદરશાનાં ધણીઆનીને સમજાવી નસરવાનદારૂનીજ છોકરીને દીવાને દાહાડે કપડાં પેહેરવા પાટલે બેસાડી હતી.

હવે જો હાવી વેલાએ નાદરશાહનું રેહેઠાણ કોઈ વસતીવાલી જગા ઊપર અથવા મોહોલામાં ને ભર ભાડુતોનાં ઘરમાં હતે તો ગોરાણીની આટલી બધી ઠગાઈ ઢંકાઈ રેહેને નહી. પણ નાદરશા દુર વાડી બાગમાં વસનાર તેથી એ ઠગાઈની ઝાઝી ચાવા ચાવી થઈ નહી ને દીવાને દાહાડે દીવાનાં કપડાંબી પેલી બીજી છોકરીએજ પેહેરીઆં. ને કારજ નકી થઈઊં. તાર પછેતો એક મહીનાની અંદર પરભ વાર મલી બે તરણ જોડી બીજાં કપડાં નાદરશાની છોકરી માટે આવીઆં તેમજ નાદરશાને ઘેરથી છેડાવીટીના રૂપીઆ જવા લાગા, તથા પંદરેક દાહાડામાં આદરણીનું મુરત પણ આવેલું હતું. આદરણીને બે ચાર દાહાડા હતા તેમ ગોરાણીએનો એક બીજી તાલ લગાડી કે પોતાનું કોઈ સગું તારાપોરમાં ઘણુંજ બેહાલછે માટે મને તાંહાં જવાંની ફરજ પડીછે એમ કહી રૂશતમસા તથા નાદરશાને તાંહાંથી પોતાની પરઠણનાં રૂપીઆ કહડાવી લઈ પોબારા કરી જવાની તજવીજ કીધી. રૂશતમશાહેબી જાણીઊં કે હવે કારજતો નકી થઈઊં માટે એ બીચારીને શું કરવા હેરાન કરવી ને તેમાં વલી આવી અગવડની વેલાએતો જરૂર મદદ કરવી. એમ ધારી પોતાની કબુલાત મુજબ રકમ તથા કપડાં આપીઆં; તેમજ નાદરશાવાલાંઓએ પણ ધારીઊં કે હવે એ કારજતો ચોકસ થઈઊં, ને ગોરાણીએ ઘણી તાલમેલ તથા મેહેનત કરી હતી માટે તેઓએબી પોતાની પરઠણ મુજબની રકમ આપી..

ગોરાણીનો એ સઘલું લઈ આસપાસનાં સઊને ઈલાં બીલાં બતલાવી નવસારી ઊતરી પડીઆં, અને અતરે સઊને તારાપોર જાઊંછું એવું અડાવીઊં.

આણીગમ આદરણીને દાહાડે શું થઈઊં ને જુઓ !! આસીબાઈ બીચારી ઊમેદભર આદરણીનાં કપડાં પોતાની વહુને પેહેરાવવાને ગઈ, તો છોકરીનો બીજી માલુમ પડી ! તોપણ છોકરીને અગાઊથી સમજાવી રાખેલી તેજ મુજબ તે એકને એક ઠેકાણે બેસી રહી હતી તથા મોહોડાં ઊપર સારીનો સેરનો ઘુમતો સારી પઠે નાખી રાખીઓ હતો તેથી આસીબાઈને તેની સઘલી ખોડ જણાઈ નહી. તોપણ તે બીચારી અનમની અને દુખી થએલી પોતાને ઘેર ગઈ ને વીચાર કરવા લાગી કે હવે કરવું કેમ ! જો ગોરાણી પાસે હોએતો ચોટલો ધરી રોડવે, પણ તેતો કોણ જાંણે કાંહાં ભરાએલી !! જો રૂશતમશાને કેહેછે તો તેમાથી ઘેરમાં બાહરે કકલાટ અને રણ પડેછે ને જો હાલ ઢાંકપીછોડો કરી અખાડા કરેછેતો આગલ ચાલતાં માહા વીપત આવી પડવાની. એવા તરેહવાર અંદેશામાં તે બેઠીછે એવામાં તેની એક પડોસણ ધનબાઈજી તાંહાં આવી. એ બાઈ જરા ડાઈ ને સમજુ હતી તેથી તેની આગલ આસીબાઈ પોકે પોક મુકી રડી પડીઆં ને સઘલો હેવાલ કહેઓ. તારે ધનબાઈજીએ પોતાનું સઘલું ડાહાપણ એકદમ ખરચી નાખી આસીબાઈને ધીરજ તથા દીલાસો દઈ કહીઊં કે માએ હવેતો જે છે તે એ. આપણ કાંઈ કાહારીઆં માછીઆં છીએ કે એ કારજ ભાંજીએ. એ તો હવે કપાલે ચોટેલા કાન, એ કાંઈ કપાઈ નખાયા ? માટે હવેતો વેહેલાં વેહેલાં લગન કરાવી નાખો ને છોકરીને ઘેરમાં લાવી સારી પઠે માવજત કરશોતો છોકરી રૂપ ધરશે !! એતો જરા સંતોકાઈને ખાસે પીસે તથા છુટથી ફરશે હરશે ને લગાર ઘરેણું આંકું પેહેરસે એટલે શોભતી નીકલસે.. એવી તરેહવાર રીતે આસીબાઈને દીલાસો આપી તાહાડાં પાડીગઈ. બેચાર માસમાં લગન નીકલીઆં ને તે લગન થઈઆં તથા વહુ ઘેરમાં આવી. !!

હાઆ ! વાંચનાર દાનેશમંદ બાઈઓ. હાંસ હરખના ભરેલા રૂશતમશાને કોડ કશીતકનાં ભરેલાં આસીબાઈ એઓની હવે શી અવસ્થા થઈ તે લખવાની કશી જરૂર નથી. એ વર બાએડીને હવે કેટ

લું ખમવું પડીઉં !! લોકની જુઠી લાજ મનમાં ધરી તેઓને ખોડીએલ છોકરી કબુલ કરવી પડી, ને બી ચારા રતનશાની જીંદગી સઘલી ધુલ મેલવી.

હાવી રીતે નીપજતી ખરાબીને તમો શું કેહ શો ? જોઈએ તેને ખાસ લગનની ખરાબી અથવા જુ રેખ માબાપોની મુરખાઈ કહો ! ગમે તે કહો પણ બી ચારા રૂસતમશા ને આસીબાઈનાં ઘેરમાં સઘલા રણ માં ભંગ પડીઓ. હજાર ઓવાઈ સુખડાંનો છોકરો તે આવી રીતે ફસી પડીઓ ને એ સઘલું શાથી થઈ યું ? શું માબાપો છોકરાના શતરૂ હતાં કે તેઓએ ખોલ અને પુછપરછ કરવામાં કાંઈ બાકી રાખીઉંતું ! ના તેમતો કાંઈ હતું નહી; તારે શું થઈયું વારૂ ? એ નો જવાબ ઘણો અઘડો નથી. સમજુ અને દુર અંદેસ બાઈઓ એનો જવાબ પાંમી ગઈછે.

---


## માતાનો પેઆર.

ઈસવી ૧૭૮૨ ના સાલમાં સીસીલી મધે જે ભએંકર ધરતી કંપ થએઓ હતો, તે વખતે તેના ઘભ રાટથી એક અમીરની સ્ત્રી પોતાના ઘરમાં બેશુધ થઈ ગઈ હતી, તેણીને તેવાજ ઘભરાટમાં અને બેશુધ અવસથામાં તેણીનો ભરતાર પાસેનાં એક ગામમાં લઈ ગએઓ, ને તાંહાં પોતાના એક દોસતના ઘરમાં તેણી ને મુકી પોતે કોઈ મછવાનો બંદોબસત કરવા ગએઓ કે તુરત બીજે કંઈ નીકલી જવાને બની આવે. આ વખતે તે સ્ત્રી બીચારી બેશુધ ને તેણીનો ધણી ઘભરાટમાં તેથી તેમનો એક પુરો એક છોકરો તેમના રેહેવાનાં ઘરમાં રહી ગએલો તેની તેમને કાંઈ શુધ રહી નહી. થોડેકવારે એકાએક તે સ્ત્રી શુધીમાં આવીઆથી તેણીને પોતાનો છોકરો ઈઆદ આવેઓ, તેવીજ તે દોડતી દીવાની બાહાવરીની પઠે પોતાનાં ઘરભણી દોડી ને હજી પોતાનું ઘર સલામતછે, ઈઆને ધરતીકંપના આચકાની તેના ઊપર હજી અસર થઈ નથી એ જોઆથી તેણીને ઘણોજ આંનંદ ઊપજીઓ, ને તેવીજ તે તુરત જે ઓરડામાં પોતાના વાહલા દીકરાનું પારણું હતું તે ઓરડામાં જઈ પાલનાંમાંથી તેને ઊચકી લઈ છાતી સાથે દાબીઓ ને તેને લઈ બાહાર નીકલી નાહાસવાની તઈઆરીમાં હતી એટલામાં એક તડાકો એવોતો થએઓ કે ઘરના દાદર સઊ તુટી પડીઆ ને બાહાર નીકલી નાહાસવાની કોઈ જોગવાઈ મલે એવું રહીઉં નહી. એટલાં વારમાં તો તે ઘરનો સઘલો ભાગ પડી જવા લાગો. માતરે એક અગાસી અતરંગ રહેલી દેખાઈ, તાંહાં તે અમીરણ પોતાના નાહાનાં બાલકને લઈને દોડી ગઈને રસતા પર ઊભેલાં માણસોને અરજ તથા કાલાવાલા કરવાં માંડીઆ કે કોઈ તેની મદદે જાઓ; પણ વખત એવો ખરાબ, ને ઘર એવુંતો જોખમ ભરેલી હાલતમાં આવી પડેલું કે કોઈથી ઘરમાં જવાની હીમત ચાલી નહી, એટલામાં તો તે અગાસી પણ તુટી પડી ને પેલી બીચારી અમીરણ તથા તેનું એક પુરૂં બાલક એ બંધે તે ઘરના કાટમાં દબાઈ મરણ પામીઆં. આવી રીતે ફકત પોતાનાં એક બાલકનો જીવ ઊગારવામાં સાથે માતાનો પણ જીવ ગએઓ !

---

## માછી અને દરબાનની લાત.

એક સરદારને તાંહાં એક વેલાએ લગન નીકલીયાં. એ અવસરે સઘલા પદારથો તેને જોઈએ તેટલાં મલીયાં, પણ લગનને દાહાડે કાંઈ માછલી મલી નહી તેથી તે તથા તેનાં ઘેરનાં સઘલાં માણસો ઘણાં રંજીદા થવા લાગાં. સરદાર બહુ પઈશા વાલો હતો, માટે જે કોઈ દરીયામાંથી માછલાં લાવી આપે તેને ઘણું શારૂં ઈનામ તે આપી શકતે, પણ દરીયો હવો ઊછલતો હતો કે માછલાંની જાલ નાખવા કે માછલાં પકડવા કોઈની દરીયામાં જવાની હીમત ચાલી નહી; તેથી માછલાં વગર સઘલું અટકી પડીઉં હતું.



તોપણ સાંજરે દરીયો એકાએક સથીર થયો, તીયારે એક માછી જઈને પોતાની નાખેલી જાલમાં જુએછે તો કેટલીક માછલી તેમા આવેલી, તેથી તે દ્દા

હાડી લાવીયો. માછલાં આવીયાં એ ખબરે શાભલી
આથી સરદારને તથા મેહેલમાં સરવે માણસોને બહુ
ખુસી ઊપજી, તેથી સરદારે હુકમ કીધો કે આ મા
છલીઓ લઈ તુરત એ માછીને એનું દામ ચુકવી આ
પો. સરદારને મોહોડેના એ સબદો સાભલતાંજ મા
છીએ જવાંબ દીધો " માહારા ઊઘાડા બરડા ઊપર
સો ફટકા મારવાનો હુકમ કરો એટલે તે મારી મા
છલીનું ખરૂં દામ મલેલું હું સમજીસ, સો ફટકામાં એ
ક પણ ફટકો ઓછો ખાનાર નથી. "

એ સાંભલી સરદારને તથા મેહેલમાંનાં બીજાં
સંઘલાં માણસોને ઘણી અચરતી ઊપજી. તેને ઘણો
સમજાવેઓ કે તેણે પોતાનો એ વીચાર એક કોરે મેલી
પોતાની માછલીની કીમત લઈ ખુશી ભરેલી રીતે જ
વું, પણ તે સમજાવેળાંની તેના ઊપર કશી અસર થ
ઈ નહી. તેણે તો બસ માત્ર એજ હઠ ધરી કે ઊઘાડા
વાંસા ઊપર સો ફટકા મારે તોજ એ માછલી આ
પવી. જયારે પેલા સરદારે માછીને આ પરમાણે મજ
બુત ઠરાવ કીધેલો જોએઓ તેઆરે તેણે થાકીને કહ
યું, " ઠીકછે, એ માણસ કોઈ ઓર સવભાવનોછે, આ
પણને તો માછલી જોઈએ, તે વીના ચાલવાનું નથી.
માટે એની ફટકા ખાવાની મરજીછે તો ધીમે ધીમે સો
ફટકા મારો."

પચાસ ફટકા ખાધા પછે માછી બુમ પાડી ઊઠી
ઓ. "હાથ બંધ કર ! હાથ બંધ કર ! એ કામમાં
મારો એક બીજો સાથીછે, અને તેનો હેમાં હીસોછે,
માટે તેનો હીસ્સો તેને મળે એ વાજબીછે." સરદારે
પુછ્યું. " શું આ પરથવી ઊપર એવા ઓલીઆ પીર
વસેછે ? તારા ભાગીઆનું નાંમ શું તે કેહ એટલે તેને
તુરત તેડાવી મંગાવશું. " માછીએ જવાબ દીધો " સા
હેબ, માહારો તે ભાગીઓ કાંઈ દુર રેહેતો નથી, તેને
ખોલવા જવાનું ઝાઝુ બીકટ નથી, તે તમારો દરખાન
છે. મારી માછલીની જે કીંમત આવશે તેનું હરધો હ
સ્સ હું તેને આપીશ એવી કબુલાત જયારે મેં તેની
સાથે કીધી તેઆરેજ તે દરખાને મને માંહ આવવા દી
ધો, નહી તો તે મને માંહ આવવા દેતો ન હતો, માટે
તેને મારી કબુલાત મુજબ મારી માછલીની કીમત જે
સો ફટકા તેમાના પચાસ ફટકા મારવા જોઈએ. "

સરદાર આ ખોલાસો સાંભલી ઘણોજ અજાએ
બ થવા લાગો તથા પોતાના દરખાન ઊપર ચીરડાવા
લાગો, તેણે તુરત તે દરખાનને તેડાવી મંગાવી તેને
સારી પેઠે શીખસા કરીને હાંકી મુકીઓ, ને માછીને તે
ની માછલીનું દામ મન માનતું ચુકવી આપીયું, જેથી
તે ઘણો ખુશી થઈ તીઆંથી ચાલતો થયો.

## કાફીનો પાક.

આફરીકા ખંડ મધે કફા નામે જગીઆછે જી
આં કાફી પુશકલ થાએછે, તે ઊપરથી એ નામ પડી
ઊં હસે એમ માલુંમ પડેછે. આજથી બસો વરસ
અગાઊ એ ચીજ વીસે લંડનના લોકોને કશું માલં
મ હતું નહી. એ વસતુનો એબીસીનીઆ તથા આરબ
સથાનમાં પેહેલો વેહેલો પાક થતો હતો. પણ હાલ બરે
જીલ, તથા સીલોન વગરે દેશોમાં એનો પાક પુસક
લ થાએછે. બરેજીલમા ઈશવી સન ૧૭૭૪ મા પેહેલ
વેહેલી એ વસતુ દાખલ થઈ હતી, તોપણ હાલ ચોક
સ તથા સતા ભરેલી ગણતરી જે જણાવીઆમાં આ
વીછે તે ઊપરથી માલંમ પડેછેકે ઈસવી ૧૮૪૯ માં
૧૭૬૦૦૦૦૦૦ રતલ કાફી બરેજીલમાં ઊતપનત થ
ઈ હતી. દર વરસે આસરે ૬૦૦૦૦૦૦૦ રતલ કા
ફી ગરેટ બરીટન મધે મોકલવામાં આવેછે.

કાફીનાં લીલાં પાત્રાં ચલકતાં ઘેરા રંગના લાં
બાં અણીદાર હોએછે. એના ફુલ નાનાં, સફેદ અને
પુસકલ ઊગેછે. એ એટલાંતો જલદી ઊગેછેકે તેનાં
ઝાડ ઊપર જાણે બરફ પાથરીઊં હોએ એવો તેનો
દેખાવ થઈ રેહેછે. તેમજ તેમાથી એટલીતો ખુશબો ની
કલેછેકે જીવ ખુસી થઈ જાએછે. એ ફુલ પછી કાલા રં
ગના પણ જરા રતાસપર આવેલાં નાહાનાં ફલો થા
એછે, જે પાકેછે તારે વાલના કરતાં જરા લાંબા દેખા
એછે તથા તેમાં બેએ કઠણ બીઆં હોએછે. કાફી ઊ
તપનત કરવાનું કામ ઘણું સેહેલુંછે. અનાજ અથવા
દાલ વાવવાનાં કામમાં જે જગીઆ નહીં કામ લાગે
તેવી ઊંચાણ જગયાઓ ઊપર પણ એ વસતુ ઊગી
શકેછે. એ ઝાહડો ઊપર અઢારથી વીશ વરસ સુધી
ફલ થાયછે.

એ ફલને ઝાડ ઊપરથી તોડતી વેળા અરબસ
થાનમાં તાંહાંના લોકો ઝાડની બાજુએ જમીન ઊપર
લુગડાં પાંથરેછે. તે પછે ઝાડને ખુબ હલાવેછે, તીઆરે

જેટલાં ફલ પાકેલાં હોયછે તે નીચે તુટી પડેછે. એ ફલને પછે સુરજનાં તડકામાં સુકવેછે, ને પછે તેમને ચોલીને તેનાં છલતાંમાથી બીયાં છુટાં પાડેછે, ને તે બીયાંને વલી પાછા સુરજનાં તડકામાં સુકવીને પછે તેના કોથરી ભરીને દેસાવરો ખાતે મોકલેછે.

કાફીનાં બીઆંનો આકાર લંબગોળ તથા એક પડે ચપટો અને બીજે પડે ગોલ ઊપસાઈ આવેલો હોયછે, એ ચપટી બાજુએ એક ખાંચ અથવા ચીરો જોવામાં આવેછે. કાફીના કાચા દાના ફીકા ભુરા પીલા રંગના હોયછે. જુદી જુદી જાતની કાફી નાહાનાં મોટી હોયછે. અરબસથાનની કાફી નાહાની ગોલ આકારની અને કાલા પણ પીલાસપર આવેલા રંગની હોયછે.

કાફીનાં બીને જયારે લોડાંનાં બંધીયાર વાસણમાં ધીમી આંચ ઊપર ભુંજેછે, તીઆરે તે કાચો ભુરો રંગ પકડેછે, તથા કદમા વધેછે, તથા કકરાં એટલે જલદીથી ભાગી જાય એવાં થાયછે, તેમજ તેમાંથી ખુશબોદાર વાસ તથા લેહજત નીકલેછે.

ભુંજેલી કાફીને છુદીને તેનો ભુકો કરી તેને ઊકલતાં પાણીમાં નાખી તેની પીવા લાયક કાફી બનાવેછે. કેટલાએક લોકો કાફીના ભુકા ઊપર ઊકલેલું પાણી રેડી ચાહની પેઠે કાફી બનાવેછે.

આપણાં કેટલાંએક લોકો ઊજાગરો કરતી વખતે કાફી પીએછે તેનું કારણ એછે કે કાફીમાં સુસતીને મારવાનો તથા કેટલાક કલાક સુધી ઊંઘને અટકાવવાનો ગુણછે, તેમજ એ વસતુમાં હજમીયત ખાશીઅત પણછે, એથી એ વસતુ ઘણી ગુણગારી ગણાએછે. માટે જો અંદાજાસર એ વસતુ દરરોજ પીધી હોએતો તે કશી વાતે નુકશાન કારક ગણાતી નથી.

## મરઘી અને કીડીની વાત.


એક સમે એક મરઘી પોતાનાં નાહાના પીલાંઓને ખેતરમાં ચરવાને લઇ ગઈ હતી. એક સારાં ખેતરમાં તે સઘલાં પીલાં સાથે જઈ પુગી. ખેતરમાં પેઠા પછે મરઘીએ પોતાનાં બચાંઓને કીડીનો એક દર દેખાડીયો, અને બોલી "લેઓ આ જગીઆ ઊપર હજારો નાહાની કીડીઓ એકઠી થએલીછે, તે માહુયી જોઈએ એટલી ખાઓ, પણ જરા ઊતાવલ કરજો, નહીતો કોઈ આવી લાગશે." આ પરમાંણે પોતાની માનાં કહેઆ મુજબ તે બચાંઓએ સારી પેઠે તે નાહાનાં જાનવરો ખાવા માંડીઆં. થોડાક વારમાં મા પાછી તીયાં આવી બચાંઓને કેહેછે "જુઓ આપણે કેટલાં અભાગીઆં છે ? માંણસોને તો આપણી મુદલ દઆ આવતી નથી, તેઓ કેવાં ખુસાલ આપને કપાવી ખાઈ જાએછે. જો માણસો એ પરમાંણે આપણે કપાવી નખાવે નહીતો કેટલું સારૂં ? આપણે કેવાં વારે ઘડીએ આવાં ખુશનુમાં ખેતરોમાં આવી મોજ ભોગવીએ" મરઘી અને તેનાં પીલાં વચે ઊપલી જે વાતચીત થઈ તે એક કીડીએ સાંભલી લીધી, અને પછી ધીરજથી બોલી "ખરૂ છે બાઈ જેવી ફરીઆદ તમો કરોછો તેવીજ ફરીઆદ કરવાનું હમોને પણ કારણછે; જુઓ તમો કોહોછો કે માણસો નીરદએછે, તે ખુસાલ તમને કપાવી ખાએછે, પણ તમો પોતા વીશે મુદલ વીચાર કરતાં નથી કે તમો પોતે અમ જેવાં ગરીબ અને નાહાંનાં જાનવરોને કેટલું દુખ દેઓછો. જેવી તમો તમારે વીશે તથા તમારાં બચાં વીશે કાલજી અને ચીંતા રાખોછો તેવીજ જો તમારાથી ઊતરતાં અને નાહાનાં પરાંણીઓ વીશે ફીકર રાખોતો કેવું સારૂં લાગે વારૂં."

### વાતનો સાર.


ઘણાખરાં માણસો પણ એવાંજ જોવામા આવેછે કે પોતે બીજાને ગમે એવું દુખ દીએ તેની કશી પરવા કરતાં નથી, પણ પોતાને જરા દુખ થયું અથવા લગાર ઈજા પુગીતો તે વીશે ઘભરાટ કરી મુકેછે. જેવું આપણે બીજાને માટે ચાહીશું તેવુંજ આપણું થસે અથવા આપણ જેમ બીજાની સાથે ચાલીશું તેમજ બીજા પણ આપણી સંગાથે ચાલસે. માટે સઘલાં માણસોને ઘટેછેકે પોતાનાં ભાઈબંધોનું હમેશાં સારૂંજ ઈછવું. સઊને સારે આપણું સારૂ.

## એક અજાએબ જેવી માછલી.

વાંચનારી બાઈઓ ! તમે પાસેનું ચીત્રર જુઓ. તે સીપીઆ જાતની માછલીનુંછે. એ ચીત્ર ઊપરથીજ તમે કહેશો કે એ ઘણી અજાએબ જેવી મા



સીપીઆ જાતની માછલી



ઘાંટના આકારનુ દરીઆઈ કવચ

છલીછે. દુનીઆના જે ભાગમાં ગરમી બહુ પડેછે તે ભાગના દરીઆમાં એ માછલી ઘણી જોવામાં આવે છે. તેનો આકાર વાંકોટીકો અને ઈંડાના જેવોછે. તેનો અંદરનો ભાગ જેલીના જેવોછે. પાણીમાં વસનારા સઘળા પરાણીઓ કરતાં-આ માછલીનો દેખાવ ઘણી જુદીજ તરેહનોછે. તેની બે મોટી અને ચલકતી આંખછે. તે આંખોની ઊપર જે ઢાંકણ હોએછે તે કાચના જેવી, આરપાર દેખી શકાએ એવી અને કઠણ વસતુના બનેલાછે.

એ માછલીના સઘળા મલીને આઠ છેડાછે જે તેના હાત કેહવાએછે. તે સઘળા છેડાઓ સેકાર પકડવામાં તથા સેકારને મોહડામાં મુકવાના કામમાં આવે છે. એ છેડાની બનાવટ ઘણીજ અજાએબ તરેહનીછે. ચાર છેડા ઊપરછે, બે વચેછે અને બે હેઠેના ભાગ તરફ નીકલેલા દેખાએછે. એ છેડાથી એ માછલી પોતાનો બચાવ કરી શકેછે. તેનામાં કઊવતબી ઘણુ હોએ છે. એ માછલીના છેડા જો માણસના શરીરને લાગે છેતો તેથી તેને ઘણુ દરદ થાએછે. તે દરદ કેટલાએક કલાક સુધી રેહછે અને કવચના જેવી ખવરાટ ઘયા કરેછે. એ માછલીમાં ઈશવરે એવી શકતી મુકીછે કે દરએક ચીજને તે મજબુતીથી વલગી જાએછે.

એ માછલી કોઈ કોઈ વેળાએ ઘણાજ મોટા કઊવતની માલુમ પડીછે. મોટા સેકારી કુતરાને તે હટાવી મુકે એવી જોરાવર માલુમ પડીછે. તેના જડબાંબી ઘણાજ મજબુત હોએછે. તે પોપટની ચાંચ મીસાલે કઠણ હોએછે. તે ઊપરાંત પોતાનો દુશમનના હાથમાંથી બચાવ કરવા મારે તેના બદનમાં ઈશવરે શાહી જેવો કાલો રસ મુકેલોછે. તે રસ પોતાની મરજીમાં આવેછે તારે બાહાર કાહડેછે તેથી આસપાસનું પાણી કાળા રંગનું થઈ જાએછે તેથી તે સેહલાઈથી દુશમનના હાથમાંથી બચી-શકેછે. આ સાહીના જેવાં પદારથ જારે સુકાઈ જાએછે તારે રંગવામાં ઘણો કામે લાગેછે. તે રંગ સીપીઆને નામે ઓળખાએછે. એ માછલીના ઈંડાંએક બીજીસાથે વળગેલાં હોએછે. જેમ દરાખનો ઝુમખો હોએછે તેમજ એ માછલીનાં ઈંડાનો ઝુમખો દરીઆ મધે માલુમ પડેછે તેથી કેટલાએક લોકો એ માછલીના ઈંડાંને "દરીઆની દરાખ" એવા નામથી ઓલખેછે. તે ઈંડાં દરીઆના ખડક ઊપર અથવા કીનારાની ઝાડી ઊપર માલુમ પડેછે. એ માછલીબી ઘણુ કરીને દરીઆના ખડકમાં રેહેછે. પોતે એક મોટા આંધરામાં ભરાઈ રહીને પોતાના હાથ બાહર રાખેછે અને જે જીવતી વસતુ મલેછે તે પકડીને તેનો ભખસ કરેછે.

---

## દરીઆઈ કવચ—અજાએબ જેવું પરાણી.

બાઈઓ ! જગત કરતાએ આ દુનીઆમાં ઘણાજ અજાએબ જેવા કેટલાએક પરાણીઓ ઊતપન કીધાછે. તમોએ આ બીનાની ઊપર સીપીઆ જાતની એક અજાએબ જેવી માછલી વીશે વાંચીઉં અને તેથી તમને જગતના બનારનાર ઈશવરની શકતી વીશે ખીઆલ ઊપજેઓ હશે. એ માછલીના ચીત્રની પાસે જે બીજું ચીત્ર પાડીઉંછે તે ચીત્ર દરીઆઈ કવચનુંછે. ચીતારનારે એ ચીત્ર ભુલથી ઊંધુ પાડીઉંછે. ઘાંટના જેવો આકારછે તે એ પરાણીનું રેહેવાનું કોટલું અથવા ઘરછે. જે તરફ એ પરાણીએ પોતાનું મોહડું બાહેર કાહડીઉંછે તે ભાગ નીચેનો સમજવો.

કેટલાએક દેશોના દરીઆ કીનારા ઊપર એવાં કોટલાં માલુમ પડેછે. દેખાવમાં તે છીપના કોટલાં જેવા અને જીવ વગરના લાગેછે પણ ઊચકીને જોવાથી અજાએબ જેવું પરાણી નજરે પડેછે. એ પરાણી દરીઆઈ કવચને નામે ઓલખાએછે. તેનું શરીર પારદરશક એટલે આરપાર જોવાઈ શકાએ તેવુંછે. તેનું મોહડું માછલીના જેવુંછે અને દોરા જેવા બાહેર નીકલેલા તેના હાત ગણાએછે. તેથી કરીને તે શેકાર પકડીને પોતાનું ગુજરાણ કરી શકેછે. ખાધા પછી જે ચીજ પચી શકતી નથી તે મોહડાં વતી બાહેર પડેછે. એ જાતના ઘણાએક પરાણીઓ રાતના અંધારામાં આગીઆની મીસાલે ચલકાટ આપેછે. અંધારી રાતના દરીઆની સપાટી ઊપર ટોલાને ટોલા તરતાં હોએછે તારે તેનો દેખાવ ઘણોજ ચલકતો અને રમુજી થઈ પડેછે. એ જાતના કેટલાએકને જારે હાત લગાડીએછે તારે કવચની મીસાલે ઘણોવાર સુધી ખવર થાએછે. કેટલાએકનો દેખાવ ઘણોજ ખુબસુરત અને રંગ બેરંગીન હોએછે. કેટલાએકની બાજુએ સોનેરી કીનાર માલુમ પડેછે. ગરમ દેશો તરફના દરીઆમાં તે પરાણી વધારે ખુબસુરત દેખાએછે.

---

## ધોબી અને કુંભારની વાત.

(ખણે તે પડે.)

ઊપલાં મથાલાં હેઠલ જણાવેલી કેહેવત આપણા લોકોમાં ઘણી મશહુરછે. ઘણીવાર એવું જોવામાં આવીઊંછે કે બીજાઓને નુકશાન કરવાની ધારણા રાખનારની પોતાનીજ ખરાબી થાએછે, એ વીશે એક મુરખ રાજા તથા તેના ધોબી તથા કુંભારની વાત નીચે પરગટ કરીએછે. તે વાત રમુજ તથા ચાંનક આપે તેવીછે.

કેહેછે કે અંબેર નગરીમાં એક મુરખ રાજા રાજ કરતો હતો. તેને તાંહાં એક ધોબી તથા કુંભાર આવતા જતા હતા. એક દાહાડો એ બંધો વચ્ચે કાંઈ બોલા ચાલી થવાથી કુંભારે ધોબીનો ઘાટ ઘડવાની મતલબથી એક હીકમત સોધી કાહાડી. તે એક દીવસે રાજા જોડે જઈ તેને કેહેવા લાગો કે "રાજાજી સાહેબ, સઘળી પરકારે તમારો દબદબો અને પોશાક તમોને લાયકનોછે. પણ ખોડ એટલીજછે કે, તમારો સવારી કરવાનો હાથી ઘણો કાલોછે, તેથીજ કરીને તમારા દોર તથા દમામને જરા ઝાંખ લાગેછે. માટે જો તમો તમારા હાથીને ધોવરાવી મંગાવશો તો બેશક તે તમોને સઘળી પરકારે જેબ આપશે." રાજાજી જાતે મુરખ તેથી પેલા કુંભારનાં બોલવા ઊપર કશો વીચાર ન કરતાં તુરત તેનુ બોલવું પસંદ કરીને તેને પુછેછે "અરે કુંભાર તું કેહેછે તે ખરૂં પણ એ હાથી કોણ ધોઈ લાવે ?" કુંભારે જવાબ દીધો, "માહારાજ આપણા ઘરમાં જે ધોબી આવેછે, તે ઘણોજ હુશીઆરછે અને તેજ એ હાથી ધોઈ લાવશે એવું હું ખાંતરીથી કહી શકુંછું—એ ધોબી જેવો મેહેનતુ ધોબી મેં બીજો કોઈ જોયો નથી, માટે એ હાથી ધોવાનું કાંમ એનેજ સોંપવું જોઈએ; પણ હું ધારૂંછું કે તમો જો તેને પેહેલાંથી સારી પઠે દમ દેશો નહી તો તે કદી ધોઈ લાવવાને કબુલ થશે નહી. માટે એને તેડાવીને પેહેલાંથીજ એમ કેહેવું જોઈએછે કે "તું માહારો હાથી જલદી સારી પેઠે ધોઈ નહી લાવશે તો હું તને શંશીની શીખશા કરીસ તથા તાહારાં સઘળાં કુટંબનો નાશ કરાવીશ ?" મુરખ રાજાએ તે સઘળી વાત સાંભળી તેવી ધોબીને તેડાવીને તેને કહી, અને ઘણો દબરાવી જલદી હાથી ધોઈ લાવાનું ફરમાવીઊં. ધોબી બીચારો દબરાટમાં પડીઓ અને વીચાર કરવા લાગો કે હવે કરૂં કેમ ? હાથીને તે શી રીતે ધોઈ લાવું ? હું ધારૂંછું કે એ રીતે માહારો નાશ કરવાની ગોઠવણ કુંભારે કરીછે. તેથી તેણે ધીરજથી રાજાને જવાબ દીધો કે "સાહેબ તમો કહોછો તે ઠીકછે, હું કાલનો કાલ તમારો હાથી ધોઈને સાફ કરી લાવુંછું—પણ એ હાથીની ભઠી ચહડાવવી જોઈએ માટે એ હાથી રહી શકે એવું એક મોટું કાદવનું વાસણ જોઈએ તે મંગાવી આપો." એ બોલવા ઊપર પણ પેલા બેવકુફ રાજાએ કશો વીચાર કીધો નહી અને તે ધોબીને પુછવા લાગો કે "એવું કાદવનું વાસણ કાંહાં મળશે ?" ધોબીએ જવાબ દીધો જે "માહારાજ એવાં મોટાં વાસણો બનાવવામાંતો આપણાં ઘરનો કુંભાર વગર મારી નજરમાં બીજો કોઈ આવતો નથી, માટે તુરત તેને તેડાવી મંગાવી તાકીદનો હુકમ કરો. હાથી રહી શકે એવું એક કાદવનું વાસણ બનાવી લાવે ? તે પરમાણે કુંભારને તેડાવી રાજાએ તે વાસણની તલબ કીધી. આવું બનેઆથી કુંભારને સમજ પડી કે આતો કામ બીગડી ગયું, ધોબીનો ઘાટ ઘડતાં મારો ઘાટ ઘડાઈ ગયોછે. હવે જો હું એ વાસણ કરી લાવવા ના પાડીશ અથવા કાંઈ બાહાંનાં બતાવીશ તો વધારે ફશી પડીસ કાંકે રાજા મુરખછે અને વલી હાથી ધોવરાવવાની પેહેલી સુચનાં મેં કીધીછે, તેથી ઘણો પસતાઈ ઘર ગયો અને કેટલાક પઈસા ખરચી એક મોહોટું કાદવનું વાસણ બનાવી મોકલીયું, જે રાજાએ ધોબીને હવાલે કીધું. ધોબીએ તુરત તે હાથીને પેલાં વાસણમાં ઘાલવાની કોશેસ કીધી. પણ હાથીનો એક પગ તે વાસણમાં પડતાંજ તેના કકડે કકડા થઈ ગયા. તેથી પેલા કુંભારને વલી એક બીજું વાસણ બનાવી લાવવાની ફરજ પડી. તે વાસણ પણ અગાઊની પેઠે હાથીએ ભાંગી નાંખયું, એ પરમાણે ચાર પાંચ વાસણો ભાગાં પણ હાથી તો કાંઈ ધોવાઈ શકાએઓ નહી. અને પેલો કુંભાર પણ ખરચ્ય કરતો કંટાળી ગઓ, તેથી તેણે એવો ઠરાવ કીધો કે હવે રાજા આગળ જઈ સઘલી વાત ખરેખરી કહી દેવી. એ ઠરાવ પરમાણે તે રાજા પાસે ગયો, અને સરવે બીના કહી, તે સાંભળી રાજા ઘણોજ ચીરડાઈ ગયો કે આ કપટી માણસ પોતાનું છુંપું વેર લેવાની પેરવી કરતાંમાં મારી આબરૂના પણ કાંકરા કીધા !!! એ વાતથી રાજાને એટલી

તો ચીડ ચઢી કે તેણે તુરત પેલા કુંભારને સુળીએ ચહડાવવાનો હુકમ કીધો અને પેલા ધોબીએ ડાહાપણ ભરેલી રીતે આ તાલ સોધી કાહાડી હતી માટે તેને શરેપાવ બખશાવયો,

## જુદી જુદી જાતના વાંહાંણો.

ભાઈઓ ! તમે પાળવાના અથવા મજગામના અથવા માંડવી અથવા બોરીબંદર તરફ કોઈ દીવસે ગયા હશો તો તમારા જોવામાં ઘણા વાંહાંણો આવેઆં હશે. આપણું મુંબઈ શેહેર આખા હીંદુસથાનમાં વેપારનું મુખીઅ મથક કેહેવાએછે અને દર વરસે હજારો વાંહાંણો આપણા બારાંમાં આવ જાવ કરેછે. બાહેરના દેશોનો માલ આપણા દેશમાં આવેછે અને આપણા દેશનો માલ બાહેરના દેશો ખાતે ચહડેછે. એ પરમાંણ જો ન હોએતો આપણે જે તરેહવાર ચીજો વાપરીએ છઈએ તથા જોઈએ છઈએ તે આપણા સપનામાંબી નજરે નહી પડત. એટલુંજ નહી પણ કેટલીએક ચીજો જે વગર આપણને ચાલેજ નહી તે ચીજો જેવી જોઈએ તેવી અને સસતી મલવી મુસકેલ પડત. તમો જે તરેહવાર સાડી પેહરોછો, તમારાં બચાં જે તરેહવાર ચીકનના જબલાં પેહરેછે, તે ચીન દેશથી આવી શકત નહી. તમારો ભરતાર જે દગલી પેહેરેછે, તમારા ઘરમાં જે ટંબલર તમો વાપરોછો તે વીલાતથી આવી શકત નહી. એ ઊપરથી તમો જોશો કે એક દેશનો માલ બીજા દેશમાં લઈ જવાને વાંહાણ ઘણા ઊપીઓગીછે.

તમો આપણા બારાંમાં લાંગર થએલાં વાંહાંણો તરફ જોશોતો બે જાતના વાંહાંણો માલુમ પડશે—વીલાતી અને ગાંમઠી. તમોએ વાંહાંણનું લાંગર જોયું હશે. એ લાંગર લોહડાના અને ઘણાજ




ભારે હોએછે. જારે વાંહાંણને ચાલતાં અટકાવવા હોએછે તારે લાંબી સાંકળ તથા જાડું દોરડુ બાંધીને દરીઆમાં લાંગરને ઊતારેછે એટલે વાંહાણે લાંગર કીધું એમ કેહવાએછે. ગામઠી અને વીલાતી વાંહાણો કહાં તે તમે જલદીથી ઓલખી શકશો. ગામઠી વાંહાણોનો આકાર તથા દેખાવ બેડોળ દીસેછે. વીલાતી વાંહાંણ દેખાવમાં સોભઈતાં અને ઘણાજ મજબુત તથા રંગીન માલુમ પડશે.

ગામઠી વાંહાંણો ઘણુ કરીને કાંસતા ઊપર સફર કરેછે. કેટલાએક કછી વાંહાંણો ઠેક આરબસતાન તથા જંગબાર સુધી લાંબી સફરબી કરી શકેછે. જે ગામઠી વાંહાંણો ગુજરાત તરફના કાંસટા ઊપર આવજાવ કરેછે તે ઘણુ કરીને બતેલાને નામે ઓળખાએછે. મલબાર તરફ ફરનારાં ઘણુ કરીને પ્તેમારીને નામે ઓલખાએછે. કછ તરફ ફરનારાં વાંહાંણો કોટીઆને નામે ઓલખાએછે. આરબસથાન અને જંગબાર તરફ ફરનારાં વાંહાંણો બગલો, બતેલો, ગંજો, ડંગી અને બુમડો એવે નામે ઘણુ કરીને ઓલખાએછે. એ બધા વાંહાંણોની બાંધણી એક બીજાથી જુદી હોએછે. આરબસથાન તથા જંગબાર તરફ ફરનારાં ગામઠી વાંહાંણો ઘણા મજબુત બાંધવામાં આવેછે. એ વાંહાંણો કછ મધે તથા આરબસથાન તરફ બંધાએછે.


વાંહાંણનું સુકાંન તમોએ જોયું હશે. સુકાંન વગર વાંહાંણ ચાલી શકે નહી. સુકાંન વાંહાંણના પછલા ભાગ તરફ હોએછે અને તે જેમ ફેરવે તે દશાએ વાંહાંણ ચાલેછે. જે પરમાણે લગામના સુમારથી ઘોડો ચાલેછે તે પરમાણે સુકાંનના સુમારથી વાંહાંણ ચાલેછે. વાંહાંણના વચેના લાંબા ડાંડાને ડોલ કરીને કેહછે. એ ડોલ સઢ બાંધવાને કામ આવેછે. વાંહાંણના આગળા તથા ઊપરના ભાગને તુતક કેહછે. વાંહાંણના તલીઆંના ભાગને પઠાંણ કેહછે. આપણા ખારવાઓ " ડાભને " તથા " ગોસ " બોલો ડાબી તથા જમણી બાજુ ઊપર ચલાવવા માટે વાપરેછે.

વેલાતી વાહાણો ઘણાજ જોવાલાએક હોએછે. દરીઆ મધે લડાઈ કરવાને મોટાં મોટાં વાંહાંણો રાખેછે




જુદી જાતના.


તે વાંહાંણોને "મેન આવ વાર" કરીને કેહેછે—આપણા લોકો મનવાર કેહેછે. કેટલીએક મોટી મનવારો ઘણીજ જોવા લાએક હોએછે. મોટી મનવાર ઊપર ૯૦ થી ૧૦૦ તોપ હોએછે અને ૮૫૦ થી વધારે માણસનું લશકર રેહેછે. તે લશકર દરરોજ વાંહાંણમાં કવાએદ લેછે અને મોટું ગાંમ વસેલું હોએ એમ માલુમ પડેછે. જેમ કીલા ઊપર તોપો ગોઠવેલી હોએછે તેમ એ મનવારો ઊપર ગોઠવેલી હોએછે. દરરોજ સાંજ સવાર બીઊગલ તથા પરઘાંમ વાગેછે. ઠેકાંણે ઠેકાંણે પોરા બદલાએછે એ સઘળો દેખાવ મનવાર ઊપર ઘણોજ જોવા લાએક થઈ પડેછે. નાહાની મનવાર જેની ઊપર ૪૪ થી ઓછી તોપ રહી શકે તેને ફ્રીગેટ કરીને કેહેછે. મનવારો ઘણીજ ઊપીઓગીછે. એ મનવારો નહી હોએતો બાહેર ગાંમના દુશમેનો વાંહાંણને રસતે એકાએક આપણી ઊપર ચહડી આવે. દરીઆઈ લડાઈ કરવામાં આખી પરથવી ઊપર આપણા ઈંગરેજ જેવા બાહાદુર લોક બીજા કોઈ નથી.



ફ્રીગેટ—નાહની મનવાર.

વેપારીઓને વાસતે જે વીલાતી વાંહાંણો કામમાં આવેછે તેબી ઘણાજ મોટાં અને જોવા લાએક હોએછે. જે માફક આપણા ઘરમાં ઓરડા અને સામન હોએછે તે માફક એના ઓરડાની અંદર સામાન ગોઠવેલો હોએછે જેથી માલુમ ન પડે કે આપણે ઘરમાં બેઠા છઈએ કે વાંહાંણમાં. વાંહાંણને તલીએ હજારો ખાંડીનો માલ ભરવામાં આવેછે. કેટલાંએક મોટાં વાંહાંણો હજારથી પંદરસે ખાંડીનો માલ ભરી શકેછે. લાંબી સફર કરવાને એ વાંહાંણો ઘણાંજ જરૂરનાછે. મનવાર તથા વેપારીના મોટાં વાંહાંણો ઊપર જઈને જોવા મારે હમો વાંચનારી બાઈઓને ભલામણ કરીએછે.


વેપારીનું વાહાણ.

મોટાં વાંહાંણોને ત્રણ ડોળ હોએછે, નાહના વાંહાંણને "બરીગ" અથવા ગોરાબ કરીને કેહેછે. તેને બે ડોળ હોએછે, અને તે ૪૦૦ થી ૮૦૦ ટનનો બોજો ખમી શકેછે. બે ડોળનું એક બીજી જાતનું વીલાતી વાંહાંણ આવેછે. તેની ઊપર સડ ઘણા લાંગું પડી શકેછે તેવાં વાંહાંણને ઈસકુનર કરીને કેહેછે તેના અને બરીગના આકારમાં તથા દેખાવમાં ઘણો ફેર હોએછે. વળી એક ડોળતુળી વીલાતી વાંહાંણ આવેછે. તેને સલુપ કરીને કેહેછે. તેનું ડોળ એક હોએછે પણ તે ઘણો ઊંચો હોએછે તથા તે ઊપર સડબી ઘણો મોટો ચહડી શકેછે. તે ૧૦૦ થી ૫૦૦ ખાંડીનો બોજો ઊચકી શકેછે. તે વાંહાંણ ચાલમાં ઘણું ઊતાવળું હોએછે દરીઆંમાં જકાત સંબંધી ચોરી પકડવામાં એ વાંહાંણ ઘણા ઊપીઓગી થઈ પડેઆંછે. પવનના ફુકવા ઊપર વાંહાણની ચાલ આધાર રાખેછે. પણ આગબોટનેતો પવનની કાંઈબી જરૂર નથી. આસરે ૫૦ વરસ થયાં આગબોટ શોધી કાહાડવામાં આવીછે. બેહુ બાજુના ચકર અથવા પઈડાંથી, ચીમની અને ધુવાડાથી આગબોટ ઓલખાઈ આવેછે. પેહલ વેહલી આગબોટ અમેરીકા મધે ચાલુ થઈ હતી.


બરીગ અથવા ગોરાબ.


ઈસકુનર.


સલુપ.

## બચાંને ધવાડવાને લગતા કાએદા.

બાલકનો જનમ થએઆ પછી ૨૪ કલાકે માતાએ તેને ધવાડવાને શરૂ થાંન આપવું જોઈએ, પણ જે ઓરત પેહલીવેત વીઆઈ હોંએછે તેને એટલું જલદી દુધ આવતું નથી. પુરતુ દુધ નીકલતાં બે ત્રણ દીવશ ગુજરી જાએછે તેવારે આપણામાં બેશમજ સ્ત્રીઓ બચાંને ગોલ અથવા શાકરનુ પાંણી પાએછે તેથી બંનેના કુમલા માદાપર ખરાબ અશર થાએછે. હેવી અડચણને વખતે બચાંને ધવેડીના દુધમાં હરધું પાંણી નાખી અથવા ગાએના તાજા એકભાગ દુધમાં બે ભાગ ગરમ પાંણી અને જરા ખાંડ ભેલી કાટડા અથવા ધવાડવાની શીશીથી આપવું. કુમલું બચું પોતાની ભુખ કરતાં વધારે ખાતું નથી તેથી ઊપલી મેલવણીનો એક ચમચો તેને આપીઓ તો જેટલું તેને ખપતું હશે તેટલુંજ તે ચુસી લેશે. પણ થાનમાથી દુધ નીકલવા માંડીઊ એટલે એ પરમાણે બીજાં જાંનવરોનુ દુધ આપવાનું બંધ કરવું. ઓરતના થાનમાં પેહલ વેહલે જે દુધ પેદા થાએછે તેમાં ઈસવરે હેવો ગુણ મુકીઓછેકે તે પીવાથી બચાંને બે ત્રણ પેટ આવી તેનો માદો સાફ થાએછે. થાંનમાથી બચાંએ દુધ લેવાને શરૂ કીધું એટલે પેહલા દશ દીવશ તેને ગમે તેટલું ધાવવા દેવુ. તેનો માદો કુમલો અને નરમ હોવાથી તે એકવાર ઘણુ દુધ પીતું નથી પણ જરા જરાવાર ખમીને તેને વારે ઘડીએ પીવાની જરૂર પડેછે.

દશ દીવસની ઊમરથી તે માએ નાહી ઊઠે તાંહાં સુધી બાલકને દરરોજ ચાર ચાર કલાકને અંતરે રાત દાહાડો ધવાડવું એ પરમાણે કરવાથી તેને દુધ પચાવવાને વખત મલશે. અને ફરીથી જે દુધ પીવાએ તેને જેરવવાને માદામા સકતી રેહશે તથા પેટ બરાબર સાફ આવશે. એ માફક બાંધેલે વખતે બચાંને દુધ આપવાથી બીજો ફાએદો એછેજે બાલક રડતું અને કકલતું નથી અને જો રેડતો તેને દુધ પાઈ મુગું રાખવાની જરૂર પડતી નથી. ઘણી ઓરતો પોતાની મરજીમા આવે તારે બચાંને ધવાડેછે અને તે રડવા માડેછે તારે હેવું સમજેછેકે ભુખું થાઊં અને થાન વારેઘડીએ આપી તેના પેટમા બાદી પેદા કરેછે. તેનું પેટ છુટી જાએ અને તેને તાવ આવેછે. કોઈવાર તેની બીમારી એટલીતો વધી જાએછેકે તેનો પરાંણ કબજ થાએછે. એ સઘલી અડચણો ધવાડવાનો મુકરર વખત બાંધીઓ અને તેપર અમલ કીધોતો મટી જાએછે. એવી બીમારીમાં તેને કઢંગી વેલા દુધ મલવાથી દવા લાગુ પડતી નથી.

ઓરત નાહી ઊઠીઆ પછી બચાંને ધવાડવાનો વખત બદલી નાખવો જોઈએ અને જો બની શકેતો રાતના ધવાડવાનું માડી વાલવું પણ તેમ કરવા માટે તેને દસ વાગે રાતના ધવાડીને સુવાડી મુકવું અને સહવારના પોહરમા પાંચ વાગે પાછું ધવાડવું. એક ડાકટર ખુબ લખેછેકે તે પોતે હેવીજ ભલાંમણ કરેછે અને તેથી માતા અને બચાંની સુખાકારીને કાંઈ આલ આવતી નથી. બચાંને તેવી ટેવ પડી જાએછે પણ તે ટેવ તેને આગલથી આપવી જોઈએ. પણ બચું કમ જોર હોએ અને નાજુક હોએતો તેનાથી ધાવીઆ વગર એટલો ગાલો કાહડી સકાતો નથી માટે તેને રાતના એકથી વધારેવાર ધવાડવું. માતાની સુખાકારી માટે તેને હુંઘની જરૂરછે અને જો હુંઘ તેનાથી બરાબર ન લેવાએતો હુંઘમા ખરાબી થાએછે અને કમતી થાએછે. માટે માતાને બરાબર હુંઘ આવે તે સારૂં બચાંને જો રાતના ધવાડવું નહી પડતું હોએતો ચાકરડીને અને જેનામા ચાકરડી રાખવાની સકતી નહી હોએ તેઓએ ઘેરમા સાસું અથવા બીજી કોઈ સગીને શવાધીન કરવું અને જુદા ઓરડામા રાખવું. ચાકરડી પસંદ કરવામાં અને તેનીપર તકેદારી રાખવામાં ઘણી હુશીઆરી રાખવી પડેછે. સમજુ અને અનુભવ વાલી ચાકરડી કોઈજવાર મલી આવેછે માટે હેવી ચાકરડી મલતી હોએતો તેને વધારે પગાર આપીને પણ રાખવી જરૂરછે. આ પરમાણે નાહી ઊઠીઆ પછી તે છેક બચાંને દુધના દાંત ફુટે તાંહાં સુધી ધવાડવાનો શરેસતો રાખવો અને માતા જો જોરાવર હસેતો બચાંને તેના દુધ શીવાએ બીજું કાંઈ ખવાડવું નહી પડશે અને જો તેનું દુધ ઓછું હોએતો ગાએનું દુધ પાંણી સાથ ભેલીને કાકડા અથવા નલીથી આપવું. પેહલા એટલે દુધનાં દાંત છ અથવા સાતમે મહીને ફુટેછે, તારપછી જો માતાના થાનમા પુરતું દુધ હોએ અને બચું તેથી ધરાઈને તંદરસત હોએતો તેના ખોરાકમાં કાંઈ ફેરફાર કરવાની જરૂર નથી અને બીજાં થોડાં અઠવાડીઆં તુલીક એમજ ચલાવવું. પણ માતા જો નબલી હોએ અને હેવી માતાઓ

રનાર મુદઈ આપણી ઊપર એવી રીતેતો ગાલેબ થાએછે કે તે માલુમ પણ પડતું નથી. દાહાડા, મહીના, અને વરસો એક પછી એક ચાલીઆ જાએછે. એવે વખતે આપણે માતર એટલુંજ બોલીએ છીએ કે "વખત વહી જાએછે," પણ એ બોલો બોલતી વેળા આપણને આવો વીચારતો મુદલ આવતોજ નથી કે વખત વેહછે તેની સાથે આપણી જીંદગીનો વખત પણ વેહતો જાએછે અને આપણા આવરદાની હદ નજદીક આવતી જાએછે.

મારે આપણે વખત નકામો આલસાઈમાં જવા નહી દેવા વીશે ઘણી સભાળ અને સાવચેતી રાખવી જોઈએ. જેટલો વખત ગયો તેટલોજ આપણી જીંદગીનો વખત પણ કપાયો, તો હવે તેટલા વખતમાં આપણે જો કાંઈ પણ સારૂં કામ નહી કીધું હોએતો પછે આપણી જીંદગીનો તેટલો વખત બરબાદ થએલો ગણાએ એમાં કાંઈ શક નહી.

ટેટસ નામે રૂમના શાનશાહ વીશે એવું જણાવયામાં આવયુંછે કે તે એવા તો સારા સવભાવનો પુરૂશ હતો કે એક દીવસે રાતનાં જમવા બેઠો તારે તેને યાદ આવી કે આજે મારાથી કશું સારૂં અથવા કોઈને લાભ થાય એવું કામ થયું નથી, તેથી તે પોતાની આસપાસ બેઠેલા મીત્રોને કેહેવા લાગીયો, "ભાઈઓ માહારો એક દીવસ ફોકટ ગયો"

ખરેખર, વખતની જેઓ આવી રીતે કીમત પીછાનેછે તેઓજ હંમેશાં સુખી અને નીરોગી રેહેછે.

આલફરેડ ધી ગરેટ નામે ઈંગલંડનો એક પાદશાહા થઈ ગયોછે તેને વીશે એવું કેહેછે કે ઈંગલંડના કેટલાક પાદશાહો કરતાં એ પાદશાહ ઘણો ડાહયો, સમજુ અને પરોપકારી હતો. એ ઘણીએ પોતાની જીંદગીના દરએક કલાકનો શારો ઊપીઓગ કરવાનો ઠરાવ કીધો હતો. અને તે ઠરાવ મુજબ તેણે રાત દીવસનાં આઠ આઠ કલાકનાં ત્રણ સરખા ભાગ કરીયા હતા; અને જો કે એ પાદશાહની તબીએત ઘણી હાલ હવાલ ચાલતી હતી તોપણ તે ખાવા પીવા, સુવા બેશવા તથા ફરવા હરવા મારે માત્ર દર રોજ ૮ કલાક કરતાં વધારે લેતો નહી હતો. બાકી રહેલા ૧૬ કલાક માહેનાં ૮ કલાક લખવા વાંચવા અને બંદગી કરવામાં તે ગાળતો હતો. તથા બાકીનાં ૮ કલાક જાહેર અને લોકોપકારનાં કામો કરવામાં રોકતો હતો. એ પાદશાહ એમજ સમજતો હતો કે ઈસવરે તેને વખત જેવી બે મુલી બખશેસ કરીછે. તે કાંઈ ફોકટ જવા દેવાને અથવા આળસાઈમાં ઊડાવવાને કરી નથી પણ તે વખતની દરએક ઘડીનો ખરેખર અને વાજબી ઊપયોગ કરવાને તે બખશેસ કીધીછે. આવી રીતે જોઈએછે તો પાદશાહ અને શાનશાહ જેવાઓએ વખતને નકામો ગાલવાને ચાહાઈયું નથી.

## એક વાંદરાની ખંધાઈ.

વાંદર એ જનાવર લોકોમાં એટલુંતો મશહુર થઈ પડેલુંછે કે જેનું લંબાણ વરણન કરવાની જરૂર જણાતી નથી. એ જનાવર હુચાઈ, ખંધાઈ અને તાલ મેલ કરવે એટલુંતો બાહોશ અને ચબરાક હોએછે કે જંગલનાં કેટલાંક દરંદાં જનાવરો જેવાકે શીંહ, વાઘ વગેરેને પણ એ મચક આપતું નથી. દરએક ગરમ દેશોમાં વાદર મલી આવેછે, અને તેવાં દેશોમાં જે જંગલો હોએ તેના ગોએઆ કુદરતી માલેકો હોએ એમ વાંદરાઓ તેના ઘણી થઈ બેસેછે, તે વલી એટલે સુધી ઘણી થાએછેકે જો તે જંગલમાં કોઈ બીજાં જનાવર આવી લાગાં અથવા કોઈ બીજી જાતના વાંદરા આવી પડીઆતો એ જનાવરો તેમને તોબા બોલાવી તાંહાંથી નહશાડી મુકેછે. જેમ એ જનાવર તાલમેલ અને કાવતરાંમાં પુર હોએછે તેમજ તેમાના કેટલાકો નીરદોશ રમુજો આપવામાં તથા ઢોંગ ખેલો કરવામાં કાંઈ કંમતી હોતા નથી: એક શખશે એક નાહાનો વાંદરો પાલીઓ હતો તેની એક રમુજીને તેમજ અવલોકન કરવાને નસીઅત આપે એવી એક વાત ઓરીઅંટલ ઍનીકીઆલ નામનાં પનરમાં નીચે જણાવીઆ પરમાંણે દાખલ કરવામાં આવીછે.

એક ગરહસથે એક વાંદરો પાલીઓ હતો. એ વાંદરાને તેણે પોતાના ઘેરથી થોડેક દુર એક મોહોટા બાંબુ સાથ બાંધી રાખીઓ હતો. એ બાંબુ ઊંચાઈમાં ૩૦ ફુટ જેટલો હતો. એ બાંબુમાં લોડાંનું એક કડું ભેરવેલું હતું, ને તેની સાથ એક મજબુત સાંકલનો એક છેડો બાંધીઓ હતો, તથા તે સાંકલનો બીજો છેડો વાંદરાની કંમર પરના કંમરબંધ સાથે બાંધેલો હતો. પેલું કડું ઢીલું હતું, તેથી જારે તે વાંદ

રો બાંબુની ઊપર ચડતો અથવા નીચે ઊતરતો તારે તે કડું પણ સાથે ચડ ઊતર કરતું હતું. એ વાંદરો હંમેશાં પેલા બાંબુને છેક મથાલે જઈને બેસતો હતો જાંથી તેને આસપાસનો દેખાવ ઘણોજ રમુજી લાગતો હતો. તે જોઈને તે ખુશી રેહેતો હતો ને તેથી કરીને તેને જમીન ઊપર ઘણોવાર ઊતરવા ગમતું નહી હતું. આ પરમાણે વાંદરાને છેક ૩૦ ફુટ ઊંચાઈએ બેઠેલો જોઈ કેટલાક કાગડા એને બહુ કંટાલો આપતા હતા. તે એ રીતેકે એ જનાવરને માટે જે કાંઈ ખાવાનું આવતું તે પેલા ઝાડ આગલ પડી રેહેતું ને જારે તેને ખાવાનું મન થાતું તારે તે નીચે ખાવા ઊતરતો, પણ કાગડાઓ તેને ખાવા દેતા નહી હતા, જેવું ખાવાનું આવીઊંકે તુરત તેઓ તુટી પડતા ને વાંદરો ઊપરથી નીચે ઊતરે તેટલાંમાંતો કેટલુંક ખાઈ જતા હતા. એવી વખતે બીચારી પાડી તથા તરેહવાર દુખની નીશાનો બતાવી પેલો વાંદર ઘણો ચીરડાતો હતો, પણ તે કશાંની દરકાર તે કાગડા રાખતા નહી, ને બીચારા વાંદરને ભુખે ઠેકાવું પડતું. તેથી તેણે એક દીવસે તાલ શોધી કાહાડી. એ તાલ અથવા હીકમત એવી રીતે આબાદ લાગુ પડી કે જેમાં તે વાંદરો ફતે પામીઓ ને તાર પછે પેલા કાગડાઓએ પણ તેનો પીછો મુકીઓ. એક દાહાડે સહવારનાં પોહારમાં કાગડાઓએ તેને અતીશીય કંટાલો આપવા માંડીઓ, તારે તે વાંદરો જાણે આજારી પડેલો હોએ અને નાકવતી ઘણી થઈ હોએ એવું ડોલ ઘાલી પોતાની આંખો મીંચી માથું નીચું નાખી જાણે અતીશએ દુખ થતું હોએ એમ કરી બેસી રહેઓ. એવામાં તેનું ખાનું હંમેશ પરમાણે બાંબુની આગલ જમીન ઊપર નાખીઊં એટલે કાગડા તુરત તે ઊપર ઊતરી પડીઆ. એ વખતે પેલા વાંદરાથી જાણે બાંબુપરથી બરાબર ઊતરાતું નહી હોએ એમ હલુ હલુ ઠેકરાઈ ઠેકરાઈને તે વાંદરો ઊતરવા લાગો. આ વખતે કાગડાઓએ પણ તેની જાજી દરકાર કીધી નહી. તેઓનેતો એવુંજ લાગતું કે વાંદરો છેક મરેહાલછે. જારે વાંદરો જમીન ઊપર આવી પુગો તારે જાણે ઊતરવાથી તે છેક થાકી ગએઓ હોએ એમ આણીગમ પેલીગમ પછાડા મારવા લાગો ને પછડાતાં પછડાતાં છેક પેલાં ખાનાંનાં વાસણ આગલ જઈ પડીઓ. એથી કાગડા તુરત ઊડી ગએઆ; એટલે વાંદરે ધારીઊંકે વાત તો ગઈ, તોપણ જરા ધીરજ રાખી મુરડાંની પઠે તાંહાંજ પડી રહેઓ, એટલા વારમાંતો એક કાગડાએ હીમત ધરી કે એતો લોથ થઈ પડેલોછે, કશી અડચણ નથી. જેવો તે કાગડો આવી વાસણમાં ડોક ઘાલી ખાવા લાગેછે એવામાં ચીતાની મીસાળે ઘણીજ ઝડપથી પેલા વાંદરે કુદકો મારી પેલા કાગડાને બોચીમાંથી પકડીઓ. આ પરમાણે પોતાના શતરૂમાના એકને પકડવાથી પેલો વાંદરો એટલોનો ખુશી અને મગન દેખાવા લાગો કે જાણે એક મોટી ફતેહ મેલવી હોએ. આણીગમ વાંદર પોતાના શીકારસાથ તરેહવાર ગેલ અને ચીચારી પાડતો હતો ને બીજી તરફ સઘલા કાગડા કાઊ કાઊ કરી નાખવા લાગા જેથી તે જગા સઘલી ગાજી રહી. વાંદરે થોડોકવાર પોતાના શીકાર સાથે ઢોંગ રમુજ કીધી ને પછે પેલા કાગડાને પોતાનાં ગુઠણ તલે દાબી પાંખ અને પુછડી શીવાએ તેનું આખું બદન સઘલું ડુંપી પીખી નાખીઊં, ને પછે જેટલી ઊંચાઈએ પોતાથી ફેંકાએ એટલા ઊંચે ઊરાડી તેને ફેંકી દીધો. એ કાગડો થોડોકવાર ઊડી ઊડીને અંતે પાછો જમીન ઊપર પડીઓ જેને બીજા કાગડાઓએ આવીને તુરત મારી નાખીઓ. આ પરમાણે એક કાગડાનો હાલ થવાથી બીજા કાગડાઓએ ચાનક પકડીને તારપછે કોઈ દાહાડો પેલા વાંદરના ખોરાક ઊપર નજર કીધી નહી. વાંદરોતો રોજ રાબેતા મુજબ બાંબુને છેક મથાલે બેસતો પણ કાગડાઓને તેનો એટલોતો ભો ભરાએલો હતો કે કોઈ બાંબુ આગલ આવેજ નહી.

---

## બંદગીની જરૂર.



**તાલેવંન થવા સારૂ** પુજી રોકેશે—કજીઆ ટંટા અને વકીલ ટમા [illegible] જીઆ તો પાછલુથી બલાપો થ મજાહ અને [illegible]ગ રાગમાં કમાઈ ખોહીતો દરગાઈ કરી દુખનો ખાટલો ધરવો પડશે.

---

**ઈતાલી દેશના પાઈશેનજા** નામના શેહરમા એક મુગો અને બેહરો પણ ઘણોજ ચતુર પુરૂશ રેહેછે તે ૧૮૫૦ શુધી મોચીનો ધંધો કરતો હતો. તાર પછી જોડાનું કામ પડતું મુકી તે [illegible]ાશમા ગુંતાઓછે [illegible] કોઈની મદદ વગરે ૧૫ [illegible] અલીઆશ કીધે [illegible] રાધળી જુખાં-

છે. બંદગી વગર માણશને નેક રાહા તથા સારી બુધી મલી શકતી નથી, માટે આપણ દરેકની ફરજછે કે રાતના સુતી વખતે અને તેમજ શવારમાં ઊઠીઆ પછી ઈશવરની બંદગી કરવી જોયે. સવારના પોહોરમાં ઊઠીઆ પછી આપણને આપણુ તન પાક કરી તથા મન ચોખુ કરી તે શરવ શકતીમાંન શાહેબની દરગામાં સેતાએશ કરવી જોઈએ કે "ઓ અજીમ કુદરતના ખાવીંદ સારી રાત તેં હમારી નગેબાની કરી હમને સવારમાં તનદુરસત અને આરામ ભરેલાં ઊઠાડીઆં માટે હમો તારાં બેહદ ઊપકારી થયાં છઈએ. એજ પરમાણે ઓ દયાલુ બાપ, આખો દીવશ પણ તું હમારી ઊપર તારી રેહેમ નજર રાખી હમને બદ કામો અને બુરી વમાસનોથી દુર રાખજે, તથા જે હમારી ખરી ફરજોછે, કે હમો તારા હુકમો મુજબ ચાલીએ, હમારા બાઈબંધોને કોઈ ઊપીયોગી રીતે કામ લાગી શકીએ તથા હમારા અને હમારા ભાઈ ભાહુઓના કામસર જે જરૂરની વસતુઓ મેલવવાને હમો મેહેનત કરીએ તે શઘલામાં હમને ફતેમંદ થવાને તું મદદ કરજે." રાતના સુતી વેલાએ એવી સેતાએશ કરવીકે "ઓ ખલકતના સાહેબ, તેં આખો દાહાડો હમ ઊપર રેહેમ નજર રાખી હમને સઘલી બુરાઈઓ તથા માઠા વીચારોથી દુર રાખી હમને સઘલાં નેક અને રૂડાં કામ કરવાને તોફીઅત બખશી, જેથી હમને હમારી ઘરટી ફરજો આશાનીથી બજા લાવવાને બની આવીયુંછે માટે હમો હમારૂ સર ખાકમાં નાંખી તું બુલંદ અને બુજરગ સાહેબનો અતીશીય પાડ માનીએ છઈએ; એટલું છતાં પણ, ઓ સાહેબ, જો એ દાહાડામાં હમથકી અંજાણ ... પણે તારી મરજીની અથવા તારાં ફરમાનોની વીરૂધ કાંઈ ... પ્રશુ કામો થયાં હોએતો તે વીશે દરગુજર કરી હમને ... વી એદાહેત બખશજે, ઓ સાહેબ, કે ફરીને હમારીથી ... ઠ એવા કોઈ અપરાધ થાએ નહી. વલી આજ ર... તરે પણ તું હમેશની પઠે મારો નીગેબાન થજે, અ... તીમે હમને સઘલી પરકારનાં ... થી ખચાવી લેજે, ને જે ફરદ... વા માબીવંત સાહેની મરજી થાયતો હમને ... ારે લેતો નહી હતો. ચોબારક મ લેવાને સલામત ઊ... હેનાં ૮ કલાક લખવા વાંચવા

બંદગી કર... ત ગાળતો હતો. તથા બાકીનાં ... મન સાફ ... અને લોકોપકારનાં કાંમો કરવામાં રો ... જ ... ઘેલો

બીજા કશા ઊપર આપણું ધેઆંન દોડાવવું નહી. તે સાથે વધારે અગતની બાબત આપણને એ ધેઆનમાં રાખવી જોઈએછે કે આપણે જે બંદગી કરીએ તે ફકત આપણા પોતાના એખલા માટેજ નહી પણ તે આપણા બીજા ભાઈબંદુઓને માટે પણ કરવી. આપણને બંદગી કરતી વેલાએ તે બુલંદ સાહેબ પાશે એવુ માગવું જોઈએછેકે તે સાહેબ આપણા માબાપ, ભાઈ બેન, પાડ પડોશી, દોસત આશનાઓ અને તમાંમ મનુશીય જાતીનુ કલીયાંણ કરે, તથા તેમના ઊપર નગેબાની રાખી તેમને આ ફાની દુનીઆનાં લોભ લાલચોથી વેગલા રાખી કીયામતનુ સુખ ભોગવવાને લાયેકના કામો તેમની પાશે કરાવે.

---

## પરચુરણ બાબદો.

**ચાર વસતુની જરૂર**—તંદરોસતી તથા લાંબી આવરદા કરવાના સાધનોમાં ચાર વસતુની જરૂરછે. મીતાહાર એટલે માફકસર ખાવું, ખુલો વાયુ એટલે ખુલી હવામાં ફરવું, સેહલી મેહનત એટલે શરીરને માફક આવે તેટલી મેહનત અને થોડી ચીંતા એટલે થોડી ફીકર કરવી.

---

**અમુલીઅ ઝવેર**—સંતોશ એ અમુલીઅ ઝવેરછે. અને જે કોઈએ હજારો ઈછાં ખરચીને તે મેળવીઉં તેણે શાણપણ તથા સુખની ખરીદી કરી એમ જાણવું.

---

**સંપથી રહેલુ કુટંબ**—ચીન દેશનો એક શાહનશો ફરતો ફરતો કોઈ બુઢા માણસના ઘરમાં જઈ લાગો. તે ઘરનો ધણી, તેની બાઈડી, છોકરાં, વહુઓ, છોકરાંના છોકરાં અને ચાકરો એ સઘળા સંપથી અને ધીરજથી એકઠા રેહતા હતા. એ તમાસો જોઈને સહનશાહને ઘણી અચરતી ઉપજી અને પુછીઉં કે તમે એટલા બધા માણસો એક ઘરમાં સંપથી કેમ રહી શકોછો, તારે બુઢા આદમીએ એક કલમ કાહડી તરણ શબદ લખેઆ. "સહનતા, સહનતા, સહનતા." અરટલે કુટંબમાં એકુનો મીજાજ જરા ગરમ થાએ તારે બીજાએ ખામોસી પકડી સહન કરવું.

---

**"મારા શતરૂઓનુ વેર લેવાને કહો મારગ પકડું ?"**—એક માણુસે એક પંડીતને પુછીઉં કે "મારા શતરૂઓનું વેર લેવાને કહો મારગ પકડુ" તે પંડીતે ઉતર દીધા કે "તું સારો માણસ થા."

---

**ડેડસીમાં નાહવાનું**—ડેડસી નામના સમુદર પાલેસટાઈનના પરાંતમાંછે. એ સમુંદરમાં માંછલી જીવતી નથી. તથા તેને કીનારે જાહાડ પાન થતા નથી. તેમાં નાહવાને પણ બનતું નથી. એક મુસાફર જેણે નાહવાની અજમાએસ કીધી હતી, તે કેહેછે કે જેવો હું અંદર પડેઓ કે

મારી ઉપર ખરાબ પાણીની અસર થઈ, મારા બદન ઉપર જાણે હજારો કવચ વલગેલા હોએ તેમ આગ બલવા લાગી. મારો ચેહરો જાણે ઉકલતાં તેલમાં બોળેઓ હોએ તેમ મને લાગું. આંખ લાલ થઈ આવી. મારા સોબતીના મોહડાં માં પાણી ગીઉં અને નાકવતે બાહર પડેઆથી એક અથવા ડીઆંવેર તે આજારી પરેઓ અને તેનાથી મોહડે બોલાયું નહી. રા૦ પ્રસારક.

**ઈંગલંડ અને ફ્રાંસ વચે લડાઈ**—ઈંગલંડ અને ફ્રાંસ જે હાલ એક બીજા સાથે દોસતીનો દાવો રાખેછે તેઓ વચે અગાઉ ઘણી વેલા લડાઈ થઇ ચુકીછે. સાતસો વરસમાં ૨૬૬ વરસ મોટી લડાઈમાં ગુજરેઆંછે. ૧૧૪૧ માં લડાઇ ઉઠી હતી તે એક વરસ ચાલી હતી. ૧૧૬૧ માં લડાઈ ઉઠી હતી તે ૨૫ વરસ ચાલી હતી. ૧૨૧૧ માં ઉઠી હતી તે ૧૫ વરસ ચાલી હતી. ૧૨૨૪ માં ઉભી થઈ હતી તે ૯ વરસ ચાલી હતી. ૧૨૯૪ માં ઉભી થઇ હતી તે ૫) વરસ ચાલી હતી. ૧૩૩૯ માં ઉભી થઈ હતી તે ૧ વરસ ચાલી હતી. ૧૩૬૮ માં ઉભી થઈ હતી તે ૫૨) વરસ ચાલી હતી. ૧૪૨૨ માં ઉભી થઇ હતી તે ૪૯ વરસ ચાલી હતી. ૧૪૯૨ માં ઉભી થઈ હતી તે ૧ મહીનો ચાલી હતી. ૧૫૧૨ માં ઉભી થઇ હતી તે ૧૦ વરસ ચાલી હતી. ૧૫૨૧ માં ઉભી થઈ હતી તે ૬ વરસ ચાલી હતી. ૧૫૪૯ માં ઉભી થઈ હતી તે ૧ વરસ ચાલી હતી. ૧૫૫૭ માં ઉભી થઈ હતી તે ૨) વરસ ચાલી હતી. ૧૫૬૨ માં ઉભી થઈ હતી તે ૨) વરસ ચાલી હતી. ૧૬૨૭ માં ઉભી થઈ હતી તે ૨) વરસ ચાલી હતી. ૧૬૬૬ માં ઉભી થઈ હતી તે ૧ વરસ ચાલી હતી. ૧૬૮૯ માં ઉભી થઈ હતી તે ૧૦ વરસ ચાલી હતી. ૧૭૦૨ માં ઉભી થઈ હતી તે ૧૧ વરસ ચાલી હતી. ૧૭૪૪ માં ઉભી થઈ હતી તે ૪ વરસ ચાલી હતી. ૧૭૫૬ માં ઉભી થઇ હતી તે ૭ વરસ ચાલી હતી. ૧૭૭૬ માં ઉભી થઈ હતી તે ૭ વરસ ચાલી હતી. ૧૭૯૩ માં ઉભી થઇ હતી તે ૯ વરસ ચાલી હતી. ૧૮૦૩ માં ઉભી થઈ હતી તે ૧૧ વરસ ચાલી હતી. ૧૮૧૫ માં ઉભી થઈ હતી તે ૧૪ વરસ ચાલી હતી.

**રૂશીઆમાં બીડી પીનાર**—રૂશીઆ દેશમાં રસતામાં કોઈને બીડી પીવાનો હોકમ નથી. એક દીવશે શેનશાહ ફરતો હતો તેવામાં તેણે એક ફરેંચને રસતામાં બીડી પીતાં દીઠો તારે તેની પાશે જઈને પુછવા લાગોકે મોલામાં બીડી પીવાનું ધારાથી ઉલટુંછે તે તને ખબરછે કે નહી. ફરેંચે તેને ઓલખીઓ નહી અને કહીઉં કે પારીશમાતો હું મોલામાં બીડી પીતો ફરતો હતો. શેનશાહે આગલની એક પોલીશની ચોકી આગલ જઈ શીપાઇને કાંઈ હુકમ કીધો પછી પેલા બીચારાને એક ગાડાંમાં ઘાલી ખરાબ રશતાઓપર તરકીના રાજની હદપર મોકલી દીધો અને તાંહાં કહીઉં કે હવે તમારે પારીશની રીત મુજબ ગમે તેમ કરવું.

**કાંઈપણ બચાવવું જોઈએ**—કોઈ પણ માણસને મરવા ગમતું નથી અને જીવવાની આશાપર હમેશ આધાર રાખેછે, પણ જીંદગીનો કાંઈજ ભરૂશો નથી અને કાંઈ પણ કમાઈ બચાવી રાખવું એ સારૂંછે તેથી કરી કાંઈ અડચણની વેલા તે પાંતીની ધાસતી મટી જાએછે અને તે પાતીની ફીકર ટલી ગીઆથી જીંદગીની આશા વધેછે.

**એક ઓળકની અને ચીબાવળી છોકરીની** મા એ તેને બીજાં છોકરાંઓ સાથ મશતી કરતા જોઈને દાદર પર ચહડતાં ચહડતાં બોલી કે ફરીથી તું હેવાં ચેરા કાહાડ શેતો તુને " માર મારશ " છોકરી તરતજ બોલી ઉઠી કે મા એજી પરમ દાહાડે તમારીથી પાંણીનો ભરેલો આપણો નાધલો હાંડો નહી ઉંચકાઓ તારે હાવો લાકડાંનો ભારે માર તે ઉંચકીને કેમ મારશો. માએ હશીને ઉપર ઓરડામાં જતી રહી.

**વગર પુછવે કોણ જવાબ આપે !** દરએક ભાઈલને અંતરે દાટેલા પથર.

**માણસની ભુખનો લેનદાર** તેનો મારોછે જેવારે ભુખ બીમારીના શબબથી દીવાલું કાહાડેછે તારે માદાને જમ તેમ શમજાવી તેનું મન મનાવવું જોઇએછે.

**એક માહાપાપી ખુન કરનાર**—ફરાંનશ દેશનાં બે શેહેરની વચેના ગામડાંમાં એક જણાએ "હોટેલ" ઇઆ બડી આરખાંનું કાહાડીઉ. તેવારે તે ઘણોજ ગરીબ હતો અને તાંહાં મુશાફરી કરનારા ગરહસથો તેને સારો આશરો આપતા હતા. થોડી મુદતમાં તે ઘણોજ પઈસાવાળો થએઓ તેનુ કારણ લોકોને માલુમ પડીઉ નહી પણ તે જગાપર આગ ગાડી થવાનો બરાબસત થએઓ તારે તેના પાપનો ઘડો ફુટો. તેણે પોતાને ખરચે તેટલી શડક બાંધવાને કહીઉં પણ તેની અરજ ના મંજુર રાખી અને મજુરો કામે લાગા—ખોદતાં તેમના હાથમાં ૨૫ મુરદાં લાગા જેમાના કેટલાં તો તે ભઠીઆરખાનામા ઉતારો કરવા પછી ગુમ થઈ ગીએલાં સાબેત થીઆં. એ નીરદઅ પુરૂશને હાલ જેલમા નાખીઓછે.

**એક ભલી ઓરત**—મીશતરીશ ફરીમાન નામની એક ભલી ઓરત લંડનમાં મરણ પામી તેણીએ પોતાના વીલમાં લીશેશટરના દવાખાનામા એક લાખ રૂપીઆની રકમ ભરી.

**શટો કરી એકદમ તાલેવંન થવા સારૂ પુજી રો** કીતો આખેર નીરાશ થવું પડશે—કજીઆ ટંટા અને વકીલ બારીશટરો કરી કોરટમા બીરાજીઆ તો પાછલથી બળાપો થશે અને મોજ મજાહ અને રંગ રાગમાં કમાઈ ખોહીતો દરદ સાથે સગાઇ કરી દુખનો ખાટલો ધરવો પડશે.

**ઈતાલી દેશના પાઈશેનજી** નામના શેહરમા એક મુગો અને બેહરો પણ ઘણોજ ચતુર પુરૂશ રેહેછે તે ૧૮૫૦ શુધી મોચીનો ધંધો કરતો હતો. તાર પછી જોડાનું કામ પડતું મુકી તે અલીઆશમાં ગુતાએછે, અને કોઈની મદદ વગર ૧૫ ભાશાનો અલીઆશ કીધોછે. તે શધળી જુનાં

નો શુંધ લખેછે અને દરએક પોતે શમજાવી શકેછે. હીસાબ કરવા માટે એકોછે, અને "લોગરેથમ." ની મદદથી બીકટ હીસાબો કરી શકેછે. તે જલદી અને સારાં અખ્શરો લખેછે. ૧૮૪૮ માં વીએના સાથ લડાઇ થઈ તેવારે બીજા સવદેશ પરીતીવાળા પુરૂશોની સાથ તે હતો અને તેના દાબા ગાલપર એક બરછીનો જખ્મ પણછે.

---

**મોટી દોલત**—સારી સલુકવાલો અને સારી સલાહ આપનારો મીત્ર એક મોટી દોલતછે. કમબખત તેને કેહવો કે જેનો કોઇ મીત્ર નહી હોએ.

---

## રૂડી શીખામણ—પદ.

હરી સમરન કરનાં, હમ્એ જલદીસે મરજાના—ટેક.
પ્રપંચ મોહકી જાલ પસારી, અંદર નહી લપટાના
પતંગ રંગ સબ બસતુ પહાંકી, વાચે નહી ભુલખાનો. હરી.
તેરા મેરા માલ ખજાના, સબી કુટંબ પરીવારા
દેખ દેખતે બહે જાયગા, તુંહી પાપ ભરમાયા. હરી.
સાચ જુઠ સબ દીલ પીછાની, સાચ સોબતસે ફીરના
બોહત આફતમે બોહત દુખાવે, જુઠેશે નહી ડરના. હરી.
જગ કારને જો સાહીબ સબકા, ઉસકા નામ પુકારી
દેશીકુ સત રાહ દીખાના, અભીમાન દુરડારી. હરી.

---

**મુએલાં માબાપનાં બચાંને** માંથે તમો થાજો અને તેને આસરો આપજો. તેને દુખી થતા અટકાવજો અને તેના ઉપરનું દુખ હોએ તે મટાવજો. મુઆ માબાપનુ બચું કેવી વેવસતામાં પહેલુછે તેની તમને શમજ ન હશે—જેમ વગર જડનુ જાહાડ લીલું નહી હોએ તેમ મુઆ માબાપનુ બચું ખુશી ન હોએ. હેવાં કોઇ બચાંને જારે તમો તમારી આગલ માંથું નાખેલું જુઓ તારે તેનાં દેખતાં તમો પોતાનાં ફરજંદને પેટમાં નાં ચાંપશો. મુએલાં માબાપનુ છોકરૂં અગર રડશેતો તેને કોણ લાડ લડાવશે અને અગર તે ગુશો કરશે તો તેની કોણ બરદાશત કરશે ? તમો ઘણી સંભાલ રાખજો કે એવું બચુ રડે નહી અને રડેતો માએઆથી તેની આંખમોનાં આસુ લુછજો. માઠાં ભાએજે તેના માથાં ઉપરનુ છતર ઉડી ગીઉંતો તમો પોતાનાં છાંએઆ નીચે તેને પાલજો—કાંકે જારે હું પોતાનુ માથું મારાં માબાપની ગોદમાં રાખતો તારે મારૂ શર તાજ ધરાવતું હતું અને જો કદાપી તે વખતમો મારા આગ ઉપર એક માખ બેસતીતો તેથી ઘણાં જણાંનાં દેલ દલગીર થતા હતાં પણ હમણાં મને જો બંધવો કરી બંધીખાંનામાં લઇ જાએતો મારા દોસતોમોથી કોઇબી મારી મદદે નહી આવે. મુઆ માબાપનાં બચાંઓનાં દુખની ખબર મને સારી પઠેછે કાંકે બચપણમોથીજ મારે માથેથી મારાં માબાપો જાતા રહેઆ હતાં. (સાદીનો વીચાર)

---

## ગરબો.

સખી પડવે તે પેહેલો દીનરે ॥
મારૂં ભણુવા તે કેરૂં મંનરે ॥
માહારૂં તનમન તલપે તંન ॥
સખી મહને ભણવાની લેહ લાગીરે ॥
સખી બીજે તે બાલક બોલેરે ॥
મા બાપનાં પડદા ખોલેરે ॥
માહારે જાવું તે સઈએર જોડે ॥ સખી૦ ॥
સખી ત્રીજે તે તેડો તાતરે ॥
મહને મુકોની ભણવા માતરે ॥
જાઉં સઈએરોની સાથ ॥ સખી૦ ॥
સખી ચોથે તે રમત વીસારીરે ॥
આપી ચોપડી સીખવા સારીરે ॥
બુદ્ધી નીરમળ થઇછે માહારી ॥ સખી૦ ॥
સખી પાંચેમે પંચની બાળારે ॥
મને ભણવાની પેકી જવાળારે ॥
થોડે દાહાડે કરૂં સરવાળા ॥ સખી૦ ॥
સખી છઠે તે છોડીઓ સાથરે ॥
વાંચું ઇસપનીતીની વાતરે ॥
રાજી થયાછે માત ને તાત ॥ સખી૦ ॥
સખી સાતમે શીક્ષા સારીરે ॥
વીધા ભણો તે નર નારીરે ॥
બુદ્ધી નીરમલ થાય તમારી ॥ સખી૦ ॥
સખી આઠેમે અનુભવ લીધોરે ॥
ભુગોલનો અભીયાસ કીધોરે ॥
નકસા જોઇને સારજ લીધો ॥ સખી૦ ॥
સખી નોમે તે નમરતા સારીરે ॥
વ્યાકરણ પર શરમ કીધો ભારીરે ॥
આઠે વીભકતી શીખી સારી ॥ સખી૦ ॥
સખી દસેમે દુરીજન ભાંખેરે ॥
ખોટા વેહેમ તે મનમાં રાખેરે ॥
જેમ કહીએ તે તેમ સાખે ॥ સખી૦ ॥
સખી એમ કરતાં એકાદર્શી આવીરે ॥
વાતો નીતીની મન ભાવીરે ॥
બાળ મીનને વાંચવા ફાવી ॥ સખી૦ ॥
સખી બારસે બુદ્ધી મનરે ॥
વીધા શીખોની સહુ જંનરે ॥
માહારી વાત માનો સહુ તંન ॥ સખી૦ ॥
સખી તેરમે તજવો કરોધરે ॥
વીધાનો કરોની સોધરે ॥
તેથી થાસે ઘણો સુબોધ ॥ સખી૦ ॥
સખી ચઉદસે ચતુરા ચાલેરે ॥
નીસાળમાં સઈએર માહાલેરે ॥
બોધ કથાનો અભીઆસ ચાલે ॥ સખી૦ ॥
સખી પુનેમે પુરણ પ્રીતેરે ॥
ચતુરા ચાલે રૂડી રીતેરે ॥
વીધા અભીયાસ કરો નીત નીત ॥ સખી૦ ॥
એ પંદરે તીથી થઇ પુરીરે ॥
એમાં એક નથી અધુરીરે ॥
આતમારામની વાણી મધુરી ॥ સખી૦ ॥